ॐ

# શ્રી પ્રવચન રત્નચિંતામણી

## (ભાગ-૨)

□

પરમ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીનાં
શ્રી નિયમસાર પરમાગમ ઉપર થયેલાં પ્રવચનો

(ગાથા ૩૯ થી ૫૫)

□

: પ્રકાશક :

શ્રી કુંદકુંદ-કહાન પરમાગમ પ્રવચન ટ્રસ્ટ
૧૭૩/૧૭૫ મુમ્બાદેવી રોડ, મુંબઈ - ૪૦૦ ૦૦૨

## -: પ્રાપ્તિસ્થાન :-

**શ્રી દિગમ્બર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ**
સોનગઢ - ૩૬૪૨૫૦
ફોન નંબર : ૦૨૮૪૬-૪૪૦૮૪

**પૂજ્ય શ્રી કાનજીસ્વામી સ્મારક ટ્રસ્ટ**
કહાન નગર, લામ રોડ, દેવલાલી - ૪૨૨૪૦૧
ટેલી-ફેક્સ : ૯૫૨૫૩-૪૯૧૦૪૪

**શ્રી સીમંધર ભગવાન દિગંબર જિન મંદિર**
૧૭૩/૧૭૫ મુમ્બાદેવી રોડ, મુંબઈ - ૪૦૦ ૦૦૨
ટેલી-ફેક્સ : ૩૪૨૫૨૪૧/૩૪૪૬૦૯૯

**શ્રી પંડિત ટોડરમલ સ્મારક ભવન**
એ-૪, બાપૂનગર, જયપુર - ૩૦૨૦૧૫
ફોન નંબર : ૫૧૫૫૮૧ - ૫૧૫૪૫૮

પ્રત: ૨૫૦૦ - વૈશાખ સુદ બીજ, પૂજ્ય ગુરૂદેવશ્રીની ૧૧૨મી જન્મ-જયંતિ,
તા. ૨૫-૪-૨૦૦૧ ★ વીર નિર્વાણ સં. ૨૫૨૭, વિક્રમ સં. ૨૦૫૭

**★ વેચાણ કિંમત - રૂ. ૨૫/- ★**


## નમ્ર વિનંતી

શ્રી વીતરાગી દેવ-શાસ્ત્ર-ગુરૂભ્યો નમ:

*વીતરાગ માર્ગના પ્રભાવક આધ્યાત્મિક સત્પુરુષ પૂજ્ય **શ્રી કાનજીસ્વામી**ને અગણિત વંદન કરતાં પ્રસ્તુત ગ્રંથ આપના કર-કમલોમાં સાદર સમર્પિત છે. તેનો વિનય અને બહુમાનપૂર્વક સ્વાધ્યાય કરશો. શ્રી જિનવાણીની કોઈ પણ પ્રકારે અશાતના કરશો નહીં. તેમાં ડાઘ પાડશો નહીં, ફાડશો નહીં, બગાડશો નહીં તેમજ સૂવાના પલંગ પર કે જમીન પર, અગર જ્યાં-ત્યાં અયોગ્ય સ્થાને રાખશો નહીં. જિનવાણી (શાસ્ત્રજી) એ ભગવાનની વાણી છે, એટલે ભગવાનની વાણી જિનવર બરોબર છે, જેથી જિનેશ્વર દેવ સમાન જ જિનવાણીનું બહુમાન કરી જિનવાણીનો મર્મ સમજીને રત્નત્રયની પ્રાપ્તિ હેતુ નિકટ ભવ્ય બની જવાય છે.*

**- પૂજ્યશ્રી કાનજીસ્વામી સ્મારક ટ્રસ્ટ,** દેવલાલી


*ટાઈપ સેટીંગ :*
**સમીર પારેખ, ક્રિએટીવ પેજ સેટર્સ**
૩૪, કાવસજી પટેલ સ્ટ્રીટ, ૧૭, લાખાણી ટેરેસ, ફોર્ટ, મુંબઇ - ૧ ટેલી. ૨૮૨ ૫૭ ૮૪

*મુદ્રણ :*
**શ્રેણિક શાહ, મરક્યુરી પ્રિન્ટર્સ**
૨૦૧, ધનલક્ષ્મી કોમ્પલેક્ષ, લલિત પેલેસની ઉપર, પોલીસ કમિશ્નરની ઓફિસ પાસે, શાહીબાગ, અમદાવાદ-૪. **ફોન: ૫૬૨૪૦૨૯**

## Thanks & Our Request

This shastra has been has been made available on the internet in loving memory of Late Damodardas Mulchandbhai Mehta (Vagher), who introduced the family to the real path of dharma as preached by Pujya Gurudev Shree Kanji Swami about 45 years ago.


Our request to you:

1) Great care has been taken to ensure this electronic version of Pravachan Ratna Chintamani – Part 2 is a faithful copy of the paper version. However if you find any errors please inform us on rajesh@AtmaDharma.com so that we can make this beautiful work even more accurate.

2) Keep checking the version number of the on-line shastra so that if corrections have been made you can replace your copy with the corrected one.

## Version History

| Version Number | Date | Changes |
|---|---|---|
| 001 | 19 June 2007 | First electronic version |



ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવ વનમાં તાડપત્ર ઉપર શાસ્ત્ર લખે છે.

# પ્રકાશકીય નિવેદન

અધ્યાત્મનિધિનાં સ્વામી પરમકૃપાળુ પરમપૂજ્ય **સદ્ગુરુદેવશ્રી કાનજીસ્વામી**નો મહાન ઉપકાર આપણા ઉપર છે કે તેઓશ્રીનાં પાવન પ્રતાપે આ યુગમાં અધ્યાત્મતત્ત્વનાં શ્રવણની તેમજ અભ્યાસની રૂચી જાગ્રત થઈ છે.

નિયમસારશાસ્ત્ર પરનાં પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચનોનું આ દ્વિતિય પુસ્તક શ્રી પ્રવચન રત્નચિંતામણી ભાગ-૨ પ્રકાશિત કરતાં અમોને અત્યંત આનંદનો અનુભવ થાય છે.

જેમ નિયમસારશાસ્ત્રનાં મૂળ કર્તા અલૌકિક પુરૂષ છે તેમ તેના ટીકાકાર શ્રી પદ્મપ્રભમલધારીદેવ પણ મહા પવિત્ર નિર્ગ્રંથ મુની હતા. ટીકાનાં કાવ્યોમાં તેઓશ્રીએ કરેલા અનેક અલંકારોમાં તેમની ઉડી આધ્યાત્મિકતાની તેમજ તેમનાં વિશુદ્ધ બ્રહ્મચર્ય તેજની પ્રભા જળકી રહી છે.

શ્રી કુંદકુંદાચાર્ય રચિત શાસ્ત્રોમાં શ્રી સમયસાર, શ્રી પ્રવચનસાર, શ્રી પંચાસ્તિકાય, જેટલા પ્રસિદ્ધિમાં છે તેટલું આ શ્રી નિયમસારશાસ્ત્ર પ્રસિદ્ધિમાં ન હતું. પરંતુ મુમુક્ષુઓનાં સદ્ભાગ્યે પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રતાપે તે વિશેષ પ્રસિદ્ધિમાં આવ્યું.

પરમપૂજ્ય ગુરુદેવશ્રીએ આજથી લગભગ ૫૮ વરસ પહેલાં શ્રી નિયમસારશાસ્ત્ર પર પ્રવચનો કર્યા. તે વખતે તેઓશ્રીની ઉડી દૃષ્ટિએ તેમાનાં અતિગંભીર ભાવોને પારખી લીધા.

શ્રી કુંદકુંદ કહાન પરમાગમ પ્રવચન ટ્રસ્ટનાં ટ્રસ્ટીઓએ શરૂથી જ નક્કી કર્યા મુજબ આચાર્ય શ્રી કુંદકુંદદેવનાં પાંચેય પરમાગમો પર થયેલા પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચનોને છપાવવાનો નિર્ણય કરેલ છે. તે મુજબ શ્રી સમયસારશાસ્ત્ર પરનાં પ્રવચનોનાં ૧૧ ભાગ શ્રી પ્રવચન રત્નાકરશાસ્ત્ર રૂપે પ્રસિદ્ધ થઈ ગયા છે. જેમાનાં ત્રણ ભાગ તો પૂજ્ય ગુરુદેવશ્રીની હાજરીમાંજ પ્રકાશિત થયા હતા.

પ્રસ્તુત પુસ્તક કેટલાંક અનિવાર્ય સંજોગાનાં લીધે જેટલું વહેલું છપાવવું જોઈતુ હતું તેટલું વહેલું અમે પ્રકાશિત કરી શકયા નથી તેનું દુઃખ છે. પણ હવે એ તરફનો પુરૂષાર્થ ઉપડ્યો છે અને શ્રી પ્રવચન રત્નચિંતામણી ભાગ-૩ પણ તૈયાર થઈ રહેલ છે.

પૂજ્ય ગુરુદેવશ્રીનાં દેહવિલય પછી સમાજમાં જે એક અવકાશ (Vacum) છવાઈ ગયો જેના કારણે દરેક કાર્યમાં વિલંબ થતો ગયો. એક મહાપુરૂષનાં નિમિત્તે કેટલું બધું કામ થઈ ગયું ! હવે તે મહાપુરૂષની અનઉપસ્થિતિમાં હજુ પણ તેમને સાક્ષાત સાંભળેલ વકતા અને શ્રોતા હયાત છે. ત્યાં સુધીમાં જેટલું ઝડપથી થઈ શકે તેટલું કામ કરી લેવા જેવું છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આ પુસ્તક પ્રકાશનમાં અનેક મુમુક્ષુઓ તરફથી ટ્રસ્ટને અત્યંત નિસ્પૃહભાવે સહયોગ મળેલો છે તેની સાભાર નોંધ લેવામાં આવે છે. જે જે મુમુક્ષુઓએ પ્રવચનો ઉતાર્યા છે તેમ જ ઉતારેલા પ્રવચનો તપાસી આપેલ છે, તેઓના અમો આભારી છીએ. આ કાર્યમાં સક્રિય રીતે ભાઈશ્રી હીરાલાલ ભીખાલાલ શાહ એ મહત્વપૂર્ણ ફાળો આ પ્રકાશનમાં આપેલ છે, તેમનો આભાર માનીએ છીએ. ભાઈશ્રી હેમંતભાઈ ગાંધી એ અતિ ચીવટથી ખુબ મેહનત લઈને શરૂથી અંત સુધી પ્રુફ-સંશોધન કરી આપેલ છે. તે બદલ તેમનો આભાર માનીએ છીએ.

આ પ્રવચનોનું પ્રકાશન કરવા માટે, પુસ્તકની કિંમત ઘટાડવા માટે આ ટ્રસ્ટનાં ટ્રસ્ટી **શ્રી શાંતિલાલ ચીમનલાલ શાહ (ઝવેરી)** *મુંબઈવાળાનાં પરિવાર તરફથી* સુંદર આર્થિક સહયોગ મળેલ છે. તે બદલ અમો તેમનાં ખુબજ આભારી છીએ.

આ સિવાય અન્ય મુમુક્ષુઓએ પણ ઉદારતાથી આર્થિક સહયોગ આપે છે, પ્રસ્તુત પુસ્તકમાં તેમની નામાવલી આપી છે તે બધા સમસ્ત દાતાઓનો આભાર માનીએ છીએ.

આ પુસ્તકનું મુદ્રણકાર્ય કાળજીપૂર્વક કરી આપવા બદલ ક્રીયેટીવ પેજ સેટર્સના સંચાલકોનો આભાર માનીએ છીએ.

અંતમાં પરમપૂજ્ય ગુરુદેવશ્રીનો આપણા ઉપર અતિ ઉપકાર છે. જેનું વર્ણન શબ્દો દ્વારા અશક્ય છે. જેણે શાશ્વત સુખનો માર્ગ આપ્યો તેનું ઋણ ફેડવાનો કોઈ માર્ગ જ નથી એથી વિનમ્રપણે તે પાવન પરમામૃત દ્વારા વીતરાગ સર્વજ્ઞપ્રણીત શ્રી ગણધરાદિ મહાન આચાર્યો રચિત પરમાગમોનો ઉકેલ કરી નિજ સાધનાની પરિપૂર્ણતાને પામીએ અને સર્વ જીવો પામો એજ અભ્યર્થના.

જયવંત વર્તો તે કુંદકુંદ આચાર્ય કે જેમણે મહાતત્વથી ભરેલો પ્રાભૃતરૂપી પર્વત બુદ્ધિરૂપી શિરપર ઉપાડી ને ભવ્ય જીવોને સમર્પિત કર્યો છે.

લિ.

**શ્રી કુંદકુંદ કહાન પરમાગમ પ્રવચન ટ્રસ્ટ,**
**ટ્રસ્ટી મંડળ**

*વીર સંવત ૨૫૨૭*

*વૈશાખ સુદ ૨, વિક્રમ સંવત ૨૦૫૭*

Please inform us of any errors on rajesh@AtmaDharma.com



પરમોપકારી પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી

ॐ

# શ્રીમદ્ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત

# શ્રી

# નિયમસાર

## ઉપર

## પૂજ્ય સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનાં પ્રવચનો

## શુદ્ધભાવ અધિકાર

### ગાથા - ૩૮

जीवादिबहित्तच्चं हेयमुवादेयमप्पणो अप्पा ।
कम्मोपाधिसमुब्भवगुणपज्जाएहिं वदिरित्तो ।।३८।।

जीवादिबहिस्तत्त्वं हेयमुपादेयमात्मनः आत्मा ।
कर्मोपाधिसमुद्भवगुणपर्यायैर्व्यतिरिक्तः ।।३८।।

**છે બાહ્યતત્ત્વ જીવાદિ સર્વે હેય, આત્મા ગ્રાહ્ય છે,**
**–જે કર્મથી ઉત્પન્ન ગુણપર્યાયથી વ્યતિરિક્ત છે. ૩૮.**

**અન્વયાર્થ:-** (जीवादिबहिस्तत्त्वं) જીવાદિ બાહ્યતત્ત્વ (हेयम्) હેય છે; (कर्मोपाधिसमुद्भवगुणपर्यायैः) કર્મોપાધિજનિત ગુણપર્યાયોથી (व्यतिरिक्तः) વ્યતિરિક્ત (आत्मा) આત્મા (आत्मनः) આત્માને (उपादेयम्) ઉપાદેય છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**ટીકા:-** આ, હેય અને ઉપાદેય તત્ત્વના સ્વરૂપનું કથન છે.

જીવાદિ સાત તત્ત્વોનો સમૂહ પરદ્રવ્ય હોવાને લીધે ખરેખર ઉપાદેય નથી. સહજ વૈરાગ્યરૂપી મહેલના શિખરનો જે [1]શિખામણિ છે, પરદ્રવ્યથી જે પરાઙ્મુખ છે, પાંચ ઇન્દ્રિયોના ફેલાવ રહિત દેહમાત્ર જેને પરિગ્રહ છે, જે પરમ જિનયોગીશ્વર છે, સ્વદ્રવ્યમાં જેની તીક્ષ્ણ બુદ્ધિ છે — એવા આત્માને 'આત્મા' ખરેખર ઉપાદેય છે. ઔદયિક આદિ ચાર [2]ભાવાંતરોને અગોચર હોવાથી જે (કારણપરમાત્મા) દ્રવ્યકર્મ, ભાવકર્મ અને નોકર્મરૂપ ઉપાધિથી જનિત વિભાવગુણપર્યાયો વિનાનો છે, તથા અનાદિ-અનંત અમૂર્ત અતીંદ્રિયસ્વભાવવાળો શુદ્ધ-સહજ-પરમ-પારિણામિકભાવ જેનો સ્વભાવ છે — એવો કારણપરમાત્મા તે ખરેખર 'આત્મા' છે. અતિ-આસન્ન ભવ્યજીવોને એવા નિજ પરમાત્મા સિવાય (બીજું) કાંઈ ઉપાદેય નથી.

(હવે ૩૮મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્રી પદ્મપ્રભ મલધારિદેવ શ્લોક કહે છે) :

(मालिनी)

**जयति समयसारः सर्वतत्त्वैकसारः**
**सकलविलयदूरः प्रास्तदुर्वारमारः ।**
**दुरिततरुकुठारः शुद्धबोधावतारः**
**सुखजलनिधिपूरः क्लेशवाराशिपारः ।।५४।।**

**(શ્લોકાર્થ :-)** સર્વ તત્ત્વોમાં જે એક સાર છે, જે સમસ્ત નાશ પામવાયોગ્ય ભાવોથી દૂર છે, જેણે દુર્વાર કામને નષ્ટ કર્યો છે, જે પાપરૂપ વૃક્ષને છેદનાર કુહાડો છે, જે શુદ્ધ જ્ઞાનનો અવતાર છે, જે સુખસાગરનું પૂર છે અને જે કલેશોદધિનો કિનારો છે, તે સમયસાર (શુદ્ધ આત્મા) જયવંત વર્તે છે. ૫૪

---

૧. શિખામણિ = ટોચ ઉપરનું રત્ન; ચૂડામણિ; કલગીનું રત્ન.

૨. ભાવાંતરો = અન્ય ભાવો. (ઔદયિક, ઔપશમિક, ક્ષાયોપશમિક અને ક્ષાયિક — એ ચાર ભાવો પરમપારિણામિકભાવથી અન્ય હોવાને લીધે તેમને ભાવાંતરો કહ્યા છે. પરમપારિણામિકભાવ જેનો સ્વભાવ છે એવો કારણપરમાત્મા આ ચાર ભાવાંતરોને અગોચર છે.)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## ગાથા - ૩૮ ઉપરનું પ્રવચન

આ નિયમસાર મહા સિદ્ધાંતશાસ્ત્ર છે. તેમાં મોક્ષના માર્ગનો અધિકાર છે એટલે કે આત્મામાં જે સુખ છે તે સુખ પ્રાપ્ત કરવાનો ઉપાય શું છે તેની વાત છે. આ સંસારના ૮૪ લાખ યોનિના અવતારમાં તો એકાંત દુઃખ છે. ચાહે તો દેવનો ભવ હો કે મનુષ્યનો ભવ હો, અરે ! દુનિયા શેઠ-શેઠ કહે એવો ભવ હોય તોપણ, તે બધા દુઃખમય છે. જેને પોતાના આનંદસ્વરૂપ આત્માનો — કે જે ત્રિકાળ શુદ્ધ આનંદકંદ છે તેનો— આશ્રય નથી અને જેને પરનો આશ્રય છે તે બધા પ્રાણી દુઃખી છે, ચાર ગતિમાં રખડનારા છે. આ શુદ્ધભાવ અધિકાર થોડો સૂક્ષ્મ છે.

અહા...! આ ત્રિકાળી આત્મા પરમસ્વભાવભાવ, ધ્રુવભાવ, કારણપરમાત્મભાવ, કારણજીવભાવ — બધા એક જ અર્થમાં છે—છે. છતાં આ ચીજનો તેણે અનંતકાળમાં પત્તો લીધો નથી અર્થાત્ અનંત આનંદમય ધ્રુવ પરમભાવને— ધ્રુવ સ્વભાવને—ધ્યેય બનાવ્યો નથી, જેથી ધ્યેયના લક્ષે જે ફળ આવવું જોઈએ તે આવ્યું નથી. જોકે તેણે બધા ક્રિયાકાંડ—દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિ—અનંતવાર કર્યા છે, પરંતુ તે તો પુણ્યના ભાવ છે અને તે ભાવમાં મારાપણું માનવું તે મિથ્યાત્વભાવ છે. મિથ્યાત્વ નામ મહાપાપ છે. તો તે મહાપાપથી બચવાનો ઉપાય શું છે તે વાત અહીંયા છે.

**ટીકા:- 'આ, હેય અને ઉપાદેય તત્ત્વના સ્વરૂપનું કથન છે.'** છોડવાયોગ્ય ચીજ શું છે અને આદરવાયોગ્ય ચીજ શું છે તેનું કથન છે.

**'જીવાદિ સાત તત્ત્વોનો સમૂહ પરદ્રવ્ય હોવાને લીધે ખરેખર ઉપાદેય નથી.'** લ્યો, આ સૂક્ષ્મ આવ્યું.

જીવ = ભગવાન આત્માને—ત્રિકાળી આનંદઘન શુદ્ધ સચ્ચિદાનંદસ્વરૂપ એવી પોતાની ચીજને—છોડીને એક સમયની જે આત્માની અવસ્થા- દશા- હાલત છે તેને અહીં જીવ કહેલ છે.

અજીવ = અજીવ.

આસ્રવ = પુણ્ય-પાપના ભાવ મળીને આસ્રવ છે, કે જે દુઃખદાયક ભાવ છે.

બંધ = પુણ્ય-પાપમાં રોકાવું તે બંધભાવ છે.

સંવર = શુદ્ધતાનો અંશ પ્રગટ કરવો તે સંવર છે.

નિર્જરા = શુદ્ધતાની વૃદ્ધિ કરવી તે નિર્જરા છે.

મોક્ષ = શુદ્ધતાની પૂર્ણતા કરવી તે મોક્ષ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આ સાતેય પર્યાય હેય છે એમ અહીંયા કહ્યું છે.

કોણ હેય છે ?

પર્યાય. ઝીણી વાત છે ભગવાન ! આ વીતરાગ મારગ બહુ સૂક્ષ્મ છે. આત્મામાં જે એક સમયની અવસ્થા-પર્યાય-હાલત-છે તેને જીવતત્ત્વ કહીને હેય કહેલ છે. કેમ કે તે વ્યવહાર જીવ છે. જ્યારે નિશ્ચય જીવતત્ત્વ તો ત્રિકાળ જ્ઞાયકભાવ - કે જે આનંદકંદ છે તે—છે અને તે ઉપાદેય છે, આદરણીય છે. તેનાથી સમ્યગ્દર્શન થાય છે, સુખની પ્રાપ્તિ થાય છે.

**પ્રશ્નઃ-** ટીકાની શરૂઆતમાં 'જીવાદિ' શબ્દ પડ્યો છે. તો અહીંયા 'જીવ' કોને કહે છે ?

**સમાધાનઃ-** ત્રિકાળી ધ્રુવ અવિનાશી જ્ઞાયકતત્ત્વથી ભિન્ન જે એક સમયનો પર્યાય -હાલત-છે તેને અહીંયા 'જીવ' કહે છે. અને તે એક સમયનો પર્યાય-હાલત-પણ છોડવાલાયક છે એમ અહીં કહેવું છે. સૂક્ષ્મ વાત છે ભાઈ !

અહા ! ભગવાન આત્મામાં બે અંશ છે : (એક) ત્રિકાળી ધ્રુવ અંશ અર્થાત્ અવિનાશી ભાગ અને (બીજો) એક સમયની અવસ્થા-પર્યાય-હાલતનો ભાગ. તે એક સમયનો પર્યાય છે તેને અહીં વ્યવહાર જીવતત્ત્વ કહેવામાં આવેલ છે. ભારે વાત ભાઈ ! અહીં 'જીવાદિ' શબ્દ છે ને ? તો, એક સમયનો જે પર્યાય-અવસ્થા છે તેને વ્યવહાર જીવ કહીને તેની દષ્ટિ છોડાવવી છે. અર્થાત્ જો તારે પોતાનું કલ્યાણ કરવું હોય તો એટલે કે સુખના પંથે જવું હોય અને દુઃખના પંથનો નાશ કરવો હોય તો પર્યાયની દષ્ટિ છોડી દે એમ કહે છે. અંદર 'જીવાદિ' શબ્દ છે તેમાંથી પ્રથમ 'જીવ'ની વ્યાખ્યા ચાલે છે. 'આદિ'ની વાત પછી કરશે.

અહા..હા..જીવની એક સમયની અવસ્થા- હાલત- દશા - છે તે એક અંશ છે. તે કાંઈ ખરેખર — નિશ્ચય-આત્મા નથી. તેથી જે પર્યાયરૂપ અંશ છે— ભેદ છે— ભંગ છે — તેને પણ અહીં પરદ્રવ્ય કહેવામાં આવેલ છે. ભારે વાત ! સ્ત્રી-પુત્ર પરદ્રવ્ય, શરીર પરદ્રવ્ય, કર્મ પરદ્રવ્ય ને પુણ્ય-પાપના ભાવ પણ પરદ્રવ્ય. — એ બધા તો પરદ્રવ્ય છે જ પણ અરે ! અહીં તો જીવનો એક સમયનો નિર્મળ પર્યાય પણ પરદ્રવ્ય છે એમ કહે છે. પર્યાય એક સમયનો છે, તે ત્રિકાળી ચીજ નથી, તેથી તે પરદ્રવ્ય છે. જ્યારે ત્રિકાળી ચીજ જે આત્મા છે તે સ્વદ્રવ્ય છે. ત્રિકાળી ભગવાન આત્મા અનાદિ-અનંત

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે...છે...છે. આવી જે એકરૂપ ચીજ છે તે સ્વદ્રવ્ય છે, સ્વ-આત્મા છે અને એક સમયનો પર્યાય પરદ્રવ્ય છે, વ્યવહાર આત્મા છે.

અહા ! ત્રિલોકનાથ પરમાત્મા તીર્થંકરદેવ સર્વજ્ઞ પરમેશ્વરના જ્ઞાનમાં જેવી ચીજ જાણવામાં આવી છે તેવી વાણી દ્વારા કહેવામાં આવી છે અને તે આ આગમ છે. પરંતુ જગતને તેનો અભ્યાસ નથી. અહીં કહે છે કે પ્રભુ !...અહીંયા તો આત્માને જ 'પ્રભુ' તરીકે બોલાવે છે, 'ભગવાન આત્મા' — એમ કહીને બોલાવે છે. કારણ કે તારી ચીજ તો પ્રભુ ! અનંત પરમેશ્વરતાનો પિંડ જ છે, તારામાં પરમ ઈશ્વરતા ભરી છે. અનંત આનંદ, અનંત જ્ઞાન, અનંત શાંતિ, અનંત વીરતા, અનંત સ્વચ્છતા, અનંત પ્રભુતા...એવી એવી અનંત શક્તિનું જે ત્રિકાળી એકરૂપપણું છે તેને અહીંયા આત્મા - ખરેખર આત્મા - યથાર્થ આત્મા - કહે છે અને તેની દૃષ્ટિ કરવાથી ધર્મ થાય છે.

**પ્રશ્ન:-** આ દયા-વ્રત પાળીએ, ઉપવાસ કરીએ તો ધર્મ ન થાય ?

**સમાધાન:-** એ તો તારો રાગભાવ છે, એ કાંઈ ધર્મ નથી અને ધર્મનું કારણ પણ નથી. અહા ! અનંત કાળથી જીવ ચાર ગતિમાં રખડે છે તે મિથ્યાબુદ્ધિથી રખડે છે. રખડવાનું મૂળ કારણ મિથ્યાબુદ્ધિ છે. અર્થાત્ આ પુણ્ય-પાપના પરિણામથી મને ધર્મ થશે - દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાના પરિણામથી મને ધર્મ થશે - એવી જે માન્યતા છે તે મિથ્યાબુદ્ધિ, અજ્ઞાનબુદ્ધિ છે અને તેનાથી તે રખડે છે. અરે ! એ તો અજ્ઞાનબુદ્ધિ છે જ, પરંતુ એક સમયની જે વર્તમાન અવસ્થા છે તે હું છું એવી માન્યતા પણ મિથ્યાબુદ્ધિ ને અજ્ઞાન છે. અરે ! બહારની હો-હામાં આવું સૂક્ષ્મ તત્ત્વ સાંભળવા કોણ નવરો થાય ? અહા ! અનંત-અનંત કાળથી તેણે અંતરમાં આત્મા શું ચીજ છે તે જાણી નથી. 'શ્રીમદ્ રાજચંદ્રજી' કહે છે ને ? કે,

અનંતકાળથી આથડ્યો, વિના ભાન ભગવાન;
સેવ્યા નહિ ગુરુ સંતને, મૂક્યું નહિ અભિમાન. ... *(સદ્‌ગુરુભક્તિરહસ્ય)*

અહા ! પૂર્ણાનંદ ધ્રુવસ્વરૂપ ચૈતન્યઘન જ્ઞાયકભાવને અહીં આત્મા કહે છે અને આવો આત્મા આદરણીય છે, દૃષ્ટિ કરવા લાયક છે. તે સિવાયનો જે એક સમયનો પર્યાય છે, જે પુણ્ય-પાપ છે, બેય પુણ્ય-પાપરૂપ જે આસ્રવ છે, પુણ્ય-પાપમાં રોકાતા જે બંધ છે અને સંવર-નિર્જરા-મોક્ષનો જે શુદ્ધ પર્યાય-અવસ્થા છે તે બધાંને પણ અહીંયા તો હેય કહ્યાં છે. લ્યો, ધર્મના પર્યાયને પણ અહીં તો હેય કહ્યો છે. સૂક્ષ્મ છે ભાઈ ! આ તો સર્વજ્ઞ પરમાત્માએ કહેલ અંતરનો માર્ગ છે. અહા ! ત્રિલોકનાથ તીર્થંકરદેવ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કે જેમણે એક સમયમાં ત્રણકાળ ત્રણલોક જાણ્યાં છે તેમણે ‘મૂળ તત્ત્વની ચીજ આ છે’ એમ જાણ્યું છે અને તેમ વાણીમાં કહ્યું છે.

અહીં કહે છે કે, ભગવાન ! તારામાં બે તત્ત્વ છે : (૧) ત્રિકાળી તત્ત્વ અને (૨) એક સમયનું તત્ત્વ. તે એક સમયનો પર્યાય—તારામાં થતી તારી અવસ્થા હો - પણ હેય છે. કેમ કે પર્યાયમાંથી નવો નિર્મળ પર્યાય નથી આવતો, પણ નવો નિર્મળ પર્યાય તો ત્રિકાળી દ્રવ્યનો કે જે જ્ઞાયકભાવ છે તેનો - અંતર અનુભવ કરતાં આવે છે.

શું સાધારણ સમાજને આ સમજાશે ?

ભાઈ ! માર્ગ તો આ છે. કોઈ સમજે કે ન સમજે, આ જ માર્ગ છે. દુઃખથી મુક્ત થવાનો આ ઉપાય છે. બાકી બીજો કોઈ ઉપાય, જો કોઈ કહે તો, ત્રણકાળ ત્રણલોકમાં સાચો છે નહીં.

અહીંયા ‘જીવાદિ’માંથી (૧) પ્રથમ જીવતત્ત્વની વાત થઈ. (૨) બીજું અજીવતત્ત્વ છે. (૩) ત્રીજું આસ્રવતત્ત્વ છે. પુણ્ય-પાપના ભાવ તેમાં આવી ગયા, કેમ કે પુણ્ય-પાપના ભાવ તે આસ્રવતત્ત્વ છે. પછી (૪) બંધતત્ત્વ છે. પુણ્ય-પાપમાં રોકાવું તે બંધ છે. અને પછી (૫) સંવરતત્ત્વ, (૬) નિર્જરાતત્ત્વ, (૭) મોક્ષતત્ત્વ છે. — એ સાતેય તત્ત્વોને અહીં બહિર્તત્ત્વ કહેવામાં આવ્યાં છે. એ સાતેય તત્ત્વો પરવસ્તુ છે, પણ પોતાની ત્રિકાળી ચીજ નથી. તે સાતેય તત્ત્વોનો સમૂહ પરદ્રવ્ય હોવાને કારણે હેય છે અને સમ્યગ્દર્શનનો — કે જે ધર્મની પ્રથમ સીડી છે તેનો— વિષય જે આ ત્રિકાળી ભગવાન આત્મા છે તે ઉપાદેય છે એમ અહીં કહેવામાં આવ્યું છે. અરે ! ઘરના પાપના ચોપડા તેણે ફેરવ્યાં છે, પણ કોઈ દિ’ આવું સાંભળ્યું નથી અને વાંચ્યું પણ નથી. તેથી આ શું કહે છે તે સમજવામાં આવતું નથી. અરે ભગવાન ! તારા ઘરની ચીજ શું છે તેની તને ખબર નથી !

ત્રિકાળી વસ્તુને - કે જે સચ્ચિદાનંદ પ્રભુ છે (સત્+ચિદ્+આનંદ = શાશ્વત જ્ઞાન ને આનંદનું ધામ) તેને - અહીંયા આત્મા કહેવામાં આવ્યો છે અને તે આત્મા જ ઉપાદેય છે એટલે કે નજર કરવાલાયક છે, દૃષ્ટિ કરવાલાયક છે. તે પૂર્ણસ્વરૂપ ભગવાન આત્મા જ તારા જ્ઞાનની દશામાં જ્ઞેય બનાવવાલાયક છે, ધ્યેય બનાવવાલાયક છે. આ જરા આકરી વાત છે. અહા ! ધ્યેય બનાવવાલાયક તો એ દ્રવ્ય જ છે. તે દ્રવ્ય જ ઉપાદેય છે — ત્યાં નજર કરીને તેમાં જ લીન થવાલાયક છે અને તો જ ધર્મ થશે. નહીંતર ત્રણકાળમાં બીજી કોઈ રીતે ધર્મ થશે નહીં.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અહીં કહે છે કે જીવાદિ સાત તત્ત્વોનો સમૂહ પરદ્રવ્ય હોવાના કારણે **'ખરેખર ઉપાદેય નથી.'** - આદરણીય નથી, આશ્રય કરવાલાયક નથી, પોતાના માનવાલાયક નથી. અહા ! આ સ્ત્રી, પુત્ર, લક્ષ્મી, શરીર, વાણી, કર્મ તો પર છે અને પર થઈને રહ્યાં છે અર્થાત્ શરીર, શરીરરૂપે- જડરૂપે થઈને રહ્યું છે. આ શરીર કાંઈ આત્માપણે થઈને રહ્યું નથી તેવી રીતે કર્મ પણ કર્મરૂપે થઈને રહ્યાં છે. એ તો જડ, માટી, ધૂળ ને પર છે, પરંતુ અહીં તો જીવના પોતાના પર્યાય રૂપે જે દશા છે તે દશાને પણ પરદ્રવ્ય ગણવામાં આવી છે. ત્રિકાળી આત્મા સ્વદ્રવ્ય છે તો તેની સામે એક અંશ-પર્યાય પરદ્રવ્ય છે. અહા ! સાંભળતા-સાંભળતા વિચાર કરવાનો અવસર તો મળે છે, (માટે વિચારીને નક્કી કરવું.) અહો ! આ તો અપૂર્વ વાત છે કે જે તેણે અનંતકાળમાં ક્યારેય સાંભળી નથી. શ્રી સમયસારજીની ચોથી ગાથામાં શ્રી કુંદકુંદાચાર્યદેવ કહે છે કે પરથી વિભક્ત ને સ્વથી એકત્વ એવા આત્માની વાત તેણે કદી સાંભળી નથી. આ પર્યાયથી પણ આત્મા વિભક્ત છે એમ અહીં કહે છે.

અહા ! દયા, દાન, વ્રત, પૂજા, ભક્તિ આદિના જે પુણ્ય-પાપના વિકલ્પ છે તેનાથી પણ આ ચીજ (-આત્મા) ભિન્ન છે, કેમ કે એ તો રાગ છે. એ બન્ને પુણ્ય અને પાપના ભાવ અધર્મ છે, પણ કાંઈ ધર્મ નથી. અરે ! તે અધર્મનો નાશ થઈને સ્વદ્રવ્યના આશ્રયથી જે ધર્મનો શુદ્ધ પર્યાય ઉત્પન્ન થાય તેને પણ અહીંયા પરદ્રવ્ય ગણીને હેય કહ્યો છે. જે સમય-સમયનો પર્યાય ઉત્પન્ન થાય છે તે - ચાહે તો તે પુણ્ય-પાપ હો અર્થાત્ દયા, દાન, હિંસા, જૂઠું, ચોરી આદિના ભાવ હો કે સંવર, નિર્જરા, મોક્ષના ભાવ હો —પરદ્રવ્ય છે. અરે ! કેવળજ્ઞાનનો ભાવ પણ પરદ્રવ્ય છે. કેવળજ્ઞાનનો એક સમયનો જે પર્યાય છે તે પર્યાય પણ ત્રિકાળી દ્રવ્યની અપેક્ષાએ પરદ્રવ્ય છે. જીવ, અજીવ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા ને મોક્ષ — એ સાત તત્ત્વો છે. અને મોક્ષતત્ત્વમાં કેવળજ્ઞાન આવી ગયું. તો એ કેવળજ્ઞાન પર્યાય અને સિદ્ધ પર્યાય પણ 'પરદ્રવ્ય' છે. ત્રિકાળી પ્રભુ આત્માની - કે જેમાં અનંત આનંદની ખાણ પડી છે, જેમાં અનંત શાંતિનો સાગર પડ્યો છે એવી ત્રિકાળી ચીજની - અપેક્ષાએ વર્તમાન મોક્ષના પર્યાયને પણ અહીં પરદ્રવ્ય કહ્યો છે. એટલે કે આખી ચીજને જ્યારે સ્વદ્રવ્ય કહી ત્યારે એક સમયની અવસ્થાને પરદ્રવ્ય કહી છે.

અરેરે ! એની ચીજ શું છે ? ટકાઉ ચીજ શું છે અને બદલતી ચીજ શું છે? તેનો વિવેક તેણે કદી કર્યો નથી. અરે ! હજુ તો પરથી આત્મા પૃથક્ છે એમ માનવામાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પણ તેને પાણી - પરસેવો - ઉતરે છે. આત્મા શરીરથી જુદો છે, માટે શરીરની ક્રિયા આત્મા કરી શકતો નથી. અર્થાત્ શરીર જડ, માટી, ધૂળ છે તેથી તેની ક્રિયા આત્મા કરી શકતો નથી. આ જે શરીરનું હલન-ચલન થાય છે તે જડથી થાય છે, પણ આત્માથી ત્રણ કાળમાં ક્યારેય થતું નથી. આ વાત માનવામાં પણ હજુ તો તેને પરસેવો ઉતરે છે. કેમ કે અજ્ઞાની જીવ પાપના વેપાર-ધંધામાં એટલો મશગૂલ છે કે તેણે આ વાતનું લક્ષ જ કર્યું નથી. અને કદાચ બહુ કહીએ તો પુણ્યક્રિયામાં મશગૂલ છે. દયા, દાન, વ્રત, પૂજા, ભક્તિ આદિ એ બધી રાગની ક્રિયામાં તે મશગૂલ છે. માટે, તેનાથી આત્મા પૃથક્ છે તેમ જ શુદ્ધતામાંથી પ્રગટેલ પોતાના સંવર-નિર્જરા-મોક્ષરૂપ નિર્મળ પર્યાયથી પણ આત્મા ભિન્ન છે એ વાત તેને બેસતી નથી. અહા ! આ શુદ્ધભાવ અધિકાર છે ને ? તેથી શુદ્ધતામાંથી પ્રગટેલા શુદ્ધ પર્યાયને પણ અહીં પરદ્રવ્ય ગણવામાં આવ્યો છે. તે પર્યાય 'શુદ્ધભાવ' નથી એમ કહે છે.

અહા ! અંતર્મુખની ચીજ એવો મહાપ્રભુ ભગવાન આત્મા અંતર્દષ્ટિ કરવાથી ઉપાદેય થાય છે અને ત્યારે તેને ધર્મની પ્રથમ સીડી-પગથિયું, કે જે સમ્યગ્દર્શન છે તે, પ્રગટ થાય છે. 'સમકિત સાવન આયા' એમ લોકો ગાય છે ને ? પણ તે સમકિત કોને કહે છે, તે સમ્યગ્દર્શનનો પર્યાય કોને ઉત્પન્ન થાય છે, કેવી રીતે ઉત્પન્ન થાય છે અને તેનું શું સ્વરૂપ છે તે ભગવાન ! બહુ જ સૂક્ષ્મ વાત છે. એ ત્રિકાળી ભગવાન આત્મા પરમાનંદની ખાણ, ધ્રુવ, નિત્ય ચીજ છે. એક સમયના પર્યાયને ગૌણ કરીને તે ત્રિકાળી દ્રવ્યનો આશ્રય કરતાં અનુભવમાં 'આ આત્મા શુદ્ધ છે' એવી પ્રતીતિ આવે છે અને તેને સમકિત કહેવામાં આવે છે. લ્યો, આ તેને ધર્મની શરૂઆતનો પ્રથમ અંક ગણવામાં આવ્યો છે. નહીંતર તો બધા મીંડા છે. અહો જુઓ ને ! ટૂંકામાં કેટલું ભરી દીધું છે !

**'જીવાદિ સાત તત્ત્વો'.....** જીવાદિ છે ખરા હો, કેમ કે તેઓ તત્ત્વ છે. એક સમયનો પર્યાય પણ તત્ત્વ છે, સંવર-નિર્જરા-મોક્ષ પણ તત્ત્વ છે અને તેવી રીતે પુણ્ય-પાપરૂપ આસ્રવ અને બંધ — એ પર્યાયો પણ તત્ત્વ છે. તેઓ 'છે' એમ અહીંયા સિદ્ધ કરવું છે, પણ તે તત્ત્વોની પાછળ અંદરમાં જે એક મહાપ્રભુ આત્મા છે તેને સ્વદ્રવ્ય ને સ્વતત્ત્વ કહેવામાં આવ્યો છે અને તેનો આશ્રય કરવાથી સમ્યગ્દર્શન થાય છે.

**'જીવાદિ સાત તત્ત્વોનો સમૂહ પરદ્રવ્ય હોવાને લીધે ખરેખર ઉપાદેય નથી'.**

**પ્રશ્ન:-** તેઓ શા કારણે ઉપાદેય નથી ? તેઓ આદરણીય - આશ્રય કરવાલાયક કેમ નથી ? પોતાની પૂર્ણ ચીજ તરીકે માનવાલાયક કેમ નથી ?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**સમાધાન:-** કેમ કે પરદ્રવ્ય હોવાને કારણે વાસ્તવમાં તેઓ ઉપાદેય નથી. અહા! આ તો ધર્મની પ્રથમ સીડીની વાત છે. વીતરાગ ત્રિલોકનાથ પરમેશ્વર તીર્થંકરદેવને એક સમયમાં - સેકંડના અસંખ્યમા ભાગમાં - ત્રણકાળ ત્રણલોક જોવામાં આવ્યાં. કેવળજ્ઞાન દ્વારા તેમણે ત્રણલોકને જાણ્યા અને ઇચ્છા વિના વાણી નીકળી. તે વાણીને આગમ કહે છે અને એ આગમમાં તત્ત્વનું આવું વર્ણન છે આવું કહ્યું છે. સર્વજ્ઞ વીતરાગ પરમાત્મા સિવાય બીજે ક્યાંય આ ચીજ છે નહીં.

અહીં કહે છે કે ભગવાન ! તારી એક સમયની અવસ્થા .... કોઈ અજ્ઞાની કહે છે કે આ અવસ્થા શું છે ? વળી પર્યાય શું છે ? પર્યાયનું શું કામ છે ? એ તો પાછળ લાગી છે. સિદ્ધને પણ પર્યાય હોય છે, તો ત્યાં પણ પીછો ન છોડ્યો ? અરે ! અજ્ઞાનીને મારગની કાંઈ ખબર નથી. ભાઈ ! પર્યાય એટલે પોતાની અવસ્થા અને તે સિદ્ધમાં પણ હોય છે. કેમ કે પર્યાય ન હોય તો દ્રવ્ય કેવું ? અરે ! પર્યાય શું, ગુણ શું ને દ્રવ્ય શું તેની કાંઈ અજ્ઞાનીને ખબર ન મળે અને 'એ બધું તો ભગવાન જાણે' એમ તે કહે છે. પણ ભાઈ ! ભગવાન તો એ બધું જાણે જ છે, પરંતુ આ તો તને જણાવે છે કે તું જાણ.

અરે ભાઈ ! ૮૪ લાખ યોનિના અવતારમાં રખડતા-રખડતા માંડ તને મનુષ્યભવ મળ્યો છે, છતાં પણ આ ચીજનો પત્તો લીધો નહીં !! અહા ! એક સમયની અવસ્થાને છોડીને અર્થાત્ દયા, દાનના વિકલ્પનું તેમ જ સંવર, નિર્જરા ને મોક્ષના પર્યાયનું પણ લક્ષ છોડીને પૂર્ણાનંદ પ્રભુ ત્રિકાળી ભગવાન આત્માના લક્ષ, દૃષ્ટિ કર્યા નહિ તો તેણે કાંઈ કર્યું નથી. તેનું મનુષ્યપણું નિરર્થક છે.... નિરર્થક છે.... નિરર્થક છે. એવા સમ્યગ્દર્શન વિના, ભગવાન તો એમ કહે છે કે, બધાં ચાલતા મડદાં છે. અહા ! જેમણે ચૈતન્યમૂર્તિ પરમ પ્રભુ આત્માને ઉપાદેય કર્યો નથી, તેનો આશ્રય કર્યો નથી, તેનો આદર કર્યો નથી, પરંતુ એક સમયના પર્યાયનો તેમ જ પુણ્ય-પાપનો જેમણે આદર કર્યો છે તે બધા મડદાં સમાન છે, મિથ્યાદૃષ્ટિ છે. કેમ કે તેઓ ચૈતન્ય મહાપ્રભુનો અનાદર કરે છે. ભારે વાતો ભાઈ !

આવો જૈનધર્મ હશે ?

હા, જૈનધર્મ એ વસ્તુનો સ્વભાવ છે. તે કાંઈ પક્ષ કે કોઈ વાડો નથી, પણ એ તો વસ્તુનો સ્વભાવ છે. પર્યાયદૃષ્ટિ છોડીને એક સમયમાં પૂર્ણ એવી વસ્તુની દ્રવ્યદૃષ્ટિ કરવી તે જૈનધર્મ છે અને એવી દૃષ્ટિપણે પરિણમે તે જૈન છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અહીં કહ્યું કે **'જીવાદિ સાત તત્ત્વોનો સમૂહ પરદ્રવ્ય હોવાને લીધે ખરેખર ઉપાદેય નથી.'** - આદરણીય નથી.

આ ત્રીજો શુદ્ધભાવ અધિકાર છે. આ શુદ્ધભાવ એટલે જે શુભ, અશુભ અને શુદ્ધપર્યાય છે તેની અહીંયા વાત નથી, પણ જે ત્રિકાળી અંતઃતત્ત્વરૂપ ધ્રુવસ્વભાવ છે તેને અહીં શુદ્ધભાવ કહેલ છે. જે પર્યાયનો શુદ્ધભાવ છે તે તો પરદ્રવ્યમાં જાય છે. શુભ, અશુભ ને શુદ્ધ - એવા જે ત્રણ પર્યાયો છે એ તો અહીં પરદ્રવ્યમાં જાય છે. આ શુદ્ધભાવમાં તે પર્યાયો નથી.

**અન્વયાર્થ:- 'જીવાદિ બાહ્યતત્ત્વ હેય છે.'** જીવનો એક સમયનો પર્યાય, અજીવ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા, મોક્ષ આદિ જેટલા પ્રગટરૂપ પર્યાયો છે તે બધાય પર્યાયોને બહિર્તત્ત્વ કહીને હેય કહ્યા છે. જ્યારે અંતઃતત્ત્વરૂપ જ્ઞાયકભાવ — કે જે એકરૂપ ત્રિકાળીને ધ્રુવસ્વભાવને છે તેને — અહીં સ્વદ્રવ્ય કહેવામાં આવ્યો છે. તો, 'જીવાદિ' એટલે સંવર, નિર્જરા ને મોક્ષાદિ બધાં બાહ્યતત્ત્વ છે.

**શ્રોતા:-** બરાબર.

**પૂજ્ય ગુરુદેવશ્રી:-** શું બરાબર ? શરીર તો બાહ્યતત્ત્વ, પરંતુ સંવર ને નિર્જરા પણ બાહ્યતત્ત્વ ? સંવર, નિર્જરા અને મોક્ષ શું આત્મા નથી ? ધર્મના પર્યાય શું આત્મા નથી ? ભાઈ ! મોક્ષનો માર્ગ લ્યો તોપણ તે પર્યાય છે ને ? માટે તે હેય છે એમ કહ્યું છે. 'જીવાદિ બાહ્યતત્ત્વ'...જેટલા પ્રગટ પર્યાયો છે તે બધાય બાહ્યતત્ત્વ છે. કેમ કે તે પ્રગટરૂપ છે ને ? જ્યારે ત્રિકાળી વસ્તુ અપ્રગટ છે. પર્યાયની અપેક્ષાએ તે અપ્રગટ છે હો, બાકી વસ્તુ તરીકે તો તે વ્યક્ત (-પ્રગટ) જ છે. આવો ધ્રુવભાવ, જ્ઞાયકભાવ સમ્યગ્દર્શનનો વિષય છે. અર્થાત્ ત્રિકાળી ધ્રુવના આશ્રયે સમ્યગ્દર્શન થાય છે.

અહા ! કુદેવ, કુગુરુ, કુશાસ્ત્રના આશ્રયે મિથ્યાત્વ થાય છે અને સુદેવ, સુગુરુ, સુશાસ્ત્રના આશ્રયે રાગ થાય છે તેમ જ આ સંવર, નિર્જરા, મોક્ષાદિ પર્યાયનું લક્ષ કરવા જાય તોપણ રાગ-વિકલ્પ થાય છે. તે આસ્રવ — પુણ્ય-પાપના ભાવ અર્થાત્ શુભ-અશુભભાવ તથા તેમાં અટકવું તે ભાવબંધ તો પ્રત્યક્ષ દુઃખદાયક છે. અને બહિર્તત્ત્વ છે જ, પરંતુ અહીંયા તો જીવ, અજીવ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ ને મોક્ષ — એ સાત પ્રકારના જે પ્રગટ પર્યાયો છે તે બધા પણ બહિર્તત્ત્વ છે ને હેય છે એમ કહે છે.

**'કર્મોપાધિજનિત ગુણપર્યાયોથી વ્યતિરિક્ત'....** - જુદો છે. કર્મના નિમિત્તે થતા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ઔદયિકાદિ ચાર ભાવોથી પણ આત્મા ભિન્ન છે. આ તો વિશેષ સ્પષ્ટ કર્યું છે. નહીંતર તો જીવાદિને બાહ્યતત્ત્વ કહેતા તેમાં એ વાત આવી જાય છે. કર્મના નિમિત્તની અપેક્ષાવાળા જે ઔદયિકભાવ, ઔપશમિકભાવ, ક્ષાયોપશમિકભાવ ને ક્ષાયિકભાવ છે તે ચારેયભાવો આત્મામાં નથી. અને આવો **'આત્મા આત્માને ઉપાદેય છે.'** આવો જે ત્રિકાળ એકરૂપ નિત્યાનંદ ધ્રુવસ્વરૂપ ને પરમ પારિણામિકભાવરૂપ આત્મા છે અર્થાત્ સહજ સ્વભાવરૂપ આત્મા છે તે આત્માને ઉપાદેય છે. જોયું ? અહીં એમ કહ્યું છે કે આત્મા આત્માને ઉપાદેય છે' એટલે કે નિર્મળ વીતરાગ પર્યાયમાં આત્મા જ આદરણીય છે.

**પ્રશ્નઃ-** અહીં એમ કહ્યું કે સંવર, નિર્જરા, મોક્ષ એ બાહ્યતત્ત્વ છે. વળી આત્માને આત્મા ઉપાદેય કહ્યો. તો પછી શું દ્રવ્યને દ્રવ્ય ઉપાદેય છે ?

**સમાધાનઃ-** ભાઈ ! આત્માને આત્મા ઉપાદેય છે અર્થાત્ પર્યાયને દ્રવ્ય ઉપાદેય છે. ઉપાદેયપણું તો પર્યાયમાં થાય છે, કાંઈ દ્રવ્યમાં થતું નથી. અહા ! પ્રથમ સંવર, નિર્જરા ને મોક્ષને હેય કહ્યાં. વળી એ પછી ત્રિકાળ ધ્રુવ નિત્ય એવી વસ્તુમાં અંતર્મુખ વળનારા પર્યાયને 'આત્મા' કહ્યો. મુનિરાજની શૈલી તો જુઓ ! આ તો ભાઈ ! અગમ-નિગમની વાતો છે. અહા ! આત્મા આત્માને ઉપાદેય છે અર્થાત્ નિજ આત્મા સિવાય આત્માને—નિર્મળ પર્યાયને બીજું કાંઈ ઉપાદેય નથી. (ઉપાદેય = ગ્રહણ કરવાલાયક). આ આત્મા તો એકલો જ્ઞાનનો પિંડ છે. તેના ત્રિકાળ સ્વભાવમાં નિશ્ચય મોક્ષમાર્ગ - આનંદસ્વરૂપ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર અને પરમ આનંદસ્વરૂપ મોક્ષપર્યાય પણ નથી. તે પર્યાય, પર્યાય તરીકે છે, પરંતુ વસ્તુમાં નથી અને એવો આત્મા આત્માને ઉપાદેય છે - નિર્મળ દશામાં અંગીકાર કરવાલાયક છે.

**ટીકાઃ- 'આ, હેય અને ઉપાદેય તત્ત્વના સ્વરૂપનું કથન છે.'** પાઠમાં એ વાત છે ને ? કે **जीवादिबहित्तत्त्वं हेयम्** અને **उवादेयमप्पणो अप्पा** - એમ પાઠમાં છેને ? તેથી પાઠમાં જ હેય ને ઉપાદેયની વાત છે કે જીવાદિ બાહ્યતત્ત્વ હેય છે અને આત્મા આત્માને ઉપાદેય છે. આત્મા તરફ વળેલા પર્યાયમાં આત્મા ઉપાદેય છે. પૂર્ણસ્વરૂપ ધ્રુવ નિત્યદળ, એકલું ચૈતન્યદળ, આનંદદળ તેમ જ જેમાં ભેદ નથી, ભંગ નથી એટલે કે જેમાં સંવર, નિર્જરા ને મોક્ષના પર્યાયનો પણ અભાવ છે એવું જે એકરૂપ તત્ત્વ છે તે જ આત્માને ઉપાદેય છે. જીવને તેના આશ્રયે જ સમ્યગ્દર્શન થાય છે, છતાં સમ્યગ્દર્શન છે બહિર્તત્ત્વ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અહા ! (સમયસારજીની ગાથા - ૧૧માં) આવે છે કે भूदत्थमस्सिदो खलु सम्मादिट्ठी हवदि जीवो - જે ભૂતાર્થનો આશ્રય કરે છે તેને સમકિત થાય છે. એ ભૂતાર્થનો આશ્રય કરે છે તો પર્યાય, કાંઈ દ્રવ્ય આશ્રય કરતું નથી. પર્યાય એમ માને છે કે કેવળ એક ઉપર દ્રવ્ય જ આશ્રય કરવાયોગ્ય છે. એક સમયના પર્યાયને છોડીને અનંત ગુણોથી ભરેલા નિત્યાનંદ ધ્રુવ ભગવાન આત્મા ઉપર — નિજ સ્વરૂપમય ભગવાનરૂપ પરમ પારિણામિકસ્વભાવ ઉપર - દૃષ્ટિ દેવાલાયક છે, પરંતુ દૃષ્ટિ ઉપર પણ દૃષ્ટિ દેવાલાયક નથી એમ કહે છે. આવું ઝીણું છે ! માર્ગ આવો છે ભાઈ ! અરે ! લોકોએ કાંઈક બીજું માન્યું છે. પરંતુ બાપુ ! એમ ઊંધું માનવાથી કાંઈ આત્મા હાથ નહીં આવે. આ આત્મા અંદર પાતાળ કૂવો છે. તેનું તળીયું તપાસ તો આત્મા મળે એવો છે. આત્માનું તળ પરમ સ્વભાવભાવ છે, ધ્રુવ છે એટલે કે તેની જે મહાસત્તા છે એ તેનું તળ છે.

લોકોને આમાં એવું લાગે છે કે અહીં તો સંવર, નિર્જરા અને મોક્ષને પણ હેય કહે છે ! અરે ! દયા, દાન, વ્રત આદિના પરિણામને હેય કહીએ તોપણ હજુ આકરું પડે છે. કોઈ વેઠ કરીને ઉપવાસ કરે, ઉના પાણી પીએ કે ઉપધાન કરે એ તો બધું થોથા છે, પરંતુ કોઈ કદાચિત્ મંદ કષાયથી બરાબર ઉપવાસ કરે તોપણ હેય છે. અરે ! ધર્મરૂપ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનો પર્યાય કરે તે પણ, અહીં કહે છે કે, હેય છે. આ ગજબ વાત છે ! અહા ! ચાહે તો દયા, દાન, વ્રતના પરિણામ હો કે ભગવાનની પૂજાના પરિણામ હો, હેય છે. પરંતુ અજ્ઞાનીને આ વાત બેસતી નથી.

**પ્રશ્ન :-** વ્યવહાર કથંચિત્ ઉપાદેય છે ને ?

**સમાધાન :-** પણ તે કઈ અપેક્ષાએ વાત છે ? વ્યવહારે અર્થાત્ જાણવા માટે વ્યવહાર આદરણીય કહેવામાં આવે છે. જિનેન્દ્રદેવ ભગવાનનો આત્મા, ગુરુનો આત્મા વગેરે તથા સંવર, નિર્જરા ને મોક્ષનો પર્યાય — એ વ્યવહાર, વ્યવહારે આદરણીય કહેવાય છે. પણ (ખરેખર તો) એ વ્યવહાર પોતે જ અભૂતાર્થ છે.

**પ્રશ્ન :-** સમભાવ દૃષ્ટિ રાખવી તે ?

**સમાધાન :-** તે પણ પર્યાય છે માટે હેય છે. તે ત્રિકાળી દ્રવ્ય ક્યાં છે ? એ વાત તો પહેલાં (શ્લોક-૩૫માં) આવી ગઈ ને ? કે બુધ પુરુષોનો એ નિર્ણય છે કે જીવમાં સિદ્ધપદ પણ નથી અને સંસારપર્યાય પણ નથી. જ્ઞાનીઓનો આ અભિપ્રાય છે. આવો માર્ગ છે ! અહા ! અંદરમાં ચૈતન્ય મહાપ્રભુ — મહા ભગવાન આત્મા — બિરાજે છે અને તે પર્યાયમાં આદરવાલાયક છે. પર્યાયમાં પર્યાય આદરવાલાયક નથી, પણ આવું દ્રવ્ય આદરણીય છે એમ અહીં કહેવું છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**'જીવાદિ સાત તત્ત્વોનો સમૂહ પરદ્રવ્ય હોવાને લીધે'**.... જુઓ, ૫૦મી ગાથામાં પણ એ કહ્યું છે કે નિર્મળ પર્યાયાદિ બધા ભાવો પરદ્રવ્ય છે, પરભાવ છે. અર્થાત્ ત્રિકાળી સ્વભાવની અપેક્ષાએ એ પરભાવ છે અને ત્રિકાળી સ્વદ્રવ્યની અપેક્ષાએ એ પરદ્રવ્ય છે તથા હેય છે. — એમ આ નિયમસારની ૫૦મી ગાથામાં આવે છે. અન્ય ઠેકાણે પણ સંવરતત્ત્વને બહિર્તત્ત્વ કહ્યું છે ને ? દ્વાદશ અનુપ્રેક્ષામાં શ્રી કુંદકુંદાચાર્યે કહ્યું છે કે સંવર બહિર્તત્ત્વ છે અર્થાત્ સંવર આત્માથી બહાર છે, આત્મામાં છે નહીં. (સંવરભાવના, ગાથા-૬૫). લ્યો, ધર્મ આત્મામાં છે નહીં એમ કહે છે. ધર્મ એ આનંદસ્વભાવી આત્માનો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ વીતરાગ પર્યાય છે અને તે વીતરાગ પર્યાય અર્થાત્ ધર્મ કહે છે કે, ધર્મી એવા આત્મામાં નથી.

તો શું ધર્મ ક્યાંય બીજે હશે ?

ભાઈ ! ધર્મ તેના પર્યાયમાં છે, દ્રવ્યમાં નહિ એમ કહેવું છે. અહા ! ક્ષાયિકભાવ પણ જ્યાં અંદરમાં નથી ત્યાં બીજા ભાવોનું તો શું કહેવું ? જો કે સિદ્ધને ક્ષાયિકભાવ પર્યાયમાં છે, છતાં તેમને પણ તે ક્ષાયિકભાવ દ્રવ્યમાં નથી. અરે ! એમને તો શું, કોઈના પણ દ્રવ્યમાં ક્ષાયિકભાવ નથી. તે ક્ષાયિકભાવ પર્યાયરૂપ હોવાથી દ્રવ્યમાં ક્યાંથી હોય ? (૧) ક્ષાયિક સમકિત, (૨) યથાખ્યાત ચારિત્ર, (૩) કેવળજ્ઞાન, (૪) કેવળદર્શન, (૫) દાન, (૬) લાભ, (૭) ભોગ, (૮) ઉપભોગ અને (૯) વીર્ય — એ ક્ષાયિકભાવની નવ લબ્ધિ પ્રગટ હો તો પણ, કહે છે કે, બહિર્તત્ત્વ છે. કેમ કે એ તો એક અંશરૂપ બાહ્ય પ્રગટ છે ને વસ્તુ પોતે ભગવાન આત્મા, પર્યાય વ્યક્ત છે એ અપેક્ષાએ, અવ્યક્ત છે. આ વાત શ્રી સમયસારજીની ૪૯મી ગાથામાં આવી ગઈ છે.

આ શાસ્ત્રની પાંચમી ગાથામાં એમ કહ્યું છે કે બહિ:તત્ત્વ ને અંત:તત્ત્વરૂપ પરમાત્મતત્ત્વ — તે બેયની શ્રદ્ધા તે વ્યવહારસમકિત છે. એ બહિ:તત્ત્વ એટલે આ સાત તત્ત્વ અને અંત:તત્ત્વરૂપ પરમાત્મતત્ત્વ એટલે ત્રિકાળી આત્મા. તે બેયની શ્રદ્ધા તે વ્યવહારસમકિત છે. કેમ કે બન્નેને સાથે લીધા છે ને ! માટે તે રાગ-વિકલ્પ છે એમ કહેવું છે. હવે અહીં કહે છે કે એ જીવાદિ સાત તત્ત્વોનો સમૂહ પરદ્રવ્ય હોવાને લીધે સમ્યગ્દર્શનનો વિષય નથી.

**પ્રશ્ન :-** મોક્ષમાર્ગ પ્રકાશકમાં (નવમા અધિકારમાં) એમ વર્ણવ્યું છે કે નવ તત્ત્વની શ્રદ્ધા તે સમ્યગ્દર્શન છે ?

**સમાધાન :-** ભાઈ ! એ અભેદથી વર્ણન છે.

**શ્રોતા :-** પુણ્ય-પાપ અધિકારમાં આવે છે કે 'जीवादीसद्दहणं....' (સમયસાર ગાથા ૧૫૫)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, આવે છે ને ! પણ जीवादीसद्दहणं એટલે જીવાદિની શ્રદ્ધાનું જ્ઞાનરૂપ પરિણમન તે સમકિત છે. ત્યાં 'जीवादी' શબ્દ છે, પણ એનો અર્થ એ છે કે જીવાદિની શ્રદ્ધાનું અંદરમાં જ્ઞાનરૂપ પરિણમન તેનું નામ સમકિત છે. જુઓ, અહીં ગાથા ૩૮માં જેવો 'जीवादि' શબ્દ છે તેવો 'जीवादी' શબ્દ ત્યાં સમયસાર ગાથા ૧૫૫માં પણ છે. પણ તેનો અર્થ શું છે ? કે ખરેખર તો, જ્ઞાયકનું જ્ઞાન થતાં તેમાં આ (જીવાદિ) નથી તેવું જ્ઞાન થઈ જાય છે અને જ્ઞાયક આત્માની પ્રતીતિ સમકિતમાં હોય છે એમ ગાથા ૧૫૫નો અર્થ છે. જુઓને ટીકામાં જ એમ છે ને ? કે 'મોક્ષનું કારણ ખરેખર સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે. તેમાં, સમ્યગ્દર્શન તો જીવાદિ પદાર્થોના શ્રદ્ધાનસ્વભાવે જ્ઞાનનું થવું - પરિણમવું તે છે.' (ગાથા ૧૫૫ની ટીકા). તેવી રીતે સમ્યગ્જ્ઞાનમાં પણ જ્ઞાનનું પરિણમન છે અને સમ્યક્ચારિત્રમાં પણ જ્ઞાનનું પરિણમન છે. એનો અર્થ એ છે કે જ્યાં એકલા જ્ઞાયકભાવનું ભાન થયું ત્યાં એ સમ્યગ્જ્ઞાનમાં 'આ (જીવાદિ) પર્યાયો જ્ઞાયકમાં નથી' એવું નાસ્તિનું જ્ઞાન પણ અસ્તિના જ્ઞાનની સાથે આવી જાય છે. પરંતુ સમ્યગ્જ્ઞાનનું પરિણમન થાય તેમાં જ એ નાસ્તિનું જ્ઞાન આવે છે હો, એકલા પરલક્ષી ધારણા જ્ઞાનમાં એ નાસ્તિનું જ્ઞાન આવતું નથી. - મૂળ આમ વાત કરવી છે. અહા! जीवादीसद्दहणं એટલે નવ તત્ત્વોનું શબ્દરૂપ જ્ઞાન નહીં, પરંતુ અંદર જ્ઞાનમાં જ્ઞાનનું પરિણમન થાય તે. જોકે જ્ઞાનનો વિષય સ્વ-પર છે — જ્ઞાન સ્વપરપ્રકાશક છે - તેથી ભલે પરનું જ્ઞાન થઈ જાય, તોપણ પરનું જ્ઞાન એ પર છે માટે થઈ જાય છે એમ નથી. અહીં અંદર જ્ઞાયકનું ભાન થતાં સ્વ-પરનું પ્રકાશક જ્ઞાન સ્વતઃ થાય છે.

પણ આ વાત બહુ ઝીણી છે ?

ભાઈ ! મારગ એવો ઝીણો છે. કહે છે કે 'જીવાદિ પદાર્થોના જ્ઞાનસ્વભાવે જ્ઞાનનું થવું - પરિણમવું તે જ્ઞાન છે.' તથા 'રાગાદિના ત્યાગસ્વભાવે જ્ઞાનનું થવું-પરિણમવું તે ચારિત્ર છે'. જ્ઞાન શબ્દે આત્મવસ્તુ છે અને તેનું પરિણમન થવું તે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે. અહા ! મારગ તો આવો છે. (નિયમસારજીની ૫મી ગાથાની ટીકામાં) પણ 'જીવાદિ' શબ્દ છે અને (સમયસારની ૧૫૫મી ગાથામાં) પણ 'જીવાદિ' શબ્દ છે. પરંતુ (૧૫૫મી ગાથામાં) જીવાદિના શ્રદ્ધાનને નિશ્ચય સમકિત કહ્યું છે, જ્યારે (૫મી ગાથામાં) જીવાદિના શ્રદ્ધાનને વ્યવહારસમકિત કહ્યું છે. અર્થાત્ (૧૫૫મી ગાથામાં) નિશ્ચય કહ્યો છે, જ્યારે (૫મી ગાથામાં) વ્યવહાર કહ્યો છે. ક્યાં કઈ અપેક્ષા છે તે જાણવી જોઈએ ને ! અહા ! (૫મી ગાથામાં) તો બધા પ્રકારના પર્યાયના ભેદની વાત છે અને (૧૫૫મી ગાથામાં) કહે છે કે એકલા જીવનું જ્ઞાન થયું ત્યાં આ (જીવાદિ પર્યાયો) તેમાં નથી એવું જ્ઞાન પણ સાથે આવી જાય છે, કારણ કે જ્ઞાનનો જ એવો સ્વભાવ છે કે અખંડ, અભેદ ચૈતન્યનું જ્ઞાન થતાં તેમાં પર્યાયના ભેદોનો અભાવ છે એવું સ્વ-પરપ્રકાશક

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જ્ઞાન સ્વતઃ થાય. અર્થાત્ સ્વનું જ્ઞાન થતાં પરનું જ્ઞાન સ્વતઃ થાય છે, પરંતુ પરનું જ્ઞાન થતાં સ્વનું જ્ઞાન થાય છે એમ નથી. આવો મારગ છે !

અહીં કહે છે કે **'જીવાદિ સાત તત્ત્વોનો સમૂહ પરદ્રવ્ય હોવાને લીધે'...** જોયું ? અહીં કારણ આપે છે કે એ (જીવાદિ) તત્ત્વો પરદ્રવ્ય હોવાને લીધે **'ખરેખર ઉપાદેય નથી.'** સંવર, નિર્જરા ને મોક્ષને ભલે વ્યવહારે ઉપાદેય કહેવામાં આવે, પણ ખરેખર ઉપાદેય નથી. આવો મારગ છે ! **'જીવાદિ સાત તત્ત્વો'....**જોયું ? એ તત્ત્વો અસ્તિરૂપ - ભાવરૂપ છે, પણ અભાવરૂપ નથી. કેમ કે એ (જીવાદિ) પર્યાયો પણ સત્ છે. અને તેને જુઓ, 'તત્ત્વ' કહ્યાં છે : 'જીવાદિ સાત તત્ત્વો....' એટલે કે એ જીવાદિ તત્ત્વો વસ્તુ છે. (-હયાતી ધરાવે છે.) પરંતુ તેમનો સમૂહ **'પરદ્રવ્ય હોવાને લીધે......'** તેઓ ત્રિકાળી સ્વદ્રવ્યથી ભિન્ન હોવાને લીધે....ત્રિકાળી દ્રવ્યનો સ્વભાવ ધ્રુવ છે તેનાથી આ સાત તત્ત્વો અન્ય હોવાને લીધે તેમને અહીં પરદ્રવ્ય કહેવામાં આવે છે. અને તેથી તેઓ **'ખરેખર ઉપાદેય નથી.'** જોકે (ગાથાના) પાઠમાં 'हेयम्' છે, જ્યારે અહીં ટીકામાં **'ખરેખર ઉપાદેય નથી'** - એમ નાસ્તિથી કહ્યું છે. કેમ કે 'उवादेयमप्पणो अप्पा' —એમ ગાથામાં છે ને ? એટલે ટીકામાં આ (જીવાદિ) ઉપાદેય નથી એવો અર્થ કર્યો છે.

શું કીધું એ સમજાણું ?

કે ગાથામાં પાઠ તો એવો છે કે 'जीवादिबहितच्चं हेयम्'। પણ ટીકામાં 'हेयम्' શબ્દ ન વાપરતાં 'ઉપાદેય નથી' એમ કહ્યું છે. કેમ કે આત્મા ઉપાદેય છે તો આ (જીવાદિ) ઉપાદેય નથી એમ અસ્તિ-નાસ્તિ કરવા માટે ટીકામાં એ વાત કરી છે. **'ખરેખર ઉપાદેય નથી'** અર્થાત્ વસ્તુ જે ત્રિકાળી ભગવાન આત્મા છે તે જ કેવળ નજર કરવાલાયક છે, પણ આ (જીવાદિના) ભેદ નજર કરવાલાયક નથી. તેથી તેઓ ઉપાદેય નથી એમ કહેવામાં આવે છે.

હવે કહે છે કે, 'સહજ વૈરાગ્યરૂપી મહેલના શિખરનો જે શિખામણિ છે.' મુનિરાજ પોતાની — મુનિની — વાત કરે છે, પણ એટલે કોઈ એમ કહે કે આ (નિયમસાર) મુનિને માટે જ છે તો એમ નથી. એ તો મુનિરાજ પોતાની વાત કરીને અહીં કહે છે, બાકી આ તો સમ્યગ્દર્શનના વિષયની વાત છે. શું આવું સમ્યગ્દર્શન મુનિને જ હોય એમ છે કાંઈ ? (ના, સમકિતીને પણ હોય છે. તેથી તેની પણ વાત છે.) પરંતુ આ ગાથામાં મુનિરાજની વાત આવી એટલે કોઈને (કદાચ) એમ થાય કે આવું સમકિત તો મુનિને જ હોય છે અને તેમની જ અહીં વાત છે તો એમ નથી. (આ વાત અંશે સમકિતીને પણ લાગુ પડે છે.) અહા ! અહીં તો મુનિરાજ પોતે પોતાની ભૂમિકામાં રહીને પોતાની વાત કરે છે અને તેથી કહે છે કે, આ આત્મા કોને ઉપાદેય છે ? કે આવા મુનિને ઉપાદેય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે. અજ્ઞાની આમાંથી એમ કાઢે છે કે નીચે (ચોથા-પાંચમા ગુણસ્થાનવાળા) સમકિતીને આત્મા ઉપાદેય નથી. વળી અજ્ઞાની કહે છે કે જુઓ, આ ગાથામાં એમ કહ્યું છે કે વીતરાગભાવવાળા મુનિને આત્મા ઉપાદેય છે. માટે નિશ્ચય સમકિત મુનિને જ હોય છે. પણ એ વાત સાચી નથી.

અહા! **'સહજ વૈરાગ્ય'...** અર્થાત્ પર તરફનું જોર પાછું સ્વમાં લાવવું. પૂર્ણાનંદ પ્રભુ આત્મા સ્વ છે ને તે ઉપાદેય છે, તેથી મુનિને પર તરફનો વૈરાગ્ય થઈ ગયો છે - તેઓ પરથી હઠી ગયા છે એમ કહે છે. **'સહજ'**- સ્વાભાવિક **'વૈરાગ્યરૂપી મહેલના શિખરનો જે શિખામણિ છે'**- પર્યાય પ્રત્યે પણ જેને ઉદાસભાવ છે. મુનિને સ્વ તરફનો ઉપાદેયભાવ છે, તો આ પર્યાયાદિ તરફ ઉદાસ છે એમ કહે છે. અહોહો! દિગંબર મુનિઓએ ચારિત્રના અનુભવ સહિત જે વાત કરી છે તે અલૌકિક છે.

જે વસ્તુ ઉપાદેય નથી તેની પ્રથમ વાત કરી. હવે ઉપાદેય કોણ છે અને કોને છે તે કહે છે. उवादेयम् अप्पणो अप्पा — એમ પાઠમાં આવ્યું છે ને ? તો હવે તેની વ્યાખ્યા કરે છે કે જે આ ત્રિકાળી દ્રવ્ય વસ્તુ ભગવાન આત્મા છે તે સિવાયના સાતેય તત્ત્વો — સંવર, નિર્જરા ને મોક્ષ પણ — ઉપાદેય નથી તો ઉપાદેય શું (કોણ) છે ? અને કોને છે ? કે **'સહજ વૈરાગ્યરૂપી મહેલ'....** મહેલ = મોટો બંગલો. મુનિને આખી દુનિયા પ્રત્યે અંતરમાં ઉદાસભાવ છે, પરથી ખસીને તેઓ સ્વભાવના આસનમાં બિરાજે છે. તેથી તેઓ **'સહજ વૈરાગ્યરૂપી મહેલના'** - મોટા બંગલાના - **'શિખરનો શિખામણિ છે.'** શિખામણિ = ટોચ ઉપરનું રત્ન, ચૂડામણિ કલગીનું રત્ન.

અહા! કહે છે કે જેને આખી દુનિયા પ્રત્યે ઉદાસ-વૈરાગ્યભાવ છે એટલે કે જેઓ પર્યાયને ગ્રહણ કરવા પ્રત્યે પણ ઉદાસ છે એવા સહજ વૈરાગ્યરૂપી મહેલના શિખરના શિખામણિ — ટોચના રત્ન સમાન — ધર્માત્માને આત્મા ઉપાદેય છે. અર્થાત્ જે પર્યાયાદિથી ઉદાસ થાય છે તે પોતાની ત્રિકાળી અસ્તિને પકડે છે એમ કહેવું છે.

શું કહ્યું ?

કે ધર્માત્મા વૈરાગી હોય છે. ધર્માત્માને પરથી - નિમિત્તથી, રાગથી અને એક સમયના પર્યાયથી પણ વૈરાગ્ય હોય છે. માટે સહજ વૈરાગ્યરૂપી મહેલના - બંગલાના શિખરના તેઓ શિખામણિ છે.

**'પરદ્રવ્યથી જે પરાઙ્મુખ છે.'** લ્યો, પરદ્રવ્ય એટલે આ (જીવાદિ) સાત તત્ત્વો કહ્યા તે અને તેનાથી મુનિ પરાઙ્મુખ છે. મુનિ ત્રિકાળી દ્રવ્ય ભગવાન આત્માની સન્મુખ છે તો આ જીવાદિ સાત પર્યાયથી — કે જે પરદ્રવ્ય છે તેનાથી — પરાઙ્મુખ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

અરે ! આવો માર્ગ લોકોને સાંભળવા પણ મળ્યો નથી. જો તેઓ એકવાર બે-ચાર દિવસ સાંભળે તો તેમને ખબર પડે કે આ તત્ત્વ શું છે ? પરંતુ આ સાંભળે નહીં ને કહે કે આ એકાંત છે, સોનગઢવાળા પૂજા-ભક્તિની વાત નથી કહેતાં. ભાઈ ! અહીંયા પૂજા, ભક્તિ આદિની વાત કહેવાય છે, નથી કહેતાં એમ કોણે કહ્યું ? પણ તે છે રાગ ને હેય એમ કહેવાય છે. પ્રભુ ! આ તો તારા હિતની વાત છે ભાઈ !

અહા ! કહે છે કે **'પરદ્રવ્યથી જે પરાઙ્મુખ છે.'** ત્રિકાળી પરમ ચિદ્‌બિંબ - જિનબિંબસ્વરૂપ ભગવાન આત્મા વીતરાગમૂર્તિ છે. તો તેની સન્મુખ જે થયો તે પરથી વિમુખ છે એમ કહે છે. જુઓને ! આ અસ્તિ-નાસ્તિરૂપ અનેકાંત કર્યું. આ રીતે અનેકાંત છે, પરંતુ સ્વભાવની પણ સન્મુખ છે અને પર્યાયની પણ સન્મુખ છે તે સમકિતી છે એવું અનેકાંત નથી. ઓહોહો ! શું શ્રી કુંદકુંદાચાર્ય ! ને શું તેમનાં શાસ્ત્રો ! અમૃતની ધારા વહે છે.

ભાઈ ! તું અમૃતનો સાગર છો ને ! અરે પ્રભુ ! તારા અતીન્દ્રિય અમૃતના એક અંશના સ્વાદ આગળ તો ઇન્દ્રના ઇન્દ્રાસનો અને ઇન્દ્રાણીઓના સુખ પણ ઝેર જેવા લાગે છે. આવા અતીન્દ્રિય આનંદથી ભગવાન ! તું ભરેલો છો. પ્રભુ ! તારો સ્વભાવ અતીન્દ્રિય આનંદની લહેજજતવાળો છે હો અને એનો સ્વાદ લેનાર પરથી વિમુખ થઈ જાય છે અર્થાત્ જગતના એ માનેલા-કલ્પેલા સુખમાંથી હટી જાય છે અને તે વૈરાગ્યરૂપી મહેલના શિખરનો શિખામણિ છે.

અહા ! **'પરદ્રવ્યથી જે પરાઙ્મુખ છે.'** -એ જે સાત તત્ત્વો કહ્યા છે તે પરદ્રવ્ય છે અને તેનાથી જે પરાઙ્મુખ છે અર્થાત્ જેને તે સાત તત્ત્વોની દૃષ્ટિ છૂટી ગઈ છે એવા મુનિને **'પાંચ ઈન્દ્રિયોના ફેલાવ રહિત દેહમાત્ર પરિગ્રહ છે.'**

હવે જુઓ, શું કહે છે ?

કે **'પાંચ ઈન્દ્રિયોના ફેલાવ રહિત દેહમાત્ર જેને પરિગ્રહ છે.'** મુનિરાજ પોતાની ભૂમિકાથી વાત કરે છે ને ? (એટલે આમ કહ્યું છે.) શ્રી સમયસારજીની છઠ્ઠી ગાથામાં પણ આચાર્યે પોતે પોતાની ભૂમિકાથી વાત કરી છે ને ? કે ण वि होदि अप्पमत्तो ण पमत्तो... પ્રમત-અપ્રમતદશા આત્મામાં નથી. ક્ષણે અને પળે જે આ પ્રમત-અપ્રમતદશા થાય છે તે વસ્તુમાં નથી. આ રીતે આચાર્યે પોતાની ભૂમિકાથી વાત કરી છે.

જો હવે જે પ્રમત-અપ્રમતદશા થાય છે તે વસ્તુમાં નથી તો શું સંયમ-અસંયમપર્યાય વસ્તુમાં હશે ?

ભાઈ ! એ તો તે ભૂમિકામાં-પર્યાયમાં આચાર્ય ઉભા હતા એટલે તે ભૂમિકાથી વાત

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કહે છે કે આ (પ્રમત-અપ્રમતપણું) હું નહીં. તેવી રીતે અહીંયા મુનિરાજ પોતે પણ ચારિત્રદશામાં ઉભા છે ને ? તેથી એકદમ પરથી ઉદાસ થઈને કહે છે કે **'પાંચ ઈન્દ્રિયોના ફેલાવ રહિત દેહમાત્ર જેને પરિગ્રહ છે'...**

એટલે શું ?

કે મુનિએ પરિણતિને દ્રવ્ય તરફ ઢાળીને દ્રવ્યને વિષય બનાવ્યો છે. તેથી તેમને હવે આ દેહમાત્ર રહ્યો છે, પણ પાંચ ઇન્દ્રિયોનો ફેલાવ રહ્યો નથી. એટલે કે તેમનું હવે પાંચ ઈંદ્રિયોના વિષયો તરફ વલણ નથી. અહીં તો ઉત્કૃષ્ટ ચારિત્રવંત મુનિની વાત છે, એટલે કહે છે કે તેમને પાંચ ઇન્દ્રિયોનો વિસ્તાર જે પર તરફ જતો હતો તે હવે અટકી ગયો છે. તેથી તેમને દેહમાત્ર રહી ગયો છે - નગ્નદશા થઈ ગઈ છે. હવે તેમને ઇન્દ્રિયોનો વિસ્તાર-ફેલાવ પર તરફ જતો નથી.

મુનિને નગ્નદશા કેમ થઈ જાય છે ?

કેમ કે તેમને પાંચ ઈંદ્રિયો તરફના વલણનો ભાવ જ સર્વથા અટકી ગયો છે, ભાવેંદ્રિય અને દ્રવ્યેંદ્રિય તરફનું વલણ જ રોકાઈ ગયું છે. તેથી તેમને એકલી નગ્નદશા થઈ ગઈ છે એમ કહે છે. અહા ! અજ્ઞાનીની જેમ એકલી બાહ્ય નગ્નદશા મુનિને છે એમ નથી. એકલો દેહમાત્ર પરિગ્રહ (- દ્રવ્યલિંગ) તેમને છે એમ નથી, પરંતુ દેહના જે આ બધાં ઇન્દ્રિયોના કાણાં છે તે તરફનું વલણ જ તેમને રોકાઈ ગયું છે. જેમ વસ્ત્ર વિનાની બાહ્યદશા થઈ ગઈ છે તેમ ઇન્દ્રિયોના ફેલાવ રહિત અંતરદશા થઈ ગઈ છે એમ કહે છે.

**શ્રોતા :-** શું તેઓ મોક્ષને જ અનુભવે છે ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** (નિશ્ચયથી તો) મોક્ષ જ છે. પણ અહીં તો ઉપદેશ દેવાનો વિકલ્પ ઉઠ્યો છે તે સમયની વાત કરવી છે ને ? એટલે આમ કહ્યું છે. છતાં જે વિકલ્પ ઉઠ્યો છે તેમાં પણ અમારી તો નાસ્તિ જ છે એમ કહે છે. કેમ કે સ્વરૂપના અસ્તિપણાનું પરિણમન છે ત્યાં પરના (-વિકલ્પના) નાસ્તિપણાનું પરિણમન પણ સાથે જ છે. શ્રી સમયસારજીના નિર્જરા અધિકારમાં (ગાથા ૧૯૫, ૧૯૬માં) જ્ઞાન ને વૈરાગ્ય નથી કહ્યાં? કે જ્ઞાન અને વૈરાગ્ય એ બે શક્તિઓ સાથે જ હોય છે. ત્રિકાળી ભગવાન આત્મા છે તેનું જ્યાં જ્ઞાન થયું એટલે ત્યાં પરથી ઉદાસપણું એવો વૈરાગ્ય પણ સાથે જ હોય છે. જોકે અહીં તો મુનિની અપેક્ષાનો ઘણો વૈરાગ્ય લીધો છે કે દ્રવ્યેંદ્રિયના કાણાંરૂપ આ શરીર એક રહી ગયું છે, તોપણ પાંચ ઈંદ્રિયોનો ફેલાવ ત્યાં છે જ નહીં. અરે ! પણ જ્યાં ભાવેંદ્રિય અટકી ગઈ છે ત્યાં હવે દ્રવ્યેંદ્રિયની તો વાત જ શું કરવી ? એ તો પર છે. અહા ! આ જડ શરીરમાં જે પાંચ ઈંદ્રિયો છે એ તો જડ છે. તેથી તેની તો વાત જ શી કરવી, પણ આ દ્રવ્યેંદ્રિયો જેને નિમિત્ત થાય છે એવી ભાવેંદ્રિયનો વિસ્તાર જ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

જ્યાં અંદરમાં અટકી ગયો છે અર્થાત્ જ્યાં ભાવેંદ્રિયનો ફેલાવ જ રોકાઈ ગયો છે ત્યાં મુનિને એકલું શરીર રહી ગયું છે.

અહા ! અજ્ઞાનીને ઇન્દ્રિયોનો ફેલાવ હોય છે, કેમ કે તેનો તો ઈંદ્રિયો તરફ જ ઝૂકાવ હોય છે. જ્યારે અહીં તો કહે છે કે **'પાંચ ઇન્દ્રિયોના ફેલાવ રહિત દેહમાત્ર જેને પરિગ્રહ છે'** એટલે કે મુનિને તો આ દેહમાત્ર પરિગ્રહ હોય છે.

**શ્રોતા :-** મુનિ તો નગ્ન જ હોય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, નગ્ન જ હોય છે અને ભાવે પણ નગ્ન હોય છે. અહીંયા એકલા નગ્નપણાની (-દ્રવ્યલિંગની) વાત ક્યાં છે ? જુઓ, તેથી તો કહ્યું કે મુનિ બધા પ્રકારના વિકલ્પો અને પર્યાયોથી ઉદાસ છે. તે કારણે ઇન્દ્રિયોનો પર તરફનો બધો ફેલાવ અટકી ગયો છે તથા ઇન્દ્રિયોનો ફેલાવ અટકી ગયો છે તેથી અતીન્દ્રિય સ્વભાવ તરફ ફેલાવ થયો છે એમ કહે છે. શ્રીમદ્જીએ પણ 'અપૂર્વ અવસર'માં એમ કહ્યું છે ને ? કે 'માત્ર દેહ તે સંયમહેતુ હોય જો ...અપૂર્વ અવસર એવો ક્યારે આવશે ?.... ક્યારે થઈશું બાહ્યાંતર નિર્ગ્રંથ જો.' ...જુઓ, તેમાં પણ આવ્યું કે અંતર ને બાહ્ય નિર્ગ્રંથપણું તે મુનિદશા છે, પણ એકલું બાહ્ય નિર્ગ્રંથપણું તે મુનિદશા નથી.

**પ્રશ્ન :-** અહીં તો દેહમાત્ર પરિગ્રહ મુનિને કહ્યો છે ને ?

**સમાધાન :-** હા, અહીં તો જેને દેહમાત્ર પરિગ્રહ હોય તેમ જ જે એકલા આત્માના આનંદની રમતમાં રમતા હોય તેને સાધુ કહેવામાં આવ્યા છે. જૈનદર્શનમાં તેને સાધુ કહેવાય છે કે જે છઠ્ઠા-સાતમા ગુણસ્થાનમાં ઝૂલતાં હોય.

અહા ! **'પાંચ ઈંદ્રિયોના ફેલાવ રહિત દેહમાત્ર જેને પરિગ્રહ છે.'** - આમ કહીને એ કહેવા માગે છે કે મુનિને પાંચ ઇન્દ્રિયોનો ફેલાવ અટકી ગયો છે તથા તેને નિમિત્ત બનાવીને જે ભાવેન્દ્રિય કામ કરતી હતી તે પણ અટકી ગઈ છે. અહા ! મૂળ વાત તો એ છે. સમયસાર ગાથા ૩૧માં પણ એ વાત છે ને ? સાચું નગ્નપણું એને કહેવાય કે જ્યાં ભાવેન્દ્રિયનો વિસ્તાર અટકી ગયો છે, કારણ કે દ્રવ્યેન્દ્રિય તો નિમિત્ત છે. આ ઉપાદાનરૂપ ભાવેન્દ્રિય જ જ્યાં અટકી ગઈ છે ત્યાં દ્રવ્યેન્દ્રિયનો ફેલાવ તો છે જ નહીં, તેથી હવે મુનિ અતીન્દ્રિયપણાથી જ કામ કરે છે.

એ વાત અલિંગગ્રહણમાં ન આવી ? શ્રી પ્રવચનસારજીની ૧૭૨મી ગાથામાં અલિંગગ્રહણના બોલ આવે છે ને ? તો તેના પ્રથમ છ બોલ આ છે કે : (૧) આત્મા ઇન્દ્રિયોથી જાણતો નથી. (૨) આત્મા ઇન્દ્રિયોથી જાણવામાં આવતો નથી — આત્મા ઇન્દ્રિયોથી જણાય એવો નથી. તેમ જ (૩) આત્મા ઇન્દ્રિયપ્રત્યક્ષપૂર્વક અનુમાનનો વિષય નથી. આત્મા તો અતીન્દ્રિય જ્ઞાનથી જ જણાય એવો છે. તે તો સદાય અતીન્દ્રિય જ્ઞાનથી

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જણાય એવો છે એમ કહે છે. લ્યો, પાછું એમ કહ્યું કે 'સદાય'. એટલે કે સાધક ધ્યાનમાં હોય ત્યારે જ પોતાને અતીન્દ્રિય જ્ઞાનથી જાણે છે એમ નહીં, પરંતુ એ તો પોતાને સદાય અતીન્દ્રિય જ્ઞાનથી જ જાણે છે એમ મારું કહેવું છે. (૪) આત્માને પર જીવો માત્ર અનુમાન કરીને જાણે એવો આત્મા નથી. અર્થાત્ બીજાઓ માત્ર અનુમાન વડે તેને જાણે એવો એ આત્મા નથી. (૫) આત્મા પરને એકલા અનુમાનથી જાણે એવો નથી. લ્યો, ઇન્દ્રિયો તો કાઢી નાખી પરંતુ અનુમાન પણ કાઢી નાખ્યું. (૬) આત્મા પોતાના સ્વભાવથી જ જણાય એવો પ્રત્યક્ષ જ્ઞાતા છે. — આ છઠ્ઠો બોલ છે. ગજબ વાત છે ! અહા ! કોઈપણ શાસ્ત્રથી જુઓ તોપણ ચારે પડખેથી એક જ વાત ઉભી થાય છે. કોઈપણ શૈલીથી કે કથન પદ્ધતિથી જુઓ તોપણ પૂર્વાપર વિરોધ રહિત વાત ઉભી થાય છે.

**'જે પરમ જિનયોગીશ્વર છે'.** જોયું ? 'છે' એમ કહે છે. મુનિએ વીતરાગી યોગમાં ઈશ્વરપણું સાધ્યું છે અર્થાત્ અંતરમાં વીતરાગભાવમાં જોડાણ કરીને તેમાં ઈશ્વર થયા છે. જોકે સમ્યગ્દષ્ટિ પણ યોગી છે, પરંતુ તે અંશે છે. જ્યારે આ મુનિ તો અહાહા ! યોગીશ્વર છે - પરમ જિનયોગીશ્વર છે. સ્વરૂપમાં જોડાણ થઈને વીતરાગી ઈશ્વરતા તેમને પ્રગટ થઈ છે.

અહા ! યોગી નામ ત્રિકાળી સ્વરૂપમાં જેણે પોતાના પર્યાયને જોડી દીધો છે. પોતાના ભગવાનસ્વરૂપ ત્રિકાળી સ્વભાવમાં જેણે પોતાના એક સમયના પર્યાયને જોડી દીધો છે તેને યોગી કહેવામાં આવે છે. જે બાવા-જોગી (જગતમાં) ફરે છે તેને યોગી કહેતાં નથી, પણ પોતાનું સ્વરૂપ જે પૂર્ણ આનંદઘન છે તેમાં જેણે વર્તમાન દશાને એકત્વ કરી છે અને પરદ્રવ્યથી વિભક્ત કરી છે તેને યોગી કહે છે. તેથી સમકિતીને પણ યોગી કહેવામાં આવે છે.

**'સ્વદ્રવ્યમાં જેની તીક્ષ્ણ બુદ્ધિ છે.'** સ્વદ્રવ્ય જે ત્રિકાળી ધ્રુવ છે તેમાં મુનિની તીક્ષ્ણ-સૂક્ષ્મ-ઝીણી-બુદ્ધિ છે. અહીંયા સ્વદ્રવ્યને પકડે તેને જ તીક્ષ્ણ બુદ્ધિ કહે છે, બહારમાં કામ કરે તેને બુદ્ધિ જ કહેતાં નથી. સ્વદ્રવ્ય એટલે પર્યાય વિનાનો ભગવાન આત્મા. તો કહે છે કે મુનિ પરથી ખસ્યા છે ને સ્વદ્રવ્યને પકડવામાં તેમની બુદ્ધિ તીક્ષ્ણ થઈ છે એટલે કે સ્વદ્રવ્યને પકડવા માટે તેમની બુદ્ધિ તીખી છે, જ્ઞાનનો પર્યાય સ્વદ્રવ્યને પકડવા માટે તીક્ષ્ણ થયો છે. ભાઈ ! વાત આકરી છે !

અહા ! વર્તમાન પર્યાયમાં જે સાત પ્રકાર (તત્ત્વ) છે (તેમાં એકત્વબુદ્ધિ) તે પર્યાયબુદ્ધિ છે અને તે પર્યાયબુદ્ધિ અંશબુદ્ધિ છે. તે અંશબુદ્ધિને છોડીને જેણે અંતર સ્વરૂપ પૂર્ણાનંદમય ત્રિકાળી ભગવાન આત્મામાં બુદ્ધિ લગાવી છે તેની સ્વદ્રવ્યમાં તીક્ષ્ણ બુદ્ધિ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે. સાત તત્ત્વરૂપ પરદ્રવ્યથી તે, પરાઙ્મુખ છે અને સ્વદ્રવ્યથી સન્મુખ છે. અહા ! ભાષા ટૂંકી ને ભાવ ઊંચા ! પણ જુઓને, અંદર ટીકામાં જ છે ને ? કે **'પરદ્રવ્યથી જે પરાઙ્મુખ છે'** – સાત પ્રકારના પર્યાયથી મુનિએ લક્ષ છોડી દીધું છે અને **'સ્વદ્રવ્યમાં જેની તીક્ષ્ણ બુદ્ધિ છે'** –પૂર્ણ અમૃતનો સાગર એવા ભગવાન આત્મામાં તીક્ષ્ણ બુદ્ધિ છે. અહા ! વર્તમાન બુદ્ધિ કહો અથવા જેને અહીંયા બહિર્તત્ત્વ કહેવામાં આવ્યું છે તે વર્તમાન જ્ઞાનનો પર્યાય કહો — એક જ છે. તો, જેની તીક્ષ્ણ બુદ્ધિ સ્વદ્રવ્યમાં છે.... સ્વદ્રવ્ય એ ત્રિકાળી દ્રવ્ય છે અને તેમાં તીક્ષ્ણ બુદ્ધિ એ પર્યાય છે.

અહા ! પહેલાં મુનિરાજને પરથી પરાઙ્મુખ કહ્યાંને ? તો, જ્યારે પરથી પરાઙ્મુખ થયા ત્યારે દ્રવ્યબુદ્ધિ થઈ અને તે દ્રવ્યબુદ્ધિને અહીંયા તીક્ષ્ણ બુદ્ધિ કહેવામાં આવી છે.

અહીંયા તો સાત તત્ત્વોને પણ પરદ્રવ્ય કહ્યાં છે અર્થાત્ પોતાનો પર્યાય જે મતિજ્ઞાનાદિરૂપ ઉઘાડનો છે તેને પણ પરદ્રવ્ય કહ્યો છે. તેનાથી પરાઙ્મુખ થઈને જે જ્ઞાનની બુદ્ધિ સ્વદ્રવ્યમાં લાગી છે તેને તીક્ષ્ણ બુદ્ધિ કહેવામાં આવી છે. બાકી જે આ દુનિયાના મોટા વકીલો, ડૉક્ટરો કે ૨૦-૨૫ લાખના રળનારા હોંશિયાર-વિચીક્ષણ-ડાહ્યા-પુરુષો કહેવાય છે તેમની બુદ્ધિને તો મૂર્ખબુદ્ધિ, પાખંડબુદ્ધિ કહેવાય છે. અહીંયા તો ભાઈ ! આ છે.

**પ્રશ્ન :-** આટલું કમાઈએ છીએ તે અમારું ડહાપણ છે ને ?

**સમાધાન :-** મૂર્ખાઈ છે સાંભળને ! જેમાંથી શાંતિ ન મળે તે બુદ્ધિ કેવી ? જે બુદ્ધિમાંથી દુઃખ મળે એવી તારી બુદ્ધિને કેવી કહેવી ?

**પ્રશ્ન :-** પૈસાવાળા હોઈએ તો બધાં સામું જોવે. પૈસા ન હોય તો શું કોઈ સામું જોવે ? ગરીબ માણસની સામું શું કોઈ જોવે ? સભામાં પણ પૈસાવાળા હોઈએ તો આગળ બોલાવે કે આવો....આવો, પણ ગરીબ માણસને શું કોઈ બોલાવે ?

**સમાધાન :-** ધૂળેય એમ નથી સાંભળને ! તારા પૈસા શું છે ? (તેની કિંમત શું છે ?) અને લોકો તને બોલાવે તેથી તને શું થયું (મળ્યું)?

**પ્રશ્ન :-** પૈસા અમારી હોંશિયારીથી કમાઈએ છીએ ને ? વ્યવસ્થિત વ્યવસ્થા કરવામાં અમારી બુદ્ધિ તીક્ષ્ણ છે ત્યારે તો અમારે ૫-૧૦ લાખ પેદા થાય છે !

**સમાધાન :-** મૂરખ છો ! અહીંયા તો આ વાત છે ભાઈ ! અહીંયા તીક્ષ્ણ બુદ્ધિ તેને કહે છે કે જેણે વર્તમાન પર્યાયના અંશની બુદ્ધિ છોડીને સ્વદ્રવ્યમાં બુદ્ધિ લગાવી છે. કોઈને દુનિયા વિશેષ જ્ઞાનનું ન પણ હોય, અરે ! આ શાસ્ત્રનું જ્ઞાન પણ વિશેષ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ન હોય, તોપણ તેની સાથે કાંઈ સંબંધ નથી. પરંતુ જેણે પોતાની વર્તમાન તીક્ષ્ણ-સૂક્ષ્મ-બુદ્ધિને મહાસત્તા અર્થાત્ ત્રિકાળી શાશ્વત ધ્રુવ એવા નિજ આત્મામાં લગાવી છે તે ધર્માત્મા છે. અહા ! દુનિયા સાથે વીતરાગનો મેળ ખાવો મુશ્કેલ છે, કેમ કે બન્નેની વાત એકબીજાથી વિરૂદ્ધ છે.

જુઓ, ભાષા કેવી લીધી છે ? કે **'સ્વદ્રવ્યમાં જેની તીક્ષ્ણ બુદ્ધિ છે — એવા આત્માને'** .....આત્માને જેણે લક્ષમાં લીધો છે એવા આત્માને... ભાઈ ! આ તો અંતરની વાતો છે કે જેને કદી સાંભળી નથી. બહારની વાતો સાંભળીને તે ખુશી થઈ ગયો છે કે આપણે ધર્મ કરીએ છીએ. ભાઈ ! તેં ધર્મ કર્યાનું અભિમાન કર્યું છે, પણ ધર્મ કર્યો નથી. કેમ કે ધર્મ કરે તો તેના જન્મ-મરણનો અંત આવ્યા વિના રહે નહીં. પૂજા, ભક્તિ, દયા, દાન, વ્રત, મુનિપણું ને ત્યાગ - એવી ક્રિયા તો અનંતવાર ધારણ કરી છે. 'છ ઢાળા'માં આવે છે કે :

મુનિવ્રત ધાર અનંતવાર ગ્રીવક ઉપજાયો,
પૈ નિજ આતમજ્ઞાન વિના સુખ લેશ ન પાયો ....*(ચોથી ઢાળ, ગાથા ૫)*

મુનિવ્રત ધાર એટલે કે નગ્નપણું અનંતવાર લીધું, પંચ મહાવ્રતનો વિકલ્પ પણ અનંતવાર કર્યો, પરંતુ તેમાં શું થયું ? ત્યાં આત્મા ક્યાં છે ? ભગવાન આત્મા તો વિકલ્પથી અને એક સમયના પર્યાયથી પણ પાર છે.

અહીંયા શું કહેવું છે ? કે **'સ્વદ્રવ્યમાં જેની તીક્ષ્ણ બુદ્ધિ છે - એવા આત્માને આત્મા ખરેખર ઉપાદેય છે.'** ભાઈ ! આમ કહેવું છે. સ્વદ્રવ્યમાં તીક્ષ્ણ બુદ્ધિ કર્યા વગર આત્મા ઉપાદેય... આત્મા ઉપાદેય... એમ વિકલ્પ કરવાથી આત્મા ઉપાદેય નહીં થાય. અર્થાત્ આત્મવસ્તુ છે તે ઉપાદેય-આદરણીય છે અને સાત તત્ત્વો હેય છે. પરંતુ તે કોને માટે છે ? કે જેની તીક્ષ્ણ બુદ્ધિ સ્વદ્રવ્યમાં લાગી છે તેને આત્મા ઉપાદેય છે. 'આત્મા ઉપાદેય છે' નો અર્થ શું કાંઈ વિકલ્પથી કે શબ્દથી ગોખવું છે કે આત્મા ઉપાદેય છે અને આ સાત તત્ત્વો હેય છે ? (ના.) એ તો અંતર વસ્તુ ત્રિકાળી ચિદાનંદ પ્રભુ આત્મામાં - નિત્ય એવા મહા ભગવાન આત્મામાં — જ્યાં તીક્ષ્ણ બુદ્ધિ લાગી ત્યાં તે આત્માને આત્મા ઉપાદેય થઈ જાય છે અને તેથી 'એવા આત્માને' એમ લીધું છે. ઓહો ! ટીકા પણ ભારે ગજબ ટીકા હો. ગજબ વાત છે ! દિગંબર સંતોએ અલૌકિક કામ કર્યા છે ! આચાર્યોની કથન શૈલી તો જુઓ ! આત્મજ્ઞાની-ધ્યાની, આત્મામાં મસ્ત એવા દિગંબર મુનિને વિકલ્પ આવ્યો અને આ શાસ્ત્રો શાસ્ત્રના કારણે રચાઈ ગયા છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

તેઓ શાસ્ત્રના રચનારા છે નહીં. આ તો ભગવાન ! ધીમે ધીમે સમજવાની અંતરની ચીજ છે, આ કાંઈ બહારની કથા-વાર્તા નથી.

અહો ભગવાન ! તારી જે ત્રિકાળી ચીજ છે તે સ્વદ્રવ્ય છે અને એક સમયના પર્યાયરૂપ જે સાત ભાવ (તત્ત્વ) છે તે પરદ્રવ્ય છે. તેમ જ તે સ્વદ્રવ્ય ઉપાદેય છે ને પરદ્રવ્ય હેય છે. — એમ તો પ્રથમ કહ્યું. હવે કહે છે કે જે સ્વદ્રવ્ય ઉપાદેય છે તે કોને ઉપાદેય થાય છે ? કે જેણે પોતાની તીક્ષ્ણ બુદ્ધિને સ્વદ્રવ્યમાં લગાવી છે તેને એટલે કે સ્વદ્રવ્યમાં તીક્ષ્ણ બુદ્ધિ લગાવનારને આ આત્મા આદરણીય થાય છે. ભગવાન ! આવી વાત છે. સમજવામાં આવે છે ?

**શ્રોતા :-** ભગવાનના સમવસરણમાં જે વાત આપે સાંભળી હતી તે વાત અહીંયા અમોને આપ સંભળાવી રહ્યા છો.

ધર્મરત્ન ભગવાન આત્મા પૂર્ણાનંદનો નાથ છે. તેને ઉપાદેય કરવા એક સમયના પર્યાય-અવસ્થાનું — જેમાં કાર્ય થાય છે તે પર્યાયનું — પણ લક્ષ છોડી દે એમ કહે છે. અને જેણે પર્યાયનું લક્ષ છોડીને આનંદકંદ, ધ્રુવ, કારણપરમાત્મા, કારણજીવ, શુદ્ધ પરમ સ્વભાવભાવ, ત્રિકાળી એકરૂપ પ્રભુ ભગવાન આત્મામાં તીક્ષ્ણ બુદ્ધિ લગાવી છે એવા સમકિતીને આત્મા ઉપાદેય છે. આવો મારગ છે ભગવાન ! સમજવામાં ન આવે, કઠણ લાગે તોપણ માર્ગ તો આ છે. કોઈ એમ કહે છે કે પણ માર્ગને સરળ કરી દયો ને ! ભાઈ ! માર્ગ તો જે હોય તે જ આવે ને ! કે ન હોય તે આવે ?

**પ્રશ્ન :-** પણ આ બહારની ક્રિયા કરીએ છીએ, તો તેમાં ધર્મ આવી જાય ને ?

**સમાધાન :-** એ તો વિપરીત માર્ગ છે, તેમાં ધર્મ કે માર્ગ ક્યાં આવ્યો ? આવી ચીજ છે. અરે ભગવાન ! તું મહા પ્રભુપણે બિરાજી રહ્યો છો. અનાદિ-અનંત એવો તું ધ્રુવ જ્ઞાયકભાવ એક સમયના પર્યાયથી પણ વેગળો-દૂર છો. અહીં તે પર્યાયરૂપ સાત તત્ત્વોને હેય કહ્યાં છે અને આવા આત્માને ઉપાદેય કહ્યો છે. તો આત્માને ઉપાદેય કહીને એ કહેવું છે કે જેની તીક્ષ્ણ બુદ્ધિ વર્તમાનમાં આત્મામાં ગઈ છે એવા આત્માને આ આત્મા ઉપાદેય છે. અહા ! જુઓને, શ્રી અમૃતચંદ્રાચાર્યની (સમયસાર ગાથા ૬ની) ટીકાનું અહીંયા અનુસરણ કર્યું છે ને ! સંતો-દિગંબર મુનિઓએ તો ગજબ કામ કર્યા છે ! તેમનો એક-એક શબ્દ, એક-એક ગાથા, એક-એક ટીકા ગજબ છે ! પણ સંતો-દિગંબર મુનિઓ એટલે આત્મધ્યાની-જ્ઞાની દિગંબર મુનિ હો, એકલા લુગડાં કાઢીને માત્ર દિગંબર

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



થાય તે નહીં. વિકલ્પની લાગણી ને એક સમયના પર્યાયનું પણ લક્ષ છોડીને અંદર ધ્રુવમાં જેની દૃષ્ટિ લાગી હોય તેને સમ્યગ્દૃષ્ટિ — દિગંબર — કહે છે અને પછી સ્વરૂપમાં વિશેષ લીન થતાં જેને પ્રચુર આનંદનું સંવેદન પ્રગટ થયું હોય તેને જૈનદર્શનમાં — સત્યદર્શનમાં — મુનિ કહેવામાં આવે છે.

કહે છે કે **'સ્વદ્રવ્યમાં જેની તીક્ષ્ણ બુદ્ધિ છે.'** સ્વવસ્તુ જે ત્રિકાળ આનંદકંદ પ્રભુ છે તે એક સમયના પર્યાયથી પણ દૂર છે. શરીરથી, કર્મથી, રાગથી અને પુણ્યથી તો તે દૂર છે, પણ વર્તમાન ચાલતી અવસ્થાથી પણ તે દૂર છે. આવી ચીજમાં જેની તીક્ષ્ણ બુદ્ધિ છે.....લ્યો, આને તીક્ષ્ણ બુદ્ધિ કહે છે. કેમ કે તેણે હેય-ઉપાદેયનો ભેદ પાડી દીધો ને ! સાત તત્ત્વોને હેય કરીને જેણે આત્માને ઉપાદેય કરી દીધો તેને તીક્ષ્ણ બુદ્ધિ કહેવામાં આવે છે. ભગવાન ! અંદરમાં તારી ચીજ તો આવી છે, પણ તેનું મહાત્મ્ય તેં કદી કર્યું નથી, ક્યારેય તેનો મહિમા તને આયો નથી. અરે ! તેનું મહાત્મ્ય સાંભળ્યું પણ નથી. તને કાં એક સમયના પર્યાયનો મહિમા આવ્યો કાં દયા-દાનના વિકલ્પનો મહિમા આવ્યો. તેથી તે મહિમાને કારણે તારા ભગવાન આત્માનો મહિમા તને થયો નથી.

પ્રભુ આત્મા તો પૂર્ણાનંદસ્વરૂપ છે. જેની બુદ્ધિ બહારથી, પર્યાયબુદ્ધિથી ને — પર્યાયવાળા આ સાતેય તત્ત્વોથી — હઠીને..... પાછું કાર્ય તો પર્યાયમાં થાય છે હો ! ભારે વાત ભાઈ ! અહા ! એક બાજુ કહ્યું કે સાતેય પર્યાયથી હઠીને.... છતાંપણ 'હઠવું' તો પર્યાયમાં થાય છે. પર્યાય દ્રવ્યમાં એકાગ્ર થઈ તો 'હઠી ગયો' એમ કહેવામાં આવે છે.

અહા ! તે સાતેય પર્યાયને — ભાવને છોડીને.... એમ કહ્યું છે, તો છોડવું અને ઉપાદેય કરવું તેમાં શું સમય ભેદ છે ? (ના.) એ તો સમજાવવા માટે કહેવામાં આવે છે કે આ (ભેદનું) લક્ષ છોડવું, કેમ કે જ્યારે પર્યાય એ ભેદનું લક્ષ છોડે છે ત્યારે તે પર્યાય જ અહીંયા (સ્વરૂપમાં) આવે છે. ભારે ઝીણું છે ભાઈ ! આવો ધર્મ ઝીણો પડે એટલે પછી 'શુભરાગથી ધર્મ થાય એવો માર્ગ કરી નાખો' એવું અજ્ઞાની કહે છે. પ્રભુ ! તું આડે રસ્તે ચાલ્યો ગયો છો હો, પણ તને ખબર નથી ભાઈ ! અરેરે ! અનંત કાળે નિગોદમાંથી નીકળીને આવો મનુષ્યભવ માંડ આવ્યો છે તેમાં જો ભવના અભાવની આવી વાતનો આશ્રય (નિર્ણય) ન કર્યો, તો એ કાગડાં, કૂતરાંના ભવ જેવો ભવ છે ભાઈ ! પાંચ કરોડ ભેગા થઈ ગયા કે આબરું વધી ગઈ તેથી તું ઊંચો આવ્યો છો એમ બીલકુલ છે નહીં. તું (ઉલ્ટાનો) નીચે ઉતર્યો છો.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**'સ્વદ્રવ્યમાં જેની તીક્ષ્ણ બુદ્ધિ છે'**...જેનો વર્તમાન જ્ઞાન પર્યાય અર્થાત્ બુદ્ધિ પર્યાયનું પણ લક્ષ છોડીને સ્વદ્રવ્યમાં લાગી છે તે મુનિ છે. ઝીણું પડે એવું છે. કેમ કે સૂક્ષ્મ વિષય છે ને ! શું કહે છે ? કે આ દેહ તો જડ —માટી — ધૂળ છે, આ કાંઈ આત્મા નથી અને અંદરમાં જે જડકર્મ છે તે પણ પરચીજ છે. જ્યારે અંદરમાં જે ભગવાન આત્મા છે તે અનાદિ-અનંત — શાશ્વત — અવિનાશી ધ્રુવવસ્તુ છે. આવો જે પૂર્ણાનંદ પ્રભુ ધ્રુવ ત્રિકાળી ભગવાન આત્મા છે તેની જે દશા - હાલત - પર્યાય - અવસ્થા - થાય છે તે પર્યાયનું પણ લક્ષ છોડીને તારી દૃષ્ટિ સ્વદ્રવ્યમાં લગાવી દે. અહા ! અહીં તો ધર્મ કેમ થાય એ વાત છે ભાઈ ! પણ અહીંયા બીજી કોઈ વાત નથી. કેમ પૈસા કમાવા કે દાન દેવું વગેરે કોઈ વાત અહીંયા નથી. અહીંયા તો આત્માની વાત છે ભગવાન !

જો તારે કલ્યાણ કરવું હોય તો તારી પોતાની જે એક સમયની જ્ઞાનાદિની અવસ્થા છે તેમ જ જે પુણ્ય-પાપના પરિણામ છે તે બધાંની દૃષ્ટિ છોડી દે અને પોતાનું નિજસ્વરૂપ જે ત્રિકાળ આનંદકંદ ધ્રુવ અવિનાશી ભગવાન આત્મા છે તેમાં બુદ્ધિ લગાવી દે. તો જ તારું કલ્યાણ થશે, નહીંતર કલ્યાણ થશે નહીં. ન્યાય સમજાય છે ? ન્યાયનો અર્થ એ છે કે લઈ જવું. ન્યાયમાં 'નિ' ધાતુ છે ને ? જેવું પોતાનું સ્વરૂપ છે ત્યાં જ્ઞાનને લઈ જવું તેનું નામ ન્યાય છે.

અહા ! જેણે પોતાની વર્તમાન દશાનું અને પુણ્ય-પાપના ભાવનું પણ લક્ષ છોડી દીધું છે....પણ 'લક્ષ છોડી દીધું' એમ ક્યારે કહેવાય ? કે જ્યારે આ વસ્તુ ભગવાન આત્મામાં અર્થાત્ ત્રિકાળી આનંદધામ એકરૂપ દ્રવ્યસ્વભાવમાં તીક્ષ્ણ બુદ્ધિ લાગે છે ત્યારે પોતાની વર્તમાન દશાનું અને પુણ્ય-પાપભાવનું લક્ષ છોડી દીધું એમ કહેવાય છે અને તેને આ આનંદકંદ આત્મા ઉપાદેય છે. બહુ સૂક્ષ્મ વિષય છે. અરે ! તેણે આ અંતર આત્માની વાત ક્યારેય સાંભળી નથી અને આ આત્માની વાત વિનાની જે બીજી બધી વાતો છે તે થોથે-થોથા છે.

અહીં કહે છે કે અરે ભગવાન ! તારી કાયમી-અસલી ચીજ તો નિજ ધ્રુવતત્ત્વ છે. અનાદિ-અનંત—અવિનાશી તું ચીજ છો. આવી ચીજ ઉપર ક્યારે દૃષ્ટિ જાય ? કે જ્યારે વર્તમાન અવસ્થા—પર્યાય અને પુણ્ય-પાપથી દૃષ્ટિ હટીને અર્થાત્ અંશ ઉપરથી દૃષ્ટિ હટીને ત્રિકાળી અંશી એવા દ્રવ્યમાં તીક્ષ્ણ બુદ્ધિ લાગે ત્યારે અને તે સમયે તેને 'આ આત્મા છે' એવો સ્વીકાર થાય. ભગવાન ! આવી સૂક્ષ્મ વાત છે. અહા ! અનંતકાળથી તે રખડે છે તેમાં આવો મનુષ્યભવ પણ અનંતવાર મળ્યો છે, પણ ધર્મ શું ચીજ છે તેની તેને ખબર નથી. તે માને ભલે કે અમે ધર્મ કરીએ છીએ, પણ ભાઈ ! ધર્મ શું ચીજ છે તેની તને ખબર નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કહે છે કે સ્વદ્રવ્ય એવા પૂર્ણાનંદ પ્રભુ ભગવાન આત્મામાં — અનંત આનંદનું ધામ એવી અવિનાશી ચીજમાં - જેની તીક્ષ્ણ બુદ્ધિ લાગી છે, જેણે ત્યાં બુદ્ધિને જોડી દીધી છે **'એવા આત્માને આત્મા ખરેખર ઉપાદેય છે.'** ઉપાદેય નામ અંતર બુદ્ધિમાં પોતાના આત્માને અંગીકાર કર્યો - પોતાના ત્રિકાળી દ્રવ્યનો સ્વીકાર કર્યો - તો 'આત્માને આત્મા ઉપાદેય થયો' એમ કહેવામાં આવે છે. અને આ રીતે આત્માને ઉપાદેય કરવાથી સમ્યગ્દર્શન અને ધર્મ થાય છે. અરે ! હજી તો આ વાત સમજણમાં પકડવી કઠણ છે.

અહા ! **'એવા આત્માને...'** ગજબ વાત છે ભાઈ ! અહીંયા તો, પાતાળ કૂવામાંથી પાણી નીકળે તો 'પાણી નીકળ્યું' કહેવાય એમ કહે છે. ભગવાન આત્મા અંદર ઊંડો પાતાળ કૂવો છે. અનંત આનંદ, અનંત જ્ઞાન અને અનંત શાંતિનો તે ભંડાર છે. તો એ ધ્રુવ આત્મામાં, અધ્રુવ અને અનિત્ય એવા પર્યાયનું લક્ષ છોડીને, જેણે પોતાની તીક્ષ્ણ બુદ્ધિ લગાવી છે તેને 'આત્મા ઉપાદેય છે' એમ કહેવામાં આવે છે અને તે જ તીક્ષ્ણ બુદ્ધિવાળો છે. તે સિવાયના દુનિયામાં જે બધા ડહાપણવાળા કહેવામાં આવે છે તે બધા મૂર્ખાઈવાળા છે.

ભગવાન ! તારી ચીજ અંદર મહાપ્રભુપણે બિરાજે છે. પણ એવા આત્માને કોણે ઉપાદેય કર્યો કહેવાય ? કે જેની બુદ્ધિ વર્તમાન અવસ્થાથી હટી ગઈ છે અને આવા આત્મામાં લાગી છે તે આત્માએ આત્મા અંગીકાર કર્યો હોવાથી 'આત્મા ઉપાદેય કર્યો' એમ કહેવામાં આવે છે.

કહે છે કે **'એવા આત્માને....'**

**પ્રશ્ન:-** આવા આત્માને (-મુનિને) જ નિશ્ચય સમકિત હોય ને ?

**સમાધાન:-** (ના), એમ નથી. (ચોથા ગુણસ્થાને પણ નિશ્ચય સમકિત હોય છે.)

**પ્રશ્ન:-** પણ 'એવા આત્માને' શબ્દ વાપર્યો છે ને ?

**સમાધાન:-** એ તો ટીકાકાર પોતે મુનિ છે એટલે પોતાની દશાથી વાત કરી છે. તો, કહે છે કે **'એવા આત્માને આત્મા ખરેખર ઉપાદેય છે'.** - આવા આત્માને આ આત્મા અંતરના વલણની દશામાં આદરણીય છે. એટલે કે પૂર્ણ ધ્રુવ ચૈતન્ય ભગવાન આત્માનો તેને આદરભાવ છે.

ટીકા ફરીને લઈએ. **'આ, હેય અને ઉપાદેય તત્ત્વના સ્વરૂપનું કથન છે'.** હેયનો અર્થ પછી કરશે કે ઉપાદેય નથી. તો, શું આદરણીય નથી અને શું આદરણીય છે તેનું આ કથન છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**'જીવાદિ સાત તત્ત્વોનો સમૂહ'**...શબ્દ તો 'જીવાદિ' છે. પણ તેમાં જીવ એટલે જીવનો એક સમયનો પર્યાય લેવો અર્થાત્ પર્યાયનયનો જીવ લેવો. આવો એક સમયનો પર્યાય, અજીવ, આસ્રવ, ભાવબંધ, સંવર, નિર્જરા ને મોક્ષ — પુણ્ય-પાપ આસ્રવમાં આવી ગયા — એ સાત તત્ત્વો જે પર્યાયરૂપે છે તે **'પરદ્રવ્ય હોવાને લીધે'**....તે (સાત તત્ત્વો) ત્રિકાળી સ્વદ્રવ્યમાં નહીં હોવાને લીધે......એટલે કે જ્ઞાયકભાવરૂપ ત્રિકાળી દ્રવ્યસ્વભાવ સાત તત્ત્વરૂપ નથી. અહા ! દ્રવ્યસ્વભાવ કહ્યો ને ? તો, તે એકરૂપ ત્રિકાળીભાવ સ્વદ્રવ્ય છે અને તે સિવાયના આ પર્યાયો - સંવર, નિર્જરા ને મોક્ષાદિ પણ - ત્રિકાળીભાવ નહીં હોવાથી તેમને પરદ્રવ્ય કહેવામાં આવ્યા છે.

અહા ! **'જીવાદિ સાત તત્ત્વોનો સમૂહ'** .... એ તો પહેલાં વાત કરી હતી કે પાંચમી ગાથામાં એમ આવે છે કે બહિઃતત્ત્વની અને અંતઃતત્ત્વ એવો જે પરમાત્મા છે તેની - તે બન્નેની શ્રદ્ધા કરવી તે વ્યવહાર સમ્યગ્દર્શન છે. પરંતુ તેથી કરીને કોઈ અહીંયા પણ તે અર્થ લેવા માગે તો તેવો અર્થ નથી. કેમ કે અહીંયા તો બધા સાતેય તત્ત્વો પર્યાયનયના ભાગ છે. જીવના એક સમયના પર્યાયને અહીંયા જીવ નામ આપ્યું છે એટલે કે એક સમયના પર્યાયને અહીં જીવ કહ્યો છે, વ્યવહાર જીવને જીવ કહ્યો છે, કારણ કે બધા સાતેય તત્ત્વોમાં વ્યવહારના પ્રકાર લેવા છે ને ?

વ્યવહાર જીવ ને બીજા બધા તત્ત્વો પર્યાયરૂપ છે ને ? તેથી, જીવ એટલે આત્માનો જે એક સમયનો ક્ષાયોપશમિકભાવનો પર્યાય છે તે. નિગોદમાં પણ ક્ષાયોપશમિકભાવ છે ને ? (એટલે જીવ તરીકે ક્ષાયોપશમિકભાવ લીધો છે.) જ્યારે ઔદયિકભાવ તો પુણ્ય-પાપરૂપ આસ્રવ-બંધમાં જશે. તો, જે ક્ષાયોપશમિકભાવરૂપ વિકાસનો અંશ પ્રગટ છે તેને વ્યવહાર જીવ કહ્યો છે અર્થાત્ પર્યાયને જીવ કહ્યો છે. - એ જીવતત્ત્વની વાત થઈ અને 'આદિ' એટલે અજીવ, પુણ્ય-પાપરૂપ આસ્રવભાવ, તેમાં અટકવું તે બંધભાવ અથવા અબંધસ્વભાવની અપેક્ષાએ આ (પુણ્ય-પાપ) તે બંધભાવ અને સંવર, નિર્જરા, મોક્ષ — મોક્ષમાર્ગ ને મોક્ષ. આ બધા પર્યાયો છે, અવસ્થા છે અને તે બધાને ત્રિકાળી દ્રવ્યની અપેક્ષાએ પરદ્રવ્ય કહેવામાં આવે છે. 'એક કોર રામ ને એક કોર ગામ' એક બાજુ ત્રિકાળ એકરૂપ ધ્રુવ જ્ઞાયકભાવમય આતમરામ અને એક બાજુ આ સાત પર્યાયોના સમૂહરૂપ ગામ. અહીંયા સાત તત્ત્વોનો સમૂહ કહ્યો છે ને ? (માટે તે ગામ છે.) આવું ઝીણું તત્ત્વ છે ! વીતરાગ માર્ગ આવો ઝીણો છે.

તીર્થંકર સર્વજ્ઞ પરમેશ્વરે ત્રણ કાળ ને ત્રણ લોક જોયાં છે. તો તેમણે વાણીમાં જેવું જીવદ્રવ્ય કહ્યું તેવી આ જીવવસ્તુ — જીવતત્ત્વ તે સ્વદ્રવ્ય છે અને પર્યાયોને તેમણે પરદ્રવ્ય કહ્યાં છે. ભગવાનની વાણીમાં આમ આવ્યું છે. તે જ વાત અહીં કહે છે કે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**'જીવાદિ સાત તત્ત્વોનો સમૂહ પરદ્રવ્ય હોવાને લીધે'** ... કારણ આપે છે કે પરદ્રવ્ય હોવાને લીધે ... અહા ! કેવળજ્ઞાન ને મોક્ષ - સિદ્ધદશા પણ એક સમયની અવસ્થા છે અર્થાત્ એ બધા પર્યાયો અંશ...અંશ...અંશરૂપ છે, પણ તેઓ પણ કાંઈ ત્રિકાળી ગુણ કે ત્રિકાળી દ્રવ્ય નથી. માટે એકસ્વભાવરૂપ ચીજ જે ભગવાન આત્મા છે તે સિવાયના જેટલા પર્યાયના ભેદો છે તે બધાયને અહીંયા પરદ્રવ્ય કહ્યાં છે અને તેઓ પરદ્રવ્ય હોવાના કારણે **'ખરેખર ઉપાદેય નથી'** એમ કહે છે.

સાત તત્ત્વો કેમ ઉપાદેય નથી ?

કેમ કે સ્વદ્રવ્ય તેમાં આવતું નથી. (તેથી સાતતત્ત્વો પરદ્રવ્ય હોવાને લીધે ઉપાદેય નથી.)

સ્વદ્રવ્ય એટલે શું ને પરદ્રવ્ય એટલે શું ?

એકલા પરમસ્વભાવભાવરૂપ ધ્રુવ ચૈતન્યદળ ભગવાન આત્મા એ સ્વદ્રવ્ય છે અને તે એક સમયની દશામાં આવતો નથી તેથી, તે સ્વદ્રવ્યની અપેક્ષાએ, આ સાત પર્યાયોને પરદ્રવ્ય કહેવામાં આવે છે.

પાઠમાં (ગાથામાં) 'હેય' શબ્દ છે ને ? એટલે ટીકાની શરૂઆત કરતાં કહ્યું કે 'આ હેય અને ઉપાદેય તત્ત્વના સ્વરૂપનું કથન છે.' પણ પછી ટીકામાં 'હેય છે' એમ ન કહેતાં ટીકાકાર મુનિરાજે એમ કહ્યું કે ખરેખર ઉપાદેય નથી અર્થાત્ નજર કરવાલાયક નથી, આદરણીય નથી. નજરનું (-જ્ઞાનનું) નિધાન એવો અખંડાનંદ પ્રભુ આત્મા ઉપાદેય છે, તો તે અપેક્ષાએ આ સાત પર્યાયો ધર્મી જીવને આદરણીય - અંગીકાર કરવા લાયક — નથી.

**પ્રશ્ન:-** 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં તો એમ કહ્યું છે કે સંવર ઉપાદેય છે, નિર્જરા હિતકર છે, બંધ અહિતકર છે અને મોક્ષ પરમ હિતકર છે ? લ્યો, આ વાતની સામે ત્યાં વાત (નવમા અધિકારમાં) તો એમ કહ્યું છે ?

**સમાધાન:-** ભાઈ ! ત્યાં તો બીજી અપેક્ષા છે. પ્રગટ કરવાલાયક ચીજ (-પર્યાય) કઈ છે તે બતાવવાની અપેક્ષાએ સંવરને ઉપાદેય, નિર્જરાને હિતકર અને મોક્ષને પરમ હિતકર કહ્યાં છે. અને અહીંયા આશ્રય કરવા લાયક તત્ત્વની અપેક્ષાએ તેમને પરદ્રવ્ય કહીને હેય કહ્યાં છે. સાત તત્ત્વોમાં હેયપણું અને ઉપાદેયપણું કહીને ઉત્પન્ન કરવા લાયક શું છે અને વ્યય કરવા લાયક શું છે તે બતાવવાની અપેક્ષાએ તેમણે તે વાત કરી છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જ્યારે અહીંયા તો સંવર-નિર્જરા આદિ ઉત્પન્ન થયેલા હોય તોપણ તેમના આશ્રયે નવી ધર્મદશા પ્રગટ થતી નથી (તે અપેક્ષાએ તેમને પરદ્રવ્ય કહીને હેય કહ્યાં છે.) લ્યો, આવી વાત આવી ! કોને ખબર ક્યાંથી આવે છે ? (અંતરમાંથી આવે છે.)

અહા ! અંતર્મુખ વસ્તુ ભગવાન આત્મા અંતઃતત્ત્વ છે. કારણ કે जीवादिबहित्तच्चं છે તો તેનો અર્થ એ થયો કે આત્મા अंतत्तच्चं છે. અહા ! આ તો વીતરાગના જૈનદર્શનના માખણની વાતો છે. આમાં તો (મુનિરાજે) તીર્થંકરના પેટ ખોલ્યાં છે. પણ હજુ અજ્ઞાની તો દયા, દાન, વ્રત, ભક્તિ આદિના શુભભાવને ઉપાદેય માનીને અટક્યો છે. અજ્ઞાની આ બધું - વ્રત, નિયમ, ઉપવાસ આદિ - કરે છે તેમાં જે કાંઈ રાગની મંદતા હોય તેને ઉપાદેય માને છે. અરે ! તેને તો હજુ ક્યાંય દૂર જવું પડશે ! તેને આકરું પડશે હો !

અહીં તો કહે છે કે જે સંવર, નિર્જરા - મોક્ષનો માર્ગ — પ્રગટે છે તે પણ આશ્રય કરવા લાયક નથી. માટે તેને પરદ્રવ્ય કહીને હેય કહેવામાં આવ્યો છે. અરે ! જન્મ-મરણના આંટા મૂકવા છે ને ભાઈ ? તો... સવારે કહ્યું હતું ને ? કે 'રજકણ તારા રખડશે, જેમ રખડતી રેત; પછી નર તન પામીશ ક્યાં, ચેત ચેત નર ચેત.' ભાઈ ! પર્યાય અને રાગની રુચિમાં તારી મહાચીજ રહી જાય છે હો. અહા ! સર્વજ્ઞ ભગવાન ત્રિલોકનાથ તીર્થંકરદેવ જૈન પરમેશ્વરે જ્ઞાનમાં જે જોયું અને વાણી દ્વારા જે કહ્યું તે આ છે કે ભગવાન ! એક સમયના શુદ્ધ પર્યાયની અને શુભરાગાદિની આડમાં, રુચિમાં તારા એકસ્વરૂપ ભગવાન આત્માનો અનાદર થઈ જાય છે. રાગાદિ પામરને તેં પ્રભુતા આપી દીધી છે તેથી તારા ભગવાન આત્માનો અનાદર થાય છે. અહા ! ભગવાનની વાણીમાં જ્યારે આ આવતું હશે અને સમવસરણમાં એકાવતારી ઇન્દ્રો સાંભળતા હશે.....

**શ્રોતાઃ-** આપ પણ સાંભળતા હતા પ્રભુ !

**પૂજ્ય ગુરુદેવશ્રીઃ-** હા, પણ અમને (અત્યારે તેનો) વિરહ પડી ગયો છે ને ? તેની તો આ વાત ચાલે છે. અહા ! આ ધાનના ઢગલાથી જે શરીર બને છે તે નહીં, પણ મણિ-રત્નના પૂતળા જેવું વૈક્રિયિક શરીર હોય એવી ક્રોડો અપ્સરાઓ જેને છે તથા ઘણા વિમાનોમાં અસંખ્ય દેવ હોય એવા ૩૨ લાખ વિમાન જેને ઘરે છે તેવા અર્ધ લોકના સ્વામી એકાવતારી શક્રેંદ્ર ને ઈશાનેંદ્ર પણ ભગવાનની વાણી સાંભળે છે. તેઓ કહે છે કે અરે ! આ (વૈભવ) નહીં...નહીં...નહીં...હો. અમે તો, અમે કેવા છીએ તે સાંભળવા ભગવાન પાસે જઈએ છીએ. લ્યો, ખબરવાળા (-જ્ઞાની) પણ સાંભળવા જાય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

છે એમ કહેવું છે. તેઓ કેટલે દૂરથી-ઉપરથી નીચે ઉતરે છે ? જ્યારે અહીંયા આ (અજ્ઞાની) તો કદાચ કોઈ ઘરાક આવ્યો હોય ને આઠઆના કે રૂપિયો મળતો હોય તો આ સાંભળવાનું ચૂકી જાય (-છોડી દે) છે. કેમ કે સાંભળવાનું તો દરરોજ મળે છે ને ? સાંભળવાનું તો કાલે પણ મળશે, માટે કાલે જવાશે (-એમ કરીને તે પ્રમાદ કરે છે.)

ભગવાનની વાણીમાં એમ આવ્યું છે ને અત્યારે ઇન્દ્રો ભગવાન પાસે જાય છે ને ? તો તેમાં એમ આવે છે કે ભાઈ ! એ ક્ષાયોપશમિક પર્યાયનો પ્રગટ અંશ - તારો પોતાનો અંશ હો - વ્યવહાર જીવ છે. ભાઈ ! જીવ તરીકે એટલે કે જીવના પર્યાય તરીકે અહીંયા એ ક્ષાયોપશમિકપર્યાય લીધો છે. કેમ કે ઔદયિકભાવ તો આસ્રવ ને બંધતત્ત્વમાં જાય છે. નિગોદના જીવને ત્રણ ભાવ છે ને ? (૧) પરમપારિણામિકભાવ, (૨) ક્ષાયોપશમિકભાવ અને (૩) ઔદયિકભાવ - એ ત્રણ ભાવ છે. તેમાંથી ઔદયિકભાવ વિભાવમાં જાય છે અર્થાત્ પુણ્ય-પાપ, આસ્રવ ને બંધમાં જાય છે અને ક્ષયોપશમ જ્ઞાનનો જે અંશ છે - ક્ષાયોપશમિક ભાવ છે - તે આત્માના એક સમયના પર્યાયનો ભાવ છે. (તેથી તે વ્યવહાર જીવ છે.)

આ રીતે (૧) જીવ એટલે એક સમયનો ક્ષાયોપશમિક ભાવનો પર્યાય - અવસ્થા, (૨) અજીવ, (૩) જે આસ્રવરૂપ વિકાર છે તે, (૪) બંધ એટલે અટકવું તેવો ભાવ અને (૫-૬-૭) આસ્રવ-બંધનો અભાવ થઈને થતાં સંવર, નિર્જરા, મોક્ષ - તે પરદ્રવ્ય છે. આસ્રવ-બંધનો વ્યય થઈને સંવર, નિર્જરા ને મોક્ષનો ઉત્પાદ થાય છે. આ બધું જીવના એક સમયના પર્યાયમાં થાય છે. છતાં, કહે છે કે, તે પરદ્રવ્ય છે. ભગવાન ! તારી પૂંજી મોટી છે અને તે મહાપ્રભુની પૂંજી આગળ સાત પર્યાયોના સમૂહને અહીં પરદ્રવ્ય કહેવામાં આવે છે. અહા ! મતિ-શ્રુતજ્ઞાનનો અંશ હોય, અરે ! સમ્યક્મતિ-શ્રુતજ્ઞાનનો અંશ લ્યો, તો પણ તે પરદ્રવ્ય છે.

ભાઈ ! મગજમાં (-વિચારવામાં) તો આ આવ્યું હતું કે ભણવા-ગણવારૂપ જે ક્ષયોપશમજ્ઞાનનો અંશ છે તેને તો પરદ્રવ્ય કહ્યો, પરંતુ સમ્યગ્જ્ઞાનને પણ પરદ્રવ્ય કહ્યું. ગજબ વાત છે ને ! સ્વને અવલંબે પ્રગટેલું જે સમ્યક્મતિ-શ્રુતજ્ઞાન કે કેવળજ્ઞાન છે તેને, તે અંશરૂપ છે માટે, અહીં પરદ્રવ્ય તરીકે ગણ્યું છે. આવો માર્ગ છે એમ ભગવાન ! ધ્યાનમાં તો રાખ ! લક્ષમાં તો લે ! બહાર દુનિયામાં પણ એમ નથી કહેતાં ? કે જે આ વાત હું કહું છું તે લક્ષ ઉપર તો લે. વિચાર કર્યા વગર એમ ને એમ આ વાતને

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તું કાઢી નાખે છો, તો હવે હું કહું છું તે વાત લક્ષ ઉપર તો લે. એમ ભગવાન કહે છે કે અમે કહીએ છીએ તે વાત જરી તારા જ્ઞાનના પર્યાયમાં — લક્ષ ઉપર — તો લે.

કહે છે કે **'જીવાદિ સાત તત્ત્વોનો સમૂહ પરદ્રવ્ય હોવાને લીધે ખરેખર ઉપાદેય નથી.'** (ગાથાના) પાઠમાં 'हेयम्' શબ્દ છે ને ટીકામાંય પહેલો અર્થ તો એવો (હેય) જ કર્યો, પણ પછી 'આ હેય છે, હેય છે' એમ કહેવા કરતાં 'ઉપાદેય નથી' - આદરણીય નથી એમ અર્થ કર્યો છે. અહા ! સંવર, નિર્જરા ને મોક્ષ પણ આદરણીય નથી.

**પ્રશ્ન:-** સાત તત્ત્વોમાં તો જીવતત્ત્વ પણ આવ્યું ? (તો શું તે પણ હેય છે ?)

**સમાધાન:-** અહીં જીવતત્ત્વ એટલે એક સમયનો પર્યાય. અહીં એક સમયના પર્યાયને જીવતત્ત્વ કહ્યું છે. જ્યારે જે આ આખું દ્રવ્ય (ધ્રુવ) છે તે જુદું છે, તે તો સ્વદ્રવ્યમાં આવશે.

અહા ! **'જીવાદિ સાત તત્ત્વોનો સમૂહ પરદ્રવ્ય હોવાને લીધે ખરેખર ઉપાદેય નથી'** - એમ કહ્યું ને ? છે ને અંદર ? કે जीवादिसप्ततत्त्वजातं परद्रव्यत्वान्न ह्युपादेयम् । તો, (૧) જીવનો એક સમયનો ક્ષયોપશમજ્ઞાનનો પર્યાય, (૨) અજીવ, (૩) એક સમયનો પુણ્યનો ને પાપનો વિકલ્પ અર્થાત્ તે બે થઈને આસ્રવ કે જે ઔદયિકભાવ છે તે, (૪) બંધ, (૫-૬) સંવર, નિર્જરા, - ઔપશમિકભાવ ને ક્ષાયોપશમિકભાવ અને (૭) મોક્ષ - કેવળજ્ઞાનાદિ ક્ષાયિકભાવ. આ બધા પર્યાયોનો સમૂહ પરદ્રવ્ય હોવાને કારણે ખરેખર આદરણીય નથી.

ઇન્દ્રિયના ફેલાવની વ્યાખ્યા કાલે કરી હતી ને ? તે વિચાર તો ઘણાં વખત પહેલાં આ ૩૧મી ગાથા સિવાયનો (શ્રી સમયસારજીની ૩૧મી ગાથામાં કહેલા ભાવ સિવાયનો) આવેલો કે આ નગ્નપણું કહ્યું છે તે શું છે ? નગ્ન કોણ થઈ શકે ? ત્યારે એ વિચાર આવ્યો હતો કે ઇન્દ્રિય નિગ્રહપણું દષ્ટિમાં તો છે, પરંતુ હવે જેને સ્થિરતામાંય અસ્થિરતા છૂટીને ઇન્દ્રિય નિગ્રહપણું થઈ ગયું છે તેને નગ્નપણું હોય છે. પાંચે ઇન્દ્રિયો તરફનો અસ્થિરતાનો વિસ્તાર ખસી (-છૂટી) ગયો છે એટલે તેની દશા એવી (નગ્ન) જ થઈ જાય છે. કાલે તો જોકે ૩૧મી ગાથાથી અર્થ કર્યો હતો, પણ આ વિચાર તો ઘણાં વર્ષો પહેલાં આવ્યો હતો. પાંચ ઇન્દ્રિયોનો દષ્ટિની અપેક્ષાએ નિરોધ તો પ્રથમ થઈ જાય છે અને એ તો સમ્યગ્દષ્ટિને હોય છે. અર્થાત્ આ જડ પાંચ ઇન્દ્રિયો તો પર છે, પરંતુ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જે ખંડ-ખંડરૂપ ઇન્દ્રિય છે તેનો નિગ્રહ થઈને જ્યારે અતીન્દ્રિય દૃષ્ટિ થાય છે ત્યારે સમ્યગ્દર્શન થાય છે અને એ તો ચોથે ગુણસ્થાને હોય છે. પરંતુ મુનિને આ નગ્નપણું એટલે શું ? અહીંયા 'ફેલાવ' શબ્દ છે ને ? તેથી ઘણાં વર્ષો પહેલાં આ વિચાર આવ્યો હતો કે આ શું કહે છે ? કે જે ચોથે ગુણસ્થાને જ્ઞેય તરીકે હતો તે પાંચ ઇન્દ્રિયો તરફનો અસ્થિરતાનો ભાવ પણ જેને ટળે છે તેને ત્યારે નગ્નદશા થઈ જાય છે. પછી કાંઈ (કોઈ પરિગ્રહ) રહેતો નથી. આવી સ્થિતિ છે હો. વસ્તુની સ્થિતિ જ આવી છે.

અહીં કહે છે કે તે (મુનિ) પાંચ ઇન્દ્રિયોથી હઠ્યા છે. પોતે મુનિ છે ને ? એટલે મુનિપણાથી વાત કરે છે. પરંતુ તેથી કરીને સમ્યગ્દષ્ટિનું ધ્યેય આનાથી બીજું હોય એમ નથી તેમ જ આવું સમકિત મુનિને જ થાય એમ પણ નથી. એ તો ટીકાકાર પોતે મુનિદશામાં છે એટલે મુનિપણાથી વાત કરી રહ્યાં છે અને એ તો (સમયસારની) છઠ્ઠી ગાથાની વાત કાલે કરી હતી ને !

હવે કહે છે કે એ સાત તત્ત્વો ઉપાદેય નથી તેથી તેનાથી (સાત તત્ત્વોથી) મુનિ એકદમ આખા ઉદાસ થઈ જાય છે. **'સહજ વૈરાગ્યરૂપી મહેલના શિખરનો જે શિખામણી છે'**. મુનિ સ્વાભાવિક વૈરાગ્યરૂપ જે મોટો મહેલ છે તેના શિખર ઉપરના રત્ન સમાન છે.

**'પરદ્રવ્યથી જે પરાઙ્મુખ છે'**. આ સાત તત્ત્વોને પરદ્રવ્ય કહ્યા ને ? માટે તેનાથી જે પરાઙ્મુખ છે.

**'પાંચ ઈન્દ્રિયોના ફેલાવ રહિત દેહમાત્ર જેને પરિગ્રહ છે'**. જેને (મુનિને) ખંડ-ખંડ ઇન્દ્રિયની એકતાબુદ્ધિ તો ગઈ છે, પરંતુ સમ્યગ્દષ્ટિને જ્ઞેય તરીકે જે અસ્થિરતાનો ભાવ છે તે પણ ટળી ગયો છે. તેથી દેહને કોઈ વસ્ત્રના અંશથી (-કટકાથી) ઢાંકવો પડે તે હવે મુનિની સ્થિતિમાં હોતું જ નથી. અસ્થિરતારૂપે પણ પાંચ ઇન્દ્રિયો વિસ્તાર પામતી નથી અને તેઓ અંદર અતીન્દ્રિયસ્વરૂપમાં સમાઈ ગયા છે. અહો ! મુનિ કોને કહે ? જૈનના મુનિ તો આવા હોય છે.

અહા ! મુનિને દેહમાત્ર પરિગ્રહ હોય - એક શરીર જ હોય, પરંતુ વસ્ત્રનો એક ધાગો પણ ન હોય. તેમને ધાગો ન હોય તેનું કારણ આ છે કે પાંચ ઇન્દ્રિયોની ચળાચળતારૂપ અસ્થિરતા પણ ટળી ગઈ છે, એટલે આખા આત્મામાં અતીન્દ્રિયપણું પ્રગટ થઈ ગયું છે. લ્યો, આ એનું નામ મુનિ છે. પરંતુ અંદર ભાન ન મળે ને એકલા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

નગ્ન થઈ કોઈ ફરે તો તે મુનિ નથી એમ કહે છે. આ તો ગઈ કાલે રામજીભાઈ બોલ્યા હતા ને ? કે ૩૧મી ગાથા. તેમણે (સમયસારની) ૩૧મી ગાથા યાદ કરી એટલે તે ગાથાથી ઇન્દ્રિયના ફેલાવની વાત કરી. નહીંતર મારો ભાવ ૩૧મી ગાથાથી આ વાત કહેવાનો નહોતો. સમજાણું કાંઈ ? **મારે તો અંદરથી વાત આવી હતી કે આ નગ્નપણું એટલે શું ?** મુનિને એકેય વસ્ત્રનો કટકો કેમ નહીં ? અહા ! મુનિને અતીન્દ્રિયદશા થઈ ગઈ છે, એટલે કોઈ પણ ઇન્દ્રિયના ભાગને ઢાંકું એ તેમને હોય શકે જ નહીં. તેમને બધી ઇન્દ્રિયો ખુલ્લી થઈ ગઈ છે અને આવા જૈનના સાધુ હોય એમ કહે છે.

'છઢાળા'માં નથી આવતું ? કે 'ભૂમાંહિ પિછલી રયનિમેં કછુ શયન એકાસન કરન'. - ગાથા ૫ (છઠ્ઠી ઢાળ). રાત્રિના પાછલા ભાગમાં એક આસને પોણી સેકંડ નીંદ્રા મુનિને હોય છે. જો એક સેકંડની નીંદ્રા તેમને આવી જાય તો મુનિનું ગુણસ્થાન રહે નહીં. આવા મુનિને આવો આત્મા ઉપાદેય છે એમ અહીંયા કહેવું છે. તેમને દેહમાત્ર પરિગ્રહ હોય છે. કાલે શ્રીમદ્દજીના 'અપૂર્વ અવસર'માંથી કહ્યું હતું ને ? કે 'માત્ર દેહ તે સંયમહેતુ હોય જો'...શ્રીમદ્દજીએ પોતે કહ્યું છે કે મુનિને દેહમાત્ર નિમિત્ત હોય છે. બસ. અહા ! મુનિને નિમિત્તરૂપ એક દેહમાત્ર પરિગ્રહ રહી જાય છે, કેમ કે તે આયુષ્ય પૂર્ણ થયા વિના છૂટતો નથી. જ્યારે બાકી બધું તો છૂટી જાય છે.

**'જે પરમ જિનયોગીશ્વર છે'.** પરમ જિન અર્થાત્ વસ્તુસ્વરૂપમય પૂર્ણાનંદનો નાથ ત્રિકાળી ભગવાન આત્મા. અને તેમાં જોડાણની દશા જેમને પરમ ઉગ્ર થઈ ગઈ છે તે પરમ જિનયોગીશ્વર છે. લ્યો, આ સંતની-જૈનના સંતની— વ્યાખ્યા. અહા ! જૈનના સંત એટલે જ સાચા સંત હો. તે સિવાય કોઈ ક્યાંય સાચા સંત હોઈ શકે નહીં. જૈન પરમેશ્વરની મુનિપણાની વિધિની રીત સિવાય કોઈ ઠેકાણે સાચા મુનિ થઈ શકે નહીં.

**પ્રશ્ન:-** ણમો લોએ સવ્વ સાહૂણં - આમાં ક્યાં કહ્યું છે કે જૈનના જ સાધુ ? આમાં તો 'લોએ સવ્વ સાહૂણં' છે ?

**સમાધાન:-** અરે ભગવાન ! તને ખબર નથી પ્રભુ ! જૈન કહેતાં જ તે વસ્તુનું સ્વરૂપ છે. સર્વજ્ઞે જેવો કહ્યો તેવો પરમાનંદનું ધામ ભગવાન આત્માને જેણે દૃષ્ટિમાં લીધો છે અને જે તેમાં સ્થિર થયા છે તે મુનિ છે. તે દશા જૈન મુનિને જ હોય છે, અન્યને નહીં. અહા ! આ તો સંવર -નિર્જરાની દશાવાળા મુનિ કેવા હોય તેની વાત કરે છે, ઓળખાણ આપે છે અને એ આત્મા, આવા આત્માને ઉપાદેય માને છે એમ કહે છે. વીતરાગનો માર્ગ બહુ ઝીણો હો. અરે ! બિચારા લોકોને તે માર્ગ સાંભળવા

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



મળ્યો જ નથી, તેથી અન્યમાર્ગને વીતરાગ જૈનમાર્ગ માની બેઠા છે. 'શ્રીમદ્ રાજચંદ્ર'માં ભાઈ ! આવે છે ને ? કે "લોકો અન્યમાર્ગને જૈનમાર્ગ માને છે. તેથી, પરમ સત્ય બહાર આવતા માથું કપાય જાય તેવું તેમને થઈ જાય છે." (વર્તમાન સ્થિતિના બોલ). એક પરમ સત્ય બહાર આવતા અજ્ઞાનીને એમ થઈ જાય છે કે હાય ! હાય ! આ તો આપણું બધું છૂટી ગયું. પણ ભાઈ ! એમ નથી હો. પ્રભુ ! વસ્તુસ્વરૂપની સ્થિતિ શું છે તેની તને ખબર નથી.

અહા ! સર્વજ્ઞ પરમેશ્વરે જેવો આત્મસ્વભાવ જોયો છે તેવો એ છે. આવા આત્મસ્વભાવમાં અર્થાત્ પરમ આનંદનું ધામ ભગવાન આત્મામાં....આ 'ભગવાન' એટલે પોતે આત્મા જ ભગવાન છે હો, બીજા ભગવાનની અહીં વાત નથી. આ ગાથામાં પણ જુઓ, છેલ્લી લીટી છે કે 'નિજ પરમાત્મા'....અર્થાત્ પોતાનો પરમાત્મા-આત્મા. અખંડ ને પૂર્ણ જ્ઞાનાનંદનું ધામ જે પોતાનો આત્મા છે તે નિજ પરમાત્મા છે. બીજા જે ભગવાન થઈ ગયા તેઓ તો પરદ્રવ્ય છે અને પરદ્રવ્યરૂપે જ રહે છે. તેઓ તો તેમના પોતાના હિતને માટે ભગવાન થયા છે, તેમાં આ જીવનું શું હિત થયું ? તો, કહે છે કે, અંદરમાં પોતાનો જે વીતરાગમૂર્તિમય આત્મા છે તે નિજ પરમાત્મા છે અને એવા નિજ પરમાત્મામાં પરમ જિનયોગીશ્વર છે એટલે કે જેણે અંદરમાં દૃષ્ટિ અને સ્થિરતાને જોડી દીધાં છે તે પરમ જિનયોગીશ્વર છે. અંદરમાં પૂર્ણાનંદસ્વરૂપ પ્રભુ આત્મામાં જેણે યોગને જોડી દીધો છે તેને યોગી કહેવામાં આવે છે, પણ બહારમાં જે બાવા આદિ યોગી કહેવાય છે તે યથાર્થ યોગી નથી તથા અહીં તો મુનિ યોગીઓમાં પણ ઈશ્વર છે એમ કહે છે.

કેમ ?

કેમ કે જેણે અંદરથી આત્માનો યોગ સાધ્યો છે તેવા ચોથા ગુણસ્થાનવાળા સમકિતી પણ યોગી છે તેમ જ પાંચમા ગુણસ્થાનવાળા શ્રાવક પણ યોગી છે. પણ જે સાચા શ્રાવક છે તે યોગી છે હો. આ વાડાના જે શ્રાવક છે તે કાંઈ સાચા શ્રાવક નથી. એ તો કોથળીમાં હોય કરીયાતું ને ઉપર લખે સાકર તેના જેવું છે, પણ એથી કાંઈ કરીયાતા મીઠાં થઈ જાય ?

**પ્રશ્ન:-** આ અમે બધા શ્રાવક છીએ ને ?

**સમાધાન:-** બાપુ ! શ્રાવકના મોઢા મોટા છે. એ શ્રાવકપણું કાંઈ વાડાની ક્રિયાથી આવતું નથી. જેણે પરમાનંદની મૂર્તિ એવા ભગવાન આત્મામાં યોગને વિશેષપણે જોડી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



દીધો છે તે શ્રાવક છે અને જેણે અંદરમાં યોગને ઘણો વિશેષપણે જોડી દીધો છે તે મુનિ છે તેઓ જિનયોગીશ્વર છે - યોગીઓમાં પણ ઈશ્વર છે.

**'સ્વદ્રવ્યમાં જેની તીક્ષ્ણ બુદ્ધિ છે.'** દેખો ! સચ્ચિદાનંદ પ્રભુ ભગવાન આત્માને - વીતરાગ જિન પરમેશ્વરે જેવો કેવળજ્ઞાનમાં જોયો તેવા સ્વદ્રવ્યને - પકડવામાં જેની તીક્ષ્ણ બુદ્ધિ છે એમ કહે છે. જેમ મોતી સમાણીથી પકડાય, પણ સાણસાથી ન પકડાય. સાણસાથી તો સર્પ પકડાય. શું સાણસાથી મોતી પકડાય ? એમ ભગવાન આત્માને પકડવા માટે તીક્ષ્ણ બુદ્ધિ જોઈએ.

ભગવાન એટલે કોણ ?

પોતે આત્મા. જુઓને ! 'સ્વદ્રવ્ય' એમ આવ્યું ને ? તો સ્વદ્રવ્ય એટલે પોતે ભગવાન આત્મા. પૂર્ણાનંદનો નાથ અખંડ વીતરાગમૂર્તિ પ્રભુ આત્મા તે સ્વદ્રવ્ય છે અને એવું સ્વદ્રવ્ય છે તેમાં **'જેની તીક્ષ્ણ બુદ્ધિ છે એવા આત્માને'** - જ્ઞાનની તીક્ષ્ણ બુદ્ધિથી જેણે આત્મામાં જોડાણ કરી નાખ્યું છે, આખા આત્માને જેણે પકડ્યો છે એવા આત્માને **'આત્મા ખરેખર ઉપાદેય છે.'**

તો ઉપાદેય તો પર્યાય થઈ ને ? કેમ કે પર્યાય દ્વારા આત્મા ઉપાદેય થાય છે ને ?

ભાઈ ! પર્યાય ઉપાદેય નથી, પણ પર્યાય દ્વારા આવો આત્મા ઉપાદેય છે. પર્યાયને તો પરદ્રવ્ય કહી હતી ને ? (સાત તત્ત્વોનો સમૂહ પરદ્રવ્ય હોવાને લીધે...) માટે પર્યાય ઉપાદેય નથી. બાપુ ! આ તો અંતરના પ્યાલા છે. અહા ! પોતે ભગવાન આત્મા સ્વદ્રવ્ય છે અને તેમાં જેની તીક્ષ્ણ બુદ્ધિ છે એવા આત્માને આ આત્મા ઉપાદેય છે. કોઈ આ વાતમાંથી એમ અર્થ કાઢે કે જુઓ ! આવા આત્માને (મુનિને) આત્મા ઉપાદેય છે એમ કહ્યું છે, માટે અહીં ચોથા ગુણસ્થાનની ક્યાં વાત છે ? તો તેમ નથી. અરે ભાઈ ! સાંભળને પ્રભુ ! આ તો પોતે (ટીકાકાર) મુનિદશામાં ઉભા છે એટલે તે ભૂમિકાથી વાત કરે છે. નહીંતર તો સમ્યગ્દર્શનમાં પણ - શ્રાવક ને મુનિ થવા પહેલાં ચોથા ગુણસ્થાનની દશામાં પણ - પ્રથમમાં પ્રથમ જૈન થાય ત્યારે પણ - આ જ રીત હોય છે.

જૈન એટલે ?

રાગ ને અજ્ઞાનને જીતીને સ્વરૂપમાં જેણે જોડાણ કર્યું તે જૈન છે અને એવો સમ્યગ્દષ્ટિ પણ તીક્ષ્ણ બુદ્ધિથી આત્માને જ પકડે છે. તેને પણ આ આત્મા જ ઉપાદેય છે, પરંતુ બીજું કાંઈ ઉપાદેય છે નહીં. ભારે આવી વાતો ભાઈ !

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**પ્રશ્ન:-** દયા પાળવી, કંદમૂળ ન ખાવા, ઉપવાસ કરવો, ચોવિહાર કરવો એવી વાતો તો કાંઈ આવી નહીં ?

**સમાધાન:-** ભાઈ ! એ તો બધી રાગની મંદતાની વાતો છે. સાંભળને ! એ કાંઈ ધર્મ નથી. અહીં કહે છે કે એવા આત્માને આવો આત્મા ઉપાદેય છે. તે ઉપાદેયભૂત આત્મા કેવો છે તે વાત પછી કહેશે. જોકે સામાન્યપણે વાત કરી કે 'સ્વદ્રવ્ય'. તીક્ષ્ણ બુદ્ધિવાળા આત્માને આ સ્વદ્રવ્ય એટલે કે ઉપાદેયભૂત આત્મા **'ખરેખર ઉપાદેય છે.'** - એ આત્મા જ આદરણીય છે, તેમાં જ દૃષ્ટિ મૂકવા જેવી છે ને તેમાં જ દૃષ્ટિનો પ્રસાર કરવા જેવો છે. ભારે ભાઈ આ વાત !

**'ઔદયિક આદિ ચાર ભાવાંતરોને અગોચર હોવાથી'....**

શું કહે છે ?

કે જે પારિણામિકસ્વભાવરૂપ પરમભાવ - ધ્રુવભાવ — છે તે આત્મા છે અને તેનાથી અનેરા (-ભિન્ન) જે ઔદયિક, ઔપશમિક, ક્ષાયોપશમિક ને ક્ષાયિક - એ ચાર પર્યાયરૂપ ભાવો છે તે અન્યભાવ છે. જે ખરેખર ભગવાન આત્મા છે તે પરમ પારિણામિકસ્વભાવરૂપ ધ્રુવભાવ, નિત્યભાવ અને નિજભાવ છે. જ્યારે તેનાથી ભિન્ન જે આ ઔદયિક, ઔપશમિક, ક્ષાયોપશમિક ને ક્ષાયિકભાવ છે તે અન્યભાવ છે. એટલે કે ધ્રુવભાવ નિજભાવ છે તો આ ચાર ભાવ અન્યભાવ છે. અરે ! ઔદયિકભાવ અન્યભાવ છે એ તો ઠીક, પરંતુ ક્ષાયિકભાવ પણ પારિણામિકભાવથી ભિન્ન હોવાથી અન્યભાવ છે. જેને (પહેલાં) પરદ્રવ્ય કહ્યાં હતાં તેને હવે અન્યભાવ કહ્યાં છે. અહા ! જુદા-જુદા પ્રકારથી સ્પષ્ટીકરણ થાય તો શાસ્ત્રમાં જે બધા ભાવો છે તે તેના ખ્યાલમાં આવી જાય.

અહીં કહે છે કે ચાર ભાવોથી આ (આત્મા) રહિત છે અને આત્માથી તેઓ ભિન્ન છે. અર્થાત્ ચાર ભાવોથી પરમભાવમય આત્મા રહિત છે અને પરમભાવમય આત્માથી ચાર ભાવ ભિન્ન છે.

નીચે ફૂટનોટમાં ખુલાસો છે : **'ભાવાંતરો = અન્ય ભાવો'**. ટીકામાં 'ભાવાંતરો' શબ્દ છે ને ? તો ભાવાંતર એટલે ત્રિકાળી ભગવાનરૂપ આત્મભાવથી અનેરા ભાવ. પછી ભલે તે પર્યાય ક્ષાયિક ભાવરૂપ હો તોપણ અનેરો ભાવ છે, આત્મભાવથી અનેરો ભાવ છે. એટલે કે અનેરા ભાવનું અસ્તિત્વ બીજી જાતનું છે અને આત્મભાવનું અસ્તિત્વ બીજી જાતનું છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



હજી નીચે ખુલાસો છે ને ? કે **'ઔદયિક'** – જે પુણ્ય-પાપના વિકલ્પો છે તે ઔદયિકભાવ છે અને તે પરમપારિણામિકભાવરૂપ સ્વદ્રવ્યથી અનેરો ભાવ છે. **'ઔપશમિક'** –સમકિત ને ચારિત્ર એ ધર્મપર્યાય છે અને તે પણ પરમપારિણામિકભાવથી અન્યભાવ છે. **'ક્ષાયોપશમિક'** – જ્ઞાન, સમકિત, ચારિત્ર વગેરે અને તે પણ ત્રિકાળી ભાવથી અન્યભાવ છે. **'અને ક્ષાયિક'** – કેવળજ્ઞાન, કેવળદર્શન, અનંતવીર્ય આદિ અને એ પણ ત્રિકાળી ભાવથી અન્યભાવ છે. તો, **'એ ચાર ભાવો પરમપારિણામિકભાવથી અન્ય હોવાને લીધે'** ...પરમપારિણામિકભાવ એટલે સહજ સ્વરૂપ. આત્મા ત્રિકાળ સહજસ્વરૂપે છે, જ્યારે આ ચાર ભાવો પ્રગટેલા છે. માટે, **'પરમપારિણામિકભાવથી અન્ય હોવાને લીધે તેમને ભાવાંતરો કહ્યા છે'.** – આ ચાર ભાવોને અનેરા ભાવના અર્થમાં ભાવાંતરો કહ્યા છે. **'પરમપારિણામિકભાવ જેનો સ્વભાવ છે એવો કારણપરમાત્મા આ ચાર ભાવાંતરોને અગોચર છે'** એટલે કે ચાર ભાવોના આશ્રયે તે પરમપારિણામિકભાવ જણાય એવો નથી, પણ પરમપારિણામિકભાવનો આશ્રય કરે તો તે જણાય એવો છે એમ કહેવું છે.

'અગોચર' કેમ કહ્યો ?

ભાઈ ! તે પરમપારિણામિકભાવ છે તો ઔપશમિક, ક્ષાયોપશમિક ને ક્ષાયિકભાવને ગમ્ય, પરંતુ તે ભાવોના આશ્રયથી પરમપારિણામિકભાવ ગમ્ય થાય એવો નથી. માટે અગોચર કહ્યો છે. આવો આનો અર્થ તેણે સમજવો જોઈએ.

કહે છે કે **'ચાર ભાવાંતરોને અગોચર હોવાથી જે (કારણપરમાત્મા)'** – ત્રિકાળી ભગવાન આત્મા **'દ્રવ્યકર્મ, ભાવકર્મ અને નોકર્મરૂપ ઉપાધિથી જનિત'** ... દ્રવ્યકર્મ એટલે જડ આઠ કર્મ, ભાવકર્મ એટલે વિકલ્પ આદિ અને નોકર્મ એટલે શરીર ને વાણી. તો, તેનાથી જનિત **'વિભાવગુણપર્યાયો વિનાનો છે.'** – કારણપરમાત્મા વિભાવગુણ – અવસ્થા વિનાનો છે. અર્થાત્ દશાઓના જે બધાં પ્રકાર છે તે કારણપરમાત્મામાં નથી. એ વાત તો પાઠમાં જ છે ને ? જુઓ, ત્રીજું પદ છે ને ? કે कम्मोपाधिसमुब्भवगुणपज्जाएहिं वदिरित्तो ।

ગાથામાં ત્રીજું પદ છે ને ? કે कम्मोपाधिसमुब्भवगुणपज्जाएहिं તો, 'गुणपज्जाएहिं' નો અર્થ ગુણની પર્યાય છે, કર્મના ઉપાધિથી ઉત્પન્ન થયેલી અવસ્થા છે અને તેનો ચાર ભાવમાં સમાવેશ કરે છે. અંદર છે ને ? કે **'ઔદયિક આદિ ચાર ભાવાંતરોને'** ... ત્રિકાળ શુદ્ધ પરમસ્વભાવભાવ તે સ્વભાવ છે અને તેની અપેક્ષાએ આ ચાર ભાવો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તે અનેરા ભાવ છે. અર્થાત્ દ્રવ્યના ભાવથી પર્યાયના ભાવ અનેરા ભાવ છે. ઔદયિક, ઔપશમિક, ક્ષાયોપશમિક ને ક્ષાયિક એ પર્યાયના - અવસ્થાના - ભાવો અનેરા ભાવ છે, જ્યારે પરમપારિણામિકભાવ એ સ્વદ્રવ્યનો ત્રિકાળી સ્વભાવ છે. આમાં તો દેવ-ગુરુથી ધર્મ થાય એ વાત પણ રહી નહીં તેમ જ દેવ-ગુરુની ભક્તિ કરીએ તો ધર્મ થાય એ વાત પણ રહી નહીં. જ્યારે કેટલાક એમ કહે છે કે ગુરુને પકડો, તેને માનવાથી આપણો મોક્ષ થઈ જશે. ભગવાન કહે છે કે એ તારી વાત ખોટી છે, કેમ કે તું જ તારો ગુરુ છો. તારો આત્મા જ તારો ગુરુ ને શિષ્ય છે. બહારના ગુરુ તો વ્યવહારે કહેવામાં આવે છે. બહુ આકરું કામ છે ભાઈ !

અહીં કહે છે કે ઔદયિક એટલે પુણ્ય-પાપનો વિકલ્પ; દયા, દાન, પૂજા, ભક્તિનો ભાવ. અર્થાત્ રાગ એ ઔદયિકભાવ છે.

ઔપશમિકભાવ કોને કહીએ ?

જેમ પાણીમાં કાદવ હોય ને કાદવના રજકણ નીચે બેસી જાય તો પાણી શુદ્ધ થાય તેમ કર્મનો ઉદય અંદર મંદ પડી જાય - ઠરે - તો ઔપશમિકભાવ થાય. જોકે તે ભાવ છે ધર્મનો પર્યાય, છતાંપણ તે અવસ્થા છે. તેથી ત્રિકાળી જ્ઞાયકભાવથી ઔપશમિકભાવ પણ અનેરો ભાવ છે. તેવી રીતે ક્ષાયોપશમિકભાવ ભલે સમ્યક્જ્ઞાન કે દર્શનાદિનો હો, તોપણ તે ક્ષાયોપશમિકભાવ - અવસ્થા - ત્રિકાળી અંતઃતત્ત્વરૂપ પ્રભુ જ્ઞાયકભાવથી એટલે કે નિજસ્વરૂપમય પરમાત્મભાવરૂપ સ્વદ્રવ્યથી અનેરો ભાવ છે. ભાવાંતર એટલે અનેરા ભાવો, સ્વભાવથી અનેરા ભાવો. ભગવાન આત્મા ત્રિકાળી ભાવ છે તેનાથી આ ક્ષાયોપશમિકભાવ અનેરો ભાવ છે. ભારે ભાઈ ! અહા ! હજી તો આ શું કહે છે તે પકડાવું પણ કઠણ પડે એવું છે. કેમ કે બહારના ઘણા ખોટા અભિપ્રાય અંદરમાં હોય છે ને ? જેણે બહારના ખોટા અભિપ્રાય પકડ્યા ન હોય તેને આ સમજવું સહેલું પડે, પણ જે એમ માનતો હોય કે હું મોટો બારિસ્ટર છું, મને ભાષણ કરતાં આવડે છે, વગેરે, તો તેને આ સમજવું અઘરું પડે.

કહે છે કે સ્વદ્રવ્ય એવા આનંદકંદ ધ્રુવમય પરમ નિજ પરમાત્માની અપેક્ષાએ આ જ્ઞાન, સમકિત ને ચારિત્ર આદિનો ક્ષાયોપશમિકભાવ અનેરો ભાવ છે અને ક્ષાયિકભાવ પણ અનેરો ભાવ છે. કેમ કે તે પણ એક સમયનો પર્યાય છે ને ? કેવળજ્ઞાન, કેવળદર્શન, અનંતવીર્ય, ક્ષાયિકસમ્યક્ત્વ, યથાખ્યાતચારિત્ર તથા પોતાના સ્વરૂપના દાન, લાભ, ભોગ,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ઉપભોગ - એમ ક્ષાયિકભાવના નવ બોલ આવે છે ને ? તો, પોતાના પર્યાયમાં પોતાનું દાન - આનંદનું દાન, આનંદનો લાભ, આનંદનો અનુભવ, આનંદનો વારંવાર અનુભવ ને વીર્ય વગેરે બધાં ક્ષાયિકભાવના પર્યાયો એક સમયની દશા છે. તેથી ત્રિકાળી ભગવાન આત્માની અપેક્ષાએ તેમને પરભાવ કહ્યાં છે. અંદર છે ને ? કે 'ઔદયિક આદિ ચાર ભાવાંતરોને...' તો ભાવાંતરો અર્થાત્ અનેરા ભાવો.

કોનાથી અનેરા ?

ત્રિકાળી જ્ઞાયકભાવથી, ધ્રુવભાવથી અનેરા ભાવ અને તે અનેરા પર્યાયને અર્થાત્ અનેરા ભાવથી ધ્રુવભાવ અગોચર છે. એટલે એમ કહે છે કે એ ચાર પર્યાયને આશ્રયે આત્મા અનુભવમાં આવતો નથી. જોકે ઔપશમિક, ક્ષાયોપશમિક ને ક્ષાયિકભાવને તો આત્મા ગમ્ય જ છે, પરંતુ અહીં તો એમ સિદ્ધ કરવું છે કે જે પર્યાય છે તેના આશ્રયે પરમપારિણામિકભાવનો અનુભવ થતો નથી. આત્માનો અનુભવ ત્રિકાળી ભગવાન આત્મામાં અંતર ઢળતા થાય છે. - આટલી વાત કરવી છે.

અહા ! આ શરીર તો હાડકાં-જડ-પર-અજીવ-છે. આ કાંઈ આત્મા નથી. તેવી રીતે વાણી અજીવ છે, આત્મા નથી અને કર્મ પણ અજીવ છે, આત્મા નથી. હવે કહે છે કે પુણ્ય-પાપના વિકલ્પ પણ આત્મા નથી, કેમ કે તે ઔદયિકભાવ છે અને અંદરમાં ઔપશમિક, ક્ષાયોપશમિક ને ક્ષાયિકભાવનો જે પર્યાય પ્રગટ થાય છે તે પણ એક સમયની દશા હોવાથી આત્મા નથી. ભગવાન આત્મા તો ત્રિકાળ અખંડ આનંદનો પુંજ ધ્રુવ પ્રભુ છે અને તેની અપેક્ષાએ આ ચારેય ભાવોને અનેરા ભાવો કહેવામાં આવે છે તથા તે ભાવોને ભગવાન આત્મા અગમ્ય છે એમ કહે છે.

'તે ભાવોને ભગવાન આત્મા અગમ્ય છે' - તેનો અર્થ શું છે ?

કે તે ભાવોથી આત્મા ગમ્ય તો છે, પણ ચાર પ્રકારના તે પર્યાયોરૂપ ભાવોના આશ્રયે પરમપારિણામિકભાવનો અનુભવ થતો નથી એમ કહેવું છે. ભારે ભાઈ !

**શ્રોતા:-** આ વાત બહુ અટપટી છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી:-** પણ ભાઈ ! આ વાત 'લોજીક'થી તો આવે છે. આ વાત કાંઈ એમ ને એમ (વગર સમજ્યે) માની લેવી એવું તો નથી. પરંતુ વસ્તુસ્વરૂપને પડખે તે કોઈ દિ' આવ્યો જ નથી એટલે અટપટી વાત લાગે છે. 'સત્'ને પડખે તે કોઈ દિ'

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ચડ્યો જ નથી અને વગર સમજ્યે એમ ને એમ અસત્યના પડખા સેવીને જિંદગી પૂર્ણ કરીને ચોરાસીના અવતારમાં ચાલ્યો જાય છે.

અહીં કહે છે કે આત્મામાં બે અંશો છે. (૧) અનાદિ-અનંત ત્રિકાળી ધ્રુવ અંશ ને (૨) વર્તમાન પર્યાયનો અંશ - જે ચાર પર્યાયરૂપ ભાવ છે તે. તો, તે પર્યાયના આશ્રયે આત્માનો અનુભવ થતો નથી, પણ ત્રિકાળી ધ્રુવના આશ્રયે આત્માનો અનુભવ થાય છે. માટે, તે ચાર ભાવોથી આત્માને અગમ્ય કહેવામાં આવ્યો છે. બાકી ઔપશમિક, ક્ષાયોપશમિક ને ક્ષાયિકભાવને તો આત્મા ગમ્ય છે, પણ ઔપશમિક, ક્ષાયોપશમિક ને ક્ષાયિકભાવને આશ્રયે તેનો અનુભવ થતો નથી. અર્થાત્ તે ભાવોનો આશ્રય કરવા જાય ને આત્માનો અનુભવ થાય એમ બને નહીં.

**પ્રશ્ન:-** આ તો બધી એકલી નિશ્ચયની વાતો આવે છે. પણ તેને પામવાનું કોઈ સાધન હશે કે નહીં ?

**સમાધાન:-** આ (નિશ્ચય) જ એક સાધન છે સાંભળને ? ભાઈ ! તને યથાર્થ સાધનની ખબર નથી.

**પ્રશ્ન:-** આપની વાત તો સાચી. પણ તેનું સાધન શું છે ? ગુરુની ભક્તિ કરવી, તેમને માનવા વગેરે એવું કોઈ સાધન છે ખરું ?

**સમાધાન:-** ભાઈ ! યતિનો સ્વાંગ પણ આત્માના સ્વભાવમાં નથી. માટે તે સાધન નથી. 'અલિંગગ્રહણ'માં આવે છે ને ? કે યતિનો બહારનો વેષ અર્થાત્ નગ્નપણું ને વિકલ્પ વગેરે સ્વરૂપમાં નથી. (-પ્રવચનસાર ગાથા ૧૭૨, અલિંગગ્રહણ બોલ-૧૭).

શું કહ્યું ?

કે યતિનો બાહ્ય વેષ ને બાહ્ય ક્રિયાઓ - જે પંચ મહાવ્રતનો વિકલ્પ આદિ છે તે - આત્મવસ્તુમાં નથી. કેમ કે એ બધો તો રાગ છે. તે ઉપરાંત અહીં તો કહ્યું કે ચાર પર્યાયરૂપ ભાવોને આત્મા અગમ્ય છે. 'અગમ્ય'નો અર્થ એટલો જ છે કે ચાર પર્યાયરૂપ ભાવોના આશ્રયે આત્માનું જ્ઞાન થતું નથી. આત્માનું જ્ઞાન તો આત્માના આશ્રયે થાય છે અને એ અપેક્ષાએ તે ચાર ભાવોને આત્મા અગોચર છે એમ કહ્યું છે. નહીંતર તો, ઔપશમિક, ક્ષાયોપશમિક ને ક્ષાયિકભાવને આત્મા ગમ્ય છે.

અહા ! આવો વીતરાગ માર્ગ બહુ ઝીણો પડે એટલે પછી લોકોએ દયા પાળો, પૂજા કરો, જાત્રા કરો ને નગ્ન થઈ જાવ વગેરે ક્રિયામાં માર્ગ માની લીધો છે. પણ મૂળ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



માર્ગ વિના કલ્યાણ થતું નથી. અરે ! ભ્રમણાએ જગતને મારી નાખ્યું છે ! અરેરે ! જગતની ભ્રમણાનો પાર નથી ! અહા ! ત્રણ લોકનો નાથ એવો પોતે એક સમયમાં બિરાજે છે. છતાં તેની સામું જોતો નથી ને પર સામું જોઈને તેને પોતાનું કલ્યાણ કરવું છે ! અહીં તો કહ્યું કે, આ પર્યાયના - કે જે પરદ્રવ્ય છે તેના - સામું જોવાથી પણ કલ્યાણ નહીં થાય. તો, એ આત્મા કહો, કે કારણપરમાત્મા કહો, કે કારણજીવ કહો, કે નિજપદ કહો - બધું એક જ છે.

અહીં જુઓ, એ જ કહે છે કે **'જે (કારણપરમાત્મા)'** - પોતે ત્રિકાળી આત્મા **'દ્રવ્યકર્મ, ભાવકર્મ અને નોકર્મરૂપ ઉપાધિથી'** ... દ્રવ્યકર્મ અર્થાત્ જ્ઞાનાવરણીયાદિ આઠ કર્મ - કે જે જડ, અજીવ છે. ભાવકર્મ અર્થાત્ દયા, દાન, વ્રત, પૂજા, ભક્તિ વગેરેનો વિકલ્પ ઉઠે તે અને તે પણ ઉપાધિ છે. જુઓ, છે ને ? કે 'ભાવકર્મ અને નોકર્મરૂપ ઉપાધિથી' ... તો ભાવકર્મ પણ ઉપાધિ છે ને ? ત્રણેય કર્મ ઉપાધિ છે. (૧) આઠ જડકર્મ એ ઉપાધિ છે, (૨) દયા, દાન, વ્રત ભક્તિ, પૂજાના વિકલ્પનું ઉઠવું કે પરોપકારાદિની વૃત્તિ ઉઠવી તે પણ ઉપાધિ છે એટલે કે ભાવકર્મ - વિકારી ભાવ પણ ઉપાધિ છે અને (૩) નોકર્મ એટલે કે શરીરાદિ પણ ઉપાધિ છે. જે આ બધી શરીરની ક્રિયા થાય છે તે નોકર્મની — જડની — ક્રિયા છે, તે કાંઈ આત્માની ક્રિયા નથી ને આત્મા તેને કરી શકતો પણ નથી. તો, એવી ઉપાધિથી... જુઓ, ત્રણેય કર્મને ઉપાધિ કહે છે. (૧) જડકર્મ ઉપાધિ છે, (૨) ભાવકર્મ ઉપાધિ છે અને (૩) શરીરાદિ નોકર્મ પણ ઉપાધિ છે. અરે ! જે ભાવે તીર્થંકર નામકર્મ બંધાય તે ભાવ પણ ઉપાધિ છે. ગજબ કરે છે ને !

આત્મા એવી **'ઉપાધિથી જનિત વિભાવગુણપર્યાયો વિનાનો છે.'** વિભાવ એટલે વિશેષરૂપ વિકારાદિ કે પર્યાયાદિ અને એવા વિકાર કે અવિકાર પર્યાયો વિનાનું ત્રિકાળી આત્મદ્રવ્ય છે. - અહીં સુધી તો કાલે ચાલ્યું હતું.

હવે શું કહે છે ?

હવે આત્માની વાત કહે છે કે **'અનાદિ-અનંત'** .... જે વસ્તુ ભગવાન આત્મા છે એ તો આદિ-અંત વિનાની ચીજ છે. છે...છે...ને છે. શું વસ્તુની ઉત્પત્તિ હોય ? જે સત્ છે તેની ઉત્પત્તિ શું હોય ? (ન હોય.) માટે સત્ સ્વરૂપ આત્મા અનાદિનો છે. તેને કોઈ ઈશ્વરાદિ ઉત્પન્ન કરનારા છે એમ છે નહીં. એવું ત્રણ કાળમાં હોઈ શકે જ નહીં. અહા ! વસ્તુ છે તે સત્ છે ને સત્ અનાદિનું હોય છે એટલે કે આદિ વિનાનું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

હોય છે. માટે અંદર ભગવાન આત્મા અનાદિથી છે — તેની આદિ નથી તથા 'અનંત' છે. તેનો ભવિષ્યમાં નાશ થવાનો નથી. સત્ ઉત્પન્ન કેમ થાય ? ને સત્નો નાશ કેમ થાય ? સત્ તો ત્રિકાળ સત્ જ રહે છે.

ભગવાન આત્માની — કે જે એક સમયના પર્યાય ને વિકાર વિનાનો છે તેની - અહીંયા વાત ચાલે છે અને તે 'અનાદિ-અનંત' છે. અનાદિ = અન્+આદિ ને અનંત = અન્ + અંત. કેટલાક એમ કહે છે કે ભગવાને આદિ ન જોઈ તો એટલું જ્ઞાન અપૂર્ણ રહ્યું ને ? અરે ભગવાન ! સાંભળને ! જે છે...છે...છે... તેની જ્યાં આદિ જ નથી ત્યાં વળી તેની આદિ ક્યાંથી લાવવી ? કે દિ' એ આત્મા નહોતો ? અર્થાત્ ક્યા કાળે - સમયે તે નહોતો ? શું તે નવો થયો છે કે જેથી તેના પહેલાં એ નહોતો ?

અનાદિ-અનંત ભગવાન આત્મા **'અમૂર્ત'** છે. રૂપ —રંગ, રસ, ગંધ, સ્પર્શ — એમાં નથી. અને એવો આ આત્મા **'અતીંદ્રિયસ્વભાવવાળો'** છે. જુઓ, **'અતીંદ્રિયસ્વભાવવાળો' એ**મ કહ્યું ને ? અર્થાત્ એનો તો અતીન્દ્રિય સ્વભાવ છે એટલે કે ઈંદ્રિય ને વિકલ્પથી એ પકડાય એવો નથી એમ કહે છે.

**'શુદ્ધ'** - પ્રભુ આત્મા શુદ્ધતાનો પિંડ છે. 'સહજ' - સ્વાભાવિક છે. **'પરમપારિણામિકભાવ'** - તેને કંઈ પણ — નિમિત્તની હાજરીની — કે નિમિત્તના અભાવની અપેક્ષા નથી. આવું એ ત્રિકાળી તત્ત્વ છે. પુણ્ય-પાપના ઔદયિકભાવમાં કર્મના નિમિત્તપણાની હાજરીની અપેક્ષા છે અને સંવર-નિર્જરા-મોક્ષમાં કર્મના નિમિત્તપણાના અભાવની અપેક્ષા છે. જ્યારે આ ત્રિકાળી આત્મતત્ત્વ તો અપેક્ષા વિનાનું છે. તે છે....છે... ને છે. તો, એવો **'અનાદિ-અનંત અમૂર્ત અતીંદ્રિયસ્વભાવવાળો શુદ્ધ-સહજ-પરમ-પારિણામિકભાવ જેનો સ્વભાવ છે'** ... પરમપારિણામિકભાવ એટલે સહજસ્વરૂપ, ત્રિકાળી સહજસ્વભાવની હયાતી અને એ આત્માનો સ્વભાવ છે. **'એવો કારણપરમાત્મા'** .... એવો ત્રિકાળી કારણપરમાત્મા **'તે ખરેખર આત્મા છે'** - તેને ખરેખર — નિશ્ચય — આત્મા કહીએ. એક સમયનો પર્યાય વ્યવહાર આત્મા છે, જ્યારે આ કારણપરમાત્મા તે ખરેખર આત્મા છે અને તે ઉપાદેય છે.

કેવો આત્મા આદરણીય ને અનુભવવાલાયક છે ?

કે જે **'અનાદિ-અનંત'** છે - ધ્રુવવસ્તુ છે તે આદિ ને અંત વિનાની ચીજ છે; 'અમૂર્ત' છે જે - તેમાં વર્ણ, રસ, ગંધ, સ્પર્શ નથી; જે **'અતીંદ્રિયસ્વભાવવાળો'** છે

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



- તેનો અતીંદ્રિયસ્વભાવ છે. તેનો ઇન્દ્રિયસ્વભાવ છે નહીં અર્થાત્ ઇન્દ્રિયસ્વભાવથી તે જણાય એવો નથી તથા **'શુદ્ધ-સહજ-પરમ-પારિણામિકભાવ જેનો સ્વભાવ છે'...** શુદ્ધ=પવિત્ર, સહજ=સ્વાભાવિક, પરમ-પારિણામિકભાવ=વસ્તુની સ્થિતિ, હયાતીરૂપ ભાવ. આવો જેનો સ્વભાવ છે **'એવો કારણપરમાત્મા તે ખરેખર આત્મા છે'** અને તે આદરણીય ને અનુભવવાલાયક છે. પર્યાયો એ ખરેખર આત્મા નથી. આવું છે !

પર્યાય કોનો છે ? એનો નથી ?

ભાઈ ! પર્યાય છે, પણ ધ્રુવમાં નથી. ભલે જીવાદિ સાત પ્રકાર કહ્યાં, પરંતુ આત્મામાં તે જીવાદિ નથી અને તે જીવાદિ સંબંધીના જ્ઞાન તેમ જ વિકલ્પ પણ આત્મામાં નથી. કેમકે આત્મવસ્તુ તો અખંડ આનંદકંદમય ધ્રુવ પ્રભુ છે. એકલો આનંદરસકંદ એવું સત્ત્વ જેનો સ્વભાવ છે અર્થાત્ ત્રિકાળ...ત્રિકાળ....ત્રિકાળ એવો જેનો સ્વભાવ છે તેને કારણપરમાત્મા કહીએ અને **'તે ખરેખર આત્મા છે.'** લ્યો, નિશ્ચયથી તો એ આત્મા છે, જ્યારે પર્યાય તો વ્યવહાર આત્મા છે. મોક્ષનો પર્યાય પણ વ્યવહાર આત્મા છે. આવી વાત છે ! આ શુદ્ધભાવ અધિકાર છે ને ? તો, શુદ્ધભાવ એટલે આ કારણપરમાત્મા, પણ શુદ્ધભાવ એટલે અહીંયા શુદ્ધ પર્યાય કે શુદ્ધોપયોગ - કે જેને (સમયસારની પંદરમી ગાથામાં) જૈનશાસન કહે છે તે - નહીં. અહા ! જૈનશાસન અર્થાત્ શુદ્ધ પર્યાય વિનાનું આ ત્રિકાળી તત્ત્વ છે અને તેને આશ્રયે જૈનશાસન પ્રગટ થાય છે એમ કહે છે. શુદ્ધોપયોગ — ભાવશ્રુતજ્ઞાન — કે જેને જૈનશાસન કહ્યું છે તે પર્યાયથી પણ આ ત્રિકાળી વસ્તુ તો રહિત છે અને તેના આશ્રયે જૈનશાસન પ્રગટ થાય છે. માટે **'તે ખરેખર આત્મા છે'.**

**'અતિ-આસન્ન ભવ્યજીવોને'....** અહો ! જેની મુક્તિ નજીક છે, સંસારનો કાંઠો જેને આવ્યો છે એવા અતિ-આસન્ન ભવ્યજીવોને **'એવા નિજ પરમાત્મા સિવાય'...** જેને કારણપરમાત્મા કહ્યો, જેને ખરેખર આત્મા કહ્યો, જેને શુદ્ધ-સહજ-પરમ-પારિણામિકભાવ કહ્યો અને જેને અતીંદ્રિયસ્વભાવવાળો કહ્યો **'એવા નિજ પરમાત્મા સિવાય બીજું કાંઈ ઉપાદેય નથી.'** અહા ! જૈનશાસનનો પર્યાય પણ ઉપાદેય નથી એમ અહીં કહે છે. લ્યો, મોક્ષમાર્ગ પણ ઉપાદેય નથી અર્થાત્ જે પર્યાય દ્રવ્યને ઉપાદેય કરે છે તે પર્યાય પણ ઉપાદેય નથી, પરંતુ વસ્તુ ઉપાદેય છે એમ કહે છે. અહા ! અતિ - આસન્ન ભવ્યજીવોને એવા નિજ કારણપરમાત્મા સિવાય બીજું કાંઈ ઉપાદેય નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પહેલાં 'અજીવતત્ત્વ'ની વ્યાખ્યા આવી હતી ને ? તો, 'અજીવતત્ત્વ'માં બાહ્ય અજીવતત્ત્વો (દ્રવ્યો) લેવા હોય તો લેવાય અથવા જીવના જ્ઞાનમાં-ખ્યાલમાં-અજીવતત્ત્વ આવે છે ને ? તથા અજીવતત્ત્વ સંબંધી વિકલ્પ પણ ઉઠે છે ને ? તો, તે જ્ઞાન ને વિકલ્પને પણ અજીવતત્ત્વ કહેવાય છે. સમયસારની ૯૫મી ગાથામાં (જયસેનાચાર્યની ટીકામાં) આવે છે કે 'ધર્માસ્તિકાય મારું છે' એવું એકત્વ અજ્ઞાનીને કેમ થાય છે ? કેમ કે ધર્માસ્તિકાય તો તેને દેખાતું નથી ? ભાઈ ! ધર્માસ્તિકાય સંબંધીનો જે વિકલ્પ છે અને તેનું જે જ્ઞાન છે તેને પણ 'ધર્માસ્તિકાય' કહેવાય છે. ઉપચારથી વાત છે ને ! જેમ કે ઘટાકારે પરિણમેલું જ્ઞાન 'ઘટ' કહેવાય છે. ૯૫મી ગાથામાં આ દૃષ્ટાંત આપ્યું છે. જ્ઞાન તો જ્ઞાન જ છે, પણ ઘટને જાણવાવાળું જે જ્ઞાન છે તેને 'ઘટ' કહેવામાં આવે છે.

અહીં કહે છે કે અતિ-આસન્ન ભવ્યજીવોને અર્થાત્ અલ્પ કાળમાં જેની મુક્તિ છે તેને આત્મા ઉપાદેય છે. પણ આમ કહ્યું તેથી બીજાને વળી કોઈ બીજું તત્ત્વ ઉપાદેય છે એમ નથી. હા, અજ્ઞાની અનાદિથી બીજાને ઉપાદેય માને છે, પણ એ તો તેની મિથ્યા માન્યતા છે. નિમિત્ત ઉપાદેય છે, રાગ ઉપાદેય છે, એક સમયનો પર્યાય ઉપાદેય છે - એમ તો અજ્ઞાની માને છે, પણ એની અહીં વાત નથી. અહીં તો અતિ-આસન્ન ભવ્ય કહેતાં અલ્પ કાળમાં જેની મુક્તિ છે, બે-ચાર ભવમાં જેની મુક્તિ છે તેને આ નિજ પરમાત્મા સિવાય બીજું કાંઈ ઉપાદેય નથી.

**પ્રશ્ન:-** 'ભવ્ય' કહેતાં તેમાં મોક્ષ જનારા બધા જીવો સમાય જાય છે, છતાં અહીંયા 'અતિ-આસન્ન ભવ્યજીવો' એમ કેમ લીધું ?

**સમાધાન:-** હા, 'ભવ્ય' કહેતાં તેમાં મોક્ષ જનારા બધાય સમાય જાય છે. પરંતુ અહીં તો બહુ નજીકમાં મોક્ષે જનારા જીવો લેવા છે, માટે કહે છે કે અતિ-આસન્ન ભવ્યજીવોને આવો આત્મા ઉપાદેય છે અર્થાત્ જેને આવો આત્મા અંદરમાં ઉપાદેય થયો છે તે અતિ-આસન્ન ભવ્યજીવ છે.

અહા ! **'અતિ-આસન્ન ભવ્યજીવોને એવા નિજ પરમાત્મા સિવાય બીજું કાંઈ ઉપાદેય નથી.'** નિજ પરમાત્મા એટલે ત્રિકાળી ધ્રુવ અને તે જ અંગીકાર કરવાલાયક છે, ઉપાદેય છે અર્થાત્ તેનો જ આશ્રય કરવા જેવો છે. ત્રિકાળી ધ્રુવ જ ખરેખર આત્મા છે અને તેને જ અતિ-આસન્ન ભવ્યજીવ - જેની મુક્તિ નજીકમાં થવાની છે તે જીવ - ઉપાદેય કરે છે. સમ્યગ્દષ્ટિએ તેણે આત્માને ઉપાદેય કર્યો હોવાથી અતિ-આસન્ન ભવ્ય જ છે. જેને આવા મુક્તસ્વરૂપનું ભાન થયું છે, તો તેના પર્યાયમાં અલ્પકાળે મુક્તિ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



થયા વિના રહેશે નહીં. જેણે અનંત મુક્તપર્યાયવાળું આખું તત્ત્વ - અનંત પર્યાયોનો પિંડ એવું મુક્તસ્વરૂપ - અંગીકાર કર્યું તેની તો અલ્પકાળમાં મુક્તિ થયા વિના રહેશે નહીં. તે (મુક્તિ) જાય ક્યાં ? તેને અલ્પકાળમાં કેવળજ્ઞાન થશે જ. હવે તેને ભવ કેવા ? અહીં મૂળ વાત તો એ છે કે જેમાં ભવ નથી એવા આત્માને ઉપાદેય કર્યો તો તે જીવને પણ હવે ભવ કેવા ? ખરેખર તો એ આત્મા મુક્ત જ છે. ઝીણી વાતો છે ભાઈ ! અહા ! આ વાત સમજવા - આદરવા — માગે અને ન સમજાય એમ ત્રણ કાળમાં બને નહીં.

જુઓ, શબ્દ એમ છે ને ? કે 'કાંઈ ઉપાદેય નથી.' અર્થાત્ એક પર્યાય પણ ઉપાદેય નથી. સંસ્કૃત ટીકામાં છે કે न किंचिदुपादेयमस्तीति - દ્રવ્યને ઉપાદેય કરનાર પર્યાય પણ ઉપાદેય નથી. આવો વીતરાગનો મારગ છે ભાઈ !

**પ્રશ્નઃ-** આ બધું હેય છે તો કંદમૂળ ન ખાવા, ચોવિહાર કરવો - એ બધું શું ન કરવું ?

**સમાધાનઃ-** ભાઈ ! એ ચોવિહાર કરવો તે વિકલ્પ છે અને વિકલ્પ છે તે રાગ છે. - આટલી વાત છે. તે હોય ભલે, પણ કોઈ રાગ શું કરવા જેવો છે ? (ના.) કેમ કે રાગ છે તે દુઃખરૂપ છે. રાત્રિએ આહાર ન કરવો, ઉપવાસ કરવો, કંદમૂળ ન ખાવા - એવો વિકલ્પ હોય છે. પરંતુ એ ખાવાની ચીજ તો પર છે, તેને આત્મા કાંઈ ખાતો નથી ને પીતો પણ નથી. એ ક્રિયા આત્મા કરી શકતો જ નથી તેમ જ છોડી પણ શકતો નથી. આત્મા પરને ગ્રહી શકતો નથી અને છોડી પણ શકતો નથી. ફક્ત તેમાં જે વિકલ્પ-રાગ થાય છે તે નિશ્ચય સ્વભાવનો આશ્રય કરતા હેય થઈ જાય છે.

અહા ! ભગવાન કહે છે કે ભાઈ ! જેનો સ્વભાવ પૂર્ણ, અપરિમિત, એકરૂપ, અનાદિ-અનંત છે તે ચીજને જેણે અંગીકાર કરી તેને હવે શું બાકી રહ્યું ? અર્થાત્ જેણે દૃષ્ટિમાં ભગવાનને (આત્માને) આદર્યો તેને તો ભગવાન-પરમાત્માનો અંદરમાં ભેટો થયો. તો પછી તેને હવે શું જોઈએ ? અહા ! ધર્મીજીવને તો આ એક જ ઉપાદેય છે. બાકી જગતની કોઈ ચીજમાત્ર - અનુકૂળતા, પ્રતિકૂળતા કે પર્યાય - આદરણીય છે નહીં. અનુકૂળતા કે પ્રતિકૂળતા તો મિથ્યાદૃષ્ટિએ માની છે. બાકી તે છે કે દિ' ? કેમકે એ તો જ્ઞેય છે. છતાં મિથ્યાદૃષ્ટિએ જ્ઞેયના બે ભાગ પાડ્યા છે કે આ અનુકૂળ છે ને આ પ્રતિકૂળ છે. એકના બે ભાગ તેણે પાડ્યા છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**શ્રોતા:-** સેવા કરનાર હોય એવી અનુકૂળતા - સગવડતા હોય તો ઠીક ને ?

**પૂજ્ય ગુરુદેવશ્રી:-** ધૂળેય તેમાં ઠીક નથી સાંભળને ? બહારમાં સુખ માનીને ભાઈ ! તું ભ્રમણામાં પડ્યો છો. જગતમાં કાંઈપણ સગવડતા ને ઈષ્ટ હોય તો તે પોતાનો ભગવાન આત્મા છે અને કાંઈપણ અગવડતા હોય તો તે વિકારીભાવ છે. એ સિવાય કાંઈપણ સગવડતા કે અગવડતા છે એમ વીતરાગ પરમાત્મા કહેતા નથી.

## શ્લોક - ૫૪ ઉપરનું પ્રવચન

**'સર્વ તત્ત્વોમાં જે એક સાર છે.'** જીવ, અજીવ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા, મોક્ષ - એ બધા તત્ત્વોમાં એક સાર આત્મા છે. ગાથામાં સાત તત્ત્વો કહ્યાં હતા ને ? તો સર્વ તત્ત્વો કહેતાં એ સાત તત્ત્વોમાં જો કોઈ સાર હોય તો તે ત્રિકાળી ચૈતન્ય ભગવાન આત્મા છે.

અહા ! (૩૮ મી ગાથાની ટીકામાં) 'સાત તત્ત્વોનો સમૂહ' એમ કહ્યું હતું ને ? અને મૂળ પાઠ પણ 'जीवादिबहितच्चं' એમ હતો ને ? તો, તેમાંથી જ આ અર્થ કર્યો છે અને પુણ્ય-પાપ તત્ત્વોને આસ્રવમાં લીધા છે, પણ ભિન્ન રાખ્યા નથી. અહીં કહે છે કે **'સર્વ તત્ત્વોમાં જે એક સાર છે'.** પર્યાયરૂપ જીવતત્ત્વ, અજીવતત્ત્વ, રાગરૂપ આસ્રવતત્ત્વ, બંધતત્ત્વ અને સંવર-નિર્જરા-મોક્ષતત્ત્વ - એ બધામાં પણ એક ત્રિકાળી ભગવાન આત્મા જ એક સાર છે, બાકી કોઈ સાર છે નહીં. અજ્ઞાની તો પાંચ-પચીસ લાખ રૂપિયા મળે કે દુનિયામાં વખાણ-પ્રશંસા થાય તેને સારપણું માને છે, પણ ધૂળેય તેમાં સારપણું નથી.

**'જે સમસ્ત નાશ પામવાયોગ્ય ભાવોથી દૂર છે'.** શું કહે છે ? કે પુણ્ય-પાપના ભાવ નાશ પામવાયોગ્ય છે, સંવર નાશ પામવાયોગ્ય છે, નિર્જરા નાશ પામવાયોગ્ય છે ને મોક્ષ પણ નાશ પામવાયોગ્ય છે. કેમ કે પર્યાય છે ને ? અરે ! ચારેય ભાવો નાશ પામવાયોગ્ય છે. ક્ષાયિકભાવ - કેવળજ્ઞાન હો તો પણ તે એક સમય જ રહે છે, માટે તે પણ નાશ પામવાયોગ્ય છે. **'જે સમસ્ત'** અર્થાત્ જેટલા બદલવાયોગ્ય પર્યાયો છે તે બધાય **'નાશ પામવાયોગ્ય'** છે અને એવા નાશ પામવાયોગ્ય ભાવોથી આત્મા દૂર છે એમ કહે છે. સંવર-નિર્જરાનો પર્યાય ને મોક્ષ-સિદ્ધપર્યાય પણ નાશ પામવાયોગ્ય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે અને તેનાથી દ્રવ્ય દૂર છે. શ્લોકમાં 'सकलविलयदूरः' એમ છે ને ? તો તેનો એ અર્થ છે કે નાશ પામવાયોગ્ય ભાવોથી દ્રવ્ય દૂર છે.

અહા ! આ બહુ ઊંચો કલશ છે, જૈનશાસનનું માખણ છે. અહા ! કેવળજ્ઞાનનો પર્યાય પણ, કહે છે કે, નાશવાન છે. બીજે સમયે તે ક્યાં રહે છે ? પુણ્ય-પાપના વિકલ્પો જેમ નાશવાન છે, તે એક સમય રહે છે ને બીજે સમયે તેનો વ્યય થઈ જાય છે તેમ સિદ્ધ જેવો પર્યાય પણ એક સમય રહીને બીજે સમયે નાશ પામે છે. તો એવા 'विलयदूर' — વિલય થવાયોગ્ય જે ભાવો છે તેનાથી ધ્રુવ ભગવાન આત્મા દૂર છે, કેમ કે તે અવિનાશી છે. અર્થાત્ આ ભાવો નાશવાન છે ત્યારે આ આત્મા અવિનાશી છે - ભગવાન આત્મા ત્રિકાળ એવો ને એવો રહે છે. અહા ! પર્યાયમાં ઘણાં શુભાશુભભાવો થાય તોપણ તેના અંતરસ્વભાવમાં નુકશાન થતું નથી, તે એવો ને એવો રહે છે. તેવી રીતે કેવળજ્ઞાનાદિના પર્યાયો પ્રગટ થાય તોપણ તેમાં પુષ્ટિ થતી નથી, તે તો એવો ને એવો રહે છે એમ કહે છે. કેમકે તેને પર્યાયોથી 'દૂર' કહ્યો ને ?

અહા ! જેમ આસ્રવ, બંધ - વિકાર - નાશ પામવાયોગ્ય છે તેમ સંવર, નિર્જરા, મોક્ષ - નિર્મળપર્યાય - પણ નાશ પામવાયોગ્ય છે ને તેનાથી દ્રવ્ય દૂર છે. એટલે કે ગમે તેવો મિથ્યાત્વાદિનો આસ્રવભાવ હોય તોપણ વસ્તુ તો તેનાથી દૂર જ છે, ગમે તેવો રાગરૂપ બંધભાવ હોય તોપણ વસ્તુ તો તેનાથી દૂર જ છે અને તેવી રીતે ગમે તેવો સંવર, નિર્જરા કે કેવળજ્ઞાનાદિનો પર્યાય ઉત્પન્ન થયો હોય તોપણ વસ્તુ તો તેનાથી દૂર જ છે. ભારે વાત !

અહા ! **'સમસ્ત નાશ પામવાયોગ્ય ભાવો'** એટલે કે પર્યાયો, કેમકે દ્રવ્ય નાશ પામે એવું નથી. તો, 'સમસ્ત નાશ પામવાયોગ્ય ભાવો' નામ પર્યાય અને તેનાથી દ્રવ્ય દૂર છે. અર્થાત્ ભગવાન આત્મા - કે જે સમ્યગ્દર્શનનું ધ્યેય-વિષય છે તે - નાશ પામવાયોગ્ય પર્યાયોથી દૂર વર્તે છે, તેને પર્યાયથી કોઈ સંબંધ છે નહીં. લ્યો, આવો માર્ગ ભગવાનનો છે. કેટલાકે તો આવો માર્ગ સાંભળ્યો પણ નહીં હોય.

**શ્રોતા:-** (દ્રવ્ય ને પર્યાય) એક ક્ષેત્રમાં હોવા છતાં દૂર છે તે વાત ક્યાંથી બેસે ?

**પૂજ્ય ગુરુદેવશ્રી:-** પર્યાયનું અસ્તિત્વ એક સમયનું છે, જ્યારે દ્રવ્યનું તો ત્રિકાળી અસ્તિત્વ છે. ખરેખર તો તે બન્નેના ક્ષેત્ર પણ ભિન્ન છે. પર્યાયનું ક્ષેત્ર નિશ્ચયથી તો ત્રિકાળી દ્રવ્યથી ભિન્ન છે. તે બન્નેના ભાવ ભિન્ન છે, ક્ષેત્ર ભિન્ન છે ને બધું સત્ત્વ પણ ભિન્ન છે. એવી વાત છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અહીં કહ્યું કે **'સર્વ તત્ત્વોમાં જે એક'** - એક જ **'સાર છે, જે સમસ્ત નાશ પામવાયોગ્ય ભાવોથી દૂર છે, જેણે દુર્વાર કામને નષ્ટ કર્યો છે'.** અરે ! કામવાસના દૂર ન કરી શકાય એવી દુર્વાર છે, છતાં તે વસ્તુમાં છે જ નહીં. 'કામને નષ્ટ કર્યો છે' નો અર્થ એમ છે કે દ્રવ્યમાં કામ છે નહીં. કામ-ભોગની વાસના, ઇન્દ્ર-ઇન્દ્રાણીની વાસના કે છ ખંડના રાજ્યની વાસનાથી તો દ્રવ્ય દૂર છે. અહા ! દુર્વાર એવા કામને તેણે નષ્ટ કરી દીધો છે એટલે કે તેમાં કામ છે નહીં. 'દુર્વાર' - એમ શબ્દ છે ને ? અર્થાત્ હીન પુરુષાર્થીઓથી વારિ ન શકાય - ટાળી ન શકાય - એવી કામવાસના ત્રિકાળી વસ્તુમાં છે નહીં અને તે ત્રિકાળી વસ્તુનો આશ્રય જો લે તો વાસના રહેતી નથી. આનંદકંદ પ્રભુ આત્માનો આશ્રય લેતાં કામવાસના ઉત્પન્ન થતી જ નથી, પરંતુ વિલય પામી જાય છે.

**'જે પાપરૂપ વૃક્ષને છેદનાર કુહાડો છે'.** વૃક્ષના મૂળને કુહાડો છેદે છે ને ? તેમ પાપરૂપ વૃક્ષને છેદનાર તે કુહાડો છે એટલે કે દ્રવ્યમાં પાપ છે નહીં અને દ્રવ્યનો આશ્રય કરતાં પાપ નાશ થઈ જાય છે.

**'જે શુદ્ધ જ્ઞાનનો અવતાર છે'** એટલે કે એનું આખું અસ્તિત્વ જ શુદ્ધ જ્ઞાનમય છે. એકલું શુદ્ધ જ્ઞાન જ તેમાં રહેલું છે, પણ બીજું કાંઈ તેમાં છે નહીં. અહા ! ભગવાન આત્મા શુદ્ધ જ્ઞાનનો જ અવતાર છે અર્થાત્ જેમાં શુદ્ધ જ્ઞાન જ રહ્યું છે એવો એ છે. પરંતુ અજ્ઞાની માત્ર એક સમયના પર્યાયની રમતમાં જ રમ્યો છે, તેથી પર્યાયની પાછળ જે આખું દ્રવ્ય-વસ્તુ છે તે શું છે તેની વાત તેને સાંભળવા પણ મળી નથી.

**'જે સુખસાગરનું પૂર છે'.** જેમ દરિયાનો મોટો પ્રવાહ ચાલ્યો આવતો હોય તેમ આત્મા તો આનંદનું પૂર છે, અતીંદ્રિય આનંદનો ઢગલો છે અને તેનો આશ્રય કરતાં અતીંદ્રિય આનંદનો પ્રવાહ વહે છે. આવો એ આત્મા છે. અહા ! મૂળ વસ્તુ શું છે તેની અજ્ઞાનીને ખબર નથી. ભગવાન તીર્થંકરદેવ ત્રિલોકનાથ સર્વજ્ઞ પરમેશ્વરે કોને આત્મા કહ્યો છે તેની વાત જ સાંભળવા મળતી નથી અને જો વાત સાંભળવા મળે છે તો બધી બહારની વાતો મળે છે કે આ કરો ને તે કરો.

કહે છે કે ભગવાન કેવળી તીર્થંકરે જે આત્મા જોયો ને કહ્યો છે તે ભગવાન આત્મા આવો છે : એ તો સુખસાગરનું પૂર એવો પ્રભુ છે. પણ અરે ! એને કેમ બેસે ? અહા ! જે ધ્રુવ...ધ્રુવ... વસ્તુ છે એ તો એક સમયના પર્યાય ને વિકલ્પથી પણ રહિત છે. શુભ-અશુભ રાગ ને એક સમયના પર્યાયથી પણ રહિત એવી આખી વસ્તુ છે અને તે સુખસાગરનું પૂર છે. પાછું જોયું ? નદી ન લીધી, પણ એ તો મોટા સુખસાગરનું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



- દરિયાનું પૂર છે એમ કહે છે. અર્થાત્ એકલા અતીંદ્રિય આનંદનો એ રસકંદ છે, તેનું સત્ત્વ જ એ છે. સત્ એવા ભગવાન આત્માનું સત્ત્વ તો એકલું સુખસાગરનું પૂર છે, એનો સ્વભાવ જ સુખસાગરનો દરિયો છે અને એવા ભગવાન આત્માનો જે આશ્રય લે છે તે સુખી થાય છે. પણ કોઈ બીજાનો આશ્રય લે તો તે સુખી થાય નહીં. અરે ! અત્યારે જૈનમાં આત્માની — કે જે ત્રિકાળી ચીજ છે તેની - વાત ભુલાઈ ગઈ છે અને દયા પાળો ને વ્રત કરો એવી વાતો રહી ગઈ છે. આત્મા કોને કહેવો એ મૂળ વાતની જ ખબર નથી, એ પ્રણાલિકા જ તૂટી ગઈ છે. ત્રિલોકનાથ તીર્થંકર પરમેશ્વર જે વીતરાગ માર્ગ ફરમાવે છે તેને સંતો અહીં કહે છે અર્થાત્ ભગવાન જે કહે છે તેવું સંતો કહે છે ને તેવું પોતાનું સ્વરૂપ છે.

અહીં જોયું ? **'સુખસાગરનું પૂર'** એમ કહ્યું છે, કેમકે પૂર જોરદાર આવે છે ને ? અમારે ઉમરાળામાં મોટી કાળુભાર નદી છે. તેમાં પૂર આવે તો 'ઘોડાપૂર' આવે. 'ઘોડાપૂર' એટલે જેમ ઘોડો દોડતો આવે તેમ ત્રણ-ચાર હાથ ઊંચું પાણીનું દળ દોડતું આવે અને ત્યારે વડિલો કહે કે છોકરાવ ! ભાગી જાવ. તેમ આત્મા આનંદનું પૂર છે તેમાં સમાઈ જાવ એમ કહે છે. દૃષ્ટાંતમાં 'ભાગી જાવ' એમ છે, જ્યારે સિદ્ધાંતમાં સુખસાગરના પૂરમાં 'સમાઈ જાવ' એમ ભગવાન તીર્થંકરદેવ કેવળજ્ઞાની પરમાત્મા કહે છે. લ્યો, આ <u>केवलिपण्णत्तो धम्मो</u> છે. લોકો માંગલિકમાં બોલે ખરા કે <u>केवलिपण्णत्तं धम्मं सरणं</u>, પણ અર્થની ખબર ન મળે. તો ભગવાન કહે છે કે આનંદસાગર આત્મામાં અંતર નજર કરતાં ને તેમાં એકતા થતાં આનંદનો પ્રવાહ બહાર (પર્યાયમાં) વહે છે - આવે છે અને તે ધર્મ છે.

**પ્રશ્ન:-** ટીકાકાર મુનિરાજે આત્માને 'લડાવ્યો' (અતિશયોક્તિ કરીને કહ્યો) છે કે 'છે' એવો કહ્યો છે ?

**સમાધાન:-** ભાઈ ! ભાષા શું કહે ? ભાષા કેટલું કહે ? અરે ! કેવળીની વાણીમાં પણ આત્માનું પુરું રૂપ ન આવે. અહા ! જે સ્વભાવ છે તેનું શું કહેવું ? ભલે ક્ષેત્ર નાનું હો, તેનું કાંઈ પ્રયોજન નથી. પણ જે સ્વભાવ છે - જે ભાવરૂપ ભાવ છે - તેની શક્તિ અપાર છે. આ એક-એક ગુણની શક્તિ અપાર છે અને એવા અનંત ગુણોનું આત્મા તો પૂર છે. જેમ તે સુખસાગરનું પૂર છે તેમ જ્ઞાનનું પૂર છે, દર્શનનું પૂર છે, સ્વચ્છતાનું પૂર છે, પ્રભુતાનું પૂર છે ને કર્તા-કર્મ-કરણ-સંપ્રદાન આદિ (અનંત શક્તિઓનું) પણ આત્મા તો પૂર છે. અહા ! મુંબઈમાં તો આખો દિ' ધમાધમ-ધમાધમ હોય, તેમ અહીં કહે છે કે પર્યાયમાં વિકલ્પની જાળોનું ધમાધમ છે. પરંતુ દ્રવ્યમાં એ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ધમાધમ નથી. એ તો આનંદનું પૂર છે, જ્ઞાનનો સાગર છે, દર્શનનો મોટો પ્રવાહ છે અને એવી રીતે શાંતિ...શાંતિ...શાંતિ....અર્થાત્ ચારિત્ર અર્થાત્ વીતરાગતાનો પ્રભુ આત્મા તો કંદ છે.

**'અને જે કલેશોદધિનો કિનારો છે.'** અંદર છે ને ? કે 'क्लेशवाराशि'. વા + રાશિ = પાણીનો + ઢગલો = દરિયો. જે કલેશનો ઉદધિ છે તેનો એ કિનારો છે. બસ, કલેશના કિનારા આવ્યા, હવે પગ મૂક મુક્તિમાં એમ કહે છે. વિકલ્પરૂપી કલેશનો જે પર્યાયમાં મોટો દરિયો છે તેનો આત્મા કિનારો છે અર્થાત્ ત્યાં કલેશનો અંત આવી ગયો છે. એટલે કે આત્મામાં તો કલેશ નથી, પણ તેનો જે આશ્રય લે છે તેને પણ કલેશનો કિનારો આવી જાય છે એમ કહે છે.

અહા ! આવો આત્મા તેણે કોઈ દિ' સાંભળ્યો પણ નહીં હોય ? જૈનો તો ઘણાં છે, પરંતુ જૈનસંપ્રદાયમાં પણ આવું સાંભળવાનું મળે છે ક્યાં ? જૈન પરમેશ્વર શું કહે છે તેની વાત જ ત્યાં ક્યાં છે ? ત્યાં તો બહારની વાતો છે. અહા ! ઇન્દ્રો અને ગણધરોની સમક્ષમાં તેમ જ સંતોના ટોળા ને વાઘ-સિંહ સભામાં બેઠાં હતાં ત્યારે ત્રણલોકના નાથ પરમાત્મા-ભગવાનની વાણી એવી આવી હતી કે, અરે ભગવાન ! તું તો કલેશનો કિનારો છો ને ! તારામાં કલેશ કેવો ? અને એવા ભગવાન આત્માનો જે આશ્રય લે તેને પણ કલેશ કેવો ? તેને તો અતીંદ્રિય આનંદની છોળો ઉઠતી હોય છે.

**'તે સમયસાર (શુદ્ધ આત્મા)'**, કહે છે કે, **'જયવંત વર્તે છે'**. એટલે કે શુદ્ધ આત્મા સદાય એવો ને એવો જ છે. આ સમજાય છે ? આ બધું સમજવા જેવું છે હો, બાકી બહારની ધૂળમાં (પૈસાદિમાં) કાંઈ માલ નથી. અહીં કહે છે કે આવો ભગવાન આત્મા જયવંત વર્તે છે. અર્થાત્ તે ભગવાન આત્મા ત્રિકાળ એવો ને એવો જ રહ્યો છે અને તેનો જય હો. પરંતુ તેનો જે આશ્રય કરે છે તેને માટે જ તે જયવંત વર્તે છે હો. કેવળી પરમાત્મા તીર્થંકરદેવોએ જેવો અંતરમાં ભગવાન આત્મા જોયો ને કહ્યો છે તેનો જે આશ્રય લે છે તેને માટે તે જયવંત વર્તે છે અને તેનો (આશ્રય કરનારનો) પણ જય વર્તે છે. તેનો હવે કોઈ દિ' પરાજય થાય એમ બને નહીં એમ કહે છે.

-આમ ૩૮મી ગાથામાં માંગલિક કર્યું.

---

| | | | |
|---|---|---|---|
| ગાથા-૩૮ | પ્રવચન નં. NST | ૧૪ | તારીખ ૨-૧-૭૨ |
| શ્લોક-૫૪ | | ૩૦ | તારીખ ૨૦-૧-૭૨ |
| | | ૩૧ | તારીખ ૨૧-૧-૭૨ |
| | | ૩૨ | તારીખ ૨૨-૧-૭૨ |

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

## ❁ ગાથા - ૩૯ ❁

**णो खलु सहावठाणा णो माणवमाणभावठाणा वा ।**
**णो हरिसभावठाणा णो जीवस्साहरिस्सठाणा वा ।।३९।।**

न खलु स्वभावस्थानानि न मानापमानभावस्थानानि वा ।
न हर्षभावस्थानानि न जीवस्याहर्षस्थानानि वा ।।३९।।

**જીવને ન સ્થાન સ્વભાવનાં, માનાપમાન તણાં નહીં,**
**જીવને ન સ્થાનો હર્ષનાં, સ્થાનો અહર્ષ તણાં નહીં. ૩૯**

**અન્વયાર્થ :-** (जीवस्य) જીવને, (खलु) ખરેખર, (न स्वभावस्थानानि) સ્વભાવસ્થાનો (-વિભાવસ્વભાવનાં સ્થાનો) નથી, (न मानापमानभावस्थानानि वा) માનાપમાનભાવનાં સ્થાનો નથી, (न हर्षभावस्थानानि) હર્ષભાવનાં સ્થાનો નથી, (वा) કે, (न अहर्षस्थानानि) અહર્ષનાં સ્થાનો નથી.

**ટીકા :-** આ, નિર્વિકલ્પ તત્ત્વના સ્વરૂપનું કથન છે.

ત્રિકાળ-નિરુપાધિ જેનું સ્વરૂપ છે એવા શુદ્ધ જીવાસ્તિકાયને ખરેખર વિભાવસ્વભાવસ્થાનો (-વિભાવરૂપ સ્વભાવનાં સ્થાનો) નથી; (શુદ્ધ જીવાસ્તિકાયને) પ્રશસ્ત કે અપ્રશસ્ત સમસ્ત મોહ-રાગ-દ્વેષનો અભાવ હોવાથી માન-અપમાનના હેતુભૂત કર્મોદયનાં સ્થાનો નથી; (શુદ્ધ જીવાસ્તિકાયને) શુભ પરિણતિનો અભાવ હોવાથી શુભ કર્મ નથી, શુભ કર્મનો અભાવ હોવાથી સંસારસુખ નથી, સંસારસુખનો અભાવ હોવાથી હર્ષસ્થાનો નથી; વળી (શુદ્ધ જીવાસ્તિકાયને) અશુભ પરિણતિનો અભાવ હોવાથી અશુભ કર્મ નથી, અશુભ કર્મનો અભાવ હોવાથી દુઃખ નથી, દુઃખનો અભાવ હોવાથી અહર્ષસ્થાનો નથી.

(હવે ૩૯મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :)

*(शार्दूलविक्रीडित)*

**प्रीत्यप्रीतिविमुक्तशाश्वतपदे निःशेषतोऽन्तर्मुख-**
**निर्भेदोदितशर्मनिर्मितवियद्बिंबाकृतावात्मनि ।**
**चैतन्यामृतपूरपूर्णवपुषे प्रेक्षावतां गोचरे**
**बुद्धिं किं न करोषि वाञ्छसि सुखं त्वं संसृतेर्दुष्कृतेः ।।५५।।**

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**(શ્લોકાર્થ :-)** જે પ્રીતિ-અપ્રીતિ રહિત શાશ્વત પદ છે, જે નિઃશેષપણે અંતર્મુખ અને નિર્ભેદપણે પ્રકાશમાન એવા સુખનો બનેલો છે, જે નભમંડળ સમાન આકૃતિવાળો (અર્થાત્ નિરાકાર-અરૂપી) છે, ચૈતન્યામૃતના પૂરથી ભરેલું જેનું સ્વરૂપ છે, જે વિચારવંત ડાહ્યા પુરુષોને ગોચર છે — એવા આત્મામાં તું રુચિ કેમ કરતો નથી અને દુષ્કૃતરૂપ સંસારના સુખને કેમ વાંછે છે ? ૫૫.

## ગાથા - ૩૯ ઉપરનું પ્રવચન

**'આ, નિર્વિકલ્પ તત્ત્વના સ્વરૂપનું કથન છે.'** (૩૮મી ગાથામાં) જેને 'આત્મા' કહ્યો હતો તેનું જ આ કથન છે. એટલે કે અગાઉ કહ્યું હતું એ જ કથન અહીંયા બીજી રીતે કહે છે. અહા ! શુદ્ધભાવ કહો, નિર્વિકલ્પ તત્ત્વ કહો, કારણપરમાત્મા કહો કે કારણજીવ કહો — એક જ છે.

(ગાથા ૩૯ થી ગાથા ૪૫ સુધીમાં -૪૯- બોલ કહ્યાં છે અને તે આત્મામાં ભેદ નથી તેના સૂચક છે. માટે, અહીંથી ૧,૨,૩,... એમ નંબર આપ્યા છે.)

(૧) **'ત્રિકાળ-નિરુપાધિ જેનું સ્વરૂપ છે.'** ભગવાન આત્માનું ત્રિકાળ-નિરુપાધિ સ્વરૂપ છે. તેનું સ્વરૂપ જ નિરુપાધિ છે, તેમાં ઉપાધિ છે નહીં. **'એવા શુદ્ધ જીવાસ્તિકાયને'**....જોયું ? 'એવા શુદ્ધ જીવને' - એમ ન કહેતાં, 'એવા શુદ્ધ જીવાસ્તિકાયને' -એમ કહ્યું છે. કેમકે જીવ 'અસ્તિ' છે ને 'કાય' પણ છે — અસંખ્ય પ્રદેશી છે. સર્વજ્ઞ ભગવાન સિવાય અસંખ્ય પ્રદેશી આત્માની વાત કોઈ મતમાં છે નહીં. અસંખ્ય પ્રદેશ એ આત્માનો દેશ છે. અહીંયા દ્રવ્યની વાત છે, એટલે કહે છે કે **'ત્રિકાળ-નિરુપાધિ જેનું સ્વરૂપ છે.'** પર્યાયમાં ઉપાધિ છે એ રાગ-દ્વેષરૂપ છે અને એ તો પર્યાયમાં રહી. દ્રવ્યમાં એ ઉપાધિ ક્યાં છે ?

**'એવા શુદ્ધ જીવાસ્તિકાયને'** ..... શુદ્ધ=પવિત્ર, જીવ=જીવ, અસ્તિ=છે, કાય=પ્રદેશોનો સમૂહ. જીવાસ્તિકાય=જીવ અસંખ્ય પ્રદેશના સમૂહરૂપ અસ્તિત્વવાળો છે. અહીં કહે છે કે ત્રિકાળ નિરુપાધિ જીવને **'ખરેખર વિભાવસ્વભાવસ્થાનો નથી'.** શુભ-અશુભરાગરૂપ વિભાવના પ્રકાર તેનામાં નથી. દયા, દાન, વ્રત, પૂજા, ભક્તિ, કામ, ક્રોધ આદિ બધા શુભાશુભભાવ વિભાવ છે ને તે વિભાવસ્વભાવના ભેદો દ્રવ્યમાં નથી. કેમ કે દ્રવ્ય તો નિર્વિકલ્પ છે, તેમાં આ વિભાવ કેવા ?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અહા ! આ વાત તો દ્રવ્ય ને પર્યાય વચ્ચેની છે. પર્યાયમાં જે છે એ દ્રવ્યમાં નથી ને દ્રવ્યમાં જે છે તે પર્યાયમાં નથી. રાગ-દ્વેષ, પુણ્ય-પાપ, સંકલ્પ-વિકલ્પ આદિ વિભાવ તેની દશામાં છે, પણ વસ્તુમાં નથી. ત્રિકાળ-નિરુપાધિરૂપ ભગવાન આત્મામાં વિભાવ કેવો ? વળી જોયું ? 'વિભાવસ્વભાવ' કહ્યો છે. પાઠમાં તેને (વિભાવને) સ્વભાવ કહ્યો છે. 'णो खलु सहावठाणा' -એમ પાઠમાં લીધું છે. તો વિભાવને પણ સ્વભાવ કહેવાય છે. કેમકે એ દ્રવ્યના પર્યાયનો ભાવ છે ને ? પોતાનો ભાવ છે ને ? મિથ્યાત્વ, રાગ, દ્વેષ આદિ તેના પર્યાયનો - અવસ્થાનો ભાવ છે, છતાં એ વસ્તુમાં નથી. કેમકે વસ્તુ નિર્વિકલ્પ તત્ત્વ છે અને તેને અહીં 'શુદ્ધભાવ' કહેવામાં આવે છે. લ્યો, પ્રત્યેક ગાથામાં આવી વાત છે. અત્યાર સુધી જે સાંભળ્યું હતું તેમાં આવું એક વાક્ય પણ કોઈ દિ' સાંભળ્યું હતું ?

અહા ! **'વિભાવસ્વભાવસ્થાનો'** એવી ભાષા છે ને ? તો એનો અર્થ એ છે કે વિભાવરૂપ સ્વભાવના પ્રકારો-ભેદો. (સ્થાનો=ભેદો.) અસંખ્ય પ્રકારના શુભભાવ - દયા, દાન, પૂજા, ભક્તિ આદિ બધા શુભભાવ - પણ વિભાવભાવ છે. આ 'ઉપવાસ કરું' એવો જે વિકલ્પ ઉઠે છે તે પણ પૂર્ણપણે વિભાવભાવ છે અને એવા વિભાવસ્વભાવના ભેદો નિર્વિકલ્પ અભેદ એવી ચૈતન્યમૂર્તિમાં નથી.

(૨) હવે કહે છે કે **'(શુદ્ધ જીવાસ્તિકાયને)'**.....ઉપર 'જીવાસ્તિકાય' શબ્દ આવ્યો છે ને ? એટલે બીજા બધા બોલમાં પણ તે શબ્દ લઈ લીધો છે. તો શુદ્ધ + જીવ + અસ્તિ + કાય = પવિત્ર + ભગવાન આત્મા + હોવાવાળો + અસંખ્ય પ્રદેશી. અસંખ્ય પ્રદેશી હોવાવાળા એવા પવિત્ર ભગવાન આત્માને **'પ્રશસ્ત કે અપ્રશસ્ત સમસ્ત મોહ-રાગ-દ્વેષનો અભાવ હોવાથી'** ....તેને શુભરાગ નથી, અશુભરાગ નથી ને મોહ પણ નથી. તેથી **'માન-અપમાનના હેતુભૂત કર્મોદયનાં સ્થાનો નથી.'** માન-અપમાનના હેતુભૂત સ્થાન નથી. બહારમાં લોકો અભિનંદનપત્ર આપે, 'મોટો' કહે વગેરે એવી અનેક પ્રકારની અનુકૂળતા હોય તો તેને ઓહો....હો.. થઈ જાય છે — જે માન છે અને જો લોકો અપમાન કરી નાખે તો પ્રતિકૂળતા લાગે છે. આવા જે માન-અપમાન થાય છે તે, અહીં કહે છે કે, વસ્તુમાં નથી. કોના માન ને કોના અપમાન ! તો, માન-અપમાનનો હેતુ જે કર્મનો ઉદય છે તેના ભેદો વસ્તુમાં નથી.

(૩) **'(શુદ્ધ જીવાસ્તિકાયને) શુભ પરિણતિનો અભાવ હોવાથી'** .... ભગવાન આત્મામાં શુભપર્યાય - આ દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ - છે જ નહીં.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તો પછી તેને કોણ કરે છે ?

ભાઈ ! જીવ પોતે અજ્ઞાનભાવથી તેને કરે છે અને ત્યાંસુધી તેના પર્યાયમાં છે ને જીવના છે અર્થાત્ જ્યાંસુધી તે શુભભાવને અજ્ઞાની કરે છે ત્યાંસુધી તો જીવના છે, પરંતુ તે પર્યાયમાં છે હો, વસ્તુમાં નહીં. તેથી અહીં કહે છે કે **'શુભ પરિણતિનો અભાવ હોવાથી'**..... તીર્થંકર પ્રકૃતિ બાંધવાનો જે શુભભાવ આવે છે તેનો પણ ભગવાન આત્માના સ્વભાવમાં અભાવ છે.

**પ્રશ્ન :-** શું કોઈ આત્મા તીર્થંકર થતો જ નથી ?

**સમાધાન :-** આત્મા તીર્થંકર થતો જ નથી, એ તો કેવળજ્ઞાન પામે છે. શું એ સમવસરણમય થઈ જાય છે ? ના, એ તો કેવળજ્ઞાનમય થઈ જાય છે. સમવસરણાદિ તો સંયોગની વાત છે. 'पुण्णफला अरहंता' એટલે કે પુણ્ય હોય તો અરહંતપદ (સંયોગ) મળે. પણ તેથી કરીને એ સંયોગરૂપ જીવનો પર્યાય થઈ જાય છે ? ના. એ સમવસરણાદિ તો સંયોગ છે અને તે સંયોગમાં આત્મા આવ્યો જ છે ક્યાં ? સંયોગમાં આત્મા છે કે દિ' ?

તીર્થંકરના વખાણ તો બહુ થાય છે ને ?

એ તો પુણ્યની અપેક્ષાએ વાત કરે, કેમકે પુણ્યની ૪૨ પ્રકૃતિમાં તે ઊંચામાં ઊંચી છે ને ? એટલે પ્રકૃતિની અપેક્ષાએ વખાણ થાય. નહીંતર તો તીર્થંકર સિવાયના જે કોઈ કેવળજ્ઞાન પામે છે તે બધાય પણ ગુણની અપેક્ષાએ તો સરખા જ છે. ગુણમાં શું ફેર છે ? જે કોઈ કેવળજ્ઞાન પામે છે તે પણ પૂર્ણ આનંદમાં છે ને તીર્થંકર પણ પૂર્ણ આનંદમાં છે. પણ તીર્થંકરને સમવસરણ છે ને અન્ય કેવળીને તે નથી એટલે કાંઈ તે બન્નેના સુખમાં ફેર છે ? ગુણની દશામાં ફેર છે ?

અહીં કહે છે કે **'(શુદ્ધ જીવાસ્તિકાયને) શુભ પરિણતિનો અભાવ હોવાથી શુભ કર્મ નથી'**. પણ શુભ પરિણતિ હોય તો શુભ કર્મ થાય ને ? અને **'શુભ કર્મનો અભાવ હોવાથી સંસારસુખ નથી.'** લ્યો, સંસારના માનેલા - પૈસા, સ્ત્રી, પુત્ર, કુટુંબ, અનુકૂળતા કે કલ્પનાનું - સુખ સ્વરૂપમાં છે નહીં. એ કલ્પના દુઃખમય દશા છે. સંસારસુખ આત્મામાં છે નહીં. જો કે સંસારના કલ્પનાના સુખ અર્થાત્ સંસારમાં સુખની કલ્પના છે તો દુઃખ, પણ લોકો તેને 'સુખ' કહે છે ને ? તેથી તે અપેક્ષાએ અહીં વાત કરી છે. બાકી તે સંસારસુખ સુખ જ નથી.

**'સંસારસુખનો અભાવ હોવાથી હર્ષસ્થાનો નથી.'** કહે છે કે પાંચ લાખની મુડી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



હોય ને એકના એક દિકરાના લગ્નમાં એક લાખ ખર્ચવા હોય તો 'આહા....હા... !' થઈ જાય -એમાં હર્ષ આવી જાય. એવો હર્ષ આત્મામાં નથી.

(૪) **'વળી (શુદ્ધ જીવાસ્તિકાયને) અશુભ પરિણતિનો અભાવ હોવાથી અશુભ કર્મ નથી'.** ભગવાન આત્મામાં મિથ્યાત્વાદિ અશુભભાવનો અભાવ છે. કેમકે અશુભ પરિણતિ પર્યાયમાં છે, દ્રવ્યમાં-વસ્તુમાં ક્યાં છે ? અને તેથી તો ટળે છે ને ? **'અશુભ કર્મનો અભાવ હોવાથી દુઃખ નથી, દુઃખનો અભાવ હોવાથી અહર્ષસ્થાનો નથી.'** આત્મામાં-વસ્તુમાં શોક નથી. ફક્ત તેના પર્યાયમાં શોકને ઉત્પન્ન કરે છે. બાકી વસ્તુમાં તે ક્યાં છે ? વસ્તુ તો વસ્તુ છે. હર્ષ ને અહર્ષસ્થાનો તેનામાં નથી. આવું જે નિર્વિકલ્પ ચૈતન્યતત્ત્વ છે તે જ ઉપાદેય છે ને અનુભવ કરવાલાયક છે એમ અહીંયા કહેવામાં આવે છે.

## શ્લોક - ૫૫ ઉપરનું પ્રવચન

**'જે પ્રીતિ-અપ્રીતિ રહિત શાશ્વત પદ છે.'** શું કહે છે? કે નિત્યાનંદસ્વરૂપ ધ્રુવ ભગવાન આત્મામાં પ્રીતિ કે અપ્રીતિ — કાંઈપણ છે નહીં. પ્રીતિ=રાગ ને અપ્રીતિ=દ્વેષ. અનાદિ-અનંત ને એક સમયના પર્યાય વિનાની વસ્તુ - કે જે ત્રિકાળ ધ્રુવ ચૈતન્યબિંબ છે તે - ઉત્પાદવ્યય વિનાની છે.

'उत्पादव्ययध्रौव्ययुक्तं सत्' એમ આવે છે ને ? (તત્ત્વાર્થસૂત્ર અધ્યાય ૫, સૂત્ર-૩૦) પણ અહીં કહે છે કે આ આત્મવસ્તુ એવી છે કે જેમાં ઉત્પાદ-વ્યય નથી. ઉત્પાદ-વ્યયરૂપ પર્યાય વિનાનો એ છે, કેમકે ઉત્પાદ-વ્યય તો નાશવાન છે અને એ વાત તો (કલશ-૫૪માં) આવી ગઈ છે ને ? અહા ! ઉત્પાદ-વ્યયરૂપ જે પર્યાય છે એ તો નાશવાન છે, એક સમયનો છે. જ્યારે તેનાથી રહિત આ ત્રિકાળી શાશ્વત પદ રાગ-દ્વેષ વિનાનું છે. અર્થાત્ ધ્રુવ ને નિત્યસ્વભાવી એવો આત્મા રાગ-દ્વેષ રહિત શાશ્વત પદ છે અને તેમાં દૃષ્ટિ કરવા જેવી છે. જેને સમ્યગ્દર્શન પ્રગટ કરવું હોય, જેને ધર્મ પ્રગટ કરવો હોય તેણે આ શાશ્વત પદમાં દૃષ્ટિ મૂકવા જેવી છે. નિમિત્તની બુદ્ધિ છોડી, રાગની બુદ્ધિ છોડી ને એક સમયના પર્યાયની પણ બુદ્ધિ છોડીને ત્રિકાળી દ્રવ્યની બુદ્ધિ કરવા જેવી છે અને તેનું નામ ભગવાન સમ્યગ્દર્શન કહે છે. 'પ્રીતિ-અપ્રીતિ રહિત'નો અર્થ એ છે કે આત્મા વીતરાગબિંબસ્વરૂપ છે, જિનસ્વરૂપ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અહા ! આત્મા જિનસ્વરૂપ જ છે અને એવો એ આત્મા **'નિઃશેષપણે અંતર્મુખ'** છે. એ સર્વથા અંતર્મુખ છે. બાહ્ય પર્યાયમાં એ ચીજ આવતી નથી. પહેલાં એમ કહ્યું કે તે પુણ્ય-પાપ અર્થાત્ પ્રીતિ-અપ્રીતિથી રહિત છે અને હવે કહ્યું કે તે સર્વથા અંતર્મુખ છે. એક સમયના પર્યાયમાં પણ એ ધ્રુવદ્રવ્ય આવતું નથી. તો પછી સ્ત્રી, પૈસા, પુત્રમાં તો એ કયાંથી આવે ? શું આત્મા તેમાં જતો હશે ? ના. તે અજીવમાં જીવદ્રવ્ય પણ ન જાય અને તેનો પર્યાય પણ ન જાય. હા, બહુ થાય તો પોતાની એક સમયની અવસ્થામાં જીવનું પરિણમન - એનો પર્યાય — જાય. પરંતુ અહીં તો કહે છે કે એ અવસ્થામાંય ત્રિકાળી ચીજ તો આવતી નથી. આવી વસ્તુ છે !

કહે છે કે **'જે નિઃશેષપણે અંતર્મુખ અને નિર્ભેદપણે પ્રકાશમાન એવા સુખનો બનેલો છે.'**

કેવો છે આ આત્મા ?

કે તે નિઃશેષપણે અંતર્મુખ છે ને અંતરમાં જતાં - અંતરમાં ઊંડા ઊતરતાં - જે સુખ પ્રગટ થાય છે તેવા સુખનો બનેલો છે. ચૈતન્યમૂર્તિ શાશ્વત પદમાં — કે જે અંતર્મુખ છે તેમાં — ઊંડા ઉતરતાં તેમાંથી પ્રગટ થતા સુખનો તે બનેલો છે. **'એવા સુખનો બનેલો છે'** એટલે કે તે સુખરૂપ છે, અનાદિનો તે સુખસ્વરૂપ છે. કહે છે કે શુદ્ધ ચૈતન્યઘન - સ્વરૂપ વસ્તુ પર્યાય વિનાનું શાશ્વત પદ છે. એક સમયનો પર્યાય પણ જેમાં નથી એવી એ શાશ્વત ચીજ છે. તેમાં ઊંડા ઉતરતાં તેમાંથી પ્રગટ થતા સુખનો તે બનેલો છે અર્થાત્ તે આનંદમૂર્તિ છે. અહા ! અંદર શાશ્વત વસ્તુ ભગવાન આત્મા..... પોતે આત્મા ભગવાન છે હો. તો તે અનાદિ-અનંત - શાશ્વત - સુખસ્વરૂપ છે અને તેની દૃષ્ટિ કરતાં સમ્યગ્દર્શન થાય છે.

**'જે નભમંડળ સમાન આકૃતિવાળો (અર્થાત્ નિરાકાર-અરૂપી) છે.'** આકાશને જેમ (પર સાપેક્ષ) આકાર નથી અને તે અરૂપી છે તેમ જેની અંદર એકલો આનંદ જ ભરેલો છે એવો ધ્રુવ નિત્ય ભગવાન આત્મા અરૂપી ને (પર સાપેક્ષ) આકાર વિનાનો - નિરાકાર છે.

વળી, **'ચૈતન્યામૃતના પૂરથી ભરેલું જેનું સ્વરૂપ છે.'** વસ્તુનું - દ્રવ્યનું - પર્યાય સિવાયના શાશ્વત પદાર્થનું - સ્વરૂપ ચૈતન્યામૃતથી છલોછલ ભરેલું છે. જે એક સમયનો પર્યાય - અવસ્થા - દશા - છે તે સિવાયની આખી ચીજનું સ્વરૂપ ચૈતન્યામૃતના પૂરથી ભરેલું છે. મતલબ કે ચૈતન્યરૂપી અમૃતના પૂરથી ભરેલું આત્માનું સ્વરૂપ છે. અહા !

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જે જડ અમૃત છે તે નહીં, પરંતુ એકલા ચૈતન્યમૃતના પૂરથી ભરેલું તેનું સ્વરૂપ છે. જુઓ ! 'સુખનો બનેલો છે' એમ તો પહેલાં કહ્યું. પણ હવે 'પૂરથી ભરેલું' એમ કહે છે અર્થાત્ અંદરમાં આત્મસ્વભાવ જોરદાર છે એમ કહેવું છે. લ્યો, આવું તેનું સ્વરૂપ છે !

હવે કહે છે કે 'પ્રેક્ષાવતાં ગોચરે' **'જે વિચારવંત ડાહ્યા પુરુષોને ગોચર છે.'** - જોનારને એ ગોચર છે.

**પ્રશ્ન :-** આ આત્મા આવો છે તોપણ અનાદિથી રખડ્યો કેમ ? આવું સ્વરૂપ છે છતાં રખડે છે કેમ ? અનાદિથી કેમ જણાતો નથી ?

**સમાધાન :-** જેવું સ્વરૂપ છે તેવું તે માનતો નથી માટે રખડે છે અને અંદર જેવું સ્વરૂપ છે તેવું માને તેના માટે જ તે સ્વરૂપ છે. નહીંતર તો — તે સ્વરૂપને માન્યા વિના તો - 'તે છે' એવું આવ્યું ક્યાંથી ? માટે અહીં એમ કહ્યું છે કે 'પ્રેક્ષાવતાં ગોચરે' - વિચારવંતને તે ગમ્ય છે. જે એને જોવા માગે છે તે એને જોઈ શકે (-તેને જોવામાં આવે) એવી એ ચીજ છે એમ કહે છે. અહા ! બહુ સરસ કહ્યું છે કે 'પ્રેક્ષાવતાં ગોચરે'.

અહા ! પહેલાં તો એમ કહ્યું હતું કે ચારભાવોને આત્મા ગમ્ય નથી. ઔદયિક, ઔપશમિક, ક્ષાયોપશમિક ને ક્ષાયિકભાવથી આત્મા અગોચર છે એમ આવ્યું હતું. (ગાથા ૩૮) પણ હવે અહીં કહે છે કે જ્ઞાનીને તે ગમ્ય છે. જે જોવા માગે છે તેને એ દેખાય છે, જણાય છે. એટલે કે આત્માને અનુભવવા માગે તો તેના અનુભવમાં તે આવી શકે છે. ઘણાં વર્ષો પહેલાં પ્રશ્ન થયો હતો કે કારણપરમાત્મા છે તો કાર્ય કેમ ન આવે ? કાર્ય કેમ ન થાય ? કારણ છે તો તેનું કાર્ય આવવું જ જોઈએ ? પણ ભાઈ ! કોને માટે કારણપરમાત્મા છે ? 'કારણપરમાત્મા છે' એવો જે સ્વીકાર કરે છે તેને કારણપરમાત્મા છે કે જે માત્ર પર્યાયનો જ સ્વીકાર કરે છે તેને કારણપરમાત્મા છે ? જે માત્ર એક સમયના પર્યાયનો સ્વીકાર કરે છે તેને માટે તો તે નથી. એક સમયના પર્યાયનો જ સ્વીકાર કરનાર ત્રિકાળી દ્રવ્યનો સ્વીકાર કરતો નથી. તેથી તેના માટે કારણપરમાત્મા છે જ નહીં. ઝીણું તત્ત્વ છે ભાઈ ! કેમકે આ તો વીતરાગ માર્ગ છે.

અહા ! સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવે કહેલો આત્મા આવો છે. પરંતુ 'આત્મા આવો છે' એવી માન્યતા જે કરે છે તેના માટે તે છે ને ? જે આવી માન્યતા નથી કરતો તેની માન્યતામાં તો એક સમયનો પર્યાય ને રાગ છે. તેથી તે માટે તો આ ત્રિકાળી કારણપરમાત્મા છે એમ ક્યાં આવ્યું ?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

શું કહ્યું તે સમજાણું કે નહીં ?

આત્મવસ્તુ ત્રિકાળી ધ્રુવ છે. -એક વાત. પર્યાય એક સમયનો છે. -બીજી વાત. અને તે બે થઈને આખું તત્ત્વ છે. પરંતુ અનાદિથી જેનો સ્વીકાર કેવળ પ્રગટ પર્યાય ઉપર છે તેને તો કારણપરમાત્મા છે જ કયાં ? જે અવસ્થા છે તે પ્રગટ છે. તો તે પ્રગટ અવસ્થા ઉપર જ જેને વિશ્વાસ છે, જેની દૃષ્ટિ ને રુચિ છે તેને આ કારણપરમાત્મા છે જ કયાં ? તેને તો આ પર્યાયનો જ સ્વીકાર છે. અહા ! એ કારણપરમાત્મા ત્રિકાળ શાશ્વત છે. પરંતુ વર્તમાન એક સમયની અવસ્થાની રુચિ છોડીને ત્રિકાળી દ્રવ્યની દૃષ્ટિ ને રુચિ જે કરે છે તેને એ ગોચર છે. એ વાત અહીં કહે છે કે વસ્તુ જે કારણપરમાત્મા છે તેને સમજવા માગે અર્થાત્ વસ્તુને વિચારે અને તે તરફ ઢળે તો સમજણમાં આવી શકે તેમ છે. પરંતુ એક સમયની અવસ્થાની રુચિમાં તે પૂર્ણ સામાન્ય ઢંકાઈ ગયો છે ને માત્ર વિશેષ જ તેની દૃષ્ટિમાં રહી ગયો છે. ઝીણી વાત છે ભાઈ ! આ તો અપૂર્વ વાત છે. અનંત કાળના જન્મ-મરણ કેમ મટે મતલબ કે ૮૪ લાખ યોનિના અવતાર કેમ ટળે તેની આ વાત છે. આ કાંઈ નાની-સૂની વાત નથી, પરંતુ મોટી ને મહત્ત્વની છે.

અહા ! ભગવાન આત્મા એક સમયના પર્યાય વિનાની ચીજ છે. એ અખંડાનંદ - અભેદ - નિર્ભેદ - શાશ્વત ચીજ છે. પરંતુ જે 'છે' તેની દૃષ્ટિ કરે ને તેને સ્વીકારે તેને માટે તે છે. જો તેને ન સ્વીકારે ને પર્યાયને જ સ્વીકારે તો તેને માટે તે 'છે' એમ કયાં આવ્યું ? જ્ઞાની કહે છે કે 'આ છે', પરંતુ અજ્ઞાની માટે 'આ છે' એમ યથાર્થપણે કયાં આવ્યું ? અહા ! પ્રભુ ભગવાન આત્માનું - નિજ કારણપરમાત્માનું - નિજ કારણજીવનું - સ્વરૂપ ધ્રુવ ચૈતન્ય છે, પરંતુ તે કોને માટે છે ? કે જેને તેનો સ્વીકાર થયો છે તેને માટે તે છે. જેણે અંદર જઈને વર્તમાન જ્ઞાનની દશામાં - અવસ્થામાં - તેનો સ્વીકાર કર્યો છે તેને માટે તે છે. આવી અપૂર્વ વાત છે ! જો કે તેનો સ્વીકાર તો એક સમયનો પર્યાય કરે છે, પરંતુ એ પર્યાય અંદર ઢળે છે ત્યારે તેનો સ્વીકાર થાય છે અને ત્યારે તેને માટે 'આ દ્રવ્ય છે' એમ કહેવાય છે. નહીંતર તો, આ પર્યાય છે એટલો જ હું છું એમ તેની દૃષ્ટિમાં છે. જે એક સમયની પ્રગટ દશા છે તેનો - વ્યકત પર્યાયનો - અનુભવ તો અનાદિનો છે અર્થાત્ પર્યાયદૃષ્ટિ તો અનાદિની છે, કારણ કે એક સમયની દશા સિવાયની જે આખી ચીજ છે તે તેની દૃષ્ટિમાં આવી નથી, કોઈ દિ' તેની દૃષ્ટિ કરી નથી.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કહે છે કે **'જે પ્રેક્ષાવતાં - વિચારવંત ડાહ્યા પુરુષોને ગોચર છે.'....** વિચારવંતને ગમ્ય છે, ડાહ્યા પુરુષોને ગમ્ય છે, સમજનારને ગમ્ય છે. ચૈતન્યામૃતથી ભરેલું એવું જે શાશ્વત પદ છે તે વિચારવંતને એટલે કે સમકિતીને ગમ્ય છે. અહો ! સમ્યગ્દષ્ટિને એ ત્રિકાળી વસ્તુ ગમ્ય છે. સમ્યગ્દર્શનમાં પૂર્ણસ્વરૂપ ભગવાન આત્માનો તેણે સ્વીકાર કર્યો છે અને તેથી તો તેને સમ્યગ્દર્શન થયું છે. માટે સમ્યગ્દષ્ટિને તે ગમ્ય છે. એટલે કે એ ચૈતન્યવસ્તુ આવી છે એમ તેને અનુભવમાં આવે છે. અહા ! આવડું મોટું જે અસ્તિત્વ છે તે મોટા અસ્તિત્વ તરફ દૃષ્ટિ ગયા વિના અને જ્ઞાનપર્યાયનો વર્તમાન પ્રગટ અંશ તે તરફ ઢળ્યા વિના 'આ છે' એમ જાણે કોણ ? માટે અંતર તરફ જનારને તે ગમ્ય છે અને તે જ તેને માને છે, શ્રદ્ધે છે.

અહા ! -**'જે વિચારવંત ડાહ્યા પુરુષોને ગોચર છે એવા આત્મામાં'....** જુઓ ! વિચારવંત ડાહ્યા પુરુષોને આત્મા ગમ્ય છે એમ કહે છે. કેમકે 'એવા આત્મામાં' એમ કહ્યું છે ને ? તો પછી **'એવા આત્મામાં તું રુચિ કેમ કરતો નથી ?'** એક સમયના પર્યાયની ને દયા-દાનના વિકલ્પની - રાગની - રુચિ કરે છે તો ત્રિકાળી દ્રવ્યની રુચિ કેમ કરતો નથી ? અને તે પણ તું જ રુચિ કરતો નથી હો. કોઈ કર્મ નડે છે માટે તું રુચિ કરતો નથી એમ નથી. આવી વાત છે.

જોયું ? ભાષા શું છે ? કે 'बुद्धिं किं न करोषि' - એમ છે ને ? એટલે કે **'એવા આત્મામાં તું'** - તું પોતે જ - **'રુચિ કેમ કરતો નથી ?'**

**પ્રશ્ન :-** ભાઈશાબ ! શું કરીએ કર્મ નડે છે ? કોઈ કર્મ નડતું હશે તેથી જ અનાદિ કાળથી આ બધું ન થયું એમ હશે ને ?

**સમાધાન :-** ભાઈ ! તું જ તને - તારી ઊંધી દૃષ્ટિ જ તને - નડે છે. ભેદજ્ઞાન કરવાની શક્તિ વિનાની જે તારી દૃષ્ટિ છે તે તને નડે છે, પણ કર્મ નડતું નથી. 'સમયસાર'માં કહ્યું છે ને ? સમયસાર કલશ (૧૩૧)માં શ્રી અમૃતચંદ્રાચાર્ય કહે છે કે 'भेदविज्ञानतः सिद्धाः सिद्धा ये किल केचन' અત્યાર સુધી જે કોઈ સિદ્ધપદને પામ્યા છે તે બધા ભેદવિજ્ઞાનથી પામ્યા છે. નિમિત્ત ને રાગથી પણ જુદા પડીને જેણે પર્યાયને અંતરમાં વાળ્યો છે એવા ભેદવિજ્ઞાની જીવો જ સિદ્ધપદ પામ્યા છે. તેમને કર્મનો અભાવ થયો માટે ભેદજ્ઞાન થયું ને સિદ્ધપદ પામ્યા એમ નથી, પણ પોતાના પુરુષાર્થથી જ તેઓ સિદ્ધપદ પામ્યા છે. પરથી અને રાગથી ભેદ પાડીને જ જીવો સિદ્ધપદ પામ્યા છે અને 'अस्यैवाभावतो बद्धा' - જેઓ પરથી અને રાગથી ભેદ પાડતા નથી તેઓ ભેદ નહીં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પાડવાના કારણે જ બંધાયેલા છે. પણ કોઈ દર્શનમોહનીય કે ચારિત્રમોહનીય કર્મનું જોર છે માટે તેઓ બંધાયેલા છે એમ નથી. આવી વાત છે !

અહા ! ત્રિકાળી દ્રવ્ય બાજુ ઢળવાનું કાર્ય જે કરતો નથી તે બંધાયેલો છે અને તે બાજુ ઢળવાનું કાર્ય જે કરે છે તે સિદ્ધપદ પામે છે. માટે પોતાની જ ભૂલ છે. 'અપનેકો આપ ભૂલકે હૈરાન હો ગયા.' પરંતુ બીજા કોઈથી હેરાન થયો છે એમ છે નહીં. કર્મ બિચારા ક્યાં હેરાન કરે છે ? ચંદ્રપ્રભુ ભગવાનની સ્તુતિમાં એ વાત આવે છે કે :

'કરમ બિચારે કૌન, ભૂલ મેરી અધિકાઈ;
અગ્નિ સહે ઘનઘાત, લોહકી સંગતિ પાઈ.'

એ તો અગ્નિએ લોઢાનો સંગ કર્યો તો તેને ઘણ પડે છે, પણ જો અગ્નિ લોઢાનો સંગ ન કરે તો તેને કોઈ ઘણ ન મારે. તેમ આત્મા પોતાના ઉલટા પુરુષાર્થથી કર્મના સંગમાં જોડાયો તો માર પડે છે, પણ કર્મ નિમિત્ત છે માટે જીવમાં મિથ્યાત્વ થાય છે એમ નથી. જીવ ઉલટી દૃષ્ટિ કરે તો મિથ્યાત્વ થાય.

અહીં કહે છે કે અરે ! **'એવા આત્મામાં'....** જે સમજુને (સમજદાર ડાહ્યા જીવને) સમજમાં આવે છે એવા આત્મામાં 'તું રુચિ કેમ કરતો નથી ?' જુઓ, મુનિરાજે તો 'તું રુચિ કરતો નથી' - એમ કહ્યું છે. પરંતુ એમ નથી કહ્યું કે તને કર્મ નડે છે માટે તું આત્મામાં રુચિ કરતો નથી. ભગવાન ! તને સત્યની ખબર નથી. અહા ! આ શરીર તો ચામડાં છે, માટી-જડ છે, અજીવતત્ત્વ છે. આમાં ક્યાં આત્મા છે ? શું આ શરીર આત્મા છે ? (ના.) અને અંદર જે પુણ્ય-પાપના ભાવ થાય છે તે પણ શું આત્મા છે ? (ના.) કેમકે એ તો આસ્રવ છે. શુભ-અશુભભાવ તો આસ્રવતત્ત્વ છે. માટે એ રૂપે તું ક્યાં છો ? એ ભાવ ક્યાં તારું તત્ત્વ છે ? વળી આસ્રવતત્ત્વને જાણનારી વર્તમાન પ્રગટ અવસ્થા પણ એક સમયની દશા છે. તેથી તે પણ ક્યાં પૂર્ણતત્ત્વ છે ? ભગવાન ! તું ક્યાં તેમાં છો ?

અહા ! આ બધા શરીર, વાણી, મન તો જડ છે, અજીવતત્ત્વ છે. તેઓ તો અજીવ થઈને રહેલાં છે. શું તેઓ તારા થઈને રહ્યાં છે ? તથા આત્મા તો અરૂપી છે, તો તેઓ શું અરૂપી થઈને રહ્યાં છે કે જેથી તેમને તું મારા કહે છે ? તેઓ તો રૂપી થઈને રહ્યાં છે, છતાં તું કહે છે કે તેઓ મારા છે ? -મૂઢ છો. તેવી રીતે એક સમયનો જે રાગ છે તે મારો છે એમ જે માને છે તે પણ મૂઢ છે. કેમકે એ રાગ તો રાગપણે (આસ્રવપણે) થઈને રહ્યો છે. રાગ ક્યાં આત્માપણે થઈને રહ્યો છે ? માટે એ રાગના વિકલ્પને પણ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

પોતાનો માનનાર મૂઢ જ છે. વળી રાગને જાણનારી જે પ્રગટ અવસ્થા છે તે પણ અંશપણે થઈને રહેલી છે. તે ક્યાં ત્રિકાળી દ્રવ્યપણે થઈને રહેલી છે ? માટે એ રાગને જાણનારી જે પ્રગટ અવસ્થા છે તેને પણ પોતાની માનનાર મૂઢ છે. ભાઈ ! તું એક સમયની દશામાં પણ નથી આવ્યો હો. બાપુ ! આવો વીતરાગ મારગ છે અને આવો મારગ બીજે ક્યાંય નથી હો. સર્વજ્ઞ વીતરાગ તીર્થંકર પરમેશ્વર સિવાય વસ્તુની આવી રીત ને પદ્ધતિ ક્યાંય હોઈ શકે નહીં. આ વસ્તુ જ આવી છે હો અને જેવી વસ્તુ છે એવું કથન ભગવાનની વાણી - દિવ્યધ્વનિ — દ્વારા આવ્યું છે.

અહીં કહે છે કે જે શાશ્વત પદ છે, જેની અંદર ઊંડે ઉતરતા જે એકલા સુખનો બનેલો છે એમ જણાય છે અર્થાત્ જે સુખસ્વરૂપી છે, જે નિરાકાર છે અને જે જ્ઞાનીઓને ગમ્ય છે - જે એને ગમ્ય કરવા માગે તેને એ ગમ્ય છે - **'એવા આત્મામાં તું રુચિ કેમ કરતો નથી ?'** અહા ! આ દિગંબર મુનિઓની વાત ભારે છે હો. દિગંબર સંતોના કળશો, ટીકાઓ ને ગાથાઓ અદ્દ્ભુતથી પણ અદ્દ્ભુત છે. જુઓને ! એક-એક કળશમાં કેટલી વાત ભરી છે ! શબ્દો થોડાં છે, પણ ભાવ ઘણાં ભર્યાં છે - ગાગરમાં આખો સાગર ભરી દીધો છે.

ભગવાન !.....મુનિઓ તો આત્માને 'ભગવાન' તરીકે જ બોલાવે છે હો. ભગવાન ! તું તો ત્રિકાળી આનંદકંદ છોને નાથ ! તારું સ્વરૂપ તો અકૃત્રિમ, નિરાકાર, શુદ્ધ, શાશ્વત, સુખથી બનેલું અને ચૈતન્યના અમૃતથી ભરપૂર ભરેલું છે. - આવો તું છો. છતાં આવી ચીજની તું રુચિ કેમ કરતો નથી ? અને તને રાગ કેમ રુચે છે ? નિમિત્ત કેમ રુચે છે ? એક સમયનો પર્યાય કેમ રુચે છે ?

જુઓ, ઉપર (ગાથા ૩૯ની ટીકાની શરૂઆતમાં) લખાણ એમ છે ને ? કે निर्विकल्पतत्त्वस्वरूपारव्यानमेतत् । 'આ, નિર્વિકલ્પ તત્ત્વના સ્વરૂપનું કથન છે.' એટલે કે આ અભેદસ્વરૂપનું કથન છે. પ્રભુ ભગવાન આત્મા પૂર્ણ આનંદ ને ચૈતન્યામૃતથી ભરેલો સાગર છે. તે શાશ્વત છે અને જ્ઞાનભાવમાં જણાય એવો છે. તે ન જણાય એવો નથી. કારણ કે તેમાં પ્રમેયત્વ નામનો ગુણ છે. જ્ઞાનમાં પ્રમેય થાય - જણાય એવો એ છે. ભગવાન આત્મામાં પ્રમેયત્વ નામનો એક ગુણ છે ને ? તેથી પ્રમેયત્વગુણને કારણે આત્મા જ્ઞાનપર્યાયમાં પ્રમેય થાય છે અર્થાત્ તારો પર્યાય જ એવો છે કે તેમાં આત્મા પ્રમેય થઈ શકે છે. અહા ! પર્યાય પ્રમેય છે અને વસ્તુ (ત્રિકાળી દ્રવ્ય) પણ પ્રમેય છે. એટલે કે એક સમયનો પર્યાય પણ પ્રમેયનો એક ભાગ છે ને ત્રિકાળી દ્રવ્ય

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પણ પ્રમેયનો એક ભાગ છે. છતાં, એક સમયના પર્યાયને જ પ્રમેય કરીને અજ્ઞાની અનાદિથી બેઠો છે. પ્રમેય તો આખું તત્ત્વ છે. માટે જો તે ત્રિકાળી પૂર્ણ તત્ત્વને સમજવા માગે તો તે સમજી શકાય એવું છે. તે ન સમજાય કે ન બેસે એવું જ નહીં. એ ત્રિકાળી તત્ત્વ જ એવું છે કે સમજી શકાય છે. - એમ કહે છે.

ભગવાન ! પ્રભુ ! તું આનંદનો સાગર છો ને ? તો પછી એવા આત્માની તું રુચિ કેમ કરતો નથી ? ને તને આ રાગ રુચે છે ? આ સ્ત્રી-આબરું-પૈસા રુચે છે ? - તને થયું છે શું ? આત્માની રુચિ છોડીને આ પુત્ર, મકાન, મોટર મારા છે એવી રુચિ તું કેમ કરે છે ?

પરંતુ પર પદાર્થની રુચિ તો થઈ જ જાય છે ?

ભાઈ ! રુચિ તો તું કરે છે તો થાય છે ને ? પરવસ્તુ તો પર છે, પરંતુ રુચિ તો તું કરે છે ને કે આ પર મારાં છે ? અને તો પછી, અહીં કહે છે કે, આ ત્રિકાળી ભગવાન આત્મા મારો છે એમ રુચિ કેમ કરતો નથી ? - આમ કહીને દોષ અજ્ઞાની ઉપર નાખ્યો છે અને બીજા કોઈનો તેમાં દોષ નથી એમ કહેવું છે.

અહીં કહ્યું કે **'એવા આત્મામાં તું રુચિ કેમ કરતો નથી.'** હવે જુઓ, તે વાતની સામે એમ કહે છે કે **'અને દુષ્કૃતરૂપ સંસારના સુખને કેમ વાંછે છે ?'** અરે ! તને જે ચીજ દુષ્કૃતરૂપ છે તેની ઈચ્છા મતલબ કે ઈચ્છાની ઈચ્છા, રાગની ઈચ્છા, ભોગની ઈચ્છા ને આબરુંની ઈચ્છા કેમ થાય છે ? અહા ! આત્મા તો મહા સુકૃતનો ભંડાર એવો ભગવાન છે. જ્યારે આ બધાં સ્ત્રી, કુટુંબ, પરિવાર, પૈસા, આબરું ને પુણ્ય-પાપના ભાવ તો દુષ્કૃત છે. તો જે દુષ્કૃતરૂપ સંસાર છે તેના સુખને કેમ વાંછે છે ? અરેરે ! તને બહારની ચીજમાં પ્રસન્નતા કેમ આવે છે ? આત્માના ધ્રુવસ્વભાવ સિવાય બહારની ચીજમાં ને રાગાદિ પર્યાયમાં તને પ્રસન્નતા થાય છે, તારું વીર્ય તેમાં ઉલ્લસે છે ને ત્યાં તું મજા માને છો તો આ તને શું થયું છે ?

અરેરે ! દુષ્કૃતરૂપ સંસારનું સુખ કેમ વાંછે છે ? આબરું, પૈસા, રૂપાળું ને સુવાળું શરીર વગેરે બધાં તો ભગવાન ! દુષ્કૃતના નિમિત્ત છે અર્થાત્ તેઓ તો દુષ્કૃતરૂપ સંસારનું કારણ છે. તો પછી એવા દુષ્કૃતરૂપ સંસારના સુખને કેમ ઈચ્છે છે ?

સંસારમાં સુખ છે ખરું ?

સંસારમાં સુખ છે એમ અજ્ઞાની માને છે, પણ તેમાં ધૂળમાંય સુખ હતું કેદિ' ? અજ્ઞાનીએ સંસારમાં સુખ માન્યું છે, પણ સુખ તો આત્મામાં છે. અજ્ઞાની આત્મા સુખ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



માનતો નથી ને જેમાં સુખ નથી તેમાં સુખ માને છે. તો, જેમાં સુખ નથી તેમાં તું કેમ સુખ માને છે ? - આ વાત મુખ્યપણે અહીં કહેવી છે. લ્યો, અહીં આવી છે.

આ તો બાવા કરવાની વાત છે ?

તું બાવો જ છો સાંભળ ને !

અહીં ભગવાન થવાની વાત છે ?

દરેક આત્મા દ્રવ્યે તો ભગવાન છે જ અને તે તેવા પર્યાયમાં થવાનું છે. અહીં પણ એ જ કહે છે ને ? કે આવો ભગવાન આત્મા શાશ્વત છે તથા વિચારવંતને ગમ્ય થઈ શકે એવી એ ચીજ છે. માટે એ ન જણાય, ન મનાય કે ન અનુભવાય એવી એ ચીજ જ નથી. વાહ ! મુનિરાજનો કળશ તો જુઓ ! આ પદ્મપ્રભમલધારિદેવ દિગંબર મુનિ હતા. શ્રી કુંદકુંદાચાર્યની ગાથાન ટીકા કરનાર એ દિગંબર સંત ૭૦૦ વર્ષ પહેલાં થઈ ગયા. સમયસાર, પ્રવચનસાર ને પંચાસ્તિકાય - એ ત્રણ શાસ્ત્રની ટીકા શ્રી અમૃતચંદ્રાચાર્યે કરી છે અને નિયમસારની ટીકા તેમણે કરી છે. આ મુનિ શ્રી પદ્મપ્રભમલધારીદેવની વાત - ટીકા - કેટલાક અજ્ઞાનીઓને ગોઠતી નથી. તેમણે ચોખ્ખી વાત કરી છે ને ? એટલે તેમની વાત અજ્ઞાનીને ગોઠતી નથી અને કહે છે કે નહીં નહીં, આ ટીકા નહીં. આ તો મુનિની ટીકા છે. આ ક્યાં આચાર્યની ટીકા છે ? પણ ભાઈ ! આચાર્ય, મુનિ કે સમકિતી - બધા એક જ વાત કહે સાંભળ ને ! જેમ કે તિર્યંચના સમકિતમાં ને સિદ્ધના સમકિતમાં શું ફેર છે ? સમ્યગ્દર્શન તિર્યંચનું હો કે સિદ્ધનું, સરખું જ છે તેમ જ બન્નેના સમ્યગ્દર્શનનો વિષય પણ એક સરખો જ છે.

અહીં કહે છે કે અરેરે ! આવા આત્માની રુચિ કેમ કરતો નથી ? - આમ કહીને મુનિરાજ જરા ઓલંભો (ઠપકો) આપે છે. છઠ્ઠે-સાતમે ગુણસ્થાને ઝૂલવાવાળા વનવાસી ભાવલીંગી દિગંબર સંત-મુનિ — કે જેનો પંચ પરમેષ્ઠિમાં સમાવેશ છે તેઓ — કહે છે કે અરે પ્રભુ ! આત્મા આવો છે ને ભાઈ ! આત્મા શાશ્વત છે અને તેમાં ઊંડે ઉતરતા તે એકલા સુખથી ભરેલો છે એમ જણાય છે. અંદર આત્મામાં પ્રવેશતા સુખ મળે છે હો, બાકી બહારમાં ક્યાં સુખ છે ? વળી તે અરૂપી છે, નિરાકાર છે, ચૈતન્યામૃતથી ભરપૂર ભરેલો છે અને જ્ઞાનીઓને ગોચર છે અર્થાત્ જે આત્માને સમજવા માગે તેને તે સમજાય એવો છે. અરે ! આવો આત્મા છે તો પણ તેની રુચિ કેમ કરતો નથી ? અને આ બધી શું માંડી છે ? મકાન, પૈસા આદિ પરમાં કાંઈક સુખ છે એમ માનીને તેની ચિંતા કેમ કરે છે ?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અરેરે ! **'દુષ્કૃતરૂપ સંસારના સુખને'** ....જુઓ, સંસારના સુખની પહેલાં 'દુષ્કૃત' એવું વિશેષણ વાપર્યું છે અર્થાત્ આ પૈસા-ધૂળનું જે સુખ છે તે દુષ્કૃતરૂપ સંસારનું સુધ છે.

**શ્રોતા :-** પુણ્યના પરિણામમાં તો સુખ છે ને ? હિત છે ને ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અરેરે ! એ તો દુષ્કૃત છે. છતાં તેમાં સુખની વાંછા કેમ કરે છો ? તેને કેમ વાંછે છો ?

– એ ૫૫મો કલશ થયો.

---

ગાથા-૩૯ પ્રવચન નં. NST ૩૨ તારીખ ૨૨-૧-૭૨
શ્લોક-૫૫ ૩૨ તારીખ ૨૩-૧-૭૨

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

## ગાથા - ૪૦

**णो ठिदिबंधट्ठाणा पयडिट्ठाणा पदेसठाणा वा ।**
**णो अणुभागट्ठाणा जीवस्स ण उदयठाणा वा ॥४०॥**

न स्थितिबंधस्थानानि प्रकृतिस्थानानि प्रदेशस्थानानि वा ।
नानुभागस्थानानि जीवस्य नोदयस्थानानि वा ॥४०॥

**સ્થિતિબંધસ્થાનો, પ્રકૃતિસ્થાન, પ્રદેશનાં સ્થાનો નહીં,**
**અનુભાગનાં નહિ સ્થાન જીવને, ઉદયનાં સ્થાનો નહીં. ૪૦.**

**અન્વયાર્થઃ-** (जीवस्य) જીવને, (न स्थितिबंधस्थानानि) સ્થિતિબંધસ્થાનો નથી, (प्रकृतिस्थानानि) પ્રકૃતિસ્થાનો નથી, (प्रदेशस्थानानि वा) પ્રદેશસ્થાનો નથી, (न अनुभागस्थानानि) અનુભાગસ્થાનો નથી, (वा) કે, (न उदयस्थानानि) ઉદયસ્થાનો નથી.

**ટીકાઃ-** અહીં (આ ગાથામાં) પ્રકૃતિબંધ, સ્થિતિબંધ, અનુભાગબંધ અને પ્રદેશબંધનાં સ્થાનોનો તથા ઉદયનાં સ્થાનોનો સમૂહ જીવને નથી એમ કહ્યું છે.

સદા ★નિરુપરાગ જેનું સ્વરૂપ છે એવા નિરંજન (નિર્દોષ) નિજ પરમાત્મતત્ત્વને ખરેખર દ્રવ્યકર્મના જઘન્ય, મધ્યમ કે ઉત્કૃષ્ટ સ્થિતિબંધનાં સ્થાનો નથી. જ્ઞાનાવરણાદિ અષ્ટવિધ કર્મોમાંના તે તે કર્મને યોગ્ય એવો જે પુદ્ગલદ્રવ્યનો સ્વ-આકાર તે પ્રકૃતિબંધ છે; તેનાં સ્થાનો (નિરંજન નિજ પરમાત્મતત્ત્વને) નથી. અશુદ્ધ અંતઃતત્ત્વના (-અશુદ્ધ આત્માના) અને કર્મપુદ્ગલના પ્રદેશોનો પરસ્પર પ્રવેશ તે પ્રદેશબંધ છે; આ બંધનાં સ્થાનો પણ (નિરંજન નિજ પરમાત્મતત્ત્વને) નથી. શુભાશુભ કર્મની નિર્જરાના સમયે સુખદુઃખરૂપ ફળ દેવાની શક્તિવાળો તે અનુભાગબંધ છે; આનાં સ્થાનોનો પણ અવકાશ (નિરંજન નિજ પરમાત્મતત્ત્વને વિષે) નથી. વળી દ્રવ્યકર્મ તથા ભાવકર્મના ઉદયનાં સ્થાનોનો પણ અવકાશ (નિરંજન નિજ પરમાત્મતત્ત્વને વિષે) નથી.

એવી રીતે (આચાર્યદેવ) શ્રીમદ્ અમૃતચંદ્રસૂરિએ (શ્રી સમયસારની આત્મખ્યાતિ નામની ટીકામાં ૧૧મા શ્લોક દ્વારા) કહ્યું છે કેઃ-

---

★ નિરુપરાગ = ઉપરાગ વિનાનું. (ઉપરાગ = કોઈ પદાર્થમાં અન્ય ઉપાધિની સમીપતાના નિમિત્તે થતો ઉપાધિને અનુરૂપ વિકારી ભાવ; ઔપાધિક ભાવ; વિકાર; મલિનતા.)

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(मालिनी)

''न हि विदधति बद्धस्पृष्टभावादयोऽमी
स्फुटमुपरि तरन्तोऽप्येत्य यत्र प्रतिष्ठाम् ।
अनुभवतु तमेव द्योतमानं समन्तात्
जगदपगतमोहीभूय सम्यक्स्वभावम् ।।''

(''**શ્લોકાર્થ:-**) જગત મોહરહિત થઈને સર્વ તરફથી પ્રકાશમાન એવા તે સમ્યક્ સ્વભાવને જ અનુભવો કે જેમાં આ બદ્ધસ્પૃષ્ટત્વ આદિ ભાવો સ્પષ્ટપણે ઉપર તરતા હોવા છતાં ખરેખર સ્થિતિ પામતા નથી.''

વળી (૪૦મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ બે શ્લોક કહે છે):-

(अनुष्टुभ्)

नित्यशुद्धचिदानन्दसंपदामाकरं परम् ।
विपदामिदमेवोच्चैरपदं चेतये पदम् ।।५६।।

(**શ્લોકાર્થ:-**) જે નિત્ય-શુદ્ધ ચિદાનંદરૂપી સંપદાઓની ઉત્કૃષ્ટ ખાણ છે અને જે વિપદાઓનું અત્યંતપણે અપદ છે (અર્થાત્ જ્યાં વિપદા બિલકુલ નથી) એવા આ જ પદને હું અનુભવું છું. ૫૬.

(वसंततिलका)

यः सर्वकर्मविषभूरुहसंभवानि
मुक्त्वा फलानि निजरूपविलक्षणानि ।
भुंक्तेऽधुना सहजचिन्मयमात्मतत्त्वं
प्राप्नोति मुक्तिमचिरादिति संशयः कः ।।५७।।

(**શ્લોકાર્થ:-**) (અશુભ તેમ જ શુભ) સર્વ કર્મરૂપી વિષવૃક્ષોથી ઉત્પન્ન થતાં, નિજરૂપથી વિલક્ષણ એવાં ફળોને છોડીને જે જીવ હમણાં સહજચૈતન્યમય આત્મતત્ત્વને ભોગવે છે, તે જીવ અલ્પ કાળમાં મુક્તિને પામે છે — એમાં શો સંશય છે ? ૫૭.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## ગાથા - ૪૦ ઉપરનું પ્રવચન

ગોમ્મટસારમાં આ બધાંની - કર્મના પ્રકૃતિ, પ્રદેશ, સ્થિતિ અને અનુભાગબંધની વાત આવે છે ને ? તો, તે આત્મામાં નથી, પણ એ તો જડમાં છે એમ કહે છે.

**'અહીં (આ ગાથામાં) પ્રકૃતિબંધ....'** આઠ કર્મ છે તેની પ્રકૃતિ એટલે તેનો સ્વભાવ, **'સ્થિતિબંધ'** એટલે મુદત, **'અનુભાગબંધ'** એટલે રસ **'અને પ્રદેશબંધના સ્થાનોનો તથા ઉદયનાં સ્થાનોનો સમૂહ જીવને નથી એમ કહ્યું છે.'** ભગવાન આત્મા નિત્યાનંદ પ્રભુ છે અને તેમાં કર્મના પ્રકૃતિ, સ્થિતિ, અનુભાગ અને પ્રદેશબંધના સ્થાનો નથી. કેમકે કર્મ જ જીવમાં નથી. કર્મ તો જડ છે, તેથી જડકર્મના પ્રકૃતિબંધ, સ્થિતિબંધ આદિ બધું પણ જડ છે. માટે ભગવાન આત્મામાં એ જડ છે જ નહીં.

હવે વિશેષ વાત લે છે કે એ જડ તો આત્મામાં નથી, પરંતુ તેના નિમિત્તે જે વિકારના ઉદયના ભંગ પડે છે તે તો આત્મામાં છે ને ? ભાઈ ! એ **'ઉદયનાં સ્થાનોનો સમૂહ જીવને નથી.'** પહેલાં જડની વાત લીધી કે જડ (અર્થાત્ કર્મના પ્રકૃતિ, પ્રદેશ, સ્થિતિ ને અનુભાગબંધ) જીવમાં નથી. હવે કહે છે કે જડના નિમિત્તે અંદરમાં થતો ઉદયભાવ પણ જીવમાં નથી. ચિદાનંદ જ્ઞાયકભાવ એવા પ્રભુ આત્મામાં એ ઉદયભાવના સ્થાનો ક્યાંથી આવ્યા ?

અહા ! અહીંયા બે વાત લીધી છે. (૧) કર્મના પ્રકૃતિ, સ્થિતિ, અનુભાગ અને પ્રદેશબંધ તથા (૨) ઉદયસ્થાનો - એમ બે વાત લીધી છે. હવે જડકર્મના પ્રકૃતિ આદિ તો આત્મામાં નથી એ વાત તો ઠીક છે, પણ જડના-નિમિત્તના સંબંધમાં જે વિકાર થાય છે તે તો આત્મામાં છે ને ? તો કહે છે કે ના, એ વિકાર પણ વસ્તુમાં નથી, કેમકે તે વિકાર એક સમયના પર્યાયમાં છે અને પર્યાય વસ્તુમાં નથી. — અહા ! આ પ્રકૃતિ, સ્થિતિ આદિ તો આત્માના એક સમયના પર્યાયમાં પણ નથી, કારણ કે એ તો પર છે. પરંતુ તેના સંબંધમાં અર્થાત્ તે બન્નેનો (જીવ ને કર્મનો) નિમિત્ત-નૈમિત્તિક સંબંધ થતાં જે વિકાર ઉત્પન્ન થાય છે - શુભાશુભભાવના ઉદયનાં જે પ્રકારો છે - તે એક સમયના પર્યાયના અસ્તિત્વમાં છે તોપણ ત્રિકાળી વસ્તુમાં નથી.

અહા ! ભગવાન આત્મા સચ્ચિદાનંદ પ્રભુ છે. પં. બનારસીદાસના 'સમયસાર નાટક'માં એમ આવે છે ને ? કે :

'ચેતનરુપ અનૂપ અમૂરત, સિદ્ધસમાન સદા પદ મેરૌ;
મોહ મહાતમ આતમ અંગ, કિયૌ પરસંગ મહાતમ ઘેરૌ.'

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



-પરના સંગે મેં પોતે મોહ ઉત્પન્ન કર્યો છે.

'ગ્યાન કલા ઉપજી અબ મોહિ, કહૌં ગુન નાટક આગમ કેરૌ;
જાસુ પ્રસાદ સધૈ સિવમારગ, વેગિ મિટૈ ભવવાસ બસેરૌ.'
(ઉત્થાનિકા પદ ૧૧)

અરેરે ! તેને આવો મનુષ્ય ભવ મળ્યો છે તે ભવના અભાવ કરવા માટે છે. ભવનો અભાવ કરવા માટેનો આ ભવ છે, પણ ભવમાં રહેવા કે ભવને વધારવા માટે આ ભવ નથી.

અહીં શું કહે છે ? કે જે કર્મનું નિમિત્તપણું (નિમિત્તપણે જે કર્મ) છે એ કર્મ તો આત્મામાં નથી, પરંતુ કર્મના નિમિત્તસંબંધે ઉત્પન્ન થયેલા વિકૃતભાવો પણ ત્રિકાળી વસ્તુ ભગવાન આત્મામાં નથી. આવા - જેમાં વિકાર નથી એવા - ભગવાન આત્માની દૃષ્ટિ કરવી તેનું નામ સમ્યગ્દર્શન છે. ભારે વાત ભાઈ આવી !

કેવો છે આ ત્રિકાળી ભગવાન આત્મા ?

(૫) **'સદા નિરુપરાગ જેનું સ્વરૂપ છે એવા નિરંજન (નિર્દોષ) નિજ પરમાત્મતત્ત્વને ખરેખર દ્રવ્યકર્મના જઘન્ય, મધ્યમ કે ઉત્કૃષ્ટ સ્થિતિબંધનાં સ્થાનો નથી.'** આગળ એકવાર નીચે ફૂટનોટમાં નિરુપરાગનો અર્થ કર્યો છે. વિકારી ભાવમાં જે ચીજ નિમિત્ત છે તે ઉપાધિ છે અને તેને અનુરૂપ જે વિકારી ભાવ ઔપાધિક ભાવ — મલિનતા — છે તે ઉપરાગ છે.

આ વાતને વધારે વિસ્તારથી સમજવી પડશે. શું કહે છે ? કે આત્માનું સ્વરૂપ નિરુપરાગ છે.

નિરુપરાગ એટલે શું ?

કે ઉપરાગ વિનાનું.

તો, ઉપરાગ એટલે શું ?

કે **'કોઈ પદાર્થમાં, અન્ય ઉપાધિની સમીપતાના નિમિત્તે થતો ઉપાધિને અનુરૂપ વિકારી ભાવ.'** જેમ કે સ્ફટિકમાં ફૂલના નિમિત્તે થતી ફૂલને અનુરૂપ લાલ આદિ ઝાંય. સ્ફટિકમાં લાલ આદિ ઝાંય થાય છે ને ? તે ઝાંય ફૂલને — નિમિત્તને — અનુરૂપ વિકારી ભાવ છે અને તે ભાવને અર્થાત્ એ ઔપાધિકભાવને ઉપરાગભાવ કહે છે. તેવી રીતે નિમિત્તરૂપ કર્મના ઉદયની અનુકૂળતામાં થતાં એટલે કે એ નિમિત્તરૂપ કર્મ અનુકૂળ છે તેને અનુરૂપ જીવમાં થતાં વિકારને ઉપરાગ કહે છે. તો, એ નિમિત્તરૂપ કર્મ તો આત્મામાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નથી, પરંતુ એ નિમિત્તને અનુરૂપ થતો વિકાર પણ આત્મામાં નથી. તેથી, એવા ઉપરાગ વિનાનો હોવાથી, આત્મા નિરુપરાગ છે.

જેમ સ્ફટિકમણિ પાસે લાલ-પીળાં ફૂલ હોય તો તે ફૂલ નિમિત્ત છે - ઉપાધિ છે અને તે ફૂલને અનુરૂપ અંદરમાં જે લાલ-પીળો રંગ થાય છે તે (લાલ-પીળો રંગ) ઉપરાગ છે. આમ હોવા છતાં પણ તે સ્ફટિકમણિ તો ઉપરાગ વિનાનો છે તેમ ભગવાન આત્માને કર્મનું નિમિત્તપણું તે ઉપાધિ છે અર્થાત્ કર્મ નિમિત્ત છે તે ઉપાધિ છે અને એ તો પરમાં છે. હવે કહે છે કે તે કર્મને અનુરૂપ જે વિકારભાવ થાય છે તે ઉપરાગ, મલિનતા, વિકાર, ઔદયિકભાવ છે અને તે ઉપરાગ પણ ત્રિકાળી દ્રવ્યમાં નથી.

અહીં ત્રણ બોલ કહ્યાં છે : (૧) નિમિત્ત એટલે ઉપાધિ. નિમિત્ત કહો કે ઉપાધિ કહો - એક જ છે. જેમ કે સ્ફટિકને લાલ-પીળાં ફૂલ ઉપાધિ છે. (૨) તે ઉપાધિને અનુરૂપ એટલે કે તે નિમિત્તને અનુરૂપ અંદર જે લાલ-પીળો રંગ થાય છે તેને ઉપરાગ, મલિનતા કહેવાય છે. (૩) છતાં તે ઉપરાગ વિનાનો એ સ્ફટિકમણિ છે. તેમ ચૈતન્ય-સ્ફટિકમણિ ભગવાન આત્મા વિષે કહે છે : કે (૧) જડકર્મ છે તે નિમિત્ત છે, ઉપાધિ છે. (૨) તે ઉપાધિરૂપ-નિમિત્તરૂપ કર્મના સંગે તેના પર્યાયમાં કર્મને અનુરૂપ થતો પુણ્ય-પાપનો - શુભ ને અશુભભાવનો - વિકાર તે નૈમિત્તિક છે, ઉપરાગ છે, મેલ છે. અનુકૂળ તે નિમિત્ત છે ને અનુરૂપ તે નૈમિત્તિક છે. (૩) છતાં એ અનુરૂપ વિકાર ત્રિકાળી ચૈતન્ય-તત્ત્વમાં છે નહીં. આવું એ શાશ્વત પદ છે ત્યાં નજર કરવાની છે, કેમકે 'નિધાન' તો એ છે. ભારે કામ ભાઈ !

અહા ! **સદા નિરુપરાગ જેનું સ્વરૂપ છે એવા નિરંજન (નિર્દોષ) નિજ પરમાત્મતત્ત્વને'** ....દેખો ! અહીં 'ભગવાનનો આત્મા' - એમ નથી કહ્યું, પરંતુ પોતાનું **'નિજ પરમાત્મતત્ત્વ'** - એમ કહ્યું છે. નિજ + પરમાત્મ + તત્ત્વ = પોતાનું પરમસ્વરૂપમય તત્ત્વ. મતલબ કે ત્રિકાળી જ્ઞાયકભાવ; પરમ પારિણામિકભાવ; વસ્તુના સ્વરૂપની ત્રિકાળી હયાતી. તો, એવા **'નિજ પરમાત્મતત્ત્વને ખરેખર દ્રવ્યકર્મના'** - જડકર્મના **'જઘન્ય, મધ્યમ કે ઉત્કૃષ્ટ સ્થિતિબંધનાં સ્થાનો નથી'**. જેને સ્થિતિ (કાળની મર્યાદા) જ નથી તેને કર્મની સ્થિતિ કેવી ? એ ભગવાન આત્મા તો અનાદિ-અનંત છે, માટે તેમાં આ કર્મબંધનની સ્થિતિ નથી. કર્મની સ્થિતિ જઘન્ય, મધ્યમ ને ઉત્કૃષ્ટ હોય છે ને ? કર્મની જઘન્ય સ્થિતિ એટલે થોડી (ઓછામાં ઓછી) મુદ્દત = અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ સ્થિતિ એટલે વિશેષ (સૌથી વધારે) મુદ્દત = ૭૦ ક્રોડાક્રોડી સાગર

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ને મધ્યમ સ્થિતિ = જઘન્ય ને ઉત્કૃષ્ટ સ્થિતિ વચ્ચેની બધી સ્થિતિ. તો, એ બધા સ્થિતિના સ્થાનો વિકાર વિનાના નિજ કારણપ્રભુ ચૈતન્ય પરમાત્મતત્ત્વ એવા ભગવાન આત્મામાં છે નહીં.

અરે ! અમારા આત્મસ્વભાવમાં વિભાવ નથી, અમારા ભગવાન આત્મામાં વિભાવ છે નહીં, તોપછી અમને તેની શી ચિંતા ? જે ભાવ આત્મામાં નથી તેની અમારે શી ચિંતા? - એમ શ્લોક ૩૪માં આવ્યું છે ને ? પરંતુ તે વાત કોને માટે છે ? કે જેને આત્મસ્વભાવ જણાયો છે અર્થાત્ જેણે આત્મભાન કર્યું છે તેને માટે એ વાત છે. કેમકે આત્મામાં વિભાવ નથી એવું તેને જણાયું છે ને !

અહીં કહે છે કે કર્મની જે સ્થિતિ બંધાણી છે તે નિમિત્તને અનુરૂપ ઉપાદાનમાં જે દશા-યોગ્યતા છે તે ત્રિકાળી સ્વરૂપમાં નથી. કર્મમાં જેવા સ્થિતિબંધ, પ્રદેશબંધ આદિ હોય છે તેરૂપની દશા જીવની અંદર-પર્યાયમાં-પણ હોય છે. મતલબ કે તે પ્રકારની સ્થિતિ આદિનું ઉપાદાનપણું-અનુરૂપપણું જીવના પર્યાયમાં હોય છે. આ રીતે કર્મમાં નિમિત્તરૂપની-અનુકૂળરૂપની સ્થિતિ બંધ આદિ હોય છે અને જીવના પર્યાયમાં ઉપાદાનરૂપની-અનુરૂપપણાની સ્થિતિ આદિ હોય છે. આવું હોવા છતાં, કહે છે કે, તે બધુંય જીવના ત્રિકાળી સ્વરૂપમાં છે નહીં.

(૬) **'જ્ઞાનાવરણાદિ'....** જડ આઠ કર્મ છે ને ? તો તે **'અષ્ટવિધ'** આઠ પ્રકારના **'કર્મોમાંના તે તે કર્મને યોગ્ય એવો જ પુદ્ગલદ્રવ્યનો સ્વ-આકાર તે પ્રકૃતિબંધ છે.'** સ્વ-આકાર = તેનું-પોતાનું સ્વરૂપ. પ્રકૃતિ એ પુદ્ગલનું સ્વરૂપ છે, પુદ્ગલનો સ્વભાવ છે, માટે પ્રકૃતિને પુદ્ગલનો સ્વ-આકાર કહ્યો છે અર્થાત્ પુદ્ગલના સ્વભાવને અહીં પ્રકૃતિબંધ કહે છે. જ્ઞાનાવરણ, દર્શનાવરણ આદિની પ્રકૃતિ પુદ્ગલનો સ્વભાવ છે ને ? માટે પ્રકૃતિને પુદ્ગલનો સ્વ-આકાર — સ્વરૂપ કહ્યું છે. અને **'તેનાં સ્થાનો'-** પ્રકૃતિબંધના ભેદો - **'(નિરંજન નિજ પરમાત્મતત્ત્વને) નથી.'** ટીકાની પહેલી લીટીમાં એમ લીધું છે ને ? કે 'નિરંજન નિજ પરમાત્મતત્ત્વને'...તો એ શબ્દો બધાય બોલમાં લઈ લેવા. અહીં કહ્યું કે નિજ પરમાત્મતત્ત્વમાં પ્રકૃતિનો સ્વભાવ છે નહીં અર્થાત્ ભગવાન આત્માના ત્રિકાળી સ્વભાવમાં પ્રકૃતિનો સ્વભાવ નથી.

**પ્રશ્ન:-** શાસ્ત્રોમાં તો ઘણી વાર આવે છે કે કેવળીને ચાર કર્મ બાકી રહ્યાં છે ને સંસારીને આઠ કર્મ હોય છે ?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**સમાધાનઃ-** એ બધું તો નિમિત્તપણાનું જ્ઞાન કરાવવા માટે છે. બાકી કર્મ વસ્તુમાં ક્યાં છે ? અહીં તો તે ઉપરાંત એમ પણ કહે છે કે અનુકૂળ પ્રકૃતિને અનુરૂપ એવી જે દશા (પર્યાય) છે તે પણ વસ્તુમાં નથી. અહા ! પ્રકૃતિ તો પરમાં છે, પરંતુ તેને અનુરૂપ જીવના પર્યાયમાં જે યોગ્યતાનો ભાવ છે - જે વિકૃતપણું છે - તે પણ વસ્તુમાં નથી.

શું કહ્યું સમજાણું કાંઈ ?

કે કર્મના સ્થિતિબંધ ને પ્રકૃતિબંધ આત્મામાં નથી એમ જે કહ્યું છે એ એકલા નિમિત્તની વાત નથી. હવે પછી ઉદયસ્થાનો પણ આત્મામાં નથી એમ જે કહેશે તેનો અર્થ એ છે કે કર્મરૂપ નિમિત્તને અનુરૂપ એવી જે સ્થિતિ આદિની યોગ્યતાનો પર્યાય છે તે પણ આત્મામાં નથી. અહા ! કર્મની જે સ્થિતિ આદિ બંધાય છે એ તો કર્મમાં રહી, પરંતુ તે કર્મને અનુરૂપ નૈમિત્તિકરૂપની યોગ્યતા જીવના પર્યાયમાં છે કે નહીં ? (હા, છે.) બીજી રીતે કહીએ તો, કર્મના સ્થિતિબંધ આદિ તો કર્મમાં છે. જીવને તેની સાથે (પરમાર્થે) શું સંબંધ છે ? (કાંઈ નહીં.) છતાં, આત્માના પર્યાયમાં નિમિત્ત એવી પ્રકૃતિને - ઉપાધિ રૂપ પ્રકૃતિને - અનુરૂપ સ્થિતિ આદિની યોગ્યતાનો ભાવ છે અને તોપણ તે ભાવ ભગવાન નિજ પરમાત્મતત્ત્વમાં નથી.

(૭) **'અશુદ્ધ અંતઃતત્ત્વના'** .... જોયું ? પર્યાય અશુદ્ધ અંતઃતત્ત્વ છે ને ? એટલે કહે છે કે **'અશુદ્ધ અંતઃતત્ત્વના અને કર્મપુદ્ગલના પ્રદેશોનો પરસ્પર પ્રવેશ તે પ્રદેશબંધ છે.'** પર્યાયને અને કર્મને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે ને ? એટલે 'પરસ્પર પ્રવેશ' એમ કહ્યું છે તથા જડકર્મને પર્યાયની સાથે જ સંબંધ છે, શુદ્ધ દ્રવ્યની સાથે કાંઈ સંબંધ નથી.

જુઓ, અહીંયા 'અશુદ્ધ' એવો શબ્દ છે ને ? અર્થાત્ પર્યાય અશુદ્ધ છે એમ કહ્યું ને ? તો, એનો અર્થ એ છે કે જેટલા કર્મપુદ્ગલના પ્રદેશ છે - કર્મમાં જેટલા પરમાણુની સંખ્યા છે - તે પ્રકારની જ અહીં આત્માના પર્યાયમાં યોગ્યતા છે. છતાં, નૈમિત્તિકમાં (જીવના પર્યાયમાં) પોતાને કારણે એ જાતની યોગ્યતા છે અને નિમિત્ત (કર્મ) પણ પોતાને કારણે છે.

આ પ્રશ્ન વિક્રમ સં.૧૯૮૪માં થયો હતો. વીરજીભાઈએ પ્રશ્ન કર્યો હતો કે નિગોદના જીવને આટલા કર્મ છે એમ કહેવાય છે, પરંતુ એ તો જડમાં છે. તો, જીવમાં (તે સમયે) શું લેવું ? તે વખતે ઉત્તર આપતાં. કહેલું કે જેવી યોગ્યતા ત્યાં કર્મમાં છે તેવી જ તેને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અનુકૂળ યોગ્યતા અહીં જીવમાં છે. જીવ કર્મને અનુકૂળ (-નિમિત્ત) છે અને તેવી રીતે કર્મ પણ જીવને અનુકૂળ (નિમિત્ત) છે. જો કે નિમિત્ત તો નિમિત્તપણે જ રહ્યું છે, તે કાંઈ આત્માને અડતુંય નથી. આઠેય કર્મની પ્રકૃતિ પોતાને (-કર્મને) કારણે આવી છે અને તે જીવના પર્યાયની યોગ્યતાનું કારણ (-નિમિત્ત) છે. આ યોગ્યતાનો પણ જીવમાં અભાવ છે અને એવા ભગવાનરૂપ નિજ પરમાત્મતત્ત્વની દૃષ્ટિ કરવા જેવી છે કે જેને સમ્યગ્દર્શન કહેવામાં આવે છે.

અહા ! 'શુદ્ધભાવ' કોને કહે છે એ વાત અહીં ચાલે છે. આત્માનો જે ત્રિકાળી શુદ્ધ, ધ્રુવ, નિત્યાનંદસ્વભાવ છે તેને અહીં 'શુદ્ધભાવ' કહે છે. જેમાં સંયોગી ચીજ નથી, જેમાં પુણ્ય ને પાપના ભાવ નથી તેમ જ જેમાં એક સમયની વ્યકત — પ્રગટ — અવસ્થા પણ નથી એવો જે પોતાનો નિજ પરમાત્મસ્વભાવ છે તેને અહીં 'શુદ્ધભાવ' કહેવામાં આવે છે અને તે શુદ્ધભાવ સમ્યગ્દર્શનનો વિષય છે. વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વરના પંથમાં સમ્યગ્દર્શન એ ધર્મની પ્રથમ સીડી છે. તે સમ્યગ્દર્શનરૂપી પહેલું પગથિયું ત્રિકાળી દ્રવ્યસ્વભાવ એવા નિરંજન નિજ પરમાત્મતત્ત્વની અંતર્દષ્ટિ કરવાથી પ્રાપ્ત થાય છે અર્થાત્ પૂર્ણાનંદસ્વભાવની પ્રાપ્તિ જે શ્રદ્ધામાં થાય તે શ્રદ્ધાને સમ્યગ્દર્શન કહે છે. આવી વાત છે ! જુઓ, ઉપર 'શુદ્ધભાવ' - એમ લખ્યું છે ને ? તો, તે 'શુદ્ધભાવ' એટલે શું ? અશુદ્ધ એવા જે પુણ્ય-પાપભાવ થાય છે તે શુદ્ધભાવ નથી, તેમ જ તે અશુદ્ધતાથી રહિત આત્માના આશ્રયે શુદ્ધરૂપ જે નિર્મળદશા પ્રગટ થાય છે તે પણ શુદ્ધભાવ નથી. મતલબ કે પર્યાયરૂપ જે શુદ્ધભાવ છે તેની અહીં વાત નથી, પરંતુ ભગવાન આત્મા કે જે એક સેકંડના અસંખ્યમા ભાગમાં પૂર્ણ ધ્રુવસ્વરૂપ નિજ પરમાત્મા છે તેને અહીં 'શુદ્ધભાવ' કહેવામાં આવે છે.

અહા ! વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથે જેવો આત્મા દેખ્યો છે તેવો પૂર્ણપણે પ્રાપ્ત કર્યો છે અને તેની વાત તેમની દિવ્યધ્વનિમાં આવી છે કે પ્રભુ ! આ તારી ચીજ છે. અરે ! તું સંસારના ૮૪ લાખ યોનિના અવતારની - જન્મ-મરણની - દુઃખમય ઘાણીમાં પીલાય છે ! ૮૪ લાખ યોનિમાં સ્વર્ગનો ભવ હો કે અબજોપતિ શેઠનો ભવ હો - એ બધા પ્રાણી દુઃખી છે. પોતાના શુદ્ધભાવનો આશ્રય લીધાં વિના જેટલાં પુણ્ય-પાપભાવના વિકલ્પ થાય તે બધાં દુઃખના અંગારા છે, આકુળતા છે. પણ તેને ભાન નથી, તે મૂઢ છે. તેને પોતાની ખબર નથી કે મારી દશામાં શું છે ને મારા સ્વભાવમાં શું છે ? - તે બેય વાતનો તેને પત્તો નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અહા ! પોતાના પર્યાયમાં શરીર, વાણી, કર્મ ને બીજી પરચીજ તો નથી, પરંતુ ત્રિકાળી શુદ્ધભાવ પણ તેમાં આવ્યો નથી. તેની અવસ્થામાં (પર્યાયમાં) દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાદિ ના ભાવ છે અથવા તો હિંસા, જૂઠું, ચોરી, વિષય-ભોગાદિના ભાવ છે. પણ તે બન્ને પ્રકારના ભાવ આકુળતા ને દુઃખરૂપ છે. તેથી તે દુઃખી છે. પરંતુ અરે ! તેને ખબર નથી. દુઃખ ક્યાં છે, દુઃખ કેમ થાય છે તેમ જ દુઃખનો નાશ કેમ કરવો તેનો પત્તો તેને નથી. એ તો બહારની પ્રવૃત્તિથી - કાંઈક દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિ પ્રવૃત્તિથી - દુઃખ મટે છે એમ માને છે. પણ ભાઈ ! તે પ્રવૃત્તિ જ દુઃખરૂપ છે. અરે ! દુનિયાનો મારગ બીજો છે ને સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવે ગણધરો અને સો ઈંદ્રોની સમક્ષ દિવ્યધ્વનિ દ્વારા જે તત્ત્વ કહ્યું છે તે કોઈ બીજી ચીજ છે.

(૮) અહીં કહે છે કે **'શુભાશુભ કર્મની નિર્જરાના સમયે સુખદુઃખરૂપ ફળ દેવાની શક્તિવાળો તે અનુભાગબંધ છે; આનાં સ્થાનોનો પણ અવકાશ (નિરંજન નિજ પરમાત્મતત્ત્વને) વિષે નથી.'** જ્યાં દૃષ્ટિ દેવાથી સમ્યગ્દર્શન થાય તે ધ્રુવસ્વરૂપ ભગવાન આત્મા નિજ પરમાત્મા જ છે અર્થાત્ આનંદનિધાન, આનંદકંદ ને શુદ્ધરૂપ ધ્રુવ આત્માને નિજ પરમાત્મા કહે છે. આવા નિજ પરમાત્મતત્ત્વમાં કર્મના અનુભાગનાં સ્થાનો નથી. એટલે કે રસ દેવાની જે શક્તિ છે તેનાં સ્થાનો-ભાગો તેમાં છે નહીં.

કર્મ તો આત્મામાં છે ?

એ તો વ્યવહારનયનું કથન છે, બાકી અંદર ભગવાન આત્મામાં તે છે જ નહીં. તેમ જ કર્મનો જે અનુભાગ છે - ફળ દેવાની જે શક્તિ છે - તે પણ પોતાની ચીજમાં (આત્મામાં) નથી. જુઓ, અંદર છે ને ? કે **'નિરંજન નિજ પરમાત્મતત્ત્વને વિષે નથી.'** નિરંજન = નિર્દોષ. નિજ = પોતાનું. પરમાત્મતત્ત્વ = પરમાત્મસ્વરૂપ, પરમાત્મસ્વભાવ. અહા ! આનંદકંદ, જિનસ્વરૂપ, વીતરાગમૂર્તિ આત્મા છે અર્થાત્ આત્માનો સ્વભાવ તો વીતરાગી જિનબિંબ છે. જ્યારે આ બાહ્ય જિનબિંબ છે એ તો વ્યવહાર છે. અહા ! પોતાનું ધ્રુવસ્વરૂપ જિનબિંબરૂપ છે એટલે કે એ આત્મા તો વીતરાગમૂર્તિ છે અને એવા નિજ પરમાત્મતત્ત્વમાં દૃષ્ટિ દેવાથી તેમાં અનુભાગનાં સ્થાનો નથી એમ જણાય છે. અરે ! આ વાતની ખબર ન મળે ને બહારથી ધર્મ થશે એમ માનીને અનાદિથી કાળ ગુમાવ્યો છે ! આવો મનુષ્યભવ પણ તેને અનંતવાર મળ્યો છે. અરે ! મુનિવ્રત પણ તેણે અનંતવાર ધારણ કર્યાં છે, પરંતુ.... પંડિત દૌલતરામજીની 'છ ઢાળા'માં આવે છે ને ? કે...

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



'મુનિવ્રત ધાર અનંતવાર ગ્રીવક ઉપજાયૌ;
પૈ નિજ આતમજ્ઞાન વિના સુખ લેશ ન પાયૌ' ..... (૪થી ઢાળ, પદ-૫.)

તેનો અર્થ શું થયો ? કે મુનિવ્રત પણ અનંતવાર લીધાં છે. નગ્નપણું તથા પંચ મહાવ્રતના પરિણામ - સાચા પંચ મહાવ્રત હોં - કે જે શુભરાગરૂપ છે તે પણ અનંતવાર પાળ્યા છે, પરંતુ તે બધુંય દુઃખરૂપ હતું. તો, આવી ક્રિયા તો અનંતવાર તેણે કરી છે, પણ 'પૈ નિજ આતમજ્ઞાન વિના સુખ લેશ ન પાયૌ'. એનો અર્થ એ છે કે એ શુભભાવ - પંચ મહાવ્રતની ક્રિયા — પણ સુખરૂપ નથી, પણ દુઃખરૂપ છે. લ્યો, 'છ ઢાળા'માં આ વાત આવે છે કે નહીં ?

અહા ! ભગવાન.... અહીં તો આત્માને 'ભગવાન' તરીકે બોલાવે છે હો. કેમકે તે અંદર ભગવાનસ્વરૂપ છે ને ? તેનું સ્વરૂપ જ ભગવાન છે. અહીં પણ એ જ કહ્યું ને ? કે **'નિજ પરમાત્મતત્ત્વ.'** તે નિરંજન નિજ પરમાત્મતત્ત્વનો સ્વાદ અનુભવમાં આવ્યા વિના, કહે છે કે, ઘણાં-ઘણાં વ્રતો - પંચ મહાવ્રત ને ૨૮ મૂળગુણાદિ - અનંતવાર પાળ્યાં. પરંતુ 'નિજ આતમજ્ઞાન વિના સુખ લેશ ન પાયૌ.' તેનો અર્થ શું થયો ? કે તે વ્રતાદિમાં સુખ નથી, પણ એ તો દુઃખરૂપ છે. કેમકે એ વ્રતાદિમાં તો વૃત્તિનું ઉત્થાન છે કે આમ કરું ને આમ પાળું તથા એ વૃત્તિ તો રાગ છે. આવો મારગ છે ભાઈ ! અરે ! ૮૪ લાખ યોનિના જન્મ-મરણની ઘાણીમાં તે પીલાય છે. છતાં પણ તેની તેને ખબર નથી અને મૂઢ થઈને માને છે કે હું સુખી છું. તો કહે છે કે આતમજ્ઞાનમાં સુખ છે અર્થાત્ નિજ પરમાત્મતત્ત્વને સ્વજ્ઞેય બનાવીને જે જ્ઞાન થાય અને તેની દૃષ્ટિ કરીને જે સમ્યગ્દર્શન થાય - એ જે મોક્ષનો માર્ગ થયો - તેમાં સુખ છે. જ્યારે પંચ મહાવ્રતાદિની ક્રિયાનો રાગ તો બંધમાર્ગ છે અને તેમાં દુઃખ છે. ભારે આકરું કામ !

ભાઈ ! માર્ગ તો આવો છે. દુનિયા માને કે ન માને, એથી કાંઈ માર્ગ ફરી જતો નથી. જે સત્ય છે એ તો ત્રિકાળ સત્ય જ રહેશે. અજ્ઞાની રાડ નાખે છે કે પંચ મહાવ્રતના પરિણામ દુઃખરૂપ ? ભાઈ ! એ વિકલ્પ છે ને ? વૃત્તિ છે ને ? એ તો પરાશ્રયભાવ છે, વિકાર છે, આસ્રવ છે અને આસ્રવ તો દુઃખરૂપ હોય છે. ભગવાન ! તને ખબર નથી. તારા આનંદથી વિપરીત જે દશા ઉત્પન્ન થાય તે તારી ચીજ નથી. તારી ચીજમાં એ નથી અને એ ચીજમાં તું નથી. અહા ! ન્યાયથી તો સમજવું પડશેને કે ન્યાય શું છે ?

અહીં કહે છે કે ભગવાન ! તારા નિજ પરમાત્મતત્ત્વમાં એ અનુભાગબંધનાં સ્થાનો પણ નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(૯) **'વળી દ્રવ્યકર્મ તથા ભાવકર્મના ઉદયનાં સ્થાનોનો પણ અવકાશ (નિરંજન નિજ પરમાત્મતત્ત્વને વિષે) નથી.'** ભગવાન નિજ પરમાત્મતત્ત્વમાં આઠ પ્રકારના જડકર્મના ઉદયનાં પ્રકારો - ભેદો - પણ નથી. તથા કર્મરૂપ નિમિત્તના સંગે પોતાના પર્યાયમાં જે શુભ-અશુભ વિકલ્પ ઉઠે છે - કે જે ભાવકર્મ છે - તે પણ આત્મામાં નથી. આવા આત્મામાં દષ્ટિ દેવાથી સમ્યગ્દર્શન થાય છે. દ્રવ્યકર્મ = આઠ જડકર્મ ને ભાવકર્મ = પુણ્ય-પાપની લાગણી; વિકલ્પ. તે બેય વસ્તુમાં છે નહીં.

કેમ ?

કેમકે જે દ્રવ્યકર્મ છે એ તો અજીવતત્ત્વ છે. માટે જડકર્મ અજીવ થઈને રહ્યાં છે, પણ જીવમાં છે નહીં. તથા દયા, દાન, વ્રતાદિના પરિણામ — ભાવકર્મ - તો આસ્રવતત્ત્વ છે. તેથી તે પણ આત્મતત્ત્વ નથી. બરાબર છે ? ભારે વાત ભાઈ ! અહા ! એ પુણ્ય-પાપના વિકલ્પ - જે ભાવથી તીર્થંકર પ્રકૃતિ બંધાય એવો ભાવ પણ - આસ્રવ હોવાથી ભગવાન આત્મામાં નથી. પ્રભુનો મારગ ભાઈ ! આકરો છે. વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવના - કે જેમને જ્ઞાનથી એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોક જણાયા છે તેમના - જ્ઞાનને અનુસારે જે દિવ્યધ્વનિ-વાણી આવી છે તેમાં જે માર્ગ આવ્યો છે તે માર્ગ અલૌકિક છે. લૌકિક માર્ગ સાથે તેની સરખામણી થઈ શકે નહીં.

જુઓ, અહીં કહે છે કે 'દ્રવ્યકર્મ તથા ભાવકર્મના' ... ભાવકર્મ નામ શુભ-અશુભ પરિણામ. વ્રત-અવ્રતના પરિણામ ભાવકર્મ છે અને તે ભાવકર્મના સ્થાનો-પ્રકારો આત્મામાં નથી. શુભ-અશુભભાવના જે અસંખ્ય પ્રકાર છે તે બધા ભાવકર્મના સ્થાનો છે અને તે સર્વે અખંડાનંદસ્વરૂપ નિજ પરમાત્મામાં છે નહીં. અહા ! અહીં તો એમ કહે છે કે તેઓનો 'અવકાશ નથી.' આત્મામાં દ્રવ્યકર્મ ને ભાવકર્મનો અવકાશ - તેમને રહેવાનું સ્થાન - પણ નથી. નિત્યાનંદ પ્રભુ ભગવાન આત્મામાં એ ભાવકર્મનો વિકલ્પ - વ્રત-અવ્રતનો વિકલ્પ - નથી. એટલે કે શુભ-અશુભ રાગની વાસના નિજ પરમાત્મતત્ત્વ એવા ધ્રુવ ભગવાન આત્મતત્ત્વમાં છે નહીં અને આવી ચીજની અંતરદષ્ટિ કરવી તથા તેનો અનુભવ કરવો તેનું નામ ધર્મ છે. ભગવાન ! માર્ગ તો આવો છે. પછી તે દુનિયાને રુચે કે ન રુચે - સ્વતંત્ર છે.

પુણ્ય-પાપ, વ્રત-અવ્રત કે દયા-દાનના વિકલ્પ ભાવકર્મ છે અને તે વસ્તુમાં નથી. અનાદિ-અનંત આનંદમય ધ્રુવરૂપ નિજ ભગવાન આત્મામાં - કે જે પોતાનું સ્વરૂપ છે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તેમાં - ભાવકર્મ નથી. કેમકે વસ્તુ છે એ નિર્વિકાર છે. ભગવાન આત્મા આનંદસ્વરૂપ છે, નિજાનંદમય છે અને આ પુણ્ય-પાપના ભાવ વિકાર છે, ઉપાધિ છે, મેલ છે, મલિન છે ને દુઃખ છે.

અહા ! આ દુનિયામાં જેઓ પૈસા, શેઠાઈ ને સ્વર્ગમાં સુખ માને છે તેઓ મૂઢ છે. કારણ કે તેમાં તો ધૂળમાંય સુખ નથી. સુખ તો આત્મામાં છે. શું પરમાં-જડમાં સુખ છે ? તેમ જ જડ તરફના વિકલ્પની જે વૃત્તિ ઉઠે છે તે વૃત્તિમાં પણ શું સુખ છે ? - ના, કેમકે એ તો રાગ છે. ભગવાન કહે છે કે દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો જે શુભ વિકલ્પ છે - જે ભાવકર્મ છે - તેમાં પણ દુઃખ જ છે, સુખ નથી. જગતના જીવોને માટે આ ભારે આકરું કામ છે ! તેઓ ક્યાં અટક્યા છે ને ક્યાં ઉભા છે તેની પણ તેમને ખબર નથી.

અહા ! **'નિરંજન નિજ પરમાત્મતત્ત્વને વિષે'** - સચ્ચિદાનંદ પ્રભુ ધ્રુવ આત્મામાં દ્રવ્યકર્મ ને ભાવકર્મનો અવકાશ નથી એટલે કે તેઓ અંદર છે જ નહીં. કેમકે આત્મા તો આનંદકંદ એવો સચ્ચિદાનંદસ્વરૂપ પરમાત્મા છે, પોતાનું નિજસ્વરૂપ સિદ્ધ સમાન છે. આવી અંતરદષ્ટિ કરવાથી સમ્યગ્દર્શન થાય છે અને ત્યારે ધર્મનો પર્યાય પ્રગટ થાય છે, નહીંતર ધર્મ થતો નથી. 'છઢાળા'માં આવે છેને ? કે,

'લાખ બાતકી બાત યહૈ, નિશ્ચય ઉર લાઓ;
તોરિ સકલ જગ-દંદફંદ, નિત આતમ ધ્યાઓ' ......(ઢાળ-૪, પદ-૯.)

તે જ વાત અહીં ભગવાન કુંદકુંદાચાર્ય કહે છે. અહા ! સર્વજ્ઞ કેવળી ત્રિલોકનાથ તીર્થંકરદેવ શ્રી સીમંધરભગવાન મહાવિદેહક્ષેત્રમાં બિરાજે છે અર્થાત્ અત્યારે ત્યાં પરમાત્મા મોજુદ છે અને સમવસરણમાં દિવ્યધ્વનિ પણ છૂટે છે. ત્યાં ભગવાન પાસે શ્રી કુંદકુંદાચાર્ય વિક્રમ સંવત ૪૯માં ગયા હતા, આઠ દિવસ રહ્યાં હતાં, અને ત્યાંથી પાછાં આવીને આ શાસ્ત્રો બનાવ્યાં છે.

તે શ્રી કુંદકુંદાચાર્ય એમ કહે છે કે અર્થાત્ તેઓ ભગવાનનો આ સંદેશ લાવ્યાં છે કે પ્રભુ ! તું કેવો છો ? કે તારી ચીજ તો આનંદથી ઠસોઠસ-છલોછલ ભરી છે. પણ તે આનંદ એટલે અતીંદ્રિય આનંદ હો. કેમકે ઈંદ્રિયસુખમાં તું સુખ માને છે એ તો દુઃખ છે. તો, તારો સ્વભાવ અતીન્દ્રિય આનંદથી ભરેલો છે અને આવા સ્વભાવમાં પુણ્ય-

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પાપના વિકલ્પની વાસના છે નહીં. - આ જ વાત અહીં કહે છે. જુઓ, અંદરમાં છે ને ? કે, **'દ્રવ્યકર્મ તથા ભાવકર્મના ઉદયનાં'** ....

'ઉદય' કેમ કહ્યો છે ?

કેમકે ભાવકર્મ ઉત્પન્ન થાય છે ને ? એટલે 'ભાવકર્મના ઉદયનાં' એમ કહ્યું છે. અને તે ઉત્પન્ન થવા છતાં વસ્તુમાં નથી. જેને અહીં આત્મા કહ્યો છે તેમાં એ નથી અર્થાત્ એ ઉદયનાં સ્થાનો નિરંજન નિજ પરમાત્મતત્ત્વમાં નથી.

## આધારના શ્લોક ઉપરનું પ્રવચન

હવે પોતાની વાતના આધાર માટે શ્રી પદ્મપ્રભમલધારિદેવ શ્રી અમૃતચંદ્રસૂરિનો શ્લોક કહે છે. આ સમયસારની ૧૪મી ગાથાનો શ્લોક છે.

આત્મજ્ઞાની, આત્મધ્યાની દિગંબર સંત શ્રી અમૃતચંદ્રાચાર્ય મહારાજ આજથી ૯૦૦ વર્ષ પહેલાં થઈ ગયા. શ્રી કુંદકુંદાચાર્ય ભગવાન તો વિક્રમ સંવત ૪૯માં - ૨૦૦૦ વર્ષ પહેલાં - થયા હતા અને તેઓ પણ આત્મજ્ઞાની-ધ્યાની ને આનંદમાં મસ્ત હતા. અતીંદ્રિય આનંદમાં મસ્ત હતા હો, પણ આ તમારા ધૂળના સુખમાં નહીં. તે શ્રી કુંદકુંદાચાર્ય પછી (૧૧૦૦ વર્ષ બાદ) અને શ્રી અમૃતચંદ્રાચાર્ય થયા હતા અને તેમનો આ કળશ છે. અહા ! એ દિગંબર મુનિઓ તો વનવાસી હતા ને આત્માનુભવના આનંદના પ્યાલા પીતા હતા, નિર્વિકલ્પ રસ પીતા હતા. તેઓ કહે છે કે, **'જગત મોહરહિત થઈને'**.... જગત એટલે જગતના જીવો. હે જગતના જીવો ! પરની સાવધાનીનો વિકલ્પ છોડીને.....મિથ્યાભ્રાંતિ છોડીને.....પરમાં તથા પુણ્યાદિરૂપ પરભાવમાં ધર્મ છે, સુખ છે એવી ભ્રાંતિ છોડી દઈને .... અહા ! જગતને ભારે આકરું પડે એવું કામ છે !

ભગવાન આત્માના પર્યાયમાં રાગ, દ્વેષ, મોહ દેખાય છે તે ઉપર-ઉપર છે. કેમકે તે ઉત્પન્ન (પ્રગટ) થાય છે એટલે પર્યાયમાં છે, પરંતુ વસ્તુમાં નથી. તો, **'જગત મોહરહિત થઈને સર્વ તરફથી પ્રકાશમાન'** ... ચૈતન્યજ્યોતિ ભગવાન આત્મા જ્ઞાનનું નૂર ને આનંદનું પૂર છે. જ્ઞાનનું નૂર = તેજમય જ્ઞાનનો પ્રકાશ. જેમ સર્ચલાઈટ નથી હોતી ? બાહુબલીજીમાં (શ્રવણબેલ્ગોલામાં) હજાર-હજાર વોટની બે મોટી સર્ચલાઈટ છે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ને ? તેમ આ આત્મા તો અનંત-અનંત જ્ઞાનપ્રકાશની સર્ચલાઈટ છે, જ્ઞાનનું નૂર-તેજ છે તથા આનંદનું પૂર છે. અતીન્દ્રિય આનંદનો ઢગલો-પૂર આત્મા છે. લ્યો, આવો આત્મા છે. આવા આત્માને મોહરહિત થઈને અનુભવો.

હે પ્રભુ ! હે જગતના પ્રાણીઓ ! ...અહીં તો જગતના પ્રાણીઓને (જીવોને) 'પ્રભુ' કહે છે હો....જો તારે શાંતિ જોઈતી હોય તો, આનંદ જોઈતો હોય તો, જન્મ-મરણના દુઃખરૂપ આંટા મટાડવા હોય તો **'મોહરહિત થઈને સર્વ તરફથી પ્રકાશમાન એવા તે સમ્યક્ સ્વભાવને જ અનુભવો.'** અહા ! સર્વ તરફથી પ્રકાશમાન પ્રભુ તો અંદર જ છે. તેમાં પુણ્ય-પાપના વિકલ્પની ગંધ નથી, પરંતુ એ તો જ્ઞાન ને આનંદનો પુંજ પ્રભુ છે. આવા પ્રકાશમાન પ્રભુને એટલે કે એવા તે સમ્યક્ સ્વભાવને જ અનુભવો. તે સમ્યક્ સ્વભાવ એટલે સત્ સ્વભાવી એવો ત્રિકાળી આનંદકંદ આત્મા. મતલબ કે આત્મા એ સમ્યક્ — સત્ — સ્વભાવી છે. જ્યારે પુણ્ય ને પાપના ભાવ તો વિકાર છે, કલ્પિત છે, દુઃખરૂપ છે, અનિત્ય છે ને તેથી નાશવાન - નાશ થવાવાળી ચીજ છે.

અહા ! અહીં બહારની ચીજની તો વાત જ નથી, કેમકે એ તો પર છે. પરંતુ અંદરમાં જે શુભાશુભ રાગ થાય છે તે નાશવાન, વિકારી ને દુઃખરૂપ છે એમ ભગવાન કહે છે. એ જ વાત આડતીયા થઈને સંતો કહે છે કે ભાઈ ! ભગવાન આમ કહે છે. ત્રિલોકનાથ પરમાત્મા વીતરાગ સર્વજ્ઞ પ્રભુ તીર્થંકરદેવની દિવ્યધ્વનિમાં આમ આવ્યું છે અને તેવું અમે કહીએ છીએ.

**શ્રોતાઃ-** આપે પણ સમવસરણમાં આમ સાંભળ્યું હતું અને એ વાત અમને ફરમાવો છો.

**પૂજ્ય ગુરુદેવશ્રીઃ-** જુઓને ! ગાથા પણ સુંદર આવી છે. અહા ! સમ્યગ્દર્શન ........ હજુ તો ચોથું ગુણસ્થાન હો, જ્યારે શ્રાવકદશા તો ક્યાંય રહી ! અને મુનિદશા તો ક્યાંય દૂર રહી. એ મુનિદશા તો બાપા ! કોઈ જુદી ચીજ છે. દુનિયાને તેની ખબર નથી. અરે ! સમ્યગ્દર્શન કોને કહે છે અને તે શું ચીજ છે તેની પણ દુનિયાને ખબર નથી. શ્રેણિક રાજા, મોટા રાજા હતા. હજારો રાજાઓ તેમની તહેનાતમાં ચામર ઢાળતા હતા ને અબજોની કિંમતના હીરાના સિંહાસન ઉપર તેઓ બેસતા હતા. છતાં તેઓ સમ્યગ્દષ્ટિ હતા. રાગાદિ વિકલ્પ ને પરચીજ મારામાં નથી અને હું તેમાં નથી. મારામાં તો જ્ઞાન ને આનંદ છે, પણ તે રાગાદિ મારામાં નથી. - આવી અંતર અનુભવદૃષ્ટિ,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અનુભૂતિ તેમને હતાં. અનુભૂતિનો અર્થ એ છે કે અનુ = નિજાનંદમય ભગવાન આત્માને અનુસરીને ભૂતિ = થવું. અનાદિકાળથી પુણ્ય-પાપના ભાવને અનુસરવાથી જે કાંઈ થાય છે એ તો રાગની અનુભૂતિ છે - જે વિકાર ને દુઃખ છે. જ્યારે આનંદરૂપ દશાને પ્રગટ કરવી તેનું નામ સ્વની અનુભૂતિ છે અને તેને ધર્મ કહે છે. આવો માર્ગ છે ભગવાન! પરમેશ્વરે સત્ય માર્ગની રીત તો આ કહી છે. કદાચ કોઈ અજ્ઞાની પોતાની કલ્પનાથી - સ્વચ્છંદતાથી - બીજી રીત કહે તો તે દુઃખી થવાનો ઉપાય છે.

અહીં કહે છે કે પ્રભુ ! તું તો સર્વ તરફથી પ્રકાશમાન છો ને ! પ્રભુ ! તું અનંત... અનંત... ચૈતન્યનો ગાંગડો - ચૈતન્યનું બિંબ છો, કે જેમાંથી ચૈતન્યપ્રકાશની અનંત જ્વાળાઓ ઉત્પન્ન થાય છે. આવો તું ચૈતન્ય આત્મા છો. તો, આવા પ્રકાશમાન એવા એક સમ્યક્ સ્વભાવને જ અનુભવો. જુઓ, ચૈતન્યપણું સમ્યક્ સ્વભાવ છે તો પુણ્ય-પાપના ભાવ મિથ્યા સ્વભાવ છે એમ કહેવું છે. અહા ! આ શરીર ને પૈસા-ધૂળ તો ક્યાંય બહાર રહી ગયા, કેમકે તેઓ તો માટી-પર છે અર્થાત્ તેઓ તો અજીવ થઈને રહ્યાં છે. શરીર અને પૈસા આદિ અજીવ થઈને રહ્યાં છે ને ? શું તેઓ તારી ચીજરૂપે થઈને રહ્યાં છે ? જો તેઓ તારી ચીજરૂપે થઈને રહે તો તે બધા અરૂપી ને ચૈતન્ય થઈ જાય. પરંતુ તેઓ તો જડરૂપે રહેલ ચીજ છે. તેઓ જડમાં જડના કારણે રહેલ છે, પણ તારામાં છે નહીં. તેણે ન્યાય-લોજીકથી સમજવું પડશેને ? અહા ! ભગવાનનો મારગ તો સીધો સરળ છે, પણ લોકોને તે ખ્યાલમાં આવ્યો નથી.

અહીં કહે છે કે જ્યાંસુધી તે પોતાના સ્વભાવનું ભાન નહીં કરે ત્યાંસુધી તે દુઃખી...દુઃખી...ને દુઃખી...જ છે. અરે ! દુઃખના ડુંગરામાં તે ઘુસી ગયો છે, પણ ભાન નથી. જુઓ, અહીં ભગવાન આત્માનો 'સમ્યક્ સ્વભાવ' છે એવી ભાષા લીધી છે ને ? તો એનો અર્થ એ થયો કે આત્માથી ભિન્ન કર્તૃત્વબુદ્ધિથી ઉત્પન્ન થયેલા પુણ્ય ને પાપના ભાવ મિથ્યાભાવ છે, અને તેના ફળરૂપે જે સંયોગ મળે છે તે બાહ્યભાવ છે. અહા ! સંયોગી ચીજ તો સંયોગપણે થઈને રહી છે, પરંતુ તારા પર્યાયમાં જે પુણ્ય ને પાપના ભાવ ઉત્પન્ન થાય છે તે ભાવ પણ તારામાં નથી એમ કહે છે.

**પ્રશ્ન:-** આવા પુણ્ય-પાપભાવ આત્મામાં નથી એમ તમે કહો છો, પરંતુ તે આત્મામાં છે એમ દેખાય છે ને ?

**સમાધાન:-** એ તો જ્યાંસુધી અજ્ઞાન છે ત્યાંસુધી અજ્ઞાની પુણ્ય-પાપને ઉત્પન્ન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કરે છે. જ્યાંસુધી અજ્ઞાની આત્માને પોતાના સ્વભાવનું ભાન નથી ત્યાંસુધી અજ્ઞાનભાવથી પુણ્ય ને પાપના ભાવને કરે છે, તેમાં રાચે છે, તેમાં લીન થાય છે અને તેથી તે દુઃખી છે. જુઓ, સમયસાર કલશ-ટીકામાં એ વાત છે. આ શ્લોકનો અર્થ તેમાં એવો કર્યો છે કે ચૈતન્યથી પ્રકાશમાન ભગવાન આત્મા 'અનુભવ ગોચર થતાં કાંઈ ભ્રાંતિ રહેતી નથી.' શુદ્ધ આનંદસ્વરૂપ પ્રભુ આત્માનો અનુભવ થતાં સમ્યગ્દર્શન થાય છે ત્યારે કોઈ ભ્રાંતિ રહેતી નથી અર્થાત્ આ પુણ્યના પરિણામમાં સુખ છે, પુણ્યના પરિણામ ધર્મ છે ને પરની સગવડતા હોય તો ધર્મ થાય વગેરે એવી મિથ્યાભ્રાંતિ રહેતી નથી.

**પ્રશ્ન:-** પૈસા સરખા હોય ને શરીર નિરોગ હોય તો ધર્મ કરવામાં ઠીક પડે ને ?

**સમાધાન:-** ધૂળેય એમ નથી સાંભળને ! તેઓ તો પર-જડ-માટી છે, તેથી એ અજીવને કારણે તારામાં શું આવે ? એ તો અજ્ઞાની પરદ્રવ્યમાં ઠીક-અઠીકપણું માને છે કે રોગ હોય તો અઠીક ને નિરોગતા હોય તો ઠીક. પરંતુ અરે મૂરખ ! રોગ કે નિરોગતા તો જડની દશા છે. શું તે દશા આત્મામાં આવી ગઈ છે ? ઘુસી ગઈ છે ? હા, તે દશાના કાળે જે રાગ-દ્વેષ કર્યાં તે તારા પર્યાયમાં છે - તારામાં ઉત્પન્ન થયાં છે.

જુઓ, એ જ વાત પં. રાજમલજી કલશ-ટીકામાં કહે છે: 'અહીં કોઈ પ્રશ્ન કરે છે કે જીવ તો શુદ્ધસ્વરૂપ કહ્યો' - તમે તો આત્માને શુદ્ધસ્વરૂપ કહ્યો 'અને તે એવો જ છે, પરંતુ રાગ-દ્વેષ-મોહરૂપ પરિણામોને અથવા સુખદુઃખાદિરૂપ પરિણામોને કોણ કરે છે ? કોણ ભોગવે છે ? ઉત્તર આમ છે કે આ પરિણામોને કરે તો જીવ કરે છે અને જીવ ભોગવે છે.' શું રાગને કાંઈ જડ કરે ? (ના.) એ તો અજ્ઞાની પોતે જ પર્યાયમાં અજ્ઞાનરૂપે થઈને પુણ્ય ને પાપના ભાવ કરે છે તથા તે પોતે જ અજ્ઞાનરૂપે થઈને એ પુણ્ય-પાપભાવના ફળ એવા હર્ષ-શોકને ભોગવે છે. અને જે હર્ષ-શોકને ભોગવે છે તે દુઃખને ભોગવે છે. 'પરંતુ આ પરિણતિ વિભાવરૂપ છે, ઉપાધિરૂપ છે.' એ શુભ-અશુભ પરિણામ ને કરવા અને તેને ભોગવવા - એ બધું દુઃખરૂપ ઉપાધિ છે, પણ પોતાનું સ્વરૂપ છે નહીં. 'તેથી નિજસ્વરૂપ વિચારતાં તે જીવનું સ્વરૂપ નથી એમ કહેવાય છે.' (સમયસાર કલશ-ટીકા, કલશ-૧૧)

અહીં કહે છે કે હે જગતના પ્રાણીઓ ! તમારે સમ્યક્ સ્વભાવનો જ અનુભવ કરવો જોઈએ. જેમાં પુણ્ય ને પાપના વિકલ્પ નથી, પણ જે ત્રિકાળી જ્ઞાનનું નૂર ને આનંદનું પૂર છે એવા તેજમય પ્રભુ ભગવાન આત્માનો તમારે અનુભવ કરવો જોઈએ અને તો જ તમને ધર્મ થશે. ભાઈ ! ધર્મની વાત ભારે આકરી છે. પ્રભુ ! મારગ તો આવો છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અરેરે ! એને પોતાની દયા આવતી નથી હો. અરે ! પોતાની દયા તો આવી નહીં, પરંતુ પોતાની દયા કોને કહેવાય તેની ખબર પણ નથી અને પરની દયા પાળવા તે હાલી નીકળ્યો છે. પણ ભાઈ ! પરની દયા તું ધૂળેય પાળી શકતો નથી, કેમકે તેનું (બીજા જીવનું) આયુષ્ય હોય તો તે જીવે અને તેનું આયુષ્ય ન હોય તો તે મરી જાય. શું તે પરજીવ તારાથી જીવે છે ? (ને મરે છે ?) પણ અરે ! તારા ઉપર તને દયા નથી, તને તારી દયા નથી. હું આનંદઘન શુદ્ધ ચૈતન્ય છું એવી પ્રતીત અને અનુભવ વિના રાગ ને પુણ્ય મારા છે એવી માન્યતામાં તારા જીવની દયાનો ભાઈ ! નાશ થાય છે હો. પોતાનું જીવન - કે જે શુદ્ધ પ્રકાશમય ને આનંદમય છે - તેનો સ્વીકાર નહીં કરીને અર્થાત્ તે હું નહીં, પરંતુ હું તો જે પુણ્ય-પાપના ભાવ છે તે છું એમ માન્યું તો તેનો અર્થ એ થયો કે ત્રિકાળી ચૈતન્યમય ને આનંદકંદ આત્માના જીવનનો તેણે સ્વીકાર કર્યો નથી. મતલબ કે તે છે જ નહીં એમ માન્યું છે. બસ, આ જ પોતાની હિંસા છે. અહા ! લોજીકથી - ન્યાયથી તો સમજવું પડશે ને ? કેમકે ભગવાનનો માર્ગ ન્યાયવાળો છે.

'અહિંસા પરમો ધર્મ' છે ને ?

રાગની ઉત્પત્તિ ન થવી તે અહિંસા છે અને આ અહિંસા તે પરમ ધર્મ છે. બાકી પરની દયાનો ભાવ પણ રાગ ને હિંસા છે. એ તો પહેલાં કહ્યું હતું ને ? વિક્રમ સંવત ૧૯૯૬ની સાલમાં ગાંધીજી વ્યાખ્યાનમાં આવ્યા હતા. તે વખતે આ વાત કહી હતી કે પરની દયા તો જીવ પાળી શકતો નથી, કેમકે પરદ્રવ્ય સ્વતંત્ર તત્ત્વ છે. પરંતુ તેને દયા પાળવાનો ભાવ હોય છે - જે શુભરાગ છે અને તે શુભરાગ હિંસા છે. પોતાના ચૈતન્યની વીતરાગી દશાની તેમાં હિંસા થાય છે.

અહીં કહે છે કે **'સમ્યક્ સ્વભાવને જ'** ... જુઓ, 'જ' શબ્દ પડ્યો છે ને ? પણ અરે ! હજુ ચીજને (વસ્તુસ્વરૂપને) સમજમાં તો લે ! તેને ખ્યાલમાં તો લે ! તેને જ્ઞાનના ખ્યાલમાં તો લે કે ચીજ આ છે. પરંતુ તેની ઓળખાણ નથી, તેનો ખ્યાલ નથી તેમ જ તેની ખબર પણ નથી અને માને છે કે મને ધર્મ થઈ જશે. ધૂળમાંય ધર્મ નહીં થાય.

પાંચ-દશ લાખ રૂપિયા ખર્ચી નાખે તો ધર્મ થઈ જાય ને ?

તેમાં ધૂળેય ધર્મ નથી, સાંભળતો ખરો ! કેમકે પૈસા ક્યાં તારી ચીજ છે. શું તું અજીવનો ધણી છો ? એ પૈસા તો અજીવ છે, માટે અજીવને હું વાપરું છું એવી માન્યતા જ મિથ્યાદષ્ટિની છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અહીં કહે છે કે સમ્યક્ સ્વભાવનો જ અનુભવ કરો. બાકી એ પરચીજને હું લઉં છું ને દઉં છું એવું તારામાં છે જ નહીં. હા, તારામાં વિકલ્પ ઉઠે છે, પરંતુ વિકલ્પ તો રાગ છે, વિભાવ છે. તે કાંઈ સમ્યક્ સ્વભાવ નથી.

**પ્રશ્ન:-** 'સમ્યક્ સ્વભાવને **જ** અનુભવો' - એમ કહીને એકાંત કેમ કહો છો ? તમે એકાંત કેમ કરો છો ? કથંચિત્ કોઈ વિભાવનો પણ અનુભવ કરો - એમ અનેકાંત કેમ નથી કહેતા ? ભગવાનનો માર્ગ તો અનેકાંત છે, માટે પુણ્યથી પણ ધર્મ થાય ને સ્વભાવથી પણ ધર્મ થાય - એમ અનેકાંત કેમ નથી કહેતા ?

**સમાધાન:-** અરે ! તું આવું માને છો તો ગાંડો-પાગલ છો. 'સમાધિશતક'માં અજ્ઞાનીને પાગલ કહ્યો છે હો. અરે ! તને તારી ખબર નથી. હો પ્રભુ ! તું કોણ છો ! ક્યાં છો ! કેવો છો ! અને ક્યાં માની રાખ્યો છે !

કહે છે કે પરસંબંધી બધી ભ્રાંતિ છોડી દે તેમ જ પુણ્યના પરિણામથી ધર્મ થશે, શુભભાવ કરતાં-કરતાં ધર્મ થશે કે શુભભાવમાં કિંચિત્ ધર્મનો અંશ છે એવી ભ્રાંતિ પણ છોડી દે. કારણ કે તે મિથ્યાભાવ છે. અને સમ્યક્ સ્વભાવને જ અનુભવ. જુઓ, અહીં તો આમ કહે છે. અહા ભગવાન ! તારી ચીજ તો ચૈતન્યના પ્રકાશથી ભરેલી છે ને ? તેમાં કાંઈ પુણ્ય-પાપના અંધારા નથી. શુભ ને અશુભભાવ તો અંધારા છે, કેમકે તેમાં જ્ઞાનના તેજનો અભાવ છે. તેથી, કહે છે કે, તેની દૃષ્ટિ છોડી દે, ભ્રાંતિ છોડ અને સમ્યક્ સ્વભાવ એવા ભગવાન આત્માના ચૈતન્યપ્રકાશનું જ અનુસરણ કરીને તેને અનુભવ. લ્યો, આ અનુભૂતિની વ્યાખ્યા અને આ અનુભૂતિ જ ધર્મ છે. પણ અરે ! આ વાત અજ્ઞાનીને બેસતી નથી, આમાં દુનિયા રાજી થતી નથી. કેમકે દુનિયા તો અજ્ઞાની (પાંગલ) છે, તેથી રાગથી રાજી થઈ જાય છે. પરંતુ બાપુ ! યથાર્થમાં રાજી (-પ્રસન્ન) તો એ થાય છે કે જેણે પોતાની ચીજ એવા સમ્યક્ સ્વભાવને અનુભવ્યો છે. અહીં ભાષા જુઓ, કે 'આત્મા' ન કહેતાં 'સમ્યક્ સ્વભાવ' કહ્યો છે. મતલબ કે ત્રિકાળી સત્ — ધ્રુવ - એવા આનંદ ને પ્રકાશ (-જ્ઞાન) સ્વભાવને જ જીવ કહેવામાં આવે છે, ત્રિકાળી સમ્યક્ સ્વભાવને જ જીવ કહેવામાં આવે છે અને એવા જીવનો અનુભવ કરો. જુઓ, ઉપર લખ્યું છે ને ? કે 'શુદ્ધભાવ અધિકાર.' તો, એ 'શુદ્ધભાવ' એટલે આ સમ્યક્ સ્વભાવ. ભારે વાત ! અહા ! હજી તો શું કહેવાય છે ને કઈ વિધિ છે તે બેસવું ને સમજવું પણ કઠણ પડે એવું છે. ભારે આકરું કામ !

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અરે ! એણે મનુષ્યનો ભવ લીધો તોપણ એમ ને એમ પામરવૃત્તિમાં કાઢ્યો, જેની કોઈ કિંમત નથી એવી ચીજની રુચિમાં કાઢી નાખ્યો. કિંમતી ચીજ જે ભગવાન આત્મા છે તેની કિંમત કરી નહીં, પણ જેની કિંમત નથી તેની કિંમત કરી. જે પુણ્ય-પાપના ભાવ થાય છે તેની કાંઈ કિંમત નથી. હા, તેની દુઃખરૂપ કિંમત છે. તો, તેની કિંમત કરી તેમ જ બહારમાં જે પુણ્યનું ફળ મળ્યું — આ ધૂળ મળી - તેની કિંમત કરી. પાંચ-પચાસ લાખ રૂપિયા મળ્યા તો તેને ઓહોહો થઈ ગયું. પણ ધૂળમાંય તેમાં સુખ નથી સાંભળતો ખરો ? એ તો તારી મૂર્ખાઈથી તું તેમાં સુખ માને છો. તો હવે એકવાર તે મૂર્ખાઈ છોડી દે એમ અહીંયા કહે છે. લ્યો, આવો મારગ છે.

અહીં કહે છે કે **'સમ્યક્ સ્વભાવને જ અનુભવો કે જેમાં આ બદ્ધસ્પૃષ્ટત્વ આદિ ભાવો સ્પષ્ટપણે ઉપર તરતા હોવા છતાં'** ..... શું કહે છે ? કે પુણ્ય-પાપના ભાવ ઉત્પન્ન થાય છે માટે તે (અસ્તિ) છે. પરંતુ તે પર્યાયમાં છે, ત્રિકાળી દ્રવ્યમાં નથી. પુણ્ય-પાપના ભાવ ઉત્પન્ન થાય છે તેથી તેઓ છે તો ખરા. તેઓ અસ્તિરૂપ જ નથી એમ નથી. જુઓ, એ જ કહ્યું ને ? કે **'જેમાં આ બદ્ધસ્પૃષ્ટત્વ આદિ ભાવો સ્પષ્ટપણે ઉપર તરતા હોવા છતાં'** .... અર્થાત્ પુણ્ય-પાપના ભાવ અસ્તિરૂપ છે. પરંતુ જેમ જળમાં તેલનું બિંદુ ઉપર તરતું હોય તોપણ તે તેલ કે તેલની ચિકાશ જળમાં પ્રવેશ કરતા નથી તેમ જળ સમાન ભગવાન આત્મા ચિદાનંદ-અમૃતથી ભરેલો છે અને તેની અંદરમાં પુણ્ય-પાપના ભાવ - કે જે તેલ સમાન ચિકાશ છે તે - પ્રવેશ કરતા નથી.

બાપુ ! આ બધા અબજોપતિ ને ધૂળપતિ પણ દુઃખી છે હો. પણ અરેરે ! એને એની દયા નથી હો. મારું શું થશે ? હું કયાં જઈશ ? આ આંખો મીંચાતા હું કયાં જઈશ ? કયાં પડાવ નાખીશ ? - એમ એને પોતાની દયા નથી આવતી. તેને અહીં કહે છે કે હે ભગવાન ! હે પ્રભુ ! હે ભાઈ ! તારી ચીજ સમ્યક્ સ્વભાવી છે ને ? તો તેનો પ્રભુ ! અનુભવ કર અને જે આ પુણ્ય-પાપભાવના અનુભવમાં લીન છો તે અનુભવ છોડી દે. કેમકે એનાથી તો તું દુઃખમાં લીન છો. આવી વાત છે ભાઈ ! ત્રણલોકના નાથ તીર્થંકરદેવ પરમેશ્વરની વાણીમાં તો આવું આવ્યું છે અને હજુ પણ આ જ વાત આવે છે. મહાવિદેહક્ષેત્રમાં સાક્ષાત્ તીર્થંકર શ્રી સીમંધરભગવાન બિરાજે છે. તેમનો ૫૦૦ ધનુષ્યનો દેહ છે ને એક કરોડ પૂર્વનું આયુષ્ય છે. વિક્રમ સંવત ૪૯માં જ્યારે શ્રી કુંદકુંદાચાર્ય મહાવિદેહમાં ગયા હતા ત્યારે પણ તેઓ બિરાજતા હતા અને અત્યારે પણ તેઓ બિરાજી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

રહ્યાં છે. કેમકે સીમંધરભગવાનનું એક કરોડ પૂર્વનું આયુષ્ય છે અને એક પૂર્વમાં ૭૦ લાખ કરોડ ને ૫૬ હજાર કરોડ વર્ષ જાય છે. (તો, તેમની વાણીમાં આ વાત આવે છે.)

અહીં તો કહે છે કે કોઈપણ પ્રકારના વિકલ્પની વૃત્તિઓ હો, એ બધી વૃત્તિ દુઃખરૂપ છે. છતાં તે છે ખરી, નથી એમ નથી. વસ્તુસ્વરૂપ વેદાંતમતની જેમ નથી કે બ્રહ્મ સત્ ને જગત મિથ્યા. પુણ્ય-પાપના ભાવ નથી જ ને એકલો શુદ્ધ આત્મા જ છે એમ નથી. હા, પોતાના (આત્માના) સ્વરૂપની અપેક્ષાએ તે પુણ્ય-પાપભાવ મિથ્યા છે, પણ તેમની પોતાની અપેક્ષાએ તેઓ છે. તે જ વાત અહીં જુઓને, કહે છે કે **'ઉપર તરતા હોવા છતાં'** ... આમ તેમની અસ્તિ સિદ્ધ કરી છે. જેમ તેલનું ટીપું પાણીની ઉપર તરે છે તોપણ અંદરમાં નથી અને છતાં તેની અસ્તિ છે કે નહીં ? (હા.) તેમ આ શરીરાદિ પદાર્થ તો પર છે. કેમકે એ શરીર તો જડ થઈને રહ્યું છે, માટી છે. તે આત્મામાં છે જ ક્યાં ? હવે તેના પર્યાયમાં - અવસ્થામાં - શુભ-અશુભભાવ ઉત્પન્ન થાય છે, માટે તે ઉપર-ઉપર તરે છે મતલબ કે તેના પર્યાયમાં તેની અસ્તિ છે, છતાં પણ વસ્તુમાં તે છે નહીં. ભગવાન આત્માના સ્વભાવમાં પુણ્ય-પાપ છે નહીં. તો, જન્મ-મરણના અંત લાવનારી ચીજ એવું સમ્યગ્દર્શન - કે જે ધર્મનું પહેલું પગથિયું છે તે - પ્રગટ કરવું હોય તો જેના સ્વભાવમાં પુણ્ય-પાપ છે નહીં એવા સમ્યક્ સ્વભાવનો અંતરમાં અનુભવ કરવો. અર્થાત્ તે સ્વભાવને અનુસરીને આનંદનું પ્રગટ થવું - સમ્યગ્દર્શનનું ઉત્પન્ન થવું - ધર્મના પહેલાં પગથિયાનું થવું - તે મુક્તિનો ઉપાય છે. તે સિવાયનું બાકી બધું તો થોથે-થોથાં છે. આવી વાત છે ભાઈ !

અહા ! **'જેમાં આ બદ્ધસ્પૃષ્ટત્વ આદિ ભાવો'** ... જુઓ ભાઈ ! 'ભાવ છે' એમ કહ્યું ને ? અને તે પણ સ્પષ્ટપણે ઉપર તરે છે અર્થાત્ બદ્ધસ્પૃષ્ટ આદિ ભાવો બરાબર ઉપર-ઉપર છે એમ કહે છે. ભાષા જોઈ ?

**પ્રશ્નઃ-** સંસાર એટલે ? સંસારનો અર્થ શો છે ?

**સમાધાનઃ-** संसरत इति संसारः - જે શુદ્ધ આનંદકંદસ્વરૂપ આત્મા છે તેમાંથી હઠીને વિકારમાં આવવું તે સંસાર છે એટલે કે વિકાર જ સંસાર છે. આનંદકંદ ભગવાન આત્મામાંથી ખસી જઈને - હઠી જઈને - વિકાર પોતાનો છે એમ માનવું તેનું નામ સંસાર છે.

આ સ્ત્રી, કુટુંબ, પૈસા એ સંસાર નથી ?

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એ તો અજીવતત્ત્વ છે. ત્યાં આત્માનો સંસાર ક્યાંથી રહે ? સંસાર તો આત્માના પર્યાયમાં રહે છે અને પર્યાયમાં ભૂલ તે સંસાર છે. તે અજીવ મારા છે ને રાગ-દ્વેષ મારા છે એવી માન્યતાનો જે ભાવ છે તેને ભગવાન સંસાર કહે છે. પણ આ સ્ત્રી, કુટુંબ, વેપાર કે ધંધો એ સંસાર છે નહીં. કેમકે એ તો અજીવ છે. માટે ત્યાં આત્માનો સંસાર ક્યાંથી આવ્યો ?

અહીં કહે છે કે અહો ! **'આ બદ્ધસ્પૃષ્ટત્વ આદિ ભાવો સ્પષ્ટપણે ઉપર તરતા હોવા છતાં ખરેખર સ્થિતિ પામતા નથી.'** - પ્રતિષ્ઠા પામતા નથી. જેને 'શુદ્ધભાવ' કહ્યો છે તે શુદ્ધ આનંદઘન ધ્રુવ વસ્તુ ભગવાન આત્મામાં - એવો જે સમ્યક્ સ્વભાવ છે તેમાં - પુણ્ય-પાપના ભાવ શોભા પામતા નથી, તેઓ અંદર પ્રતિષ્ઠા પામતા નથી એટલે કે શુભાશુભભાવને અંદર આત્મામાં આધાર મળતો નથી. ભારે વાત ભાઈ ! અહા ! **'ખરેખર સ્થિતિ પામતા નથી'** એમ કહ્યું છે અર્થાત્ ચિદ્દ્ઘન ભગવાન આત્માની અંદર તે ભાવો પ્રવેશ કરે એમ બનતું જ નથી. જેમ શિયાળાના દિવસોમાં ઘી થાય છે ને ? તો, તે મજબૂત જામી જાય છે અને તેથી એવા ઘીમાં આંગળી તો ખૂંચે નહીં, પણ તાવીથો પણ ખૂંચે નહીં. તેમ ભગવાન આત્મા જ્ઞાનઘન છે, સમ્યક્ સ્વભાવઘન છે. તેથી તેમાં આ શરીરનો તો પ્રવેશ નથી, પરંતુ પુણ્ય ને પાપના વિકલ્પનો પણ અંદરમાં પ્રવેશ નથી. પણ અરે ! જે એક બીડીમાં અર્પાય જાય એવો અજ્ઞાની આવડો મોટો હું છું એમ કેમ માને ? અજ્ઞાની બે સીગારેટ પીવે ત્યારે તો તેને દસ્ત ઉતરે ! મૂર્ખાઈના તે કાંઈ ઘર જુદા હશે ? હવે આવા જીવને આવો આત્મા કઈ રીતે બેસે ?

કહે છે કે ભગવાન ! તારામાં જે પુણ્યના પરિણામ થાય છે તે તો - અરે ! જે ભાવે તીર્થંકર પ્રકૃતિ બંધાય તે ભાવ પણ - ઉપર-ઉપર તરે છે. કેમકે એ તો ભાઈ ! મેલ છે. પ્રભુ ! તને ખબર નથી. અહા ! તું નિર્મળાનંદ પ્રભુ છો ને તારા પ્રકાશના તેજ આગળ એ બધા વિભાવ તો અંધારા છે, અચેતનભાવ છે. મતલબ કે શુભાશુભભાવ પણ અચેતન છે. માટે, ચૈતન્ય આત્મામાં તે અચેતનનો પ્રવેશ નથી હો - એમ કહે છે. એક કોર આત્મા છે ને બીજી કોર રાગ છે. તે બે વચ્ચે સાંધ છે, માટે રાગ આત્મામાં અહો ! સ્થિતિ પામતો નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## ❁ શ્લોક - ૫૬ ઉપરનું પ્રવચન ❁

**'જે નિત્ય-શુદ્ધ ચિદાનંદરૂપી સંપદાઓની ઉત્કૃષ્ટ ખાણ છે'.** ભગવાન ! તું કેવો છો ? જો તારામાં પુણ્ય-પાપના સ્થાનો છે નહીં તો તું છો કેવો ? કે **'નિત્ય-શુદ્ધ ચિદાનંદરૂપી'** - જ્ઞાનાનંદરૂપી **'સંપદાઓની'** ... આ તારી સંપદા છે અને આવી સંપદાઓની તું **'ઉત્કૃષ્ટ ખાણ છો.'** સ્વરૂપમાંથી અનંતકાળ સુધી આનંદ નિકાળ્યે રાખે તોપણ ખૂટે નહીં એવી તારી ખાણ છે. આ પૈસા તો - બે - પાંચ અબજ રૂપિયા હોય તોપણ - ફટ દઈને ખૂટી જાય, પણ અહીં આત્માનો આનંદ તો કદી ખૂટે જ નહીં.

અહા ! **'જે નિત્ય-શુદ્ધ'....** ત્રિકાળ - કાયમી શુદ્ધ **'ચિદાનંદરૂપી સંપદાઓની ઉત્કૃષ્ટ ખાણ છે'.** પ્રભુ ! તારી તો જ્ઞાનાનંદરૂપી સંપદાઓ છે, પણ આ ધૂળની સંપદા તારી નથી. શરીર કાંઈક રૂપાળું મળે તો અજ્ઞાનીને આહા...હા... ! થઈ જાય છે. પણ આ શરીર તો ધૂળ-જડ-માટી છે, માંસ-હાડકાંનું બનેલું છે. ભાઈ ! એમાં તો ઈયળો પડશે ને તે અગ્નિમાં હળહળ સળગશે. તેમાં ક્યાં આત્મા છે ? તેમ જ તે કે દિ' તારી સંપદા હતી ? જુઓ, અહીં તો એમ કહે છે કે નિત્ય-શુદ્ધ ચિદાનંદરૂપી સંપદાઓની તું ઉત્કૃષ્ટ ખાણ છો. આ બહારની ખાણો તો ખૂટી જાય છે અને એ તો ધૂળની સંપદા છે, જ્યારે આ આત્મા તો અનંત-અનંત જ્ઞાનાનંદ સંપદાઓની ખાણ છે. તેમ જ એ બહારની સંપદાઓ તો દુઃખનું નિમિત્ત છે.

તે બહારની સંપદા સુખરૂપ તો નથી, પરંતુ સુખનું નિમિત્ત પણ નથી ?

ના, તે દુઃખનું નિમિત્ત છે. તે કે દિ' સુખનું નિમિત્ત હતું ?

પૈસાવાળાને માણસો સુખી કહે છે ને ?

એ તો પાગલની હોસ્પિટલમાં બધા પાગલ જ હોય તેથી એક પાગલ બીજા પાગલને સુખી કહે તેના જેવું છે. અહીં કહે છે કે ભગવાન ! તારી તો ચિદાનંદરૂપી સંપદાઓ છે અને તારામાં તે ભરી પડી છે. **'અને જે વિપદાઓનું અત્યંતપણે અપદ છે.'** પુણ્ય-પાપની જે વિપદાઓ છે તેનું તો તું અપદ છે. મતલબ કે તારામાં વિપદા છે જ નહીં, તારામાં વિપદા બિલકુલ નથી.

**'એવા આ જ પદને હું અનુભવું છું'.** મુનિરાજ કહે છે કે આવી મારી નિજ સંપદાનો હું અનુભવ કરું છું. હું પુણ્ય-પાપના વિકલ્પનો કે વ્રતના વિકલ્પનો અનુભવ કરતો નથી, કેમકે એ તો રાગ છે. આમ કહીને દુનિયાને પણ સમજાવે છે કે આવું તું કર તો સુખી થઈશ, નહીંતર દુઃખી તો છો જ ....

❁ ❁ ❁

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## ❁ શ્લોક - ૫૭ ઉપરનું પ્રવચન ❁

કહે છે કે **'(અશુભ તેમ જ શુભ) સર્વ કર્મરૂપી વિષવૃક્ષોથી ઉત્પન્ન થતાં'** ...જે આઠ કર્મ છે તે વિષવૃક્ષ છે - ઝેરના ઝાડ છે અને ભગવાન આત્મા અતીંદ્રિય અમૃતનું ઝાડ છે. તો, સર્વ કર્મરૂપી વિષવૃક્ષોથી - ઝેરના વૃક્ષોથી - ઉત્પન્ન થતી સુખ ને દુઃખની કલ્પના... દેવગતિમાં સુખ છે, પૈસાવાળાને સુખ છે, આબરુંમાં સુખ છે, વિષયમાં સુખ છે વગેરે એવી જે કલ્પના છે તે કર્મરૂપી ઝેરના ઝાડનું ફળ છે. શેઠ ! શું કહ્યું ? કે જે આ તમારા પૈસા છે તે, કહે છે કે, કર્મરૂપી ઝેરવૃક્ષનું ફળ છે.

તો શું પૈસા નાખી દેવા ?

કોણ નાખી દે ? એણે ક્યાં પૈસા લીધા કે રાખ્યા હતા કે નાખી દે ? અર્થાત્ તેની પાસે પૈસા કે દિ' હતા કે એ તેને નાખી દે ? કેમકે એ પૈસા તો જડ છે. પૈસા તો જડમાં, જડ થઈને રહ્યાં છે. શું તે આત્માના થઈને રહ્યાં છે કે જેથી આત્મા તેને રાખે ને નાખે ? પૈસા તો જડની અવસ્થા છે, જડરૂપ છે. માટે તેને આત્મા શું રાખે ? શું ટાળે ? શું રક્ષણ કરે ? ને શું ઉપજાવે ? - એ તો અજ્ઞાનીનો મિથ્યાભ્રમ છે કે (હું પૈસાને રાખું છું.) આવી વાત છે !

અહીં બહુ ટૂંકી વાત લીધી છે કે કર્મરૂપી ઝેરના ઝાડના ફળમાં જે કલ્પના થાય છે... છે ને અંદર ? કે **'સર્વ કર્મરૂપી વિષવૃક્ષોથી ઉત્પન્ન થતાં, નિજરૂપથી વિલક્ષણ એવાં ફળોને'** .... અહા ! ભગવાન આત્મા તો અતીંદ્રિય આનંદસ્વરૂપ છે. માટે તેનું ફળ પણ પર્યાયમાં અતીંદ્રિય આનંદ જ હોય છે અને આવા સ્વરૂપનો ભોગવટો ધર્મીને હોય છે. મતલબ કે જેણે આત્માને માન્યો છે તેને (-ધર્મીને) તો અતીંદ્રિય આનંદનો અનુભવ હોય છે એમ કહે છે. અહા ! જેણે આત્માને માન્યો છે એટલે કે આત્માનું સ્વરૂપ એકલો આનંદ છે (-આત્મા માત્ર આનંદસ્વરૂપ છે), તે અતીંદ્રિય આનંદનો નાથ છે એવું જેણે માન્યું છે તે ધર્મી તો અતીંદ્રિય આનંદના ફળનો ભોક્તા છે-ભોગવનાર છે, પરંતુ આ ઝેરના ફળનો ભોગવનાર નથી એમ કહે છે.

અહા ! સહુ કોઈ પોત-પોતાના પરિણામ સ્વતંત્રપણે કરે છે. તે પરને માટે કાંઈ કરે છે એમ છે નહીં. પણ અહીં તો એક જ વાત છે કે જેને ઝેરવૃક્ષના ફળ અનુભવમાં આવે છે તેને તો સંસાર (-મિથ્યાત્વ) છે ને તે દુઃખી છે તથા તેના ફળમાં તે ચાર ગતિમાં રખડશે એમ કહે છે. કોઈને પૂર્વના પુણ્યના કારણે પાંચ-પચીશ કરોડ રૂપિયા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



મળ્યા હોય અને તેમાં જો તે કલ્પના કરતો હોય કે મને (તેનાથી) સુખ છે તો તે મૂઢ જીવ વર્તમાનમાં પણ દુઃખી છે અને તે ૮૪ લાખ યોનિના દુઃખમાં દોડ્યો જાય છે. ભારે વાત ભાઈ !

પૈસાને માટે દુનિયા પાગલ થઈ રહી છે ?

મૂઢ અજ્ઞાની પૈસાની પાછળ પાગલ થઈ રહ્યો છે તો તે પાગલ જ છે. જ્યાં થોડા પૈસા આવ્યા ત્યાં 'હું પૈસાવાળો છું' એમ તે કહે છે. પણ અહીં કહે છે કે તું મૂઢ છો. શું તું જડવાળો છો ? કેમકે એ પૈસા તો જડ છે. લ્યો, આવી વાત છે.

ત્રિલોકનાથ વીતરાગ પરમાત્મા તીર્થંકરદેવ કેવળજ્ઞાનથી જોઈને-જાણીને અહીં કહે છે કે આ જગતમાં જે જીવો કર્મરૂપી ઝેરના ફળને — હર્ષ-શોકને - ભોગવે છે તેઓ દુઃખી છે. કેમકે તેઓએ આત્માને છોડી દીધો છે, આત્માનો અનાદર કર્યો છે. તેઓ વર્તમાનમાં દુઃખી છે અને ભવિષ્યમાં પણ તેઓ દુઃખની ગતિમાં જાશે — ચાર ગતિમાં રખડશે. લ્યો, આ એનું ફળ છે. જ્યારે ધર્મીને તો આનંદનું ફળ (ભોગવટો) હોય છે. ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદસ્વરૂપ છે. આવા આત્માનું જે નિજ લક્ષણ - નિજ સ્વરૂપ —છે તેનો જે માનનાર છે, જાણનાર છે અને સ્વીકાર કરનાર છે તેને તો અતીંદ્રિય આનંદનો અનુભવ ને ભોગવટો હોય છે. પછી ભલે તે (ધર્મી) ચક્રવર્તીના રાજ્યમાં પણ દેખાય, છતાં પણ તેને તો નિજ સ્વરૂપના અતીંદ્રિય આનંદનો અનુભવ હોય છે.

અહા ! જુઓ, **'(અશુભ તેમ જ શુભ) સર્વ કર્મરૂપી વિષવૃક્ષોથી ઉત્પન્ન થતાં'** ... એમ કહ્યું છે ને ? અર્થાત્ શાતાવેદનીય કર્મના ફળમાં શરીર, સ્ત્રી આદિ અનુકૂળ હોય અને તે ઘણા ગામનો ધણી-રાજા હોય વગેરે એવી સામગ્રી મળે છે. શાતાવેદનીયથી સગવડતા...સગવડતા...સગવડતા... હોય છે. તો, કહે છે કે આવા શાતાવેદનીય કર્મના ફળને જે ભોગવે છે તે દુઃખી પ્રાણી ઝેરના ફળને — દુઃખને — જ ભોગવે છે, પણ તેને આત્માના આનંદની ખબર નથી. હું એક જ્ઞાનાનંદ-અમૃતનો સાગર-દરિયો છું એટલે કે મારામાં અતીંદ્રિય જ્ઞાન-આનંદરૂપી અમૃત ભર્યું છે એવી અજ્ઞાનીને ખબર નથી. આવી ઝીણી વાત છે ભાઈ !

અહીંયા જોયું ? તેઓ તો **'નિજરૂપથી વિલક્ષણ'** છે એમ કહે છે. મતલબ કે હર્ષ-શોકના ભાવ તો નિજ સ્વરૂપથી વિપરીત લક્ષણવાળા ઝેરના ફળ છે. નિજ સ્વરૂપ એવા આનંદમૂર્તિ પ્રભુ આત્માથી વિપરીત લક્ષણવાળા તે ભાવ તો દુઃખરૂપ છે. પ્રભુ ! તારો આત્મા અતીંદ્રિય આનંદનો સાગર છે. માટે, તેમાંથી ફણગા ફૂટે તો અતીંદ્રિય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આનંદના ફૂટે અને આ ઝેરના વૃક્ષમાંથી તો દુઃખના ફણગા ફૂટે. આ કલ્પનાના માનેલા સુખ કે દુઃખ - એ બધુંય દુઃખ જ છે હો.

એ ખરેખર દુઃખ છે ?

ખરેખર શું ? એકલું ઝેર છે.

રાગમાં દુઃખ ન હોય ને દુઃખની કલ્પના કરતો હોય એમ તો નથી ને ?

રાગમાં દુઃખની કલ્પના નથી, પરંતુ ખરેખર દુઃખ છે. તથા એ તો ઝેર છે, પણ અજ્ઞાની તેને સુખરૂપ માને છે. અજ્ઞાની તેને સુખરૂપ માને છે તોપણ તે ઝેર છે, હળાહળ ઝેર છે. વિષયનું સુખ, પૈસાનું સુખ, સ્ત્રીનું સુખ, કુટુંબનું સુખ આદિ એ બધું હળાહળ ઝેર છે. પણ ભાન ન મળે ને ! (એટલે અજ્ઞાની તેમાં સુખ માને છે.) પૈસાનો રસ પણ ઝેરનો રસ છે, કેમકે નિજરૂપથી એ વિલક્ષણ છે. અહા ! પોતે ભગવાન આત્મા અતીંદ્રિય આનંદનો સાગર છે. પરંતુ અજ્ઞાનીને તેની ખબર નથી કે હું કોણ છું ? કેમ છું ? ને ક્યાં છું ? એ પાગલ (અજ્ઞાની) બેભાન થઈને, જેમ પાગલ ફરે તેમ, અનાદિથી ફરે છે.

અહીં કહે છે કે **'નિજરૂપથી વિલક્ષણ એવાં ફળોને છોડીને'** ... ચાહે તો સર્વાર્થસિદ્ધિરૂપ દેવનું પદ હો, ચક્રવર્તીનું પદ હો કે તીર્થંકરનું પદ હો - તેમાં જે ઝેરનાં ફળ એવાં શુભ-અશુભભાવ તેમ જ હર્ષ-શોકભાવ થાય છે તેને ધર્મી છોડી દે છે, કેમકે એ ઝેરી સાપોલિયા જેવા છે. જેમ ઝેરી સર્પના નાના બચ્ચાં-કણાં બહુ ઝેરીલા હોય છે તેમ પુણ્ય ને પાપના ભાવ સર્પના ઝેર જેવા છે. તો, જેને આત્માનું સ્વરૂપ શું છે તેનું ભાન થયું છે તે તો અર્થાત્ ધર્મીજીવ તો આત્માનો જ માનનારો છે અને તે આ હળાહળ ઝેરના ફળને-પરિણામને છોડી દે છે, પણ આદરતો નથી.

**'જે જીવ હમણાં સહજચૈતન્યમય આત્મતત્ત્વને ભોગવે છે'....** લ્યો, 'अधुना' છે ને ? એટલે કે હમણાં; અત્યારે; વર્તમાનમાં. ભગવાન આત્મા સુખ-દુઃખની કલ્પનાથી ને પુણ્ય-પાપની લાગણીથી પાર પ્રભુ છે. આવો આત્મા જેને માનવામાં, અનુભવવામાં, સ્વીકારવામાં આવ્યો છે તેણે જ આત્માને જેમ છે તેમ સ્વીકાર્યો છે એમ કહે છે, કેમકે એ આત્મા પુણ્ય-પાપ ને હર્ષ-શોકના ભાવરૂપે નથી. અહા ! આત્મામાંથી તો અતીંદ્રિય આનંદ આવે છે. પરંતુ પુણ્ય-પાપના ફળનું આરૂઢપણું છોડી દઈને જે આત્માને સ્વીકારે-માને છે તેને જ આનંદ આવે છે હો. અર્થાત્ આત્મામાં જે આરૂઢ થાય છે તેને જ આનંદ આવે છે. ભારે વાતો ભાઈ !

અહા ! **'સહજચૈતન્યમય આત્મતત્ત્વને'** - અકૃત્રિમ સ્વભાવમય પ્રભુ આત્માને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અર્થાત્ સ્વાભાવિક ચૈતન્યમય ને આનંદમય એવું જે આત્મતત્ત્વ છે તેને **'ભોગવે છે'** મતલબ કે ધર્મી તો તેને જ ભોગવે છે. જ્યારે અધર્મી હર્ષ-શોકરૂપ ઝેરને ભોગવે છે. બસ, આટલી વાત છે. (પરંતુ અજ્ઞાની પણ પરને ભોગવતો નથી.) જુઓ, હવે કેવી ખૂબી કરી છે કે **'જે જીવ હમણાં સહજચૈતન્યમય આત્મતત્ત્વને ભોગવે છે, તે જીવ અલ્પ કાળમાં મુક્તિને પામે છે'.** જે આત્માના આનંદનો અનુભવ કરે છે તે જ મોક્ષમાર્ગમાં છે અને તેને જ મુક્તિ મળે છે. - આવી રીતે આ કળશમાં માર્ગ ને માર્ગના ફળની — બેયની એકસાથે વાત કરી છે. કેમકે પહેલેથી જ એ કહ્યું છે ને ? (કે 'આ, મોક્ષમાર્ગ અને તેના ફળના સ્વરૂપનિરૂપણની સૂચના છે.' ગાથા-૨)

અહા ! આ બહારની સાહ્યબી - મોટા હજીરા-બંગલા ને બાગબગીચા તથા તેમાં ફર્નીચર ગોઠવેલા - હોય તો અજ્ઞાની માને છે કે હું મોટો સુખી છું. પરંતુ અહીં કહે છે કે તું દુઃખમાં-ઝેરમાં પડ્યો છો. ભગવાન ! સાચો દાગીનો તો અંદરમાં ચૈતન્યહીરો છે. અનંત આનંદના નાથ એવા તે ચૈતન્યહીરાનો જે અનુભવ કરે છે તે સુખી છે તથા તે જીવ જ સુખના પંથે (આગળ) જતાં મુક્તિને પામશે. આવો ભારે મારગ છે ! જુઓ, અહીં એ જ કહે છે કે **'તે જીવ અલ્પ કાળમાં મુક્તિને પામે છે.'** જેને આત્માનો અનુભવ જાગ્યો છે તે જીવ અલ્પ કાળમાં સિદ્ધ થશે. હર્ષ-શોકનો અનુભવ છોડી દઈને જે આત્માની અનુભૂતિ કરે છે **'તે જીવ અલ્પ કાળમાં મુક્તિને પામે છે - એમાં શો સંશય છે ?'** - આવા જીવો અલ્પ કાળમાં સિદ્ધપદને પામે તેમાં સંશય કેવો ? અહા ! કોઈ રાતો-પીળો થઈને ફરતો હોય અને તેને કરોડ-બે કરોડ રૂપિયા હોય તોપણ તે ભાઈ ! સંધ્યાના રંગ છે હો. (થોડીવારમાં) 'ધબો નમાઃ' થઈ જવાનું છે. એ રંગ જવાની સાથે જ અંધારું થઈ જવાનું છે. પણ અહીં એમ કહે છે કે જ્યાં ચૈતન્યના તેજ જાગ્યા ત્યાં આવા અંધારાના ફળને કોણ ભોગવે ?

અહા ! અતીંદ્રિય આનંદનો નાથ પ્રભુ આત્મા પોતે પૂર્ણાનંદથી બિરાજમાન છે. તેનો જેણે અંતર્મુખ થઈને સ્વીકાર કર્યો છે તેને પુણ્ય-પાપના ફળનો અસ્વીકાર છે. છ ખંડના રાજ્યમાં ભરત ચક્રવર્તી હતા. તેમને ઘરે ૯૬ હજાર પદમણી જેવી રાણીઓ હતી. તેમાંથી એક મુખ્ય રાણી તો એવી હતી કે તેની એક હજાર દેવ સેવા કરતા હતા. તો, તેના ભોગની વાસના તેમને ઝેરરૂપે દેખાતી હતી. અહા ! ધર્મીને વિષય-ભોગમાં કાળો નાગ દેખાય છે. માટે આનંદની ખાણના અનુભવપૂર્વક તેને ઝેરરૂપ દેખીને છોડી દે છે. અમૃતનો સાગર એવો આત્મા અંદરમાં ડોલી રહ્યો છે, તે અમૃતથી ભરપૂર ભરેલો છે. આવા આત્માનો જેને સ્વીકાર થયો છે, સમ્યક્ અનુભવ ને શ્રદ્ધા થયા છે તે આત્માના

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આનંદને વેદે છે, પણ પુણ્ય-પાપના ફળને વેદતો નથી. અહીં અધ્યાત્મશાસ્ત્ર છે ને ? એટલે એક જ પ્રકારના ભોગનો અધિકાર છે. (એક જ પ્રકારનો ભોગ જ્ઞાનીને છે એમ કહે છે.) પરંતુ તેને થોડુંક દુ:ખ છે અને થોડુંક સુખ છે એમ અહીં કહેવું નથી. જુઓને ! એક કડીમાં (કલશમાં) આવી ભારે વાત કરી છે !

અહા ! એ હર્ષ-શોકના ભાવ પણ અચેતન, દુ:ખરૂપ છે. તે કાંઈ ચૈતન્યની જાતના નથી હો. માટે, જેને આત્માનો અનુભવ થઈને અતીંદ્રિય આનંદની જાગૃતિ થઈ છે અર્થાત્ રાગની એકતાથી આનંદનો ખજાનો બંધ હતો તેને રાગની એકતા તોડીને જેણે ખોલ્યો છે એવો સમકિતી જીવ આનંદની અનુભૂતિથી મુક્તિને પામશે. લ્યો, આમ કહીને એમ પણ કહ્યું કે મોક્ષમાર્ગમાં રાગ - વ્યવહાર રત્નત્રયનો વિકલ્પ - આવશે, તોપણ તેનાથી સમકિતી આદિ મુક્તિ નહીં પામે, મોક્ષમાં નહીં જાય. પરંતુ એ તો આત્માના આનંદના અનુભવથી મોક્ષે જશે.

અરે ભાઈ ! જેમણે ભગવાન આત્માના ભેટા કર્યા નથી તે બધા રાંકા રાગમાં રોળાઈ ગયા છે અને જેમણે ભગવાનસ્વરૂપ આત્માનું ભાન કર્યું છે તેઓ તો આત્મામાં મસ્ત હોય છે, આનંદની મસ્તીમાં મહાલતા હોય છે. તેમને બીજી કોઈ ચીજ (રાગાદિમાં રુચિ વગેરે) હોતી નથી અને તેઓ અલ્પ કાળમાં મુક્તિને પામે છે એમાં તને શું સંશય છે ? લ્યો, આમ મોક્ષનો માર્ગ ને મોક્ષ — બેયની વાત કરી. મોક્ષનો માર્ગ એટલે આનંદમૂર્તિ ભગવાન આત્માનો અનુભવ. નિર્વિકલ્પ શ્રદ્ધા, જ્ઞાન ને ચારિત્ર એ આત્માનો મોક્ષમાર્ગ છે. તેમાં વચ્ચે વ્યવહારરત્નત્રય આવે છે, પરંતુ તે તો બંધનો માર્ગ છે, મોક્ષનો માર્ગ નહીં.

- એ ૪૦મી ગાથાનો કલશ પૂરો થયો.

---

| | | | |
|---|---|---|---|
| ગાથા - ૪૦ | પ્રવચન નં. NST / ૩૩ | તારીખ | ૨૩-૧-૭૨ |
| શ્લોક - ૫૬, ૫૭ | ૩૪ | | ૨૪-૧-૭૨ |
| | ૩૫ | | ૨૬-૧-૭૨ |

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

## ગાથા - ૪૧

**णो खइयभावठाणा णो खयउवसमसहावठाणा वा ।**
**ओदइयभावठाणा णो उवसमणे सहावठाणा वा ॥४१॥**

न क्षायिकभावस्थानानि न क्षयोपशमस्वभावस्थानानि वा ।
औदयिकभावस्थानानि नोपशमस्वभावस्थानानि वा ॥४१॥

**સ્થાનો ન ક્ષાયિકભાવનાં, ક્ષાયોપશમિક તણાં નહીં,**
**સ્થાનો ન ઉપશમભાવનાં કે ઉદયભાવ તણાં નહીં. ૪૧.**

**અન્વયાર્થ:-** (न क्षायिकभावस्थानानि) જીવને ક્ષાયિકભાવનાં સ્થાનો નથી, (न क्षयोपशमस्वभावस्थानानि वा) ક્ષયોપશમસ્વભાવનાં સ્થાનો નથી, (औदयिकभावस्थानानि) ઔદયિકભાવનાં સ્થાનો નથી, (वा) કે (न उपशमस्वभावस्थानानि) ઉપશમસ્વભાવનાં સ્થાનો નથી.

**ટીકા:-** ચાર વિભાવસ્વભાવોના સ્વરૂપકથન દ્વારા પંચમભાવના સ્વરૂપનું આ કથન છે.

★ કર્મોના ક્ષયે જે ભાવ હોય તે ક્ષાયિકભાવ છે. કર્મોના ક્ષયોપશમે જે ભાવ હોય તે ક્ષાયોપશમિકભાવ છે. કર્મોના ઉદયે જે ભાવ હોય તે ઔદયિકભાવ છે. કર્મોના ઉપશમે જે ભાવ હોય તે ઔપશમિકભાવ છે. સકળ કર્મોપાધિથી વિમુકત એવો, પરિણામે જે ભાવ હોય તે પારિણામિકભાવ છે.

આ પાંચ ભાવોમાં, ઔપશમિકભાવના બે ભેદ છે, ક્ષાયિકભાવના નવ ભેદ છે, ક્ષાયોપશમિકભાવના અઢાર ભેદ છે, ઔદયિકભાવના એકવીશ ભેદ છે, પારિણામિકભાવના ત્રણ ભેદ છે.

હવે, ઔપશમિકભાવના બે ભેદ આ પ્રમાણે છે : ઉપશમસમ્યક્ત્વ અને ઉપશમચારિત્ર.

---

★ કર્મોના ક્ષયે = કર્મોના ક્ષયમાં; કર્મોના ક્ષયના સદ્ભાવમાં. (વ્યવહારે કર્મોના ક્ષયની અપેક્ષા જીવના જે ભાવમાં આવે તે ક્ષાયિકભાવ છે.)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ક્ષાયિકભાવના નવ ભેદ આ પ્રમાણે છેઃ ક્ષાયિકસમ્યક્ત્વ, યથાખ્યાતચારિત્ર, કેવળજ્ઞાન ને કેવળદર્શન, તથા અંતરાયકર્મના ક્ષયજનિત દાન, લાભ, ભોગ, ઉપભોગ ને વીર્ય.

ક્ષાયોપશમિકભાવના અઢાર ભેદ આ પ્રમાણે છેઃ મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન ને મનઃપર્યયજ્ઞાન એમ જ્ઞાન ચાર; કુમતિજ્ઞાન, કુશ્રુતજ્ઞાન ને વિભંગજ્ઞાન એવા ભેદને લીધે અજ્ઞાન ત્રણ; ચક્ષુદર્શન, અચક્ષુદર્શન ને અવધિદર્શન એવા ભેદને લીધે દર્શન ત્રણ; કાળલબ્ધિ, કરણલબ્ધિ, ઉપદેશલબ્ધિ, ઉપશમલબ્ધિ ને પ્રાયોગ્યતાલબ્ધિ એવા ભેદને લીધે લબ્ધિ પાંચ; વેદકસમ્યક્ત્વ; વેદકચારિત્ર અને સંયમાસંયમપરિણતિ.

ઔદયિકભાવના એકવીશ ભેદ આ પ્રમાણે છેઃ નારકગતિ, તિર્યંચગતિ, મનુષ્યગતિ ને દેવગતિ એવા ભેદને લીધે ગતિ ચાર; ક્રોધકષાય, માનકષાય, માયાકષાય ને લોભકષાય એવા ભેદને લીધે કષાય ચાર; સ્ત્રીલિંગ, પુંલિંગ અને નપુંસકલિંગ એવા ભેદને લીધે લિંગ ત્રણ; સામાન્યસંગ્રહનયની અપેક્ષાએ મિથ્યાદર્શન એક, અજ્ઞાન એક ને અસંયમતા એક; અસિદ્ધત્વ એક; શુક્લલેશ્યા, પદ્મલેશ્યા, પીતલેશ્યા, કાપોતલેશ્યા, નીલલેશ્યા ને કૃષ્ણલેશ્યા એવા ભેદને લીધે લેશ્યા છ.

પારિણામિકભાવના ત્રણ ભેદ આ પ્રમાણે છેઃ જીવત્વપારિણામિક, ભવ્યત્વપારિણામિક અને અભવ્યત્વપારિણામિક. આ જીવત્વપારિણામિકભાવ ભવ્યોને તેમ જ અભવ્યોને સમાન હોય છે; ભવ્યત્વપારિણામિકભાવ ભવ્યોને જ હોય છે; અભવ્યત્વપારિણામિકભાવ અભવ્યોને જ હોય છે.

આ રીતે પાંચ ભાવોનું કથન કર્યું.

પાંચ ભાવો મધ્યે ક્ષાયિકભાવ કાર્યસમયસારસ્વરૂપ છે; તે (ક્ષાયિકભાવ) ત્રિલોકમાં ★પ્રક્ષોભના હેતુભૂત તીર્થંકરપણા વડે પ્રાપ્ત થતા સકળ-વિમળ કેવળજ્ઞાનથી યુક્ત તીર્થનાથને (તેમ જ ઉપલક્ષણથી સામાન્ય કેવળીને) અથવા સિદ્ધભગવાનને હોય છે. ઔદયિક, ઔપશમિક અને ક્ષાયોપશમિક ભાવો સંસારીઓને જ હોય છે, મુક્ત જીવોને નહિ.

પૂર્વોક્ત ચાર ભાવો આવરણસંયુક્ત હોવાથી મુક્તિનું કારણ નથી. ત્રિકાળ-

★ પ્રક્ષોભ = ખળભળાટ. (તીર્થંકરના જન્મકલ્યાણકાદિ પ્રસંગે ત્રણે લોકમાં આનંદમય ખળભળાટ થાય છે.)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નિરુપાધિ જેનું સ્વરૂપ છે એવા નિરંજન નિજ પરમ પંચમભાવની (-પારિણામિકભાવની) ભાવનાથી પંચમગતિએ મુમુક્ષુઓ (વર્તમાન કાળે) જાય છે, (ભવિષ્ય કાળે) જશે અને (ભૂત કાળે) જતા.

(હવે ૪૧મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ બે શ્લોક કહે છે:)

*(आर्या)*

**अंचितपंचमगतये पंचमभावं स्मरन्ति विद्वान्सः ।**
**संचितपंचाचाराः किंचनभावप्रपंचपरिहीणाः ॥५८॥**

**(શ્લોકાર્થ:-)** (જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ અને વીર્યરૂપ) પાંચ આચારોથી યુક્ત અને કાંઈ પણ પરિગ્રહપ્રપંચથી સર્વથા રહિત એવા વિદ્વાનો પૂજનીય પંચમગતિને પ્રાપ્ત કરવા માટે પંચમભાવને સ્મરે છે. ૫૮.

(मालिनी)

**सुकृतमपि समस्तं भोगिनां भोगमूलं**
**त्यजतु परमतत्त्वाभ्यासनिष्णातचित्तः ।**
**उभयसमयसारं सारतत्त्वस्वरूपं**
**भजतु भवविमुक्त्यै कोऽत्र दोषो मुनीशः ॥५९॥**

**(શ્લોકાર્થ:-)** સઘળુંય સુકૃત (શુભ કર્મ) ભોગીઓના ભોગનું મૂળ છે; પરમ તત્ત્વના અભ્યાસમાં નિષ્ણાત ચિત્તવાળા મુનીશ્વર ભવથી વિમુક્ત થવા અર્થે તે સઘળાય શુભ કર્મને છોડો અને ★સારતત્ત્વસ્વરૂપ એવા ઉભય સમયસારને ભજો. એમાં શો દોષ છે ? ૫૯.

## ગાથા - ૪૧ ઉપરનું પ્રવચન

**'ચાર વિભાવસ્વભાવોના સ્વરૂપકથન દ્વારા પંચમભાવના સ્વરૂપનું આ કથન છે.'** ભગવાન આત્મા ત્રિકાળી પંચમભાવસ્વરૂપ છે અર્થાત્ પરમ પારિણામિકસ્વભાવરૂપ છે અને તેને - તેના સ્વરૂપને - ચાર ભાવ દ્વારા વર્ણવે છે કે એ ચાર ભાવ તેમાં નથી. જુઓ, અહીંયા ક્ષાયિકભાવને પણ વિભાવસ્વભાવ કહ્યો છે.

ક્ષાયિકભાવ એટલે શું ?

★ સમયસાર સારભૂત તત્ત્વ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કેવળજ્ઞાન, કેવળદર્શન આદિ જે (પૂર્ણ) પર્યાય છે તે ક્ષાયિકભાવ છે અને તેને અહીં વિભાવમાં નાખ્યો છે. પહેલાં ઉપયોગની ગાથાઓમાં (ગાથા ૧૦-૧૧-૧૨ માં) કેવળજ્ઞાનને સ્વભાવજ્ઞાનમાં નાખ્યું હતું અને ચાર જ્ઞાનને વિભાવજ્ઞાનમાં નાખ્યાં હતાં. ત્યાં (ગાથા ૧૦-૧૧-૧૨માં) એમ આવ્યું હતું કે કેવળજ્ઞાન સ્વભાવજ્ઞાન છે, કેમકે વર્તમાનમાં તેને સદ્‌ભાવરૂપ કર્મની અપેક્ષા નથી. કર્મ સદ્‌ભાવરૂપે નિમિત્ત છે નહીં. માટે તે કેવળજ્ઞાન સ્વભાવજ્ઞાન છે અને જે બીજા ચાર જ્ઞાન છે તે વિભાવજ્ઞાન છે એમ કહ્યું હતું.

વળી, કેવળજ્ઞાનાદિને શુદ્ધગુણો કહ્યાં હતાં અને મતિજ્ઞાનાદિને વિભાવગુણો કહ્યાં હતાં. (ગાથા ૯) તેમ જ કેવળજ્ઞાનને નિરપેક્ષ સ્વભાવ (પર્યાય) કહ્યો હતો. (ગાથા ૧૪) હવે અહીં કેવળજ્ઞાનના પર્યાયને સાપેક્ષ કહેશે.

શું કહ્યું એ ?

(૧) કે ૧૪ મી ગાથામાં કેવળજ્ઞાન ને કેવળદર્શન નિરપેક્ષ છે એમ કહ્યું હતું. એકલા પરમાનંદનો નાથ આત્મા પૂર્ણ પ્રકાશમાન એવી કેવળજ્ઞાનની જળહળ જ્યોતિએ પ્રગટ્યો તો, કહે છે કે, તેને (કેવળજ્ઞાનને) કોઈની અપેક્ષા નથી. કેવળજ્ઞાનને કે મુક્તિને પરની અપેક્ષા નથી એમ ત્યાં કહ્યું હતું. જ્યારે અહીં કહે છે કે કેવળજ્ઞાનાદિ પર્યાયોને પણ અમે વિભાવભાવ કહીએ છીએ. કેમકે તે વિશેષ દશાઓ છે, પણ ત્રિકાળી સામાન્યભાવ નથી. તે અપેક્ષાએ તેમને વિશેષભાવ કહીને વિભાવભાવ કહેવામાં આવે છે. (વિ + ભાવ = વિશેષ + ભાવ.) થોડી ઝીણી વાત છે. આ તો નિયમસાર છે ને !

(૨) પહેલાં (ગાથા ૧૦-૧૧-૧૨માં) કેવળજ્ઞાનને સ્વભાવજ્ઞાન અને મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન ને મનઃપર્યયજ્ઞાનને વિભાવજ્ઞાન કહ્યાં હતાં, વિભાવગુણ કહ્યાં હતાં. જ્યારે અહીં તો કેવળજ્ઞાનને પણ વિભાવપર્યાય કહ્યો છે. જોકે ત્યાં આગળ ચાર જ્ઞાનનો અભાવ થઈને કેવળજ્ઞાન પ્રગટ થાય છે એટલે એ પર્યાયોની અપેક્ષાએ કેવળજ્ઞાનને સ્વભાવજ્ઞાન કહ્યું હતું. પરંતુ અહીં ત્રિકાળી ભાવની અપેક્ષાએ કેવળજ્ઞાનનો પર્યાય વિશેષભાવ છે તેથી વિભાવમાં નાખ્યો છે.

(૩) વળી, બીજી એક અપેક્ષાએ કેવળજ્ઞાનના પર્યાયને પારિણામિકભાવ પણ કહ્યો છે, કેમકે તેને કર્મની અપેક્ષા નથી. માટે તેને 'પંચાસ્તિકાયમાં' પારિણામિકભાવ કહ્યો છે. જ્યારે બીજા ચાર ભાવ કર્મની અપેક્ષાવાળા છે માટે હેય છે ને કર્મકૃત છે એમ પણ ત્યાં કહ્યું છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



– આમ એક કેવળજ્ઞાન વિશે ત્રણ અપેક્ષાએ વાત કરી છે. અહા ! આ તો સર્વજ્ઞનો પંથ છે અને તે અનેકાંતની અપેક્ષાએ કેવું સ્વરૂપ છે તે જણાવે છે. પરંતુ તેમાં જે ધર્મ હોય ને તે જે અપેક્ષાએ લાગુ પડે તે રીતે જણાવે છે હો. બાકી જે રીતે અપેક્ષા લાગુ ન પડે તે રીતે બતાવતો નથી. શું આ તે કોઈ ખીચડો છે ? આવી વાત છે ! અહા ! એક બાજુ એમ કહ્યું કે કેવળલબ્ધિ (કેવળજ્ઞાન) તે ક્ષાયિકભાવ છે અને તે ક્ષાયિકભાવ હોવાથી નિરપેક્ષ છે. (ગાથા ૧૪) તેમ જ એમ પણ કહ્યું કે કેવળજ્ઞાન સ્વભાવભાવ (સ્વભાવજ્ઞાન) છે. (ગાથા ૧૦-૧૧-૧૨) આમ તે કેવળજ્ઞાન સ્વભાવભાવ ને નિરપેક્ષ પર્યાય છે. જ્યારે અહીં એમ કહે છે કે કેવળજ્ઞાન તે વિભાવસ્વભાવ છે.

આમ કેમ ?

અહીંયા કેવળજ્ઞાનને ત્રિકાળી દ્રવ્યની અપેક્ષાએ વિભાવ ને વિશેષભાવ કહ્યો છે, જ્યારે બીજી જગ્યાએ બીજા ચાર જ્ઞાનની અપેક્ષાએ તેને સ્વભાવભાવ કહ્યો છે. તથા બીજા ચાર જ્ઞાનમાં પર-નિમિત્તની અપેક્ષા છે, જ્યારે કેવળજ્ઞાનમાં નિમિત્તની અપેક્ષા નથી. તે અપેક્ષાએ કેવળજ્ઞાનના પર્યાયને નિરપેક્ષ પર્યાય કહ્યો છે.

આટલું બધું પર્યાયનું જ્ઞાન શું કરવા કરાવો છો ? તેમાં તો આત્મા તરફનું લક્ષ ચૂકી જવાય છે ?

કોણે કહ્યું કે આત્માનું લક્ષ ચૂકી જવાય છે ? શું પર્યાયનું જ્ઞાન થતાં દ્રવ્યનું લક્ષ ચૂકી જવાય છે ? જાણવાનો તો તેનો સ્વભાવ છે. હા, પર્યાયનો આશ્રય કરે તો દ્રવ્યનું લક્ષ ચૂકી જવાય છે. ત્યાં (સમયસારની) ૧૬ મી ગાથામાં તો એમ કહ્યું છે કે દર્શન, જ્ઞાન, ચારિત્રનો પર્યાય તે આત્મા છે અને તેની સેવા તે આત્માની સેવા છે એમ પણ ત્યાં કહ્યું છે. કેમકે રાગની સેવા તે અનાત્માની સેવા છે એમ ત્યાં કહેવું છે.

**'ચાર વિભાવસ્વભાવ'** એટલે ?

ઔદયિક, ઔપશમિક, ક્ષાયોપશમિક ને ક્ષાયિક – આ ચાર ભાવોને અહીં વિભાવસ્વભાવ કહ્યાં છે અને તેમને આગળ આ જ ગાથામાં આવરણવાળા પણ કહેશે. 'ચાર ભાવો આવરણસંયુક્ત હોવાથી મુક્તિનું કારણ નથી' – એમ કહેશે. ભાઈ ! કઈ અપેક્ષા છે તે જાણવી જોઈએ ને ? અહીં તો મુક્તિના કારણપણે ત્રિકાળી દ્રવ્યસ્વભાવને સિદ્ધ કરવો છે, ત્રિકાળી પરમ પારિણામિકભાવ મુક્તિનું કારણ છે એમ અહીં બતાવવું છે. અને જે આ પર્યાયો છે તેનો આશ્રય કરવા જાય તો મુક્તિનું કારણ ઉત્પન્ન થતું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નથી તેથી એ ચાર ભાવોને આવરણવાળા કહ્યાં છે. ત્રિકાળી દ્રવ્યની અપેક્ષાએ તેમને સાપેક્ષ ને વિશેષભાવ કહ્યાં છે. અહા ! આ પ્રભુની - આત્માની - લીલા છે હો. કોઈ ઈશ્વરની લીલા કહે છે, પરંતુ તેની લીલા નથી. આ તો આત્માની લીલા છે અને તેની અહીંયા વાત છે.

અહીં **'ચાર વિભાવસ્વભાવ'** એમ કહ્યું છે એટલે કોઈને મુંઝવણ ન થાય તે માટે આ સ્પષ્ટતા થાય છે.

કેવળજ્ઞાનને અહીંયા વિભાવસ્વભાવ કહ્યો છે. આમ કેમ ?

કેમકે સામાન્ય ત્રિકાળી દ્રવ્યની અપેક્ષાએ તે વિશેષભાવ છે. માટે તે વિભાવસ્વભાવ છે.

પહેલાં (ગાથા ૧૦-૧૧-૧૨માં) તેને સ્વભાવભાવ (-સ્વભાવજ્ઞાન) કહ્યો હતો. તો તે શા માટે ?

કેમકે બીજા ચાર જ્ઞાનને વિભાવજ્ઞાન કહ્યાં હતાં. માટે કેવળજ્ઞાનને સ્વભાવજ્ઞાન કહ્યું હતું.

પહેલાં (ગાથા-૧૪માં) કેવળજ્ઞાનને સ્વભાવનો નિરપેક્ષ પર્યાય કહ્યો હતો. તે શાં માટે ?

કેમકે વર્તમાનમાં તેને કોઈ નિમિત્તની અપેક્ષા છે નહીં અર્થાત્ તેને (સદ્ભાવરૂપ) નિમિત્તનો અભાવ થઈ ગયો છે. અત્યારે વર્તમાનમાં તેને નિમિત્ત ક્યાં છે ? એ અપેક્ષાએ તેને નિરપેક્ષ પર્યાય કહ્યો હતો અને બીજા ચાર જ્ઞાનને સાપેક્ષ પર્યાય કહ્યાં હતાં. વિભાવભાવને 'પંચાસ્તિકાય'માં તો ઉપાદાન, પોતાનું છે ને નિમિત્તપણું કર્મનું છે એટલે, સ્વ-પરહેતુક પર્યાય કહ્યો છે. (ગાથા ૧૫૯) અહો ! અપેક્ષાના અનેક પ્રકાર છે ભાઈ ! લ્યો, એક વાતમાં કેટલાં પડખાં પડે છે !

અહીં કહે છે કે **'ચાર વિભાવસ્વભાવોના સ્વરૂપકથન દ્વારા પંચમભાવના સ્વરૂપનું આ કથન છે'** - પંચમભાવનું સ્વરૂપ બતાવવું છે. ભગવાન આત્મા અનાદિ-અનંત એટલે કે અણ-ઉત્પન્ન ને અવિનાશી એવો ત્રિકાળ ધ્રુવસ્વરૂપ પરમ પારિણામિકભાવ છે અને તેને અહીં બતાવવો છે. પણ આ ચાર ભાવોને કહીને. અર્થાત્ આ ચાર ભાવો તેમાં નથી એમ કહીને એ પરમ પારિણામિકભાવરૂપ આત્માને બતાવવો છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અમારે આવી સમજણ કરવી પડશે ? આમાં તો એકલી 'સમજણ કરવી' એ જ વાત આવે છે ?

ભાઈ ! આ તો હજી બહારલક્ષી (-પરલક્ષી) સમજણની વાત છે. અજ્ઞાનીને તો બહારલક્ષી સમજણના પણ ઠેકાણા નથી. વસ્તુસ્વરૂપ શું છે તેની બહારલક્ષી સમજણના જ જેને હજી ઠેકાણા નથી તે અંતરમાં જશે શી રીતે ? સમજણ જ જેની ખોટી છે તેને ધ્રુવનો આશ્રય આવશે ક્યાંથી ?

અહીં કહે છે કે **'કર્મોના ક્ષયે જે ભાવ હોય તે ક્ષાયિકભાવ છે' ...**

**પ્રશ્નઃ-** તમે કહો છો કે આત્મા ક્ષાયિકભાવ પ્રગટ કરે તો કર્મનો ક્ષય થઈ જાય. પરંતુ અહીં તો કહે છે કે 'કર્મોના ક્ષયે જે ભાવ હોય તે ક્ષાયિકભાવ છે.' માટે કર્મનો ક્ષય થાય તો જ કેવળજ્ઞાન થાય એમ કહો.

**સમાધાનઃ-** ભાઈ ! અહીં તો (નિમિત્તની) અપેક્ષાએ વાત કરી છે. કેમકે (કેવળજ્ઞાન થતાં) નિમિત્તનો અભાવ થાય છે ને ? એ અપેક્ષાથી તેને ક્ષાયિકભાવ કહ્યો છે. (કર્મના ક્ષયની અપેક્ષાએ ક્ષાયિકભાવ કહ્યો છે.) જુઓ, નીચે (ફૂટનોટમાં) અર્થ કર્યો છે કે **'કર્મોના ક્ષયે = કર્મોના ક્ષયમાં; કર્મોના ક્ષયના સદ્‌ભાવમાં (વ્યવહારે કર્મોના ક્ષયની અપેક્ષા જીવના જે ભાવમાં આવે તે ક્ષાયિકભાવ છે.)'**

પરંતુ 'ક્ષાયિક' શબ્દમાં એવો ધ્વનિ ઉઠે છે કે કર્મોનો ક્ષય આત્માએ કર્યો છે. અને તેનો ક્ષય થયો તો આ (કેવળજ્ઞાન) થયું છે ?

ભાઈ ! અહીં તો કહે છે કે કર્મોનો ક્ષય આત્માએ કર્યો નથી. કર્મોનો ક્ષય બીજો કેમ કરે ? અન્ય કોણ તેનો નાશ કરે ? કેમકે કર્મની પર્યાય તો સ્વતંત્ર છે. અને જીવને પોતાની દશા પ્રાપ્ત થવામાં એ કર્મના અભાવનું નિમિત્તપણું છે, તેથી તે ભાવને ક્ષાયિકભાવ કહેવામાં આવે છે. ભારે વાતો ભાઈ ! ધર્મ કોઈ જુદી ચીજ છે બાપા !

જે ભાવમાં કર્મના અભાવની અપેક્ષા આવે તે ભાવને ક્ષાયિકભાવ કહે છે. કેવળજ્ઞાનાદિને ક્ષાયિકભાવ કહે છે. હવે પછી તેના ૯ બોલ (ભેદ) આવશે.

**'કર્મોના ક્ષયોપશમે જે ભાવ હોય તે ક્ષાયોપશમિકભાવ છે'.** જે ભાવમાં કર્મના ક્ષયોપશમની અપેક્ષા આવે તેને ક્ષાયોપશમિકભાવ કહે છે.

**'કર્મોના ઉદયે જે ભાવ હોય તે ઔદયિકભાવ છે'.** જે ભાવમાં કર્મના ઉદયની અપેક્ષા હોય તેને ઔદયિકભાવ કહે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**'કર્મોના ઉપશમે જે ભાવ હોય તે ઔપશમિકભાવ છે.'** કેવળજ્ઞાનાદિ ક્ષાયિકભાવ છે; મતિજ્ઞાનાદિ ક્ષાયોપશમિકભાવ છે; પુણ્ય-પાપ, દયા, દાનાદિ બધો વિકાર ઔદયિકભાવ છે અને સમકિત તથા ચારિત્રમાં ઔપશમિકભાવ હોય છે. આ બધાનો ખુલાશો પછી આવશે.

**'સકળ કર્મોપાધિથી વિમુક્ત'** - સર્વ કર્મની ઉપાધિનો અભાવ અર્થાત્ નિમિત્તની હયાતી કે તેનો અભાવ - બધાનો અભાવ **'એવો, પરિણામે જે ભાવ હોય તે પારિણામિકભાવ છે.'** 'પરિણામે' એટલે અહીં પર્યાયની વાત નથી, પરંતુ 'પરિણામે' એટલે સહજભાવે. તો સહજભાવે જે ભાવ હોય તેને પારિણામિકભાવ કહેવામાં આવે છે.

- આમ પાંચ ભાવના નામ આપ્યા. હવે તેમના ભેદની વાત કહે છે. તે ભેદો કયા કયા છે તે પછી કહેશે. **'આ પાંચ ભાવોમાં, ઔપશમિકભાવના બે ભેદ છે, ક્ષાયિકભાવના નવ ભેદ છે, ક્ષાયોપશમિકભાવના અઢાર ભેદ છે, ઔદયિકભાવના એકવીશ ભેદ છે, પારિણામિકભાવના ત્રણ ભેદ છે.'**

(૧૦) **'હવે, ઔપશમિકભાવના બે ભેદ આ પ્રમાણે છે : ઉપશમસમ્યક્ત્વ અને ઉપશમચારિત્ર.** ઉપશમસમકિત ચોથા ગુણસ્થાને થાય છે અને ઉપશમશ્રેણી માંડનારને તે સાતમાથી અગીયારમા ગુણસ્થાન સુધી હોય છે. ઉપશમચારિત્ર અગીયારમા ગુણસ્થાને હોય છે. કર્મ ઠર્યું હોય ને ફળ દેતું ન હોય એવી પુરુષાર્થની જાગૃતિને ઉપશમસમકિત ને ઉપશમચારિત્ર કહે છે અને એ બધાં ભાવ વિભાવભાવમાં જાય છે. કેમકે વિશેષભાવ છે ને ? વિશેષ પર્યાય છે ને ? તેમ જ તેઓ સામાન્ય દ્રવ્યરૂપ નથી, સામાન્ય દ્રવ્ય કે જે ત્રિકાળી પરમ પારિણામિકભાવ છે તે-રૂપ તેઓ નથી. સમ્યગ્દર્શનનો વિષય પરમ પારિણામિકભાવ છે અર્થાત્ સમ્યગ્દર્શન પરમ પારિણામિકભાવના આશ્રયે થાય છે, પ્રથમ ધર્મની શરૂઆત ત્રિકાળી પરમસ્વભાવભાવના આશ્રયે થાય છે. તેથી આ ઔપશમિકભાવને અપેક્ષિતભાવ (-વિભાવભાવ) કહીને આશ્રય કરવા લાયક નથી એમ કહ્યું છે.

(૧૧) **'ક્ષાયિકભાવના નવ ભેદ આ પ્રમાણે છે : ક્ષાયિકસમ્યક્ત્વ'** - જે સમકિત પ્રગટ થયું તે હવે કદી જાય નહીં તે ક્ષાયિકસમકિત છે. સિદ્ધદશામાં પણ તે સાથે રહે છે. છતાંપણ તેને અહીંયા વિભાવસ્વભાવ કહેવામાં આવે છે. કેમકે તે પર્યાય છે ને ? અહા ! ત્રિકાળી વસ્તુ જ્ઞાયકભાવની - ત્રણે કાળ જ્ઞાન ને આનંદનો પુંજ એવા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ધ્રુવપ્રભુ આત્માની - અપેક્ષાએ આ ક્ષાયિકસમકિતને પણ, તે પર્યાય હોવાથી , વિભાવ કહેવામાં આવે છે. લ્યો, ક્ષાયિકભાવને પણ વિભાવભાવ કહ્યો ! અહીંયા વિભાવ એટલે વિકાર નહીં, પરંતુ વિશેષભાવ. ત્રિકાળી દ્રવ્યસ્વભાવની અપેક્ષાએ આ ક્ષાયિકભાવ પણ વિશેષભાવ છે અને તે વિશેષભાવ પર્યાયનયનો વિષય છે, પણ શુદ્ધ દ્રવ્યાર્થિકનયનો વિષય નથી. કેમકે શુદ્ધ દ્રવ્યાર્થિકનયનો વિષય તો ત્રિકાળી વસ્તુ છે. તે ત્રિકાળી આત્માના આશ્રયે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યગ્ચારિત્ર ને આનંદાદિ પ્રગટ થાય છે, પરંતુ આ ક્ષાયિકભાવને આશ્રયે પ્રગટ થતા નથી.

**'યથાખ્યાતચારિત્ર'.** યથાખ્યાતચારિત્ર એટલે જેવું સ્થિરતાનું સ્વરૂપ છે તેવું પ્રસિદ્ધ થઈ જવું. ૧૧-૧૨મા ગુણસ્થાને યથાખ્યાતચારિત્ર પ્રગટ થાય છે અને તે પણ વિશેષભાવ છે, પર્યાય છે. એટલે કે જે ક્ષાયિકભાવ છે તે પણ વિશેષભાવ છે અને તેથી તેને વિભાવસ્વભાવ કહેવામાં આવે છે. અહા ! હજુ તો પુણ્યના ભાવને વિભાવ કહેવો એ પણ અજ્ઞાનીને બેસતું નથી. અજ્ઞાની તો પુણ્યના ભાવથી પણ પવિત્રતા પ્રગટ થાય છે એમ માને છે. પરંતુ અહીં તો કહે છે કે આવા ક્ષાયિકચારિત્રના (-યથાખ્યાતચારિત્રના) આશ્રયે પણ પવિત્રતા પ્રગટ ન થાય. આવી વાત છે.

**'કેવળજ્ઞાન ને કેવળદર્શન'** - તે પણ વિભાવભાવ છે, વિશેષભાવ છે. કેમકે તે પર્યાય છે ને ? તે અપેક્ષાએ વિભાવભાવ છે.

**'તથા અંતરાયકર્મના ક્ષયજનિત'** - અંતરાયકર્મના નાશથી ઉત્પન્ન થતાં **'દાન'** - સ્વરૂપનું દાન, પોતાના આનંદનું દાન પોતે આપે છે. લ્યો, પૈસાનું દાન કોઈ આપી શકતું નથી એમ કહે છે.

**પ્રશ્ન:-** જેને ભેદ-પ્રભેદ ન આવડતા હોય તેણે શું કરવું ?

**સમાધાન:-** ભેદ-પ્રભેદ ન આવડતા હોય તો શીખવા. શું ધંધાના બધા ભેદ-પ્રભેદ નહીં શીખતા હોય ? તો, સંસારના કામમાં બધી સમજણ જોઈએ ને અહીં અણસમજણ જોઈએ એમ હશે ?

**પ્રશ્ન:-** સંસારના કામમાં તો પહેલેથી જ સમજણ છે. જ્યારે અહીંયા તો....

**સમાધાન:-** વાત તો સાચી છે. કેમકે અનાદિથી સંસારની જ સમજણ છે ને ? તેમ જ આ વાતની સમજણ નથી કરી એટલે આ સમજણ કરવી તેને આકરી લાગે છે, છતાંપણ આ વસ્તુસ્વરૂપ સમજવું, કારણ કે આ પોતાના ઘરની વાત છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અહીં કહે છે કે દાન એટલે પોતાના સ્વરૂપનું દાન પોતે પર્યાયમાં આપે છે. અને તે પણ વિશેષભાવ છે. કેમકે તે પર્યાય છે ને ? અહા ! અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદાદિનું દાન પોતે પોતાને આપે છે અર્થાત્ પોતે જ લેનાર છે ને પોતે જ દેનાર છે. તો, આવી જે દાનની અવસ્થા છે તેને પણ ત્રિકાળી સામાન્ય દ્રવ્યની અપેક્ષાએ વિશેષભાવ કહેવામાં આવે છે.

એવી રીતે **'લાભ'** - સ્વરૂપનો લાભ. બારણાં ઉપર લખે છે ને ? કે 'લાભ સવાયા.' ત્યાં તો ધૂળમાંય લાભ સવાયા નથી, કેમકે ત્યાં ક્યાં લાભ હતો ? એ બધા લખનારા તો, કહે છે કે, ગાંડા-પાગલ છે. લાભ તો અંદરમાં જ્ઞાન ને આનંદના પર્યાયની પ્રગટતા થાય તેને કહેવામાં આવે છે. મતલબ કે કેવળજ્ઞાન, કેવળદર્શન અને અનંત આનંદાદિના પર્યાયની પ્રાપ્તિ થવી તેનું નામ લાભ છે. છતાં તે લાભ પણ વિભાવભાવ છે. અહીંયા વિભાવભાવ એટલે ત્રિકાળી સામાન્ય દ્રવ્ય નહીં, પણ વિશેષભાવ અને તે પર્યાયનયનો વિષય છે. અહા ! દાનને યોગ્ય જે જડ વસ્તુ છે તે અજીવ છે અને દાન દેવાનો જે વિકલ્પ છે તે વિભાવ છે તથા તે વિકલ્પ રહિત અંતરસ્વરૂપની નિર્વિકલ્પદશા — કે જે યથાર્થ દાન છે તે - પણ વિશેષભાવ છે, પરંતુ સામાન્ય ત્રિકાળી ભાવ નથી.

**'ભોગ'** - આત્મામાં અનંત આનંદનો અનુભવ. તે અનંત અતીંદ્રિય આનંદનો ભોગ પણ વિશેષપર્યાય છે અને તેથી તેને વિભાવભાવ કહ્યો છે.

**'ઉપભોગ'** - વારંવાર અતીંદ્રિય આનંદનો ભોગવટો તે ઉપભોગ છે. તે પણ એક વિશેષભાવ છે, તેથી સામાન્યભાવની અપેક્ષાએ વિભાવભાવ છે.

**'વીર્ય'** - અનંત વીર્ય પ્રગટે તે. આત્મામાંથી કેવળી ભગવાનને અનંત વીર્ય - પુરુષાર્થ — પ્રગટ્યું છે. તે અનંત વીર્ય પણ પર્યાય છે અને તેથી ત્રિકાળી વસ્તુની — દ્રવ્યસ્વભાવની - અપેક્ષાએ તેને વિભાવ અર્થાત્ વિશેષભાવ કહેવામાં આવે છે. આ પ્રકારે અહીં વાત છે. અહા ! વાત તો આવી અલૌકિક છે !

ભાઈ ! તારા સામાન્ય દ્રવ્યમાં તારો મોટો ભંડાર ભર્યો છે. તે અનંત ગુણનો દરિયો છે અને તે જ આશ્રય કરવાલાયક છે. આ (નિયમસાર એટલે) મોક્ષમાર્ગની વ્યાખ્યા છે ને ? તો, મોક્ષમાર્ગ કોના આશ્રયે પ્રગટે છે ? કે ત્રિકાળી દ્રવ્યના આશ્રયે મોક્ષમાર્ગ પ્રગટે છે, પરંતુ પર્યાયના આશ્રયે મોક્ષમાર્ગનો પર્યાય પ્રગટ થતો નથી.

- આ રીતે, ક્ષાયિકભાવની નવલબ્ધિ કહી, નવ ભેદ કહ્યાં.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(૧૨) કાંઈક અંદર ઉઘાડ હોય અને કાંઈક ન હોય એવા ભાવને ક્ષાયોપશમિકભાવ કહીએ. તે **'ક્ષાયોપશમિકભાવના અઢાર ભેદ આ પ્રમાણે છે : મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન ને મનઃપર્યયજ્ઞાન એમ જ્ઞાન ચાર'.** - એ ચાર જ્ઞાન પણ ક્ષાયોપશમિકભાવ છે. અહા ! સર્વ અવધિજ્ઞાનમાં એક છૂટો રજકણ પણ જણાય છે અને કદાચ તે રજકણથી (-પરમાણુથી) કોઈ અનંતમો ભાગ હોત તોપણ તેમાં જણાત. આવું સર્વ અવધિજ્ઞાન છે. પરંતુ તે સર્વ અવધિજ્ઞાન પર્યાય છે, અંશ છે, વિશેષ છે, ભેદ છે. માટે ત્રિકાળી દ્રવ્યની અપેક્ષાએ તે વિભાવભાવ છે. ભારે વાત ભાઈ !

આ જ માર્ગથી મોક્ષ થશે ? બીજા કોઈ માર્ગથી મોક્ષ નહીં થાય ?

આ જે (વીતરાગ) માર્ગ છે તે માર્ગથી જ મોક્ષ થશે, પરંતુ બીજા કોઈ માર્ગથી મોક્ષ થશે નહીં. અહીં (વીતરાગમાર્ગમાં) આવ્યા છીએ તો કાંઈ વાડો બાંધવા નથી આવ્યા, પણ જે સત્ય છે તેના શરણ માટે આવ્યા છીએ. તીર્થંકરોએ અનાદિથી જેવું વસ્તુસ્વરૂપ કહ્યું છે તેવું જ વસ્તુસ્વરૂપ છે. અર્થાત્ દિગંબર મુનિઓએ જે પંથ કહ્યો છે તે જ સત્ય વસ્તુ છે. બીજા મતમાં ભગવાને જે વસ્તુસ્વરૂપ કહ્યું છે તે રહ્યું જ નથી, પરંતુ (અજ્ઞાનીએ) પોતાની કલ્પનાથી એ બધું ઉભું કર્યું છે. આકરી વાત છે ભાઈ ! અહા ! આ તો અનંતા તીર્થંકરો ને સર્વજ્ઞોનો અનાદિનો ધોરીમાર્ગ છે. મહાવિદેહમાં પણ ભગવાનનો આ ધોરીમાર્ગ ચાલે છે. આ જે દિગંબર ધર્મ છે તે જ સનાતન ધર્મ છે, નિર્ગ્રંથ પંથ છે અને તે નિર્ગ્રંથ પંથ જ ભવ અંતનો ઉપાય છે. એટલે કે ભવના અંત માટે તેનું શરણ લેવા જેવું છે એમ કહે છે. બાકી આ કાંઈ કોઈ પક્ષ નથી, પણ વસ્તુની સ્થિતિ જ આવી છે.

અહીં કહે છે કે આ ચાર જ્ઞાન — સમ્યક્મતિ-શ્રુતાદિ — ક્ષાયોપશમિકભાવે છે અને તેથી તેઓ પણ વિભાવસ્વભાવ છે.

**'કુમતિજ્ઞાન, કુશ્રુતજ્ઞાન ને વિભંગજ્ઞાન એવા ભેદને લીધે અજ્ઞાન ત્રણ'** - એ ત્રણ અજ્ઞાન મિથ્યાદૃષ્ટિને હોય છે ને ? તો, તે પણ ક્ષાયોપશમિકભાવે છે.

**'ચક્ષુદર્શન, અચક્ષુદર્શન ને અવધિદર્શન એવા ભેદને લીધે દર્શન ત્રણ'** - એ પણ ક્ષાયોપશમિકભાવે છે. કેવળદર્શન ક્ષાયિકભાવે છે અને તે પહેલાં ક્ષાયિકભાવમાં આવી ગયું છે.

**'કાળલબ્ધિ'** એટલે ક્ષયોપશમલબ્ધિ. લ્યો, કાળલબ્ધિ ક્ષાયોપશમિકભાવે છે એમ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કહે છે. પાંચ લબ્ધિના વર્ણનમાં ક્ષયોપશમલબ્ધિ લીધી છે, જ્યારે અહીં કાળલબ્ધિ લીધી છે. જે સમયે જે પર્યાયરૂપ પ્રગટ દશા છે તે તેની કાળલબ્ધિ છે અને તે કાળલબ્ધિનો ક્ષયોપશમભાવ એ વિશેષભાવ છે. 'દ્રવ્યસંગ્રહ'માં આવે છે કે કાળ છે, પણ તે હેય છે, કાળલબ્ધિ હેય છે. લ્યો ઠીક, ત્યાં એમ કહ્યું કે કાળલબ્ધિ છે ખરી, પણ છે હેય. વિક્રમ સંવત ૧૯૮૪માં દામનગરમાં એક શેઠ સાથે આ કાળલબ્ધિ ઉપર મોટી ચર્ચા થયેલી. તેઓ કહે કે તમે પુરુષાર્થ...પુરુષાર્થ...કરો છો, પણ કાળલબ્ધિ છે માટે તે પ્રમાણે કાર્ય થાય છે. ત્યારે કહેલું કે કાળલબ્ધિ હેય છે કે ઉપાદેય ? ઉપાદેય તો ભગવાન આત્માનો સ્વભાવ છે. તેથી તે જ આશ્રય કરવાયોગ્ય છે તથા કાળલબ્ધિ સાથે પુરુષાર્થ પણ છે. જુઓ, અહીં 'દ્રવ્યસંગ્રહ'માં શું કહે છે ? કે કાળ હેય છે. (ગાથા ૨૧, ૨૨) 'દ્રવ્યસંગ્રહ'માં એ વાત આવે છે ને ? હું તે વખતે બરાબર એ જ વાંચતો હતો. મારે વાંચનમાં 'દ્રવ્યસંગ્રહ'ની એ જ ગાથા બરાબર આવી હતી ને ત્યારે તે શેઠની સાથે આ વાત થઈ હતી. કાળલબ્ધિનું જ્ઞાન ક્યારે થાય ? જેને કાળલબ્ધિનું યથાર્થ જ્ઞાન કરવું હોય તે સામાન્ય દ્રવ્યનો આશ્રય લે છે અને ત્યારે તેને કાળલબ્ધિનું યથાર્થ જ્ઞાન થાય છે. બાકી તે વિના યથાર્થ જ્ઞાન થાય નહીં. અહીં તો કહે છે કે આ કાળલબ્ધિનો પર્યાય પણ હેય છે. પર્યાયરૂપ ચારેય ભાવ હેય છે.

**'કરણલબ્ધિ'** તેના ત્રણ ભેદ આવે છે ને ? અધઃકરણ, અપૂર્વકરણ ને અનિવૃત્તિકરણ. એ બધાંય ભેદ ક્ષાયોપશમિકભાવે છે અને હેય છે.

**'ઉપદેશલબ્ધિ'** - દેશનાલબ્ધિ. ભગવાનની કે ગુરુની દેશના તે ઉપદેશલબ્ધિ છે અને તે ક્ષાયોપશમિકભાવ છે. કેમકે તેના નિમિત્તે ખ્યાલ (-જ્ઞાન) થાય છે ને ? માટે તે અપેક્ષાએ ક્ષાયોપશમિકભાવ છે.

**'ઉપશમલબ્ધિ'** - પાંચ લબ્ધિના વર્ણનમાં જે વિશુદ્ધિલબ્ધિ આવે છે તે; કષાયની મંદતા. લ્યો, કષાયની મંદતાને અહીં ક્ષાયોપશમિકભાવમાં નાખી છે અને 'પંચાસ્તિકાય'માં પણ તેને ક્ષાયોપશમિકભાવમાં નાખી છે. તેમાં કેટલોક (થોડોક) અશુભભાવ ઘટે છે ને ? માટે દ્રવ્યનિક્ષેપે તેને ક્ષાયોપશમિકભાવ કહેવાય છે.

**'પ્રાયોગ્યતાલબ્ધિ'** - કર્મની સ્થિતિ બહુ થોડી - અંતઃક્રોડાક્રોડી - રહી જવી તે પ્રાયોગ્યતાલબ્ધિ છે. આવી પણ એક લબ્ધિ છે. **'એવા ભેદને લીધે લબ્ધિ પાંચ'** - પાંચેય લબ્ધિ ક્ષાયોપશમિકભાવે છે. તે ક્ષાયોપશમિકભાવ વિભાવભાવ છે, માટે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આશ્રય કરવાલાયક નથી. લ્યો ઠીક, અહીં તો કાળલબ્ધિ આશ્રય કરવાલાયક નથી, આશ્રય કરવાલાયક તો સામાન્ય દ્રવ્ય છે એમ કહે છે.

**'વેદકસમ્યક્ત્વ'** એટલે ક્ષયોપશમસમકિત, **'વેદકચારિત્ર'** એટલે ક્ષયોપશમચારિત્ર **'અને સંયમાસંયમપરિણતિ'** એટલે શ્રાવકપણું - આ બધાં ક્ષાયોપશમિકભાવે છે અને તેમને વિભાવભાવ કહેવામાં આવે છે. માટે તેઓ જ્ઞાન કરવા લાયક છે, પણ આદરવા લાયક નથી. આદરવા લાયક તો એક પંચમ પારિણામિકભાવ છે અને તેને આદરવાથી આ બધી શુદ્ધ દશાઓ પ્રગટે છે.

અહીંયા વાત જરી સૂક્ષ્મ છે. કેમકે આ 'શુદ્ધભાવ અધિકાર' છે ને ? તો, કહે છે કે પરની સાથે આત્માને કાંઈ સંબંધ નથી. પરંતુ જે આ આત્મા છે તેમાં બે ચીજ (ભાગ) છે : (૧) ત્રિકાળી નિત્ય ધ્રુવભાગ ને (૨) તેની વર્તમાન અવસ્થાનો ભાગ. તેમાં પોતે આત્મા જે ધ્રુવ, ચિદાનંદ, અખંડ આનંદનું ધામ છે તેને પરમસ્વભાવ કહો, ધ્રુવ કહો, સદશ કહો, કારણપરમાત્મા કહો, કારણજીવ કહો કે જ્ઞાયકભાવ કહો એક જ છે. આવી જે એકરૂપ ત્રિકાળ વસ્તુ છે તેને અહીંયા 'શુદ્ધભાવ' કહે છે. આ 'શુદ્ધભાવ અધિકાર' ચાલે છે ને ? (એટલે તેની વ્યાખ્યા કરી.) તે ધ્રુવભાગ સિવાયના તેના પર્યાયમાં — હાલતમાં — બીજા ચાર ભાવો હોય છે.

(૧) અહા ! જે આ ત્રિકાળી ભાવ છે, પરમ સ્વભાવભાવ છે, ત્રિકાળ ટકતી ચીજનું-વસ્તુનું સત્ત્વ છે તેને અહીંયા 'શુદ્ધભાવ' અથવા 'પરમપારિણામિકભાવ' કહે છે. (૨) તેની દશામાં જે પુણ્ય-પાપના વિકલ્પો છે તે વિકાર-ઔદયિકભાવ છે. (૩) જેમ પાણીમાં મેલ નીચે ઠરે ને ઉપર નિર્મળ પાણી દેખાય તેમ અંદર ઉપશમ થાય - કર્મના મંદપણાનો ભાવ થાય - તે ઔપશમિકભાવ છે. આત્મામાં શાંતિની દશાનું પ્રગટ થવું તે ઔપશમિકભાવ છે. આ ભાવ પણ પર્યાય છે, કેમકે તે દશા નવી થાય છે ને ? (૪) ક્ષાયોપશમિકભાવ એટલે કંઈક આવરણ હોય ને કંઈક વિકાસ હોય એવી જ્ઞાનાદિની દશા. તે ક્ષાયોપશમિકભાવ પણ એક અવસ્થા છે. (૫) ક્ષાયિકભાવ એટલે (સંપૂર્ણ વિકારનો ક્ષય.) કેવળજ્ઞાન, કેવળદર્શનાદિ પણ નવી અવસ્થાઓ છે ને ? માટે તે ક્ષાયિકભાવ પણ અવસ્થા છે, પર્યાય છે. તો, આ પર્યાયરૂપ ચાર ભાવોમાં એમ સિદ્ધ કરવું છે કે આ ચારેય ભાવો આશ્રય કરવા લાયક નથી. ઝીણી વાત છે ભાઈ !

અહા ! પૂર્ણ બ્રહ્મરૂપ ને ધ્રુવચૈતન્યબિંબમય એવો જે ત્રિકાળી આત્મસ્વભાવભાવ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે તે હિતાર્થીને — આત્માર્થીને — મોક્ષના અભિલાષીને — આદેય નામ ઉપાદેય છે. મતલબ કે ત્યાં દૃષ્ટિ દેવાની છે એમ કહે છે. તેની જે અવસ્થાઓ છે તે તો નવી થયેલી છે અથવા અવસ્થાઓ તો બદલતી રહે છે અને જે ત્રિકાળી વસ્તુ છે તે તો કાયમ-નિત્ય-ધ્રુવસ્વરૂપ છે. તેથી એ ધ્રુવસ્વરૂપને અહીંયા 'શુદ્ધભાવ' કહીને તેનો આશ્રય લેવો, તેની અંદર દૃષ્ટિ મૂકવી એમ કહે છે. તેના અવલંબે આત્મામાં જે દશા થાય તેને અહીંયા ધર્મદશા, સુખરૂપદશા, હિતકરદશા ને મુક્તિના કારણરૂપ દશા કહે છે. પણ અરે ! માણસોને આ વસ્તુનો અભ્યાસ નથી એટલે તેમને એમ લાગે છે કે આ બધું શું છે ? આ શું કહે છે ? આમાં શું સમજવું ?

મગજમાં એક એવો વિકલ્પ આવ્યો હતો કે ધનાર્થી તે આત્માર્થી નહીં અને આત્માર્થી તે ધનાર્થી નહીં. ધનાર્થી કહેતાં તેમાં બધું આવી જાય છે. લક્ષ્મી, આબરું, કીર્તિ, સ્ત્રી, કુટુંબ એ બધું ધન કહેવાય હો. જેમકે 'ગોધન' - એમ નથી કહેવાતું ? માટે એ બધું ધન કહેવાય છે. તો, તેનો જે અર્થી છે તે આત્માર્થી નહીં અને આત્માર્થી છે તે ધનાર્થી નહીં. એટલે કે આત્માર્થી પર વસ્તુનો કામી નથી. કારણ કે ધર્મી જીવને (-આત્માર્થીને) તો પોતાનો જે ધ્રુવ નિત્ય આનંદસ્વભાવ છે તે પ્રાપ્ત થયો છે. સચ્ચિદાનંદનો = સત્+ચિદ્+આનંદનો = શાશ્વત જ્ઞાન ને આનંદનો જે કામી છે તે તો અંદરમાં એકાગ્ર થાય છે અને તેથી તેને, કહે છે કે, પરનું અર્થીપણું તો નથી, પરંતુ જે આ ચાર (ઔદયિકાદિ) પર્યાય છે તેમનું પણ અર્થીપણું નથી. આવી વાત છે ! અહા ! વીતરાગ માર્ગને સમજવા માટે મહાપ્રયત્ન હોય છે. (-જોઈએ.)

આપ બતાવો ? (વીતરાગ માર્ગ આપ બતાવો ?)

એ માર્ગની જોનાર જોવે તો ખબર પડે.

અહા ! જે પરનો અર્થી છે તેનું તો 'આત્મા શું ચીજ છે' તે તરફ વલણ જ નથી. પરંતુ અહીં તો એમ કહે છે કે જે ચાર પ્રકારની દશાઓ છે - જે રાગાદિ ને કેવળજ્ઞાનાદિ પર્યાયો છે - તેનો પણ (જ્ઞાની) અર્થી નથી. કેમકે જે આ પર્યાય-અવસ્થા છે તેમાંથી નવી અવસ્થા પ્રગટ થતી નથી. વસ્તુ જે ત્રિકાળ ધ્રુવસ્વભાવી છે તેના ઉપર દૃષ્ટિ આપતાં નવી દશા — સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ને આનંદની દશા - પ્રગટ થાય છે. માટે ધર્મી શુદ્ધધ્રુવભાવનો અર્થી છે. આવી ભારે ઝીણી વાત છે ભાઈ ! અરે ! હજી તો આ શું કહે છે તે પકડાવું પણ કઠણ પડે એમ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અહા ! આ દેહ છે એ તો જડ-માટી છે. પરંતુ તેને જાણનાર ને પોતાને જાણનાર એવું જે જાણનારતત્ત્વ છે - જ્ઞાયકભાવવાળું જે તત્ત્વ-સત્ત્વ છે - એ ત્રિકાળી જ્ઞાયકભાવ છે અને તે આત્મા છે. એ જ્ઞાયકભાવ શું નવો ઉત્પન્ન થાય છે ? (ના.) કારણ કે જે સત્ છે તેની ઉત્પત્તિ કેમ હોય ? અને જ્ઞાયકભાવ સત્ છે તો તેને નાશ થવું શું ? (તેનો નાશ કેમ હોય ?) તથા જ્ઞાયકભાવ સત્ છે તો તેમાં અપૂર્ણતા ને વિપરીતતા શી ? આવા જ્ઞાયકભાવનો — 'શુદ્ધભાવ'નો — આ અધિકાર છે. આ અધિકાર ઝીણો છે. જો કે પર્યાયમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રાદિની વીતરાગી દશા પ્રગટ થાય તેને પણ શુદ્ધભાવ કહે છે, પરંતુ તે પર્યાયરૂપ શુદ્ધભાવ છે. તે કાંઈ આ (દ્રવ્યરૂપ) શુદ્ધભાવ નથી.

કહે છે કે (૧) દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા અને કામ, ક્રોધાદિના ભાવ અશુદ્ધ-મલિનભાવ છે કે જેને અહીંયા ઔદયિકભાવ કહે છે. તે શુભ-અશુભ વિકલ્પો અંતરમાં (-દ્રવ્યમાં) છે નહીં, પણ નવા પ્રગટ થાય છે. રળવાના, વિષય-ભોગના, કુટુંબ ને પૈસાની રક્ષાના તથા પૈસા વ્યવસ્થિત રાખી તેનું વ્યાજ ઉપજાવવાના વગેરે બધાં ભાવ એકલા પાપરૂપ મલિનભાવ છે અને દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, કોમળતા વગેરે એવા જે વિકલ્પ છે તે પુણ્યભાવરૂપી મેલ છે. - બેય મેલ છે અને તેને અહીં ઔદયિકભાવ કહેવામાં આવે છે. (૨) અંતરદ્રવ્યના આશ્રયે કંઈક અંશે ધર્મની શાંતિ મળે તેને ઔપશમિકભાવ કહે છે. (૩) ક્ષાયોપશમિકભાવ એટલે કંઈક વિકાસ હોય ને કંઈક વિઘ્ન હોય. અને (૪) પૂર્ણ નિર્મળતા હોય તેને ક્ષાયિકભાવ કહે છે. - આમ નિર્મળતાનું અહીંયા ઔપશમિક, ક્ષાયોપશમિક ને ક્ષાયિક એ ત્રણ દશાથી વર્ણન કર્યું છે. છતાંપણ એ ત્રણ નિર્મળ દશા ને ચોથો ઔદયિકભાવ - એ ચારેય આશ્રય કરવા લાયક નથી. મતલબ કે તેને પડખે ઊભા રહેવા જેવું નથી એમ કહે છે. જ્યારે પરમસ્વભાવભાવ .... અહા ! તે વસ્તુ છે ને ? અસ્તિ છે ને ? તે કલ્પનામાત્ર નથી, પરંતુ વસ્તુ-તત્ત્વ છે, અસ્તિ છે ને સત્ છે તથા તે અનાદિ-અનંત છે. તો, એકલા પરિપૂર્ણ સ્વભાવનો ભાવ એવી એ ચીજ આશ્રય કરવા લાયક છે. તે સિવાયની ચાર દશાઓ પણ આશ્રય કરવા લાયક નથી. તો પછી બહારની ચીજ આશ્રય કરવા લાયક છે (એમ તો છે જ નહીં.) ભારે વાત ભાઈ !

અહા ! થોડુંક કાલે કહ્યું હતું કે જે કેવળજ્ઞાનનો પર્યાય છે તેને - કેવળજ્ઞાન એટલે આત્માની મુક્ત દશા હો. તો તેને - અહીં ઘણા પ્રકારે વર્ણવ્યો છે :

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(૧) કેવળજ્ઞાનને અહીં વિભાવભાવ કહ્યો છે. કેમકે તે વિશેષ દશા છે, પણ ત્રિકાળી સામાન્યરૂપ નથી. (ગાથા-૪૧)

(૨) કેવળજ્ઞાનને સ્વાભાવિકપર્યાય પણ કહ્યો છે. (ગાથા-૧૦,૧૧/૧૨)

(૩) કેવળજ્ઞાનને બીજા ચાર જ્ઞાનની અપેક્ષાએ નિરપેક્ષ પર્યાય પણ કહ્યો છે. (ગાથા-૧૪) અને

(૪) કેવળજ્ઞાનને કર્મના નિમિત્તપણાની અપેક્ષાએ (કર્મ અભાવપણે નિમિત્ત છે તે અપેક્ષાએ) કર્મકૃત પણ કહેવામાં આવે છે. (ગાથા-૪૧) આવી વાત છે ભાઈ !

પણ આ બહુ ઝીણું છે ?

અરે ! એને (-અજ્ઞાનીને) આત્માની અંદર શું ચીજ છે અને તે પટારો (આત્મારૂપી પટારો) ખોલતાં તેમાંથી શું ખીલે છે તેની ખબર નથી. એ તો અનાદિથી પુણ્ય ને પાપમાં અર્થાત્ દયા, દાન, વ્રત, ભક્તિ ને કામ, ક્રોધ એવા જે વિકલ્પો છે તેમાં અટકીને અને તેથી દુ:ખી થઈને રખડી રહ્યો છે. અરે ! એ દુ:ખી છે.

પૈસાવાળાય દુ:ખી ?

આત્મા ક્યાં પૈસાવાળો હતો ? એ તો રાગવાળોય નથી. અને આ ધ્રુવ આત્મા તો પર્યાયવાળોય નથી. પર્યાય કહેતાં. બધા પર્યાય આવી ગયા હો.

અહા ! વીતરાગ તીર્થંકરદેવ સર્વજ્ઞ પરમાત્માને ત્રિકાળ જ્ઞાન પ્રગટ થઈને તેમની દિવ્યધ્વનિમાં જે માર્ગ આવ્યો તે અલૌકિક છે. એવો માર્ગ બીજે ક્યાંય છે નહીં. આવી એ ચીજ છે. પણ હવે તેને - ૮૪ લાખ યોનિના અવતારમાં રખડતા પ્રાણીને - માર્ગની ખબર જ નથી ત્યાં શું થાય ? અરે ! કંઈક આપો, કંઈક આપો, આ આપો - એમ ગરીબ ભિખારીની જેમ પામર થઈને રખડે છે. પરંતુ 'આ આત્મા જ મારે જોઈએ છે' એવી ગરજ એણે કોઈ દિ' કરી નથી. અહા ! આ શરીર તો રોગનું ઘર છે અને ભગવાન (આત્મા) આનંદનું ઘર છે. ભગવાન એટલે આ આત્મા હો. તો, જે અતીંદ્રિય આનંદનું મકાન છે તથા તાળું ખોલતાં જેમાંથી એકલો અતીંદ્રિય આનંદનો જ પ્રવાહ ચાલ્યો આવે છે એવા આ આત્મામાં - એવી ત્રિકાળી ચીજમાં - કહે છે કે આ ઔપશમિક, ક્ષાયોપશમિક ને ક્ષાયિકભાવ નથી. (હા), તેના પર્યાયમાં તે ભાવો છે, પરંતુ વસ્તુમાં નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(૧૩) લ્યો, હવે ઔદયિકભાવ આવ્યો, ઔદયિકભાવના બોલ છે. જુઓ, ઔદયિકભાવના એકવીશ ભેદ છે. **'ઔદયિકભાવના એકવીશ ભેદ આ પ્રમાણે છે'**:

**'નારકગતિ'** - નારકગતિ છે ને ? તો, એ (નારકગતિને યોગ્ય પર્યાય) ધ્રુવ આત્મામાં નથી. કેમકે એ તો પર્યાયમાં છે અને પલટી જાય છે.

**'તિર્યંચગતિ'** - તિર્યંચગતિ એટલે નિગોદથી માંડીને જે આ સંજ્ઞી પંચેંદ્રિય પશુની ગતિ (-પર્યાય) છે તે. આ સક્કરકંદની એક કણીમાં અનંતા જીવો છે અને તે બધા તિર્યંચ કહેવાય છે અર્થાત્ તે બધા તિર્યંચગતિના જીવો છે. તે તિર્યંચગતિપણાનો પર્યાય ધ્રુવમાં નથી.

**'મનુષ્યગતિ'** - મનુષ્યગતિ એટલે આ શરીર નહીં હો. શું આ (શરીર) કાંઈ મનુષ્યગતિ છે ? (ના.) કેમકે આ શરીર તો જડ-માટી છે. પરંતુ અંદર મનુષ્યગતિને યોગ્ય જે ભાવ (-પર્યાય) છે તેને અહીંયા મનુષ્યગતિનો ઔદયિકભાવ કહ્યો છે. આ મનુષ્યગતિ તેના પર્યાયમાં છે, પણ આત્મામાં નથી તેમ જ ધર્મ કરનારને એ મનુષ્યગતિ મદદગાર નથી એમ કહે છે.

**પ્રશ્ન:-** નિમિત્ત તો થાય ને ?

**સમાધાન:-** નિમિત્ત કોને (ક્યારે) કહેવું ? જીવ આત્માના ત્રિકાળ સ્વભાવનો આશ્રય કરે ત્યારે તેને નિમિત્ત કહેવાય છે. તે નિમિત્ત છે એટલે કે એક ચીજ છે એમ જ્ઞાન કરવું. બાકી તેના આશ્રયે કંઈ ધર્મ થાય નહીં. મતલબ કે તેનાથી ધર્મરૂપ કાર્ય થાય એ વાત છે નહીં. માટે એ મનુષ્યગતિ કાંઈ આત્માને ધર્મનું કારણ થતી નથી, આત્માને લાભદાયક નથી.

કોઈ અપેક્ષાએ તો લાભદાયક ખરી કે નહીં ?

ના; બીલકુલ નહીં. આમાં અપેક્ષા કેવી ? લાભ તો અંદર ત્રિકાળી ધ્રુવના આશ્રયે જ થાય છે. બાકી મનુષ્યગતિના આશ્રયે લાભ થાય નહીં. સમ્યગ્દર્શનનો લાભ મનુષ્યગતિ છે માટે થાય એમ છે જ નહીં. કારણ કે મનુષ્યગતિ સ્વરૂપમાં છે જ નહીં. ઝીણી વાત છે ભાઈ ! અહા ! કોઈ દિ' એણે આ બહારના કડાકૂટ આડે સાચું સાંભળ્યું પણ નથી. એક તો સંસારથી - રખડવાના પાપભાવથી - નવરો થતો નથી અને તેમાં કદાચ સાંભળવા જાય તોપણ ફરીને એની એ બહારની પ્રવૃત્તિની વાતો સાંભળવા મળે કે પુણ્ય કરો ને આ કરો.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એ તો પંડિતોએ ગોટાળા કર્યા છે !

તમારી તે વખતે યોગ્યતા (સારી) નહોતી માટે પંડિતોએ ગોટાળા કર્યા છે તથા બિચારા પંડિતો કરે પણ શું ? કેમકે એ બિચારા તો તેમને બેઠું હોય તેમ કહે. અહા! ક્યાં સ્વમાં મોક્ષપંથનો આધાર છે ને ક્યાં પરમાં ગોતવા માગે છે ! અહીં કહે છે કે ભગવાન આત્મા શુદ્ધચૈતન્યઘન છે. તેને જે જાણે, માને ને તેમાં ઠરે તે જીવને મોક્ષનો પંથ પ્રગટ થાય છે. તેમાં બીજા કોઈની જરૂર નથી. અહીં કહ્યું કે એ મનુષ્યગતિ આત્મામાં નથી.

**'દેવગતિ એવા ભેદને લીધે ગતિ ચાર'**. લ્યો, દેવગતિ આત્મામાં નથી.

**પ્રશ્ન:-** પણ દેવગતિ થાય તો ભગવાન પાસે જવાય અને પછી ધર્મનો લાભ થાય ?

**સમાધાન:-** બીલકુલ નહીં. ગતિથી આત્માને લાભ થાય નહીં, પરંતુ ચૈતન્ય ધ્રુવ ભગવાન આત્માને આશ્રયે લાભ થાય એમ અહીં કહે છે.

**'ક્રોધકષાય, માનકષાય, માયાકષાય ને લોભકષાય એવા ભેદને લીધે કષાય ચાર'** - એ ઔદયિકભાવ સ્વભાવમાં નથી.

**'સ્ત્રીલિંગ, પુંલિંગ અને નપુંસકલિંગ એવા ભેદને લીધે લિંગ ત્રણ'** - એ ત્રણેય લિંગ આત્મામાં નથી. આ ભાવવેદની વાત છે હો, પણ શરીરના લિંગની વાત નથી. કેમકે શરીર તો જડ છે અને આ (વેદ-લિંગ) ઔદયિકભાવ છે. એ બધાં ઔદયિકભાવરૂપ ભાવલિંગ આત્મામાં નથી અર્થાત્ એ બધાં પર્યાયમાં — હાલતમાં — દશામાં — અવસ્થામાં - છે, પરંતુ ત્રિકાળી દ્રવ્યમાં નથી.

**'સામાન્યસંગ્રહનયની અપેક્ષાએ મિથ્યાદર્શન એક'....** પુણ્યમાં ધર્મ છે, પાપમાં મજા છે તથા અનુકૂળતા દેખીને પ્રસન્નતા થાય, પ્રતિકૂળતા દેખીને ક્ષોભ થાય વગેરે બધાં મિથ્યાત્વના લક્ષણ છે. તે મિથ્યાત્વ — વિપરીત માન્યતા — સંસારનું મૂળ કારણ છે. એ વિપરીત માન્યતા આત્મદ્રવ્યમાં નથી, પણ પર્યાયમાં છે. અહીં સામાન્યસંગ્રહનયની અપેક્ષાએ મિથ્યાત્વનો એક ભેદ લીધો છે. નહીંતર તો મિથ્યાત્વના ભેદ અસંખ્ય છે અને પેટા ભેદ અનંત છે. છતાં સામાન્ય રીતે તે એક છે એમ કહે છે.

**'અજ્ઞાન એક'** - વસ્તુનું અભાનપણું એવું અજ્ઞાન એક છે અને તે દ્રવ્યમાં નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**'અસંયમતા એક'** – તે પ્રકારના રાગ-દ્વેષનો અભાવ ન થયો હોય ને અવિરતભાવ હોય તે અસંયમભાવ છે અને તે ઔદયિકભાવરૂપ છે. તેથી તે ભાવ સ્વભાવમાં નથી.

**'અસિદ્ધત્વ એક'** – આખો અસિદ્ધત્વભાવ અર્થાત્ ચૌદમા ગુણસ્થાન સુધીનો સિદ્ધપણાના અભાવરૂપનો ભાવ અને તે બધોય ઔદયિકભાવરૂપ છે. તેથી તે ભાવ આત્મામાં નથી.

**'શુક્લલેશ્યા'** – જુઓ, સારામાં સારી (પુણ્યની) લેશ્યા પણ જીવમાં નથી એમ સિદ્ધ કરવા કૃષ્ણ, નીલ, કાપોત લેશ્યા જીવમાં નથી એમ (પ્રથમ) ન લેતાં અહીંથી - શુક્લલેશ્યાથી - વાત લીધી છે. દયા-દાનાદિ એ સારા(-શુભ) પરિણામ છે ને ? તો, તે શુભ પરિણામ પણ આત્મામાં નથી. એટલે કે દ્રવ્યમાં નથી, પણ તેના પર્યાયમાં તે મલિનતા છે. એ શુક્લલેશ્યા પણ મલિન છે હો.

**'પદ્મલેશ્યા'** – શુક્લલેશ્યાથી જરીક મંદ (-કંઈક ઓછી શુભ) લેશ્યા. તે પણ આત્મામાં નથી.

**'પીતલેશ્યા'** – આ પણ શુભલેશ્યા છે અને તે પણ આત્મામાં નથી.

– ઉપરની ત્રણેય લેશ્યા શુભ છે.

**'કાપોતલેશ્યા, નીલલેશ્યા ને કૃષ્ણલેશ્યા એવા ભેદને લીધે લેશ્યા છ'** - આ અશુભ લેશ્યાઓ છે અને તે પણ આત્મદ્રવ્યમાં નથી એમ કહે છે. 'શુદ્ધભાવ' કે જે ધ્રુવ છે તેમાં એ લેશ્યા નથી, પણ પર્યાયમાં છે.

**'પારિણામિકભાવના ત્રણ ભેદ આ પ્રમાણે છે : જીવત્વપારિણામિક'** - ત્રિકાળી જીવ કે જે જીવપણે જ રહ્યો છે. આવો પારિણામિકભાવ તે જીવત્વપારિણામિક છે.

**'ભવ્યત્વપારિણામિક'** - મોક્ષ જવાની લાયકાતવાળો જે જીવ તે ભવ્યત્વપારિણામિકવાળો છે.

**'અભવ્યત્વપારિણામિક'** - કોઈ દિ' મોક્ષ જવાને જે લાયક નથી તે અભવ્યત્વપારિણામિકવાળો છે.

**'આ જીવત્વપારિણામિકભાવ ભવ્યોને તેમ જ અભવ્યોને સમાન હોય છે.'** - જીવત્વપારિણામિકભાવ બેયને (-ભવ્યોને તેમ જ અભવ્યોને) સરખો હોય છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**'ભવ્યત્વપારિણામિકભાવ ભવ્યોને જ હોય છે; અભવ્યત્વપારિણામિકભાવ અભવ્યોને જ હોય છે.'** લ્યો, **'આ રીતે પાંચ ભાવોનું કથન કર્યું.'**

**પ્રશ્ન:-** આ ભવ્યત્વપારિણામિક ને અભવ્યત્વપારિણામિક એટલે શું ?

**સમાધાન:-** એ પર્યાય છે અર્થાત્ પર્યાયની એવી યોગ્યતા છે.

હવે **'પાંચ ભાવો મધ્યે ક્ષાયિકભાવ'....** પરમાત્માને જે કેવળજ્ઞાન, કેવળદર્શન આદિ થાય છે તે **'કાર્યસમયસારસ્વરૂપ છે'.** તે (નવું) કાર્ય થયું છે ને ? તેમ જ એ તો પર્યાય છે. માટે કેવળજ્ઞાન, કેવળદર્શન, પૂર્ણ વીતરાગતા, પૂર્ણ આનંદ ને પૂર્ણ વીર્ય વગેરે એવી જે (પૂર્ણ) દશાઓ છે તે કાર્યસમયસારસ્વરૂપ છે અને આ 'શુદ્ધભાવ' - કે જે ત્રિકાળ રહે છે તે - કારણપરમાત્મા છે, કારણસમયસાર છે. આ તેના આશ્રયે કાર્યસમયસાર પ્રગટ થાય છે.

શું કહ્યું તે સમજાણું કાંઈ ?

કે ત્રિકાળી ધ્રુવ કારણસ્વરૂપ ભગવાન આત્માના આશ્રયથી કેવળજ્ઞાન ને મુક્તિ થાય છે. અર્થાત્ આત્માને પૂર્ણાનંદની પ્રાપ્તિ એવું જે કાર્યસમયસાર તે કારણસમયસારમાંથી આવે છે. અને **'તે (ક્ષાયિકભાવ) ત્રિલોકમાં પ્રક્ષોભના હેતુભૂત તીર્થંકરપણા વડે'....** લ્યો, તીર્થંકરની વ્યાખ્યા આવી કે તીર્થંકર ત્રિલોકમાં પ્રક્ષોભના હેતુભૂત છે. નીચે પ્રક્ષોભનો અર્થ છે : **'પ્રક્ષોભ = ખળભળાટ. તીર્થંકરના જન્મકલ્યાણકાદિ પ્રસંગે ત્રાણે લોકમાં આનંદમય ખળભળાટ થાય છે.'** આનંદમય ખળભળાટ એટલે અતીંદ્રિય આનંદ નહીં, પરંતુ સાતા હો. કેમ કે જો એક સમય પણ અતીંદ્રિય આનંદ થઈ જાય તો થઈ રહ્યું - (ભવનો અભાવ થઈ જાય.) પરંતુ ભગવાનના એવા જન્મકલ્યાણકાદિ અનંત વાર થયાં છે અને અનંત વાર તેને સાતા પણ થઈ છે, છતાં ભવનો અભાવ થયો નહીં. તો, ભગવાન જ્યારે જન્મે ત્યારે આખા લોકમાં જરીક સાતા થાય છે અને તેથી આ જીવને પણ જરીક સાતા - સાતાનું સુખ - થાય છે. અરે ! નારકીને પણ જરીક સાતા-ચૈન થાય છે. તથા ભગવાન ગર્ભમાં આવે, દીક્ષા લે, કેવળજ્ઞાન પામે ને મોક્ષમાં જાય તોપણ જરીક સાતા થાય છે. કેમ કે 'જન્મકલ્યાણકાદિ' એમ કહ્યું છે ને ?

કહે છે કે **'ત્રિલોકમાં પ્રક્ષોભના હેતુભૂત તીર્થંકરપણા વડે'** - ત્રણે લોકમાં ભગવાનના જન્માદિ કલ્યાણક થતાં જ આનંદમય ખળભળાટ થઈ જાય છે. એવો જ કોઈ જગતને અને ભગવાનની તીર્થંકર પ્રકૃતિને નિમિત્ત-નૈમિત્તિકસંબંધ છે. તે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**'તીર્થંકરપણા વડે પ્રાપ્ત થતા સકળ-વિમળ કેવળજ્ઞાનથી યુક્ત તીર્થનાથને (તેમ જ ઉપલક્ષણથી સામાન્ય કેવળીને) અથવા સિદ્ધભગવાનને હોય છે'.** - આ ક્ષાયિકભાવ સિદ્ધભગવાનને તેમ જ તીર્થંકરને-અરિહંતને-કેવળીને-હોય છે.

**'ઔદયિક'** એટલે રાગ-દ્વેષાદિ, **'ઔપશમિક'** એટલે સમકિત આદિ **'અને ક્ષાયોપશમિક ભાવો'** એટલે અપૂર્ણ જ્ઞાનાદિ ભાવો. એ ભાવો **'સંસારીઓને જ હોય છે, મુક્ત જીવોને નહિ.'** - મુક્ત જીવોને તે ભાવો હોતા નથી.

જુઓ, હવે સાર આવે છે : **'પૂર્વોક્ત ચાર ભાવો'** ... પૂર્વોકત = પૂર્વ + ઉકત = પૂર્વે કહેલા. અને ચાર ભાવો = ક્ષાયિકાદિ ચાર ભાવો. ક્ષાયિકભાવ = કેવળજ્ઞાનાદિ, ક્ષાયોપશમિકભાવ = મતિજ્ઞાનાદિ, ઔપશમિકભાવ = સમકિત ને ચારિત્ર તથા ઔદયિકભાવ = રાગાદિ. તો, પૂર્વે આ ક્ષાયિકાદિ ચાર ભાવો કહ્યાં તે **'આવરણસંયુક્ત હોવાથી મુક્તિનું કારણ નથી.'**

આ કઈ અપેક્ષાએ કહ્યું તે સમજાણું ?

કે ક્ષાયિક પર્યાયમાં કર્મના અભાવરૂપ નિમિત્તપણું છે ને ? તે અપેક્ષાએ ક્ષાયિકભાવને પણ આવરણસંયુકત કહ્યો છે. અર્થાત્ કેવળીને પણ આવરણસંયુકત કહ્યાં છે હો. અહીં તો પંચમભાવરૂપ ધ્રુવનો આશ્રય લેવરાવવા - તેને ઉપાદેયરૂપ મનાવવા - આ ચાર ભાવોને આવરણવાળા કહેવામાં આવ્યા છે. તથા સાધકને કેવળજ્ઞાન તો હોતું નથી અને જો કેવળજ્ઞાનનું લક્ષ કરવા જાય તો તેને વિકલ્પ ઊઠે છે. એટલે કેવળજ્ઞાનને પણ આવરણવાળું કહ્યું છે. અહા ! દયા-દાનનો ભાવ તો (-ઔદયિકભાવ તો) આવરણવાળો છે જ, કારણ કે તે પોતે જ મલિન છે. જ્યારે ઔપશમિક, ક્ષાયોપશમિક ને ક્ષાયિકભાવ તો નિર્મળ છે. પરંતુ તેમનો આશ્રય કરવા જાય - તેમનું લક્ષ કરવા જાય - તો રાગ જ થાય છે. માટે તેમને પણ આવરણવાળા કહેવામાં આવ્યા છે.

**પ્રશ્ન:-** ટીકા કડક પડે છે.

**સમાધાન:-** પણ આનો અભ્યાસ કે દિ' કર્યો છે ? જ્યારે અંદરથી (-રુચિપૂર્વક) ધંધાનો અભ્યાસ કેટલો છે ?

અહા ! શુદ્ધ પર્યાય મુક્તિ-પૂર્ણાનંદનું કારણ નથી, પરંતુ ત્રિકાળી ધ્રુવદ્રવ્ય મુક્તિનું કારણ છે. - આમ અહીં સિદ્ધ કરવું છે. તેથી કહે છે કે ક્ષયોપશમ સમકિત ને ચારિત્રાદિરૂપ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જીવનો પ્રગટ થયેલો પર્યાય પણ મુક્તિનું કારણ નથી. તો પછી સંસ્થાન, મનુષ્યગતિ કે રાગ મુક્તિનું કારણ થાય (એ વાત તો ક્યાંય રહી ગઈ) તેમ જ પૈસા મુક્તિ-ધર્મનું કારણ થાય એમ પણ બને નહીં.

**પ્રશ્નઃ-** પૈસાવાળા વિના રથયાત્રા કોણ કાઢે ? શું ગરીબ માણસ કાઢી શકે ?

**સમાધાનઃ-** ભાઈ ! એ તો જડનો પર્યાય જડથી થાય છે. તેને કરે કોણ ? તેમ જ એ પર્યાય થવાનો હોય તે વખતે થાય છે. તેને બીજું કોણ કરતું હતું ? આવી વાત છે ! અહીં તો આવું ચોખ્ખું છે. અહા ! ભગવાનનો માર્ગ એવો છે - તદ્દન નિવૃત્તસ્વરૂપ છે. માટે પર્યાયથી પણ નવરો થઈ જા અને ધ્રુવનું અવલંબન લે એમ અહીં કહે છે.

**પ્રશ્નઃ-** કાંઈક પૈસા હોય, સ્ત્રી-પુત્રાદિ સગવડતા કરતા હોય - બરાબર સેવા કરતા હોય - તો ઠીક (-સારું) પડે ને ? તે 'ઠીક' હશે ને ?

**સમાધાનઃ-** મૂઢ છો. તેમાં શેની સગવડતા ? બહારના જડપર્યાયમાં શું સગવડતા હોય ? અહીં તો (તેનાથી આગળ) કહે છે કે મોક્ષના માર્ગનો પર્યાય પણ આશ્રય કરવા લાયક નથી.

તો, કહે છે કે **'પૂર્વોક્ત ચાર ભાવો'.....** ચાર ભાવો એટલે કે જે આ ક્ષાયિકાદિ ચારેય પર્યાય છે તે **'આવરણસંયુક્ત હોવાથી'** - તે ભાવોના લક્ષે તો રાગ જ ઉત્પન્ન થાય છે. તે કારણે તેમને આવરણસંયુકત કહ્યાં છે. માટે તેઓ **'મુક્તિનું કારણ નથી.'**

**'ત્રિકાળ-નિરુપાધિ જેનું સ્વરૂપ છે'** - સત્‌સ્વરૂપ ધ્રુવ નિત્યાનંદ પ્રભુ ભગવાન આત્મા - કે જે નિત્યભાવ છે તે - ત્રિકાળ નિરુપાધિસ્વરૂપ છે. તેને કોઈ ઉપાધિ છે નહીં. **'એવા નિરંજન'** - જેને અંજન નથી એવા **'નિજ પરમ પંચમભાવની (-પારિણામિકભાવની)'** ... જોયું ? અહીં એમ કહ્યું કે નિરંજન **નિજ** પરમ પંચમભાવ, પણ ભગવાનનો પરમ પંચમભાવ નહીં. કેમકે ભગવાનનો પરમ પંચમભાવ તો તેમની પાસે રહ્યો. કહે છે કે ત્રિકાળી ધ્રુવસ્વભાવની - ત્રિકાળી પરમસ્વભાવની - હયાતીસ્વરૂપ એવો જે ચાર પર્યાયોથી ભિન્ન-રહિત પંચમભાવ છે તેની **'ભાવનાથી'** ... જુઓ, પંચમભાવની ભાવનાથી એટલે કે તેની સન્મુખતાથી. આ ભાવના છે તો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનો પર્યાય, પરંતુ તે પંચમભાવની સન્મુખતાથી પ્રગટ થયેલ છે, (પર્યાયની સન્મુખતાથી નહીં.) તેથી કહે છે કે પંચમભાવની ભાવનાથી મુક્તિ છે, પણ પર્યાયની ભાવનાથી મુક્તિ છે એમ છે નહીં. ભારે વાત !

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**પ્રશ્ન:-** બહારવાળાઓને (-બીજાઓને) તો આ વાત બહુ કડક લાગે !

**સમાધાન:-** પણ તેમણે કોઈ દિ' આ સાંભળ્યું નથી ને ? તથા તેમને આ વાતની ખબર નથી ને ? એટલે કડક લાગે.

આપ તેમને સમજાવી શકો છો !

અહીં તો જેને પોતાનું હિત કરવું હોય તેની વાત છે. બાકી બીજાનું હિત થાય કે ન થાય તે તેને(-પરને) આધીન છે. અહીં તો એવી વાત છે.

પરમ પંચમભાવ એટલે દ્રવ્યનો ત્રિકાળ એકરૂપ હયાતીવાળો સ્વભાવ. અને એવો સત્‌રૂપ નિજ ત્રિકાળી ભગવાન આત્મા જ મુક્તિનું કારણ છે. અર્થાત્ જેમાં મુક્તિના અનંત...અનંત...અનંત... પર્યાયો પડ્યા છે તેમાં એકાગ્ર થતાં મુક્તિનો પર્યાય પ્રગટ થાય છે, પણ ક્ષાયોપશમિક આદિ ભાવમાં એકાગ્ર થતાં ક્ષાયિકભાવ (-મુક્તિનો પર્યાય) પ્રગટ થતો નથી. નીચેના (ચોથે, પાંચમે, છઠ્ઠે આદિ) ગુણસ્થાનોમાં કદાચ ક્ષાયિક સમકિત હોય તોપણ તેમાં એકાગ્ર થવાથી કાંઈ કેવળજ્ઞાન થતું નથી.

અહા ! એક સમયમાં જે પૂર્ણસ્વરૂપ ત્રિકાળ વસ્તુ છે તેની સત્તાનો સ્વીકાર કરવો (તે સમ્યગ્દર્શન છે.) પણ તે સ્વીકાર કેવડો મોટો છે ? કેમકે એક સમયના કેવળજ્ઞાનના પર્યાયમાં પણ તે વસ્તુ આવતી નથી તેમ જ કેવળજ્ઞાનનો પર્યાય થયો તોપણ તેમાં કાંઈ ઘટાડો થયો નથી. અર્થાત્ જ્યાં વધ-ઘટ નથી એવો એ ત્રિકાળી ધ્રુવસ્વરૂપ ભગવાન આત્મા છે. કારણ કે વધ-ઘટ તો તેની દશામાં છે અને દશામાં વધ-ઘટ થવા છતાં અંદર દ્રવ્યમાં વધ-ઘટ છે નહીં. અરે ! રૌદ્ર ધ્યાનના ક્રૂર પરિણામ વખતે પણ ધ્રુવસ્વરૂપ તો એવું ને એવું જ છે - તેમાં કાંઈ બગાડ કે સુધાર છે નહીં તથા પૂર્ણાનંદ ને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય તોપણ વસ્તુમાં કાંઈ ઘટાડો થતો નથી. વસ્તુ તો વસ્તુપણે જ - ધ્રુવરૂપ ને એકરૂપ જ - પડી છે. અને તેથી તેને અહીંયા નિરુપાધિસ્વરૂપ કહી છે ને ? આવું તત્ત્વ છે.

કહે છે કે આવો જે નિરંજન નિજ પરમ પંચમભાવ છે તેની ભાવનાથી એટલે કે પંચમભાવની એકાગ્રતાથી .... જો કે એ એકાગ્રતા છે તો પર્યાય, પરંતુ તે પર્યાયની એકાગ્રતા નથી. પણ પરમ પંચમભાવની એકાગ્રતા છે એમ કહેવું છે. તો, તેનાથી **'પંચમગતિએ મુમુક્ષુઓ'** - પરમસ્વરૂપ ભગવાન આત્મા કે જે ધ્રુવ છે તે હું છું, પણ પર્યાય મારામાં નથી - એવી પંચમભાવની ભાવનાથી મુમુક્ષુઓ ....

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**પ્રશ્ન:-** પણ એવો નિર્ણય કરનાર તો પર્યાય છે ને ? અર્થાત્ ભાવના એ પર્યાય છે ને ?

**સમાધાન:-** (હા), નિશ્ચય સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન-સમ્યગ્ચારિત્ર તે ભાવના છે અને ભાવના તે પર્યાય છે. છતાંપણ ભાવના તો પંચમભાવની જ છે એમ કહેવું છે. મતલબ કે એ ભાવના કાંઈ પર્યાયની કે રાગની કે નિમિત્તની નથી, પરંતુ ત્રિકાળી દ્રવ્યની છે.

જેનું કાયમ એકરૂપપણું છે (-જે કાયમ એકરૂપ છે) એવા પંચમભાવની ભાવનાથી **'પંચમગતિએ'** - મુક્તિમાં - સિદ્ધગતિએ **'મુમુક્ષુઓ'** - મોક્ષના અભિલાષી જીવો **'(વર્તમાનકાળે) જાય છે'** - અત્યારે પણ મહાવિદેહમાંથી જાય છે. મહાવિદેહમાં ભગવાન સાક્ષાત્ બિરાજે છે અને ત્યાં અત્યારે પણ મુક્તિને પામનારા જીવો છે. **'(ભવિષ્યકાળે) જશે'** - ભવિષ્યકાળે પણ એ જ રીતે મુક્તિમાં જશે. ત્રિકાળી ભગવાન આત્માની - પંચમભાવની - ભાવના કરતાં-કરતાં ભવિષ્યમાં પણ આ રીતે મુક્તિને પામશે. એટલે કે ભવિષ્યમાં પણ આ રીતે જ મુક્તિ છે. કેમકે મુક્તિનો પંથ એક જ છે. **'અને (ભૂતકાળે) જતા'** - જે (ભૂતકાળનો) અનંત કાળ ગયો તેમાં જેટલા મુક્તિને - સિદ્ધપદને - પામ્યા અર્થાત્ णमो सिद्धाणं' - એવી સિદ્ધદશાને જે પામ્યા તે બધાં ત્રિકાળી ધ્રુવની ભાવનાથી પામ્યાં છે. 'એક હોય ત્રણ કાળમાં પરમારથનો પંથ.' (આત્મસિદ્ધિ ગાથા-૩૬). ત્રણ કાળમાં આ એક જ માર્ગ છે, પંથ છે એમ કહે છે.

અહા ! પરંતુ જેણે વ્યવહાર પકડ્યો હોય તેને એમ થાય છે કે આવી ટીકા ? અમારે મુનિની ટીકા નહીં, આચાર્યની ટીકા જોઈએ. પણ ભાઈ ! સમકિતી પણ સિદ્ધ જેવા છે. જેવું તિર્યંચનું સમકિત છે તેવું જ સિદ્ધનું પણ સમકિત છે. શું તે બન્નેમાં કાંઈ ફેર છે ? હા, સ્થિરતામાં ફેર છે. પરંતુ એ તો બીજી વાત છે. બાકી તિર્યંચના ને સિદ્ધના સમ્યગ્દર્શનમાં જરીયે ફેર નથી. માટે સમ્યગ્દષ્ટિના કથનો પણ કેવળી જે કહે છે તે જ કહે છે. તેથી કેવળી કહે છે તે જ મુનિરાજ કહે છે અને મુનિરાજ કહે છે તે કેવળી કહે છે. અહીં કહ્યું કે ચાર ભાવો પર્યાયરૂપ છે, તેથી તેમનો આશ્રય કરવા જેવો નથી અને તે કારણે તેમને આવરણવાળા કહ્યાં છે. ત્રિકાળ નિરાવરણ નિરુપાધિ જેનું સ્વરૂપ છે એવો જે આ નિરંજન નિજ પરમ પંચમભાવ છે તે જ આશ્રય કરવા લાયક છે.

અરે ! પણ 'આવી ચીજ હું છું' એમ પહેલાં વિકલ્પથી, અનુમાનથી હજી વિશ્વાસ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તો કરે. આવો સ્વભાવ અસ્તિ છે અર્થાત્ પૂર્ણભાવમય સ્વભાવની સત્તા - તેનું હોવાપણું આવું છે એમ (પ્રથમ) વિકલ્પ સહિત નિર્ણય કર્યા પછી નિર્વિકલ્પ ભાવનાથી તેનો નિર્ણય કરે તો તેને સાચો નિર્ણય કહેવામાં આવે છે. અહા ! ક્યાં જવાનું છે ને ક્યાં રખડે છે !

જુઓ, અહીં ત્રણે કાળે એક જ માર્ગ છે એમ કહ્યું છે. અર્થાત્ ગયા કાળમાં પણ આ ત્રિકાળી ધ્રુવસ્વરૂપ આત્માની ભાવનાથી જીવો મુક્તિને પામ્યા છે, વર્તમાન કાળમાં પણ આ ત્રિકાળી ધ્રુવસ્વરૂપ આત્માની - જે આ 'શુદ્ધભાવ' છે તેની - ભાવનાથી જીવો મુક્તિને પામે છે અને ભવિષ્ય કાળમાં પણ એની જ ભાવનાથી જીવો મુક્તિને પામશે. પણ બીજો કોઈ માર્ગ છે નહીં.

## શ્લોક - ૫૮ ઉપરનું પ્રવચન

**'(જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ અને વીર્યરૂપ) પાંચ આચારોથી યુક્ત'** - સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન, સમ્યક્ચારિત્ર, સમ્યક્તપ ને સમ્યક્વીર્ય - એ પાંચ આચારોથી પર્યાયમાં — અવસ્થામાં — વર્તમાન હાલતમાં — યુક્ત ... જુઓ, આચારોમાં પહેલું જ્ઞાન લીધું છે. કેમકે જ્યાં — પ્રવચનસાર (ગાથા-૨)માં — પાંચ આચાર આવે છે ત્યાં પહેલાં જ્ઞાન આવે છે અને પછી દર્શન આવે છે. એટલે અહીં પણ તેમ લીધું છે. તો, આવા પાંચ આચારો..... આ પાંચ આચારો નિર્વિકલ્પ છે હો. પણ ભણવું, વિનય કરી વાંચવું વગેરે એવા બધાં વિકલ્પની (વિકલ્પરૂપ પાંચ આચારોની) અહીં વાત નથી.

સમ્યગ્જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ ને વીર્યરૂપ પાંચ આચારો કે જે અંતર ધ્રુવના આશ્રયે પ્રગટ થયેલી દશા છે તેનાથી સહિત **'અને કાંઈ પણ પરિગ્રહપ્રપંચથી સર્વથા રહિત'** - કોઈપણ રાગની તેમ જ એક સમયના પર્યાયની પણ ત્યાં પક્કડ નથી. એટલે કે પાંચ આચારરૂપ અંશ હોવા છતાં તે અંશ ઉપર બુદ્ધિ નથી, તેની પક્કડ નથી, પણ પક્કડ ધ્રુવની છે એમ કહે છે. અહા ! માંડ કલાક-બે કલાક નવરો થઈને આવ્યો હોય ત્યાં આવું સાંભળવા મળે કે પાંચ ભાવમાંથી એક ભાવ ત્રિકાળી છે ને બીજા ચાર ભાવ પર્યાયરૂપ છે. એટલે (સામાન્ય) માણસને મારગ બહુ આકરો લાગે છે. પણ ભાઈ ! ત્રણે કાળે માર્ગનો પ્રવાહ તો આ ચાલ્યો આવે છે. અને એટલે જ જુઓને, ત્રણે કાળની વાત (ગાથા-૪૧માં) કરી છે ને ?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**પ્રશ્ન:-** પંચમકાળે કોઈ ફેરફાર હોતો નથી ?

**સમાધાન:-** કોઈ નહીં. (ત્રણે કાળે) કોઈ પણ ફેરફાર ક્યાં છે ? અંદર ટીકામાં એ જ વાત છે જુઓ ! તેમ જ વર્તમાન કાળની વાત પણ જુઓ ! અહા ! 'એક હોય ત્રણ કાળમાં પરમારથનો પંથ.'

અહીં કહે છે કે મુનિ પાંચ આચારોથી સહિત હોય છે અને કાંઈ પણ પરિગ્રહપ્રપંચથી સર્વથા રહિત હોય છે. - આ રીતે પાંચ આચારોથી **સહિત** ને પરિગ્રહથી **સર્વથા રહિત** એમ કહ્યું. કેમકે અહીં મુનિની મુખ્યતાથી વાત કરે છે ને ? તેવી રીતે જ્ઞાનીને પણ પરિગ્રહ નથી, પર્યાયનો પરિગ્રહ - પર્યાયની પક્કડ — નથી.

**પ્રશ્ન:-** પરિગ્રહ એટલે ?

**સમાધાન:-** પરિગ્રહ = પરિ + ગ્રહ = સમસ્ત પ્રકારે પકડવું. પર્યાયની એકત્વબુદ્ધિ પણ પરિગ્રહ છે, તો પછી પૈસા-ધૂળનો પરિગ્રહ તો ક્યાંય રહી ગયો.

અહીં આ પાંચ આચારોને શું કરવા યાદ કર્યા ?

કેમ કે ધ્રુવ તે પંચમભાવ છે ને ? એટલે જે પાંચ-પાંચ છે તે યાદ કર્યાં છે. અર્થાત્ ધ્રુવ એ પંચમભાવ, મોક્ષ એ પંચમગતિ ને મુનિ પાંચ આચારો સહિત - આમ જે પાંચ-પાંચ છે તે યાદ કર્યાં છે. તથા જુઓ, ત્યાં પંદરમી ગાથામાં કારણશુદ્ધપર્યાય માટે જે શબ્દ હતો તેવો 'संचित' શબ્દ અહીં પણ આવ્યો છે. મતલબ કે કારણશુદ્ધપર્યાયના વિશેષણરૂપે 'संचित' શબ્દ હતો કે કારણશુદ્ધપર્યાય પૂજ્ય છે, તો તેવો 'संचित' શબ્દ અહીં પંચમભાવ માટે પણ આવ્યો છે. માટે, પંચમભાવની જેમ કારણશુદ્ધપર્યાય પણ 'संचित' છે - પૂજિત છે.

અહીંયા 'સર્વથા રહિત' એમ કેમ કહ્યું ? કથંચિત્ સહિત ને કથંચિત્ રહિત - એમ કહો. કેમ કે ભગવાનનો માર્ગ અનેકાંત છે.

ભાઈ ! મુનિને કિંચિત્ પણ પરિગ્રહ — વિકલ્પનોય પરિગ્રહ — નથી અને પર્યાયની પણ પક્કડ નથી એમ અહીં કહેવું છે. તેઓ પાંચ આચારોથી સહિત છે ને પરિગ્રહથી સર્વથા રહિત છે તેનું નામ જ અનેકાંત છે.

**'એવા વિદ્વાનો'** ... ભાષા જુઓ ? લ્યો, કહે છે કે આને વિદ્વાન કહીએ કે જે સમ્યગ્જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ અને વીર્ય એવા પાંચ આચારોરૂપ નિર્વિકલ્પ દશા - વીતરાગી દશા - સહિત છે અને પરના પરિગ્રહથી સર્વથા રહિત છે. અહા ! એવાને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

વિદ્વાન-પંડિત-કહીએ કે જે પોતાનું કામ પૂર્ણ કરવા તત્પર છે. અને તે **'પૂજનીય પંચમગતિને પ્રાપ્ત કરવા માટે પંચમભાવને સ્મરે છે.'** દેખો ! **'પૂજનીય પંચમગતિ'** - એમ કહે છે. એટલે કે સિદ્ધગતિ પૂજનીય છે. કેમ કે તે પૂજનીય તો છે ને ? તો, વિદ્વાનો તે **'પૂજનીય પંચમગતિને પ્રાપ્ત કરવા માટે'** - સિદ્ધપણું પ્રાપ્ત કરવા માટે **'પંચમભાવને સ્મરે છે'** - પંચમભાવને યાદમાં (-સ્મરણમાં) રાખે છે, તેના સ્મરણમાં એ પંચમભાવ આવે છે. પહેલેથી અવગ્રહ, ઈહા, અવાય ને ધારણાથી ધ્રુવભાવરૂપ પંચમભાવને પકડ્યો છે એટલે ધ્રુવભાવ...ધ્રુવભાવ...ધ્રુવભાવ...એમ તેનું જ સ્મરણ રહે છે એમ કહે છે. છે ને અંદરમાં ? કે 'स्मरन्ति'.

અહા ! અજ્ઞાની જે પૂર્વનું યાદ કરે છે તે તો, કહે છે કે, બધું પાપનું સ્મરણ છે. કેમ કે તે રાગાદિને યાદ કરે છે કે અમે આવા પુણ્ય કર્યાં હતાં, અમે આવા પૈસાવાળા હતાં ને અમે મોટા માતા-પિતાના પુત્ર હતાં વગેરે. ભાઈ ! એ તો બધાં પાપના પોટલાં છે. માટે તેને ક્યાં યાદ કરે છે ? તેમ જ પર્યાયને પણ શું કરવા યાદ કરે છે ? પંચમભાવને યાદ કરને ? અનાદિ-અનંત, નિત્યાનંદ, પ્રભુમય, ધ્રુવસ્વભાવરૂપ પંચમભાવનું - કે જે ચાર પર્યાયોથી પણ ભિન્ન છે તેનું - સ્મરણ કર એમ કહે છે. લ્યો, તેને વિદ્વાન કહીએ. અહા ! વિદ્વાન (વિત્ + વાન) તેને કહીએ કે જે પોતાના જ્ઞાનસ્વરૂપની લક્ષ્મીવાળો થયો છે. એટલે કે જ્ઞાનસ્વરૂપી ત્રિકાળી ભગવાન આત્માને - કે જે જ્ઞાનનો ગાંગડો છે તેને - જે યાદ કરે તેને 'પંડિત' કહીએ. જ્ઞાનલક્ષ્મી એટલે આત્માની ત્રિકાળી જ્ઞાનલક્ષ્મી હો, પણ પર્યાયની જ્ઞાનલક્ષ્મી નહીં. તો, વિદ્વાનો પૂજનીય પંચમગતિને પ્રાપ્ત કરવા માટે પંચમભાવને યાદ કરે છે અર્થાત્ પંચમભાવની ભાવના ભાવે છે એમ કહે છે.

## શ્લોક - ૫૯ ઉપરનું પ્રવચન

**'સઘળુંય સુકૃત (શુભ કર્મ) ભોગીઓના ભોગનું મૂળ છે.'** સુકૃત એટલે શુભકર્મ ને શુભભાવ - બન્ને ભેગા લેવા. ભોગીઓ એટલે રાગના ને દુઃખના ભોગવવાવાળા. તો, એ શુભભાવ ને શુભકર્મ ભોગીઓના ભોગનું મૂળ છે, પણ યોગીઓના યોગનું મૂળ છે નહીં. એટલે કે આત્માના ધર્મને ભોગવવાવાળાને તે કોઈ કારણ (-મદદરૂપ) છે નહીં એમ કહે છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**'પરમ તત્ત્વના અભ્યાસમાં નિષ્ણાત ચિત્તવાળા મુનીશ્વર'** ...પરમ તત્ત્વ એવો જે ત્રિકાળી ભગવાન આત્મસ્વભાવ છે તેના અભ્યાસમાં જે નિષ્ણાત-નિપુણ છે અર્થાત્ પરમ પારિણામિકભાવમાં એકાગ્ર થવાને માટે જે નિપુણ ચિત્તવાળા છે તે મુનીશ્વર ... અહીં મુનિની મુખ્યતાથી વાત કરે છે ને ? એટલે આમ કહ્યું છે. તે **'મુનીશ્વર ભવથી વિમુક્ત થવા અર્થે'**.... અરે ! ૮૪ લાખ યોનિના અવતાર-જન્મ મૂકવા (-છોડવા) માટે **'તે સઘળાય શુભકર્મને છોડો'**. લ્યો, આ ઉપદેશ છે. શુભભાવ આવે, હોય, પરંતુ તેને દૃષ્ટિમાં છોડ્યા વિના સમ્યગ્દર્શન થાય નહીં. માટે તે સઘળાય શુભકર્મને છોડો.

**'અને સારતત્ત્વસ્વરૂપ એવા ઉભય સમયસારને ભજો.'** નીચે ફૂટનોટમાં છે કે **'સમયસાર સારભૂતતત્ત્વ છે.'** ઉભય સમયસાર = ત્રિકાળી કારણસમયસાર ને કાર્યસમયસાર. પ્રગટ કરવાયોગ્ય સમયસાર (-શુદ્ધપર્યાય) તે કાર્યસમયસાર છે અને કારણસમયસાર તો પોતે ત્રિકાળી આત્મા છે. ત્રિકાળી ભગવાનસ્વરૂપને (-ભગવાન આત્માના ત્રિકાળી સ્વરૂપને) કારણસમયસાર કહીએ અને તેના આશ્રયે પ્રગટ થતાં કેવળજ્ઞાનાદિને કાર્યસમયસાર કહીએ. તો, **'એવા ઉભય સમયસારને ભજો.'** જુઓ,**'ભજો'** (-ભજવું) તે મોક્ષનો માર્ગ થયો.

શું કહ્યું એ ?

કે **'ઉભય સમયસારને ભજો'** - એમ કહેતાં ત્રણેય (-ત્રિકાળી દ્રવ્ય, મોક્ષ ને મોક્ષનો માર્ગ) આવી ગયા. (૧) કારણસમયસાર તે ત્રિકાળી ધ્રુવ છે, (૨) કાર્યસમયસાર તે કેવળજ્ઞાન ને મુક્તિનો પર્યાય છે અને (૩) તે બન્નેને ભજો તે મોક્ષનો માર્ગ છે. અહા ! મુક્તિ લેવા-પ્રગટ કરવા - પોતાનો ધ્રુવ ચૈતન્યસ્વભાવ કે જે મહા અસ્તિનું દળ છે તેને ભજો એટલે કે તેમાં એકાગ્ર થાવ. તથા કાર્યસમયસારને પણ ભજો એમ કહે છે. એનો અર્થ એ છે કે કારણસમયસારનું ભજન થયું એટલે તેમાં કાર્યસમયસારનું ભજન પણ આવી ગયું.

**'એમાં શો દોષ છે ?'** કહે છે કે બધું મૂકીને આત્મામાં રમે તેમાં વાંધો શું છે ?

**પ્રશ્ન:-** અરે ! પણ તેથી તો બહારમાં આ બધી પ્રભાવના અટકી જશે ? બધા મૌન થઈને આત્માનું ધ્યાન કરશે તો પછી આ બહારની જૈનશાસનની પ્રભાવના નહીં થાય.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**સમાધાનઃ-** અરે સાંભળને ભાઈ ! અહીં તો કહે છે કે તેના પોતાના કારણે પ્રભાવના થાય છે. હવે તેમાં જો (તેના પોતાના કારણે જ) તે અટકે તો તારે શું છે ? તેમાં તને દોષ શું છે ? તથા તેના પોતાના કારણે પ્રભાવના થાય છે માટે તારે તો આત્માનું હિત કરવા જેવું છે. અહા ! તે (-પ્રભાવના) ન કર તો તેમાં તને દોષ શું છે ? તું શુભ વિકલ્પ પણ ન કર ને તેનાથી જૈનશાસનની વ્યવહાર પ્રભાવના ન થાય તો તેમાં દોષ શું છે ? **'એમાં શો દોષ છે ?'** - એમ કહીને એ કહે છે કે કરવા જેવું તો આ (-આત્માનું હિત) છે.

**પ્રશ્નઃ-** તીર્થની અને સાધુની સંભાળ કરવી, જાત્રા કરવી, શાસ્ત્રો રચવાં વગેરે એ બધું કાર્ય આત્માને ભજશે તો અટકી જશે ?

**સમાધાનઃ-** પણ તેમાં શો દોષ છે ? કેમકે આત્મામાં ઠરવું એ જ કામ છે તેમ જ પરનું (-શાસ્ત્ર રચવાં વગેરે) કામ કોણ કરતું હતું ?

- એ (૪૧મી) ગાથા પૂરી થઈ...

---

ગાથા - ૪૧ પ્રવચન નં. NST / ૩૫ તારીખ ૨૬-૧-૭૨
શ્લોક - ૫૮,૫૯ ૩૬ ૨૭-૧-૭૨

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# ગાથા - ૪૨

**चउगइभवसंभमणं जाइजरामरणरोगसोगा य ।**
**कुलजोणिजीवमग्गणठाणा जीवस्स णो संति ॥४२॥**

चतुर्गतिभवसंभ्रमणं जातिजरामरणरोगशोकाश्च ।
कुलयोनिजीवमार्गणस्थानानि जीवस्य नो सन्ति ॥४२॥

**ચઉગતિભ્રમણ નહિ, જન્મ મરણ ન, રોગ શોક જરા નહીં,**
**કુળ, યોનિ કે જીવસ્થાન માર્ગણસ્થાન જીવને છે નહીં. ૪૨.**

**અન્વયાર્થ:-** (जीवस्य જીવને), (चतुर्गतिभवसंभ्रमणं) ચાર ગતિના ભવોમાં પરિભ્રમણ, (जातिजरामरणरोगशोकाः) જન્મ, જરા, મરણ, રોગ, શોક, (कुलयोनिजीवमार्गणस्थानानि च) કુળ, યોનિ, જીવસ્થાનો અને માર્ગણાસ્થાનો (नो सन्ति) નથી.

**ટીકા:-** શુદ્ધ નિશ્ચયનયે શુદ્ધ જીવને સમસ્ત સંસારવિકારોનો સમુદાય નથી એમ અહીં (આ ગાથામાં) કહ્યું છે.

દ્રવ્યકર્મ તથા ભાવકર્મનો સ્વીકાર નહિ હોવાથી જીવને નારકત્વ, તિર્યંચત્વ, મનુષ્યત્વ અને દેવત્વસ્વરૂપ ચાર ગતિઓનું પરિભ્રમણ નથી.

નિત્ય-શુદ્ધ ચિદાનંદરૂપ કારણપરમાત્મસ્વરૂપ જીવને દ્રવ્યકર્મ તથા ભાવકર્મના ગ્રહણને યોગ્ય વિભાવપરિણતિનો અભાવ હોવાથી જન્મ, જરા, મરણ, રોગ અને શોક નથી.

ચતુર્ગતિ (-ચાર ગતિના) જીવોનાં કુળ તથા યોનિના ભેદ જીવમાં નથી એમ (હવે) કહેવામાં આવે છે. તે આ પ્રમાણે :

પૃથ્વીકાયિક જીવોનાં બાવીશ લાખ કરોડ કુળ છે; અપ્કાયિક જીવોનાં સાત લાખ કરોડ કુળ છે; તેજકાયિક જીવોનાં ત્રણ લાખ કરોડ કુળ છે; વાયુકાયિક જીવોનાં સાત લાખ કરોડ કુળ છે; વનસ્પતિકાયિક જીવોનાં અઠ્યાવીશ લાખ કરોડ કુળ છે; દ્વીંદ્રિય જીવોનાં સાત લાખ કરોડ કુળ છે; ત્રીંદ્રિય જીવોનાં આઠ લાખ કરોડ કુળ છે; ચતુરિંદ્રિય જીવોનાં નવ લાખ કરોડ કુળ છે; પંચેંદ્રિય જીવોને વિષે જળચર જીવોનાં સાડા બાર લાખ કરોડ કુળ છે; ખેચર જીવોનાં બાર લાખ કરોડ કુળ છે; ચાર પગવાળા જીવોનાં

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



દશ લાખ કરોડ કુળ છે; સર્પાદિક પેટે ચાલનારા જીવોનાં નવ લાખ કરોડ કુળ છે; નારકોનાં પચીશ લાખ કરોડ કુળ છે; મનુષ્યોનાં બાર લાખ કરોડ કુળ છે અને દેવોનાં છવ્વીશ લાખ કરોડ કુળ છે. બધાં થઈને એક સો સાડી સત્તાણું લાખ કરોડ (૧૯૭૫૦૦૦૦૦૦૦૦૦૦૦) કુળ છે.

પૃથ્વીકાયિક જીવોનાં સાત લાખ યોનિમુખ છે; અપ્કાયિક જીવોનાં સાત લાખ યોનિમુખ છે; તેજકાયિક જીવોનાં સાત લાખ યોનિમુખ છે; વાયુકાયિક જીવોનાં સાત લાખ યોનિમુખ છે; નિત્ય નિગોદી જીવોનાં સાત લાખ યોનિમુખ છે; ચતુર્ગતિ (-ચાર ગતિમાં પરિભ્રમણ કરનારા અર્થાત્ ઇતર) નિગોદી જીવોનાં સાત લાખ યોનિમુખ છે; વનસ્પતિકાયિક જીવોનાં દશ લાખ યોનિમુખ છે; દ્વીંદ્રિય જીવોનાં બે લાખ યોનિમુખ છે; ત્રીંદ્રિય જીવોનાં બે લાખ યોનિમુખ છે; ચતુરિંદ્રિય જીવોનાં બે લાખ યોનિમુખ છે; દેવોનાં ચાર લાખ યોનિમુખ છે; નારકોનાં ચાર લાખ યોનિમુખ છે; તિર્યંચ જીવોનાં ચાર લાખ યોનિમુખ છે; મનુષ્યોનાં ચૌદ લાખ યોનિમુખ છે. (બધાં થઈને ૮૪૦૦૦૦૦ યોનિમુખ છે.)

સૂક્ષ્મ એકેંદ્રિય પર્યાપ્ત ને અપર્યાપ્ત, સ્થૂલ એકેંદ્રિય પર્યાપ્ત ને અપર્યાપ્ત, દ્વીંદ્રિય પર્યાપ્ત ને અપર્યાપ્ત, ત્રીંદ્રિય પર્યાપ્ત ને અપર્યાપ્ત, ચતુરિંદ્રિય પર્યાપ્ત ને અપર્યાપ્ત, અસંજ્ઞી પંચેંદ્રિય પર્યાપ્ત ને અપર્યાપ્ત, સંજ્ઞી પંચેંદ્રિય પર્યાપ્ત ને અપર્યાપ્ત - એવા ભેદોવાળાં ચૌદ જીવસ્થાનો છે.

ગતિ, ઇન્દ્રિય, કાય, યોગ, વેદ, કષાય, જ્ઞાન, સંયમ, દર્શન, લેશ્યા, ભવ્યત્વ, સમ્યક્ત્વ, સંજ્ઞિત્વ અને આહાર - એવા ભેદસ્વરૂપ (ચૌદ) માર્ગણાસ્થાનો છે.

આ બધાં, તે ભગવાન પરમાત્માને શુદ્ધનિશ્ચયનયના બળે (-શુદ્ધનિશ્ચયનયે) નથી - એમ ભગવાન સૂત્રકર્તાનો (શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવનો) અભિપ્રાય છે.

એવી રીતે (આચાર્યદેવ) શ્રીમદ્ અમૃતચંદ્રસૂરિએ (શ્રી સમયસારની આત્મખ્યાતિ નામની ટીકામાં ૩૫-૩૬મા બે શ્લોકો દ્વારા) કહ્યું છે કે:-

*(मालिनी)*

**“सकलमपि विहायाह्नाय चिच्छक्तिरिक्तं**
**स्फुटतरमवगाह्य स्वं च चिच्छक्तिमात्रम् ।**
**इममुपरि चरंतं चारु विश्वस्य साक्षात्**
**कलयतु परमात्मात्मानमात्मन्यनंतम् ॥”**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(**"શ્લોકાર્થ:-**) ચિત્શક્તિથી રહિત અન્ય સકળ ભાવોને મૂળથી છોડીને અને ચિત્શક્તિમાત્ર એવા નિજ આત્માનું અતિ સ્ફુટપણે અવગાહન કરીને, આત્મા સમસ્ત વિશ્વના ઉપર સુંદર રીતે પ્રવર્તતા એવા આ કેવળ (એક) અવિનાશી આત્માને આત્મામાં સાક્ષાત્ અનુભવો."

*(अनुष्टुभ्)*

**"चिच्छक्तिव्याप्तसर्वस्वसारो जीव इयानयम् ।**
**अतोऽतिरिक्ताः सर्वेऽपि भावाः पौद्गलिका अमी ॥"**

(**"શ્લોકાર્થ:-**) ચૈતન્યશક્તિથી વ્યાપ્ત જેનો સર્વસ્વ-સાર છે એવો આ જીવ એટલો જ માત્ર છે; આ ચિત્શક્તિથી શૂન્ય જે આ ભાવો છે તે બધાય પૌદ્ગલિક છે."

વળી (૪૨મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ બે શ્લોક કહે છે):-

*(मालिनी)*

**अनवरतमखण्डज्ञानसद्भावनात्मा**
**व्रजति न च विकल्पं संसृतेर्घोररूपम् ।**
**अतुलमनघमात्मा निर्विकल्पः समाधिः**
**परपरिणतिदूरं याति चिन्मात्रमेषः ॥६०॥**

(**શ્લોકાર્થ:-**) સતતપણે અખંડ જ્ઞાનની સદ્ભાવનાવાળો આત્મા (અર્થાત્ 'હું અખંડ જ્ઞાન છું' એવી સાચી ભાવના જેને નિરંતર વર્તે છે તે આત્મા) સંસારના ઘોર વિકલ્પને પામતો નથી, પરંતુ નિર્વિકલ્પ સમાધિને પ્રાપ્ત કરતો થકો પરપરિણતિથી દૂર, અનુપમ, [1]અનઘ ચિન્માત્રને (ચૈતન્યમાત્ર આત્માને) પામે છે. ૬૦.

*(स्रग्धरा)*

**इत्थं बुद्ध्वोपदेशं जननमृतिहरं यं जरानाशहेतुं**
**भक्तिप्रह्वामरेन्द्रप्रकटमुकुटसद्रत्नमालार्चितांघ्रेः ।**
**वीरात्तीर्थाधिनाथाद्दुरितमलकुलध्वांतविध्वंसदक्षं**
**एते संतो भवाब्धेरपरतटममी यांति सच्छीलपोताः ॥६१॥**

(**શ્લોકાર્થ:-**) ભક્તિથી નમેલા દેવેંદ્રો મુગટની સુંદર રત્નમાળા વડે જેમનાં ચરણોને

---

૧. અનઘ = દોષ રહિત; નિષ્પાપ; મળ રહિત.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પ્રગટ રીતે પૂજે છે એવા મહાવીર તીર્થાધિનાથ દ્વારા આ સંતો જન્મ-જરા-મૃત્યુનો નાશક અને દુષ્ટ મળસમૂહરૂપી અંધકારનો ધ્વંસ કરવામાં ચતુર એવો આ પ્રકારનો (પૂર્વોક્ત) ઉપદેશ સમજીને, સત્શીલરૂપી નૌકા વડે ભવાબ્ધિના સામા કિનારે પહોંચી જાય છે. ૬૧.

## ગાથા-૪૨ ઉપરનું પ્રવચન

**પ્રશ્ન:-** આ બધા ભેદો જીવને નથી તો શું જડને હશે ?

**ઉત્તર:-** આ શુદ્ધભાવ અધિકાર છે ને ? એટલે કહે છે કે જે ત્રિકાળી ધ્રુવ જ્ઞાયકભાવ સ્વરૂપ શુદ્ધભાવ છે તેમાં આ બધા ભેદો નથી. (હા), પર્યાયનયે તેઓ છે ખરા, સત્ છે. કાંઈ વેદાંત જેમ તેમને અસત્ માને છે તેમ કાંઈ છે જ નહીં તેઓ એમ નથી. પર્યાયનયે આ બધા ભાવો છે, પરંતુ વસ્તુદષ્ટિએ - ત્રિકાળી દ્રવ્યસ્વભાવની દૃષ્ટિએ - દ્રવ્યમાં નથી અને તેથી દૃષ્ટિનો વિષય નથી.

**'શુદ્ધ નિશ્ચયનયે'** સ્વના સ્વભાવની દૃષ્ટિ કરવાવાળી નયે **'શુદ્ધ જીવને'** - શુદ્ધભાવ સ્વરૂપ જીવને **'સમસ્ત સંસારવિકારોનો સમુદાય નથી એમ અહીં (આ ગાથામાં) કહ્યું છે.'** સંસારના જેટલા ભેદો, વિકારો, વિશેષભાવો છે તે બધાય વિશેષરૂપ છે અને તે સમસ્ત સમુદાય જીવના ધ્રુવરૂપ શુદ્ધભાવમાં નથી. આવો શુદ્ધભાવ જ દૃષ્ટિ કરવા લાયક છે.

**(૧૪) 'દ્રવ્યકર્મ'** - જ્ઞાનાવરણાદિ જે આઠ જડકર્મ છે તે **'તથા ભાવકર્મનો'** - જે પુણ્ય ને પાપના વિકલ્પ છે તેનો **'સ્વીકાર નહીં હોવાથી'** - શુદ્ધભાવમાં સ્વીકાર નથી. દ્રવ્યકર્મ ને ભાવકર્મનું ગજું નથી કે ત્રિકાળી ધ્રુવસ્વભાવમાં પ્રવેશ કરે. તેથી શુદ્ધભાવમાં તે બન્નેનો સ્વીકાર નહીં હોવાથી **'જીવને નારકત્વ'** - જીવને નારકીપણું, **'તિર્યંચત્વ'** - તિર્યંચપણું, **'મનુષ્યત્વ અને દેવત્વસ્વરૂપ'** - મનુષ્યપણું ને દેવપણું એમ **'ચાર ગતિઓનું પરિભ્રમણ નથી.'** અર્થાત્ ત્રિકાળી સ્વભાવરૂપ જે શુદ્ધભાવ છે તેને આ ચાર ગતિઓનું પરિભ્રમણ છે નહીં. માટે, જેણે ચાર ગતિઓનું પરિભ્રમણ ટાળવું હોય તેણે શુદ્ધભાવનો આશ્રય કરવો એમ કહે છે.

લ્યો, 'શુદ્ધભાવ'ને આ કારણે (દ્રવ્યકર્મ તથા ભાવકર્મનો સ્વીકાર નહીં હોવાથી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એ કારણ આપ્યું) ચાર ગતિઓનું પરિભ્રમણ નથી. અહા ! અહીં તો મનુષ્યપણું જ દ્રવ્યમાં નથી એમ કહે છે. તો પછી મનુષ્યપણાથી જીવને લાભ થાય ને કેવળજ્ઞાન થાય એમ છે જ નહીં. જીવના સ્વભાવમાં તો પૂર્ણ જ્ઞાન ને આનંદ છે. માટે તેનાથી જીવને જ્ઞાન, આનંદ ને શાંતિ આદિનો લાભ થાય, પણ આ ચાર ગતિઓથી જીવને લાભ થાય એમ છે નહીં. તે ચાર ગતિઓ જીવમાં નથી. તો પછી જે જીવમાં નથી તેનાથી લાભ કેમ થાય ?

વળી **'નિત્ય-શુદ્ધ ચિદાનંદરૂપ કારણપરમાત્મસ્વરૂપ જીવને'**..... સહજાનંદરૂપ એવો જે પૂર્ણસ્વરૂપ ભગવાન આત્મા છે તેને અર્થાત્ જે ત્રિકાળી દ્રવ્યસ્વભાવમય છે, પવિત્ર કારણસ્વભાવરૂપ છે એવા જીવને... જોયું ? **'કારણપરમાત્મસ્વરૂપ જીવને'** - એમ કહ્યું છે. એટલે કે શુદ્ધભાવસ્વરૂપ જીવને **'દ્રવ્યકર્મ'** - જડકર્મ **'તથા ભાવકર્મનો ગ્રહણને યોગ્ય વિભાવપરિણતિનો અભાવ હોવાથી'**..... ભગવાન આત્મામાં - નિત્ય સ્વભાવમાં - વિભાવ અવસ્થાનો અભાવ હોવાથી આત્માને

(૧૫) **'જાતિ'** નથી. જાતિ = જન્મ. આત્માને જન્મ છે નહીં. ભગવાન આત્મા જન્મ લેતો નથી.

(૧૬) **'જરા'** નથી. શરીરની જીર્ણતા-વૃદ્ધાવસ્થા - વસ્તુમાં (-આત્મદ્રવ્યમાં) નથી, કેમકે એ તો શરીરની દશા છે.

(૧૭) **'મરણ'** નથી. દેહનું છૂટવું તેને મરણ કહે છે. પણ વસ્તુમાં તો તે કાંઈ છે જ નહીં. માટે, આત્માના સ્વભાવનું મરણ કેવું ? અર્થાત્ આત્મા જન્મ લેતો પણ નથી ને મરણ પામતો પણ નથી એમ કહેવું છે. અહા ! જન્મ, જરા ને મરણ આત્મામાં નથી અને આવો જે ત્રિકાળી નિત્ય શુદ્ધ કારણપરમાત્મા છે તે આશ્રય કરવા જેવો છે. મતલબ કે તેને ધ્યેય બનાવીને ધ્યાનમાં તેને પકડવાનો છે એમ કહે છે.

(૧૮) **'રોગ'** નથી. આનંદકંદ ને નિત્ય શુદ્ધ એવા કારણપ્રભુ આત્મામાં - જેમાંથી કાર્યપરમાત્મદશા વ્યક્ત-પ્રગટ થાય છે એવું જે ત્રિકાળી કારણસ્વરૂપ છે તેમાં - રોગ નથી. એટલે કે તે રોગરહિત છે.

(૧૯) **'અને શોક નથી'** - જીવમાં શોક નથી.

વળી **'ચતુર્ગતિ (ચાર ગતિના) જીવોનાં કુળ'**....કુળ = શરીરની ઉત્પત્તિનું ભિન્ન-ભિન્નપણું (શરીરની ભિન્ન-ભિન્નપણે ઉત્પત્તિ) તેમ જ જીવમાં તે જાતની યોગ્યતા. **'તથા**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**યોનિના ભેદ'**....યોનિ = શરીરને ઉપજવાના સ્થાનોનું ભિન્ન-ભિન્નપણું (શરીરને ઉપજવાના ભિન્ન-ભિન્ન સ્થાન) તેમ જ જીવમાં તે જાતની યોગ્યતા કે જે જીવનો પર્યાય છે. તે બધુંય **'જીવમાં નથી.'** જો કે પર્યાયનયે-વ્યવહારનયે તે ભેદો જીવમાં છે, પરંતુ વસ્તુની દૃષ્ટિએ જીવમાં છે નહીં. **'એમ (હવે) કહેવામાં આવે છે. તે આ પ્રમાણેઃ'**

(૨૦) **'પૃથ્વીકાયિક જીવોનાં બાવીશ લાખ ક્રોડ કુળ છે.'** ક્રોડ એટલે કરોડ સમજવા અને કુળ એટલે શરીરના વર્ણ, રસ, સ્પર્શ ને ગંધની ભિન્ન-ભિન્નતા તેમ જ જીવમાં તે જાતની યોગ્યતા. ભિન્ન-ભિન્ન શરીર ઉત્પન્ન થાય તેને કુળ કહેવામાં આવે છે. જેમ કે છાણમાં ને બગડેલાં ઘીમાં ભિન્ન-ભિન્ન જાતની ઈયળ થાય છે ને ? તો, તેમના આકાર, લંબાઈ, અવગાહન વગેરે જુદાં-જુદાં હોય છે અને તેને કુળ કહેવાય છે. અહીં કહે છે કે પૃથ્વીકાયિક જીવોનાં બાવીશ લાખ ક્રોડ કુળ આત્મામાં નથી.

**'અપ્કાયિક જીવોનાં સાત લાખ ક્રોડ કુળ છે.'** પાણીના (એકેંદ્રિય) જીવોનાં સાત લાખ ક્રોડ કુળ છે. અપ્કાયિક-પાણીના-જીવોનાં કુળ એટલે તેમનાં શરીરના કુળ. વર્ણ, રસ, ગંધ ને સ્પર્શના ભેદે શરીરમાં એ જાતની જે વિભિન્નતા ભાસે છે - ભિન્ન-ભિન્ન જાતના જે શરીર ઉપજે છે - તેને કુળ કહેવામાં આવે છે.

**'તેજકાયિક જીવોનાં ત્રણ લાખ ક્રોડ કુળ છે.'**

**'વાયુકાયિક જીવોનાં સાત લાખ ક્રોડ કુળ છે.'**

**'વનસ્પતિકાયિક જીવોનાં અઠ્યાવીસ લાખ ક્રોડ કુળ છે.'** નિગોદનાં (-સાધારણ વનસ્પતિનાં) ને પ્રત્યેક વનસ્પતિનાં - બન્નેના ભેગા થઈને — ૨૮ લાખ કરોડ કુળ છે.

- અહીં સુધી એકેંદ્રિયની વાત આવી. હવે કહે છે કે,

**'દ્વીંદ્રિય જીવોનાં સાત લાખ ક્રોડ કુળ છે.'**

**'ત્રીંદ્રિય જીવોનાં આઠ લાખ ક્રોડ કુળ છે.'**

**'ચતુરિંદ્રિય જીવોનાં નવ લાખ ક્રોડ કુળ છે.'**

**'પંચેંદ્રિય જીવોને વિષે જળચર જીવોનાં'**.... પાણીમાં જે ઉપજે છે તે પંચેંદ્રિય જીવોનાં **'સાડા બાર લાખ ક્રોડ કુળ છે.'**

**'ખેચર જીવોનાં'**.... ઉપર (આકાશમાં ઉડનારા) જે પંખીઓ છે તે જીવોનાં **'બાર લાખ ક્રોડ કુળ છે.'**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**'ચાર પગવાળા જીવોનાં'**.... ચાર પગવાળા પશુનાં **'દશ લાખ ક્રોડ કુળ છે.'**

**'સર્પાદિક પેટે ચાલનારા જીવોનાં નવ લાખ ક્રોડ કુળ છે.'**

**'નારકોનાં પચીશ લાખ ક્રોડ કુળ છે.'** નારકોનાં કુળ કહેતાં નારકીના શરીરના સ્પર્શ, રસ, ગંધ, વર્ણ વગેરેની ભિન્ન-ભિન્ન જાત લેવી (તેમ જ જીવની તે જાતની યોગ્યતા પણ લેવી.)

**'મનુષ્યોનાં બાર લાખ ક્રોડ કુળ છે.'**

**'અને દેવોનાં છવ્વીસ લાખ ક્રોડ કુળ છે.'**

**'બધાં થઈને એકસો સાડી સત્તાણું લાખ ક્રોડ (૧૯૭૫૦૦૦૦૦૦૦૦૦૦૦) કુળ છે.'**

જુઓ, આ રીતે વ્યવહારની અસ્તિ સિદ્ધ કરે છે. જેટલાં વ્યવહારના પ્રકાર છે એટલે કે જેટલો વ્યવહારનયનો વિષય છે તે બધોય જૈનદર્શનમાં ભિન્ન-ભિન્ન પ્રકારે વર્ણવ્યો છે અને પછી તેનો નિષેધ કરે છે કે એ ભેદો વસ્તુમાં નથી. જગતમાં એક આત્મા જ છે ને બીજી કોઈ વસ્તુ કે ભેદ છે જ નહીં એમ નથી. એકેંદ્રિય, દ્વીંદ્રિય, ત્રીંદ્રિય, ચતુરિંદ્રિય વગેરે તેમ જ તેમનાં કુળ વગેરે બધું ભ્રમ છે એમ નથી. કેમકે પર્યાયનયે - વ્યવહારનયે-વ્યવહારથી — વ્યવહાર સત્ છે. પરંતુ અંતર્વસ્તુની દષ્ટિએ એ વ્યવહાર-ભેદો અસત્ નામ જુઠાં છે.

અહા ! આ દરેક કુળમાં તે અનંતવાર જન્મ્યો છે. કુળ એટલે આ (બહારના) કુળ નહીં, પણ શરીરનું તે તે જાતનું કુળ (તેમ જ જીવની તેવી યોગ્યતા.) જેમ શરીરના આવા વર્ણ, રસ, ગંધ, સ્પર્શરૂપ એક ભાગ છે તેમ અન્ય વર્ણાદિરૂપ બીજો ભાગ, અન્ય વર્ણાદિરૂપ ત્રીજો ભાગ.... - એવી રીતે ભાગ કરતાં એક સો સાડી સત્તાણું લાખ કરોડ કુળ છે. તે એક એક કુળે આ જીવ અનંતવાર જન્મ્યો છે. જે આ (બહારના) 'પારેખ' આદિ કુળ કહેવાય છે તે (ખરા) કુળ નથી. કેમકે એ તો ઉપચારથી કહેવામાં આવે છે અને આ કુળ તો તેના પર્યાયમાં વાસ્તવિકપણે છે. છતાં તેની ચીજમાં (-ત્રિકાળી દ્રવ્યમાં) નથી. એ તો પર્યાયદષ્ટિએ પર્યાયમાં છે.

**પ્રશ્ન:-** કુળ એ શરીરનો પર્યાય છે કે જીવનો ?

**સમાધાન:-** જીવનો. કેમકે એવા ભિન્ન-ભિન્ન પ્રકારના શરીર ઉપજે એવી યોગ્યતા જીવની છે ને ? તેમ જ કુળ જીવોનાં કહ્યાં છે ને ? માટે કુળ જીવનો પર્યાય છે. એ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તો શરીરના સ્પર્શ, રસ, વર્ણ, ગંધ અને આકાર વગેરેના ભિન્ન-ભિન્ન પ્રકારથી જીવ પણ બીજાથી ભિન્ન પડે છે (એટલે કુળની વ્યાખ્યામાં શરીરથી વર્ણન કર્યું છે.) નહીંતર તો કુળ જીવનો પર્યાય છે. તો, શરીરના સ્પર્શાદિના ભિન્ન-ભિન્ન પ્રકારને (તેમ જ તે પ્રકારની જીવની યોગ્યતાને) કુળ કહેવામાં આવે છે.

(૨૧) હવે જીવનાં ઉત્પત્તિસ્થાન : શરીરની (ભિન્ન-ભિન્ન) જાત ઉપજે છે તે વખતે જીવની જે યોગ્યતા છે તેને જીવના કુળ કહેવાય છે અને જીવના ઉપજવાના ભેદો (-ભિન્ન-ભિન્ન સ્થાનો) તે ઉત્પત્તિસ્થાન (-યોનિ) છે.

**'પૃથ્વીકાયિક જીવોનાં સાત લાખ યોનિમુખ છે.'** - ઉત્પત્તિસ્થાન છે.

**'અપ્કાયિક જીવોનાં સાત લાખ યોનિમુખ છે.'** - ઉપજવાના સ્થાન છે.

**'તેજકાયિક જીવોનાં સાત લાખ યોનિમુખ છે.'**

**'વાયુકાયિક જીવોનાં સાત લાખ યોનિમુખ છે.'**

**'નિત્ય નિગોદી જીવોનાં સાત લાખ યોનિમુખ છે.'**

**'ચતુર્ગતિ (-ચાર ગતિમાં પરિભ્રમણ કરનારા અર્થાત્ ઈતર) નિગોદી જીવોનાં સાત લાખ યોનિમુખ છે.'**

**'વનસ્પતિકાયિક જીવોનાં દશ લાખ યોનિમુખ છે.'** - યોનિમાં નિગોદના તો (નિત્ય ને ઈતર એવા) ભેદ છે, તે ઉપરાંત પ્રત્યેક વનસ્પતિનો ભેદ પણ જુદો છે. અર્થાત્ (૧) નિત્ય નિગોદ, (૨) અન્ય (-ઈતર) નિગોદ ને (૩) પ્રત્યેક વનસ્પતિ - એવા ત્રણ ભેદ યોનિમાં છે, જ્યારે કુળમાં એક જ ભેદ હતો.

**'દ્વીંદ્રિય જીવોનાં બે લાખ યોનિમુખ છે.'**

**'ત્રીંદ્રિય જીવોનાં બે લાખ યોનિમુખ છે.'**

**'ચતુરિંદ્રિય જીવોનાં બે લાખ યોનિમુખ છે.'**

**'દેવોનાં ચાર લાખ યોનિમુખ છે.'**

**'નારકોનાં ચાર લાખ યોનિમુખ છે.'**

**'તિર્યંચ જીવોનાં ચાર લાખ યોનિમુખ છે.'**

**'મનુષ્યોનાં ચૌદ લાખ યોનિમુખ છે. (બધાં થઈને ૮૪૦૦૦૦૦ યોનિમુખ છે.)'** લ્યો, બધાં થઈને ૮૪ લાખ ઉપજવાના સ્થાન છે. અહા ! જીવ છે અનંતા,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

પણ તેને ઉપજવાના સ્થાન ૮૪ લાખ છે. એક ને એક માતામાંથી ઉત્પન્ન થતાં જીવોનાં ઉપજવાનાં સ્થાનોમાં પણ ભેદ (-ભિન્નતા) હોય છે. ભલે એક ને એક માતામાંથી ઉત્પન્ન થનારા જીવો હોય, છતાંપણ પહેલાં જીવનું ઉત્પત્તિસ્થાન જે પ્રમાણે હોય તેવું બીજા જીવને ન હોય અને ત્રીજા જીવને પણ ન હોય, પરંતુ ભિન્ન-ભિન્ન હોય. આવી બધી ઝીણી વાત છે.

અહા ! ૮૪ લાખ યોનિ તો અન્યમતિ પણ કહે છે, પરંતુ ૮૪ લાખ યોનિ શું વસ્તુ છે ? અને તે કેમ છે ? તે વાત સર્વજ્ઞ સિવાય બીજે ક્યાંય હોઈ શકે નહીં. કેમકે જો ૮૪ લાખ યોનિ સિદ્ધ થઈ જાય તો ભેદ-વિકાર સિદ્ધ થઈ જાય, વિકારનું નિમિત્ત સિદ્ધ થઈ જાય, વ્યવહાર સિદ્ધ થઈ જાય અને નિશ્ચય તેનાથી જુદો રહે છે વગેરે બધી વાત પણ સિદ્ધ થઈ જાય. તેથી તો એક-એક (-બધી) શૈલીથી નિયમસારમાં વાત કરી છે. આવી વાત છે !

(૨૨) હવે જીવનાં સ્થાન વર્ણવે છે અને તે જીવના સ્થાન પણ શુદ્ધભાવમાં નથી એમ કહે છે. અહા ! જીવના સ્થાન જીવને નથી, કેમકે જીવમાં ભેદો નથી. જો કે પર્યાયનયે ભેદો છે, પરંતુ વસ્તુદષ્ટિએ શુદ્ધભાવમાં આવા ભેદો છે નહીં.

(૧-૨) **'સૂક્ષ્મ એકેંદ્રિય પર્યાપ્ત ને અપર્યાપ્ત.'**

(૩-૪) **'સ્થૂલ એકેંદ્રિય પર્યાપ્ત ને અપર્યાપ્ત.'**

(૫-૬) **'દ્વીંદ્રિય પર્યાપ્ત ને અપર્યાપ્ત.'**

(૭-૮) **'ત્રીંદ્રિય પર્યાપ્ત ને અપર્યાપ્ત.'**

(૯-૧૦) **'ચતુરિંદ્રિય પર્યાપ્ત ને અપર્યાપ્ત.'**

(૧૧-૧૨) **'અસંજ્ઞી પંચેંદ્રિય પર્યાપ્ત ને અપર્યાપ્ત.'**

(૧૩-૧૪) **'સંજ્ઞી પંચેંદ્રિય પર્યાપ્ત ને અપર્યાપ્ત.'**

- **'એવા ભેદોવાળાં ચૌદ જીવસ્થાનો છે.'** અને એ આત્માના ત્રિકાળી શુદ્ધભાવમાં નથી.

(૨૩) હવે માર્ગણાસ્થાન કહે છે :

(૧) **'ગતિ'.** લ્યો, માર્ગણાનો એક ભેદ ગતિ છે અને એ ગતિના ભેદો આત્મામાં નથી. માર્ગણા એટલે શોધવું. એ ગતિ દ્રવ્યમાં નથી, કેમકે ગતિ તો પર્યાયમાં છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(૨) **'ઈંદ્રિય'.** પાંચ ઈંદ્રિય છે તે દ્રવ્યસ્વભાવમાં - શુદ્ધ ધ્રુવસ્વભાવમાં - નથી. અર્થાત્ શુદ્ધભાવરૂપ સ્વભાવમાં તે નથી, પરંતુ પર્યાયમાં છે.

(૩,૪) **'કાય, યોગ'.** યોગ એટલે મન, વચન ને કાયાના નિમિત્તે થતું કંપન તેમાં મનના ચાર ભેદ છે, વચનના ચાર ભેદ છે ને કાયાના સાત ભેદ છે. - એમ યોગના પંદર ભેદ છે ને ? તો, યોગના આવા પંદર ભેદ પણ આત્મામાં નથી. જો કે તે પંદર ભેદ પર્યાયમાં છે. કેમકે પર્યાયની એવા યોગરૂપ થવાની યોગ્યતા હોવાથી યોગ પર્યાયમાં છે, પરંતુ વસ્તુમાં નથી.

(૫) **'વેદ'.** ભાવવેદ પર્યાયમાં છે, પણ વસ્તુમાં નથી. સ્ત્રીવેદ, પુરુષવેદ ને નપુંસકવેદના વિકારનો જે વિકલ્પ છે તે ત્રિકાળી દ્રવ્યમાં નથી, પરંતુ પર્યાયમાં છે. માટે તે વ્યવહારનયે છે અને જો ત્રિકાળી દ્રવ્યનો આશ્રય લે તો તે ટળી શકે છે. પણ તેનો ને તેનો જ (-વેદના વિકલ્પનો જ) આશ્રય લે તો તે ટળે નહીં. અહા ! આ નિયમસાર છે એટલે અહીંયા મોક્ષમાર્ગની વાત છે ને ? (નિયમસારનો અર્થ મોક્ષમાર્ગ છે ને ?) તેથી કહે છે કે ત્રિકાળી દ્રવ્યનો આશ્રય લે તો મોક્ષમાર્ગ પ્રગટે અને પર્યાયનો આશ્રય લે તો અનાદિનો જે બંધમાર્ગ છે તેનો તે ચાલુ રહે. અરે ! જિનેન્દ્રદેવના વીતરાગ માર્ગ સિવાય બીજે આવી વ્યવહારની વિધિની રીત પણ ક્યાં છે ?

અહા ! વ્યવહારને અહીં વર્ણવે છે કે વ્યવહાર છે. પરંતુ તે પર્યાયમાં છે, ત્રિકાળી વસ્તુમાં નથી. વેદાંત કહે છે કે 'બ્રહ્મ સત્ ને જગત મિથ્યા.' પરંતુ એવું વસ્તુસ્વરૂપ નથી. કેમકે જગત જગતના સ્થાનમાં છે તેમ જ પર્યાય પણ પર્યાયના સ્થાનમાં છે. તો, કહે છે કે પોતાના ત્રિકાળી ધ્રુવ ચૈતન્યઘન પ્રભુ આત્મામાં નજર નાખતાં અતીંદ્રિય આનંદનો સ્વાદ આવે છે અને આવી અંતરની ચીજમાં આ બધા ભેદો નથી.

(૬) **'કષાય'.** લ્યો, ક્રોધ-માન-માયા ને લોભાદિના ભેદ અંદરમાં નથી, વસ્તુમાં નથી. પણ પર્યાયમાં છે.

(૭) **'જ્ઞાન'.** લ્યો, જ્ઞાનના ભેદ આત્મામાં નથી. મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મન:પર્યયજ્ઞાન ને કેવળજ્ઞાન - એ પાંચ જ્ઞાન તથા (કુમતિ, કુશ્રુત ને કુઅવધિ - એ) ત્રણ અજ્ઞાન - એમ આઠ પ્રકાર આવે છે ને ? તો, તે પર્યાયમાં છે, પણ દ્રવ્યમાં નથી. અરે ! કેવળજ્ઞાન પણ પર્યાયમાં છે, પરંતુ દ્રવ્યમાં - ત્રિકાળી શુદ્ધભાવમાં - નથી. કેમ કે દ્રવ્ય તો પારિણામિકભાવે રહેલ વસ્તુ છે અને આ કેવળજ્ઞાન તો ક્ષાયિકભાવે રહેલ પર્યાય છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(૮) **'સંયમ'.** સામાયિકાદિ (ચારિત્રના પાંચ પ્રકાર), અસંયમ ને સંયમાસંયમ - એ બધા ભેદ દ્રવ્યમાં નથી. કેમ કે એ બધા પર્યાયનાં ભેદ છે.

(૯) **'દર્શન'.** તેના ચાર ભેદ છે ને ? ચક્ષુદર્શન, અચક્ષુદર્શન, અવધિદર્શન ને કેવળદર્શન. એ ભેદ પર્યાયમાં છે, પરંતુ શુદ્ધભાવરૂપ ધ્રુવમાં નથી.

(૧૦) **'લેશ્યા'.** છ લેશ્યા પર્યાયમાં છે, પણ વસ્તુમાં નથી.

**પ્રશ્ન:-** ભેદ પર્યાયમાં છે ને વસ્તુમાં નથી ?

**સમાધાન:-** (હા, ભાઈ.) ત્રિકાળી ધ્રુવતત્ત્વનું આખું સત્ત્વ કે જે એકરૂપ ચૈતન્યપણે બિરાજે છે તેમાં આ બધાં ભેદ છે નહીં, પણ પર્યાયમાં છે.

(૧૧) **'ભવ્યત્વ'.** લ્યો ઠીક, ભવ્યત્વ ને અભવ્યત્વ દ્રવ્યમાં નથી.

શું આવ્યું આ ?

કે ભવ્યત્વ ને અભવ્યત્વ દ્રવ્ય-ગુણમાં નથી. કેમકે ભવ્યપણું, અભવ્યપણું આદિ બધાં ભેદ પર્યાયના છે.

**પ્રશ્ન:-** એ પર્યાય (—ભવ્યપણું-અભવ્યપણું એ પર્યાય) કયા ગુણનો છે ?

**સમાધાન:-** ભવ્યપણું ને અભવ્યપણું તે પર્યાય છે. એટલે કે પર્યાયની એ જાતની યોગ્યતા છે. કેટલાક પર્યાય અંદર ગુણ ન હોય તોપણ હોય છે એ સાંભળ્યું છે ? 'ચિદ્‌વિલાસ'માં એ વાત નથી આવતી ? દીપચંદજીના 'ચિદ્‌વિલાસ'માં (નિશ્ચય અધિકાર, પાનું-૫૫) આવે છે કે કર્મરૂપ પર્યાય છે તો તેનો કયો ગુણ છે ? પરમાણુમાં કર્મરૂપ વિકાર પર્યાય થાય છે તેનો કયો ગુણ છે ? તેમ જ શબ્દરૂપ પર્યાય લ્યો તોપણ તેમાં કયો ગુણ છે ? બસ, એ પર્યાયની સ્થિતિ (યોગ્યતા) જ છે.

અહીં કહે છે કે હું ભવિ હોઈશ કે અભવિ હોઈશ (એમ શંકા કરવી) એ તો પર્યાયબુદ્ધિ છે. માટે હવે ભવ્યત્વ કે અભવ્યત્વ શોધવાનું છોડીને આત્માને, કે જે પોતે છે તેને, શોધ એમ કહે છે. અહીં કહ્યું કે ત્રિકાળી સચ્ચિદાનંદ પ્રભુ ભગવાન આત્મામાં એ બન્ને ભવ્યપણું ને અભવ્યપણું - મોક્ષની લાયકાત ને મોક્ષની અલાયકાત - છે નહીં. કારણ કે એ તો પર્યાયની વાત છે. માટે વસ્તુમાં નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(૧૨) **'સમ્યક્ત્વ'.** ઔપશમિક, ક્ષાયોપશમિક ને ક્ષાયિક સમ્યક્ત્વ તથા મિથ્યાત્વ, સાસાદન અને મિશ્ર - એ બધાં સમ્યક્ત્વના પ્રકાર છે ને ? તો, એ બધું પર્યાયમાં છે, પણ વસ્તુમાં નથી. લ્યો, ક્ષાયિક સમકિત દ્રવ્યમાં નથી એમ કહે છે.

(૧૩) **'સંજ્ઞિત્વ'.** સંજ્ઞી-અસંજ્ઞીપણું વસ્તુમાં નથી.

(૧૪) **'આહાર'.** - આહારપણું ને અણાહારપણું — બન્ને આત્મામાં નથી.

**'- એવા ભેદસ્વરૂપ (ચૌદ) માર્ગણાસ્થાનો છે.'**

**'આ બધાં, તે ભગવાન પરમાત્માને' ...**

**પ્રશ્ન:-** 'પરમાત્માને' એટલે કયો પરમાત્મા ?

**સમાધાન:-** પરમાત્મા એટલે આ આત્મા હો. આ બધાં ભેદો તેને — ભગવાન પરમાત્માને — **'શુદ્ધનિશ્ચયનયના બળે (-શુદ્ધનિશ્ચયનયે) નથી.'** યથાર્થ દૃષ્ટિના વિષયમાં એ ભેદો નથી. **'એમ ભગવાન સૂત્રકર્તાનો (શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવનો) અભિપ્રાય છે.'** લ્યો, શ્રી પદ્મપ્રભમલધારિદેવ પણ આમ કહે છે કે **'એમ ભગવાન સૂત્રકર્તાનો અભિપ્રાય છે.'** પોતે શ્રી પદ્મપ્રભમલધારિદેવ મુનિ છે. તેમને વ્યવહારે વિકલ્પરૂપ પંચ મહાવ્રત છે અને નિશ્ચયમાં સ્વરૂપના આશ્રયે છઠ્ઠું તેમ જ સાતમું ગુણસ્થાન પણ છે. તો, તેઓ પણ આમ કહે છે અને આમ કહીને, જુઓ, શ્રી કુંદકુંદાચાર્યની મહિમા કરે છે. જુઓ, સંસ્કૃત ટીકામાં પણ છે ને ? કે भगवतां सूत्रकृतामभिप्रायः । પોતે શ્રી પદ્મપ્રભમલધારિદેવ મુનિ કહે છે કે અહો ! ભગવંત કુંદકુંદાચાર્યનો આ અભિપ્રાય છે કે ત્રિકાળી પરમાત્મસ્વરૂપ શુદ્ધભાવ કે જે આશ્રય કરવા લાયક છે, અવલંબન લેવાયોગ્ય છે ને જે ધ્યાન કરવા લાયક છે તેમાં - એવી એ ચીજમાં - આ ભેદો નથી.

અહા ! **'એમ ભગવાન સૂત્રકર્તાનો અભિપ્રાય છે'** - એમ કહ્યું ને ? અર્થાત્, શ્રી પદ્મપ્રભમલધારિદેવ પણ **'ભગવાન સૂત્રકર્તા'** (ભગવાન કુંદકુંદાચાર્ય) એમ કહે છે. હવે અત્યારે કેટલાક (પંડિતો) એમ કહે છે કે શ્રી કુંદકુંદાચાર્યનું કથન નહીં, (બીજાનું લાવો.) તેમના કરતાં બીજા (આચાર્યો) ઠીક છે. ભાઈ ! અહો ! 'હુયે, ન હૈં, ન હોહિંગે મુનિંદ કુંદકુંદસે'. (એમ કવિ વૃંદાવનજીએ નથી કહ્યું ?) એવી ચીજ છે ! એવી કોઈ અલૌકિક રીતે ચાર શાસ્ત્રો અને અષ્ટપાહુડ વગેરે બીજા શાસ્ત્રો રચ્યાં છે અર્થાત્ તેમાં એવી વાત મૂકી છે કે ભરતક્ષેત્રમાં કેવળજ્ઞાનના વિરહ ભુલાવે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**શ્રોતા:-** આપે પણ ભરતક્ષેત્રમાં કેવળજ્ઞાનના વિરહ ભુલાવ્યા છે !

**પૂજ્ય ગુરુદેવશ્રી:-** પોતે આત્મા પોતાને સમજણ આપે ત્યારે તે સમજે. આવી વાત છે ! હવે આધાર આપે છે :

## આધારના શ્લોક ઉપરનું પ્રવચન

અહો ! **'ચિત્શક્તિથી રહિત'....** જેમાં જ્ઞાનસત્ત્વ ભર્યું છે એવો જે ભગવાન આત્મા છે તેનાથી રહિત ... જો કે અહીં શબ્દ 'ચિત્શક્તિ' વાપર્યો છે, તોપણ એનો અર્થ આત્મા પણ થાય છે. તો, તે (ચિત્શક્તિ) શક્તિરૂપ છે, ગુણરૂપ છે, ભાવરૂપ છે, સત્‌ના સત્ત્વરૂપ છે. અર્થાત્ સત્ એવા ભગવાન આત્માનું સત્ત્વ ચિત્શક્તિ છે. તે **'ચિત્શક્તિથી રહિત'** - એ જ્ઞાનસ્વભાવમય ભાવથી રહિત **'અન્ય સકળ ભાવોને મૂળથી છોડીને'** - ચિત્શક્તિ સિવાયના બધાંય ભાવોને - પર્યાયોને - મૂળથી છોડીને.... જુઓ,) અહીં એમ કહે છે કે આત્માના પર્યાયમાં આ બધાં (-ગાથામાં કહ્યા તે) ભાવો હો - છે, પરંતુ તે બધાં ભાવો ચિત્શક્તિથી રહિત છે અને ચિત્શક્તિ તેમનાથી રહિત છે.

અહા ! ચિત્શક્તિ એટલે જ્ઞાનશક્તિ કે જેમાંથી કેવળજ્ઞાનાદિ પર્યાયો વ્યક્ત થાય છે. કારણપરમાત્મસ્વરૂપ આત્માની આવી જે નિજ ચિત્શક્તિ છે તેનાથી રહિત ...

શું કહ્યું એ ?

કે જેટલા ભેદ છે તે બધાં ચિત્શક્તિથી રહિત છે. જો કે ચિત્શક્તિમાં તે બધાં ભેદો નથી એમ કહેવું છે, પરંતુ એમ વાત ન કરતાં અહીં તો ચિત્શક્તિથી એ બધાં ભાવો રહિત છે એમ કહે છે. લ્યો, આ તો હજી આત્મા કેવો ને કેટલો છે તે વાત ચાલે છે. અહા ! ચિત્ અર્થાત્ એકલું જ્ઞાન જેનો (આત્માનો) સ્વભાવ છે .... તેને મોટા ક્ષેત્રની જરૂર નથી તેમ જ તેને વિશેષ કાળની પણ જરૂર નથી કે તે ત્રણે કાળ રહે તો જ મોટો હોય, કેમ કે તે તો એક સમયમાં જ આવડો મોટો - પૂર્ણ - છે અને ચિત્શક્તિમય તેનું આખું રૂપ છે. આવો જ્ઞાનશક્તિસ્વરૂપ જે ભગવાન આત્મા છે તેનાથી આ બધાં ભાવો રહિત છે. મતલબ કે અખંડ જ્ઞાનસ્વભાવથી આ બધાં ભેદો - કુળ, યોનિ ને માર્ગણાસ્થાન આદિના ભેદો - રહિત છે. ગાથામાં માર્ગણાસ્થાન આદિ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

ભેદો કહ્યા છે ને ? અર્થાત્ જ્ઞાનના પાંચ ભેદ, અજ્ઞાનના ત્રણ ભેદ ને ગતિ, વેદ વગેરે એ બધાં ભેદો છે ને ? તે બધા ભેદો ચિત્શક્તિથી રહિત છે. જુઓ, (૪૨મી) ગાથામાં ના પાડી કે શુદ્ધનિશ્ચયનયના કારણે (-બળે) આત્મામાં આ ભેદો નથી અને અહીં (સમયસારના કલશમાં) કહે છે કે આ ભેદોમાં ચિત્શક્તિ નથી. (બન્ને વાત એક જ છે.)

કહે છે કે **'ચિત્શક્તિથી રહિત અન્ય સકળ ભાવોને મૂળથી છોડીને અને ચિત્શક્તિમાત્ર એવા નિજ આત્માનું'** .... લ્યો, અહીં બે ભાવ કહ્યા. (૧) પર્યાયનો ભાવ (પર્યાયના ભેદો) ચિત્શક્તિથી રહિત છે અને (૨) આત્માનો ભાવ ત્રિકાળી ચિત્શક્તિથી સહિત છે. અહા ! ચિત્શક્તિને જ્ઞાનસ્વભાવ કહો, જ્ઞાનશક્તિ કહો કે જ્ઞાનગુણ કહો — એક જ છે અને આવા એકલા જ્ઞાનસ્વભાવમય **'નિજ આત્માનું અતિ સ્ફુટપણે અવગાહન કરીને'** ... બધાં ભાવો (માર્ગણાસ્થાન આદિ) ચિત્શક્તિથી રહિત છે. માટે તેમનું લક્ષ છોડીને ચિત્શક્તિથી સહિત એવા આત્માને પ્રત્યક્ષ જ્ઞાન દ્વારા અંદર પકડીને - મતિ ને શ્રુતજ્ઞાન દ્વારા અંદર પ્રત્યક્ષ અવગાહન કરીને ... અહા ! સ્ફુટપણે એટલે કે પ્રત્યક્ષપણે અને પ્રત્યક્ષપણે એટલે કે જેને નિમિત્ત કે વિકલ્પનો આશ્રય નથી. પ્રત્યક્ષ એવા મતિ ને શ્રુતજ્ઞાન દ્વારા અવગાહન કરીને ...

**પ્રશ્ન:-** ઉપર એમ કહ્યું હતું કે મતિ ને શ્રુતજ્ઞાન ચિત્શક્તિથી રહિત છે તથા મતિ ને શ્રુતજ્ઞાન ચિત્શક્તિમાં નથી. હવે વળી કહ્યું કે 'મતિ ને શ્રુતજ્ઞાન દ્વારા અવગાહન કરીને ... ?'

**સમાધાન:-** ભાઈ ! અનેકાંત માર્ગ એવો છે. અહા ! સમ્યક્મતિ ને સમ્યક્શ્રુતજ્ઞાન પણ ત્રિકાળી ચિત્શક્તિથી રહિત છે અને ત્રિકાળી ચિત્શક્તિ પણ તે મતિ-શ્રુતજ્ઞાનથી રહિત છે. છતાં તે ચિત્શક્તિનું વર્તમાન પ્રત્યક્ષ જ્ઞાન દ્વારા અવગાહન કરીને અર્થાત્ ત્રિકાળી ચિત્શક્તિમાં પ્રવેશ કરીને ... એમ કહે છે. અહા ! આ મૂળ સ્વભાવ એવો છે કે માણસને સમજવો જ પહેલો કઠણ પડે. જેમાં જ્ઞાનના મતિ-શ્રુત-કેવળજ્ઞાન આદિ પાંચ પર્યાય પણ નથી, કેવળદર્શન પણ નથી, ક્ષાયિક સમકિત પણ નથી તથા જેમાં ગતિ આદિ કાંઈ નથી એવું જે આવડું મોટું તત્ત્વ છે તે છે ક્યાં ? એમ તેને થાય છે.

અહીં કહે છે કે સંયમના ભેદો - છઠ્ઠા ને સાતમા ગુણસ્થાને જે ચારિત્રના ભેદો છે તે અથવા તો સામાયિક, છેદોપસ્થાપના, પરિહારવિશુદ્ધિ, સૂક્ષ્મસાંપરાય ને યથાખ્યાત એવા જે ચારિત્રના પાંચ ભેદો છે તે તથા અસંયમ ને સંયમાસંયમ - આ બધાં ભેદો

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ચિત્શક્તિથી રહિત છે તેમ જ ચિત્શક્તિમાં પણ તે ભેદો નથી. તેવી રીતે ભવ્યત્વના ભેદો - ભવિ ને અભવિનો પર્યાય - ચિત્શક્તિથી રહિત છે. એટલે કે ભવિ-અભવિના પર્યાયમાં ચિત્શક્તિ નથી અને ચિત્શક્તિમાં ભવિ-અભવિનો પર્યાય નથી. અહા ! મુનિરાજે એકલો ભંડાર ખોલ્યો છે. પર્યાયમાં એકતાબુદ્ધિથી દ્રવ્યને જે તાળું માર્યું છે તે હવે પર્યાયમાં એકતાબુદ્ધિ છોડીને (-તાળું ખોલીને) અંતર અવગાહન કર એમ કહે છે.

હવે કહે છે કે **'આત્મા સમસ્ત વિશ્વના ઉપર પ્રવર્તતા એવા આ કેવળ (એક) અવિનાશી આત્માને'** એટલે કે આત્મા સમસ્ત વિશ્વના ઉપર તરતો દેખાય છે એમ કહે છે. જોકે તે દેખાય છે તો પર્યાયમાં, છતાં પણ એ ભેદોથી તદ્દન જુદો છે - તદ્દન જુદો છે એમ દેખાય છે. જુઓ, **'સમસ્ત વિશ્વના ઉપર'** એમ કહેતાં સમસ્ત વિશ્વ છે અર્થાત્ જે આ અનેક પ્રકારના ભેદ છે તેને પણ વિશ્વ કહેવામાં આવે છે. ચૌદ માર્ગણાસ્થાન, ચૌદ જીવસ્થાન, યોનિ, કુળ, જાતિ, શોક, રોગ વગેરે બધાં ભેદો કહ્યાં ને ? તો, તે બધું વિશ્વ છે અને તે અનેકરૂપ છે. તે અનેકરૂપ વિશ્વના ઉપર પ્રવર્તતા અર્થાત્ તેનાથી જુદા પ્રવર્તતા **'એવા આ કેવળ (એક) અવિનાશી આત્માને આત્મામાં'** - નિર્મળ પર્યાયમાં - **'સાક્ષાત્ અનુભવો'** - પ્રત્યક્ષ કરો એમ કહે છે. મતલબ કે જ્ઞાનમાં ત્રિકાળી સ્વભાવને ધ્યેય બનાવીને તેને પ્રત્યક્ષ કરો. ભારે વાત ભાઈ !

'વિશ્વના ઉપર પ્રવર્તતા' એટલે ?

કે આત્મા ભેદથી જુદો રહે છે. વિશ્વમાં એટલે કે પર્યાયના ભેદોમાં એ આવતો નથી એમ કહે છે.

જૈનધર્મ આવો છે ?

(હા) ભગવાન ! સાંભળને બાપુ ! અહીં તો કહે છે કે વ્યવહારના ઝઘડામાં તું ક્યાં પડ્યો ? કેમ કે ભગવાન આત્મા કે જે પૂર્ણ બ્રહ્મસ્વરૂપ છે તે તો આ ભેદોમાં આવતો નથી એટલે કે આ ભેદો ચિત્શક્તિથી રહિત છે. અને તેથી તો **'કેવળ'** શબ્દ વાપર્યો છે ને ? કે **'આ કેવળ (એક) અવિનાશી આત્માને આત્મામાં'** નિર્મળ પર્યાય દ્વારા **'સાક્ષાત્ અનુભવો.'** મતલબ કે આત્માના આનંદનું વેદન કરો અને તો ખબર પડશે કે આ આત્મા પૂર્ણ શુદ્ધરૂપ ધ્રુવ છે. અહા ! આ તત્ત્વ સુધી પહોંચી શકે નહીં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એટલે પછી આ ભારે મોંઘુ છે એમ અજ્ઞાની કહે છે. કોઈ વળી એમ પણ કહે છે કે તમે કહો છો તો ખરું, પણ તે પમાય કઈ રીતે ? તેનું સાધન શું ? તમે બધી વાત નિશ્ચયની કરો છો, પણ તેનું સાધન શું ? ભાઈ ! સ્વભાવની દૃષ્ટિ કરવી એ તેનું સાધન છે અને તે સાધન પણ અંદરમાં જ પડ્યું છે. જે બહારનું સાધન (-શુભભાવ) છે તેમાં તો ચિત્શક્તિ નથી અને બહારના સાધનનો ભાવ ચિત્શક્તિમાં નથી. તો હવે તારે શું (બીજું કયું) સાધન કરવું છે ?

અહા ! અહીં તો દ્રવ્યમાં સાધન છે એમ કહે છે, જ્યારે સમયસારની ૧૬મી ગાથામાં સાધકપર્યાયને સાધન કહ્યું છે. અર્થાત્ અનુભવ કરવો તે મોક્ષનો માર્ગ છે. તો, એ મોક્ષનો માર્ગ કોનું સાધન છે ? મોક્ષનું. શ્રી સમયસારજીની ૧૬મી ગાથામાં આમ આવ્યું છે કે નહીં ? મોક્ષનું સાધન તેનો નિર્મળ પર્યાય છે અને આવું સાધન-સાધ્ય ત્યાં (૧૬મી ગાથામાં) કહ્યું છે. ત્યાં તો બીજી વાત પણ કરી નથી કે વ્યવહાર સાધન ને હેતુ છે.

વ્યવહાર નિયતનો હેતુ છે ને ?

ભાઈ ! સત્, સત્‌ના પર્યાયનો હેતુ હોય. અર્થાત્ સત્‌નું કારણ સત્ જ હોય. આ રાગ તો અસત્ છે, માટે તે સત્‌નું કારણ કેમ હોય ? એટલે તો અહીં કહે છે કે અવિનાશી ભગવાન આત્માને આત્મામાં સાક્ષાત્ અનુભવો. સમયસારમાં પણ આવે છે ને ? કે આત્માને જ સેવવો. તેનો અર્થ એ થયો કે મેચકપણું-અમેચકપણું - એ બેય પર્યાયના ભેદ છે તેને લક્ષમાંથી છોડવા. પર્યાયમાં દર્શન, જ્ઞાન, ચારિત્ર એવા ત્રણ પ્રકાર પાડવા એ મેચકપણું છે અને પર્યાય એકરૂપને જોવી એ અમેચકપણું છે. પર્યાયને એકરૂપ જોવી હો. તો, પર્યાયના ત્રણપણાને નહીં, પરંતુ પર્યાયની એકતાને - પર્યાયપણાને એકરૂપના - ત્યાં શુદ્ધ દ્રવ્યાર્થિકનયનું શુદ્ધ દ્રવ્ય કહ્યું છે અને પર્યાયના ત્રણપણાને વ્યવહાર કહ્યો છે. - આ રીતે એક પર્યાયના બે ભાવ : (૧) શુદ્ધ પરિણમનનું એકરૂપ તે નિશ્ચય અને (૨) તેના ત્રણરૂપ (-ત્રણ ભેદ) તે વ્યવહાર. તેના પછી ભાઈ ! (૧૯મો) શ્લોક આવ્યો ને ? કે મેચક-અમેચકથી અલમ્. એનો અર્થ એ છે કે એકરૂપ આત્માનું સેવન કરો, આત્માને સેવો. આ ભગવાન આત્મા પૂર્ણ આત્મા છે. બસ, તેની ઉપર દૃષ્ટિ કરી તેને અનુભવો. તેવી રીતે અહીં (નિયમસારમાં) એકલા (-એકરૂપ) આત્માની વાત છે. અર્થ ભારે ઊંડા ભાઈ !

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## આધારના શ્લોક ઉપરનું પ્રવચન

અહો ! પુદ્‌ગલના ભેદો અનુભૂતિથી ભિન્ન છે એમ ત્યાં (-સમયસારમાં) લીધું છે ને ? અર્થાત્ આત્માની અનુભૂતિ થઈ તો જ્ઞાની અનુભૂતિથી સહિત છે અને આ ભેદોથી ભિન્ન છે. તો, કહે છે કે **'ચૈતન્યશક્તિથી વ્યાપ્ત જેનો સર્વસ્વ-સાર છે એવો આ જીવ એટલો જ માત્ર છે'**. જીવ એકલો ચૈતન્યશક્તિમાત્ર છે. જુઓ, વસ્તુનું એકપણું કહીને પર્યાયમાત્રને - વ્યવહારના જીવને - કાઢી નાખ્યો છે. જે એકલા જ્ઞાયકભાવથી, ચૈતન્યભાવથી, ધ્રુવભાવથી, શુદ્ધભાવથી વ્યાપ્ત છે એટલે કે તેનાથી પ્રસરેલો ને રહેલો છે તે, પોતાનો સાર છે, પોતાનું સર્વસ્વ છે.

ચૈતન્યશક્તિથી વ્યાપ્ત = એક સમયના પર્યાય વિનાનો ચૈતન્યશક્તિમય ધ્રુવ જ્ઞાયકભાવ. સર્વસ્વ-સાર = સર્વ+સ્વ+સાર = બધો પોતાનો સાર. અર્થાત્ ચૈતન્યશક્તિ એ જ બધું પોતાનું (-સર્વસ્વ) છે, પોતાનો સાર છે. તો, **'ચૈતન્યશક્તિથી વ્યાપ્ત જેનો સર્વસ્વ-સાર છે'** - પોતાનો સાર તે ચૈતન્યશક્તિમાત્ર છે અને **'એવો આ જીવ'** - પર્યાયના ભેદભાવરૂપ જીવ છે તે નહીં, પરંતુ ચૈતન્યભાવના સ્વભાવરૂપ આ જીવ **'એટલો જ માત્ર છે'**. ભાષા જુઓ ! કે પાછું **'એટલો જ'** એમ કહ્યું છે. इयान् = એટલો અને 'જ' તો ઉપરથી લખ્યું છે. પણ એનો અર્થ તો એ જ થયો ને ? અહીંયા એકલી (-ત્રિકાળી) વસ્તુની જ સિદ્ધિ કરવી છે ને ? માટે 'જ' શબ્દ બરાબર છે. અને એ તો 'જેનો સર્વસ્વ-સાર છે એવો આ જીવ' - એમ કહ્યું એટલે તેમાં એ વાત આવી ગઈ ને ? કે બસ, એ પોતે એટલો જ છે.

અહા ! ચૈતન્યશક્તિથી પ્રસરેલ જેનું સર્વસ્વ છે એવો આ જીવ અર્થાત્ ચૈતન્યશક્તિ એ જ જીવ છે. પોતાનું સર્વસ્વ ચૈતન્યશક્તિ જ છે અને તે **'એટલો જ માત્ર છે.'** - જીવ એટલો જ છે, તેને જ જીવ કહીએ. ૩૮મી ગાથામાં 'ખરેખર આત્મા' કહ્યો છે ને ? 'ખરેખર આત્મા' તો એ જ છે કે જે પારિણામિકભાવના સ્વભાવસ્વરૂપ છે, ચિત્શક્તિરૂપ છે, ધ્રુવસ્વરૂપ છે ને કારણપરમાત્મરૂપ છે. તે જ ખરેખર જીવ છે અને ખરેખર આત્મા છે.

આત્માના વળી પાછા બે ભેદ ?

(હા.) એક ખરેખર આત્મા અને બીજો વ્યવહાર આત્મા.

વ્યવહાર આત્મા એટલે ?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કે પર્યાય. ત્રિકાળી દ્રવ્યની અપેક્ષાએ પર્યાય જૂઠો છે, છતાં તેની અપેક્ષાએ પર્યાય સત્ છે. એ વાત તો અહીં ચાલે છે કે વ્યવહાર, વ્યવહારની અપેક્ષાએ સત્ છે. વ્યવહાર, વ્યવહારની અપેક્ષાએ કાંઈ વસ્તુ જ નથી એમ નથી. અહા ! જૈનદર્શનનો નયવિચાર (-નયજ્ઞાન) ઘણો ગંભીર છે. એક જગ્યાએ તેને ઈંદ્રજાળ જેવો કહ્યો છે ને ? કે હે ભગવાન ! તમારા નય તો ઈંદ્રજાળ જેવા છે. (નિયમસાર શ્લોક - ૧૧૯)

અહીં કહે છે કે **'આ ચિત્શક્તિથી શૂન્ય જે આ ભાવો છે'....** દયા, દાન, વ્રત, ભક્તિ ને પૂજાના જે વિકલ્પો છે તે બધાં ચૈતન્યશક્તિથી શૂન્ય-ખાલી છે. બાપુ ! સર્વજ્ઞ તીર્થંકરનો જે વીતરાગ માર્ગ છે તે સમજવો ઘણો જ દુર્લભ છે. તે ઘણી જ દુર્લભ વસ્તુ છે, છતાં અલભ્ય નથી - અશક્ય નથી. તો, કહે છે કે એ જે વ્રતનો ને ઉપવાસાદિનો વિકલ્પ છે તે ચૈતન્યશક્તિથી ખાલી છે. અને એવા **'જે આ ભાવો છે તે બધાય પૌદ્‌ગલિક છે.'** જેમાં ચૈતન્યની જ્ઞાનશક્તિનું સત્ત્વ નથી એવા બધાં રાગાદિ - દયા, દાન, વ્રતાદિના બધાં પરિણામ - પૌદ્‌ગલિક છે.

**પ્રશ્ન:-** કોઈએ દશ લાખ રૂપિયાનું મંદિર કરાવ્યું હોય ને હવે તેને એમ કહીએ કે તે આ કર્યું નથી હો તેમ જ તારો જે ભાવ હતો તે પણ પુદ્‌ગલનો છે, તો જેણે બિચારાએ પૈસા આપ્યાં હોય તેનું પાણી ઉતરી જાય !

**સમાધાન:-** બાપા ! માર્ગ તો આવો છે હો. તેના સ્થાને એ મંદિર વગેરે હો તથા ભક્તિ આદિના વિકલ્પનો કાળ હોય તો તે પણ તેના સ્થાને હો, છતાં પણ તે વિકલ્પ ચૈતન્યશક્તિથી શૂન્ય છે.

તો પછી મંદિર કરવું શું કરવા ? (શા માટે મંદિર બંધાવવું ?)

મંદિર કરે કોણ ? એ તો એવો વિકલ્પ આવે, છતાં એ વ્યવહારભાવને તો, લ્યો, અહીં અચેતન કહી દીધો છે. તો હવે એ અચેતનથી શું ચેતનને લાભ થાય ? (ના.) અને તો પછી ભગવાનની મૂર્તિથી લાભ ક્યાંથી જ થાય ? કેમ કે જ્યાં રાગને પણ અચેતન કહ્યો ત્યાં મૂર્તિ તો બાહ્ય સ્થૂળ અચેતન છે જ.

મૂર્તિથી લાભ ન થાય તો આ બધી પ્રતિમાઓ શું કરવા સ્થાપી ?

ભાઈ ! કોઈ પણ જીવ પ્રતિમાને સ્થાપી શકે નહીં. એ તો પરમાણુનો એવો થવાનો કાળ હોય ત્યારે તે-રૂપે પરમાણુ થાય છે અને ત્યારે જીવનો ભાવ શુભ હોય છે. બસ, એટલી વાત છે. છતાં તે કાંઈ ધર્મનું રૂપ નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ધર્મનું સાધન તો છે ને ?

ધર્મનું સાધન પણ નથી.

તેનાથી ધર્મની પ્રભાવના તો થાય છે ને ?

ધર્મની પ્રભાવના આત્મામાં થાય કે બહાર થાય ?

**પ્રશ્ન:-** પરંતુ એ તો (-આત્મામાં ધર્મની પ્રભાવના થાય એ તો) નિશ્ચયની વાત કરી, પણ વ્યવહારે તો ... (બહારમાં ધર્મની પ્રભાવના થાય છે ને ?)

**સમાધાન:-** વ્યવહારે પ્રભાવના કહેવાય. પણ તે ક્યો વ્યવહાર ? (કઈ વ્યવહાર પ્રભાવના ?) અંદર શુભ વિકલ્પ આવે તે વ્યવહાર પ્રભાવના છે. બાકી બહારમાં - પરદ્રવ્યમાં - કાંઈ થાય તેમાં જીવને શું છે ? (કાંઈ નહીં). અહા ! જે શુભ વિકલ્પ આવે છે તે પણ અચેતન છે. કેમ કે તે ચૈતન્યશક્તિથી શૂન્ય છે. તેને તમારે વ્યવહાર પ્રભાવના - ધર્મનો વૈભવ - કહેવો હોય તો કહો. બસ, એટલી હદ છે. આકરો માર્ગ છે ભાઈ !

**પ્રશ્ન:-** આવા પુસ્તકો બનાવવા, આવું વાંચન કરવું વગેરે જે આ બધાં ભાવો છે તે કેવા છે ?

**સમાધાન:-** અરે પ્રભુ ! એ બધા ભાવ તેના સ્થાને હો, પણ એ બધાંય ભાવો ચૈતન્યસ્વભાવી ભગવાન આત્માથી તો ખાલી છે હો. તથા ભાઈ ! તે બધાં ભાવો ચૈતન્યસ્વભાવનો શુદ્ધપર્યાય પ્રગટ કરવામાં મદદ કરે છે અર્થાત્ આ અચેતન ભાવો ધર્મપર્યાય પ્રગટ કરવામાં મદદ કરે છે એમ નથી.

**પ્રશ્ન:-** પરંતુ ઘણે ઠેકાણે કહ્યું છે ને ? કે શુભભાવ વ્યવહાર છે, નિમિત્ત છે, હેતુ છે ને કારણ છે. - આમ નથી કહ્યું ? 'પંચાસ્તિકાય'માં (ગાથા-૧૭૨માં) પણ (વ્યવહારથી) शनैः शनैः - હળવે, હળવે લાભ થાય છે એમ નથી લખ્યું ?

**સમાધાન:-** ભાઈ ! (એ તો ઉપચારના કથનો છે.) અને કોણ લખે ? એ તો એ વખતે એવો વિકલ્પ હોય અને એ જાતનું લખાણ થઈ જાય. અહા ! ગજબ વાત છે ! જૈનદર્શન એટલે મહા પરમાત્મસ્વરૂપ (-વસ્તુસ્વરૂપ). તેથી તેને ઓળખવું એટલે કે જૈનદર્શનને ઓળખવું મુશ્કેલ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અહીં કહે છે કે **'ચિત્શક્તિથી શૂન્ય જે આ ભાવો છે'......** આ ભાવો એટલે ત્યાં સમયસારની ૫૦ થી ૫૫ ગાથામાં ૨૯ બોલ કહ્યાં છે તે અને તેના પેટા ભેદ તો ઘણા છે. તેવી રીતે અહીં નિયમસારમાં પણ ૪૯ ભેદ છે હો. (અહીંયા ગાથા ૩૯ થી ૪૫ સુધીમાં) જે બધાં ભેદો કહ્યાં છે તે ૪૯ છે. ગાથા ૪૬ના અરસ, અરૂપ, અગંધ વગેરે ભેદો નથી ગણ્યા. (કેમ કે વર્ણ, રસ, ગંધ વગેરે ભેદો ગાથા ૪૫માં આવી ગયા છે ને ?)

| | | |
|---|---|---|
| (ગાથા ૩૯માં -૪- ભેદ | : | સ્વભાવસ્થાન, માનાપમાનભાવનાં સ્થાન, હર્ષભાવનાં સ્થાન અને અહર્ષનાં સ્થાન |
| ગાથા ૪૦માં -૫- ભેદ | : | સ્થિતિબંધસ્થાન, પ્રકૃતિસ્થાન, પ્રદેશસ્થાન, અનુભાગસ્થાન અને ઉદયસ્થાન. |
| ગાથા ૪૧માં -૪- ભેદ | : | ક્ષાયિકભાવનાં સ્થાન, ક્ષયોપશમસ્વભાવનાં સ્થાન, ઔદયિકભાવનાં સ્થાન અને ઉપશમસ્વભાવનાં સ્થાન. |
| ગાથા ૪૨માં -૧૦- ભેદ | : | ચાર ગતિના ભવોમાં પરિભ્રમણ, જાતિ, જરા, મરણ, રોગ, શોક, કુળ, યોનિ, જીવસ્થાન અને માર્ગણાસ્થાન. |
| ગાથા ૪૩માં -૯- ભેદ | : | નિર્દંડ, નિર્દ્વંદ્વ, નિર્મમ, નિઃશરીર, નિરાલંબ, નીરાગ, નિર્દોષ, નિર્મૂઢ અને નિર્ભય. |
| ગાથા ૪૪માં -૮- ભેદ | : | નિર્ગ્રંથ, નીરાગ, નિઃશલ્ય, સર્વદોષવિમુક્ત, નિષ્કામ, નિઃક્રોધ, નિર્માન અને નિર્મદ. |
| ગાથા ૪૫માં -૯- ભેદ | : | વર્ણ, રસ, ગંધ, સ્પર્શ, સ્ત્રીપર્યાય, પુરુષપર્યાય, નપુંસકપર્યાય, સંસ્થાન અને સંહનન.) |

કહે છે કે જે ચૈતન્યશક્તિથી ભરેલો પ્રભુ ભગવાન આત્મા છે - જે ચૈતન્યના સ્વભાવથી છલોછલ ભરેલ પૂર્ણ તત્ત્વ છે - તે ખરેખર આત્મા છે અને તેનો આશ્રય કરતાં ધર્મ થાય છે. રાગરૂપ-ભેદરૂપ જે આવા બધાં ભેદો છે તે પૌદ્‌ગલિક છે અને તેનો આશ્રય કરતાં તો રાગ ને વિકલ્પ ઊઠે છે. એટલે કે એ રાગાદિ ભેદો પોતે પણ પુદ્‌ગલ છે અને તેના આશ્રયે પણ પુદ્‌ગલ જ ઉત્પન્ન થાય છે એમ કહે છે. અહા ! શુભાદિભાવથી તો — તેના ફળ તરીકે તો — પરમાણુ જ બંધાય છે ને પરમાણુ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



બંધાય તે પુદ્ગલ જ બંધાય છે. જોકે એ પોતે પુદ્ગલ પોતાના કારણે જ બંધાય છે, (છતાં તેમાં રાગ નિમિત્ત છે). હવે પુદ્ગલકર્મના બંધના કારણે જે પુદ્ગલરૂપ ધૂળાદિનો સંયોગ મળે તે બધુંય પણ પુદ્ગલ છે. આમ તે બધોય પુદ્ગલનો હારડો છે. (રાગ, કર્મબંધ ને સંયોગ — બધુંય પુદ્ગલ છે.)

**પ્રશ્ન:-** દાન ન કરીએ તોય ઠપકો ને દાન કરીએ તોપણ ઠપકો ?

**સમાધાન:-** દાન કોણ કરે છે ? (કરી શકે છે ?) આ તો તેને જે ભાવ હોય તેનું શું સ્વરૂપ છે તે વાત ચાલે છે. તો, કહે છે કે પૈસા આદિ રાખવાનો ભાવ પાપરૂપ અચેતન - જડ છે અને ધર્મમાં પૈસા વાપરવાના ભાવમાં રાગની મંદતા છે તે પુણ્યરૂપ અચેતન - જડ છે. કેમ કે તેમને અહીંયા પૌદ્ગલિક કહ્યા છે ને ?

લ્યો, સમયસારના એ બે શ્લોક તો આધારરૂપે આપ્યાં. હવે મુનિરાજ પોતે બે શ્લોક કહે છે :

## શ્લોક - ૬૦ ઉપરનું પ્રવચન

**'સતતપણે અખંડ જ્ઞાનની સદ્ભાવનાવાળો આત્મા'** - જેને નિરંતર શુદ્ધ અખંડ ધ્રુવ જ્ઞાનસ્વભાવની સાચી ભાવના વર્તે છે....

ભાવના એટલે શું ?

એકાગ્રતા.

તે દ્રવ્ય છે કે ગુણ ?

તે પર્યાય છે અને અખંડ જ્ઞાન એ ત્રિકાળી દ્રવ્ય-વસ્તુ છે. અને કહે છે કે **સતતપણે** — નિરંતર જેની દૃષ્ટિમાં અખંડ જ્ઞાન વર્તે છે તે **સદ્ભાવનાવાળો** - સાચી ભાવનાવાળો એટલે કે સ્વરૂપમાં એકાગ્ર થનારો **આત્મા**... લ્યો કહો, ભાવના એટલે શું આવ્યું ? (ભાવનાનો અર્થ શું થયો ?) - પર્યાય કે દ્રવ્ય ? પર્યાય. અહા ! કામ તો પર્યાયમાં થાય છે ને ? દ્રવ્યમાં કાંઈ કાર્ય-પર્યાય નથી. કેમ કે દ્રવ્ય તો છે તે છે. જોકે દૃષ્ટિ તો દ્રવ્યની હોય છે, પણ કામ થાય છે શેમાં ? પર્યાયમાં. દ્રવ્યનો આશ્રય લઈને પર્યાય કામ કરે છે. અખંડ જ્ઞાન એકરૂપ છે એવી જે ભાવના નામ એકાગ્રતા છે તેમાં 'આ અખંડ જ્ઞાન એકરૂપ છે' તેવું ભાન થાય છે, પણ શું અખંડ જ્ઞાનમાં અખંડ જ્ઞાનનું જ્ઞાન કે ભાન થાય છે ? (ના.)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અહીં કહે છે કે અખંડ જ્ઞાન = ખંડ વિનાનું — ભેદ વિનાનું — પર્યાય વિનાનું - એવું ત્રિકાળ એકરૂપ જ્ઞાન = ત્રિકાળી જ્ઞાનસ્વભાવ. અને તેની સદ્‌ભાવનાવાળો આત્મા = સાચી ભાવનાવાળો આત્મા = જ્ઞાનસ્વભાવમાં એકાગ્ર થનારો આત્મા. કૌંસમાં ખુલાસો કર્યો છે કે **"(અર્થાત્ 'હું અખંડ જ્ઞાન છું' એવી સાચી ભાવના)...."** અહો ! આ વસ્તુ છે મતલબ કે જીવને કરવા યોગ્ય હોય તો આ છે. **"('હું અખંડ જ્ઞાન છું' એવી સાચી ભાવના જેને નિરંતર વર્તે છે તે આત્મા)"** - વસ્તુનો જે ત્રિકાળી સ્વભાવ છે, જે ધ્રુવસ્વભાવ છે, જે અખંડ-અભેદ-એકરૂપ સ્વભાવ છે તેની નિરંતર ભાવનાવાળો આત્મા અર્થાત્ ધ્રુવની નિરંતર એકાગ્રતાવાળો આત્મા .... જોયું ? એ ભાવના નિરંતર વર્તે છે એમ કહે છે. એનો અર્થ એમ છે કે દ્રવ્યસ્વભાવ - જ્ઞાયકભાવ - નિરંતર દૃષ્ટિમાં વર્તે છે.

અહા ! તે આત્મા **'સંસારના ઘોર વિકલ્પને પામતો નથી.'** શુભ-અશુભભાવનો વિકલ્પ છે તે ઘોર સંસારનું મૂળ છે અને એવા વિકલ્પમાં એકપણાને (-ઘોર સંસારનું મૂળ એવો જે શુભ-અશુભભાવનો વિકલ્પ છે તેમાં એકપણાને) આત્માના ત્રિકાળી અખંડ ભાવની ભાવનાવાળો પામતો નથી.

**પ્રશ્ન:-** અહીં (-આ શ્લોકમાં) 'વિકલ્પમાં એકપણાને પામતો નથી' - એમ નથી કહ્યું, પરંતુ 'વિકલ્પને પામતો નથી' એમ કહ્યું છે ?

**સમાધાન:-** 'વિકલ્પને પામતો નથી' તેનો અર્થ જ એ છે કે 'વિકલ્પમાં એકપણાને પામતો નથી.' કેમ કે સંપૂર્ણપણે વિકલ્પને પામે નહીં એવી દશા તો પૂર્ણ વીતરાગ થાય ત્યારે થાય છે. જ્યારે અહીં તો સાચી ભાવનાવાળો વિકલ્પ હોવા છતાં તેમાં એકત્વને પામતો નથી એમ કહેવું છે. મતલબ કે અખંડ જ્ઞાનમાં એકત્વ છે તો તે જીવ વિકલ્પમાં એકત્વને પામતો નથી. એટલે કે અહીં તો ચોથા ગુણસ્થાનથી વાત છે. અહા ! સર્વથા વિકલ્પ ન હોય એવી દશા તો આગળ (૧૧, ૧૨ આદિ ગુણસ્થાને) જાય ત્યારે હોય છે, પરંતુ અહીં તો નીચલી દશામાં (ચોથા આદિ ગુણસ્થાને) પણ નિરંતર દ્રવ્યસ્વભાવની એકાગ્રતા વર્તે છે એમ કહે છે. આવા અંતરની એકાગ્રતાવાળા — ભાવનાવાળા — આત્માને અર્થાત્ ત્રિકાળી ભાવની એકાગ્રતાવાળા આત્માને વિકલ્પની એકાગ્રતા થતી નથી. કેમ કે એ રાગ (-વિકલ્પ) ઘોર સંસારનું મૂળ છે.

કહે છે કે સાચી ભાવનાવાળો **'સંસારના ઘોર વિકલ્પને પામતો નથી.'**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ઘોર=આકરો, વિકલ્પ=મહા મિથ્યાત્વભાવ કે રાગની એકતા અને તેને સાચી ભાવનાવાળો પામતો નથી. અહા ! અજ્ઞાની રાડ નાખે છે કે આ વિકલ્પ છે તે - પુણ્યના પરિણામ પણ - ઘોર સંસારનું મૂળ ? ભાઈ ! સુકૃત કે દુષ્કૃત - બન્ને દુષ્કૃત છે. એ વાત તો પહેલાં આવી ગઈ છે ને ? (કે 'સઘળુંય સુકૃત ભોગીઓના ભોગનું મૂળ છે.' - શ્લોક ૫૯) અહા ! ગાથા દીઠ શૈલી તો જુઓ ! શુભ અને અશુભ — બન્ને વિકલ્પ રાગની વૃત્તિનું ઉત્થાન છે અને તે વૃત્તિનું ઉત્થાન સ્વભાવના દૃષ્ટિવંતને હોતું નથી એમ કહે છે. કારણ કે સ્વભાવના દૃષ્ટિવંતની અંતર એકાગ્રતામાં તે વિકલ્પ હોતા નથી. માટે તેને વિકલ્પ નથી, તેનામાં વિકલ્પ નથી અને તેથી તે ઘોર સંસારને પામતો નથી.

આવો પાધરો માર્ગ ? (પ્રથમથી જ આવો માર્ગ ?)

(હા.) પાધરો કે સીધો (-શરૂઆતથી) આ જ મારગ છે. અહા ! અભેદ, એકરૂપ ને સચ્ચિદાનંદસ્વરૂપ વસ્તુ અખંડ પદાર્થ છે. તેની જ્યાં સતત-નિરંતર અંતર્મુખ એકાગ્રતા છે ત્યાં તે જીવને ઘોર સંસારના મૂળરૂપ વિકલ્પ થતો નથી. અર્થાત્ એ જીવ વિકલ્પને પામતો નથી. **'પરંતુ નિર્વિકલ્પ સમાધિને પ્રાપ્ત કરતો થકો'**.... આત્મામાં રાગ રહિત વીતરાગી શાંતિ અને સ્વભાવની એકાગ્રતાને પામતો થકો આત્માને પામે છે. આવો મારગ ભાઈ ! બહુ આકરો છે.

અહા ! નિર્વિકલ્પ સમાધિ એટલે શાંતિ. જ્યારે રાગ તો અશાંતિ છે. ચાહે તો શુભરાગ હો કે અશુભરાગ હો - તે અશાંતિ, આકુળતા છે. અહીં કહે છે કે આ નિર્વિકલ્પસ્વભાવ આનંદસ્વરૂપ છે અને તેમાં જે એકાગ્રતા કરે છે એ તો સમાધિને પ્રાપ્ત થાય છે. એટલે કે વીતરાગભાવને, શાંતિને અને સમાધાનને પ્રાપ્ત થાય છે. વીતરાગભાવને પ્રાપ્ત કરતો થકો તે **'પરપરિણતિથી દૂર'** ... લ્યો, આ આવ્યું કે જ્ઞાની રાગાદિ પરિણતિથી તો દૂર વર્તે છે. શુભભાવનો વિકલ્પ પણ પરપરિણતિ - વિકારભાવ - છે હો. અહા ! જેની દૃષ્ટિમાં નિરંતર અખંડ જ્ઞાન વર્તે છે એવો સ્વભાવની ભાવનાવાળો પરપરિણતિથી દૂર છે, પણ પોતાના સ્વભાવની એકાગ્રતારૂપ શુદ્ધ પરિણતિથી પ્રાપ્ત (-સહિત) છે. મતલબ કે શુદ્ધ પરિણતિને પ્રાપ્ત છે ને પરપરિણતિથી દૂર છે. આવો ભારે (-મહાન) મારગ છે ભાઈ ! પણ સાધારણ સમાજને તે બેસે નહીં એટલે પછી (બીજી રીતે માને છે.) પરંતુ મારગ તો આ છે અને તે એવો જ હોય ને ?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અહા ! આખી-મોટી વસ્તુ પડી છે. નિજસ્વરૂપ એવો ચૈતન્યભગવાન પરમાત્મા મહાસ્વરૂપે બિરાજમાન છે. તો, તેની સમ્યગ્દર્શન સહિત અંતરમાં એકાગ્રતા જેને નિરંતર હોય તે ઘોર સંસારના મૂળ એવા વિકલ્પને પામતો નથી, પણ નિર્વિકલ્પ સમાધિને પામે છે એમ કહે છે. હવે વિશેષ સ્પષ્ટ કરતાં કહે છે કે તે **'પરપરિણતિથી દૂર'** છે. પરપરિણતિ નામ રાગાદિ ભાવ. તે પરપરિણતિથી, જેને સ્વભાવની એકાગ્રતા થઈ છે તે દૂર વર્તે છે. મતલબ કે તેને સ્વભાવમાં એકાગ્રતા છે એટલે રાગની પરિણતિથી દૂર વર્તે છે. અને તે **'અનુપમ'** - જેને કોઈ ઉપમા આપી શકાતી નથી એવા **'અનઘ ચિન્માત્રને પામે છે'.** રાગની પરિણતિથી - પર્યાયથી - દૂર વર્તતો થકો ને સ્વભાવની સમીપમાં રહેતો થકો સ્વભાવની એકાગ્રતાવાળો એટલે કે ભાવનાવાળો જીવ એકલા જ્ઞાનમાત્ર ભાવને પામે છે. નીચે ફૂટનોટમાં છે કે **'અનઘ = દોષ રહિત; નિષ્પાપ; મળ રહિત.'** - એ બન્ને પુણ્ય ને પાપના ભાવ મળ છે અને તેનાથી રહિત ચિન્માત્રને (જ્ઞાની)પામે છે.

અહા ! અનઘ = પુણ્ય-પાપના અઘથી રહિત; પુણ્ય-પાપરૂપી પાપના સમૂહથી રહિત અને ચિન્માત્ર = એકલો જ્ઞાનભાવ; એકલો જ્ઞાનસ્વભાવ; એકલો જ્ઞાયકમાત્ર આત્મા. તો કહે છે કે પુણ્ય-પાપરૂપી પાપના સમૂહથી રહિત એકલા જ્ઞાયકમાત્ર આત્માને અર્થાત્ તેની પરિણતિને (જ્ઞાની) પામે છે. ભાઈ ! આવી ભારે વાત છે ! લ્યો, આ મારગ છે. અહા ! ટૂંકામાં બહુ કહ્યું હો. જુઓ, એક કળશમાં તો કેટલું સમાવી દીધું છે. ઓહો ! મુનિઓની કથની અલૌકિક છે.

લ્યો, અનેકાંત આને કહીએ કે જે પરપરિણતિથી દૂર છે ને સ્વભાવની એકાગ્રતાની સમીપમાં છે તે વિકલ્પને પામતો નથી, પરંતુ નિર્વિકલ્પ સમાધિને પામે છે. અને પછી તે એક ચિન્માત્ર આત્માને પામશે, પણ રાગને પામશે કે સ્વર્ગને પામશે એમ છે નહીં. અહા ! આ તેનું આચરણ છે અર્થાત્ ત્રિકાળી સ્વભાવમાં અંતર્મુખ એકાગ્રતા કરવી તે આત્માનું આચરણ છે તથા તે આચરણ સમાધિસ્વરૂપ છે. આ આચરણથી તેને એકલું જ્ઞાન પ્રાપ્ત થઈ જશે અને તેથી રાગનો વિકલ્પ પણ રહેશે નહીં. ભારે કામ ભાઈ ! અહા ! પ્રભુ આત્મા એકલા અનાકુળ શાંતિની મૂર્તિ છે. તો, તેમાં એકાગ્ર ને રાગની પરિણતિથી - વ્યવહારના વિકલ્પથી પણ - દૂર એવો જીવ (-જ્ઞાની), શાંતિ ને સમાધિને પ્રાપ્ત થયો થકો, એકલો જ્ઞાનમાત્ર રહી જશે અર્થાત્ જ્ઞાનમાત્ર ચૈતન્યને પામશે એમ કહે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## શ્લોક - ૬૧ ઉપરનું પ્રવચન

જુઓ 'इत्थं बुद्धोपदेशं' અર્થાત્ જ્ઞાનીઓનો આ ઉપદેશ છે એમ કહે છે.

**'ભક્તિથી નમેલા દેવેંદ્રો મુગટની સુંદર રત્નમાળા વડે....'** અહીં આમ કહીને શું કહેવા માગે છે ? કે આવો ઉપદેશ કરનારા ભગવાન છે અને તેમનો ઉપદેશ આ છે. એટલે કે સર્વજ્ઞ ભગવાન તીર્થંકર પરમાત્માએ આ ઉપદેશ કર્યો છે એમ કહે છે. તે ભગવાન કેવા છે ? કે **'ભક્તિથી નમેલા દેવેંદ્રો'** - દેવના ઇન્દ્રો કે જેમના મુગટમાં રત્નની માળાઓ ને રત્નના હાર હોય છે તે એવા **'મુગટની સુંદર રત્નમાળા વડે જેમનાં ચરણોને પ્રગટ રીતે પૂજે છે'**. જુઓ, સાક્ષાત્ અરિહંતપદને યાદ કર્યું છે. કેમ કે સિદ્ધ થયેલા પરમાત્મા તો અહીં છે નહીં. માટે તેમની તો પરોક્ષ ભક્તિ છે, જ્યારે આ તો અરિહંતની પ્રત્યક્ષ ભક્તિની વાત કરે છે.

કહે છે કે અહો ! અર્ધ લોકના સ્વામી એવા મોટા ઇન્દ્રોના મુગટની સુંદર રત્નમાળા નમી ગઈ છે. કેમ કે (ભગવાનની)ભક્તિથી શરીર નમી ગયું છે એટલે શરીર ઉપર રહેલું બીજું બધું પણ નમી ગયું છે. આવા દેવેંદ્રો તેમના **'મુગટની સુંદર રત્નમાળા વડે જેમનાં ચરણોને પ્રગટ રીતે પૂજે છે એવા મહાવીર તીર્થાધિનાથ દ્વારા....'** એટલે એમ કહે છે કે આ ઉપદેશ મહાવીર ભગવાને કહેલો છે. સતત-નિરંતર દ્રવ્યસ્વભાવની એકાગ્રતા કરવી ને પરપરિણતિથી દૂર રહેવું. આવું કરનાર સમાધિરૂપ દશાને તેમ જ જ્ઞાનની પૂર્ણ દશાને પ્રાપ્ત થાય છે. - આ ઉપદેશ શ્રી મહાવીર ભગવાને - કે જેમને ઇન્દ્રો પણ નમતાં હતાં એવા ભગવાને - કર્યો છે અને આવો ઉપદેશ હોય તે જ ભગવાનનો ઉપદેશ છે. પરંતુ રાગની ક્રિયાથી લાભ થાય ને રાગથી ધર્મ થાય - એ ભગવાનનો ઉપદેશ જ નથી એમ કહે છે. અહા ! આ વાત સમાજને ઝીલવી બહુ આકરું કામ છે ભાઈ !

**પ્રશ્ન:-** આ ઉપદેશમાં પચ્ચખાણ ને પ્રતિક્રમણ વગેરે બધાં ક્યાં ગયા ? કેમ કે પચ્ચખાણ વગેરેમાં તો ખબર પણ પડે કે અમે પચ્ચખાણ કરીએ છીએ, ઉપવાસ કરીએ છીએ ને સામાયિક કરીએ છીએ.

**સમાધાન:-** ભાઈ ! એ તો બધો વિકલ્પ છે સાંભળ ને ? અહીં તો એમ કહે છે કે એ વિકલ્પને ધર્મી પામતો જ નથી. અરે ! સમાજને આવો મારગ બહુ કઠણ લાગે છે !

**શ્રોતા:-** સમાજને માટે જ ભગવાને આ માર્ગ કહ્યો છે ને ?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**પૂજ્ય ગુરુદેવશ્રી:-** (હા.) સમાજને માટે જ ભગવાને આ બધું કહ્યું છે. પરંતુ સમાજમાં અત્યારે એવી શૈલી થઈ ગઈ છે કે સત્યનો ઉપદેશ એટલે જાણે કે નિશ્ચયાભાસ. સત્યનો ઉપદેશ કરનાર નિશ્ચયાભાસી થઈ ગયો, પણ વ્યવહાર કરો તો નિશ્ચય થાય એમ માનનાર વ્યવહારાભાસી નથી. શું થાય ? અજ્ઞાનીને શ્રદ્ધા-જ્ઞાનમાં જે બેઠું હોય તે કહે તેમ જ જેમ બેઠું હોય તેમ કહે. વળી અજ્ઞાની એમ કહે છે કે તમારું તો એકલું નિશ્ચય છે અને તે પણ સોનગઢનું નિશ્ચય છે. અરે ભગવાન ! અહીં શું કહે છે તે જો ને ? (કે ધર્મી વિકલ્પને પણ પામતો નથી.)

**પ્રશ્ન:-** પરંતુ આ બધો વ્યવહાર કે જે જૈનની સંસ્કૃતિ છે - દયા, દાન, વ્રત, ભક્તિ, ઉપવાસ, પૂજા મુનિભક્તિ આદિ બધો ભાવ એ જૈનસંસ્કૃતિ છે - તે ડૂબી જાય છે ?

**સમાધાન:-** અહીં તો કહે છે કે તે જૈનસંસ્કૃતિ નથી.

**શ્રોતા:-** પણ આવો ઉપદેશ બધી જગ્યાએ તો મળતો નથી ?

**પૂજ્ય ગુરુદેવશ્રી:-** પોતાને તો આ ઉપદેશ મળે છે કે નહીં ? (માટે તે સાંભળીને પોતાનું કામ કરી લેવું.) અહીં કહ્યું કે સ્વતંત્ર ભગવાન આત્મા ચૈતન્યની મૂર્તિ છે અને તેનો જ આશ્રય — તેની જ એકાગ્રતા - તે મોક્ષનો માર્ગ છે. બાકી બીજો કોઈ મોક્ષનો માર્ગ ત્રણ કાળમાં છે જ નહીં. - આમ ભગવાને કહ્યું છે.

હવે કહે છે કે **'એવા મહાવીર તીર્થાધિનાથ દ્વારા....'** જુઓ, ચોવીસ તીર્થંકરનો પ્રવાહ આવ્યો હતો તેમાં અત્યારે મહાવીર ભગવાન તીર્થનાં નાથ છે. મતલબ કે આ ભગવાન મહાવીરનું શાસન છે. તો, મુનિરાજ એમ કહે છે કે જેનું આ શાસન વર્તે છે તે મહાવીર ભગવાને આમ કહ્યું છે અર્થાત્ મહાવીર ભગવાનનું આ શાસન વર્તે છે તો ભગવાનની આ શીખામણ ને ઉપદેશ છે. એવા ભગવાન દ્વારા **'આ સંતો જન્મ-જરા-મૃત્યુનો નાશક....'** જન્મ = જનમ, જરા = વૃદ્ધાવસ્થા ને મૃત્યુ = મરણ. - આ બધાંનો નાશક **'અને દુષ્ટ પાપસમૂહરૂપી અંધકારનો ધ્વંસ કરવામાં ચતુર'....'** લ્યો, ભગવાનનો આવો ઉપદેશ છે એમ કહે છે. અહા ! આ ઉપદેશ જન્મ, જરા ને મરણનો નાશક છે. એટલે કે જેનાથી જન્મ-જરા-મરણ થાય ને ગતિ મળે તે વીતરાગનો ઉપદેશ જ નથી.

અહા ! અહીં તો પુણ્ય ને પાપના બન્ને વિકલ્પ અંધકારમય છે, અચેતન છે ને આંધળા છે એમ કહે છે. જાગતી જ્યોત એવા ચૈતન્ય ભગવાન આત્માની એકાગ્રતા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તે એક જ પ્રકાશમય છે, તે સિવાયના પુણ્ય-પાપના પરિણામ પણ આંધળા, અંધકારમય અને અચેતન છે. કેમ કે ચૈતન્યપ્રકાશથી - તેજથી તે રહિત છે. તો, કહે છે કે **'દુષ્ટ પાપસમૂહરૂપી અંધકારનો'** - અચેતન એવા વિકલ્પનો **'ધ્વંસ કરવામાં ચતુર એવો આ પ્રકારનો (પૂર્વોક્ત) ઉપદેશ ...'** જોયું ? કહે છે કે આ ચતુર ઉપદેશ છે. એટલે કે આ ડહાપણવાળો - જ્ઞાનવાળો ને યથાર્થ ઉપદેશ છે. આવો ઉપદેશ જેને રુચતો નથી તેને ભગવાનનો માર્ગ પણ રુચતો નથી.

અહા ! વ્યવહારનો બધો ઉપદેશ તો જાણવા માટે છે. તે બતાવે છે કે ત્યાં વિકલ્પમાં ને સંયોગમાં શું હોય છે. બાકી કરવા યોગ્ય તો આ નિશ્ચયનો ઉપદેશ છે. અને આવા નિશ્ચયના ઉપદેશને જ ડહાપણવાળો - ચતુરાઈવાળો ને તીક્ષ્ણ ઉપદેશ કહેવામાં આવે છે. મતલબ કે નિશ્ચયનયના આશ્રયે - આત્માના આશ્રયે - જ લાભ થાય ને આત્મામાં એકાગ્ર થવાથી જ આત્માને શાંતિ, સમાધિ મળે એવા ઉપદેશને ચતુર ઉપદેશ કહે છે. લ્યો, ભાઈ ! 'આ એકાંત છે' એમ કહીને આ ઉપદેશને લોકો (-અજ્ઞાની) એકાંતિક ઉપદેશ કહે છે ને ? તો તેની સામે આ વાત કરી (કે આ તો ચતુર ઉપદેશ છે.) અરે ભગવાન ! સાંભળને ભાઈ ! કે સ્વભાવમાં - સમ્યક્ એકાંતમાં - ઢળવું તે એકાંત જ છે અને રાગમાં ન આવવું તેનું નામ જ અનેકાંત છે.

દેખો, હવે કહે છે કે **'એવો આ પ્રકારનો (પૂર્વોક્ત) ઉપદેશ સમજીને'** એટલે કે આવા ચતુર ઉપદેશને 'એ તો નિશ્ચયનો ઉપદેશ છે, નિશ્ચયનો ઉપદેશ છે' - એમ કહીને કાઢી ન નાખીશ, પણ તેની સમજણ કરજે એમ કહે છે. અરે ! અત્યારે ગૃહસ્થોને માટે નિશ્ચયનો ઉપદેશ જાણે કે જરૂરનો જ ન હોય એવું લોકોમાં થઈ પડ્યું છે. જાણે કે શ્રાવકને કોઈ નિશ્ચયનય જ ન હોય, પરંતુ વ્યવહાર જ હોય અને એ નિશ્ચયનય તો આગળ બીજાને (-મુનિને) હોય. માટે ગૃહસ્થાશ્રમવાળાને નિશ્ચયના ઉપદેશની જરૂર નથી. આવી પ્રથા અત્યારે પડી ગઈ છે. પણ ભાઈ ! ચોથા ગુણસ્થાનથી પણ આ જ મારગ છે. અહા ! જુઓને, મુનિરાજે કેવી રીતે વાત કરી છે !

કહે છે કે ચતુર એવો આ પ્રકાર**નો 'ઉપદેશ સમજીને ...'** અહા ! ઉપદેશ તો સાચો છે, પરંતુ તે ઉપદેશ ઉપદેશમાં ન રહેતાં તેને સમજ એમ કહેવું છે ને ? માટે કહે છે કે આવો ઉપદેશ સાંભળીને સમજ. એ ઉપદેશ તો ઉપદેશમાં છે, પરંતુ જે ઉપદેશ છે તે સત્ય જ છે એમ અંતર્મુખ થઈને બરાબર સમજ. તીર્થાધિનાથનો ઉપદેશ આવો હોય છે અને તેને સાંભળીને જીવ સમજે છે. કેમ કે ઉપદેશ સમજણ કરવા માટે જ છે ને ?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અહા ! **'પૂર્વોક્ત ઉપદેશ સમજીને'** - આવા ઉપદેશને સમજીને ... તેનો અર્થ એ છે કે નિશ્ચયનયના વિષયરૂપ અખંડ જ્ઞાનધારામાં નિરંતર એકાગ્ર રહેવું ને રાગથી દૂર રહેવું એવો જે પૂર્વોક્ત ભગવાનનો (નિશ્ચયનયનો) ઉપદેશ છે તેને સમજ. અને વ્યવહારનો ઉપદેશ છે એ તો જાણવા માટે છે. જુઓ, આમ ભગવાનનો નિશ્ચયનો ઉપદેશ સિદ્ધ કર્યો અને તે નિશ્ચયના ઉપદેશની સમજણ તું આ પ્રકારે કરજે - જેવો નિશ્ચયનો ઉપદેશ છે તેવી જ સમજણ તું પહેલાં કરજે - એમ પણ કહ્યું. ભારે વાત ! તો, એ ઉપદેશને જીવ સમજીને - ઉપદેશનું જ્ઞાન કરીને **'સત્શીલરૂપી નૌકા વડે.....'** સત્ + શીલ = સાચું આચરણ; અંદરમાં એકાગ્રતા. સ્વભાવ સન્મુખની એકાગ્રતારૂપી નૌકા વડે **'ભવાબ્ધિના સામા કિનારે પહોંચી જાય છે.'** જુઓ, આમ કહીને મોક્ષના માર્ગની (સત્શીલ) ને મોક્ષની (ભવાબ્ધિનો સામો કિનારો) - બન્નેની વાત કરી છે. અહા ! બહુ ટૂંકામાં-ટૂંકા શ્લોકમાં - ઘણું સમાડી દીધું છે હો.

અહા ! કહે છે કે ભાઈ ! તારે ધર્મ કરવો હોય ને મોક્ષ પ્રગટ કરવો હોય તો આ છે. તે સિવાયની બીજી બધી તો વાતો છે. માણસને આ આકરું લાગે છે હો. કેમ કે જેમાં હાથી, ઘોડા વગેરે હોય તેવી રથયાત્રાઓ કાઢવી, મંદિરો બનાવવા એવી બધી ધમધમાટની વાતો આમાં આવતી નથી. ભાઈ ! શુભ વિકલ્પ હોય ત્યારે તે મંદિરાદિ બનવાના હોય તો બને છે. છતાં તે શુભવિકલ્પ વસ્તુસ્થિતિ — ધર્મ નથી એમ અહીં કહે છે. કેમ કે સત્શીલરૂપી નૌકા વડે ભવાબ્ધિના પારને પમાય છે અને એ રાગાદિ તો સત્શીલ નથી. ભાઈ ! કામ ભારે આકરું છે હો. અહા ! અહીંથી (-સોનગઢથી) જ્યાં આ સાચી વાત બહાર આવી ત્યાં કેટલાક (અજ્ઞાનીએ) તેને ઉડાવી દીધી કે એ એકાંત છે. અરે ભગવાન ! મારગ તો આ છે. અને આ વાત હવે તો ઘણાના અંતરમાં બેસી ગઈ છે. તેથી આ વાત હવે કાંઈ (સહેલાઈથી) નીકળી જાય એમ નથી.

અહીં કહ્યું કે પૂર્વે કહ્યો તે બધો ભગવાનનો ઉપદેશ છે. તો તે ઉપદેશ કેવો છે ?

કે જન્મ-જરા-મરણનો નાશક છે અને દુષ્ટ પાપસમૂહરૂપી અંધકારનો ધ્વંસ કરવામાં ચતુર છે. **'એવો આ પ્રકારનો ઉપદેશ....'** કહે છે કે આવો જે ઉપદેશ છે તે જ વીતરાગનો ઉપદેશ છે.

**શ્રોતા:-** એ તરવાનો ઉપદેશ છે ને ?

**પૂજ્ય ગુરુદેવશ્રી:-** નહીંતર શું ભગવાનનો ઉપદેશ ડૂબવા માટે હોય ? એ તો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તરવા માટે જ હોય ને ? કારણ કે તે (અજ્ઞાની) ડૂબેલો તો છે જ. જુઓ, અહીં એમ પણ કહ્યું કે **'(પૂર્વોક્ત) ઉપદેશ સમજીને'** - સમ્યગ્જ્ઞાન કરીને **'સત્શીલરૂપી નૌકા વડે'** એટલે કે અંદરના સત્ આચરણરૂપી - સ્વરૂપમાં લીનતારૂપી - નૌકા વડે **'ભવાબ્ધિના'** - ભવરૂપી — સંસારરૂપી મોટા દરિયાના (ભવાબ્ધિ = ભવ + અબ્ધિ = સંસારરૂપી મોટો દરિયો) **'સામા કિનારે પહોંચી જાય છે.'** ખલાસ, તે ભવ-સંસારને પાર થઈ ગયો અને હવે મોક્ષમાં જશે એમ કહે છે. ભારે કામ !

અહા ! કેટલાક એમ કહે છે કે તમો આવી મોટી-મોટી વાતો કરો છો, પણ પહેલાં કરવું શું તે વાત તો કરતા નથી ? ભાઈ ! આવો ઉપદેશ ભગવાનનો છે તેને પ્રથમ સમજવો અને પછી સમજીને અંદરમાં એકાગ્રતા કરવી. શું આ કરવાનું નથી ? વસ્તુ (-મોક્ષ) માટે ધર્મ તો આ છે. (પણ જ્યાં અજ્ઞાની સમજે જ નહીં ત્યાં) શું થાય? અહા ! ભવાબ્ધિના સામા કિનારે પહોંચતા એટલે કે ભવરૂપી મોટો દરિયો છે તેને પાર કરીને સામા કિનારે પહોંચતા અર્થાત્ ૮૪ લાખ યોનિના અવતારની ખાણ છે તેનો અંત આવતા મોક્ષ થાય છે. આ રીતે ભવાબ્ધિનો સામો છેડો ને મોક્ષની શરૂઆત આવા જીવો પામે છે એમ કહે છે. જુઓને ? તેમાં (-શાસ્ત્રમાં) આ અર્થ છે કે નહીં ?

**શ્રોતા:-** આવો અર્થ બધા ક્યાં કાઢે છે ?

**પૂજ્ય ગુરુદેવશ્રી:-** એ તો જેને આત્માની દરકાર હોય તે આવા અર્થો કાઢે. આ તો ભાઈ ! જેને આત્માની જરૂર હોય તેની વાત છે.

ગાથા - ૪૨ પ્રવચન નં. NST/ ૩૭ તારીખ ૨૮-૧-૭૨
શ્લોક - ૬૦, ૬૧ ૩૮ તારીખ ૨૯-૧-૭૨

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

## ગાથા - ૪૩

**णिद्दंडो णिद्दंदो णिम्ममो णिक्कलो णिरालंबो ।**
**णीरागो णिद्दोसो णिम्मूढो णिब्भयो अप्पा ।।४३।।**

निर्दण्डः निर्द्वन्द्वः निर्ममः निःकलः निरालंबः ।
नीरागः निर्दोषः निर्मूढः निर्भयः आत्मा ।।४३।।

**નિર્દંડ ને નિર્દ્વંદ્વ, નિર્મમ, નિઃશરીર, નીરાગ છે,**
**નિર્દોષ, નિર્ભય, નિરવલંબન, આતમા નિર્મૂઢ છે. ૪૩.**

**અન્વયાર્થઃ-** (आत्मा) આત્મા, (निर्दण्डः) [1]નિર્દંડ, (निर्द्वन्द्वः) નિર્દ્વંદ્વ, (निर्ममः) નિર્મમ, (निःकलः) નિઃશરીર, (निरालंबः) નિરાલંબ, (नीरागः) નીરાગ, (निर्दोषः) નિર્દોષ, (निर्मूढः) નિર્મૂઢ અને (निर्भयः) નિર્ભય છે.

**ટીકાઃ-** અહીં (આ ગાથામાં) ખરેખર શુદ્ધ આત્માને સમસ્ત વિભાવનો અભાવ છે એમ કહ્યું છે.

મનદંડ, વચનદંડ અને કાયદંડને યોગ્ય દ્રવ્યકર્મો તથા ભાવકર્મોનો અભાવ હોવાથી આત્મા નિર્દંડ છે. નિશ્ચયથી પરમ પદાર્થ સિવાયના સમસ્ત પદાર્થસમૂહનો (આત્મામાં) અભાવ હોવાથી આત્મા નિર્દ્વંદ્વ (દ્વૈત રહિત) છે. પ્રશસ્ત-અપ્રશસ્ત સમસ્ત મોહ-રાગ-દ્વેષનો અભાવ હોવાથી આત્મા નિર્મમ (મમતા રહિત) છે. નિશ્ચયથી ઔદારિક, વૈક્રિયિક, આહારક, તૈજસ અને કાર્મણ નામનાં પાંચ શરીરોના સમૂહનો અભાવ હોવાથી આત્મા નિઃશરીર છે. નિશ્ચયથી પરમાત્માને પરદ્રવ્યનું અવલંબન નહિ હોવાથી આત્મા નિરાલંબ છે. મિથ્યાત્વ, વેદ, રાગ, દ્વેષ, હાસ્ય, રતિ, અરતિ, શોક, ભય, જુગુપ્સા, ક્રોધ, માન, માયા અને લોભ નામનાં ચૌદ અભ્યંતર પરિગ્રહોનો અભાવ હોવાથી આત્મા નીરાગ છે. નિશ્ચયથી સમસ્ત પાપમળકલંકરૂપી કાદવને ધોઈ નાખવામાં સમર્થ, સહજ-પરમવીતરાગ-સુખસમુદ્રમાં મગ્ન (ડૂબેલી, લીન) પ્રગટ સહજાવસ્થાસ્વરૂપ જે સહજજ્ઞાનશરીર તેના વડે પવિત્ર હોવાને લીધે આત્મા નિર્દોષ છે. સહજ નિશ્ચયનયથી

---

૧. નિર્દંડ = દંડ રહિત. (જે મન-વચન-કાયાશ્રિત પ્રવર્તનથી આત્મા દંડાય છે તે પ્રવર્તનને દંડ કહેવામાં આવે છે.)

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સહજ જ્ઞાન, સહજ દર્શન, સહજ ચારિત્ર, સહજ પરમવીતરાગ સુખ વગેરે અનેક પરમ ધર્મોના આધારભૂત નિજ પરમતત્ત્વને જાણવામાં સમર્થ હોવાથી આત્મા નિર્મૂઢ (મૂઢતા રહિત) છે; અથવા, સાદિ-અનંત અમૂર્ત અતીંદ્રિયસ્વભાવવાળા શુદ્ધસદ્ભૂત વ્યવહારનયથી ત્રણ કાળના અને ત્રણ લોકના સ્થાવર-જંગમસ્વરૂપ સમસ્ત દ્રવ્ય-ગુણ-પર્યાયોને એક સમયે જાણવામાં સમર્થ સકળ-વિમળ (સર્વથા નિર્મળ) કેવળજ્ઞાનરૂપે અવસ્થિત થવાથી આત્મા નિર્મૂઢ છે. સમસ્ત પાપરૂપી શૂરવીર શત્રુઓની સેના જેમાં પ્રવેશી શકતી નથી એવા નિજ શુદ્ધ અંતઃતત્ત્વરૂપ મહા દુર્ગમાં (કિલ્લામાં) વસતો હોવાથી આત્મા નિર્ભય છે. આવો આ આત્મા ખરેખર ઉપાદેય છે.

એવી રીતે (શ્રી યોગીંદ્રદેવકૃત) અમૃતાશીતિમાં (૫૭મા શ્લોક દ્વારા) કહ્યું છે કેઃ-

*(मालिनी)*

**''स्वरनिकरविसर्गव्यंजनाद्यक्षरैर्यद्**
**रहितमहितहीनं शाश्वतं मुक्तसंख्यम् ।**
**अरसतिमिररूपस्पर्शगंधाम्बुवायु-**
**क्षितिपवनसखाणुस्थूलदिक्चक्रवालम् ॥''**

(''**શ્લોકાર્થઃ-**) આત્મતત્ત્વ સ્વરસમૂહ, વિસર્ગ ને વ્યંજનાદિ અક્ષરો રહિત તથા સંખ્યા રહિત છે (અર્થાત્ અક્ષર અને અંકનો આત્મતત્ત્વમાં પ્રવેશ નથી), અહિત વિનાનું છે, શાશ્વત છે, અંધકાર તેમ જ સ્પર્શ, રસ, ગંધ અને રૂપ વિનાનું છે, પૃથ્વી, પાણી, અગ્નિ અને વાયુના અણુઓ રહિત છે તથા સ્થૂલ દિક્ચક્ર (દિશાઓના સમૂહ) રહિત છે.''

વળી (૪૩મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ સાત શ્લોક કહે છે):-

*(मालिनी)*

**दुरघवनकुठारः प्राप्तदुष्कर्मपारः**
**परपरिणतिदूरः प्रास्तरागाब्धिपूरः ।**
**हतविविधविकारः सत्यशर्माब्धिनीरः**
**सपदि समयसारः पातु मामस्तमारः ॥६२॥**

(**શ્લોકાર્થઃ-**) જે (સમયસાર) દુષ્ટ પાપોના વનને છેદવાનો કુહાડો છે, જે દુષ્ટ કર્મોના પારને પહોંચ્યો છે (અર્થાત્ જેણે કર્મોનો અંત આણ્યો છે), જે પરપરિણતિથી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



દૂર છે, જેણે રાગરૂપી સમુદ્રના પૂરને નષ્ટ કર્યું છે, જેણે વિવિધ વિકારોને હણી નાખ્યા છે, જે સાચા સુખસાગરનું નીર છે અને જેણે કામને અસ્ત કર્યો છે, તે સમયસાર મારું શીઘ્ર રક્ષણ કરો. ૬૨.

(मालिनी)

**जयति परमतत्त्वं तत्त्वनिष्णातपद्म-**
**प्रभमुनिहृदयाब्जे संस्थितं निर्विकारम् ।**
**हतविविधविकल्पं कल्पनामात्ररम्याद्**
**भवभवसुखदुःखान्मुक्तमुक्तं बुधैर्यत् ।।६३।।**

**(શ્લોકાર્થઃ-)** જે તત્ત્વનિષ્ણાત (વસ્તુસ્વરૂપમાં નિપુણ) પદ્મપ્રભમુનિના હૃદયકમળમાં સુસ્થિત છે, જે નિર્વિકાર છે, જેણે વિવિધ વિકલ્પોને હણી નાખ્યા છે, અને જેને બુધપુરુષોએ કલ્પનામાત્ર-રમ્ય એવાં ભવભવનાં સુખોથી તેમ જ દુઃખોથી મુક્ત (રહિત) કહ્યું છે, તે પરમતત્ત્વ જયવંત છે. ૬૩.

(मालिनी)

**अनिशमतुलबोधाधीनमात्मानमात्मा**
**सहजगुणमणीनामाकरं तत्त्वसारम् ।**
**निजपरिणतिशर्माम्भोधिमज्जन्तमेनं**
**भजतु भवविमुक्त्यै भव्यताप्रेरितो यः ।।६४।।**

**(શ્લોકાર્થઃ-)** જે આત્મા ભવ્યતા વડે પ્રેરિત હોય, તે આત્મા ભવથી વિમુક્ત થવા અર્થે નિરંતર આ આત્માને ભજો - કે જે (આત્મા) અનુપમ જ્ઞાનને આધીન છે, જે સહજગુણમણિની ખાણ છે, જે (સર્વ) તત્ત્વોમાં સાર છે અને જે નિજ પરિણતિના સુખસાગરમાં મગ્ન થાય છે. ૬૪.

(द्रुतविलंबित)

**भवभोगपराङ्मुख हे यते**
**पदमिदं भवहेतुविनाशनम् ।**
**भज निजात्मनिमग्नमते पुन-**
**स्तव किमध्रुववस्तुनि चिन्तया ।।६५।।**

**(શ્લોકાર્થઃ-)** નિજ આત્મામાં લીન બુદ્ધિવાળા તથા ભવથી ને ભોગથી પરાઙ્મુખ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



થયેલા હે યતિ ! તું ભવહેતુનો વિનાશ કરનારા એવા આ (ધ્રુવ) પદને ભજ; અધ્રુવ વસ્તુની ચિંતાથી તારે શું પ્રયોજન છે ? ૬૫.

*(द्रुतविलंबित)*

**समयसारमनाकुलमच्युतं**
**जननमृत्युरुजादिविवर्जितम् ।**
**सहजनिर्मलशर्मसुधामयं**
**समरसेन सदा परिपूजये ।।६६।।**

**(શ્લોકાર્થ:-)** જે અનાકુળ છે, ★અચ્યુત છે, જન્મ-મૃત્યુ-રોગાદિ રહિત છે, સહજ નિર્મળ સુખામૃતમય છે, તે સમયસારને હું સમરસ (સમતાભાવ) વડે સદા પૂજું છું. ૬૬.

*(इंद्रवज्रा)*

**इत्थं निजज्ञेन निजात्मतत्त्व-**
**मुक्तं पुरा सूत्रकृता विशुद्धम् ।**
**बुद्ध्वा च यन्मुक्तिमुपैति भव्य-**
**स्तद्भावयाम्युत्तमशर्मणेऽहम् ।।६७।।**

**(શ્લોકાર્થ:-)** એ રીતે પૂર્વે નિજજ્ઞ સૂત્રકારે (આત્મજ્ઞાની સૂત્રકર્તા શ્રીમદ્-ભગવત્કુંદકુંદાચાર્યદેવે) જે વિશુદ્ધ નિજાત્મતત્ત્વનું વર્ણન કર્યું અને જેને જાણીને ભવ્ય જીવ મુક્તિને પામે છે, તે નિજાત્મતત્ત્વને ઉત્તમ સુખની પ્રાપ્તિ અર્થે હું ભાવું છું. ૬૭.

*(वसंततिलका)*

**आद्यन्तमुक्तमनघं परमात्मतत्त्वं**
**निर्द्वन्द्वमक्षयविशालवरप्रबोधम् ।**
**तद्भावनापरिणतो भुवि भव्यलोकः**
**सिद्धिं प्रयाति भवसंभवदुःखदूराम् ।।६८।।**

**(શ્લોકાર્થ:-)** પરમાત્મતત્ત્વ આદિ-અંત વિનાનું છે, દોષ રહિત છે, નિર્દ્વંદ્વ છે અને અક્ષય વિશાળ ઉત્તમ જ્ઞાનસ્વરૂપ છે. જગતમાં જે ભવ્ય જનો તેની ભાવનારૂપે પરિણમે છે, તેઓ ભવજનિત દુઃખોથી દૂર એવી સિદ્ધિને પામે છે. ૬૮.

---

★ અચ્યુત = અસ્ખલિત; નિજ સ્વરૂપથી નહિ ખસેલું.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## ગાથા - ૪૩ ઉપરનું પ્રવચન

૩૯ મી ગાથામાં 'णो खलु सहावठाणा' - એમ કહીને ત્યાંથી વાત ઉપાડી છે ને ? તો, તેને એક નંબર આપીને એક વખત સંખ્યા ગણી હતી. ગાથા ૪૨ સુધી ૨૩ નંબર આવ્યા છે અને હવે આ નિર્દંડનો બોલ ૨૪ મો આવશે.

આ આત્મા કેવો છે તે કહે છે. જુઓ :

**'અહીં (આ ગાથામાં) ખરેખર શુદ્ધ આત્માને સમસ્ત વિભાવનો અભાવ છે એમ કહ્યું છે.'** આત્માને સમસ્ત વિભાવ નથી, કેમ કે આત્મા તો એકલો સ્વભાવનો - જ્ઞાન ને આનંદનો - પીંડલો છે.

(૨૪) (નિર્દંડની વ્યાખ્યા :) જુઓ, પહેલેથી આ ઉપાડ્યું છે કે આત્મા નિર્દંડ છે. મન, વચન ને કાયાનો દંડ કે જે પર્યાયમાં છે તે આત્મામાં નથી, વસ્તુમાં નથી. **'મનદંડ, વચનદંડ અને કાયદંડને યોગ્ય....'** મનદંડ = મન સંબંધી શુભાશુભ વિકલ્પ પણ એક દંડ છે. એટલે કે મનના સંબંધે પુણ્યનો વિકલ્પ ઊઠે તે પણ દંડ છે, કેમ કે આત્મા તેમાં દંડાય છે. વચનદંડ = વચનસંબંધી વિકલ્પ પણ એક દંડ છે, કેમ કે તે પણ નુકશાનકારક છે. કાયદંડ = કાયાસંબંધી વિકલ્પ પણ દંડ છે. તે ત્રણેયને યોગ્ય અર્થાત્ મનદંડ, વચનદંડ ને કાયદંડના ભાવને યોગ્ય **'દ્રવ્યકર્મો તથા ભાવકર્મોનો અભાવ હોવાથી....'** એ દંડના ભાવને યોગ્ય દ્રવ્યકર્મો આવે છે તેનો અને ભાવકર્મ કહેતાં એ દંડને યોગ્ય એવો જે ભાવ છે - જે વિકારી પરિણામ છે - તેનો અભાવ હોવાથી.... એટલે કે ભગવાન આત્મામાં તે બન્નેનો (-દ્રવ્યકર્મો ને ભાવકર્મોનો) અભાવ છે.

અહા ! અજ્ઞાની કહે છે કે મન-વચન-કાયથી કાંઈક કરો. તેનાથી કાંઈક કરો તો ધર્મ થાય. જ્યારે અહીં કહે છે કે તેનાથી કરે શું ? કેમ કે એ તો બધો વિકલ્પ છે. મન-વચન-કાયના દંડરૂપ જે પરિણામ છે એ રાગ છે અને તેનાથી તો આત્મા દંડાય છે. તો, એવો ભાવ આત્મામાં નથી. દ્રવ્યકર્મનો સંબંધ કરતાં ભાવકર્મરૂપ જે આવા ત્રણ યોગથી દંડાવાના ભાવ થાય છે તેનો ત્રિકાળ શુદ્ધ ભગવાન આત્મામાં અભાવ છે.

અહા ! આ વીતરાગ મારગ લોકોને લૂખો લાગે એટલે કાંઈક શુભભાવ કરીને અમે સામાયિક કરી ને પ્રતિક્રમણ કર્યું એમ માને છે. પણ ભાઈ ! ધૂળેય તે સામાયિક નથી. કારણ કે તે સામાયિક વખતે મનનો વિકલ્પ ઊઠે છે તે દંડ છે અને છતાં તેને સામાયિક માની છે તેથી મિથ્યાત્વ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

**શ્રોતાઃ-** (આ વાતની) ખબર જ ન્હોતી ને ?

**પૂજ્ય ગુરુદેવશ્રીઃ-** તમારા જેવા હોંશિયાર કહેવાય તોપણ ખબર ન્હોતી ? પણ ન સમજાય ત્યાં સુધી શું થાય ? અહા ! આવો નિર્લેપ શુદ્ધ માર્ગ છે.

કહે છે કે મન, વચન ને કાયાનો ભાવ તે દંડ છે અને તેને યોગ્ય જે દ્રવ્યકર્મો ને ભાવકર્મો છે (એ દંડનો ભાવ જ પોતે ભાવકર્મ છે) તેનો - તે બન્નેનો - ભગવાન આત્મામાં અભાવ છે. અહા ! આ 'શુદ્ધભાવ અધિકાર' છે ને ? શુદ્ધભાવ એટલે ત્રિકાળી ભાવ કે જે આશ્રય કરવા લાયક છે, જેના સમીપમાં જઈને એકાગ્ર થવા લાયક છે. આવો જે ત્રિકાળી ભાવ છે તેમાં આ ત્રણ દંડ નથી. તો પછી આત્મામાં જે નથી એવા મન, વચન, કાયથી કાંઈક કરવાથી શું આત્માનું કલ્યાણ થાય ? અર્થાત્ શું આત્મા દંડાય તો તેનું કલ્યાણ થાય એમ હશે ? (ના.) ભાઈ ! એ દંડથી તો આત્માને માથે ભાર પડ્યો છે.

અહા ! અજ્ઞાની (એક તો) અજ્ઞાન કરે છે ને પાછું કહે છે કે અમે શું ખોટું કરીએ છીએ ? અમે તો સારું કરીએ છીએ ને ? ભાઈ ! મોટી મિથ્યાત્વની ભૂલ કરે છો. અહીં કહે છે કે મનદંડ, વચનદંડ ને કાયદંડને યોગ્ય - તેના પ્રમાણમાં - જે દ્રવ્યકર્મો છે તેનો અને દંડને યોગ્ય વર્તમાનમાં જે ભાવકર્મ છે તેનો **'અભાવ હોવાથી આત્મા નિર્દંડ છે'** - આત્મા દંડ વિનાનો છે. વેદાંત એમ કહે છે ને ? કે 'આ (-ભેદ) નથી, આ નથી.' પરંતુ 'આ નથી' એમ કહેતાં જ તે વસ્તુ (-ભેદ) 'છે' (એમ સિદ્ધ થાય છે.) તેમ આત્મામાં દંડ નથી એમ અહીંયા કહેવું છે, પરંતુ તે દંડ પર્યાયમાં છે કે નહીં ? (હા.) તો અહીંયા, પર્યાયમાં આ ત્રણ દંડ છે તોપણ વસ્તુમાં નથી એમ સિદ્ધ કર્યું છે. અહા ! શ્રી કુંદકુંદાચાર્યની એવી કોઈ શૈલી છે, કે જિનશાસનનો જેટલો વ્યવહાર છે તેમ જ જેટલો વ્યવહારનો વિષય-નિમિત્ત છે તે બધાંનું પહેલાં વર્ણન કરે અને પછી તેનો નિષેધ કરી નાખે. કેમ કે વ્યવહાર, વ્યવહારથી-વ્યવહારની અપેક્ષાએ - પણ અસત્ય છે એમ નથી. વ્યવહારનયનો વિષય છે ખરો, (માટે તેનું વર્ણન કરે છે.) પરંતુ ત્રિકાળી દ્રવ્યની અપેક્ષાએ તે અસત્ય છે, (માટે તેનો નિષેધ કરે છે.)

(૨૫) (નિર્દ્વંદ્વની વ્યાખ્યા :) **'નિશ્ચયથી પરમ પદાર્થ....'** પરમ પદાર્થ = શુદ્ધભાવ; પ્રભુ આત્મા. નિશ્ચયથી પરમ પદાર્થ એવા પ્રભુ ભગવાન આત્મા અર્થાત્ શુદ્ધભાવ એવા પરમ પદાર્થ **'સિવાયના સમસ્ત પદાર્થસમૂહનો (આત્મામાં) અભાવ હોવાથી આત્મા નિર્દ્વંદ્વ (દ્વૈત રહિત) છે'.** - દ્વંદ્વ (દ્વૈત) રહિત છે. વિકલ્પાદિ દ્વૈત

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સ્વરૂપમાં નથી. એક શુદ્ધભાવ સ્વરૂપ ભગવાન આત્મામાં પરમ પદાર્થ સિવાયના સમસ્ત પદાર્થસમૂહનો - વિકલ્પથી માંડીને આખી દુનિયાનો - અભાવ હોવાથી આત્મા નિર્દ્વંદ્વ છે, તેમાં દ્વંદ્વ નથી. તે નિર્દ્વંદ્વ - એકલો છે, દ્વૈત રહિત છે.

દ્વૈત રહિત એટલે ?

કે જેમ વેદાંત અદ્વૈત કહે છે તેમ નહીં. પરંતુ પર્યાયમાં દ્વૈતપણું ને વિકલ્પાદિ બધુંય છે અને તેવી રીતે બીજા પદાર્થો પણ છે. છતાં તે બધા વસ્તુમાં નથી. ત્રિકાળી શુદ્ધભાવ કે જે દૃષ્ટિનો વિષય છે, આશ્રય કરવા લાયક છે, અવલંબન લેવા લાયક છે તેમ જ જે પહેલાં (-પ્રથમ) જ સ્વીકાર કરવા લાયક છે તેમાં દ્વૈતપણું નથી. એટલે કે આવો જે શુદ્ધભાવ છે તેમાં એક પરમ પદાર્થ સિવાય બીજી કોઈ ચીજ છે જ નહીં. (હા), બીજી ચીજ' બીજામાં છે. રાગ, રાગમાં છે; બીજા દ્રવ્ય, બીજા દ્રવ્યમાં છે; બીજા ક્ષેત્ર, બીજા ક્ષેત્રમાં છે ને બીજા ભાવ પણ બીજા ભાવમાં છે. પરંતુ એકરૂપ આત્મામાં તે દ્વંદ્વ નથી, બેપણું નથી. અને આવા નિર્દ્વંદ્વ ભગવાન આત્માની દૃષ્ટિ કરતાં તે વ્યવહાર તેનામાં - તેના પર્યાયમાં પણ - રહેતો નથી એમ કહે છે. મતલબ કે વ્યવહારના વિકલ્પનો દ્વંદ્વ પણ આત્મામાં નથી. અને આત્મામાં દ્વંદ્વ નથી તેથી તેની દૃષ્ટિ કરનારને પણ દ્વંદ્વ રહેતો નથી.

શું કહ્યું એ ?

કે વસ્તુમાં તો દંડ નથી, પરંતુ ધર્મીને - આત્માનો જેણે આશ્રય લીધો છે તેવા સમકિતીને - પણ દંડ નથી. વસ્તુ (-આત્મા) નિર્દ્વંદ્વ છે. પરંતુ એ તો વસ્તુ એવી (-નિર્દ્વંદ્વ) સિદ્ધ થઈ. હવે એવી વસ્તુની દૃષ્ટિ જેને થઈ તે (જ્ઞાની) પણ નિર્દ્વંદ્વ છે એમ કહે છે. મતલબ કે જ્ઞાનીને પણ વ્યવહારનો દ્વંદ્વ નથી. જ્ઞાની દ્વંદ્વ સાથે નથી - દ્વંદ્વમાં એકપણે નથી, પણ દ્વંદ્વથી ભિન્નપણે છે અર્થાત્ દ્વંદ્વનો જ્ઞાનીમાં અભાવ છે.

મૂર્તિનો તો જ્ઞાનીને આધાર છે ને ?

ત્રણ કાળમાં કોઈ દિ' ધર્મીને, કહે છે કે, તેનો આધાર નથી.

**પ્રશ્ન:-** દસ લાખ રૂપિયાના મોટાં-મોટાં મંદિર કરાવે તો તેનો તો આધાર હશે કે નહીં ?

**સમાધાન:-** (મંદિર કોણ કરાવી શકે છે ?) એ તો શુભભાવ હોય ત્યારે ત્યાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

લક્ષ જાય છે. છતાં તે શુભભાવ અને મંદિર - બેય ચીજનો વસ્તુમાં અભાવ છે. (માટે તેનો પણ આધાર નથી.)

પરંતુ અજ્ઞાનીને તો તેનો આધાર ખરો કે નહીં ?

એ પોતે અજ્ઞાની છે એટલે પછી તેને (મંદિર ને શુભભાવ આદિને) આધાર માને છે. તો ભલે અજ્ઞાની તેને આધાર માને, છતાં પણ અજ્ઞાનીને તેનો આધાર છે નહીં. શું આત્માને પરનો આધાર હોય ? (ના.) તેમ જ અજ્ઞાની આત્મા એટલે કે મૂઢ આત્મા. તે કાંઈ આત્મા નથી, પણ અનાત્મા છે. માટે એ તો (ગમે તે) માને. અરે ! અજ્ઞાની જીવ આત્મા જ ક્યાં છે ? અર્થાત્ એ આત્મા જ નથી, પરંતુ મૂઢ થયેલો અનાત્મા છે. રાગથી લાભ માનનાર ને પરને આધારે હું છું એમ માનનાર મૂઢ છે. કેમ કે વસ્તુના અનંત-અનંત ગુણો આધેય છે ને વસ્તુ આધાર છે. તે પણ ભેદથી વિચારીએ તો છે હો, બાકી તો તે (ગુણ-ગુણી) એક જ વસ્તુ છે. તો, ત્રિકાળી આનંદાદિ ગુણ - કે જે સ્વભાવ છે તે - આધેય છે અને દ્રવ્ય આધાર છે. પરંતુ તેને કોઈ રાગનો કે નિમિત્તનો આધાર છે જ નહીં. આવું છે ! આવી વાતો છે !

**પ્રશ્ન:-** નિમિત્તનો આધાર નથી તો પણ મંદિર તો કરાવો છો ને મોટાં પંચકલ્યાણક પણ કરાવો છો ?

**સમાધાન:-** ભાઈ ! એ તો થવા કાળ હોય ત્યારે બાહ્યમાં (મંદિરાદિ) થાય છે. એટલે કે એ પ્રકારે બાહ્યમાં થવાનું હોય તો થાય છે. (બાકી તેને કરે કોણ ?)

(જિન મંદિર બને તો) અમને તેનો આધાર રહે ને ?

અહીંયા તેની જ ના પાડે છે. અહા ! આત્માને મંદિરનો તો આધાર નથી, પરંતુ તેના પ્રત્યે (-લક્ષે) થતાં ભક્તિના ભાવનો - વિકલ્પનો - પણ આધાર નથી. તે વિકલ્પથી રહિત આત્મા નિર્દ્વંદ્વ છે. ભારે કામ ભાઈ !

અહા ! એક વ્યક્તિએ કોઈ બીજાની સાથે કહેરાવ્યું હતું કે મહારાજ (પૂજ્ય ગુરુદેવ) કહે તો હું અહીંયા પાંચ લાખનું મંદિર કરાવું. ભાઈ ! હું તો કોઈને કહેતો નથી. આપણે તો ઉપદેશ આપીએ છીએ. તે ઉપદેશમાં જે આવે છે તે સમજો. બાકી વ્યક્તિગત ચર્ચા અહીં કરતા નથી. કોઈને મંદિર કરવું હોય અને વળી હું કહું તો તે મંદિર કરે તેનો અર્થ શું ? - મંદિર નહીં કરવાના લક્ષણ. શું કોઈ વ્યક્તિને એમ કહેવાય કે તું આ કર ? - એવું શું હોય ? (ના.) કેમ કે તેના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ કેવા હોય ને તે કેમ પરિણમે (તેની શી ખબર પડે ?) - એ નિર્દ્વંદ્વની વ્યાખ્યા થઈ.

(૨૬) (નિર્મમની વ્યાખ્યા :) ભગવાન આત્મા નિર્મમ છે. મમ અર્થાત્ રાગાદિ મારા છે એવું આત્મામાં છે નહીં. વ્યવહાર રત્નત્રયનો વિકલ્પ મારો છે એવું પણ વસ્તુમાં નથી. કારણ કે વસ્તુમાં વિકલ્પ ક્યાં છે ? અહા ! શુદ્ધભાવ અધિકારે રેલમછેલ કરી નાખી છે. કહે છે કે **'પ્રશસ્ત-અપ્રશસ્ત સમસ્ત મોહ-રાગ-દ્વેષનો અભાવ હોવાથી...'** જોયું ? પ્રશસ્ત રાગ - શુભરાગ પણ લીધો છે હો. અને તે પણ **'સમસ્ત મોહ-રાગ-દ્વેષ'** એમ કહેવું છે ને ? તેથી પ્રશસ્ત મોહ-રાગ-દ્વેષ પહેલાં લીધાં છે. તો, ભગવાનનો પ્રેમ વગેરે જે બધો પ્રશસ્ત રાગ છે તે બધોય સ્વરૂપમાં નથી. અને અપ્રશસ્ત રાગ સ્વરૂપમાં નથી એ તો ઠીક (-સાધારણ) વાત છે, કેમ કે એ તો લૌકિક છે. પ્રશસ્ત-અપ્રશસ્ત મોહ તેમ જ પ્રશસ્ત-અપ્રશસ્ત રાગ-દ્વેષનો - બધાયનો અભાવ હોવાથી એટલે કે એકપણ વિકલ્પનો - શુભ વિકલ્પનો પણ - અંદરમાં અભાવ હોવાથી **'આત્મા નિર્મમ છે.'** વિકલ્પની પણ મમતા - વિકલ્પ મારો છે એવી મમતા - આત્મામાં છે નહીં. તો પછી આ મકાનો, મંદિરો કે આ પુસ્તકોનાં ઠાઠ - એ કોઈપણ આત્માના નથી. માટે આત્મા મમ (-મમતા) રહિત છે. લ્યો, આત્મા નિર્મમ છે અર્થાત્ મમ રહિત છે. જેમ નાના છોકરાને 'મમ લે, મમ લે' એમ કરે તો ખાય ને ? તેમ આત્માને રાગનો ખોરાક (-મમ) જ નથી. પાપ ને પુણ્યના પરિણામરૂપ 'મમ' આત્મામાં નથી. માટે તે નિર્મમ છે.

(૨૭) (નિઃશરીરની વ્યાખ્યા :) વળી **'નિશ્ચયથી'** ખરેખર **'ઔદારિક'** - આ ઔદારિક શરીર ભગવાન આત્માને નથી. તો પછી આ શરીરથી ધર્મ થાય એ વાત જ ક્યાં રહી ?

પણ જીવિત શરીરથી તો ધર્મ થાય ને ?

અહીં તો કહે છે કે શરીર જ આત્મામાં નથી. તો પછી જીવિત શરીર ક્યાંથી આવ્યું ? પણ વાત એ છે કે અજ્ઞાની મૂળ વસ્તુ જ સમજ્યો નથી અને છતાં મોટાં - પંડિત - નામ ધરાવવાં છે. એટલે પછી 'સંસ્કૃત, વ્યાકરણ ને બીજામાં આમ છે' - એમ તે કહે છે. પણ ભાઈ ! તારી દૃષ્ટિમાં જ ફેર છે, તેથી જેટલું વાંચીશ તેટલું બધુંય તને તો ઊંધુ જ પડશે.

અહીં કહે છે કે નિશ્ચયથી ઔદારિક શરીર આત્મામાં નથી. **'વૈક્રિયિક'** - નારકીને અને દેવને વૈક્રિયિક શરીર હોય છે ને ? તે પણ આત્મામાં નથી. **'આહારક'** લ્યો, ઠીક. આહારકઋદ્ધિધારી મુનિને આહારક શરીર હોય છે ને ? તે આહારક શરીર પણ

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આત્મામાં નથી. **'તૈજસ'** - શરીરમાં ગરમી લાગે છે ને ? તે અંદર તૈજસ શરીર છે તેને કારણે છે અને તે તૈજસ શરીર પણ આત્મામાં નથી. **'કાર્મણ'** લ્યો, કાર્મણ શરીર આત્મામાં નથી. આઠેય કર્મનો કોઠો (-સમૂહ) એ કાર્મણ શરીર છે અને તે પણ આત્મામાં નથી. કાર્મણ શરીર જ આત્માને નથી એમ કહે છે.

ત્યારે કાર્મણ શરીર જડને હશે ?

ભાઈ ! એ કાર્મણ શરીર પોતે જડ છે. માટે તે ચૈતન્યમાં નથી.

પરંતુ એમ પણ કહેવાય છે ને કે આત્મા આઠ કર્મ સહિત છે ? આત્મા આઠ કર્મથી બંધાયેલો છે ?

ભાઈ ! એ તો બધો વ્યવહાર છે, નિમિત્ત-નૈમિત્તિકસંબંધની વ્યાખ્યા (-કથની) છે. નિમિત્ત-નૈમિત્તિકસંબંધે કર્મ છે, છતાં વસ્તુમાં છે નહીં. કહે છે કે એ **'નામનાં પાંચ શરીરોના સમૂહનો અભાવ હોવાથી આત્મા નિઃશરીર છે.'**

ક્યારે ? શરીર જુદું પડે ત્યારે ને ? અત્યારે તો નહીં ને ?

ત્રણે કાળે. ત્રણે કાળે આત્મા નિઃશરીર છે.

(૨૮) (નિરાલંબની વ્યાખ્યા :) **'નિશ્ચયથી પરમાત્માને પરદ્રવ્યનું અવલંબન નહીં હોવાથી....'** અહીં પરમાત્મા એટલે આ આત્મા હો, પણ બીજા ભગવાન કે અન્ય કોઈ નહીં. પરમાત્મા = પરમ + આત્મા = ઉત્કૃષ્ટ આત્મા; આખું સ્વરૂપ; પરમ સ્વરૂપ. તો, પોતાનો ત્રિકાળી શુદ્ધસ્વભાવ કે જે પરમ સ્વરૂપ છે તેને અહીંયા પરમાત્મા કહે છે. મતલબ કે ત્રિકાળી શુદ્ધભાવને પરમસ્વરૂપ — પરમાત્મા - કહેવાય છે.

નિશ્ચયથી એવા પરમાત્માને **'પરદ્રવ્યનું અવલંબન નહિ હોવાથી આત્મા નિરાલંબ છે'** - આત્માને પરંદ્રવ્યનો આધાર અને અવલંબન નથી. લ્યો, દેવ-ગુરુ-શાસ્ત્રનું અવલંબન - આલંબન - પણ આત્માને અત્યારે નથી એમ કહે છે. વસ્તુને પરનું આલંબન કેવું ? વસ્તુમાં જ્યાં વિકલ્પ પણ નથી ત્યાં વિકલ્પના નિમિત્તોનું આલંબન ક્યાંથી આવ્યું ? અહા ! (મંદિરાદિ) તો તેના બનવાના કાળે બને છે. બાકી તેને બનાવે કોણ ? (હા,) તેની જોડે (તે વખતે) જે રાગ હોય તેને શુભ વિકલ્પ કહેવાય છે, છતાં પણ તે વિકલ્પ કાંઈ સ્વરૂપમાં નથી.

ત્યારે એવો વિકલ્પ શું કરવા કરવો ?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વિકલ્પને કરે કોણ ? એ તો આવે અને જ્યારે વિકલ્પ આવે ત્યારે તેને (જ્ઞાની) જાણે છે. અહીં કહે છે કે પરમાત્માને અર્થાત્ પરમ સ્વરૂપ એવા પર્યાય વિનાના આ ભગવાન આત્માને - કે જે ધ્રુવ, નિત્ય ને ત્રિકાળી શુદ્ધભાવ છે તેને - પરદ્રવ્યનું અવલંબન નહિ હોવાથી તે નિરાલંબ છે. લ્યો, આ બોલમાં દેવ-શાસ્ત્ર-ગુરુનું પણ આત્માને આલંબન નથી એમ કહે છે.

**પ્રશ્ન:-** એ તો દ્રવ્યને દેવ-શાસ્ત્ર-ગુરુનું આલંબન નથી, પરંતુ પર્યાયને તો તેમનું આલંબન છે ને ?

**સમાધાન:-** ભાઈ ! પર્યાયને પણ દેવ-શાસ્ત્ર-ગુરુનું આલંબન નથી. જેણે નિરાલંબ દ્રવ્યની દૃષ્ટિ કરી તેના પર્યાયને પણ દેવ-શાસ્ત્ર-ગુરુનું અવલંબન નથી. એવી વાત છે ! જો કે અહીં તો વસ્તુની વાત કરે છે, છતાં પણ વસ્તુના દૃષ્ટિવંતને પણ બધું આમ જ છે. (અર્થાત્ જ્ઞાની પણ નિર્દંડ, નિર્દ્વંદ્વ વગેરે છે.)

**શ્રોતા:-** ભૂલ નીકળી જાય તો કલ્યાણ થઈ જાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી:-** શું ભૂલ તેની મેળાએ નીકળે ? એ તો પુરુષાર્થ કરે તો ભૂલ નીકળે ને ? અહીં કહ્યું કે ભગવાન આત્મા નિરાલંબ છે. તેને કોઈ પર (ચીજ) કે વિકલ્પનું આલંબન નથી. એવી એ ચીજ છે. અહા ! શુદ્ધભાવમય વસ્તુ કે જે ધ્રુવ સ્વભાવી છે તેને કોઈનું અવલંબન નથી. માટે તે નિરાલંબ ચીજ છે. તથા એવી દૃષ્ટિ કરનારના પર્યાયને પણ કોઈનું આલંબન નથી.

આ મૂર્તિ, મંદિર વગેરે બધાંનું તો આલંબન છે ને ?

ભાઈ ! એ તો શુભભાવ હોય ત્યારે ત્યાં લક્ષ જાય છે. બાકી વસ્તુમાં તે (વિકલ્પ ને મૂર્તિ વગેરે) નથી તેમ જ વસ્તુને તેનું આલંબન પણ નથી. કેમ કે તે નિરાલંબ ચીજ છે.

- એ ૨૮ મો નિરાલંબનો બોલ થયો.

(૨૯) (નીરાગની વ્યાખ્યા :) **'મિથ્યાત્વ'** - વિપરીત માન્યતા પર્યાયમાં છે, પણ વસ્તુમાં છે નહીં. 'વેદ' - સ્ત્રી, પુરુષ, નપુંસકની વાસના પર્યાયમાં છે, પણ વસ્તુમાં નથી. કેમ કે વસ્તુ તો વાસના વિનાની નિર્મળ, અખંડ ને પરમ બ્રહ્મસ્વરૂપ છે. અને તેને દૃષ્ટિમાં લેતાં સમ્યગ્દર્શન થાય છે. હવે કહે છે કે **'રાગ, દ્વેષ, હાસ્ય, રતિ, અરતિ, શોક, ભય, જુગુપ્સા, ક્રોધ, માન, માયા અને લોભ'** - એ બધા પણ વસ્તુમાં નથી. આ **'નામનાં ચૌદ અભ્યંતર પરિગ્રહોનો અભાવ હોવાથી આત્મા નીરાગ છે.'** રાગ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સંબંધી બધા પ્રકારો (-ભેદો) વસ્તુમાં નથી અને આવો ત્રિકાળી શુદ્ધભાવ ત્રણે કાળે તદ્દન નીરાગી-વીતરાગી છે એમ કહે છે.

અહા ! આત્મા નીરાગ છે અર્થાત્ એ તો વીતરાગતાની મૂર્તિ છે. અને આવા અરૂપી, નીરાગી, ચૈતન્યઘન આત્માને 'ખરેખર આત્મા' એટલે કે શુદ્ધભાવ કહેવામાં આવે છે. તથા તેનું શરણ લેતાં - તેને આશ્રયે જતાં - જે દશા પ્રગટ થાય તેને ધર્મ કહેવામાં આવે છે. અહા ! આત્મા નીરાગ-વીતરાગ છે. કારણ કે જો તે વીતરાગ ન હોય તો વીતરાગ પર્યાય આવશે ક્યાંથી ?

દ્રવ્યમાં પર્યાય નથી ને ?

દ્રવ્યમાં (વર્તમાન) પર્યાય નથી, છતાં પણ બીજા બધા (ભૂત ને ભાવિના) પર્યાયો દ્રવ્યમાં શક્તિરૂપે છે. શક્તિરૂપે (ભૂત ને ભાવિના) બધા પર્યાયો દ્રવ્યમાં છે. નિશ્ચયથી દ્રવ્ય, કે જે નીરાગ છે તે, નીરાગ જ છે અને પર્યાયમાં વીતરાગતા થાય છે તે જુદી વસ્તુ (-બીજી અપેક્ષા) છે. કેમ કે તે તો પર્યાય અપેક્ષાએ વીતરાગતા થાય છે.

અહીં કહે છે કે તદ્દન વીતરાગમૂર્તિ જ આત્મા છે. અકષાયસ્વભાવ સ્વરૂપ જ આત્મા છે. ભલે તેનું ક્ષેત્ર નાનું હોય, છતાં પણ તેના સ્વભાવની અપરિમિતતા - બેહદતા - છે, તેના સ્વભાવની હદ નથી. આવો વીતરાગ સ્વભાવ જેમાં પરિપૂર્ણ પડ્યો છે તે આત્માને આશ્રયે વીતરાગતા થાય છે, પણ વ્યવહાર ક્રિયાકાંડને આશ્રયે વીતરાગતા થતી નથી. કેમ કે એ તો રાગ છે. માટે વ્યવહાર ક્રિયાકાંડને આશ્રયે વીતરાગતા ન થાય.

વ્યવહાર ક્રિયાકાંડ વીતરાગતા પ્રગટ કરવામાં મદદ તો કરે ને ?

(જો તારે વીતરાગતા પ્રગટ કરવી હોય તો) વીતરાગી આત્માની મદદ લે ને ? આત્મા કે જે વીતરાગસ્વભાવી છે તેની મદદ લે. બાકી જે આ અન્ય વીતરાગી (ભગવાન) છે તે પણ તને ક્યાં કાંઈ આપી દે એવું છે. કારણ કે તેમની પાસે ક્યાં તારી વીતરાગતા છે કે તને આપે. (ખરેખર તો) વીતરાગદેવ આત્મા જ છે. તેથી પોતાનું વીતરાગસ્વરૂપ છે તેની સહાયથી જ વીતરાગતા પ્રગટે છે. પણ અન્ય વીતરાગદેવની સહાયથી વીતરાગતા પ્રગટે છે એમ છે નહીં. અરે ! વસ્તુ તે વસ્તુ છે ને ? અહા ! શ્રી કુંદકુંદાચાર્યે શુદ્ધભાવ અધિકારમાં બીજું બધું કાઢીને એકલો વીતરાગમૂર્તિ પ્રભુ આત્મા બતાવ્યો છે.

અહા ! જે અકષાયરસરૂપ - અકષાયસ્વભાવમય - ભાવ છે તે જ નિશ્ચયથી જીવ છે, ખરેખર આત્મા છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વીતરાગ પ્રતિમાના દર્શન કરવાનો હેતુ શું છે ?

શુભભાવ, પણ ધર્મ નહીં તથા વીતરાગ પ્રતિમાના દર્શન કરવા એ પણ શુભભાવ છે, પરંતુ તે ધર્મ નથી. અહા ! આ વાત જુદી છે હો.

તો પછી દર્શન કરવા કે ન કરવા ?

કોણ કહે છે કે દર્શન કરવા કે ન કરવા ? એ તો એવો શુભભાવ હોય છે અને ત્યારે એવી ક્રિયા પણ થાય છે. છતાં પણ તે છે હેય. એ પરચીજ (દેવ-શાસ્ત્ર-ગુરુ) આત્માને ધર્મનું - સમ્યગ્દર્શનનું - કારણ બિલકુલ છે નહીં. કેમ કે જુઓ ને ? અહીં આત્માને નિરાલંબ કહ્યો છે ને ? આવો ભારે મારગ છે આ. અરે ! દેવ-શાસ્ત્ર-ગુરુ તો ધર્મનું કારણ નહીં, પરંતુ તેમની શ્રદ્ધાનો રાગ પણ આત્માને સમ્યગ્દર્શનનું કારણ નથી. આવી બહુ ભારે વાત છે ભાઈ !

**શ્રોતા:-** બીજો કોઈ આવું કહી શકે નહીં.

**પૂજ્ય ગુરુદેવશ્રી:-** પણ શાસ્ત્રમાં આ વાત છે કે નહીં ? જુઓ, શાસ્ત્રમાં આમ લખ્યું છે કે નહીં ? અને જ્યાં અંદરમાં (-શાસ્ત્રમાં) જ આમ લખ્યું છે ત્યાં તેનો અર્થ કરનાર પણ બીજું શું કહે ? અહા ! અનંત તીર્થંકરો, અનંત સંતો-મુનિઓ અને અનંત સમકિતીઓ આ વાત કહેતાં આવે છે કે સિદ્ધ અને પંચ પરમેષ્ઠિને આશ્રયે પણ તને સમકિત નહીં થાય. કેમ કે તેઓ પરદ્રવ્ય છે ને ? અને પરદ્રવ્યને આશ્રયે તો વિકલ્પ જ થાય. (હા), તેઓ (નિમિત્તરૂપે) હોય છે તે જુદી વાત છે. પરંતુ તેમનાથી ધર્મ થાય એમ બિલકુલ - કિંચિત્‌પણ - નથી.

તો પછી આવી (મંદિરો કરવા, પ્રતિષ્ઠા કરવી વગેરે) બધી ધમાલ શેની છે ?

અરે ! સાક્ષાત્ ત્રણ લોકના નાથ વીતરાગદેવ પણ જ્યાં સમકિતનું કારણ નથી ત્યાં મૂર્તિ ને મંદિરની તો વાત જ ક્યાં કરવી ? છતાં વ્યવહાર-શુભભાવ હોય છે તેમ જ તે વ્યવહારનું આલંબન એ પરચીજ છે એમ પણ કહેવાય છે. મતલબ કે જ્યારે શુભભાવ આવે ત્યારે એ દેવ-શાસ્ત્ર-ગુરુ નિમિત્તરૂપે હોય છે તે વાત બરાબર છે, પરંતુ તેમનાથી આત્માને સમ્યગ્દર્શન થાય તે વાત ખોટી છે. સંતો એમ કહે કે ગિરનાર પર્વત ઉપર ભગવાન, આચાર્યો વગેરે પધાર્યાં હતાં. માટે ગિરનાર પર્વત મુનિઓને પણ પૂજ્ય છે. - આવું સ્તુતિમાં આવે છે કે નહીં ? એનો અર્થ એ છે કે તે વખતે એવો શુભભાવ હોય છે એટલે ગિરનાર પર્વત પૂજ્ય છે એમ કહેવામાં આવે છે. બાકી નિશ્ચયથી તો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પોતે ભગવાન આત્મા જ ગિરનાર ને શત્રુંજય છે તથા પૂજ્ય છે. આવું છે ભાઈ ! ભારે કામ બાપા ! અહા ! આવો માર્ગ છે.

અહા ! અંતરની નજર વડે નજરે પડે એવો એ ભગવાન (આત્મા) જ શરણ છે. બાકી બહારની નજરમાં નજરે પડે એવા એ (પર) ભગવાન પણ શરણ નથી.

(૩૦) (નિર્દોષની વ્યાખ્યા :) હવે આ નિર્દોષની વ્યાખ્યા છે. કહે છે કે આત્મા કેવો છે ? કે નિર્દોષ છે. ભગવાન આત્મા કે જે શુદ્ધ ચૈતન્યઘન ને શુદ્ધભાવરૂપ ધ્રુવ છે તે **'નિશ્ચયથી સમસ્ત પાપમળકલંક....'** પાપ શબ્દે પુણ્ય ને પાપ - બન્ને હો. પુણ્ય ને પાપ - બન્ને ભાવ પાપ છે. તે **'પાપમળકલંકરૂપી કાદવને ધોઈ નાખવામાં સમર્થ, સહજ-પરમવીતરાગ-સુખસમુદ્રમાં મગ્ન'** - આ વસ્તુની વાત છે હો. (અર્થાત્ વસ્તુ ત્રિકાળી આત્મા સુખસમુદ્રમાં મગ્ન છે એમ કહે છે. એટલે કે આ પર્યાયની વાત નથી, પણ ત્રિકાળી દ્રવ્યની વાત છે.) આત્મતત્ત્વ તો સ્વાભાવિક-પરમવીતરાગ-સુખસમુદ્રમાં ડૂબેલું છે. **'પ્રગટ સહજાવસ્થાસ્વરૂપ....'** આ ત્રિકાળી દ્રવ્યની વાત છે હો, પણ અવસ્થાની વાત નથી. પ્રગટ = ધ્રુવ; સહજ = સ્વાભાવિક; અવસ્થા = અવ + સ્થા = નિશ્ચય સ્થાન. તો, ધ્રુવ, સ્વાભાવિક ને નિશ્ચય સ્થાનસ્વરૂપ **'જે સહજજ્ઞાનશરીર'** - આવું જે સહજજ્ઞાનસ્વરૂપ છે અર્થાત્ ત્રિકાળ જ્ઞાનમૂર્તિ ને અરૂપી ઘન એવું જે સહજજ્ઞાનસ્વરૂપ છે **'તેના વડે પવિત્ર હોવાને લીધે આત્મા નિર્દોષ છે.'** લ્યો ઠીક, આવી પવિત્રતાને કારણે આત્મા નિર્દોષ છે.

અહા ! આત્મા ત્રણે કાળે નિર્દોષ વસ્તુ છે. કેમ કે દોષાદિ તો પર્યાયની અંદરમાં છે. જો કે પર્યાયમાં દોષ છે, પર્યાય દોષવાળી છે એ વ્યવહાર વ્યવહારે સત્ય છે. પરંતુ ત્રિકાળી આત્માની અપેક્ષાએ તે અસત્ય-જૂઠું છે. તેથી ભગવાન આત્મા ત્રિકાળ નિર્દોષ છે. પણ જો ભગવાન આત્મા ત્રણે કાળે નિર્દોષ ન હોય તો નિર્દોષતા આવે છે ક્યાંથી ? શું રાગમાંથી નિર્દોષતા આવે છે ? (ના, કેમ કે દોષમાંથી નિર્દોષતા કેમ આવે ?) તેમ જ શું રાગ ટળે છે તેમાંથી નિર્દોષતા આવે છે ? (ના.) કેમ કે જે જાય (-ટળે) છે તેમાંથી નિર્દોષતા કેમ આવે ? માટે આત્મા નિર્દોષસ્વરૂપ છે (અને તેમાંથી નિર્દોષતા આવે છે). ત્રિકાળ પવિત્રતાનો પીંડ હોવાને લીધે આત્મા નિર્દોષ છે, આત્મસ્વરૂપ નિર્દોષ છે. અરે ! પોતાની મોટપની વાત તેણે સાંભળી નથી.

એટલે શું ?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કે મારી મોટપ મારાથી પ્રગટે છે એમ ન માનતા કંઈક બીજું જોઈએ (-કોઈ બીજાની મદદ જોઈએ) એમ તેણે માન્યું છે. એટલે તેનો અર્થ એ થયો કે પોતાની મોટપની વાત તેણે સાંભળી નથી. પણ ભાઈ ! પોતાની મોટપ પ્રગટાવવામાં પરદ્રવ્યની મદદ હોય તો પ્રગટે એવો વસ્તુનો સ્વભાવ જ નથી. છતાં અરે ! એ વાત તેને ગોઠતી નથી અને આ પરદ્રવ્ય હોય, આ હોય તો મારી મોટપ પ્રગટે એમ તે માને છે. આવી ચીજ છે ! અહા ! વસ્તુ તો આ છે.

અહીં કહ્યું કે ભગવાન આત્મા નિર્દોષ છે.

ભગવાન આત્મા એટલે કોણ ?

એક સમયના પર્યાય વિનાનું તત્ત્વ અર્થાત્ પોતાનો આત્મા. ધ્રુવ..ધ્રુવ, નિત્ય ને શુદ્ધભાવ એવો આ આત્મા ભગવાન છે અને તે નિર્દોષ છે.

(૩૧) (નિર્મૂઢની વ્યાખ્યા :) હવે, આત્મા નિર્મૂઢ છે તે વાત કરે છે : **'સહજ નિશ્ચયનયથી'** - સ્વાભાવિક નિશ્ચયજ્ઞાનના વિષયને જોઈએ તો **'સહજ જ્ઞાન'** - સ્વાભાવિક જ્ઞાન અર્થાત્ પ્રગટ પર્યાય નહીં પણ ત્રિકાળ જ્ઞાનસ્વભાવ, **'સહજ દર્શન'** - ત્રિકાળ દર્શનસ્વભાવ, **'સહજ ચારિત્ર'** - સહજ વીતરાગસ્વભાવ એટલે કે આત્માનો ત્રિકાળી ચારિત્રસ્વભાવ કે જે આત્મામાં ત્રિકાળ પડ્યો જ છે તે, **'સહજ પરમવીતરાગ સુખ'** - આત્મામાં જે સ્વાભાવિક પરમ વીતરાગ આનંદ છે તે. મતલબ કે અમૃતસાગર ભગવાન આત્મા તો વીતરાગ સુખની મૂર્તિ છે, જ્યારે આ રાગવાળું સુખ - સુખની કલ્પના - તો ઝેર છે.

અહા ! બે-પાંચ કરોડ રૂપિયાની મુડી હોય, તેમાં એકનો એક દીકરો હોય, તેના લગ્ન થતા હોય, તેમાં વળી પાંચ-પચીસ લાખ રૂપિયા ખર્ચવાના હોય અને લગ્નમાં એકાદ-બે હાથી લાવ્યાં હોય તો તે (-અજ્ઞાની) માને કે અહાહા ! મને સુખ છે. તેને એમ થાય કે અહો ! અહો ! પણ ભાઈ ! એ સુખની કલ્પના તો ઝેર છે. પરમાં સુખની આવી જે કલ્પના છે તે વીતરાગ પર્યાયને ઉત્પન્ન થવા દેતી નથી. કેમ કે કોઈપણ પર ચીજમાં કંઈપણ સુખની પ્રસંશા આવે (-કલ્પના થાય) તે બધો મિથ્યાત્વરૂપી ભ્રમભાવ છે.

જુઓ, અહીં ભાષા કેવી કરી છે ? કે **'સહજ પરમવીતરાગ સુખ'** - આત્મા વીતરાગ સુખનો દરિયો છે. કેમ કે આત્મા વસ્તુ છે ને ? અને સુખ એ આત્માનો સ્વભાવ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે ને ? તથા તે સુખ ત્રિકાળ છે એટલે કે તે અણ-ઉત્પન્ન ને અવિનાશી છે. આ રીતે આત્મા વીતરાગ આનંદમય છે. તો, એ **'સહજ પરમવીતરાગ સુખ વગેરે અનેક પરમ ધર્મોના આધારભૂત'** - અનેક પરમ સ્વભાવોના આધારભૂત **'નિજ પરમતત્ત્વને જાણવામાં સમર્થ હોવાથી'** - પોતાનું ત્રિકાળી પરમતત્ત્વ છે તેને જાણવામાં સમર્થ હોવાથી **'આત્મા નિર્મૂઢ છે.'** - ત્રિકાળી આત્મા નિર્મૂઢ છે. ત્રિકાળી આત્માને જાણવા માટે સમર્થ હોવાથી ત્રિકાળી આત્મા નિર્મૂઢ જ છે.

**'અથવા'...** ત્રિકાળી આત્મા તો નિર્મૂઢ છે જ. કેમ કે ત્રિકાળી વસ્તુને જાણવામાં ત્રિકાળી આત્મા શક્તિવંત છે. પણ હવે વર્તમાન પર્યાયની — કેવળજ્ઞાનની - વાત કરે છે : **'અથવા સાદિ-અનંત'** — જ્યારથી કેવળજ્ઞાન પ્રગટે છે ત્યારથી તેની આદિ છે. પૂર્ણાનંદની સાથે પ્રગટેલાં કેવળજ્ઞાનની આદિ છે, શરૂઆત છે. કેમ કે તે પર્યાય છે ને ? પર્યાયની આદિ હોય છે, જ્યારે ત્રિકાળી દ્રવ્ય-ગુણના આદિ કે અંત ન હોય. તો, કેવળજ્ઞાન પર્યાય સાદિ છે - તેની શરૂઆત થઈ છે, છતાં પણ તે અનંત છે - તેનો ક્યારેય હવે નાશ નથી. **'અમૂર્ત'** - આત્માની પ્રગટદશા જે કેવળજ્ઞાન પર્યાય છે તે અમૂર્ત છે. આ પ્રગટદશાની વાત ચાલે છે હો.

કહે છે કે **'અતીંદ્રિયસ્વભાવવાળા'** - કેવળજ્ઞાન અતીંદ્રિયસ્વભાવવાળું છે, તેનો અતીંદ્રિયસ્વભાવ છે. કેવળજ્ઞાનને કોઈ ઈંદ્રિયનું નિમિત્ત કે આલંબન છે નહીં. માટે તેનો અતીંદ્રિયસ્વભાવ છે. આ કેવળજ્ઞાન અતીંદ્રિયસ્વભાવી છે એમ કહે છે હો. અહા ! વસ્તુ (-આત્મા) તો અતીંદ્રિયસ્વભાવી છે જ, પરંતુ આ કેવળજ્ઞાનનો પર્યાય પણ અતીંદ્રિયસ્વભાવી છે એમ કહે છે. હવે કહે છે કે **'શુદ્ધસદ્‌ભૂતવ્યવહારનયથી.....'** શુદ્ધ = કેવળજ્ઞાન પર્યાય શુદ્ધ છે માટે શુદ્ધ; સદ્‌ભૂત = કેવળજ્ઞાન આત્માનો પર્યાય છે, આત્માનો અંશ છે તથા આત્મામાં છે માટે સદ્‌ભૂત અને વ્યવહાર = કેવળજ્ઞાનનો પર્યાય એક ભેદ છે માટે વ્યવહાર. તો, **'શુદ્ધસદ્‌ભૂતવ્યવહારનયથી ત્રણ કાળના અને ત્રણ લોકના સ્થાવર-જંગમસ્વરૂપ....'** સ્થાવર = સ્થિર ને જંગમ = ગતિ કરનારા. **'સમસ્ત દ્રવ્ય-ગુણ-પર્યાયોને એક સમયે જાણવામાં સમર્થ સકળ-વિમળ (સર્વથા નિર્મળ) કેવળજ્ઞાનરૂપે અવસ્થિત થવાથી'** - પોતાની દશા એવા કેવળજ્ઞાનરૂપે અવસ્થિત થવાથી **'આત્મા નિર્મૂઢ છે.'** આ રીતે ત્રિકાળી (દ્રવ્યની અપેક્ષાએ પણ) આત્મા નિર્મૂઢ છે અને કેવળજ્ઞાનના પર્યાયની અપેક્ષાએ પણ નિર્મૂઢ છે.

અહા ! કેવળજ્ઞાન ત્રણ કાળના ને ત્રણ લોકના સ્થાવર-જંગમસ્વરૂપ બધાં દ્રવ્ય-

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ગુણ-પર્યાયોને એક સમયમાં જાણે છે. 'ક' બોલતાં અસંખ્ય સમય થાય છે તેના એક સમયમાં ત્રણ કાળ ને ત્રણ લોકને જાણે એવી આત્માના પર્યાયની તાકાત છે. અને તેનાથી (-ત્રણ કાળ ને ત્રણ લોકથી) અનંતગણું જાણવાનું હોત તો તેને પણ જાણી શકે એવી કેવળજ્ઞાનની તાકાત છે. (આવા કેવળજ્ઞાનસ્વરૂપ આત્મા છે.) તો, આવો આત્મા જેની દૃષ્ટિમાં બેસે અને આત્માની આવી દોલત જેને નજરમાં દેખાય તે તો ન્યાલ થઈ ગયો. બાકી આ ધૂળની દોલત દેખાય છે તેમાં તો કાંઈ ન મળે. એનાથી તો તે હેરાન-હેરાન થશે. છતાં અજ્ઞાની મરતાં-મરતાં પણ 'આનું આમ કરજો ને આનું આમ કરજો' એમ કહેતો જાય છે. પણ ભાઈ ! રહે ને હવે ? હવે તારું કર ને ? તારે ક્યાંક બીજે જાવું છે ત્યાં આ શું માંડ્યું છે ? આવી ભારે વાત છે !

અહીં કહે છે કે ભગવાન આત્મા નિર્મૂઢ છે. તેના બે અર્થ કર્યા : (૧) પોતાના ત્રિકાળી સ્વરૂપને — કે જે અનંત (-સહજ) જ્ઞાન-દર્શન-આનંદ આદિ ધર્મોના આધારભૂત વસ્તુ છે તેને — જાણવામાં ત્રિકાળી આત્મા સમર્થ છે. માટે ત્રિકાળી આત્મા નિર્મૂઢ છે. અને (૨) જે પ્રગટ અવસ્થારૂપ (કેવળજ્ઞાનનો) પર્યાય છે તે ત્રણ કાળના ને ત્રણ લોકના બધાં દ્રવ્ય-ગુણ-પર્યાયોને એક સમયે જાણવામાં સમર્થ છે (અને તે રૂપે આત્મા અવસ્થિત છે.) માટે આત્મા નિર્મૂઢ છે. એટલે કે આત્માને કાંઈ જાણવું બાકી નથી માટે નિર્મૂઢ છે.

લ્યો, કેટલાક (અજ્ઞાની) કહે છે કે કેવળજ્ઞાને આત્માને અનાદિ જાણ્યો, પણ તેની આદિ કેમ ન જાણી ? તેમ જ કેવળજ્ઞાને - ભગવાને - મારો છેલ્લો પર્યાય કયો છે તે જાણ્યો છે ? ભાઈ ! જો તારો છેલ્લો પર્યાય છે, તો તે પછી શું તું - દ્રવ્ય - નહીં રહે ? અહા ! અજ્ઞાનીને તત્ત્વની - અરે ! એક પણ તત્ત્વની - ખબર નથી. અહીં તો કહે છે કે કેવળજ્ઞાન ત્રણ કાળના ને ત્રણ લોકના બધાં દ્રવ્ય-ગુણ ને પર્યાયોને એક સમયમાં જાણે છે.

**પ્રશ્નઃ-** પણ એક સમયમાં બધું જાણ્યું એટલે (પર્યાયનો) અંત તો આવી ગયો કે નહીં ? બધું જાણ્યું માટે છેલ્લો પર્યાય પણ જાણ્યો કે નહીં ? બધાય પર્યાયો જાણવામાં આવી ગયા એટલે પહેલો પર્યાય પણ જાણવામાં આવી ગયો ને ? અને છેલ્લો પર્યાય પણ જાણવામાં આવી ગયો ને ?

**સમાધાનઃ-** ભાઈ ! છેલ્લો પર્યાય કેવો ને પહેલો પર્યાય કેવો ? એ તો જે છે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તે છે, એમ ને એમ છે...છે...ને છે. બસ, તેની આદિ કે અંત નથી. અહા ! જૈનદર્શનનો કોઈ પણ ભાવ પકડવો સૂક્ષ્મ છે. અહીં પણ એ કહ્યું ને ? અહીં એ વાત ન આવી ? જુઓ, આમાં શું આવ્યું ? કે **'સમસ્ત દ્રવ્ય-ગુણ-પર્યાયોને એક સમયે જાણવામાં સમર્થ'** એટલે કે ભૂત, વર્તમાન ને ભવિષ્ય - બધા પર્યાયોને એક સમયમાં કેવળજ્ઞાન જાણે છે.

તો, જ્ઞાનમાં બધા પર્યાયો આવી ગયા ને ? શું જ્ઞાનમાં બધા પર્યાયો નથી આવ્યાં ?

(હા), બધા પર્યાયો જ્ઞાનમાં આવ્યાં છે. પણ તે પર્યાયો કેવી રીતે જણાયા છે ? કે પર્યાયો અનાદિકાળથી થતાં આવે છે અને અનંત...અનંત...અનંતકાળ સુધી થતાં રહેશે એવી રીતે જ્ઞાનમાં આવ્યા છે. અહા ! હજી તો જ્ઞાનનો પર્યાય આવડો (મોટો) છે તેની પણ જેને ખબર ન મળે તેને આત્માની શ્રદ્ધા ને આત્માનું જ્ઞાન તો ક્યાંથી થાય ?

અરે ! અત્યારે તો આ કેવળજ્ઞાનસંબંધી બહુ ગોટા ઊઠ્યા છે. કોઈ તો કહે છે કે કેવળજ્ઞાન ભવિષ્યને તે થાય ત્યારે જાણે. કોઈ વળી કહે છે કે કેવળજ્ઞાન ભવિષ્યને વર્તમાન પર્યાયપૂર્વક જાણે છે. વળી કોઈ, કેવળજ્ઞાની જે જાણે છે તે તો બરાબર જાણે છે, પણ શ્રુતજ્ઞાની કેવળજ્ઞાનીની જેમ જાણે નહીં એમ કહે છે. - આવા કેટલાય ગોટા અહીંથી (કેવળજ્ઞાનની વ્યાખ્યા) નીકળ્યા પછી ઊઠ્યા છે હો. બાપુ ! કેવળજ્ઞાન તો તારું સ્વરૂપ છે. ભાઈ ! તારો એકલો જ્ઞાનસ્વભાવ છે. તો, એવી પૂર્ણ દશા જ્યાં પ્રગટી ત્યાં કેવળીને હવે જાણવાનું શું બાકી હોય ?

અહા ! જે જ્ઞાનસામર્થ્ય છે તે તો દ્રવ્યમાં છે, તેની આ વાત નથી. પરંતુ આ તો કેવળજ્ઞાનના પ્રગટ પર્યાયની વાત છે, જે પર્યાય પ્રગટ થાય છે તેની વાત છે. અર્થાત્ આ કેવળજ્ઞાનની વાત છે, શુદ્ધભાવની (-ત્રિકાળી દ્રવ્યની) નહીં. કેમ કે શુદ્ધભાવની વાત તો પહેલાં થઈ ગઈ છે, જ્યારે આ તો પ્રગટ પર્યાય આવો છે એમ કહે છે. માટે આ પ્રગટ પર્યાયની વાત છે. જુઓ, અહીં એ જ કહ્યું ને ? કે 'શુદ્ધસદ્ભૂત વ્યવહારનયથી' એટલે કે શુદ્ધસદ્ભૂત વ્યવહારનયથી આ વાત છે. તો, વ્યવહારનયથી કોની વાત કહેવાય ? કે વર્તમાન પર્યાયની વાત કહેવાય. શું ત્રિકાળી દ્રવ્યની વાત વ્યવહારનયથી કહેવાય ? તેની વાત વ્યવહારનયથી હોય જ નહીં, પણ પ્રગટ પર્યાયને વ્યવહારનયથી કહેવાય.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તેથી તો શુદ્ધસદ્‌ભૂત વ્યવહારનયનો અર્થ પહેલાં કહ્યો કે, શુદ્ધ = કેવળજ્ઞાન પવિત્ર છે; સદ્‌ભૂત = કેવળજ્ઞાન પોતાનામાં છે અને વ્યવહાર = કેવળજ્ઞાન ભેદરૂપ છે. આવા કેવળજ્ઞાને ત્રણ કાળ ને ત્રણ લોક જાણ્યા છે. -આમ અહીં કહ્યું છે. તેથી આ શક્તિમય દ્રવ્યની વાત નથી. તેની વાત તો પહેલાં આવી ગઈ છે.

અહા ! કેવળજ્ઞાન કે જેનાં (જ્ઞાનરૂપી) લોચન ખીલી ગયાં છે, જેની આંખો ખીલી ગઈ છે તે, કહે છે કે, એક સમયમાં બધું જાણે છે. તો, જ્યાં આત્માનો પર્યાય પણ આવડો શક્તિવાળો છે ત્યાં તેના દ્રવ્ય ને ગુણની તો શું વાત કરવી ? અને આવા આત્માને આત્મા તરીકે જાણે ને માને ત્યારે તેણે આત્મા જાણ્યો ને માન્યો કહેવાય. નહીંતર તેણે આત્મા જ જાણ્યો ને માન્યો નથી.

(૩૨) (નિર્ભયની વ્યાખ્યા) : **'સમસ્ત પાપરૂપી શૂરવીર શત્રુઓની સેના જેમાં પ્રવેશી શકતી નથી'.** લ્યો, ભગવાન આત્મા ધ્રુવ કિલ્લો છે એમ કહે છે. અહા ! એક સમયના પર્યાય વિનાનું જે નિત્ય આનંદરસકંદમય આખું તત્ત્વ છે - નિજ આનંદરસકંદમય જે ધ્રુવતત્ત્વ-સત્ત્વ છે - તેમાં **'સમસ્ત પાપરૂપી'** એટલે કે મિથ્યાત્વ-રાગ-દ્વેષાદિરૂપી શૂરવીર શત્રુઓની સેના પ્રવેશી શકતી નથી. એ ધ્રુવરૂપી કિલ્લામાં તેનો પ્રવેશ નથી. અને **'એવા નિજ શુદ્ધ અંતઃતત્ત્વરૂપ મહા દુર્ગમાં (કિલ્લામાં)....'** નિજ = પોતાના; શુદ્ધ = પવિત્ર; અંતઃતત્ત્વરૂપ = ત્રિકાળી સત્‌રૂપ; મહા દુર્ગમાં = મોટા કિલ્લામાં **'વસતો હોવાથી આત્મા નિર્ભય છે'** - આત્મા ત્રિકાળ નિર્ભય છે. જોયું ? આત્મા મજબૂત કિલ્લામાં રહેલો છે, તેથી તેને કોઈનો ઉપદ્રવ નથી એમ કહે છે.

અહા ! ભગવાન આત્મા તો એવા ધ્રુવ કિલ્લામાં વસે છે કે જેમાં દુશ્મનનો પ્રવેશ નથી. એટલે એમ કહે છે કે આ ભગવાન આત્મા ધ્રુવ કિલ્લો છે અને તે એવો કિલ્લો છે કે જેમાં મિથ્યાત્વાદિનો પ્રવેશ થઈ શકે નહીં.

**પ્રશ્ન:-** એટલે તો (આત્મા કિલ્લામાં વસે છે તેથી) તેની પ્રાપ્તિ જલ્દી થતી નથી ને ?

**સમાધાન:-** એ વાત ક્યાં કરી ? અહીં તો એમ કહેવું છે કે તે ધ્રુવ કિલ્લામાં બીજાનો પ્રવેશ નથી. અર્થાત્ ધ્રુવ આત્મામાં બીજી કોઈ ચીજ નથી. કેમ કે તે મહા કિલ્લામાં પડ્યો છે ને ? અને તે પ્રાપ્ત થઈ શકે છે. અહીં તો (મૂળ) એ કહેવું છે કે નિત્ય પ્રભુ આત્મા રાગ-દ્વેષ વિનાની ચીજ છે. એ તો ઠીક, પરંતુ તેમાં એક સમયનો જે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પ્રગટ પર્યાય છે તે પણ નથી. અરે ! એવી ને એવી રહેનાર ચીજમાં જ્યાં પર્યાયનો પણ પ્રવેશ નથી તો પછી આવા (-મિથ્યાત્વાદિ) શત્રુઓનો પ્રવેશ તો ક્યાંથી જ હોય? અહા ! આત્માનું એક વર્ણન તો જુઓ ! (જુઓ ને ! આત્માનું વર્ણન કેવું કર્યું છે !) અરે ! તેની જાતને તેણે સાંભળી પણ નથી.

જેમ સારા ઘરની કન્યાને સાસરે વળાવવી હોય ત્યારે કરીયાવર પાથરીને બધાંને બતાવે છે ને ? તેમ અહીંયા ભગવાન, આત્માને મોક્ષમાં વળાવવા માટે, તારી કિંમત આવી છે એમ કહે છે. આ શાસ્ત્રમાં (આત્માની વાત કરીને) હેતુ તો મોક્ષપ્રાપ્તિનો છે ને ? કે માત્ર વાત કરવાનો જ છે ? (મોક્ષપ્રાપ્તિનો હેતુ છે.) તેથી કહે છે કે ભગવાન ! તારામાં એટલી-એટલી કિંમત ભરી છે (-તારી એટલી બધી કિંમત છે) કે તારું મૂલ્યાંકન થઈ શકે નહીં. શ્રીમદ્ રાજચંદ્રજીની 'મોક્ષમાળા'માં વાણીની વાત આવે છે ને ? કે,

''અનંત અનંત ભાવ ભેદથી ભરેલી ભલી,
અનંત અનંત નયનિક્ષેપે વ્યાખ્યાની છે;
સકળ જગત હિતકારિણી, હારિણી મોહ,
તારિણી ભવાબ્ધિ, મોક્ષચારિણી પ્રમાણી છે;
ઉપમા આપ્યાની જેને તમા રાખવી તે વ્યર્થ,
આપવાથી નિજ મતિ મપાઈ મેં માની છે;
અહો ! રાજચંદ્ર, બાળ ખ્યાલ નથી પામતા એ,
જિનેશ્વર તણી વાણી જાણી તેણે જાણી છે.''

*(-શિક્ષાપાઠ ૧૦૭. 'જિનેશ્વરની વાણી')*

વીતરાગની વાણીનું માપ કરવા જાય તો તેની પોતાની મતિ મપાઈ જાય છે. કેમ કે એ વસ્તુ (-વાણી) અમાપ છે. તો પછી આત્માના સ્વભાવની તો શું વાત જ કરવી ?

અહીં એમ કહેવું છે કે આત્મા મહા દુર્ગમાં - કિલ્લામાં - વસતો હોવાથી તેને કોઈ વિઘ્ન નથી. પરંતુ તે કિલ્લામાં વસતો હોવાથી જ્ઞાન અંદર પ્રવેશ કરી શકે નહીં એમ નથી કહેવું. બસ, માત્ર તારી નજર કરવાની વાર છે. બાકી અંદર તો શુદ્ધાત્મા એવો ને એવો રહેલો છે. ''મારી નજરને આળસે રે, મેં નીરખ્યા ન નયણે હરિ.'' 'હરિ' એટલે પોતે ભગવાન આત્મા. આત્મા તો 'હરિ' જ છે. 'पापम् ओघम् हरति इति हरिः'

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પુણ્ય-પાપરૂપી સંસારના બખેડાનો નાશ કરનારો એવો આ ભગવાન આત્મા પોતે 'હરિ' છે. पापम् ओघम् = પુણ્ય-પાપના ઢગલા. અને તેનો નાશ કરવા માટે આત્મા 'હરિ' છે. 'પંચાધ્યાયી'માં પણ આત્માને 'હરિ' કહ્યો છે ને ? (ગાથા-૬૧૦) મહા હરિ તો પોતે આત્મા છે. બાકી બીજો ક્યો હરિ છે ? બીજો હરિ હોય તો, તે તેની પાસે રહ્યો. તો, આત્મા નિર્ભય છે એમ કહે છે.

**'આવો આ આત્મા ખરેખર ઉપાદેય છે'.** લ્યો, જુઓ ! આ આવ્યું કે આત્મા આદરણીય છે. એટલે એમ કહે છે કે તેની અંદર જવા માટે કોઈ વિઘ્ન છે નહીં. અહા ! **'આવો આ આત્મા'** - જે સર્વ પ્રકારે ઉપર કહ્યો તેવો આ આત્મા **'ખરેખર ઉપાદેય છે.'** જો કોઈ આદરણીય હોય તો તે આત્મા છે. પણ અરે ! તેણે તેના આત્માની વાત પણ સાંભળી નથી ! જો નવો દાગીનો આવ્યો હોય તો તેને જોવા ઘરના બધા ભેગા થાય, પરંતુ આ ચૈતન્યહીરો જોવાને માટે અરે ! તું નવરો પણ થયો નહીં ? તને નવરાશ પણ મળી નહીં ?

અહીં એમ કહ્યું કે આવી નિર્ભય વસ્તુ પડી છે તે તારે જોવા માટે ઉપાદેય છે અર્થાત્ એ જાણવા જેવો છે, નજર નાખવા જેવો છે, આદરણીય છે ને ખરેખર ઉપાદેય છે.

## આધારના શ્લોક ઉપરનું પ્રવચન

અંદર ધ્રુવ ભગવાન આત્મા કેવો છે ? કે **'આત્મતત્ત્વ સ્વરસમૂહ'** રહિત છે. સ્વર = અ, આ, ઇ... વગેરે. એ સ્વરસમૂહ આત્મામાં નથી. અ, આ વગેરે જે અવાજ ઊઠે છે તે આત્મામાં ક્યાં છે ? શું તે આત્મામાં છે ? (ના.) એ તો જડમાં છે, જડનો પર્યાય છે. માટે અ, આ આદિ સ્વરસમૂહ આત્મામાં નથી. **'વિસર્ગ'** = બે બિંદુ (:) હોય તે. તે પણ આત્મામાં નથી. **'ને વ્યંજનાદિ અક્ષરો રહિત ...'** વ્યંજન = ક, ખ, ગ આદિ. તે પણ આત્મામાં નથી. આત્મા તો આનંદઘન ચૈતન્યમૂર્તિ છે. જ્યારે એ અક્ષરાવલિ તો જડની છે. માટે આત્મામાં ક, ખ, ગ આદિ વ્યંજન નથી. આત્મા વ્યંજનાદિ અક્ષરો રહિત છે, અક્ષરો વિનાનો છે. જો કે આત્મા છે તો અક્ષર (- નાશ ન થાય એવો), પરંતુ આ (જડ) અક્ષર વિનાનો છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**'તથા સંખ્યા રહિત છે'.** - એક, બે, ત્રણ, ચાર એવી સંખ્યા આત્મામાં નથી. કારણ કે એ સંખ્યા તો જડનો પર્યાય છે. ભગવાન ! એ બધાં (સ્વર, વિસર્ગ, વ્યંજન ને સંખ્યા) તો જડના પર્યાયો છે. માટે ચૈતન્યામૃતનો સાગર એવા અરૂપી પ્રભુ આત્મામાં તે બધાં છે નહીં. અરે ! અજ્ઞાનીને જ્યાં કાંઈક સરખું બોલતા આવડે ત્યાં અહો...હો... એમ આશ્ચર્ય થઈ જાય છે. પણ ભાઈ ! એ તો જડનો પર્યાય છે. તે આત્મામાં ક્યાં છે ? **'(અર્થાત્ અક્ષર અને અંકનો આત્મતત્ત્વમાં પ્રવેશ નથી)'.** સ્વરસમૂહ, વિસર્ગ ને વ્યંજનાદિ - તે બધાંને ભેગાં કરીને અક્ષર કહ્યો અને સંખ્યાને અંક કહ્યો. તો, અક્ષર ને અંકનો આત્મતત્ત્વમાં પ્રવેશ નથી.

આત્મતત્ત્વ **'અહિત વિનાનું છે'.** રાગ-દ્વેષ ને અજ્ઞાન - કે જે અહિત છે તે - જો હોય તો તેના પર્યાયમાં છે, પણ વસ્તુમાં (-ત્રિકાળી દ્રવ્યમાં) અહિત કેવું ? તથા હિતસ્વરૂપ વસ્તુ છે તો હિતપણું પર્યાયમાં પ્રગટ થાય છે.

**'શાશ્વત છે'.** - ભગવાન આત્મા એવો ને એવો રહેતો શાશ્વત છે, કાયમી છે. તે અનાદિનો છે ને અનંતકાળ સુધી એવો ને એવો રહેશે.

એ આત્મતત્ત્વ **'અંધકાર તેમ જ સ્પર્શ, રસ, ગંધ અને રૂપ વિનાનું છે.'** આત્મતત્ત્વમાં અંધકાર નથી. કારણ કે આત્મતત્ત્વ તો ચૈતન્યપ્રકાશના નૂરનું પૂર છે. અરે ! જોવા લાયકને જોયો નહીં ને જે જોવા લાયક નથી તેને (અનાદિથી) જોયા.

**'પૃથ્વી, પાણી, અગ્નિ અને વાયુના અણુઓ રહિત છે'.** આત્મતત્ત્વ પૃથ્વી, પાણી, અગ્નિ ને વાયુના પરમાણુ રહિત છે. આત્મતત્ત્વ તો અરૂપી ઘન છે, માટે તેમાં આવા (પૃથ્વી, પાણી, અગ્નિ ને વાયુના) રજકણો નથી.

**'તથા સ્થૂલ દિક્ચક્ર (દિશાઓના સમૂહ) રહિત છે.'** લ્યો, પૂર્વ-પશ્ચિમ-ઉત્તર-દક્ષિણ - આવી દિશાઓ આવે છે ને ? તો, તે આત્મામાં છે નહીં. ભાઈ ! આમાં વ્યવહારના ઘણા બધા પ્રકાર બતાવ્યા છે. એટલે એમ કહેવું છે કે આવો વ્યવહાર હોય છે. તેમ જ ઘણા પ્રકાર કહીને ભિન્ન-ભિન્ન રીતે વ્યવહારનું સ્વરૂપ પણ બતાવ્યું છે. છતાં પણ જેટલા વ્યવહારના પ્રકાર વર્ણવ્યા છે તે બધા તેની ચીજમાં (-આત્મતત્ત્વમાં) નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## શ્લોક - ૬૨ ઉપરનું પ્રવચન

અહા ! આવો ભગવાન આત્મા ... આવો ભગવાન આત્મા ... આવો ભગવાન આત્મા ... એમ કહીને ભગવાન આત્માની આ ભાગવત કથા વંચાય છે. બાપુ ! તું કેવડો, ક્યાં, કેમ ને કઈ રીતે છો તેની તને — તારી તને - ખબર નથી હોં. છતાં તે બીજાનું (-બીજા વિશેનું) ડહાપણ માડ્યું છે !

**'જે (સમયસાર)'** - પ્રભુ ભગવાન આત્મા **'દુષ્ટ પાપોના વનને છેદવાનો કુહાડો છે'**. - દુષ્ટ એવા પુણ્ય ને પાપનું મોટું વન ઉગ્યું છે. તેને છેદવાનો કુહાડો આત્મા છે. એટલે કે આત્મામાં પુણ્ય ને પાપ છે નહીં. અને તેથી આત્માનો આશ્રય લેતાં એ પુણ્ય ને પાપનો નાશ થયા વિના રહે નહીં એમ કહે છે. ૩૮મી ગાથાના (૫૪મા શ્લોકમાં) જોયું ? ત્યાં પણ એ આવ્યું હતું કે 'જે પાપરૂપી વૃક્ષને છેદનાર કુહાડો છે'.

**'જે દુષ્ટ કર્મોના પારને પહોંચ્યો છે (અર્થાત્ જેણે કર્મોનો અંત આણ્યો છે)'.** એટલે કે આત્મામાં કર્મો છે નહીં. વસ્તુમાં કર્મો કેવા ? કેમ કે ચીજ (-આત્મા) તો સત્...સત્...સત્સ્વભાવી ભગવાનસ્વરૂપ છે. અને તેથી જે આત્માનો આશ્રય લે છે તેને પણ (સંયોગરૂપે) કર્મો રહેતા નથી. અહા ! આત્મામાં તો કર્મ નથી, પરંતુ તેનો જે આશ્રય લે છે તેને પણ હવે કર્મો રહેતા નથી — કર્મોનો અંત આવે છે. વસ્તુમાં કર્મો નથી, માટે તેનો જે આશ્રય લે છે તેને પણ કર્મોનો અંત જ આવે છે એમ કહે છે.

**'જે પરપરિણતિથી દૂર છે'**. રાગ-દ્વેષની પરિણતિથી તેમ જ પર્યાયરૂપ પરિણતિથી પણ એ વસ્તુ તો દૂર છે. પહેલાં પણ ૩૮મી ગાથાના (૫૪મા શ્લોકમાં) સમયસાર નાશ થવાયોગ્ય પર્યાયોથી દૂર છે એમ આવી ગયું છે ને ? જુઓ ? ત્યાં પણ એમ કહ્યું હતું કે 'જે સમસ્ત નાશ પામવાયોગ્ય ભાવોથી દૂર છે'. ભાવો = પર્યાયો. કહે છે કે નાશ પામવાયોગ્ય બધા પર્યાયોથી એ ચીજ દૂર છે અને તેથી પર્યાય બદલે છે તો પણ એ ચીજ બદલતી નથી, પરંતુ એ તો એવી ને એવી ત્રણે કાળ રહે છે. અરે ! તેની નજર તો કરે ! તેને ધ્યેય તો બનાવે ! કારણ કે આ જીવને દૃષ્ટિમાં લેવા લાયક તો એ જ ચીજ છે.

**'જેણે રાગરૂપી સમુદ્રના પૂરને નષ્ટ કર્યું છે.'** રાગરૂપી સમુદ્રનું પૂર = રાગના અનેક પ્રકારો; રાગરૂપ અનેક પ્રકારના વિકલ્પો. જે રાગરૂપી સમુદ્રનું પૂર છે તેને આત્માએ નષ્ટ કર્યું છે. એટલે કે ભગવાન આત્માના સ્વભાવમાં રાગરૂપી સમુદ્રનું પૂર છે નહીં.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અને તેથી જે તેનો આશ્રય લે છે તેને પણ રાગરૂપી સમુદ્રનું પૂર નષ્ટ થયા વિના રહે નહીં એમ કહે છે.

અહા ! અજ્ઞાની કહે છે કે આવું વ્યાખ્યાન તો ઘણું ભારે છે ? (ઘણું કઠણ છે ?) અમે તો એકેંદ્રિયાદિની દયા પાળવી ને ભગવાનના દર્શન કરવા વગેરે સાંભળ્યું હતું ? તેમ જ નવ દેવ નથી કહ્યા ? જિનમંદિર, જિનપ્રતિમા, જિનવાણી, જિનધર્મ ને પાંચ પરમેષ્ઠિ - એ બધા નવ દેવ છે. ભાઈ ! એ તો બધા વ્યવહાર દેવ છે. અહા ! સામાન્ય માણસને માટે ભારે આકરું કામ છે !

એક પંડિત મુમુક્ષુ શ્રેષ્ઠિને કહે કે અહા ! આવું મંદિર તમે બંધાવ્યું છે તો શેઠ ! તમારો આઠ ભવે મોક્ષ થશે. તે શ્રેષ્ઠિ કહે કે અમારા મહારાજ (પૂજ્ય ગુરુદેવ) એમ કહેતા નથી કે તમે મંદિર બનાવ્યું એટલે આઠ ભવે મોક્ષ જશો અને અમે પણ એમ માનતા નથી. ભાઈ ! મંદિર બનાવવાનો ભાવ શુભભાવ છે, રાગની મંદતા છે. બસ, એટલી વાત છે. વળી એક જણ કહે કે જે સમ્મેદશિખરના દર્શન કરે તે ઝાઝામાં ઝાઝા ૪૯ ભવે મોક્ષ જાય. - એવું સમ્મેદશિખરના મહાત્મ્યનું પુસ્તક મારી પાસે છે. તેને કહ્યું કે એ વીતરાગની વાણી નહીં. પરના દર્શનથી ભવનો નાશ થાય એમ કહે તે વાણી વીતરાગની નહીં. કેમ કે આત્માના આશ્રય વિના ત્રણ કાળ ને ત્રણ લોકમાં કોઈ દિ' ભવનો નાશ થાય નહીં.

'એકવાર વંદે જો કોઈ, તાકો નરક-પશુ ગતિ ન હોઈ' - એમ આવે છે ને ?

ભલે તે હમણાં મનુષ્ય કે દેવગતિમાં જાય, નરક-પશુગતિમાં પછી જશે. 'નરક-પશુ ગતિ ન હોઈ' - એમ છે ને ? એટલે કે તે મનુષ્ય કે દેવ તો થશે ને ? તો પછી ત્યાંથી મરીને પછીથી નરક-પશુગતિમાં જશે.

તે મનુષ્ય કે દેવગતિમાંથી મોક્ષમાં નહીં જાય ?

ધૂળેય નહીં જાય. એ તો જેણે આત્માના દર્શન કર્યાં છે - આત્માનો આશ્રય લીધો છે - તેનો જ મોક્ષ થાય છે. બાકી સમ્મેદશિખરનો ને સમવસરણમાં સાક્ષાત્ બિરાજમાન ભગવાનનો આશ્રય લે તો પણ મોક્ષ થાય નહીં. સમવસરણમાં સાક્ષાત્ બિરાજમાન ભગવાનની મણિ-રત્નના દીવા ને કલ્પવૃક્ષના ફૂલથી અનંતવાર પૂજા કરી છે. 'પરમાત્મપ્રકાશ'માં તો કહ્યું છે કે ભવે-ભવે જિનવર પૂજિયો. ભવોભવમાં અનંતવાર જિનવરની પૂજા કરી છે. પણ એ તો શુભભાવ છે. તે કાંઈ અધર્મના નાશનું કારણ નથી તેમ જ ધર્મની ઉત્પત્તિનું કારણ પણ નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જોરદાર કહ્યું ?

એ (-અજ્ઞાની) શુભભાવમાં ને શુભભાવમાં ચોંટ્યો છે ને ? માટે જોરદાર કહ્યાં વિના શુભભાવમાંથી ખસે નહીં. આવો મારગ છે બાપુ ! અહા ! આમાં કોઈની કાંઈપણ સફારશ (-ભલામણ) ચાલે એમ નથી. જુઓને ! મારગ તો આ છે !

અહીં કહે છે કે રાગરૂપી દરિયાના પૂરને નષ્ટ કરનાર કોઈ હોય તો એ તત્ત્વ છે. પણ ભગવાનના દર્શનનો ભાવ રાગરૂપી દરિયાના પૂરને નષ્ટ કરનાર નથી. કેમ કે એ ભાવ તો પુણ્યબંધનું કારણ છે. આવી વાત આકરી પડે હો અને વાડામાં આવી વાત કરીએ તો રહેવા જ ન દે.

**'જેણે વિવિધ વિકારોને હણી નાખ્યા છે.'** આત્માએ વિવિધ પ્રકારના પુણ્ય અને પાપના વિકલ્પોને હણી નાખ્યાં છે અર્થાત્ આત્મામાં વિવિધ પ્રકારના વિકારો છે નહીં. અને તેને લીધે સચ્ચિદાનંદ પ્રભુ ભગવાન આત્માનો જેને આશ્રય છે તેને પણ વિવિધ પ્રકારના વિકારો છે નહીં.

**'જે સાચા સુખસાગરનું નીર છે'.** સાચું સુખ = સત્ સુખ = અતીંદ્રિય સુખ. સાચા સુખસાગરનું નીર તો અંદર ભગવાન આત્મા છે. લ્યો, આ આત્મા જ સાચો સુખસાગર છે હો. જ્યારે આ બધા (રાગાદિ) તો ખોટા સાગર છે. અહા ! અંદર આત્મા તો સુખસાગરનું પાણી-જળ છે. માટે તેના નિર્વિકલ્પરસને પીધા જ કરો એમ કહે છે. 'નિર્વિકલ્પ રસ પીજીએ' - એમ ભક્તિમાં આવે છે ને ? અર્થાત્ નિર્વિકલ્પ આનંદનો રસ પીવો. કેમ કે રાગરૂપી ઝેરના પ્યાલા તો અનંતવાર પીધા છે. જોયું ? પાછું એમ કહ્યું છે કે 'સાચા સુખસાગરનું નીર' - આત્મા તો સત્ય આનંદના સાગરનું નીર-જળ છે. માટે તેમાં ડૂબકી માર, તને આનંદ આવશે. બાકી બીજે ક્યાંય આનંદ છે નહીં. અરે ! તેણે બધી ખોટે-ખોટી વાતો સાંભળી છે, પરંતુ આવો આત્મા તેને સાંભળવા પણ મળ્યો નથી. બધી જગ્યાએ ઊંધુ નિરૂપણ થાય છે, છતાં લોકોને તે સહેલું (-સાચું) લાગે છે. અહીં કહે છે કે ભગવાન આત્મા સાચા આનંદના સાગરનું પાણી-નીર છે.

આનંદથી ચમકતું નીર આત્મા છે. મોતીમાં જેમ પાણી ભર્યું હોય છે ને ? તો, ત્યાં 'પાણી' શબ્દે તેજ છે. તેમ આત્મામાં સુખસાગરની શક્તિ છે. એકલું 'પાણી' આત્મામાં ભર્યું છે અર્થાત્ એકલી શક્તિઓ તેમાં ભરી છે એમ કહે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**'અને જેણે કામને અસ્ત કર્યો છે'.** - એવા આનંદના સાગરને આશ્રયે કામનો નાશ થાય છે. અથવા (બીજી રીતે કહીએ તો) એ આનંદસાગરમાં કામની વાસના છે જ નહીં. વિષયની વાસના નાશ થઈ ગઈ છે એટલે કે વસ્તુમાં વિષય વાસના જ નથી. તેથી એ વસ્તુનો આશ્રય કરે તેને પણ કામવાસના ઉત્પન્ન થતી નથી, પણ તેનો નાશ થઈ જાય છે એમ કહે છે.

**'તે સમયસાર'** - આવો જે સમયસાર છે - આવો જે આ ત્રિકાળી આત્મા છે - તે **'મારું શીઘ્ર રક્ષણ કરો'.** - આવું જે મારું તત્ત્વ છે તે મારું શીઘ્ર રક્ષણ કરો. અર્થાત્ તેમાં હું જાઉં છું તેથી મારું રક્ષણ થાય છે. સાંભળતા મીણો (-જોશ) ચડી જાય એવું છે ! તો, કહે છે કે ચૈતન્યરત્ન-હીરા સમાન જે સમયસાર ભગવાન આત્મા છે તે મારું શીઘ્ર રક્ષણ કરો. શીઘ્ર કહીને એમ કહે છે કે એકદમ અલ્પ કાળમાં મને પૂર્ણ પ્રાપ્તિ થઈ જાવ. એ વસ્તુ મને નજરમાં આવી છે તો હવે અલ્પ કાળમાં મને પૂર્ણ પ્રાપ્તિ થઈ જાવ એમ અહીંયા પ્રાર્થના કરી છે તેમ જ ભાવનાની ઉગ્રતા પણ બતાવી છે.

## શ્લોક - ૬૩ ઉપરનું પ્રવચન

શ્રી નિયમસારના શુદ્ધભાવ અધિકારનો આ ૬૩ મો શ્લોક છે. અરે ! અનાદિથી તે દુઃખમાં પડ્યો છે, દુઃખી પ્રાણી છે. કેમ કે તેની દશામાં રાગ-દ્વેષ ને ભ્રમ - કે જે દુઃખરૂપ છે તે - પડ્યાં છે. તો હવે તેની જ્ઞાનદશામાં આત્માને લાવવો, સ્થાપવો, સ્થિત કરવો તે જ મુક્તિનો ઉપાય છે, દુઃખથી છૂટવાનો રસ્તો છે. એ વાત હવે જુઓ, કહે છે :

**'જે તત્ત્વનિષ્ણાત (વસ્તુસ્વરૂપમાં નિપુણ) પદ્મપ્રભમુનિના હૃદયકમળમાં સુસ્થિત છે'.** હૃદય = જ્ઞાન. જો કે મુનિરાજે આમાં પોતાનું નામ આપ્યું છે, છતાં પણ ખરેખર તો ધર્મીના ને સુખી થનારના જ્ઞાનરૂપી ખીલેલા કમળમાં પણ આત્મા સુસ્થિત છે. જ્યારે અજ્ઞાનીને અનાદિથી જ્ઞાનપર્યાય ખીલ્યો નથી. કારણ કે તેની અવસ્થામાં અનાદિથી મિથ્યાત્વ ને રાગ-દ્વેષ સ્થિત છે અને તે મિથ્યાત્વાદિ જ સંસાર પરિભ્રમણના કારણો છે. તો, કહે છે કે જેના જ્ઞાનમાં વસ્તુ (-આત્મા) સુસ્થિત છે અર્થાત્ જેણે પોતાની જ્ઞાનરૂપી કમળની ખીલેલી દશામાં વસ્તુને સ્થાપી છે તે ધર્મી છે. ભાઈ ! માર્ગ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ઝીણો છે. વીતરાગનો માર્ગ અપૂર્વ છે. અત્યારે સાંભળવા મળવો પણ મુશ્કેલ પડે એવો એ માર્ગ છે.

અહીં કહે છે કે ધર્મી તેને કહેવાય - મોક્ષના માર્ગમાં રહ્યો તેને કહેવાય - કે જેની વર્તમાન જ્ઞાનરૂપી કમળની ખીલેલી દશામાં આત્મા સુસ્થિત છે. જોયું ? આત્મા સુસ્થિત છે એમ કહે છે હો. અહા ! વસ્તુ પોતે ચૈતન્ય ભગવાન આત્મા સચ્ચિદાનંદસ્વરૂપ ને સિદ્ધસ્વરૂપ છે. જ્ઞાનાનંદનો ભંડાર ભગવાન આત્મા છે. તો એ ચીજને જેણે પોતાની વર્તમાન જ્ઞાનદશામાં સુસ્થિત કરી છે તે ધર્મી છે. સર્વજ્ઞ પરમેશ્વર તીર્થંકરદેવ ત્રિલોકનાથે તો આત્મા એકલો જ્ઞાનનો પીંડ છે, જ્ઞાનસ્વરૂપ જ છે એમ તેને જોયો છે અને એવો પ્રગટ કર્યો છે. તે પરમાત્માનું એ ફરમાન છે કે ભાઈ ! જેણે આત્માનું (-પોતાનું) કલ્યાણ કરવું હોય એટલે કે આત્માનો ધર્મ કરવો હોય એટલે કે સંસારનો નાશ કરીને મુક્તિ પ્રાપ્ત કરવી હોય તેણે તો પોતાની વર્તમાન જ્ઞાનદશામાં આખા આત્માને સ્થાપિત કરવો પડશે.

અહા ! આ શરીર, વાણી, મન, આદિ તો પરચીજ છે. તેથી આત્મામાં તે છે જ નહીં. અરે ! આત્માના પર્યાયમાં સ્થિત થઈ શકે એવી પણ એ ચીજ નથી. મતલબ કે ભગવાન આત્માની વર્તમાન જ્ઞાનદશામાં શરીર, કર્મ, સ્ત્રી, કુટુંબ-પરિવાર આદિ આ પરચીજ તો એક સમય પણ રહી શકે એવું છે જ નહીં. તો, દશામાં ફક્ત એક સમય માટે શું રહે છે ? કે 'પરમાં સુખ છે, પરમાં હું છું, પરમાં મારું સ્વરૂપ છે, પાપના ભાવમાં મને મજા પડે છે અને પુણ્યના ભાવથી મને ધર્મ થાય છે' - આવો જે મિથ્યાત્વભાવ છે તેને અજ્ઞાનીએ પોતાના પર્યાયમાં સ્થાપ્યો છે, માટે તે છે. અજ્ઞાનીની અવસ્થામાં તે મિથ્યાત્વભાવ છે, બાકી બીજી કોઈ ચીજ તેની અવસ્થામાં છે નહીં. કેમ કે બીજી ચીજ તો પર છે.

અહા ! તત્ત્વ નામ ભગવાન આત્મા - કે જે જ્ઞાનની મૂર્તિ છે અને જેનો અતીંદ્રિય આનંદસ્વભાવ છે તે ભગવાન આત્મતત્ત્વ - રાગ-દ્વેષ ને પુણ્ય-પાપના વિકલ્પથી રહિત છે. તેમ જ એક સમયના પર્યાયને પણ અડ્યું નથી એવું એ તત્ત્વ છે. એવા તત્ત્વમાં જે નિપુણ — નિષ્ણાત — પ્રવીણ છે એટલે કે એ તત્ત્વને જેણે જાણ્યું છે તે જ્ઞાની છે. જ્યારે જગતના ડાહ્યા તો પાગલ છે. જગતના બધાં પ્રકારના જ્ઞાનનો પર્યાય પણ ભ્રમણાવાળો છે.

અહા ! જીવની વર્તમાન દશામાં પરચીજ આવતી નથી તથા પરચીજમાં જીવ જતો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નથી. ફક્ત અજ્ઞાનીએ પોતાના પર્યાયમાં એમ માન્યું છે કે હું રાગી છું, દ્વેષી છું, દુઃખી છું ને વિકારી છું. આવી માન્યતાને તેણે ભ્રમણાથી પોતાની દશામાં સ્થાપી છે. તો હવે જેણે સુખી થવું હોય, જન્મ-મરણના ભયથી - દુઃખથી - છૂટીને સ્વભાવ તરફ વળવું હોય તે જીવે તો તત્ત્વનું નિષ્ણાતપણું કરવું પડશે. મતલબ કે જ્ઞાન ને આનંદસ્વરૂપ ભગવાન આત્માને પોતાની જ્ઞાનકમળની ખીલેલી દશામાં સુસ્થિત કરવો પડશે.

અહા ! જે જ્ઞાન સંકોચપણે રાગ, પુણ્ય ને મિથ્યાત્વમાં અટકેલું પડ્યું છે તેને છોડીને.... - આ તો નાસ્તિથી વાત છે. બાકી (ખરેખર તો) સ્વભાવ સન્મુખ થઈને વર્તમાન જ્ઞાનની ખીલેલી દશામાં જેણે આત્માને સ્થાપ્યો તેનો આત્મા સુસ્થિત છે અને તે આત્મામાં નિષ્ણાત છે. જો કે અહીંયા મુનિ પોતાની વાત કરે છે, છતાં પણ આનો અર્થ આમ છે કે જે કોઈ ધર્મીની જ્ઞાનદશામાં - વર્તમાન હાલતમાં - પરિપૂર્ણ પ્રભુ આત્મા છે તે ધર્મી તત્ત્વમાં નિષ્ણાત છે અને તેની દશામાં આખો આત્મા સુસ્થિત છે. લ્યો, ધર્મનું સ્વરૂપ આવું ભારે આકરું છે. અરે ! તેણે આવું ધર્મનું સ્વરૂપ સાંભળ્યું પણ નહીં હોય. અહા ! અજ્ઞાનીની દશામાં શું છે ને સ્વભાવ સન્મુખ થતાં જ્ઞાનીની દશામાં કોણ રહે છે તેની ગજબ વાત કરી છે. **પ્રભુ ! અલ્પ શબ્દોમાં પણ ઘણું-ઘણું-ઘણું ગંભીર ભર્યું હોં** ! શું મુનિની દશા !!

કહે છે કે તારી ચીજ તો ભગવાન ! પુણ્ય ને પાપના રાગથી પણ રહિત છે. અને તો પછી શરીર, વાણી, મન ને આ કુટુંબ-કબીલા, પૈસા આદિની તો વાત જ શું કરવી ? છતાં કાંઈક પૈસા થાય, સારી સ્ત્રી હોય ને પુત્ર ઠીક થાય ત્યાં, આંધળી દશા છે એટલે, અજ્ઞાની એમ માને છે કે આ બધાં મારામાં છે, મારા છે. પણ ભગવાન ! શું તારામાં એ પરદ્રવ્ય આવી જાય છે ? શું એ પરદ્રવ્ય તારા થઈ જાય છે ? જો એમ થઈ જાય તો તારું દ્રવ્ય જ નાશ પામી જાય. (પણ એમ તો થતું નથી. હા,) ફક્ત થાય છે એટલું કે પોતાના ત્રિકાળી દ્રવ્યસ્વભાવને પર્યાયમાં ન રાખતા (-સ્વીકારતા), 'આ પરદ્રવ્ય મારા છે' એવી મમતામાં અને 'પુણ્ય-પાપના વિકલ્પો મારા છે' એવી ભ્રમણામાં તે અજ્ઞાની રહે છે. બાકી બીજે - પરદ્રવ્યમાં - તે રહેતો નથી.

**'જે નિર્વિકાર છે'.** ધર્મી એને કહીએ કે જેણે પોતાના જ્ઞાનની વર્તમાન દશામાં ધર્મી એવો ત્રિકાળી આનંદકંદ પ્રભુ આત્મા છે તેને અર્થાત્ આદિ ને અંત વિનાના, અનંત ગુણના પિંડ પ્રભુ આત્માને સ્થાપ્યો છે. તે આત્મા, કહે છે કે, નિર્વિકાર છે, એ ત્રિકાળી વસ્તુ (-આત્મા) નિર્વિકાર છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**પ્રશ્ન:-** આવો ધર્મ કેવો ? અમે તો દયા પાળવી, વ્રત પાળવાં, તપ કરવાં વગેરે એવી વાતો સાંભળતા આવીએ છીએ. જૈનમાં તો એવું હોય !

**સમાધાન:-** અરે બાપુ ! તને ખબર નથી ભાઈ ! જૈન તીર્થંકરદેવ ત્રિલોકનાથ પરમાત્માએ જે જૈનધર્મ કહ્યો છે તે કોઈ અલૌકિક ચીજ છે. પરંતુ પામરને તે ચીજ (-જૈનધર્મ) પરખતા આવડતી નથી. અરે ! હજી તો સમજવામાં પણ કઠણ પડે એવો એ જૈનધર્મ છે.

**'જેણે વિવિધ વિકલ્પોને હણી નાખ્યા છે'.** જેણે = વસ્તુસ્વભાવ; ભગવાન આત્મા. વસ્તુ ભગવાન આત્મા કે જે પૂર્ણ અતીંદ્રિય આનંદનો કંદ પ્રભુ છે તેણે વિવિધ વિકલ્પોને હણી નાખ્યા છે. એ વિવિધ પ્રકારની શુભ-અશુભ વૃત્તિઓ - દયા, દાન, વ્રત, ભક્તિ ને કામ, ક્રોધ આદિના બધા વિકલ્પો - રાગ છે અને તેને વસ્તુએ તો હણી નાખ્યો છે અર્થાત્ વસ્તુમાં રાગ છે જ નહીં. તથા જેણે ભગવાન આત્મા કે જે પૂર્ણ અતીંદ્રિય આનંદનો કંદ પ્રભુ છે તેને જ્ઞાનની વર્તમાન દશામાં વસાવ્યો છે - રાખ્યો છે તે દૃષ્ટિવંતે પણ વિવિધ વિકલ્પોને હણી નાખ્યા છે. એટલે કે જેણે એ વસ્તુને જ્ઞાનમાં વસાવી છે તેના જ્ઞાનપર્યાયમાં પણ વિકલ્પો નથી. આવો ભારે માર્ગ છે ભાઈ !

નિત્યાનંદ પ્રભુ ભગવાન આત્માનું સ્વરૂપ કેવું છે ?

કે **'જેને બુધપુરુષોએ કલ્પનામાત્ર-રમ્ય એવાં ભવભવનાં સુખોથી તેમ જ દુઃખોથી મુક્ત (રહિત) કહ્યું છે.'** અહા ! 'કલ્પનામાત્ર-રમ્ય એવાં ભવભવનાં સુખો' એટલે કે આ દુનિયાની કલ્પનાનું સુખ હો. સ્વર્ગનો દેવ, ચક્રવર્તી અને અબજોપતિ આદિને સુખ છે એ માત્ર માનેલી કલ્પના છે, બાકી ત્યાં સુખ છે નહીં. તે છતાં અજ્ઞાની સુખ કલ્પનાથી રમ્ય માને છે, આ ઈંદ્રિયોના સુખ, પૈસાના સુખ, ભોગના સુખ, ખાવા-પીવાના સુખ ને સ્ત્રીના શરીરના સુખ તો કલ્પનામાત્ર-રમ્ય છે - માત્ર કલ્પનાથી રમવાયોગ્ય છે. છતાં અજ્ઞાની કલ્પના કરે છે કે તેનાથી અમે સુખી છીએ. પાંચ-પચીસ લાખની પેદાશ હોય અને પાંચ-દશ કરોડની મૂડી હોય તો મૂઢ એમ માને છે કે અમે સુખી છીએ.

પણ બહારમાં તો એ સુખી દેખાય છે ?

સુખી ક્યાં દેખાય છે ? બહારમાં અજ્ઞાની સુખી હોય તેમ તો કાંઈ દેખાતું નથી. એ તો માત્ર અજ્ઞાની પોતાને સુખી માને છે તેમ જ કલ્પનાથી પરચીજને રમ્ય માની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

છે, પરંતુ તે પરચીજ રમ્ય છે નહીં. અહા ! પાંચ-દશ કરોડ રૂપિયાવાળા ગૃહસ્થનો દીકરો હોય, લગ્નમાં પચીસ-પચાસ લાખ રૂપિયા ખર્ચવા હોય અને તેણે વરરાજાનો શણગાર પહેર્યો હોય તથા કન્યા પણ બે-પાંચ કરોડ રૂપિયાવાળા પિતાની એકની એક પુત્રી હોય તો તે વખતે અજ્ઞાની માને છે કે અહાહા ! અમે સુખી છીએ. અહીં કહે છે કે મૂઢ છો. કારણ કે એ પરચીજ તો કલ્પનામાત્ર-રમ્ય છે અને એ તો અજ્ઞાનીએ તેમાં સુખ માન્યું છે. મૂઢ જીવોએ એ પરમાં સુખની કલ્પના કરી છે, પણ એ કલ્પના તો આકુળતા છે. તેમાં ધૂળેય કાંઈ સુખ નથી.

કહે છે કે **'ભવભવનાં સુખોથી'** ... જુઓ, ઘણાં-ઘણાં ભવોમાં કલ્પનામાત્ર-રમ્ય એવું સુખ માન્યું છે ને ? માટે એમ કહ્યું કે ભવભવનાં સુખોથી..... **'તેમ જ દુઃખોથી'** - નરકાદિમાં કલ્પનાના દુઃખોથી **'મુક્ત (રહિત) કહ્યું છે.'** ભગવાન આત્માનું તત્ત્વ તો તે સુખોથી તેમ જ દુઃખોથી રહિત છે. અને જેણે એ આત્માને પોતાની દશામાં વસાવ્યો છે તે (જ્ઞાની) પણ એ ભવભવનાં સુખોની અને દુઃખોની કલ્પનાથી રહિત છે. પૂર્ણાનંદના ઘનસ્વરૂપ ભગવાન આત્માને જેણે વર્તમાન દશામાં વસાવ્યો છે તેવો સમ્યગ્દષ્ટિ જીવ તો, કહે છે કે, ભવભવનાં કલ્પનામાત્ર-રમ્ય એવાં સુખ-દુઃખથી મુકત છે. મતલબ કે વસ્તુ મુકત છે અને વસ્તુને પોતાના પર્યાયમાં જેણે વસાવી છે તે (જ્ઞાની) પણ મુકત છે. આવું ભારે આકરું છે ભાઈ !

(આવું કરવા કરતાં તો) સામાયિકાદિ કરવા સહેલા પડે ?

અરે બાપુ ! એ સામાયિકના મોઢાં મોટાં છે. પણ ભાઈ ! તને ખબર નથી. તેમ જ તારી માનેલી એ સામાયિક, સામાયિક જ નથી, પરંતુ એ તો બધા રાગના રોણાં છે. અહા ! સામાયિક તો તેને કહીએ કે જે જ્ઞાનદશામાં પ્રભુ આત્મા આવીને વસ્યો છે અને જેમાંથી પુણ્ય-પાપનો રાગ ખસી ગયો છે. અર્થાત્ જેમાં દયા-દાનનો વિકલ્પ પણ છે નહીં એવી દશામાં સમતા ને વીતરાગતા વસેલી હોય છે અને તે વીતરાગ પર્યાયમાં આત્મા વસે છે. આવી દશાના ભાવને ભગવાન સામાયિક કહે છે. અરે ! તો પછી પૂર્ણાનંદના નાથ ભગવાન આત્માને તારી દશામાં લાવ્યા વિના તું કોને સામાયિક કહીશ ? તથા તને ધર્મ પણ ક્યાંથી થશે ? અરેરે ! લોકો બિચારા ઠગાઈ ગયા છે હો, ઠગાણા છે હો.

જુઓ, અહીં 'ભવભવનાં સુખોથી તેમ જ દુઃખોથી મુકત (રહિત) કહ્યું છે' -

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એમ અંદર છે. भवभवसुखदुःखान्मुक्तम् उक्तम् એટલે કે આવું આત્મતત્ત્વ મુકત છે એમ ત્રિલોકનાથ તીર્થંકરદેવ કેવળજ્ઞાની પરમાત્મા પરમેશ્વરે કહ્યું છે. ભાઈ ! કેવળીએ આમ કહ્યું છે કે આત્મા દષ્ટિમાં આવતા અર્થાત્ જેની દષ્ટિમાં ભગવાન આત્મા વસ્યો છે તેની દષ્ટિમાંથી વિકલ્પો ખસી ગયા છે, મુકત થઈ ગયા છે. કેમ કે રાગથી મુક્ત એવું એ તત્ત્વ છે. આ રીતે આત્માના દષ્ટિવંતની મુક્તિ જ છે. લ્યો, માંગલિકમાં केवलिपण्णत्तं धम्मं सरणं આવે છે ને ? તો, તે આ છે. પણ અજ્ઞાનીને શબ્દની ને તેના અર્થની કાંઈ ખબર ન મળે અને ગાડા હાંકયે રાખે છે.

અહા ! આ સાચી વાત બહાર આવી એટલે પછી બીજા લોકોએ એવું કહેવા માંડ્યું કે 'એ તો બહુ ઊંચી વાત છે, માટે અમારી કે જે નીચેની વાત છે તે પહેલાં કરવી.' ભગવાન ! તારી વાત નીચેની નથી, પણ ઊંધી છે. વીતરાગ મારગમાં પહેલી - શરૂઆતની વસ્તુ (-વાત) જ આ છે. આ સિવાય બીજે કયાંય સાચી વાત છે જ નહીં.

**'તે પરમતત્ત્વ જયવંત છે.'** મુનિરાજ શું કહે છે ? કે આનંદકંદ એવો ભગવાન આત્મા - કે જે મારા પર્યાયમાં બિરાજે છે તે - જયવંત વર્તે છે. મારો આત્મા પણ જયવંત વર્તે છે ને મારો પર્યાય પણ જયવંત વર્તે છે. અર્થાત્ જેમાં ભાન થયું છે તે પર્યાય પણ જયવંત વર્તે છે. જુઓને ? કેવા કલશ બનાવ્યા છે ! છતાં હવે એ ટીકા અજ્ઞાનીને પસંદ નથી. બાપા ! સત્ય જ આ છે ભાઈ ! અને તે તારે લક્ષમાં લેવા જેવું છે હો. બાકી આ લક્ષમાં લીધા વિના તારા આરા નહીં આવે ભાઈ ! કદાચ દુનિયા તને (ધર્મી) માનશે ને તને પણ મનાવી દેશે, પરંતુ તેથી કરીને તારા આરા કાંઈ નહીં આવે.

અહા ! 'તે પરમતત્ત્વ જયવંત છે' - આમ કયો પર્યાય કહે છે ? કે જે દશામાં આત્મા આવ્યો છે તે દશા કહે છે કે આ તત્ત્વ જયવંત વર્તે છે. તથા મારો પર્યાય પણ એવો ને એવો જયવંત રહે છે. એટલે કે હવે મારા પર્યાયનો જ જય છે, પણ રાગાદિનો જય નથી. કેમ કે મારા પર્યાયમાં પ્રભુને પધરાવ્યા છે ને ? અહા ! કળશ પણ ભારે (સુંદર) બનાવ્યા છે હોં, કળશો ગજબ કર્યા છે હોં.

અહા ! વસ્તુ તો વસ્તુ જ છે. તેમાં—તેની અંદર - તો કોઈ ચીજ આવતી જ નથી. તેવી રીતે પર્યાયમાં પણ પરચીજ આવતી નથી. ફકત પર્યાયમાં અજ્ઞાની કલ્પનાથી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



માને છે કે હું સુખી છું, દુઃખી છું ને આવો છું. તો, એ કલ્પના અજ્ઞાનીના પર્યાયમાં - વર્તમાન દશામાં - આવે છે. પણ હવે તે દશામાં ગુલાંટ ખાઈને એમ માન કે એ રાગાદિનું વસવું મારામાં નથી. મારામાં તો આખો આત્મા વસે છે. તો હવે આમ માનતા આત્મા અને તેનો પર્યાય જયવંત વર્તે છે અને તેનાથી જ તેની ક્રમે ક્રમે મુક્તિ થશે.

લ્યો, આ અડધો કલાક થઈ ગયો. અહા ! આમાં તો સમયની પણ કાંઈ ખબર પડે એમ નથી. અરે ! સમયની ક્યાં વાત ? તેની શું ગણતરી ? અહો ! આત્માની વાતો શું કહેવી ?

## શ્લોક - ૬૪ ઉપરનું પ્રવચન

**'જે આત્મા ભવ્યતા વડે પ્રેરિત હોય....'** ભાષા જુઓ ! કહે છે કે જે ધર્મરૂપ થવાની લાયકાતથી પ્રેરિત થયો છે. ભલે તે જીવ ગૃહસ્થાશ્રમમાં દેખાય, તો પણ એ તો દૃષ્ટિમાં ધર્મરૂપ થવાને માટે પ્રેરણામય થઈ ગયો છે. અહા ! તેને ભવ્યતા તો છે, પણ હવે તે ઉપરાંત ભવ્યતાવડે નિર્મળપણે પરિણમવાની અંદરથી પ્રેરણા થઈ છે એમ કહે છે.

**'તે આત્મા ભવથી વિમુક્ત થવા અર્થે....'** લ્યો, અહીં તો બે જ વાત છે : કાં ભવથી મુક્ત થવું ને કાં ભવમાં રખડવું — એમ બે વાત છે. બાકી ત્રીજું થઈ પણ શકે છે શું ? બાપુ ! કાં મુક્તિ ને કાં સંસાર - તે સિવાય ત્રીજું શું હોય ?

**શ્રોતા:-** અનાદિથી સંસારમાં તો એ રખડી રહ્યો છે !

**પૂજ્ય ગુરુદેવશ્રી:-** તેથી અહીં એ કહે છે કે જેને ભવથી વિમુક્ત થવું હોય..... એનો અર્થ એ છે કે ભવ ને ભવના કારણનો ભાવ જે પુણ્ય-પાપના ભાવ છે તેનાથી મુક્ત થવું હોય તે **'નિરંતર આ આત્માને ભજો.'** આ પર ભગવાનને ભજવા એ તો રાગ છે. માટે તારો નાથ કે જે અંદર બિરાજે છે તેને ભજ. અરે ! પણ પામરને આ વાત કેમ બેસે ? કેમ કે એક તો તેનું નાનું હૃદય (-અલ્પજ્ઞાન) અને તેમાંય આત્મા કેવડો છે તેના માપની તેને ખબર ન મળે. અહા ! ગજ નાના, આંક આવડે નહીં અને છતાં અજ્ઞાની આત્માનું માપ કરવા જાય છે, તેથી તેને આત્માનું માપ આવતું નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અહીં કહે છે કે ભગવાન આત્મા છે તે સચ્ચિદાનંદ ને સિદ્ધસ્વરૂપી પ્રભુ છે. સચ્ચિદાનંદ એટલે ? સત્ + ચિદ્ + આનંદ = શાશ્વત જ્ઞાન ને આનંદના સ્વભાવવાળું તત્ત્વ. આવું આ ભગવાન આત્મતત્ત્વ છે - મહિમાવાળો તારો આત્મા છે - તેને ભજ એટલે કે તેમાં એકાગ્રતા કર. તે ભગવાનની માળા ગણે છે ને ? કે णमो अरिहंताणं, णमो अरिहंताणं... પણ એ તો રાગ છે, વિકલ્પ છે. જો કે પાપથી બચવા એવો એક શુભભાવ હોય છે, છતાં પણ તે ધર્મ નથી. કદાચ લાખ માળા ગણે તો પણ એ તો, જો શુભભાવ હોય તો, પુણ્યનો વિકલ્પ છે. બાકી તે કાંઈ ધર્મ નથી. ધર્મ તો સચ્ચિદાનંદ પ્રભુ આત્માને ભજતા થાય છે અર્થાત્ આત્મામાં એકાગ્રતા તે ધર્મ છે.

અહા ! આત્માનું ભજન કર. એટલે કે તેના પર્યાયરૂપી મણકાને આત્માની તરફ ફેરવ, અંદર પર્યાયરૂપી મણકાને ફેરવીને દ્રવ્ય તરફ ઢાળ એમ કહે છે. જુઓ, અહીં એમ છે કે **'નિરંતર આ આત્માને ભજો.'** છે ને અંદર ? કે अनिशम् - નિરંતર. અરે ભગવાન ! કરવા જેવું તો આ છે હો. બાકી બીજું બધું તો થોથે-થોથાં છે. અહા ! આ બધા - પૈસા, પુત્ર, સ્ત્રી વગેરે - મોટા સોજાં ચડ્યાં છે હો. એટલે કે તે બધા મારા છે એવી માન્યતાના સોજાં ચડ્યાં છે હો અને તે, જેમ સોજાં ચડતા શરીર મોટું દેખાય તેવા છે.

**પ્રશ્નઃ-** પણ સોજાંવાળો જાડો દેખાય છે, માટે તે નિરોગતા છે કે નહીં ? શરીર એટલું નિરોગ તો થયું કે નહીં ?

**સમાધાનઃ-** ભાઈ ! સોજાં સમાશે ત્યારે તું રાડ નાખી જઈશ સાંભળ ને ? અરે ! પોતાનો ભગવાન તો રહી ગયો અંદર અને જે પોતાના નથી તેને અજ્ઞાનીએ પોતાના માન્યા છે. અહા ! ભગવાન, આચાર્યદેવ અથવા અહીં મુનિરાજ કહે છે કે તારો પ્રભુ પૂર્ણાનંદ આત્મા અંદર બિરાજે છે. તેનું ભજન કર, તેમાં એકાગ્ર થા અને તેનું નામ ધર્મ છે. લ્યો, આને વીતરાગનો ધર્મ કહેવાય. केवलीपण्णत्तो धम्मो - આ છે.

લોકો તો કહે છે કે દયા પાળો. કેમ કે દયા જેવો કોઈ ધર્મ નથી ?

ભાઈ ! દયા જેવો કોઈ ધર્મ નથી તે વાત તો સાચી, પણ કોની દયા ? - તારી કે પરની ? કેમ કે પરની દયા તો કોઈ પાળી શકતું નથી. જેમ કે પોતાની ૪૫ વર્ષની ઉંમર હોય ને વ્હાલામાં વ્હાલી ૪૦ વર્ષની સ્ત્રી મરતી હોય તો તેને બચાવવાનો ભાવ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ઘણો હોય કે તે ન મરે તો સારું. કારણ કે મારી ૪૫ વર્ષની ઉંમર થઈ છે એટલે બીજી સ્ત્રી કોઈ આપશે કે નહીં ? શું થશે ? - આમ ઘણી ચિંતાઓ થતી હોય છે. તો, તેને જીવાડવાનો ભાવ છે કે નહીં ? છતાં તેને બચાવી શકે છે ? તેનો ભાવ શું ત્યાં કારગત થાય છે ? તો, વ્હાલામાં વ્હાલી સ્ત્રીને તો તું બચાવી શકતો નથી અને દુનિયાને બચાવવા ગયો ? ભાઈ ! હું બીજાને બચાવું છું ને બીજાને રાખું છું તેમ માનવું તે ભ્રમણા છે. હવે તેને (-ભ્રમણાને) છોડીને આત્માને જો ને ? અંદર ઉજળો (-પ્રકાશમાન) નાથ આત્મા ચિદાનંદપ્રકાશનો પુંજ છે તેને નિરંતર ભજ ને ? અને જુઓ, અહીં 'આ' કહીને આત્માને ભજનારને આત્મા પ્રત્યક્ષ છે એમ કહે છે. અહા ! મુનિરાજે શ્લોકો પણ બનાવ્યા છે ને ! (અદ્દભુત છે.)

હવે કહે છે **'કે જે (આત્મા) અનુપમ જ્ઞાનને આધીન છે.'** જે સચ્ચિદાનંદસ્વરૂપ પ્રભુ ભગવાન આત્મા છે તે જ્ઞાનને આધીન છે, પણ રાગ કે પુણ્યને આધીન છે નહીં. આત્મા અનુપમ જ્ઞાનને - સમ્યક્ સ્વસંવેદન જ્ઞાનને - આધીન છે, પરંતુ તે કોઈ દયા-દાનના વિકલ્પથી પકડાય એવો નથી. અહા ! લોકોને એવું લાગે છે કે આ તો બહુ ઊંચી વાત હશે હો. (ના) ભાઈ ! આ તો હજુ સમ્યગ્દર્શનની વાત છે.

**'જે સહજગુણમણિની ખાણ છે'**. ભગવાન આત્મા તો સ્વાભાવિક જ્ઞાનાદિ અનંત ગુણમણિ-રત્નની ખાણ છે. ગુણમણિ = અનંત ગુણરૂપી મણિરત્નો. એક સમયની પ્રગટ અવસ્થાની પાછળ અંદરમાં જે ભગવાન આત્મા છે તે તો અનંત સ્વાભાવિક ગુણમણિની ખાણ છે. આ તારા બહારના મણિની કિંમત શું છે ? કદાચ લાખ-લાખ રૂપિયાનું એક-એક મણિરત્ન હોય તોય તે કરોડ-પાંચ કરોડ કે અબજ હોય. તે વળી કેટલા હોય ? જ્યારે આ આત્મા તો અનંત સહજગુણમણિની ખાણ છે.

જેમ બહારમાં પન્નાની ખાણના કોન્ટ્રાક્ટ લે છે ને ? તો, સાધારણ માણસ પણ અબજપતિ થઈ જાય. અને પછી તેને અહાહા ! થઈ જાય કે આપણે તો જાણે કેટલાય વધી ગયા. તે શેમાં વધ્યો છે ? રખડવામાં. તેમ અહીં કહે છે કે આ આત્મા અનંત સહજગુણમણિની મોટી ખાણ છે. તેનો યથાર્થપણે કોન્ટ્રાક્ટ લે, ઈજારો લે અને પછી અંદરથી ગુણમણિ કાઢ્યા જ કર. અંદરથી શાંતિ, આનંદ આદિ કાઢ્યા જ કર તો પણ ખૂટે એવું નથી. જો દ્રવ્ય ખૂટે તો કાઢવાયોગ્ય પર્યાય ખૂટે. અહા ! એક જ્ઞાનગુણમણિ, એક દર્શનગુણમણિ અને એવા-એવા અનંતા સહજગુણમણિની ખાણ આત્મા છે. આવો તારો પ્રભુ આત્મા સત્તાસ્વરૂપે બિરાજે છે. અરે ! આવો આત્મા છે તો પણ તેને છોડીને,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કહે છે કે, બાપુ ! તારી રુચિ ક્યાં જાય છે ? તને ક્યાં પ્રેમ લાગ્યો છે ? આવા ભગવાન આત્માને મૂકીને તારો પ્રેમ ક્યાં ગયો છે ? ભાઈ ! તું લુંટાય જા છો હો - એમ કહે છે.

**'જે (સર્વ) તત્ત્વોમાં સાર છે'.** બધા તત્ત્વોમાં એ આત્મા સાર તત્ત્વ છે. સંવર, નિર્જરા ને મોક્ષતત્ત્વ કરતાં પણ સાર તત્ત્વ તો આત્મા છે.

**'અને જે નિજ પરિણતિના સુખસાગરમાં મગ્ન થાય છે'.** - એ તત્ત્વનો દૃષ્ટિમાં સ્વીકાર થતાં તે તત્ત્વ નિજ પરિણતિના સુખસાગરમાં ડૂબી જાય છે. અહા ! મુનિરાજે પણ કામ કર્યાં છે ને !

**પ્રશ્ન:-** 'નિજ પરિણતિના સુખસાગરમાં' - એ ત્રિકાળીની વાત છે ?

**સમાધાન:-** ના, એ પર્યાયની - વર્તમાન દશાની - વાત છે. 'આ આત્માને ભજો' - એમ ઉપર કહ્યું હતું ને ? તો, 'ભજ' એટલે જે નિજ પરિણતિ પ્રગટ થઈ તે. અને તે વર્તમાન નિજ પરિણતિના સુખસાગરમાં તે તત્ત્વ મગ્ન થાય છે એમ કહ્યું ને ? માટે, નિજ પરિણતિ એટલે આનંદની વર્તમાન દશા.

અહા ! કહે છે કે એ આત્મતત્ત્વ એવું છે કે પૂર્ણાનંદનો નાથ છે. પણ સર્વજ્ઞ પરમેશ્વરે જે આત્મા જોયો તે જ હો. અર્થાત્ એકમાત્ર તીર્થંકરદેવ કેવળજ્ઞાની પરમાત્માએ જે આત્મા જોયો ને કહ્યો છે તે જ આત્મા હો. તે સિવાય અજ્ઞાનીઓ 'આવો આત્મા, આવો આત્મા' એમ આત્મા સંબંધી જે બધી વાતો કરે છે તેવો આત્મા નથી. કારણ કે એ આત્મા જ એવો સૂક્ષ્મ ને અલૌકિક છે કે સર્વજ્ઞ સિવાય બાકી બીજાઓએ તેને જોયો જ નથી. શું સર્વજ્ઞ પરમાત્મા તીર્થંકર સિવાય કોઈએ આત્મા જોયો છે ? (ના.) માટે, ભગવાન તીર્થંકરે જે આત્મા જોયો તે જ (સાચો) આત્મા છે અને તે આત્મા આવો છે.

**પ્રશ્ન:-** પરંતુ આપણે પણ 'આત્મા' કહીએ છીએ ને બીજા પણ 'આત્મા' કહે છે ?

**સમાધાન:-** બાપુ ! બન્નેનો ક્યાંય મેળ નથી. ભાઈ ! તને ખબર નથી. કેમ કે બીજા (-અજ્ઞાની) તો કહે છે કે આત્મા સર્વ વ્યાપક છે, - કાં તે એક જ ગુણરૂપ છે, અથવા તે વિજ્ઞાનસ્વરૂપ જ છે ને કાં તે ક્ષેત્રથી બહુ નાનો છે. - આમ અનેક પ્રકારે અજ્ઞાનીએ કલ્પના કરી છે. માટે ભગવાન સિવાય કોઈ અજ્ઞાનીએ આત્મા જોયો નથી, સમકિતી જ્યારે ભગવાને જોયેલા આત્માને જોવે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અહીં કહે છે કે એ આત્મતત્ત્વ જ એવું છે કે તેને જોતાં અર્થાત્ તેના સ્વીકારથી તે પોતે નિજ પરિણતિના સુખસાગરમાં મગ્ન-લીન થઈ જાય છે. એટલે કે પૂર્ણપણે પરિણતિમાં આવી જાય છે. અહા ! જ્યાં નિજ પરિણતિ-આનંદની વર્તમાન દશા - પ્રગટી ત્યાં, કહે છે કે, પર્યાયમાં સુખસાગર ઉછળે છે અને તેને 'પર્યાયના સુખસાગરમાં ત્રિકાળી દ્રવ્ય - કે જે સુખસાગરસ્વરૂપ છે તે - આવીને મગ્ન થઈ ગયું' એમ કહેવાય છે.

## શ્લોક - ૬૫ ઉપરનું પ્રવચન

किमध्रुववस्तुनि चिन्तया - અધ્રુવ વસ્તુની સાથે તારે શું કામ છે ભાઈ ! અરે ! આમાં (-આવું વસ્તુસ્વરૂપ છે ત્યાં) ક્ષેત્રપાળ ને પદ્માવતી આદિ ક્યાં રહ્યાં ? (તેમની વાત જ શું કરવી ?) અરેરે ! માંડ અનંત કાળે મનુષ્યનો ભવ મળ્યો, ત્યાં ઉગરવાના કાળે આવા (ગૃહીત મિથ્યાત્વે) બિચારા જીવોને મારી નાખ્યાં છે હોં ! અહા ! અનાદિ-અનાદિના ભૂતકાળમાં ભગવાન ! તને ક્યાં ખબર છે કે હું ક્યાં હતો ? અરે ! ગયા અનંત ભવમાં તું ક્યાં નહોતો ? જ્યાં-ત્યાં - બધી જગ્યાએ રખડતો હતો ભાઈ ! જુઓ તો ખરા ! તેમાંથી એકેંદ્રિય, દ્વીંદ્રિય, વગેરેમાં એનો આરો આવે એમ ક્યાં હતું ? તો, એ દુઃખમાંથી માંડ નીકળીને મનુષ્ય થયો - ભલે છે તો અહીંયા (વર્તમાનમાં) પણ દુઃખ, છતાં તીવ્ર દુઃખમાંથી માંડ નીકળીને તેને મનુષ્યભવ મળ્યો છે. તો, એવા દુઃખમાંથી નીકળેલાને હવે સંસારમાંથી નીકળવાનો રસ્તો જોઈએ કે હજી પણ ફરીથી બંધાવાના રસ્તે ચડે ? અને જો ફરીથી બંધાવાના રસ્તે ચડે તો પછી તેણે નવીન શું કર્યું ? અહા ! અનાદિ કાળના પરિભ્રમણમાં મનુષ્યપણું મળવું અનંત કાળે પણ મુશ્કેલ છે, છતાં તે મનુષ્યપણામાં આવ્યો. તો હવે સંસારમાંથી નીકળવાનો રસ્તો લેવો જોઈએ ને ? આ તેને માટે મનુષ્યભવ છે.

શ્રી પદ્મપ્રભમલધારિદેવ પોતે મુનિ છે ને ? એટલે અહીંયા મુનિની મુખ્યતાથી વાત કરે છે કે **'નિજ આત્મામાં લીન બુદ્ધિવાળા તથા ભવથી ને ભોગથી પરાઙ્મુખ થયેલા હે યતિ !'** ... (છઢાળામાં) પણ આવે છે ને ? કે 'ભવ-ભોગનતૈં વૈરાગી' (પાંચમી ઢાળ, પદ-૧). ભવ = આ ચાર ગતિના ભવ તથા તેના ભાવ. ભોગ = વાસના અને તન = શરીર. તે બધાંથી પ્રભુ ! તું તો પરાઙ્મુખ છો. હે મુનિ ! તે બધાથી તો તું વિમુખ થયો છો. અહા ! તું ધર્મી છો કે નહીં ? તું ધર્મી છો કે અધર્મી ? જો તું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ધર્મી છે, તો જે ધર્મી હોય એ તો ભવ, ભોગ ને તનથી વિમુખ થયેલો હોય છે અને જે ભવ-ભોગ-તનના સન્મુખ હોય એ તો ભોગી અને અધર્મી છે.

અહા ! કહે છે કે હે યતિ ! હે મુનિ ! હે ધર્માત્મા ! જો તું ધર્મી હો તો ભવથી ને ભોગથી પરાઙ્મુખ હોય. તું ભવની ને ભોગની સન્મુખ તો અનાદિનો હતો જ અર્થાત્ રાગ-પુણ્યના પ્રેમને કારણે ને પાપની રતિને કારણે તેની સન્મુખ તો અનાદિનો હતો જ અને તેથી દુઃખ અને મિથ્યાત્વના સમુદ્રમાં તું ડૂબી ગયો હતો. (હવે હજી પણ જો તું પરની જ સન્મુખ હો તો) તે શું નવું કર્યું ?

તો, ભવથી ને ભોગથી પરાઙ્મુખ થયેલા હે આત્મા ! **'તું ભવહેતુનો વિનાશ કરનારા એવા'....** - ભવના હેતુઓ મિથ્યાત્વ, અજ્ઞાન ને રાગ-દ્વેષાદિ છે તેનો વિનાશ કરનારા એવા **'આ (ધ્રુવ) પદને ભજ'.** શ્લોક ૬૪માં 'આત્માને ભજો' એમ કહ્યું હતું તેવી રીતે અહીં કહે છે કે પ્રભુ આત્મા નિત્ય ધ્રુવ છે તેનું ભજન કર. 'ભજન' તે પર્યાય છે, અવસ્થા છે અને તે દ્વારા ત્રિકાળી આત્માને ભજ. એટલે કે પર્યાય ત્રિકાળી આત્માની સન્મુખતામાં રહે તે આત્માનું ભજન છે.

**પ્રશ્ન:-** પણ આવો ઉપદેશ કેવો ? ઉપદેશ લાગે છે તો સારો, પણ આમાં કાંઈ હાથ આવતું નથી ?

**સમાધાન:-** બાપુ ! હાથ આવે એવો આ એક આત્મા જ છે. શ્લોક ૬૪ માં નથી કહ્યું ? કે નિજ પરિણતિના સુખસાગરમાં મગ્ન થઈને રહે એવો જ એ આત્મા છે. બાકી વિકારમાં તે ક્યાંથી મગ્ન હોય ? કેમ કે એ વિકાર તો અનિત્ય છે, ક્ષણિક છે અને તેથી વિકાર ઘડીકમાં ફર્યાફર-ફર્યાફર કરે છે. ક્ષણ પહેલાં કંઈક વિકાર હોય ને ક્ષણ પછી કંઈક વિકાર હોય છે.

અહીં કહે છે કે હે મુનિ ! **'તું ભવહેતુનો વિનાશ કરનારા એવા આ (ધ્રુવ) પદને ભજ.'** તારું ધ્રુવતત્ત્વ કે જે આનંદદાતા છે તેને ભજ. ત્રિકાળી નિત્યાનંદ પ્રભુ આત્માને ભજ અને તે આનંદનો દાતા છે માટે આનંદ આપશે હો. એટલે કે જે તેને ભજે છે તે આનંદથી ખાલી નહીં રહે. અહા ! તારે શું કરવું છે ? તારે સુખ જોઈએ છે ને ? તો તેને ભજ ને ? આ ધ્રુવને ભજ. પણ વાત એ છે કે ત્યાં મહાપુરુષાર્થ કામ કરે હોં. (મહાપુરુષાર્થ હોય તો કાર્ય થાય.) બાકી એ કાંઈ વાતે મળે એવું નથી. જુઓ, આ જૈનધર્મ ! ભારે ભાઈ આ તો !

**'અધ્રુવ વસ્તુની ચિંતાથી તારે શું પ્રયોજન છે ?'** આ શરીર, વાણી, મન તેમ જ આ બધાં બહારના પદાર્થો તો નાશવાન છે. તે નાશવાન પદાર્થો કાંઈ તારામાં નથી,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તારા નથી, તારે લઈને આવ્યા નથી ને તારા થઈને રહ્યાં નથી. માટે તે નાશવાન પદાર્થોથી તારે શું કામ છે ? અરે ! પુણ્ય-પાપના વિકલ્પ પણ નાશવાન ને અંધારા છે. માટે તારે તેની સાથે પણ શું કામ છે ? તેથી હવે આ ધ્રુવપદને ભજ; ધ્રુવની ભાવના કર. અનાદિથી ખોટના ધંધા માંડ્યાં છે - અનાદિથી જે કાર્ય કર્યું છે - તે હવે પડતું મૂક અને જેની સાથે આડતિયાનો સંબંધ બાંધતા આનંદનો વેપાર થાય તેની સાથે કામ કર. અહા ! અધ્રુવ વસ્તુની ચિંતાથી તારે શું પ્રયોજન છે ? કેમ કે તારું પ્રયોજન તો ધ્રુવને ભજવો તે છે, કે જેથી ધ્રુવ-પૂર્ણદશા પ્રગટ થાય.

અહા ! ૨૦ વર્ષના પુત્રના છ મહિના પહેલાં લગ્ન થયા હોય અને તે કચડાઈ જાય તો હાય ! હાય ! થઈ જાય. બાપુ ! બહારમાં કોણ શરણ છે ? ને કોણ ધણી છે ? અરે ! સિંહ ને વાઘની દાઢમાં પકડાયેલા હોય, તો પણ જેણે આત્માનું આરાધન જ કર્યું છે તે મુનિ-સંત ગજબ છે ને ? અહા ! પંચ મહાવ્રતધારી મુનિને અહિંસા હોય છે ને વૈરભાવનો ત્યાગ હોય છે. પરંતુ એથી કરીને એમ નથી કે સામા જીવને વૈર ન થાય. બાપુ ! પૂર્વના કર્મનો યોગ એવો હોય તો સાચા સંતો પણ સિંહના કે વાઘના મોઢામાં આવે. સિંહ મોઢામાં મુનિને પકડે, છતાં તેઓ તો ધ્યાનમાં હોય છે. તેમને અંદરથી ઉગ્ર આરાધના ચાલુ થઈ જાય ને આત્મા ઉપર એકાગ્ર રહેતા જો દેહ છૂટી જાય તો એકાવતારી થઈ સર્વાર્થસિદ્ધિમાં ચાલ્યા જાય છે. અહા ! બહારની ચીજથી આત્માને શું છે ? કેમ કે બહારની ચીજ ક્યાં અંદર આત્માને અડે છે ? (હા,) રાગ-દ્વેષ કરે તો બહારની ચીજને નિમિત્ત કહેવામાં આવે.

વિશલ્યા એટલે શલ્ય રહિત ભગવાન આત્મા. અહા ! અહીં તો જ્ઞાનજળ છાંટતા આત્માની નિરોગતા કેમ થાય તે વાત છે. નયચક્રનું નામ ભાઈ ! 'દ્રવ્યપ્રકાશક' એવું આપ્યું છે. એનો અર્થ એ છે કે પોતાના જ્ઞાનપર્યાયમાં - નિશ્ચયનયના પર્યાયમાં - આત્માનો પ્રકાશ આવે છે એટલે કે તેમાં આત્મા આવે છે. માટે તે નિશ્ચયનયને 'દ્રવ્યપ્રકાશક' કહેવાય છે.

## શ્લોક - ૬૬ ઉપરનું પ્રવચન

આ નિયમસારના શુદ્ધભાવ અધિકારનો ૬૬મો શ્લોક છે. તેમાં કહે છે કે **'જે અનાકુળ છે.'** આ અંદર ભગવાન આત્મા છે તે અનાકુળ છે. એટલે કે તેનું સ્વરૂપ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

આનંદમય છે, પણ તેમાં આકુળતા નથી. વસ્તુનો-આત્માનો-પોતાનો-સ્વભાવ અનાકુળ આનંદસ્વરૂપ છે અને તેને અહીં સમયસાર —આત્મા— કહેવામાં આવે છે.

**'અચ્યુત છે.'** આત્મવસ્તુ કે જે ધ્રુવ સ્વરૂપ છે તે કાંઈ ધ્રુવપણામાંથી ખસીને નાશ થાય એવી નથી અર્થાત્ તે નાશવાન છે નહીં, પરંતુ અસ્ખલિત છે. આવી ચૈતન્યમય ભગવાનરૂપ ધ્રુવચીજ અનાદિની-કાયમની-એવી ને એવી છે.

**'જન્મ-મૃત્યુ-રોગાદિ રહિત છે.'** આનંદ ને અનાકુળ શાંતિનો રસકંદ એવી જે અંદર વસ્તુ છે — કે જેને આત્મા કહીએ — તે તો જન્મ-જરા-મૃત્યુ-રોગાદિથી રહિત છે. તેમાં જન્મ નથી, મૃત્યુ નથી ને રોગાદિમય જરા પણ નથી.

**'સહજ નિર્મળ સુખામૃતમય છે.'** અંદર ત્રિકાળી ધ્રુવ નિત્યાનંદ વસ્તુ આત્મા કેવો છે ? કે એ તો સ્વાભાવિક નિર્મળ સુખામૃતમય છે. આત્માનો ત્રિકાળી સ્વભાવ સહજ સુખરૂપી અમૃતમય જ છે. ઉપર 'અનાકુળ છે' એમ કહીને આત્મામાં આકુળતા નથી એટલું જ કહ્યું હતું. પણ હવે અસ્તિથી કહ્યું કે સહજ સુખરૂપી અમૃતમય આત્મા છે.

**'તે સમયસારને હું'** - આવો આત્મા અર્થાત્ સમયસાર છે તેને હું **'સમરસ વડે સદા પૂજું છું'** - આવા આત્માને આશ્રયે થતી વીતરાગદશાથી આત્મા પૂજવાલાયક છે એમ કહે છે. અહા ! પુણ્ય ને પાપના વિકલ્પો તો વિષમભાવ છે. તેથી તેનાથી રહિત સમતાભાવે મતલબ કે મારા નિર્વિકાર પર્યાય દ્વારા આવા આત્માની હું પૂજા કરું છું. એટલે કે હું આત્મામાં એકાગ્ર છું તે આત્માની પૂજા છે. લ્યો, આ પૂજા. બહારના ભગવાનની પૂજા રાગભાવ હોય ત્યારે હોય છે, પરંતુ તે આત્માની પૂજા નહીં.

અહા ! તીર્થંકરદેવ સર્વજ્ઞ પરમાત્માએ આત્માને અનાકુળ, અચ્યુત, જન્મ-મૃત્યુ-રોગાદિ રહિત ને સ્વાભાવિક-અકૃત્રિમ નિર્મળ સુખામૃતમય જોયો છે. તો, એવી દૃષ્ટિ ને એવું જ્ઞાન થતાં તે કાળે જે સમતા પ્રગટ થાય તે વડે હું આત્માને પૂજું છું એટલે કે તેમાં એકાગ્ર થાઉં છું. અહા ! આ આત્માની પૂજા છે. જ્યારે ભગવાન-દેવ, ગુરુ અને શાસ્ત્રની પૂજા એ શુભભાવ છે. સ્વરૂપમાં ઠરી શકતો ન હોય અને અશુભથી બચવાનો પ્રસંગ હોય ત્યારે એવો શુભભાવ હોય, છતાં પણ તે કાંઈ આત્મપૂજા નથી. એ તો પરપૂજા છે.

હું એવો જે સમયસાર આત્મા, મને સમતાભાવ વડે એટલે કે સ્વભાવનું સમ્યગ્દર્શન, સ્વભાવનું સમ્યગ્જ્ઞાન અને સ્વભાવમાં લીનતારૂપ સમતાદશા — તે વડે

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પૂજું છું અર્થાત્ એ વડે હું મારો આદર કરું છું. કહો, આ પૂજા છે. મતલબ કે વીતરાગભાવે આત્માની પૂજા થાય તો તે (સાચી) પૂજા કહેવાય.

**પ્રશ્ન:-** વીતરાગભાવ નીચે (નીચેના ચોથા કે પાંચમા ગુણસ્થાનોમાં) ક્યાંથી લાવવો ?

**સમાધાન:-** ભાઈ ! આ નીચેના ગુણસ્થાનોની તો વાત ચાલે છે. 'ધીરજ ધરને અરે ! અધીરા, કાયરનું નહીં કામ જો ને.' (ધીરજ=સમતા). અહીં કહે છે કે ચૈતન્ય ભગવાન આત્માની સન્મુખના વીતરાગભાવ વડે આત્માને પૂજું છું કે જે ભાવ મુક્તિનું કારણ છે.

**પ્રશ્ન:-** આ તો નિશ્ચયની વાત છે. પણ તે પમાય કેમ ?

**સમાધાન:-** અહીં સીધી (-નિરપેક્ષપણે) તેને પામવાની વાત છે. આત્મા પોતાના સન્મુખની સમતારૂપ સમ્યક્ દૃષ્ટિ, સમતારૂપ જ્ઞાન અને સમતારૂપ વીતરાગતા — તે વડે પમાય છે. તે વડે જ આત્મા પમાય છે ને પૂજાય છે, કે જેમાં વિકલ્પની, પૈસાની કે આઠ દ્રવ્યની પણ જરૂર નથી. આ બહારમાં આઠ દ્રવ્ય વડે પૂજા હોય છે ને ? પણ સ્વદ્રવ્યની અંતર પૂજામાં જ્યાં રાગ જ નથી ત્યાં તે આઠ દ્રવ્ય ક્યાં લેવા જાય ? તે આઠ દ્રવ્ય લેવા જાય તે કરતાં આ સ્વદ્રવ્યની પૂજા કરે નહીં ?

**પ્રશ્ન:-** ભગવાનની પૂજાથી પૂજાના સંસ્કાર તો પડે ને ?

**સમાધાન:-** ભાઈ ! તેમાં રાગના સંસ્કાર પડે છે. કેમ કે એ શુભરાગ છે. અને તેની રાગ —પુણ્યભાવ —સુધીની મર્યાદા છે. બાકી તેનાથી આગળ કોઈ લઈ જાય (-તેમાં ધર્મ માને) તો વસ્તુની સ્થિતિ નહીં રહે, તત્ત્વ નહીં રહે, પરંતુ તત્ત્વનું ખૂન થશે. પૂજાનો રાગ હોય એ જુદી વાત છે, પણ તેને ધર્મ ને સંવર-નિર્જરાનું કારણ કોઈ માને તો તે નાસ્તિક-મિથ્યાદૃષ્ટિ છે.

અહા ! એક રીતે અહીં એમ કહેવું છે કે:

(૧) તારે આનંદ જોઈએ છે ને ? તો, ભગવાન આત્મા પોતે જ આનંદસ્વરૂપ છે.

(૨) તારે એકરૂપ — ચ્યુત ન થાય એવું - સ્વરૂપ જોઈએ છે ને ? તો, આત્મા પોતે જ ત્રિકાળ અચ્યુત સ્વરૂપ છે.

(૩) તારે જન્મ-મૃત્યુ-રોગાદિ રહિત થવું છે ને ? તો, વસ્તુ આત્મા પોતે જ તે બધાંથી રહિત છે.

(૪) તારે દુઃખ રહિત થવું છે ને ? તો, આત્મા તેવી ચીજ જ અંદર છે. અર્થાત્ આત્મા પોતે જ સ્વાભાવિક નિર્મળ સુખરૂપી અમૃતનો દરિયો છે. — એમ કહે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આવો આત્મા, કહે છે કે, પૂજવો હોય તો વીતરાગભાવે પૂજવાયોગ્ય છે. પણ દયા, દાન, વ્રતના વિકલ્પથી આત્મા પૂજવા લાયક નથી. અહા ! શુભરાગથી પૂજવા લાયક આત્મવસ્તુ નથી. પરંતુ શુભાશુભના વિકલ્પથી રહિત જેમાં જ્ઞાતા દૃષ્ટાના પરિણામ છે એવા વીતરાગભાવ દ્વારા એ આત્મા પૂજવા લાયક છે. અને તેવા ભાવમાં જ આત્મા ઉપાદેય તરીકે પ્રગટ થાય છે.

હવે, પોતે મુનિ છે ને ? એટલે પોતાથી વાત કરે છે કે **'તે સમયસારને હું સમરસ વડે'** અર્થાત્ (સમરસ) એવો ચારિત્રભાવ, વીતરાગભાવ, અકષાયભાવ મને પ્રગટેલો છે - આમાં સમ્યગ્દર્શન ને જ્ઞાન આવી ગયા - તે વડે હું **'સદા પૂજું છું.'** અહા ! પૂજારી તો ભગવાનને અમુક વખતે - સવારના - જ પૂજે છે. જ્યારે અહીંયા એમ કહે છે કે પૂજવા લાયક મારા નાથને તો હું સદા પૂજું છું. મારા ત્રિકાળી આનંદસ્વરૂપમાં મારું એકાગ્રપણું સદાય છે. આ એકાગ્રપણું તે સમતાભાવ છે અને તે સમતાભાવથી મારા આત્માને હું સદા પૂજું છું. પાછી ભાષા જુઓ ને ? કે 'समरसेन सदा परिपूजये' - એમ છે ને ? અહા ! એક-એક કલશ પણ અમૃતના કલશ છે ને ?

**પ્રશ્ન:-** આ તો ભારે વાત છે. આમાં મંદિરમાં પૂજા આદિ....?

**સમાધાન:-** ભાઈ ! એ પૂજાદિ હોય છે. જ્યાંસુધી પૂર્ણ વીતરાગતા ન થાય ત્યાં સુધી અર્થાત્ મનનો સંબંધ હોય ત્યાંસુધી એવા ભાવો હોય છે. પણ તે કાંઈ આત્મપૂજા કે ધર્મ નથી.

અહા ! વસ્તુ ભગવાન આત્મા પોતે જ અંતરમાં વીતરાગમૂર્તિ છે. તે વીતરાગમૂર્તિની અંતર્મુખ દૃષ્ટિ કરતાં એકાગ્રતાનો ભાવ ઉત્પન્ન થાય તે સમરસ— સમતા છે. એ સમતા પુણ્ય ને પાપના વિકલ્પથી રહિત છે. તો એ સમતા વડે જ આત્માનો આદર ને આત્માની એકાગ્રતા થાય છે. અરે ! આવી વાત તેણે સાંભળી નથી.

અહા ! એના ખ્યાલમાં આવવી મુશ્કેલ એવી ચીજ ભગવાન આત્મા છે. ભાઈ ! તારું સ્વરૂપ તો વીતરાગભાવથી ભરેલું છે. તું અમૃતનો સાગર છો ભાઈ ! પણ તને તારી કિંમત ને બહુમાન નથી. તને કિંમત કાં પૈસાની, સ્ત્રીની, પુત્રની, આબરૂની કાં પુણ્યના કે પાપના ભાવની છે. પણ તેની કિંમત કરવા ગયો ત્યાં તારી કિંમત ભાઈ ! હણાઈ ગઈ છે. માટે હવે તારે તારી કિંમત કરવા બહુમાનથી અંતર સ્વભાવમાં એકાગ્ર થવું કે જેથી વીતરાગભાવ આવે-પ્રગટે. અને તે વીતરાગભાવ વડે આત્મા પૂજવા લાયક છે, કિંમત કરવા લાયક છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## શ્લોક - ૬૭ ઉપરનું પ્રવચન

**'એ રીતે પૂર્વે નિજજ્ઞ સૂત્રકારે'....** નિજજ્ઞ સૂત્રકાર = આત્માના જ્ઞાની એવા શ્રી કુંદકુંદાચાર્યદેવ. નિજ ભગવાન આત્મા કે જે અતીંદ્રિય અમૃતનું પૂર છે તેનું જેને અંતરમાં જ્ઞાન થયું છે એવા નિજજ્ઞ સૂત્રકારે **'(આત્મજ્ઞાની સૂત્રકર્તા શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવે)'** ... અહા ! શ્રી કુંદકુંદાચાર્યદેવને મુનિઓ 'નિજજ્ઞ સૂત્રકાર' તરીકે કહે છે - બોલાવે છે. અર્થાત્ મુનિઓ ખાત્રી આપે છે કે શ્રી કુંદકુંદાચાર્યદેવ નિજજ્ઞ છે. આત્મામાં એકાકારપણારૂપ નિશ્ચય પંચ મહાવ્રતધારી અને વ્યવહારે પણ પંચ મહાવ્રતધારી એવા આ (શ્રી પદ્મપ્રભમલધારીદેવ) મુનિ એમ કહે છે કે અહો ! શ્રી કુંદકુંદાચાર્ય નિજજ્ઞ છે - પોતાના આત્માના જાણનાર ને અનુભવનાર છે અને તેમણે આ સૂત્ર રચ્યું છે. જુઓ, બીજા મુનિ-જ્ઞાની પણ તેમને (-શ્રી કુંદકુંદાચાર્યને) માટે એમ કહે છે કે તેઓ નિજજ્ઞ સૂત્રકાર છે અને તેમને અનુસરીને અમે આ બધું કહીએ છીએ. એટલે કે આમાં બીજા મુનિઓની સાક્ષી આવે છે અને બીજા મુનિઓ પણ તેમને (-શ્રી કુંદકુંદાચાર્યદેવને) આવા સ્વીકારે છે એમ (મારે - પૂજ્ય ગુરુદેવશ્રીને) કહેવું છે.

અહા ! પ્રવચનસારમાં પણ આવે છે ને ? શ્રી કુંદકુંદાચાર્યદેવ માટે શ્રી અમૃતચંદ્રાચાર્યદેવ પ્રવચનસારમાં (ગાથા ૧ થી ૫ નો ઉપોદ્‌ઘાત) એમ કહે છે કે 'સંસારસમુદ્રનો કિનારો જેમને નિકટ છે એવા કોઈ (આસન્નભવ્ય મહાત્મા શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવ), સાતિશય વિવેક જ્યોતિ જેમને પ્રગટ થઈ છે' - એ શ્રી કુંદકુંદાચાર્યદેવ આસન્નભવ્ય મહાત્મા છે કે જેમને વિકલ્પથી રહિત ચારિત્રની રમણતા પ્રગટી છે 'અને સમસ્ત એકાંતવાદની વિદ્યાનો અભિનિવેશ જેમને અસ્ત થયો છે એવા, પારમેશ્વરી (પરમેશ્વર જિનભગવાનની) અનેકાંતવાદવિદ્યાને પામીને, સમસ્ત પક્ષનો પરિગ્રહ (શત્રુમિત્રાદિનો સમસ્ત પક્ષપાત) છોડ્યો હોવાથી'...જુઓ, કહે છે કે આ અમારા પક્ષવાળા ને આ અમારા પક્ષવાળા નહીં એવો બધો પક્ષપાત છૂટી ગયો છે. લ્યો, ગણધર જેવા ટીકાકાર આચાર્ય શ્રી અમૃતચંદ્રાચાર્ય એમ કહે છે કે શ્રી કુંદકુંદાચાર્યને શત્રુ કે મિત્ર પ્રત્યે સમભાવ છે. આ અમારા વિરોધી છે અને આ અમારા સાધર્મી છે એવો બધો પક્ષપાતનો ભાવ તેમને છે જ નહીં. તેમને એકલો સમભાવ છે અર્થાત્ એકલી વીતરાગતા પ્રગટી છે. તેથી 'અત્યંત મધ્યસ્થ થઈને' - તેમને (-શ્રી કુંદકુંદાચાર્યને) અંતરમાં શુભાશુભભાવથી રહિત મધ્યસ્થદશા - વીતરાગદશા - પ્રગટી છે. આ છદ્મસ્થ મુનિની (-શ્રી કુંદકુંદાચાર્યની) વાત ચાલે છે હો. અને તે પણ બીજા મુનિઓ - અહીં શ્રી અમૃતચંદ્રાચાર્ય કે જેઓ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આચાર્ય છે તેઓ - શ્રી કુંદકુંદાચાર્ય માટે આમ કહે છે. એટલે કે શ્રી અમૃતચંદ્રાચાર્ય આમ પોકારે છે અને એ રીતે બીજા મુનિઓ-આચાર્યોની પણ તેમાં સાક્ષી છે એમ (મારે - પૂજ્ય ગુરુદેવશ્રીને) કહેવું છે. કાંઈ એકલા મુનિએ (-શ્રી પદ્મપ્રભમલધારિદેવે) જ આવું કહ્યું છે એમ નથી, પરંતુ બીજા મુનિઓ-આચાર્યોની પણ તેમાં સાથે સાક્ષી છે એમ કહેવું છે.

અહા ! નિજ નામ (-એટલે) પોતાનો સ્વભાવ જ્ઞાન ને આનંદની મૂર્તિ પ્રભુ છે. પણ અરે ! જે રાગમાં રોળાઈ ગયો છે તેને આ આત્મા વીતરાગસ્વરૂપ છે તે કેમ બેસે ? જે રાગ-દ્વેષના પરિણામમાં પીસાઈ ગયો છે તેને અરે ! આવો આત્મા કેમ બેસે ? તેને આત્મામાં આવી મોટપ છે તે કેમ દેખાય ? બહારમાં કાંઈક અનુકૂળતા હોય તો જેને ક્ષણે ને પળે હરખ આવે કે મારું કેટલું માન ! અને બહારમાં કાંઈક પ્રતિકૂળતા હોય તો જે ખેદાય-હણાય જાય કે અરર ! મારું અપમાન ! તેને અર્થાત્ આવા વિષમભાવથી જે હણાય ગયો છે તેને આવો આત્મા કેમ બેસે ?

અહીં કહે છે કે એ નિજજ્ઞ સૂત્રકારે **'જે વિશુદ્ધ નિજાત્મતત્ત્વનું વર્ણન કર્યું....'** જુઓ, આમ કહીને ખૂબી શું કરી ? કે આમાં વિશુદ્ધ નિજાત્મતત્ત્વનું વર્ણન છે તે તેમણે - ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવે - કર્યું છે એમ કહે છે. જેનો અંદરથી પાતાળ કૂવો ફાટી ગયો છે, જેને આત્માના ઉગ્ર ભાનમાં આનંદના રસની રેલમછેલ છે એવા સૂત્રકારે આ વિશુદ્ધ નિજાત્મતત્ત્વનું વર્ણન કર્યું છે. આ વાત મૂળ પાઠની (-ગાથાની) અપેક્ષાએ કહે છે. કેમ કે નહીંતર ટીકા તો પોતે (શ્રી પદ્મપ્રભમલધારીદેવે) કરી છે. પરંતુ પાઠમાં ભગવાન શ્રી કુંદકુંદાચાર્યે આવું કહ્યું છે માટે તેમણે આ વર્ણન કર્યું છે એમ (શ્રી પદ્મપ્રભમલધારીદેવ) કહે છે.

અહા ! સમ્યગ્દર્શનની તો જુદી વાત છે, પરંતુ તે ઉપરાંત આ તો જેણે આત્માનો ચારિત્ર સહિત પત્તો લીધો છે, જેને રમણતાનો દરિયો ઉછળી ગયો છે, જેની દશામાં વીતરાગતા છોળમછોળ મારે છે તથા જેને પર્યાયમાં વીતરાગતાની ભરતી આવી છે એવા ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવ સૂત્રકર્તા છે - આ ગ્રંથના કર્તા છે. નિમિત્ત તરીકે તો એમ જ કહેવાય ને ? એમ જ ઓળખાવાય ને ? કે તેઓ (-શ્રી કુંદકુંદાચાર્ય) આ ગ્રંથના કર્તા છે. તેમાં તેમણે વિશુદ્ધ નિજાત્મતત્ત્વનું વર્ણન કર્યું છે અને તેને અનુસરીને અમે કહ્યું છે એમ મુનિરાજ કહે છે. અહીં 'વિશુદ્ધ' શબ્દ નિર્મળતાના અર્થમાં છે, પણ વિકલ્પ કે શુભભાવના અર્થમાં નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



હવે, એટલી વાત કરીને બહુ ટૂંકાણમાં કહે છે કે **'અને જેને જાણીને'** - બસ, આટલી વાત છે કે તેને જાણીને. છતાં તેનું આટલું વજન (-ફળ) છે કે તે **'ભવ્ય જીવ મુક્તિને પામે છે.'** અહા ! અહીંયા ફક્ત 'જાણીને' એટલી જ વાત લીધી છે. પરમ અમૃતમય અતીંદ્રિયરસનો કંદ એવો ભગવાન આત્મા ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવે વર્ણવ્યો છે તેને જે જીવ બસ, बुद्ध्वा - જાણે છે અર્થાત્ જે એની કિંમત કરે છે તે જીવ મુક્તિને પામે છે. લ્યો કહો ! આ સંસ્કૃત કે બીજું કાંઈ જાણીને મુક્તિને પામે છે એમ આમાં નથી કહ્યું, પરંતુ 'જાણીને' મતલબ કે એ આત્મજ્ઞ શ્રી કુંદકુંદાચાર્યે જે રીતે આત્માનું વર્ણન કર્યું છે તેને જાણીને મુક્તિને પામે છે એમ કહે છે. બાકી અજ્ઞાનીઓ આત્માના નામે ઘણી વાતો કર્યા કરે છે, પણ વસ્તુ એવી નથી.

કહે છે કે **'જેને જાણીને'** અર્થાત્ ભગવાન સમયસારને જાણીને.... જેવું આત્માનું સ્વરૂપ આમાં વર્ણવ્યું છે તેવું જાણીને... જુઓ, એકલું સાંભળીને એમ નથી કહ્યું, પણ અંદરથી જાણીને એમ કહે છે. તેમ જ જાણીને એટલે કે એકલું પરલક્ષી જ્ઞાન કરીને એમ પણ નહીં, પરંતુ જાણીને એટલે કે અનુભવીને. અંતરમાં અતીંદ્રિય આનંદના વેદનપૂર્વક આત્માને અનુભવીને **'ભવ્ય જીવ મુક્તિને પામે છે.'** અહા ! પોતે સમયસારસ્વરૂપ થઈને શ્રી કુંદકુંદાચાર્યે આ સમયસારનું - આત્માનું - વર્ણન કર્યું છે. તો, તેને જાણીને ભવ્ય જીવ મુક્તિને પામે છે. લ્યો, આ રીતે ભવ્ય જીવ મુક્તિને પામે છે.

**પ્રશ્ન:-** મુક્તિ તો અત્યારે નથી. માટે અમારે બીજું કરવું કે નહીં ?

**સમાધાન:-** અરે, સાંભળને ભગવાન ! કે જેટલા અંશે મિથ્યાત્વ ને રાગથી નીકળી (-ખસી) ગયો તેટલી (આ કાળે પણ) મુક્તિ છે. પર્યાયમાં પૂર્ણ મુક્તિ તો જ્યારે પૂર્ણ રાગ રહિત થશે ત્યારે થશે. પરંતુ તેની (-રાગરહિત થવાની, મુક્તિની) શરૂઆત તો અત્યારે થઈ ગઈ છે ને ? મુક્તિના માર્ગ ઉપર પ્રયાણ તો અત્યારે શરૂ થઈ ગયા છે ને ? (માટે તેટલા અંશે મુક્તિ જ છે.)

અહા ! જે આત્માને જાણીને ભવ્ય જીવ - લાયક જીવ - મુક્તિને પામે છે **'તે નિજાત્મતત્ત્વને ઉત્તમ સુખની પ્રાપ્તિ અર્થે હું ભાવું છું.'** ઉત્તમ સુખ = અતીંદ્રિય આનંદ, મુક્તિ. અહા ! હું ઉત્તમ સુખની - પૂર્ણ આનંદની - પ્રાપ્તિ માટે મારા આત્મામાં એકાગ્રતા કરું છું. - આ મારી ભાવના છે ને આ મારો ભાવ છે. બાકી આ લખવા વખતે વિકલ્પ છે તે પણ હું નથી. કેમ કે વિકલ્પની તો બીજી જાત છે. અર્થાત્ વિકલ્પ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



બીજો, વાણી બીજી ને હું પણ બીજો છું એમ કહે છે. જુઓ, આત્માને જાણે એટલે કે અનુભવે તે માર્ગ છે અને તેના ફળ તરીકે આ ઉત્તમ સુખની પ્રાપ્તિ થાય છે.

અરે ! એણે આવા મનુષ્યપણામાં આવીને પણ કરવા જેવા કાર્ય માટે વખત (-સમય) લીધો નહીં અને નહીં કરવા જેવા કાર્ય માટે — નહીં કરવા જેવા કાર્યમાં— વખત ગાળ્યો. એક તો રાગની મજૂરી કરી દુઃખ પામ્યો ને ફરીને તેના ફળ તરીકે (મળેલી સામગ્રીમાં જોડાઈને) પણ દુઃખ પામ્યો. મતલબ કે વર્તમાનમાં પણ દુઃખ પામ્યો ને પછી તેના ફળમાં પણ દુઃખ પામ્યો.

**પ્રશ્ન:-** ખરેખર આમ હશે ? પણ આ બખા પૈસાવાળા સુખી કહેવાય છે ને ?

**સમાધાન:-** ધૂળેય તેઓ સુખી નથી. પણ પૈસાવાળા કહેવા કોને ? કેમ કે પૈસા એટલે ધૂળ. તો શું આત્મા ધૂળવાળો હોય ? અરે ! તેઓ બિચારા દુઃખી છે. કેમ કે મોભા પ્રમાણે તેમને મકાન જોઈએ, દીકરીનું ઘર જોઈએ, સારા ઘરની કન્યા જોઈએ વગેરે. જુઓ, કેટલી માયા અંદર વધી ગઈ છે ? તેથી કહે છે કે માયાથી (-મિથ્યાત્વથી) ઘેરાય ગયેલા હોવાથી તેઓ બિચારા દુઃખી છે.

*એક સુખીયા જગતમાં સંત, દુરિજન દુખિયા રે....*

જેણે આત્માની ભાવના ભાવી તે સુખી છે અને જેણે પરની ભાવના ભાવી તે દુઃખી છે.

**પ્રશ્ન:-** પણ આવું બધું - આવું ઊંચું — ક્યારે થાય ? આ પહેલાં થોડો-ઘણો કોઈ બીજો રસ્તો હશે કે નહીં ?

**સમાધાન:-** ભાઈ ! શું પહેલાં તે બીજે - ઊંધે - રસ્તે જાય તો પછી સાચા રસ્તે આવે એમ હશે ? જાવું હોય ઉગમણે (-પૂર્વ તરફ) અને તે આથમણે (-પશ્ચિમ તરફ) દોડે, તો શું તે પછી ઉગમણે આવશે એમ હશે ? બાપુ ! (ઊંચો લાગે તો પણ) મારગ તો આ છે અને તે ભાવ - મારગ - તેના જ્ઞાનમાં રુચવો જોઈએ. અહા ! પોતે નિવૃત્તમય છે ને તેમાં સમાવવું (-સમાઈ જવું) તે સાર છે. અર્થાત્ સમજીને સમાવવામાં સાર છે. તેને માટે કહે છે કે હું મારા આત્મામાં એકાગ્ર થાઉં છું, મારા આત્માની ભાવના ભાવું છું.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## શ્લોક - ૬૮ ઉપરનું પ્રવચન

**'પરમાત્મતત્ત્વ આદિ-અંત વિનાનું છે.'** પોતે અંદરમાં પરમાત્મા છે ને તે પરમાત્મતત્ત્વનું નિજસ્વરૂપ આદિ-અંત વિનાનું છે. પરમાત્મતત્ત્વ એટલે આ નિજાનંદમય ધ્રુવ. આવું પોતાનું હોવાપણું આદિ-અંત વિનાનું છે. અર્થાત્ આવા તત્ત્વની કોઈ આદિ નથી. પણ જે અનાદિથી છે તેની આદિ શી ? અને તેનો અંત પણ શો ?

તે **'દોષ રહિત છે'** - તેમાં દોષ નથી. એ તો નિર્દોષ આનંદકંદ પ્રભુ છે. જે કંઈ નિર્દોષતા તું પ્રગટ કરવા માગે છે તે બધી નિર્દોષતાથી ભરેલું તત્ત્વ એ આત્મા જ છે. પણ અરે ! દોષમાં ડૂબેલાને દોષ રહિત આવું તત્ત્વ કેમ બેસે ? રાગમાં લેપાયેલાને આવી નિર્લેપ ચીજની પ્રતીતિ કેમ થાય ? અને તે પ્રતીતિ વિના ૮૪ લાખ યોનિના અવતાર કોઈ દિ' મટે એવા નથી.

અહા ! આ મનુષ્યભવમાં તે પાંચ-પચીસ વર્ષ રહે. વધારે કેટલું રહે ? કદાચ ૫૦-૬૦ વર્ષ રહે તો પણ પાછો મરીને જાય ઢોરમાં - કાગડાં, કૂતરાં આદિમાં જાય. ત્યાં (ઢોરપણામાં) તો કાંઈ ભાન ન હોય એટલે પછી માંસાદિ ખાય અને તેથી મરીને નરકમાં જાય. જ્યારે અહીં મનુષ્યપણામાં તો હજી આર્ય તરીકે હોય એટલે (માંસાદિ ન ખાય), પણ અહીં મિથ્યાત્વ સેવ્યું છે ને અનાર્યદૃષ્ટિ સેવી છે એટલે તેમાંથી (-તેના ફળમાં) એવા અવતાર થાય કે જ્યાં માંસાદિ ન ખવાય એવું ભાન પણ રહેતું નથી. તો, એવી અજ્ઞાનદશાના ફળ તરીકે આવી ચાર ગતિ મળે અને ભાનદશાના ફળમાં તે મુક્તિને પામે એમ અહીંયા કહે છે.

કહે છે કે પરમાત્મતત્ત્વ આદિ-અંત વિનાનું છે, દોષ રહિત છે ને **'નિર્દ્વંદ્વ છે.'** બેપણું નામ વિકલ્પ સાથે જોડાણ જ જેમાં નથી એવો અખંડાનંદ પ્રભુ આત્મા દ્વંદ્વ-બેપણા સહિત નથી, પણ રહિત છે. એટલે કે તે એકલો ચૈતન્યપિંડ પ્રભુ છે.

**'અને અક્ષય વિશાળ ઉત્તમ જ્ઞાનસ્વરૂપ છે.'** પરમાત્મતત્ત્વ જ્ઞાનસ્વરૂપ છે. તે જ્ઞાન કેવું છે ? કે 'અક્ષય' છે - જ્ઞાનસ્વરૂપ ક્ષય ન થાય એવું છે, 'વિશાળ' છે - અનંત છે અને 'ઉત્તમ' છે. આ રીતે તે પરમાત્મતત્ત્વ અક્ષય વિશાળ ઉત્તમ જ્ઞાનસ્વરૂપ છે. એકલા ચૈતન્યમણિરત્નોથી ભરેલું એ તત્ત્વ છે.

**'જગતમાં જે ભવ્ય જનો તેની ભાવનારૂપે પરિણમે છે'...** શરીર, વાણી, મન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વિનાના તેમ જ પુણ્ય-પાપના રાગ વિનાના એવા અંદર રહેલા આત્માની ભાવનારૂપે એટલે કે એકાગ્રતારૂપે જે પરિણમે છે... ભાવના એટલે જે ચિંતવના ને વિકલ્પ છે તે નહીં, પણ ત્રિકાળી ભાવની એકાગ્રતા. ત્રિકાળી સ્વભાવભાવની એકાગ્રતારૂપે જે પરિણમે છે - તેવી દશાને જે પ્રગટ કરે છે **'તેઓ ભવજનિત દુઃખોથી'** - ભવથી ઉત્પન્ન થયેલા દુઃખોથી... જુઓ, અહીં તો ભવથી દુઃખ જ ઉત્પન્ન થાય એમ કહે છે. ભવ ગમે તેવો હોય - શેઠનો, રાજાનો કે દેવનો ભવ હોય - તે બધાયમાં ભવજનિત દુઃખ જ છે. તે **'ભવજનિત દુઃખોથી દૂર એવી સિદ્ધિને પામે છે'.** - ભવજનિત દુઃખનો નાશ કરી આનંદમય મૂર્તિ એવો આત્મા પૂર્ણ આનંદના પર્યાયને પામે છે.

| | | | |
|---|---|---|---|
| ગાથા - ૪૩ | પ્રવચન નં. NST/ ૩૮ | તારીખ | ૨૯-૧-૭૨ |
| શ્લોક-૬૨ થી ૬૮ | ૩૯ | | ૩૦-૧-૭૨ |
| | ૪૦ | | ૧-૨-૭૨ |
| | ૪૧ | | ૩-૨-૭૨ |

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# ગાથા - ૪૪

**णिग्गंथो णीरागो णिस्सल्लो सयलदोसणिम्मुक्को ।**
**णिक्कामो णिक्कोहो णिम्माणो णिम्मदो अप्पा ।।४४।।**

निर्ग्रन्थो नीरागो निःशल्यः सकलदोषनिर्मुक्तः ।
निःकामो निःक्रोधो निर्मानो निर्मदः आत्मा ।।४४।।

**નિર્ગ્રંથ છે, નિષ્કામ છે, નિઃક્રોધ, જીવ નિર્માન છે,**
**નિઃશલ્ય તેમ નીરાગ, નિર્મદ, સર્વદોષવિમુક્ત છે. ૪૪.**

**અન્વયાર્થઃ-** (आत्मा) આત્મા, (निर्ग्रन्थः) નિર્ગ્રંથ, (नीरागः) નીરાગ, (निःशल्यः) નિઃશલ્ય, (सकलदोषनिर्मुक्तः) સર્વદોષવિમુક્ત, (निःकामः) નિષ્કામ, (निःक्रोधः) નિઃક્રોધ, (निर्मानः) નિર્માન અને (निर्मदः) નિર્મદ છે.

**ટીકાઃ-** અહીં (આ ગાથામાં) પણ શુદ્ધ જીવનું સ્વરૂપ કહ્યું છે.

શુદ્ધ જીવાસ્તિકાય બાહ્ય-અભ્યંતર ★ચોવીશ પરિગ્રહના પરિત્યાગસ્વરૂપ હોવાથી નિર્ગ્રંથ છે; સકળ મોહ-રાગ-દ્વેષાત્મક ચેતન કર્મના અભાવને લીધે નીરાગ છે; નિદાન, માયા અને મિથ્યાત્વ - એ ત્રણ શલ્યોના અભાવને લીધે નિઃશલ્ય છે; શુદ્ધ નિશ્ચયનયથી શુદ્ધ જીવાસ્તિકાયને દ્રવ્યકર્મ, ભાવકર્મ અને નોકર્મનો અભાવ હોવાને લીધે સર્વદોષવિમુક્ત છે; શુદ્ધ નિશ્ચયનયથી નિજ પરમ તત્ત્વની પણ વાંછા નહિ હોવાથી નિષ્કામ છે; નિશ્ચયનયથી પ્રશસ્ત-અપ્રશસ્ત સમસ્ત પરદ્રવ્યપરિણતિનો અભાવ હોવાને લીધે નિઃક્રોધ છે; નિશ્ચયનયથી સદા પરમ સમરસીભાવસ્વરૂપ હોવાને લીધે નિર્માન છે; નિશ્ચયનયથી નિઃશેષપણે અંતર્મુખ હોવાને લીધે નિર્મદ છે. ઉક્ત પ્રકારનું (ઉપર કહેલા પ્રકારનું), વિશુદ્ધ સહજસિદ્ધ નિત્ય-નિરાવરણ નિજ કારણસમયસારનું સ્વરૂપ ઉપાદેય છે.

એવી રીતે (આચાર્યદેવ) શ્રીમદ્ અમૃતચંદ્રસૂરિએ (શ્રી પ્રવચનસારની ટીકામાં ૮મા શ્લોક દ્વારા) કહ્યું છે કેઃ—

---

★ ક્ષેત્ર, મકાન, ચાંદી, સોનું, ધન, ધાન્ય, દાસી, દાસ, કપડાં અને વાસણ એમ દસ પ્રકારનો બાહ્ય પરિગ્રહ છે; એક મિથ્યાત્વ, ચાર કષાય અને નવ નોકષાય એમ ચૌદ પ્રકારનો અભ્યંતર પરિગ્રહ છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(मंदाक्रांता)

''इत्युच्छेदात्परपरिणतेः कर्तृकर्मादिभेद-
भ्रान्तिध्वंसादपि च सुचिराल्लब्धशुद्धात्मतत्त्वः ।
सञ्चिन्मात्रे महसि विशदे मूर्छितश्चेतनोऽयं
स्थास्यत्युद्यत्सहजमहिमा सर्वदा मुक्त एव ।।''

(''**શ્લોકાર્થ:-**) એ રીતે પરપરિણતિના ઉચ્છેદ દ્વારા (અર્થાત્ પરદ્રવ્યરૂપ પરિણમનના નાશ દ્વારા) તેમ જ કર્તા, કર્મ વગેરે ભેદો હોવાની જે ભ્રાંતિ તેના પણ નાશ દ્વારા આખરે જેણે શુદ્ધ આત્મતત્ત્વને ઉપલબ્ધ કર્યું છે - એવો આ આત્મા, ચૈતન્યમાત્રરૂપ વિશદ (નિર્મળ) તેજમાં લીન રહ્યો થકો, પોતાના સહજ (સ્વાભાવિક) મહિમાના પ્રકાશમાનપણે સર્વદા મુક્ત જ રહેશે.''

વળી (૪૪મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે):—

(मंदाक्रांता)

ज्ञानज्योतिःप्रहतदुरितध्वान्तसंघातकात्मा
नित्यानन्दाद्यतुलमहिमा सर्वदा मूर्तिमुक्तः ।
स्वस्मिन्नुच्चैरविचलतया जातशीलस्य मूलं
यस्तं वन्दे भवभयहरं मोक्षलक्ष्मीशमीशम् ।।६९।।

(**શ્લોકાર્થ:-**) જેણે જ્ઞાનજ્યોતિ વડે પાપરૂપી અંધકારસમૂહનો નાશ કર્યો છે, જે નિત્ય આનંદ આદિ અતુલ મહિમાનો ધરનાર છે, જે સર્વદા અમૂર્ત છે, જે પોતામાં અત્યંત અવિચળપણા વડે ઉત્તમ શીલનું મૂળ છે, તે ભવભયને હરનારા મોક્ષલક્ષ્મીના ઐશ્વર્યવાન સ્વામીને હું વંદું છું. ૬૯.

## ગાથા - ૪૪ ઉપરનું પ્રવચન

**'અહીં (આ ગાથામાં) પણ શુદ્ધ જીવનું સ્વરૂપ કહ્યું છે.'** આ શુદ્ધભાવ અધિકાર છે ને ? માટે આત્મા કે જે ત્રિકાળ પવિત્ર-શુદ્ધ છે તેના સ્વરૂપનું અહીં વર્ણન છે.

શું કહે છે ?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કે અહીંયા ૪૪મી ગાથામાં 'अप्पा' - આત્મા એવો શબ્દ વાપર્યો છે. તો, આત્મા એટલે કે શુદ્ધભાવ એટલે કે શુદ્ધજીવાસ્તિકાય એટલે કે સમયસાર એટલે કે પરમતત્ત્વ કોને કહીએ તેની અહીં વ્યાખ્યા છે. ત્રિકાળી આનંદધામ એવા ધ્રુવ આત્માનું - કે જેને ધ્યાનનો વિષય બનાવતાં, ધ્યેય બનાવતાં, ધ્યાનનું લક્ષ બનાવતાં સમ્યગ્દર્શન થાય છે તેનું - સ્વરૂપ અહીં કહ્યું છે. અર્થાત્ જેના ધ્યાને પ્રથમ ધર્મ - શાંતિની શ્રેણી - પ્રગટ થાય છે એવો ધ્યેયરૂપ આત્મા કોને કહેવો તેની આ વ્યાખ્યા છે.

(૩૩) (નિર્ગ્રંથની વ્યાખ્યા :) અંદર ભગવાન આત્મા કેવો છે ? કે નિર્ગ્રંથ છે. વસ્તુ પોતે નિર્ગ્રંથ છે. **'શુદ્ધ જીવાસ્તિકાય'** = શુદ્ધ+જીવ+અસ્તિ+કાય = પવિત્ર+જીવ+હોવાપણું+અસંખ્ય પ્રદેશનો સમૂહ. જોયું ? 'શુદ્ધ જીવાસ્તિકાય' કહ્યું. કેમ કે આ કાયની (-અસંખ્ય પ્રદેશની) વાત વીતરાગ સિવાય બીજે ક્યાંય હોઈ શકે નહીં. અસંખ્યપ્રદેશી ને અનંત ગુણનો પિંડ એવું જે નિજસ્વરૂપ છે **તે 'બાહ્ય-અભ્યંતર ચોવીશ પરિગ્રહના પરિત્યાગસ્વરૂપ હોવાથી'** - તેને (-આત્માને) બાહ્ય-અભ્યંતર ૨૪ પરિગ્રહ છે જ નહીં. વસ્તુમાં તેનો ત્યાગ જ છે, પરિત્યાગ છે. પરિત્યાગ નામ સમસ્ત પ્રકારે ત્યાગસ્વરૂપ હોવાથી તે (-આત્મા) **'નિર્ગ્રંથ છે'.** આવા નિર્ગ્રંથ આત્માને જે ઉગ્રપણે અવલંબે છે તેના પર્યાયમાં નિર્ગ્રંથદશા પ્રગટ થાય છે કે જેને નિર્ગ્રંથ મુનિ કહેવામાં આવે છે.

અહા ! પુણ્ય ને પાપના ભાવ તો ગાંઠ છે. જ્યારે આ આત્મા ગ્રંથ (-ગાંઠ) રહિત નિર્ગ્રંથ છે. આવા આત્માનું ભાન થતાં સમ્યગ્દષ્ટિ પણ દષ્ટિની અપેક્ષાએ નિર્ગ્રંથ જ છે. આત્મા નિર્ગ્રંથ છે ને ? માટે તેની દષ્ટિવાળો પણ નિર્ગ્રંથ જ છે. તેના પર્યાયમાં બાહ્ય કે અભ્યંતર પરિગ્રહ છે નહીં. આવું ભારે કામ છે ભાઈ !

કો'ક દિ' બે ઘડી માંડ સાંભળવાનો વખત મળે ત્યાં ઉપદેશમાં આવી વાત આવે ?

ભાઈ ! સાંભળવા જેવું ને કરવા જેવું પણ આ જ છે. બાકી બધું જ ધૂળધાણી છે. કદાચ કોઈ બહારથી સાધુ થાય ને તેને પંચ મહાવ્રતના પરિણામ હોય તો પણ ધર્મ છે નહીં.

અહીં જુઓ, 'શુદ્ધભાવ'ને માટે પહેલો શબ્દ 'શુદ્ધ જીવાસ્તિકાય' વાપર્યો છે. તે ત્રિકાળી શુદ્ધભાવ શરીર, વાણી, કર્મથી તો રહિત છે, પરંતુ પુણ્ય-પાપના વિકલ્પથી પણ રહિત છે તથા એક સમયના પર્યાયથી પણ રહિત છે. પર્યાય એટલે અવસ્થા અને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તેનાથી ત્રિકાળી — અનાદિ-અનંત રહેનારો — ચૈતન્યભગવાન એવો શુદ્ધ જીવાસ્તિકાય ભિન્ન છે.

શુદ્ધ જીવાસ્તિકાય એટલે ?

જીવ વસ્તુ છે તે પવિત્ર ને અસંખ્યપ્રદેશી છે અને તેને શુદ્ધ જીવાસ્તિકાય કહેવામાં આવે છે. દરેક આત્માનું આવું ત્રિકાળી તત્ત્વ બાહ્ય-અભ્યંતર ચોવીશ પ્રકારના પરિગ્રહના પરિત્યાગસ્વરૂપ હોવાથી નિર્ગ્રંથ છે. અર્થાત્ દરેક ભગવાન આત્માનું અંતર સ્વરૂપ તો નિર્ગ્રંથમય છે. તેમાં મિથ્યાત્વાદિ કે ક્ષેત્ર, મકાનાદિ ચોવીશ પ્રકારના પરિગ્રહનો અભાવ છે. અરે ! જો એક સમયના પર્યાયનો પણ અભાવ છે તોપછી આ ચોવીશ પરિગ્રહનો તો અભાવ હોય જ.

નિત્યાનંદ-સચ્ચિદાનંદ પ્રભુ ભગવાન આત્માનો સ્વભાવ નિર્ગ્રંથ છે. એ વસ્તુ સચ્ચિદાનંદસ્વરૂપ છે. સત્ નામ શાશ્વત છે ને ચિદ્+આનંદ નામ જ્ઞાન ને આનંદનો એ પૂર્ણ ભંડાર છે. આવા શુદ્ધ જીવાસ્તિકાયમાં ચોવીશ પ્રકારના પરિગ્રહ નથી અર્થાત્ પરિગ્રહની મમતા ને તેનું કારણ એવો બાહ્ય પરિગ્રહ - એ બન્ને નથી. માટે તે નિર્ગ્રંથ છે. અને જેની દૃષ્ટિ સમ્યક્ થઈ છે મતલબ કે નિત્યાનંદ ચૈતન્ય ભગવાન પ્રભુ આત્માનો જેને અનુભવ થયો છે, જેના શ્રદ્ધા ને જ્ઞાનમાં તેનો સ્વીકાર થયો છે તે સમ્યગ્દૃષ્ટિ પણ નિર્ગ્રંથ જ છે. વાતો ભારે આકરી છે ! અહા ! જેમાં પુણ્ય ને પાપના રાગની ગાંઠ પણ નથી એવો એ નિર્મળાનંદ પ્રભુ આત્મા નિર્ગ્રંથ છે. તેથી આવા નિર્ગ્રંથસ્વરૂપ ભગવાન આત્માની દૃષ્ટિ કરનારો પર્યાયમાં (શ્રદ્ધા અપેક્ષાએ) નિર્ગ્રંથ થાય છે અને તેમાં વિશેષ સ્થિરતા કરનારો ચારિત્રની અપેક્ષાએ નિર્ગ્રંથ થાય છે.

જુઓ, (પાનુ નં. ૧૯૭) નીચે ફૂટનોટમાં ચોવીશ પરિગ્રહના નામ છે :

**(૧) 'ક્ષેત્ર'** - જમીન. આત્મા જમીન રહિત છે એટલે કે આત્માને પરનું ક્ષેત્ર છે નહીં. 'આ (ભારત) અમારો દેશ' - એમ પરક્ષેત્ર આત્મામાં છે જ નહીં. તેથી સમ્યગ્દૃષ્ટિને પણ 'આ અમારો દેશ છે' એવી માન્યતા છે જ નહીં. સમ્યગ્દૃષ્ટિનો તો અસંખ્યપ્રદેશી દેશ છે. અનંત ગુણમણિરત્નોથી ભરેલો એવો જે સાગરસમાન ભગવાન આત્મા છે તે તેનો દેશ છે. 'શ્રીમદ્ રાજચંદ્ર' પુસ્તકમાં આવે છે ને ? કે,

'હમ પરદેશી પંખી સાધુ, આ રે દેશકે નાહીં રે' ... (પત્ર નં. ૨૮૬, ૨૪ વર્ષ) આ દેશના - ખેતર, મકાન ને રાગના - અમે નહીં. અમારો દેશ તો અનંત આનંદમય જે આત્મા છે તે છે. જુઓને ! ખેતર માટે બે ભાઈઓ પણ મરવા સુધી લડે છે ને ? અરે ! કોના ખેતર ને કોના પાદર બાપા !

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**(૨) 'મકાન'** - કોના મકાન ભાઈ ! કેમ કે એ તો પરિગ્રહ છે ને ? અને આત્મામાં તો એ નથી. ભગવાન આત્મા તો દેશ ને મકાન રહિત છે. તેના સ્વરૂપમાં તે ચીજ છે જ નહીં તથા આત્માનું ભાન થાય તેને પણ મકાન નથી. (અર્થાત્ જ્ઞાની મકાનને પોતાનું માનતો નથી.) છતાં અજ્ઞાની મમતાથી તેને પોતાનું માને છે.

**(૩) 'ચાંદી'** - રૂપું, **(૪) 'સોનું', (૫) 'ધન'** - **લક્ષ્મી, (૬) 'ધાન્ય'** - અનાજ. લાખો કે કરોડો મણ ઘઉં, બાજરો વગેરે, **(૭) 'દાસી', (૮) 'દાસ'** - કામ કરનારા નોકર, **(૯) 'કપડાં'** - જુઓ, કપડાં પરિગ્રહ છે. કપડાં પરિગ્રહમાં આવ્યા કે નહીં ? માટે કપડાં રાખે તે મુનિ નહીં એમ કહે છે.

**પ્રશ્નઃ-** અલ્પ કપડાં રાખે તે ન રાખ્યાં બરાબર છે ને ?

**સમાધાનઃ-** બિલકુલ નહીં. અલ્પ કપડાં પણ મુનિને કેવાં ? કપડાં પરિગ્રહ જ છે. તે આત્મામાં તો નથી, પરંતુ આત્મદષ્ટિવંતને પણ દષ્ટિની અપેક્ષાએ નથી. જ્યારે મુનિને તો અસ્થિરતાની અપેક્ષાએ — અસ્થિરતામાં - પણ કપડાં છે નહીં. આવો ભારે માર્ગ છે !

**(૧૦) 'અને વાસણ'.** લોકો અભરાઈ ભરે છે ને ? તો, એક વાસણ-પાત્રનો કટકો પણ પરિગ્રહ છે. **'એમ દસ પ્રકારનો બાહ્ય પરિગ્રહ છે.'** આ દસ પ્રકારનો બાહ્ય પરિગ્રહ આત્મામાં નથી.

હવે કહે છે કે **'એક મિથ્યાત્વ'.** ચૌદ પ્રકારના અભ્યંતર-અંદરના પરિગ્રહ છે ને ? તેમાં પહેલો મિથ્યાત્વ પરિગ્રહ છે. મિથ્યાત્વ એટલે દર્શનમોહ (કર્મપ્રકૃતિ) નહીં હો, પણ (જીવનો) મિથ્યાત્વભાવ અને આ મોટો પરિગ્રહ છે, અભ્યંતર પરિગ્રહ છે. જેણે પુણ્યરાગના કણને પણ પોતાનો માન્યો છે તેને મિથ્યાત્વનો મોટો પરિગ્રહ છે. અરે ! અજ્ઞાનીને આ મિથ્યાત્વ પરિગ્રહનો ત્યાગ કરવો જોઈએ એવી ખબર પણ ન મળે અને બહારથી સ્ત્રી-પુત્રાદિ છોડીને સાધુ નામ ધરાવે છે. અહા ! ચૈતન્યસ્વભાવી આનંદમય પ્રભુ આત્માથી ભિન્ન એક વિકલ્પને પણ પોતાનો માનવો તે મિથ્યાત્વ પરિગ્રહ છે. તે પરિગ્રહનો જ્યાંસુધી ત્યાગ નથી ત્યાંસુધી સમ્યગ્દર્શન પણ નથી. આત્મા તો પરિગ્રહ વિનાનો જ છે. પરંતુ એવી દષ્ટિ રાગનું એકત્વ તૂટ્યા વિના અને સ્વભાવનું એકત્વ થયા વિના થાય નહીં.

**'ચાર કષાય'** - ક્રોધ, માન, માયા ને લોભ તે પરિગ્રહ છે. અજ્ઞાની માને છે કે આટલો ક્રોધ તો અમારે કરવો જ પડે, આટલું માન તો અમારી પદવી પ્રમાણે હોય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જ. અહીં કહે છે કે ધૂળેય એવું ન હોય સાંભળ ને ? કેમ કે એ તો પરિગ્રહ છે. તેવી રીતે માયા ને લોભ પણ પરિગ્રહ છે. - આ ચારેય કષાય અંદરના પરિગ્રહ છે. એટલે કોઈ બહારના પરિગ્રહને છોડીને બેસે, પણ જો અંદરના પરિગ્રહને ન છોડે તો તે ત્યાગી નથી.

**'અને નવ નોકષાય'** - સ્ત્રીવેદ, પુરુષવેદ, નપુંસકવેદ — એ ત્રણ વેદ, હાસ્ય, રતિ, અરતિ, શોક, ભય ને જુગુપ્સા એ નવ નોકષાય છે.

**'એમ ચૌદ પ્રકારનો અભ્યંતર પરિગ્રહ છે.'** અને તે પૂર્ણસ્વરૂપ શુદ્ધ ચૈતન્ય ભગવાન આત્મામાં નથી. પણ અરે ! આવો આત્મા અજ્ઞાનીને કેમ બેસે ? કેમ કે વર્તમાન દશા ઉપર જ તેની દૃષ્ટિ છે અને આવી દૃષ્ટિવાળો (-અજ્ઞાની) દૃષ્ટિને લંબાવે તો તે રાગ ને પરદ્રવ્ય ઉપર જાય છે. તેથી અંદર મોટી વસ્તુ (-આત્મા) પડી છે તેની તેને ખબર નથી.

અહીં કહ્યું કે ત્રિકાળ રહેનાર એ તત્ત્વ (-આત્મા) તો નિર્ગ્રંથસ્વરૂપ છે. નિર્ગ્રંથપણાથી તેની મોટપ છે, પણ પૈસાથી કે આબરૂથી તેની મોટપ નથી.

(૩૪) (નીરાગની વ્યાખ્યા :) આત્મા નીરાગ છે. પહેલાં (ગાથા-૪૩માં) એકવાર નીરાગનો બોલ આવી ગયો છે. ત્યાં આગળ આત્માને ચૌદ પ્રકારના અભ્યંતર પરિગ્રહથી રહિત કહ્યો હતો. જ્યારે અહીં ટૂંકાણમાં કહ્યું છે કે **'સકળ મોહ-રાગ-દ્વેષાત્મક ચેતન કર્મના અભાવને લીધે નીરાગ છે.'** - આટલું જણાવ્યું છે. પર્યાયમાં મોહ-રાગ-દ્વેષ થાય છે તે બધાનો અભાવ હોવાને લીધે ભગવાન આત્મા નીરાગ છે. અર્થાત્ રાગ વિનાની એ ચીજ છે. એ રાગાદિ તેના પર્યાયમાં હો, પણ વસ્તુમાં નથી. જેને વસ્તુ કહીએ તેમાં અને તેની દૃષ્ટિમાં પણ રાગ છે નહીં. માટે આત્મા નીરાગ છે.

આત્મા પોતાના સ્વરૂપને ભૂલતાં તેની દશામાં મિથ્યાત્વભાવ - ભ્રમભાવ અને રાગ-દ્વેષભાવ થાય છે. તે બધા ચૈતન્યના વિકારી —અશુદ્ધ —મલિન —પરિણામ છે. તે પરિણામનો વસ્તુમાં અભાવ છે. માટે ત્રણે કાળે વસ્તુ આત્મા નીરાગ છે. આમ સચ્ચિદાનંદસ્વરૂપ ત્રિકાળી ધ્રુવ આત્મા ત્રિકાળ નિરાવરણ ને નીરાગ છે. તથા તેનો અંતરમાં સ્વીકાર થતાં દશામાં પણ એ નીરાગતાનું પરિણમન થાય છે કે જેને ધર્મ કહેવામાં આવે છે. ભારે ભાઈ વ્યાખ્યા !

(૩૫) (નિઃશલ્યની વ્યાખ્યા :) હવે ભગવાન આત્મા ત્રણ શલ્ય રહિત છે એમ કહે છે. ભગવાન = ભગ+વાન = જ્ઞાન ને આનંદ + સ્વરૂપ. જ્ઞાન ને આનંદ જેનું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સ્વરૂપ છે એવો આત્મા ભગવાન છે. અને આવો ભગવાન આત્મા નિઃશલ્ય છે એમ કહે છે. જેમ લોઢાના બાણ વાગ્યા હોય ને નડે તેમ આ ત્રણ - નિદાન, માયા ને મિથ્યાત્વ - શલ્ય છે. આ ત્રણ શલ્ય તેની દશામાં - વર્તમાન હાલતમાં - હો, પણ વસ્તુમાં નથી. તેથી, વસ્તુ શલ્ય રહિત હોવાથી, દશામાં પણ શલ્ય રહિત થઈ શકાય છે.

**'નિદાન'** - કંઈપણ શુભક્રિયા કરીને હેતુ બાંધવો કે પૈસા મળે, સ્વર્ગ મળે - તે બધું નિદાન શલ્ય છે. કંઈક પુણ્ય કરીએ તો સ્વર્ગ મળશે ને કાં ધૂળના શેઠ કહેવાઈએ એવી શેઠાઈ મળશે. - આમ ક્રિયાના ફળમાં હેતુ બાંધવો તે નિદાન શલ્ય છે અને તે વસ્તુમાં - આત્માના નિજસ્વરૂપમાં - નથી. કેમ કે વસ્તુ તો નિર્મળાનંદ પ્રભુ છે. માટે આત્મા નિદાન શલ્ય રહિત છે.

**'માયા'** નામ કપટ. કપટ તે માયા શલ્ય છે અને તે શલ્ય રહિત ભગવાન આત્મા છે.

**'મિથ્યાત્વ'** - વિપરીત માન્યતારૂપી શલ્ય. પુણ્યમાં ધર્મ છે ને પાપમાં મજા છે વગેરે આવી જે મિથ્યાભ્રાંતિ છે તે મિથ્યાત્વનું મોટું શલ્ય છે અને તે વસ્તુમાં નથી. અરે ! પોતાની આવી જાત હોવા છતાં એટલે કે પરમાત્મસ્વરૂપ જ પોતે છે તોપણ અજ્ઞાનીને તેનું ભાન નથી. અહા ! ભાન વિનાનો થઈને ભગવાન આત્મા ચોરાશી લાખ યોનિના અવતારમાં રખડે છે.

અહીં કહે છે કે આત્મા ત્રણ શલ્ય રહિત નિઃશલ્ય છે. જોકે 'તત્ત્વાર્થસૂત્ર'માં (અધ્યાય - ૭, સૂત્ર - ૧૮માં) વ્રતિઓને નિઃશલ્ય કહ્યા છે. મતલબ કે સાચા વ્રતધારી છે તે મિથ્યાત્વ, માયા ને નિદાન શલ્ય રહિત જ હોય છે અને તો જ તેમને સાચા વ્રત છે. બાકી કોઈ બાહ્યથી વ્રત લઈને બેસે ને તપશ્ચર્યા-ઉપવાસાદિ કરે તોપણ, જો આત્માની — કે જે અખંડાનંદ, પૂર્ણ શુદ્ધ ને આનંદનું ધામ છે તેની - દૃષ્ટિ ને તેના અનુભવની ખબર નથી તો, તે બધા ક્રિયાકાંડીને સાચા વ્રત કે તપ હોતા નથી. કોઈ ઉપવાસ કરે, વ્રત લે ને કોઈ આહાર-પાણી છોડીને બે મહિનાનો સંથારો પણ કરે, પરંતુ જો તેને આત્મ-અનુભવ નથી - આનંદના નાથસ્વરૂપ ભગવાન આત્માની અનુભવ દૃષ્ટિ નથી - તો તે બધા ક્રિયાકાંડના કરનારાઓ થોથાં (-અજ્ઞાની) છે, ચાર ગતિમાં રખડનારા છે. કેમ કે મારું ઘર કેવું છે ? - એમ પોતાનું ઘર જોયું નથી. અને તે ઘરને જાણ્યા વિના ક્રિયાકાંડની બધી પ્રવૃત્તિઓ ચાર ગતિમાં રખડાવનારી છે. જગતને ભારે આકરું કામ છે !

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અંદર આત્મા કોણ (-કેવો) છે ? તે કેવી ચીજ છે ?

કે આત્મા નિઃશલ્ય છે. અને એવી ચીજનો આશ્રય લેતાં પર્યાયમાં પણ શલ્ય રહેતું નથી. કેમ કે એ નિઃશલ્ય ચીજ છે. અહા ! એકલા જ્ઞાન ને આનંદનો ભંડાર અર્થાત્ અનંત જ્ઞાન ને અનંત આનંદમય જે સ્વરૂપ છે તેની - એવો જે સ્વભાવ છે તે સ્વભાવની - ત્યાં (આત્મામાં) વીણા વાગે છે. માટે આવા ભગવાન આત્મામાં - દરેકનો વસ્તુસ્વરૂપ આત્મા અંદરમાં ભગવાન છે હો. તો, તે પૂર્ણાનંદસ્વરૂપ આત્મામાં - શલ્ય કેવા ? અને એવા પૂર્ણાનંદ આત્માનો જેને સ્વીકાર થયો તેને પણ હવે શલ્ય કેવા ? એટલે કે જેને પરમ આનંદની બાદશાહી પ્રગટ થઈ છે તે નિઃશલ્ય છે.

હું શુભરાગ કરું ને પુણ્ય બંધાય તો દેવ થાઉં, સ્વર્ગમાં જાઉં કાં શેઠાઈ મળે - (આવી ઇચ્છા કરનારા) બધાય મિથ્યાત્વના શલ્યવાળા ભિખારી છે, જગતના રાંકા પ્રાણી છે. જ્યારે આત્મા બાદશાહ અંદરમાં ચિદાનંદની મૂર્તિ છે એવું જેને અંતરભાન થયું તેને હવે કોઈ શલ્ય રહ્યા જ નહીં. તેને હવે નિદાન કેવું ? માયા કેવી ? અને મિથ્યાત્વ કેવું ? તો, જેને આવી ચીજ (-આત્મા) જ્ઞાતા-દૃષ્ટાપણે અનુભવમાં આવે છે તે બાદશાહ છે અને તે એક જ જગતમાં સુખી છે.

*'સુખિયા જગતમાં સંત, દુરિજન દુઃખિયા રે' ...*

પણ સંત એટલે આ (સમ્યગ્દષ્ટિ) હો. બાકી બાવા થઈને બહારમાં ટીલાં-ટપકાં કરીને ફરે કે મોટા ચીપિયા રાખે તે કાંઈ સંત નથી. એ તો બધા ધુતારા છે.

અહીં કહે છે કે પૂર્ણાનંદનો નાથ ભગવાન આત્મા અંદર પૂર્ણ સ્વભાવથી ભરેલો પદાર્થ છે. તેનું જ્યારે અંતરભાન થાય ત્યારે શલ્ય રહેતું નથી. આત્માનું આવું સ્વરૂપ જેણે અંતર્મુખ થઈને શોધ્યું, ગોત્યું ને ઘોળ્યું તે નિઃશલ્ય થઈ ગયો. અને એવી દશાવંતને એક રાગનો વિકલ્પ ઊઠે તે પણ ઝેર જેવો દેખાય. મતલબ કે દયા, દાન, વ્રતનો વિકલ્પ-રાગવાસના - ઊઠે તે પણ ઝેરરૂપ દેખાય. — ભારે વાતુ ભાઈ !

(૩૬) (સર્વદોષવિમુક્તની વ્યાખ્યા :) **'શુદ્ધ નિશ્ચયનયથી'....** શુદ્ધ = પવિત્ર, નિશ્ચય = સત્ય, નય = જ્ઞાન. પવિત્રતાથી પૂર્ણ એવા પ્રભુ આત્માને જે જ્ઞાનથી (-નયથી) જોઈએ તે નયને શુદ્ધ નિશ્ચયનય કહેવાય છે. એ સત્ ભગવાન આત્માનું સત્ત્વ જ્ઞાન, આનંદ આદિ છે. તો, તેને જોનારી દૃષ્ટિથી જોઈએ તો અર્થાત્ ભગવાન આત્માના અંતરના સત્ત્વની - મૂળ સ્વભાવની - દૃષ્ટિથી જોવાથી 'શુદ્ધ જીવાસ્તિકાયને' - પવિત્ર આત્માને ...

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**પ્રશ્ન:-** કોઈ કહે છે કે અંતઃકરણ વિશિષ્ટ તે જીવ અને મલિનતા રહિત તે આત્મા ?

**સમાધાન:-** ભાઈ ! આત્મા કહો કે જીવ કહો — તે એક જ ચીજ છે. તે આત્મા જ પોતે ભૂલ્યો છે ને રાગ-દ્વેષ કરે છે. તેથી તેને અંતઃકરણ વિશિષ્ટ જીવ કહેવામાં આવે છે અને તેને જ અશુદ્ધ આત્મા પણ કહેવામાં આવે છે. છતાં પણ વસ્તુ તરીકે એ આત્મા અશુદ્ધ છે નહીં.

અહીં કહે છે કે પ્રભુ ભગવાન આત્માને **'દ્રવ્યકર્મ, ભાવકર્મ અને નોકર્મનો અભાવ હોવાને લીધે સર્વદોષવિમુક્ત છે.'** દ્રવ્યકર્મ = જડકર્મ. જડકર્મ આત્મામાં છે જ નહીં. અરે ! પૂર્ણ સ્વભાવી પ્રભુ આત્માને આ જડકર્મ અડ્યાં પણ નથી. ભાવકર્મ = પુણ્ય ને પાપના વિકલ્પો. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા ને કામ, ક્રોધના ભાવ વસ્તુમાં નથી. કેમ કે એ તો વિકલ્પની વૃત્તિઓનું ઉત્થાન છે. માટે તે વસ્તુમાં નથી અને આવો આ આત્મા છે તેને એ રીતે અંતરમાં અનુભવ્યા વિના એના જન્મ-મરણની ગાંઠ ગળે એવી નથી, એના જન્મ-મરણ મટે એવા નથી. નોકર્મ = શરીરાદિ. આ શરીર, વાણી આદિ છે તેને નોકર્મ કહીએ અને તે પણ આત્મામાં નથી.

જ્ઞાનાવરણાદિ રજકણોને - કે જેને નસીબ કહીએ તેને - દ્રવ્યકર્મ કહીએ, પુણ્ય-પાપના વિકલ્પો ઊઠે તેને ભાવકર્મ કહીએ અને આ શરીર, વાણી આદિ છે તેને નોકર્મ કહીએ. તે ત્રણેય વસ્તુમાં (-આત્મામાં) નથી. અને તેઓ નથી તો 'નથી' થઈ શકે છે.

એ શું કહ્યું ?

કે આત્મવસ્તુમાં એ ત્રણેય નથી તો જીવ પર્યાયમાં — દશામાં - પણ એ ત્રણ રહિત થઈ શકે છે.

અહીં એ કહ્યું કે આત્મા સર્વદોષવિમુક્ત છે. લ્યો, એ 'सयलदोसणिम्मुक्को'ની વ્યાખ્યા કરી. પહેલાં (ગાથા-૪૩માં) એક 'નિર્દોષ'નો બોલ આવી ગયો છે. તેમ અહીં કહે છે કે પ્રભુ આત્મા સર્વ દોષથી વિમુક્ત છે. આવા નિર્મળાનંદ પ્રભુ આત્માનો આશ્રય લેવાથી - તેને અવલંબવાથી - વર્તમાન દશામાં પણ સર્વ દોષ રહિત થઈ શકાય છે.

**પ્રશ્ન:-** આવું જૈનનું સ્વરૂપ હશે ? જૈનમાં તો એમ હોય કે આ વ્રત કરવા, ઉપવાસ કરવા ને તપ કરવા. તેમાં વળી આવું ક્યાંથી કાઢ્યું ?

**સમાધાન:-** બાપુ ! તને ખબર નથી. તારા ઘરમાં જ આવું બધું છે. વીતરાગ માર્ગમાં તો આ સ્વરૂપ છે. પણ તેની તને - અજ્ઞાનીને ખબર નથી. અરે ! એની મૂડી-

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પૂંજી કેટલી છે, ઘરમાં કેટલા નિધાન છે તેની એને ખબર નથી અને મૂરખ બહારમાં ગોતવા જાય છે. ઘરમાં ભંડાર ભર્યા છે, પણ તેની તેને ખબર નથી. એટલે બહારથી મળશે - ડુંગરા ચડવાથી મળશે, શત્રુંજયની કે સમ્મેદશિખરની યાત્રાથી મળશે - એમ તે માને છે. જાણે કે ભગવાન ત્યાં ડુંગર ઉપર હશે ! પણ ભાઈ ! ભગવાન તો અહીં અંદર બેઠો છે.

**પ્રશ્નઃ-** પણ આમાં આ બધો નિશ્ચય માર્ગ જ આવ્યો ? કાંઈ વ્યવહાર માર્ગ છે કે નહીં ?

**સમાધાનઃ-** ભાઈ ! તને ખબર કયાં છે ? પર્યાય થાય એ જ વ્યવહાર છે. અરે ! નિર્મળ વસ્તુના આશ્રયથી નિર્મળ પર્યાય થાય તે જ વ્યવહાર છે.

**પ્રશ્નઃ-** પણ આમાં આ બધી વ્યવહારની ક્રિયાઓ તો કાંઈ ન આવી ?

**સમાધાનઃ-** કદાચ એવો વ્યવહારનો વિકલ્પ હોય તો હોય, પણ તે કાંઈ આત્માનું સ્વરૂપ નથી. તેમ જ એ વિકલ્પથી આત્માની પ્રાપ્તિ પણ થતી નથી. પછી ભલેને સમ્મેદશિખરની ને શત્રુંજયની લાખવાર યાત્રા કરવા જાય.

અહીં એ કહ્યું કે આત્મા તો સર્વદોષવિમુક્ત છે. ધ્રુવસ્વરૂપી, અવિચળસ્વભાવી, નિત્યાનંદ, નિર્મળાનંદ પ્રભુ આત્મા સર્વદોષથી મુક્ત છે અને તેની નજર કરતાં તેને સંસાર રહેતો નથી. સંસાર એટલે રાગ-દ્વેષ ને અજ્ઞાન હો. બાકી બહારના સ્ત્રી-પુત્રાદિને છોડીને બેસે અને કહે કે અમે સંસાર છોડ્યો છે તો તેણે ધૂળેય સંસાર છોડ્યો નથી. જો તેણે આ દોષવાળી ચીજને (-રાગને) પોતાની માની છે તો તેણે આખો સંસાર પોતાનો માન્યો છે. જ્યારે 'હું તો સર્વદોષવિમુક્ત છું' એમ સર્વદોષવિમુક્ત ચીજનું અવલંબન લેતાં ભ્રાંતિ, અજ્ઞાન ને રાગ-દ્વેષનો નાશ થઈ જાય છે અને તેનો સંસાર નાશ થયો એમ કહેવામાં આવે છે. લ્યો, આ તેણે સંસાર છોડ્યો છે. પરંતુ સ્ત્રી, પુત્ર છોડીને બાવો થઈ ગયો એટલે સંસાર છોડ્યો એમ ધૂળેય નથી. તેણે ધૂળેય સંસાર છોડ્યો નથી સાંભળને ! આવું સ્વરૂપ છે.

(૩૭) (નિષ્કામની વ્યાખ્યા :) હવે નિષ્કામનો અર્થ કરે છે. **'શુદ્ધ નિશ્ચયનયથી'....** પરમતત્ત્વસ્વરૂપ ધ્રુવ નિત્યાનંદ ભગવાન આત્મા છે તેને ખરેખર સાચી દ્રષ્ટિથી જોઈએ તો **'નિજ પરમ તત્ત્વની પણ વાંછા નહિ હોવાથી'....** - હું મને મળું - પ્રાપ્ત થાઉં - એવી પણ વાંછા વસ્તુમાં છે નહીં. કેમ કે નિજ પરમ તત્ત્વની વાંછા પણ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ઈચ્છા છે, રાગ છે, વૃત્તિનું ઉત્થાન છે. માટે એ વાંછા પણ સ્વરૂપમાં છે નહીં. પાછું જોયું ? 'નિજ પરમ તત્ત્વ' કહ્યું. અર્થાત્ પોતાનો પરમભાવ, પોતાનો સ્વભાવ, પોતાનું પરમ તત્ત્વ, પણ પર ભગવાનનું પરમ તત્ત્વ નહીં. કેમ કે પર ભગવાનનું પરમ તત્ત્વ તો તેમની પાસે રહ્યું. તો, આ નિજ પરમ તત્ત્વની પણ - પોતાનો ભગવાનમય સ્વભાવ છે તે-રૂપ પરમ તત્ત્વની પણ - વાંછા નથી, ઈચ્છા નથી. પરંતુ તેને નિજ પરમ તત્ત્વની ઈચ્છા શા માટે હોય ? કારણ કે તે હાજર જ છે તો વળી તેની ઈચ્છા કેવી ? પરમ તત્ત્વ પ્રભુ આત્મા હાજર છે જ. તેથી શું આત્માને ઈચ્છા હોય કે હું આવું પરમ તત્ત્વ છું ? આવું મારું પરમ તત્ત્વ છે એવી ઈચ્છા શું તેને હોય ? (ના.) એ તો નિર્વિકલ્પ તત્ત્વ છે. માટે તેને આવી વાંછા હોતી નથી અને તેથી તે **'નિષ્કામ છે.'**

(૩૮) (નિઃક્રોધની વ્યાખ્યા :) **'નિશ્ચયનયથી'** - સાચી દૃષ્ટિથી વસ્તુને જોતાં **'પ્રશસ્ત-અપ્રશસ્ત સમસ્ત પરદ્રવ્યપરિણતિનો અભાવ હોવાને લીધે'** - શુભાશુભભાવનો અભાવ હોવાને લીધે **'નિઃક્રોધ છે'**. તે (-આત્મા) એકલો ક્ષમાનો ભંડાર છે. 'નિઃક્રોધ' કહીને તો નાસ્તિથી વાત કરી કે તેમાં ક્રોધ નથી. બાકી તે છે એકલો શાંત...શાંત...શાંત...પૂર્ણ શાંતરસનો ભંડાર અને તેને સાચી દૃષ્ટિથી જોઈએ તો ક્રોધનો વિભાવ તેમાં છે જ નહીં.

(૩૯) (નિર્માનની વ્યાખ્યા :) **'નિશ્ચયનયથી'** ... નિશ્ચય નામ સત્ય ને નય નામ જ્ઞાન. તો, સાચા જ્ઞાનની દૃષ્ટિથી જોઈએ તો **'સદા પરમ સમરસીભાવસ્વરૂપ હોવાને લીધે'....** - એ ભગવાન આત્મા તો ત્રિકાળ આનંદરસ ને પરમ સમતારસનો પિંડ છે. પૂર્ણ શાંત ને આનંદરસથી એ ભરેલો છે. તે આવો હોવાને લીધે **'નિર્માન છે.'** આત્મા તો સમરસથી ભરેલો છે. માટે તેમાં માન કેવું ? અને તેથી આત્મા નિર્માનપણાની પુતળી છે. જ્યારે અજ્ઞાની તો કોઈ અલ્પ વખાણ કરે ને આદર કરે તથા તેને કાંઈક 'ઠીક' ગણવામાં આવે ત્યાં ફુલાઈ જાય છે. અરે ! તે બહારના માનમાં મરી ગયો છે અને જેના માન કરવા જોઈએ તેના માન કર્યાં નહીં. અર્થાત્ આત્મા કે જે નિર્માન છે તેનું માન કરવું જોઈએ, (પણ અજ્ઞાનીએ તેનું માન કર્યું નહીં.)

અહા ! આત્માને દુનિયાના માન-અપમાનની પડી નથી. એટલે કે ભગવાન આત્મામાં એ કાંઈ (-માન કે અપમાન) છે નહીં. જગતના યશ ને અપયશ તો પૂર્વના પુણ્ય ને પાપના ચાળા છે, તેની રમત છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**શ્રોતા :-** એ આપે શું કહ્યું ? ફરીને કહો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આ બહારના માન-અપમાનને આત્માના માનવા તે મોટી ભ્રમણા છે. એ તો પૂર્વના પુણ્ય-પાપ બંધાયેલા પડ્યાં હોય એટલે તેના ફળ તરીકે આ બધી ઝંઝાળ - માન, સન્માન ને અપમાન - દેખાય. માટે એ તો પૂર્વના પુણ્ય પાપના ફળની બધી ઝંઝાળો છે બાપુ ! બાકી માન અને અપમાન વસ્તુમાં ક્યાં છે ? એ તો જ્ઞાતા-દૃષ્ટામય સચ્ચિદાનંદ છે, જ્ઞાન ને આનંદનો ભંડાર છે.

અરે ! એણે ઘરના ગાણાં કોઈ દિ' સાંભળ્યાં પણ નથી. પૈસા ને સ્ત્રી આદિના ગાણાં તેણે સાંભળ્યાં છે કે સ્ત્રી રૂપાળી મળી છે, પૈસા દસ લાખ મળ્યાં છે ને બંગલો પાંચ લાખનો કરાવ્યો છે. પણ ભાઈ ! એ તો બધી હોળી છે, એ બધાં સ્મશાન જેવા છે. તારું નિધાન તો અહીંયા અંદર (આત્મામાં) રહેલું છે.

ભગવાન ! તારા અંતરમાં પૂર્ણ શાંત ને આનંદરસથી ભરેલું એવું તારું સ્વરૂપ છે તે તારું નિધાન છે. પરંતુ અરે ! જેને નિધાન ક્યાં છે તેની જે ખબર નથી તે ખોદે ક્યાં ?

અરે ! જરીક પ્રતિકૂળતા આવે - કોઈ તેને ટૂંકા નામે બોલાવે - ત્યાં અજ્ઞાની ખેદાઈ જાય કે તે ઘણીવાર તો મને મોટા નામે બોલાવે છે અને આજે ટૂંકા નામે કેમ બોલાવે છે ? આમ કેમ ? તથા કોઈ મોટા નામે બોલાવે તો ત્યાં હરખાઈ જાય. ભાઈ ! અંદર માન ભર્યું છે (તેથી તને ખેદ ને હરખ થાય છે.) પણ અહીં તો કહે છે કે તારા સ્વરૂપમાં એ માન કે અપમાન નથી. એ સ્વરૂપ તો જ્ઞાન ને આનંદનો સાગર છે. સાગર નામ આખો તેનાથી જ ભરેલો છે. માટે તેમાં ડૂબકી માર તો તને આનંદ આવશે. તારી દિશા ફેરવી નાખ - પર તરફ દૃષ્ટિ છે તેને અંદરમાં મૂક - તો તને આનંદ ઉછળશે અને તેમાં તારે કોઈ માનની જરૂર નથી.

**પ્રશ્ન:-** પણ આ શરીરનો રોગ ....?

**સમાધાન:-** ભાઈ ! આત્મામાં રોગ જ નથી. ભગવાન આત્મા તો નિરોગી તત્ત્વ છે. આ બધા રોગના ચાળા તો શરીરમાં-માટીમાં-જડમાં - છે. સરોગતા ને નિરોગતા - એવી દ્વિવિધતા જડમાં - આ શરીરમાં — છે અને આ શરીર તો માટી છે, હાડકાં-ચામડાં ને માંસનો પીંડલો છે, પણ કાંઈ આત્મા નથી. આત્મા તો તેનો જાણનાર છે. એટલે કે શરીર તેનું જ્ઞેય છે અને આત્મા જ્ઞાતા છે; શરીર આત્માનું દૃશ્ય છે ને આત્મા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



દૃષ્ટા છે; શરીર જડ, રૂપી છે ને આત્મા ચૈતન્ય, અરૂપી છે. - આમ તે બન્ને ભિન્ન-ભિન્ન ચીજ છે.

(૪૦) (નિર્મદની વ્યાખ્યા :) **'નિશ્ચયનયથી નિઃશેષપણે અંતર્મુખ હોવાને લીધે'** ... શું કહે છે ? કે વસ્તુ તો અંતર્મુખ છે. પર ને રાગ-પુણ્યમાં તો વસ્તુ નથી, પરંતુ એક સમયના પર્યાયરૂપ પ્રગટ દશામાં - કે જેમાં વસ્તુ જણાય છે ને જે પ્રગટરૂપ છે તેમાં - પણ નથી. માટે વસ્તુ અંતર્મુખ છે. કહે છે કે નિઃશેષપણે એટલે કે કાંઈ પણ બાકી રાખ્યા વિના વસ્તુ તો પૂર્ણપણે અંતર્મુખ છે અને તેથી તે વસ્તુ અંતર્મુખ દૃષ્ટિ કરવાથી જણાય એવી છે. બાકી પર્યાયદૃષ્ટિથી પણ જણાય એવી એ વસ્તુ નથી તેમ જ વિકલ્પદૃષ્ટિથી - રાગથી - પણ જણાય એવી નથી. કેમ કે એક સમયની દશા ને રાગાદિ બહાર છે. તો, એક સમયની દશાની પાછળ રહેલું વસ્તુનું તત્ત્વ અંતર્મુખ છે અને તેથી **'નિર્મદ છે.'** આત્મામાં મદ છે નહીં. ભારે આવું ભાઈ !

**'ઉક્ત પ્રકારનું (ઉપર કહેલા પ્રકારનું), વિશુદ્ધ'....** પ્રભુ આત્મા વિશેષે કરીને નિર્મળાનંદ છે. **'સહજસિદ્ધ'** - આત્મા સ્વાભાવિક સિદ્ધ છે. કોઈએ નહિ કરેલું એવું એ અકૃત્રિમ અનાદિ સત્ છે. તેનો કોઈ કર્તા-હર્તા છે એવું કંઈ છે નહીં. આવો સત્સ્વરૂપ આત્મા છે. **'નિત્ય-નિરાવરણ'** - ત્રિકાળી પ્રભુ આત્માનો સ્વભાવ તો ત્રિકાળ નિરાવરણ છે. એ તો એક સમયની દશામાં રાગાદિ દેખાય છે, બાકી અંદર વસ્તુમાં રાગાદિ છે નહીં. **'નિજકારણસમયસારનું'** ... સમય એટલે આત્મા ને સાર એટલે રાગ-દ્વેષાદિ બધા વિભાવ વિનાનો. અર્થાત્ એકલો ચિદાનંદનો નિર્મળ પીંડ તે સમયસાર છે. લ્યો, આ ઉપર 'શુદ્ધભાવ' એમ કહ્યું છે ને ? તો, તેનું આ બીજું નામ આપ્યું. મતલબ કે આત્માને શુદ્ધભાવ કહો, નિજ કારણસમયસાર કહો, શુદ્ધ જીવાસ્તિકાય કહો કે ત્રિકાળી નિત્યાનંદ કહો - એક જ છે અને તેનું જ **'સ્વરૂપ ઉપાદેય છે'.** - તે નજર કરવા લાયક છે, અંતર્મુખદશા વડે જોવા લાયક છે. આત્માને નિજ કારણસમયસાર જ આદરણીય છે. બાકી બીજું કાંઈ આદરવા લાયક છે નહીં એમ કહે છે.

અરે ! પણ હજી અજ્ઞાની તો વ્યવહારના પરિણામ આદરણીય છે એમ માની ત્યાં અટક્યો છે. પણ ભાઈ ! એ વ્યવહારના પરિણામથી તો વિકારની વૃત્તિઓ ઉઠે છે સાંભળ ને ? ચાહે તો દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા હો કે ભગવાન...ભગવાન...ભગવાન...એમ ભગવાનનું સ્મરણ હો - એ બધી વિકલ્પની વાસના છે. ભગવાન આત્મા એ વિકલ્પમાં ક્યાં આવે છે ?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અહીં કહ્યું કે ૪૪મી ગાથામાં જે આ નિજ કારણસમયસારનું સ્વરૂપ કહ્યું છે ઉપાદેય છે. એટલે કે ત્યાં દૃષ્ટિ મૂકીને તે અનુભવ કરવા લાયક છે. જીવને ધર્મ કરવો હોય તો અહીંથી શરૂ થાય છે. બાકી બીજી બધી વિપરીતતા છે.

અહા ! અખંડાનંદમય આખી ચીજ તો એક સમયની અવસ્થાની પાછળ પડી જ છે. પણ એ ચીજ કેવી છે ને કેમ છે તેની અજ્ઞાનીને ખબર નથી અને બહાર ગોતાગોત કરે છે. પરંતુ જ્યાં ચીજ છે ત્યાં નજર ન નાખે તો એ ચીજ નજરમાં કેમ આવે ? જાણે વ્રત કરીએ તો આત્મા મળશે એમ માનીને જુઓને ! બિચારા અજ્ઞાનીઓ પાણી વિનાના નકોરડા મહિના-મહિનાના ઉપવાસ કરીને સૂકાય જાય છે ને ? પણ ધૂળેય તેમાં આત્મા મળે એવો નથી સાંભળને ! એ તો બધી લાંઘણ છે. સાચો ઉપવાસ તો, ઉપ+વાસ = આવો આત્મા છે તેની ઉપ નામ સમીપમાં વાસ કરે તો થાય. તે સિવાયના બધા અપવાસ-માઠા વાસ છે. આ વાડાવાળાઓને આકરું પડે હોં, પણ અહીં તો વાડો નથી, આત્મા છે. આવો આત્મા છે અને અનાદિથી આવું વસ્તુનું સ્વરૂપ છે કે જે સર્વજ્ઞે કહ્યું છે, જાણ્યું છે ને પ્રગટ કર્યું છે. માટે આ કાંઈ વાડાની ચીજ (-વાત) નથી, પરંતુ આ તો આત્માની ચીજ છે. લ્યો, અહીં તો આ એક (આત્મસ્વરૂપ) જ ઉપાદેય કહ્યું છે. તે સિવાય પુણ્યના ભાવ પણ આદરણીય છે નહીં.

અરે ! આ એકાંત છે, આ એકાંત છે એમ અજ્ઞાની રાડ નાખે છે. પણ ભાઈ ! આમને (શ્રી પદ્મપ્રભમલધારીદેવને) કહે ને ? તેમની પાસે જા ને ? તેમની પાસે રાડ પાડ ને ?

**પ્રશ્ન:-** સોનગઢવાળા તો એકાંત કરે છે - બધા વ્યવહારને ઉડાવી દે છે ?

**સમાધાન:-** પણ ભાઈ ! આત્મામાં વ્યવહાર હતો કે દિ' સાંભળને ! કેમ કે એ વ્યવહાર તો વિકલ્પ છે, રાગ છે. અહા ! 'હું કરું, હું કરું એ જ અજ્ઞાન છે; શકટનો ભાર જ્યમ શ્વાન તાણે'. આ કરું-આ કરું એ તો વિકલ્પની વૃત્તિઓનું ઉત્થાન છે, રાગ છે અને તે ભગવાન આત્માના સ્વરૂપમાં છે નહીં.

અરે ! એક ક્ષણમાં સ્મશાનની રાખ થાય એવું આ દેહનું - માટીનું - ધૂળનું - સ્વરૂપ છે. અને એ (દેહ) તો સ્મશાનની રાખ થવાને લાયક હતો તો થયો છે. પણ આત્માની શું રાખ થાય ? (ન થાય.) આત્મા તો અનાદિ-અનંત, સનાતન ચૈતન્યમૂર્તિ છે. માટે તે જન્મે નહીં, મરે નહીં ને તેને રોગ થાય નહીં. આવો ભગવાન આત્મા દરેક શરીર ને રાગની આડમાં અંદર બિરાજે છે અને એ આદરણીય છે એમ કહે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## આધારના શ્લોક ઉપરનું પ્રવચન

શ્લોકમાં 'મૂર્છિત' શબ્દ વાપર્યો છે. અર્થાત્ મૂર્છાઈ ગયો છે, લીન થઈ ગયો છે. આત્મા, આત્માના આનંદમાં લીન થઈ ગયો છે.

**'એ રીતે પરપરિણતિના ઉચ્છેદ દ્વારા'....** શુભ-અશુભ વિકલ્પ છે, પુણ્ય-પાપની વાસના છે તેનો ઉચ્છેદ કરતા ભગવાન આત્મા પ્રગટ થાય છે. અરે ! અનંતકાળનો અજાણ્યો આ મારગ છે. ૮૪ લાખ યોનિના પરિભ્રમણ અનંત વાર કર્યાં છે, જેની આદિ નથી એટલા ભવો કર્યાં છે અને તેમાં આ મારગ અંધારે રહી ગયો છે. આ એક (માર્ગ જ) અંધારે રહી ગયો છે, જ્યારે બાકી બીજા બધાંયના અજવાળા (-જ્ઞાન) થઈ ગયાં છે. પણ એ તો રખડવાના અજવાળા છે. તેમાં વળી કાંઈક શેઠાઈ — પાંચ-પચીસ લાખ રૂપિયા - મળે ત્યાં તેને જાણે કે એમ થાય કે 'હું પહોળો ને શેરી સાંકડી'. - ભિખારી છો સાંભળને હવે ! આ ચૈતન્ય તો બાદશાહ-પરમાત્મા છે કે જેની અંદરમાં લક્ષ્મીનો પાર નથી. એવી લક્ષ્મીનો ભંડાર જેને પ્રગટ થયો છે તેને, કહે છે કે, પરપરિણતિના ઉચ્છેદ દ્વારા થયો છે. અર્થાત્ શુભ-અશુભ વિકલ્પરૂપ રાગની ક્રિયાઓ છે, રાગના પરિણામ છે, તેનો નાશ કરતા ભગવાન આત્મા ઉત્પન્ન થાય છે. કેમ કે એ (રાગાદિ) સ્વભાવમાં ક્યાં છે ?

**'તેમ જ કર્તા, કર્મ વગેરે ભેદો હોવાની જે ભ્રાંતિ તેના પણ નાશ દ્વારા' ...** લ્યો, ભગવાન આત્મામાં, કહે છે કે, કર્તા, કર્મ વગેરે ભેદો હોવાની ભ્રાંતિનો નાશ કરીને..... અર્થાત્ આત્મા પર્યાયનો કર્તા છે ને પર્યાય તેનું કર્મ છે વગેરે એવા ભેદો પણ જેનામાં નથી એવો એ અભેદ ચિદાનંદ ભગવાન આત્મા છે. ઝીણી વાત છે. અહા ! રાગ-દ્વેષની પરિણતિનો - વિકલ્પનો - તો ઉચ્છેદ છે, પરંતુ એક સમયનો પર્યાય છે તેનો દ્રવ્ય કર્તા છે અને પર્યાય તે કર્મ છે, પર્યાય તેનું સાધન છે વગેરે એવા છ કારકના ભેદો ઊઠે છે તે (દ્રવ્યમાં છે એમ માનવું તે પણ) ભ્રાંતિ છે અને તેનો પણ નિષેધ છે એમ કહે છે. વસ્તુ ચિદાનંદ ભગવાન આત્મા અભેદ છે. માટે તેમાં એ કર્તા, કર્મ વગેરેના ભેદો કેવા ? જુઓ, ક્યાં લઈ ગયા ?

કહે છે કે આ બધાં - શરીર, વાણી, મન - તો જડ છે, કારણ કે તેમના અસ્તિત્વમાં તો જડપણું છે. તેથી તેઓ કાંઈ આત્મામાં નથી. તેવી રીતે પુણ્ય-પાપના અસ્તિત્વમાં વિકાર છે, તેથી તેઓ પણ આત્મામાં નથી. તેમ જ તેના એક સમયના પર્યાયમાં ષટ્

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કારકના ભેદ પડે તે પણ આત્મામાં નથી. એમ અહીં કહે છે. આકરું છે ! આ વાત બેસવી બહુ આકરી છે. અહા ! આ વાત સાંભળનારા વીરલા જ હોય હો. સમાજમાં તો મોટી ધમાલ-ધમાલ હોય. તેમાં વળી પાંચ-દશ લાખ રૂપિયાના ખર્ચવાળા મોટા પંચકલ્યાણક મહોત્સવ ઉજવે ને રથયાત્રા કાઢે તો તેમાં ધર્મ માને. પણ ધૂળેય તેમાં ધર્મ નથી.

અહીં તો કહે છે કે ભગવાન આત્મા પર્યાયનો કર્તા ને પર્યાય તેનું કાર્ય વગેરે એવા ષટ્ કારકના ભેદ પર્યાયમાં ઊભા થાય તે પણ (વસ્તુમાં છે એમ માનવું તે) ભ્રાંતિ છે. કારણ કે વસ્તુમાં ભેદ કેવા ? વસ્તુમાં જ્યાં પર્યાય નથી ત્યાં આવા ભેદ કેવા ? અહા ! વસ્તુ ભગવાન આત્માનું - પોતાના પરમાત્માનું - સ્વરૂપ જ પૂર્ણ છે અને તેમાં, કહે છે કે, પુણ્ય ને પાપની લાગણીનો અભાવ છે. માટે જેણે આત્માનો આશ્રય કર્યો તેણે પુણ્ય-પાપનો (પુણ્ય-પાપમાં એકત્વનો) તો નાશ કર્યો, તે ઉપરાંત તેણે એ અભેદ આત્માનો આશ્રય કર્યો હોવાથી ભેદની ભ્રાંતિનો પણ નાશ કર્યો. અરે ! જેને હજી આ વાત પણ પકડાય નહીં તેને આ ધર્મ પ્રગટે તો ક્યાંથી ? તેને તો, આ શું કહે છે ? શું આવો ધર્મ હશે ? લોકસમૂહને - લાખો - કરોડો માણસોને - આવો ધર્મ શું બેસે ? - એમ થાય. પણ બાપુ ! ધર્મ તો આવો છે. કોઈને બેસે કે ન બેસે - તેના ઘરે રહ્યાં, પણ મારગ તો આ છે. અને માર્ગને કાંઈ સંખ્યાની જરૂર નથી, પરંતુ સત્યની જરૂર છે.

અહા ! (૧) પરપરિણતિના ઉચ્છેદ દ્વારા અને (૨) કર્તા, કર્મ આદિ ભેદોની ભ્રાંતિના નાશ દ્વારા - આ બે બોલ કહીને ઘણું કહ્યું હો. કર્તા, કર્મ વગેરે ભેદો એટલે અંદર (પર્યાયમાં) જે ભેદ પડે છે તે હો. અર્થાત્ પર્યાયમાં કર્તા-કર્મ આદિના ભેદ પડે કે દ્રવ્ય કર્તા ને પર્યાય કર્મ અથવા પર્યાય કર્તા ને પર્યાય કર્મ. એ બધા ભેદો કાંઈ તેનામાં (-દ્રવ્યમાં) છે નહીં, કારણ કે આત્મા તો અંદર અખંડાનંદ અભેદસ્વરૂપ પ્રભુ છે. તેથી તો તેનો આશ્રય અને તેનું અવલંબન લેતાં આ બધાંયના - પરપરિણતિ ને ભેદોના - ભુક્કા થઈ જાય છે.

સાધારણ સમાજને પણ આવું હશે ?

ભાઈ ! સમાજ સાધારણ જ નથી. સમાજ તો - બધા આત્મા તો - ભગવાન છે. દેહદેવળમાં પોતે પરમાત્મા પૂરો પડ્યો છે. માટે બધા આત્મા ભગવાન-પરમાત્મા છે. ભાઈ ! તેને ઓછો ન માન, વિકારી ન માન અને પામર પણ ન માન, પરંતુ પ્રભુ તરીકે સ્વીકાર. અને જેને પરપરિણતિના ને ભ્રાંતિના ઉચ્છેદ દ્વારા આવો સ્વીકાર થયો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

તેણે **'આખરે શુદ્ધ આત્મતત્ત્વને ઉપલબ્ધ કર્યું છે'.** - સરવાળે તો તેને અભેદ આત્માનો અનુભવ થયો.

વસ્તુનું સ્વરૂપ કે જે ચૈતન્યમૂર્તિ અભેદ એકરૂપ છે તેની અંતર્દૃષ્ટિ થતાં જ્ઞાનીએ રાગ-દ્વેષનો (રાગ-દ્વેષના એકત્વનો) તો નાશ કર્યો છે, તે ઉપરાંત કર્તા, કર્મના ભેદ મારા સ્વરૂપમાં છે એવી ભ્રાંતિનો પણ નાશ કર્યો અને તેણે આખરે તો જે સ્વરૂપ છે તેની એકની જ પ્રાપ્તિ કરી. મતલબ કે અભેદ ચિદાનંદ પ્રભુ આત્માનો અનુભવ થતાં આત્માની પ્રાપ્તિ છે.

**પ્રશ્નઃ-** લીલોતરી ન ખાવી, ઉપવાસ કરવાં, વ્રત પાળવાં આદિ જે અમે અત્યાર સુધી કરતા હતાં તે ક્યાં ગયું ?

**સમાધાનઃ-** ભાઈ ! એ તો બધી વિકલ્પની વાત છે અને તેમાં તેણે (અજ્ઞાનથી) ધર્મ માન્યો હતો. બાકી ધર્મ તો બાપુ ! કોઈ અપૂર્વ ચીજ છે. કેમ કે અનંત કાળમાં એક સેકંડમાત્ર પણ જે ચીજ થઈ નથી તે અપૂર્વ જ હોય ને ? અને તેના ફળ પણ અપૂર્વ હોય ને ? તો, તે વસ્તુ આ છે.

અહીં કહે છે કે જેને આખરે તો અંતરમાં એકરૂપ વસ્તુ ભગવાન આત્મા કે જે અભેદસ્વરૂપ છે તે મળ્યો છે તેણે શુભ-અશુભ વિકલ્પની વાસના ઉચ્છેદ -છેદી નાખી છે. કહેવામાં તો એમ જ આવે ને ? કે છેદી નાખી. બાકી ખરેખર તો આત્મામાં ગયો એટલે વિકલ્પની વાસના ઉત્પન્ન જ થઈ નહીં.

એટલે શું કહ્યું ?

કે અંતર વસ્તુ પૂર્ણાનંદ ભગવાન આત્મા ઉપર જ્યાં નજર પડી ત્યાં વિકારી પરિણામ ઉત્પન્ન થયા નહીં અને તેને વિકારી પરિણામ છેદી નાખ્યા એમ કહેવામાં આવે છે. તેવી રીતે અભેદ આત્મામાં જતાં - અભેદ આત્માનો અનુભવ થતાં - પર્યાયમાં આવા ભેદોના વિકલ્પ ઉત્પન્ન થતા નથી અને તેને ભેદોની ભ્રાંતિનો નાશ કર્યો એમ કહેવામાં આવે છે. અરે ! અજ્ઞાનીને તો આ લુખીલસ જેવી વાતો લાગે. કેમ કે બીજે તો 'તમે પુણ્ય કરશો તો દેવમાં જશો. પછી ત્યાંથી મરીને રાજા થશો' - એમ કહે . તેથી તે ખુશી થઈ જાય છે કે હું રાજા ! પણ ભાઈ ! રાજા એટલે શું ? (રાજા થા તેમાં શું થયું ?) સાંભળને ! કેમ કે રાજાનું શરીર જડ, માટી, ધૂળ છે. અહા ! રાજાનો રાજા - ચૈતન્ય રાજા - એવો પરમાત્મા તો પોતે ભગવાન આત્મા છે. તો, એવા એકરૂપ

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સ્વભાવની દૃષ્ટિ થતાં, કહે છે કે, ભેદનો ભાવ પણ રહેતો નથી અને તો પછી વિકાર હોય જ ક્યાંથી ?

કહે છે કે આવો અભેદ ભગવાન આત્મા છે તેને અંદર અનુભવમાં જેણે આખરે - સરવાળે - પ્રાપ્ત કર્યો **'એવો આ આત્મા'** - શુદ્ધ આત્મતત્ત્વને અંતર્દૃષ્ટિ ને પરિણતિમાં પ્રાપ્ત કરી જેણે તેને અનુભવ્યો તે **'ચૈતન્યમાત્રરૂપ વિશદ (નિર્મળ) તેજમાં લીન રહ્યો થકો'** ... 'મૂર્છિત'-મૂર્છા શબ્દનો અર્થ લીન કર્યો છે. એટલે કે અંદર આત્મામાં મૂર્છાઈ ગયો, લીન થઈ ગયો. અનાદિનો પુણ્ય-પાપના રાગમાં લીન હતો તેથી સંસારદશા - મૂઢદશા - પરિભ્રમણ દશા - હતી, પણ હવે તે દશા છૂટતાં અંદર આત્મામાં મૂર્છાઈ ગયો, લીન થઈ ગયો. અખંડ ને પૂર્ણાનંદમય અભેદ સ્વરૂપમાં લીન થઈ ગયો એમ કહે છે.

અહા ! **'ચૈતન્યમાત્રરૂપ વિશદ (નિર્મળ) તેજ'** - એમ કહીને એ કહેવું છે કે આત્મા તો એકલા ચૈતન્યનું નિર્મળ તેજ છે. ચૈતન્યનું પૂર પ્રભુ આત્મા છે. અને તે **'તેજમાં લીન રહ્યો થકો'....** - આવું સ્વરૂપ જેણે અંદરમાં પ્રાપ્ત કર્યું - જેવી ચીજ છે તેવી અંતર અભવ દૃષ્ટિથી જેણે પ્રાપ્ત કરી - તે, કહે છે કે, **'પોતાના સહજ (સ્વાભાવિક) મહિમાના પ્રકાશમાનપણે સર્વદા મુક્ત જ રહેશે.'** - મુક્ત થયો તો હવે મુક્ત જ રહેશે. પછી તેને અવતાર કે જન્મ-મરણ થશે નહીં. જેમ બીજ બળી ગયું તે પછી ઊગે નહીં તેમ અખંડાનંદમય અભેદ ચૈતન્ય ભગવાન આત્માની અંતરમાં પૂર્ણ પ્રાપ્તિ થઈ તો તે આત્મા મુક્ત થઈ ગયો અને મુક્તદશા જ્યાં પ્રાપ્ત થઈ ત્યાં હવે તેને ફરીને અવતાર હોય નહીં, અવતરવું પડે નહીં. પરંતુ એ તો પોતાના સહજ મહિમાના પ્રકાશમાનપણે સર્વદા મુક્ત જ રહેશે. એટલે કે સાદિ-અનંત કાળ આનંદની લ્હેરમાં લ્હેર કરશે. 'સાદિ અનંત, અનંત સમાધિ સુખમાં' રહેશે. લ્યો, આનું નામ મુક્તિ છે. કાંઈ મુક્તિ બીજે ક્યાંય લટકતી નથી, પણ આત્માની પૂર્ણ આનંદદશા પ્રાપ્ત થવી તેનું નામ મુક્તિ છે અથવા દુઃખ પર્યાયથી-અવસ્થાથી છૂટી જવું તેનું નામ મુક્તિ છે. અને તે મુક્તિવંત હવે એવો ને એવો જ રહેશે એમ કહે છે. મતલબ કે જેવું આત્માના મહિમાનું પ્રકાશમાન સ્વરૂપ છે તેમાં ને તેમાં તે રહેશે, પણ બહાર નીકળશે નહીં, અવતાર ધારણ કરશે નહીં. લ્યો, પહેલેથી પૂર્ણ સુધી - બન્ને સાધક ને સાધ્યપણું - વર્ણવી નાખ્યું.

અહા ! આત્માનું સ્વરૂપ શુદ્ધ આનંદકંદ છે. તો, તેનું ઈંજેકશન લગાવ કે જેથી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ભવ-ભવના રોગ મટી જાય. પણ એ ઈંજેક્શન લગાવતાં ફરીને શરીર જ મળે નહીં તો પછી રોગ ક્યાંથી થાય ? અહા ! શરીર મળે ને પછી તેમાં રોગ થાય એટલે ડોક્ટરને ગોતવા પડે. તેમાં વળી ડોક્ટરને ઈંજેક્શન મારતા આવડે નહીં તો શરીર ફૂલી જાય. જુઓને ! આ હોળી ! આ આત્મા તો અમૃતસ્વરૂપ છે. ત્રિકાળ અમૃતનો નાથ આત્મા છે. માટે અમૃતસ્વરૂપ ભગવાન આત્માનું મરણ કેવું ? મરે કોણ ? અને મરણ નથી તો કોના સ્નાન કરવા ?

## શ્લોક - ૬૯ ઉપરનું પ્રવચન

આ ૬૯મો કલશ ૪૪મી ગાથાનો છે. આ શુદ્ધભાવ અધિકાર છે એટલે આમાં શુદ્ધભાવની વાત છે ને ? તો, કહે છે કે આ આત્મા કેવો છે ? કે 'જેણે જ્ઞાનજ્યોતિ વડે પાપરૂપી અંધકારસમૂહનો નાશ કર્યો છે'. એટલે કે આત્માની જ્ઞાનજ્યોતિમાં સંસાર છે જ નહીં. પાપ = સંસાર; પુણ્ય-પાપના ભાવ. સંસાર જ આત્માના સ્વરૂપમાં નથી. સ્વરૂપના પ્રકાશમાં સંસારનો અંધકાર છે નહીં. અથવા એ આત્મસ્વરૂપ ત્રિકાળ પ્રકાશની મૂર્તિ છે અને તેનો આશ્રય કરતાં સંસારનો નાશ થાય છે.

**'જે નિત્ય આનંદ આદિ અતુલ મહિમાનો ધરનાર છે.'** આનંદનો ભંડાર નિત્ય-ત્રિકાળી ભગવાન આત્મા છે તેના મહિમા સાથે બીજાનો મેળ નથી, બીજાની તુલના (થઈ શકતી) નથી. ત્રિકાળી આત્મા અતીંદ્રિયસ્વરૂપ, આનંદનું ધામ આદિ અતુલ મહિમાનો ધરનાર છે.

**'જે સર્વદા અમૂર્ત છે.'** ત્રિકાળી આત્મા અમૂર્ત જ છે. દ્રવ્યસ્વભાવ - શુદ્ધભાવ — શુદ્ધ જીવાસ્તિકાય - ત્રણે કાળે અમૂર્ત જ છે. જેની દૃષ્ટિ કરવાથી સમ્યગ્દર્શન થાય એવું આ તત્ત્વ સદા અમૂર્ત છે.

**'જે પોતામાં અત્યંત અવિચળપણા વડે'....** પોતામાંથી ચળે નહીં એવું આત્મદ્રવ્ય ધ્રુવ વજ્રબિંબ છે. અને તે વડે **'ઉત્તમ શીલનું મૂળ છે.'** जात = ઉત્તમ. બ્રહ્માનંદમય શીલસ્વભાવ છે તેનું આત્મા મૂળ છે. અનાદિ-અનંત ધ્રુવ ચૈતન્ય ભગવાન આત્મા પોતામાંથી નહિ ચળવા વડે ઉત્તમ સ્વભાવનું - આનંદાદિનું - મૂળ છે. આત્મા શીલનું એટલે કે સ્વભાવનું મૂળ છે. અને તેના આશ્રયે જ ઉત્તમ શીલ અથવા ઉત્તમ સ્વભાવ અથવા ઉત્તમ બ્રહ્મચર્યાદિ પ્રગટ થાય છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આવો ત્રિકાળ ધ્રુવ ભગવાન આત્મા બિરાજમાન છે **'તે ભવભયને હરનારા'** - ભવના ભયને હરનારા એવા **'મોક્ષલક્ષ્મીના ઐશ્વર્યવાન સ્વામીને હું વદું છું'.** મુનિરાજ કહે છે કે અહો ! આવો આત્મા છે તે ભવભયને હરનાર છે અર્થાત્ તેમાં ભવભય છે નહીં. ૮૪ લાખ યોનિના અવતારરૂપ ભવનો ભય સ્વરૂપમાં નથી, પરંતુ એ તો મોક્ષલક્ષ્મીનો સ્વામી છે. અહા ! આત્મા ભવના ભયને હરનાર છે (એ નાસ્તિનું કથન છે) અને મોક્ષલક્ષ્મીનો સ્વામી છે (એ અસ્તિનું કથન છે). તો, મોક્ષલક્ષ્મીના ઐશ્વર્યવાન સ્વામી એવા ત્રિકાળી ચિદાનંદ પ્રભુ આત્માનો જ હું આદર કરું છું એમ કહે છે.

અહા ! પોતે ત્રિકાળી ધ્રુવસ્વરૂપ નિત્યાનંદ ભગવાન આત્મા ભવના ભયથી અભાવ સ્વભાવે છે અને મોક્ષલક્ષ્મીનો ઐશ્વર્યવાન સ્વામી છે. આવા ચૈતન્ય દ્રવ્યને હું વંદન કરું છું નામ (- એટલે કે) તેનો આદર કરું છું. લ્યો, આ કરવા જેવું છે.

અહા ! સહજાનંદરૂપ ચિદાનંદમય ત્રિકાળી જ્ઞાયકભાવ છે ..... તેને કારણસમયસાર કહો, કારણપરમાત્મા કહો, શુદ્ધભાવ કહો કે શુદ્ધ જીવાસ્તિકાય કહો - એક જ છે. આવી ચીજ છે અર્થાત્ એક સમયના પર્યાયથી પણ પાર એવી ચીજ છે તેનો હું, (મુનિરાજ) કહે છે કે, આદર કરું છું. એટલે કે મારો આદર તેને છે અને તેવી રીતે ધર્મી જીવોને પણ એ આદરવાલાયક છે. તે સિવાય એક સમયનો પર્યાય પણ આદરવાલાયક નથી. તે એક સમયનો પર્યાય પણ ત્રિકાળી આત્માનો આદર કરે છે.

અહા ! આત્મા મોક્ષલક્ષ્મીનો ઐશ્વર્યવાન સ્વામી છે અર્થાત્ પૂર્ણ મુક્તસ્વરૂપ છે અને તેનો આશ્રય કરતાં મોક્ષલક્ષ્મી પ્રગટ થાય છે. માટે આવા ભગવાન આત્માને હું નમું છું એમ કહે છે.

---

| | | | |
|---|---|---|---|
| ગાથા - ૪૪ | પ્રવચન નં. NST/ | ૪૧ તારીખ | ૩-૨-૭૨ |
| શ્લોક - ૬૯ | | ૪૨ | ૬-૨-૭૨ |
| | | ૪૩ | ૮-૨-૭૨ |

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

## ગાથા ૪૫-૪૬

**वण्णरसगंधफासा थीपुंसणउंसयादिपज्जाया ।**
**संठाणा संहणणा सव्वे जीवस्स णो संति ॥४५॥**

**अरसमरूवमगंधं अव्वत्तं चेदणागुणमसद्दं ।**
**जाण अलिंगग्गहणं जीवमणिद्दिट्ठसंठाणं ॥४६॥**

वर्णरसगंधस्पर्शाः स्त्रीपुंनपुंसकादिपर्यायाः ।
संस्थानानि संहननानि सर्वे जीवस्य नो सन्ति ॥४५॥

अरसमरूपमगंधमव्यक्तं चेतनागुणमशब्दम् ।
जानीह्यलिंगग्रहणं जीवमनिर्दिष्टसंस्थानम् ॥४६॥

**સ્ત્રી-પુરુષ આદિક પર્યયો, રસવર્ણગંધસ્પર્શ ને**
**સંસ્થાન તેમ જ સંહનન સૌ છે નહીં જીવદ્રવ્યને. ૪૫.**

**જીવ ચેતનાગુણ, અરસરૂપ, અગંધશબ્દ, અવ્યક્ત છે,**
**વળી લિંગગ્રહણવિહીન છે, સંસ્થાન ભાખ્યું ન તેહને. ૪૬.**

**અન્વયાર્થ:-** (वर्णरसगंधस्पर्शाः) વર્ણ-રસ-ગંધ-સ્પર્શ, (स्त्रीपुंनपुंसकादिपर्यायाः) સ્ત્રી-પુરુષ-નપુંસકાદિ પર્યાયો, (संस्थानानि) સંસ્થાનો અને (संहननानि) સંહનનો - (सर्वे) એ બધાં (जीवस्य) જીવને (नो सन्ति) નથી.

(जीवम्) જીવને (अरसम्) અરસ, (अरूपम्) અરૂપ, (अगंधम्) અગંધ, (अव्यक्तम्) અવ્યકત, (चेतनागुणम्) ચેતનાગુણવાળો, (अशब्दम्) અશબ્દ, (अलिंगग्रहणम्) અલિંગગ્રહણ (લિંગથી અગ્રાહ્ય) અને (अनिर्दिष्टसंस्थानम्) જેને કોઈ સંસ્થાન કહ્યું નથી એવો (जानीहि) જાણ.

**ટીકા:-** અહીં (આ બે ગાથાઓમાં) પરમસ્વભાવભૂત એવું જે કારણપરમાત્માનું સ્વરૂપ તેને સમસ્ત પૌદ્ગલિક વિકારસમૂહ નથી એમ કહ્યું છે.

નિશ્ચયથી પાંચ વર્ણ, પાંચ રસ, બે ગંધ, આઠ સ્પર્શ, સ્ત્રી-પુરુષ-નપુંસકાદિ વિજાતીય વિભાવવ્યંજનપર્યાયો, કુબ્જાદિ સંસ્થાનો, વજ્રર્ષભનારાચાદિ સંહનનો પુદ્ગલોને

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જ છે, જીવોને નથી. સંસાર-અવસ્થામાં સ્થાવરનામકર્મયુક્ત સંસારી જીવને કર્મફળચેતના હોય છે, ત્રસનામકર્મયુક્ત સંસારી જીવને કાર્ય સહિત કર્મફળચેતના હોય છે. કાર્યપરમાત્માને અને કારણપરમાત્માને શુદ્ધજ્ઞાનચેતના હોય છે. તેથી જ કાર્યસમયસારને કે કારણસમયસારને સહજફળરૂપ શુદ્ધજ્ઞાનચેતના હોય છે. આથી, સહજશુદ્ધ-જ્ઞાનચેતનાસ્વરૂપ નિજ કારણપરમાત્મા સંસારાવસ્થામાં કે મુક્તાવસ્થામાં સર્વદા એકરૂપ હોવાથી ઉપાદેય છે એમ, હે શિષ્ય ! તું જાણ.

એવી રીતે એકત્વસપ્તતિમાં (શ્રીપદ્મનંદી-આચાર્યદેવકૃત પદ્મનંદિપંચવિંશતિકા નામના શાસ્ત્રને વિષે એકત્વસપ્તતિ નામના અધિકારમાં ૭૯મા શ્લોક દ્વારા) કહ્યું છે કે:-

*(मंदाक्रांता)*

**''आत्मा भिन्नस्तदनुगतिमत्कर्म भिन्नं तयोर्या**
**प्रत्यासत्तेर्भवति विकृतिः साऽपि भिन्ना तथैव ।**
**कालक्षेत्रप्रमुखमपि यत्तच्च भिन्नं मतं मे**
**भिन्नं भिन्नं निजगुणकलालंकृतं सर्वमेतत् ।।''**

(''**શ્લોકાર્થ:-**) મારું એમ મંતવ્ય છે કે - આત્મા જુદો છે અને તેની પાછળ પાછળ જનારું કર્મ જુદું છે; આત્મા અને કર્મની અતિ નિકટતાથી જે વિકૃતિ થાય છે તે પણ તેવી જ રીતે (આત્માથી) જુદી છે; વળી કાળ-ક્ષેત્રાદિક જે છે તે પણ (આત્માથી) જુદાં છે. નિજ નિજ ગુણકળાથી અલંકૃત આ બધુંય જુદે જુદું છે (અર્થાત્ પોતપોતાના ગુણો અને પર્યાયોથી યુક્ત સર્વ દ્રવ્યો અત્યંત જુદે જુદાં છે.)''

વળી (આ બે ગાથાઓની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે):-

*(मालिनी)*

**असति च सति बन्धे शुद्धजीवस्य रूपाद्**
**रहितमखिलमूर्तद्रव्यजालं विचित्रम् ।**
**इति जिनपतिवाक्यं वक्ति शुद्धं बुधानां**
**भुवनविदितमेतद्भव्य जानीहि नित्यम् ।।७०।।**

(**શ્લોકાર્થ:-**) ''બંધ હો કે ન હો (અર્થાત્ બંધાવસ્થામાં કે મોક્ષાવસ્થામાં), સમસ્ત વિચિત્ર મૂર્તદ્રવ્યજાળ (અનેકવિધ મૂર્તદ્રવ્યોનો સમૂહ) શુદ્ધ જીવના રૂપથી વ્યતિરિક્ત છે'' એમ જિનદેવનું શુદ્ધ વચન બુધપુરુષોને કહે છે. આ ભુવનવિદિતને (-આ જગતપ્રસિદ્ધ સત્યને), હે ભવ્ય ! તું સદા જાણ. ૭૦.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## ❀ ગાથા ૪૫-૪૬ ઉપરનું પ્રવચન ❀

આ ૪૬મી ગાથા તો ઘણે ઠેકાણે (સમયસાર, પ્રવચનસાર, અષ્ટપાહુડ આદિ ઘણા શાસ્ત્રોમાં) આવે છે. સમયસારમાં તે ૪૯મી ગાથા છે. જ્યારે અહીં ૪૬મી ગાથા છે.

**'અહીં (આ બે ગાથાઓમાં) પરમસ્વભાવભૂત એવું જે કારણપરમાત્માનું સ્વરૂપ'....** પરમસ્વભાવભૂત એવો કારણપરમાત્મા પોતે આત્મા છે. જેમાંથી કેવળજ્ઞાનરૂપી કાર્ય પ્રગટ થાય એવા કારણરૂપ ભગવાન આત્મા છે. તો, 'પરમસ્વભાવભૂત' - ત્રિકાળી પરમ પારિણામિકભાવભૂત 'એવું જે કારણપરમાત્માનું સ્વરૂપ' ....

કારણપરમાત્મા એટલે ?

કારણપરમાત્મા એટલે કોઈ બીજો ઈશ્વર કર્તા છે ને તેનું આ કાર્ય છે એમ અહીં નથી કહેવું. પરંતુ પોતે ત્રિકાળી વસ્તુ છે તે અધિષ્ઠાન છે અને તેથી તે પોતે જ ઈશ્વર છે. અહા ! આ સમય-સમયની દશા છે એ તો વર્તમાન પ્રગટ અવસ્થા છે. તે અવસ્થાની પાછળ જે ધ્રુવ ચીજ છે એ અનાદિ-અનંત પરમસ્વભાવભૂત પરમાત્મા છે - મોટું નિધાન છે. પણ નિધાનને જે સ્વીકારે તેને માટે તે છે. બાકી જેને તે સ્વીકાર્ય નથી તેને માટે તો એ નથી. તેને તો 'હું રાગ છું' - એમ છે. તેણે અનાદિથી પર્યાયમાં - એક સમયની દશામાં - ખેલ ખેલ્યાં છે, પણ અંદરમાં ઊંડી ચીજ કોણ છે ત્યાં ગયો નથી.

અહીં કહે છે કે એક સમયની વર્તમાન પ્રગટ દશા સિવાયનું **'પરમસ્વભાવભૂત એવું'** ...જુઓ, 'પરમસ્વભાવવાળું' - એમ પણ નથી કહ્યું, કેમ કે 'વાળું' કહેતાં તો ભેદ પડી જાય છે. માટે અહીં 'પરમસ્વભાવભૂત' એમ કહે છે. ત્રિકાળી જ્ઞાયકભાવભૂત એવું **'જે કારણપરમાત્માનું સ્વરૂપ'** - પોતાના ભગવાન આત્માનો ત્રિકાળી સ્વભાવ છે **'તેને સમસ્ત પૌદ્‌ગલિક વિકારસમૂહ નથી'** - તેને કાંઈ પણ — પુદ્‌ગલ, રાગાદિ કે બીજું કાંઈ — છે નહીં **'એમ કહ્યું છે.'**

એક વખત પ્રશ્ન થયો હતો ને ? કે કારણપરમાત્મા છે તો કાર્ય આવવું જોઈએ ને ? અને તે પણ સમયે-સમયે આવવું જોઈએ ને ?

શું કહ્યું ?

કે વસ્તુ આત્મા અનાદિ-અનંત, ચૈતન્ય, ધ્રુવ, કારણપરમાત્મા છે ને ? તો, કારણ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે તો, તેનું કાર્ય આવવું જ જોઈએ. કારણપરમાત્મા તો અનાદિથી છે, છતાં કાર્ય કેમ થતું નથી ?

પણ ભાઈ ! 'કારણપરમાત્મા છે' તેનો અર્થ એ છે કે વસ્તુ ત્રિકાળ ધ્રુવ ચૈતન્ય કારણપ્રભુ છે તેનો જીવ 'છે'પણે સ્વીકાર કરે તે જીવને માટે તે કારણપરમાત્મા છે. બાકી જે જીવ સ્વીકાર ન કરે તે જીવને (-અજ્ઞાનીને) માટે કારણપરમાત્મા છે જ ક્યાં ?

**શ્રોતા:-** તેને (-અજ્ઞાનીને) માટે કારણપરમાત્મા ક્યાં ગયો છે ?

**પૂજ્ય ગુરુદેવશ્રી:-** તેની (-અજ્ઞાનીની) દૃષ્ટિમાંથી ચાલ્યો ગયો છે.

**શ્રોતા:-** ઘરમાં તો રહ્યો છે ને ?

**પૂજ્ય ગુરુદેવશ્રી:-** તેને ઘરમાંય રહ્યો નથી. તેના ઘરમાંય કારણપરમાત્મા ક્યાં છે ?

**શ્રોતા:-** કારણપરમાત્મા તેના ઘરમાં છે, પણ દેખાતો નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી:-** એનો અર્થ જ એ છે કે અજ્ઞાનીના ઘરમાં કારણપરમાત્મા નથી. કેમ કે જ્યારે તેને દેખે ત્યારે તે જીવના માટે કારણપરમાત્મા છે. બાકી અજ્ઞાનીના ઘરમાં તો રાગ ને પર્યાય છે. અજ્ઞાની તો એક સમયની અવસ્થા ને રાગને દેખે છે. તેથી તેને માટે એટલો જ આત્મા છે. તેને વળી તેની શ્રદ્ધાની બહાર બીજો કોઈ આત્મા (-કારણપરમાત્મા) રહી ગયો છે એમ છે જ નહીં. અર્થાત્ તેની શ્રદ્ધામાં કારણપરમાત્મા છે જ નહીં. કદાચ બીજો કહે કે કારણપરમાત્મા છે તો તે જુદી વાત છે. બાકી અજ્ઞાનીને કારણપરમાત્મા ક્યાં છે ? કારણ કે તેને આ ત્રિકાળી વસ્તુની ખબર નથી.

અહા ! પુણ્ય-પાપના વિકલ્પથી પાર અને એક સમયના જ્ઞાનપર્યાયથી પણ પાર એવો કારણપરમાત્મા છે તે જેણે સ્વીકાર્યો અર્થાત્ આવું અસ્તિત્વ જેના સ્વીકારમાં આવ્યું તેને કારણપરમાત્માનું કાર્ય આવ્યા વિના રહે જ નહીં.

**પ્રશ્ન:-** આવો આત્મા છે તોપણ અનાદિથી રખડે છે કેમ ?

**સમાધાન:-** પણ આવો આત્મા છે એમ તેણે જાણ્યું છે ક્યાં ? આનંદનું ધામ ને અતીંદ્રિય જ્ઞાનની મૂર્તિ એવો આ આત્મા છે એમ જેણે સ્વીકાર કર્યો છે તેને માટે તે આત્મા છે. પણ જેણે તેનો સ્વીકાર નથી કર્યો તેને માટે તે છે જ ક્યાં ? તેને તો, 'રાગ ને પર્યાય તે હું છું' એમ છે. અર્થાત્ એક સમયનો રાગ ને પર્યાય હું છું એમ જે માને છે તેને આત્મા છે જ નહીં.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એક વકીલે વિક્રમ સંવત ૧૯૯૯ની સાલમાં એવું કહ્યું હતું કે મહારાજ આત્માના આવા વખાણ કરે છે, પણ તે ધોયેલ મૂળા જેવો ગયો ક્યાં ? ભાઈ ! આત્મવસ્તુ છે તેમાં - ઘરમાં - નિધાન છે. પરંતુ એ નિધાનની તેને ખબર નથી એટલે જ્યાં-ત્યાં ભીખ માગે છે કે રૂપિયા આપો, સુખ આપો. તેથી, ભીખ માગે છે તો, તેને માટે નિધાન છે જ ક્યાં ? અહા ! આ આત્મા અંદર નિત્ય અખંડાનંદ પ્રભુ ધ્રુવ છે. છતાં અનાદિથી એક સમયના વર્તમાન પ્રગટ પર્યાયમાં જ તેના બધાં ખેલ છે. અને તે પર્યાયદૃષ્ટિવંતનું વલણ આગળ જાય તો રાગ ને નિમિત્ત ઉપર જ જાય છે. પરંતુ અંદરમાં ત્રિકાળી વસ્તુ આત્મા કોણ છે ત્યાં તેની દૃષ્ટિ જતી નથી - ત્યાં દૃષ્ટિ ગઈ જ નથી. માટે તેને ત્રિકાળી આત્મા સ્વીકાર્ય નથી. (-તેણે ત્રિકાળી આત્મા સ્વીકાર્યો નથી.) તેનો સ્વીકાર એટલો જ છે કે એક અંશ ને રાગ અથવા રાગના નિમિત્તો હું છું. બસ.

હવે અહીં કહે છે કે :

(૪૧) (અરૂપની વ્યાખ્યા :) **'નિશ્ચયથી પાંચ વર્ણ'** ભગવાન આત્મામાં નથી, પણ વ્યવહારથી છે.

તેનો અર્થ શું ?

કે વ્યવહારથી એમ કહેવાય કે આવા રંગવાળા શરીરમાં આત્મા છે, આવા રંગવાળું શરીર આત્માનું છે. ખરેખર રંગવાળું શરીર આત્માનું છે નહીં.

**પ્રશ્ન:-** જીવને પાંચ શરીર છે એમ કહેવાય છે કે નહીં ? - ગોમ્મટસારમાં એમ આવે છે.

**સમાધાન:-** ભાઈ ! ગોમ્મટસારમાં જ શું ? ઘણી જગ્યાએ એવું કથન આવે છે અને તેવું કથન આવે તેથી શું ? 'આત્માને શરીર છે' - એ નિમિત્તનું કથન છે. યથાર્થમાં પોતે આત્મવસ્તુ તો અરૂપી, જ્ઞાનઘન ને આનંદકંદ છે; સમાધાન ને આનંદસ્વરૂપ છે. તેથી તેમાં આ પાંચ વર્ણ નથી. આત્મા ધોળો, રાતો, પીળો, લીલો, કે કાળો પણ નથી.

**પ્રશ્ન:-** પરંતુ આ પીળો-ધોળો-લાલ એવો પ્રકાશ દેખાય છે ને ? તો એ આત્મા છે ને ?

**સમાધાન:-** ભાઈ ! લાલાદિ રંગ તો જડ છે. આત્મામાં એવી લાલપ (-લાલરંગ) ક્યાંથી હોય ? કેમ કે એ તો અરૂપી છે. અરે ! પણ કોઈ દિ' એને પોતાની ખબર જ નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(૪૨) (અરસની વ્યાખ્યા :) **'પાંચ રસ'** નથી. ખાટો, મીઠો આદિ પાંચ રસ આત્મામાં નથી.

**પ્રશ્ન:-** આત્મામાં મીઠો રસ તો હોય ને ? કેમ કે તેમાં મધુર રસ છે એમ આવે છે.

**સમાધાન:-** ભાઈ ! એ વાત તો બીજી અપેક્ષાએ કહેવાય છે. આ કષાયના (કટુ) રસથી બીજો (-ભિન્ન) મધુરરસ આત્મામાં છે એમ તેનો અર્થ છે. મીઠો રસ અર્થાત્ અતીંદ્રિય આનંદરસ.

આત્મા વસ્તુ છે ને ? (હા.) તે પદાર્થ છે તો તેનો કોઈ સ્વભાવ છે ને ? (હા.) તો, આત્માનો મીઠો-મધુર-આનંદસ્વભાવ છે. તે આનંદસ્વભાવની એક સમયની મીઠાશ આગળ જ્ઞાનીને આખી દુનિયા સડેલાં તરણાં જેવી લાગે છે. આવો આત્માનો આનંદરસ છે. પાંચ લાખના મકાન ને પુત્રાદિ પણ ધૂળ જેવા લાગે એવો મીઠો અતીંદ્રિય આનંદ ભગવાન આત્મામાં પડ્યો છે એમ કહે છે. પણ અરે ! કેમ બેસે ? કેમ કે કોઈ દિ' આવી વસ્તુ અંદર પૂર્ણપણે રહેલી છે તેમ ખબર ક્યાં છે ?

અહા ! જેમાંથી પરિણામ - વર્તમાન દશા - ઊઠે છે તે વસ્તુ કોણ છે ? મતલબ કે દશા તો ઊઠ્યાં જ કરે છે, પરંતુ તેનો આધાર કોણ છે ? કે ત્રિકાળી સચ્ચિદાનંદ પ્રભુ આત્મા. આવા પોતાના સ્વરૂપમાં પરમ આનંદરસ છે, પરંતુ આ ખાટો મીઠો આદિ રસ નથી.

(૪૩) (અગંધની વ્યાખ્યા :) **'બે ગંધ'** આત્મામાં નથી. સુગંધ ને દુર્ગંધ આત્મામાં કેવી ? એ તો જડમાં છે.

(૪૪) (અસ્પર્શની વ્યાખ્યા :) **'આઠ સ્પર્શ'** આત્મામાં નથી.

**પ્રશ્ન:-** આત્મા કેવો હશે ? માખણ જેવો સુંવાળો હશે કે કર્કશ હશે ?

**સમાધાન:-** આત્મામાં કોઈ સ્પર્શ છે નહીં.

(૪૫-૪૬-૪૭) (સ્ત્રી-પુરુષ-નપુંસકાદિ વિજાતીય વિભાવવ્યંજનપર્યાય રહિતની વ્યાખ્યા :) **'સ્ત્રી-પુરુષ-નપુંસકાદિ વિજાતીય વિભાવવ્યંજનપર્યાયો'** આત્મામાં નથી. વિભાવ = વિકારી; વ્યંજન = શરીરની આકૃતિ; પર્યાય = અવસ્થા. અહીં શરીરની વાત છે હો. અહીં વિજાતીય વિભાવવ્યંજનપર્યાય એટલે આ શરીરનો — પુદ્ગલનો - માટીનો - પર્યાય લેવો છે. તો, કહે છે કે સ્ત્રીના, પુરુષના ને પાવૈયાના શરીરનો આકાર જડ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

છે, માટી છે, ધૂળ છે, પુદ્ગલ છે અને વિજાતીય છે - આત્માથી બીજી જાત છે. આવી તે વિજાતીય વિભાવવ્યંજનપર્યાય જડ હોવાથી આત્મામાં નથી. અંદર ભગવાન આત્મા તેનાથી રહિત છે.

(૪૮) (સંસ્થાન રહિતની વ્યાખ્યા :) જુઓ, **'કુબ્જાદિ સંસ્થાનો'** કહીને છેલ્લા સંસ્થાનથી વાત ઉપાડી છે. મતલબ કે સમચતુરસ્રસંસ્થાનથી ન લેતાં કુબ્જસંસ્થાનથી લીધું છે. જ્યારે સંહનનમાં પહેલા સંહનનથી લીધું છે. કહે છે કે સમચતુરસ્રાદિ છ સંસ્થાન આત્મામાં નથી.

(૪૯) (સંહનન રહિતની વ્યાખ્યા :) **'વજ્રર્ષભનારાચાદિ સંહનનો'** આત્મામાં નથી. સંહનન = હાડકાની મજબૂતાઈ. તે છ પ્રકારની હાડકાની મજબૂતાઈ આત્મામાં નથી.

**'પુદ્ગલોને જ છે, જીવોને નથી'.** - એ સંહનન આદિ બધાં ભેદ પુદ્ગલ-જડ-અજીવ છે. આ શરીરની અવસ્થા અજીવપણે થઈને રહેલી છે. તેવી રીતે આ દેહનો પુરુષરૂપ આકાર પણ અજીવપણે થઈને રહેલ છે, પણ આત્મામાં નથી.

હવે બીજી રીતે ચેતનાગુણ સાબિત કરે છે : **'સંસાર-અવસ્થામાં સ્થાવર નામકર્મયુક્ત સંસારી જીવને કર્મફળચેતના હોય છે'**

શું કહે છે ?

કે સંસારદશામાં જે આ એકેંદ્રિય જીવ છે - પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને વનસ્પતિ જીવ છે - તેને સ્થાવર કહે છે. એવી સ્થાવર અવસ્થામાં તે સંસારી જીવને કર્મફળચેતના હોય છે. કર્મફળચેતના એટલે કલ્પનાના સુખ-દુઃખનું વેદન. સ્થાવર જીવોને કલ્પનાના સુખનું ને દુઃખનું વેદન હોય છે. તેથી તેમને કર્મફળચેતના હોય છે એમ કહ્યું છે. - આ વાત પંચાસ્તિકાયમાં પણ છે ને ? (ગાથા-૧૧૦)

**'ત્રસનામકર્મયુક્ત સંસારી જીવને કાર્ય સહિત કર્મફળચેતના હોય છે.'** ત્રસનામકર્મયુક્ત જે દ્વીંદ્રિય, ત્રીંદ્રિય, ચતુરિંદ્રિય ને પંચેંદ્રિય મનુષ્ય-ઢોર આદિ છે તે કાર્ય સહિત — રાગ કરું એવી કર્મચેતના સહિત - કર્મફળને અર્થાત્ હરખ-શોકને ભોગવે છે.

**'કાર્યપરમાત્માને'** - કેવળજ્ઞાની પરમાત્માને **'અને કારણપરમાત્માને'** - ત્રિકાળી ધ્રુવ નિત્યાનંદ દ્રવ્યસ્વભાવને **'શુદ્ધજ્ઞાનચેતના હોય છે.'** લ્યો, એ પંચાસ્તિકાયની શૈલી લીધી કે એકેંદ્રિયને કર્મફળચેતના હોય છે, ત્રસને કાર્ય સહિત - કર્મચેતના સહિત

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



- કર્મફળચેતના હોય છે અને પરમાત્માને જ્ઞાનચેતના હોય છે અર્થાત્ એકલો જ્ઞાનસ્વભાવનો અનુભવ હોય છે.

જો કે આ તો પૂર્ણની અપેક્ષાએ વાત છે (કે પરમાત્માને જ જ્ઞાનચેતના હોય છે.) નહીંતર જ્ઞાનચેતના તો ચોથા ગુણસ્થાનથી શરૂ થાય છે. જ્ઞાનાનંદસ્વરૂપમાં એકાગ્ર થવારૂપ જે જ્ઞાનચેતના દશા છે તે ચોથા ગુણસ્થાનથી શરૂ થાય છે. જ્ઞાનીને ચોથા ગુણસ્થાને સમકિત થતાં જ્ઞાનચેતનામય જ તેનું સ્વરૂપ છે. પરંતુ અહીંયા પૂર્ણ જ્ઞાનચેતનાની અપેક્ષાએ કેવળીને (અને સિદ્ધને) શુદ્ધ જ્ઞાનચેતના હોય છે એમ સિદ્ધ કર્યું છે. તેમ જ કારણપરમાત્માને પણ શુદ્ધજ્ઞાનચેતના હોય છે એનો અર્થ એ છે કે ત્રિકાળી શુદ્ધ જ્ઞાનમાં રહેલ સ્વરૂપ ત્રિકાળી આત્મામાં (-કારણપરમાત્મામાં) છે. આત્મામાં એકલું જ્ઞાન જ છે અને તેને ત્રિકાળી શુદ્ધજ્ઞાનચેતના કહેવામાં આવે છે. જ્યારે તેમાંથી કેવળજ્ઞાન થાય તેને કાર્યશુંદ્ધજ્ઞાનચેતના કહેવામાં આવે છે. આ વાત તો પહેલાં ઉપયોગના અધિકારમાં (ગાથા ૧૦માં) આવી ગઈ છે.

અહા ! ત્રસજીવને કાર્ય (-કર્મચેતના) સહિત કર્મફળચેતના કહી છે તો તે કાર્યચેતના કાંઈ પરના કાર્ય કરે કે પરના કાર્ય સહિત છે એમ અહીંયા નથી કહેવું. પણ પોતાના રાગરૂપી કાર્યને કરે એવી કર્મચેતના સહિત રાગના ફળને ભોગવે એવી કર્મફળચેતના તેને (-ત્રસજીવને) છે એમ અહીં કહેવું છે. અહા ! જીવ ત્રસ થયો ને મનવાળો સંજ્ઞી થયો માટે હવે પરના કાર્ય કરી શકે એમ નથી. કેમ કે પરના કાર્ય તે કરી શકતો જ નથી. મકાન, મોટર આદિને, કહે છે કે, આત્મા કરી શકતો જ નથી.

**પ્રશ્ન:-** એ તો (પરનું ન કરી શકે એ તો) અહીં (સોનગઢમાં) જ ને ?

**સમાધાન:-** માત્ર અહીં નહીં, બધી જગ્યાએ પણ આત્મા પરનું કરી શકતો નથી એમ કહે છે.

**પ્રશ્ન:-** પણ આત્મા મનવાળો થાય એટલે પરના કાર્ય કરી શકે ને ?

**સમાધાન:-** એ પરના કાર્ય આત્મા કરી શકતો જ નથી. અજ્ઞાનભાવે પણ આત્મા પરના કાર્ય કરી શકતો નથી એમ અહીં કહે છે. હા, અજ્ઞાનભાવે કરે તો રાગને કરે અને રાગના ફળને ભોગવે. પરંતુ કાંઈ સ્ત્રીને, પૈસાને, મકાનને કે દાળ-ભાત-પકવાનને આત્મા ભોગવે એમ છે નહીં.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**પ્રશ્ન:-** આત્મા મોસંબી પીતો હોય એમ જોવામાં તો આવે છે ?

**સમાધાન:-** શું જોવામાં આવે છે ? બતાવો. અંદર આત્માના પર્યાયમાં શું થાય છે તે તેણે (-અજ્ઞાનીએ) જોયું છે ? શું તેણે આત્મા જોયો - જાણ્યો છે ? (કે જેથી આત્મા પીવે છે એમ તેને દેખાય છે ?)

**પ્રશ્ન:-** પણ આત્મા તો અરૂપી છે. તેથી તે કેમ દેખાય ?

**સમાધાન:-** શું આત્મા ન દેખાય ? આ આત્મા જ્ઞાનસ્વરૂપ છે એમ શું દેખાય નહીં ? (દેખાય.) તો, જ્ઞાનસ્વરૂપ આત્મા છે એમ જે જાણે તેને ખબર પડે કે મારામાં તો મારો પર્યાય થાય છે. તેથી તે પર્યાય પરમાં થાય છે (કે પરનો પર્યાય જીવમાં થાય છે) એમ છે જ ક્યાં ?

**શ્રોતા:-** કોઈ સહજ મંત્રી મળી જાય (તો કામ થઈ જાય !)

**પૂજ્ય ગુરુદેવશ્રી:-** સહજ મંત્રી તો આ (આત્મા) છે. શ્રીમદ્જીનો મહામંત્ર છે કે 'સહજાત્મસ્વરૂપ પરમગુરુ'. કોઈ આ મંત્ર બોલે છે અને તેની માળા પણ ફેરવે છે. પરંતુ તેનો અર્થ સમજે નહીં કે મારું કાર્ય તો મારાથી જ થશે. તે તો ગુરુથી મારું કાર્ય થશે ને ગુરુ આપણું કલ્યાણ કરી દેશે એમ માને છે. તેમ જ ભાઈ ! માળા અંદર ફેરવાય કે બહાર ? અંદર આત્મા સહજાત્મસ્વરૂપ છે તેવી અંતર્દષ્ટિ કરીને પરિણમન કરવું તેનું નામ 'સહજાત્મસ્વરૂપ પરમગુરુ'ની માળા છે. બાકી આ મણકાની માળા તો જડની છે. આવું છે !

અહીં કહ્યું કે **'કાર્યપરમાત્માને અને કારણપરમાત્માને'....**

**પ્રશ્ન:-** કારણપરમાત્મા એટલે કોણ ? - આ જગતનો કર્તા ? શું એવો કોઈ કારણપરમાત્મા છે ?

**સમાધાન:-** કારણપરમાત્મા એટલે કોઈ આ જગતનો કર્તા-કારણ હશે અને જગત તેનું કાર્ય હશે એમ ત્રણ કાળમાં નથી. આ જગતનો કર્તા-હર્તા કોઈ છે જ નહીં. કેમ કે વસ્તુ સત્ છે તો તેને કરે કોણ ? અહીં તો પોતે આત્મા કે જે ત્રિકાળી સ્વરૂપ છે તેને કારણપરમાત્મા કહેવામાં આવે છે અને તેની વર્તમાન દશામાં પૂર્ણતા પ્રગટ થાય તેને કાર્યપરમાત્મા કહેવામાં આવે છે. અનાદિ - સનાતન - સત્ એવો પોતે ભગવાન આત્મા જ કારણપરમાત્મા છે અને તેનો (પૂર્ણ) આશ્રય કરતાં જે દશા પ્રગટ થાય તે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કાર્યપરમાત્મા છે. એટલે કે એકમાં જ બે છે - પોતે જ કારણ (પરમાત્મા) છે ને પોતે જ કાર્ય (પરમાત્મા) છે. પણ પોતે કારણ છે ને જગત તેનું કાર્ય છે એમ છે નહીં.

કહે છે કે **'તેથી જ કાર્યસમયસારને કે કારણસમયસારને'....** જુઓ, પહેલાં 'પરમાત્મા' શબ્દ હતો કે 'કાર્યપરમાત્મા અને કારણપરમાત્મા', જ્યારે હવે કહે છે કે **'તેથી જ કાર્યસમયસારને કે કારણસમયસારને'** .... મતલબ કે જેમને કાર્યપરમાત્મા કહ્યા હતા તેમને જ હવે કાર્યસમયસાર કહ્યા છે અને જેને કારણપરમાત્મા કહ્યો હતો તેને જ હવે કારણસમયસાર કહે છે. તેરમે ગુણસ્થાને રહેલા કેવળી પરમાત્મા અને સિદ્ધ પરમાત્મા કાર્યસમયસાર છે અને કારણસમયસાર એટલે ત્રિકાળી વસ્તુ. તે બન્નેને **'સહજફળરૂપ શુદ્ધજ્ઞાનચેતના હોય છે.'** સ્વાભાવિક જ્ઞાન-આનંદફળરૂપ શુદ્ધજ્ઞાનચેતના હોય છે. ત્રિકાળી વસ્તુમાં (-કારણસમયસારમાં) પણ સહજજ્ઞાન-આનંદફળરૂપ શુદ્ધજ્ઞાનચેતના છે અને કાર્યમાં (-કાર્યસમયસારમાં) પણ સહજજ્ઞાન-આનંદફળરૂપ શુદ્ધજ્ઞાનચેતના છે. સહજજ્ઞાન-આનંદફળરૂપ ત્રિકાળ શુદ્ધજ્ઞાનચેતના તો કારણસમયસારમાં - કારણપરમાત્મામાં - ભગવાન આત્મામાં - પડી જ છે. પણ કાર્યરૂપ સહજજ્ઞાન-આનંદના ફળરૂપ પૂર્ણ શુદ્ધજ્ઞાનચેતના થાય છે. તો જ્યારે કેવળજ્ઞાન થાય ત્યારે થાય છે.

**પ્રશ્ન:-** આમાં દયા પાળવી કે વ્રત કરવા એવું તો કાંઈ આવતું નથી ?

**સમાધાન:-** ભાઈ ! દયા કે વ્રત કોણ પાળે ? કેમ કે એ તો વિકલ્પ છે અને વિકલ્પ છે એ પુદ્ગલના પરિણામ છે તેથી જીવમાં છે જ નહીં. જીવ તો એકલો શુદ્ધ જ્ઞાનચેતનાનો અને તેનું ફળ કેવળજ્ઞાન તથા આનંદ છે તેનો ભંડાર છે. એટલે કે આત્મામાં કારણરૂપ ત્રિકાળ શુદ્ધજ્ઞાનચેતના છે અને કાર્યરૂપ - ફળરૂપ - પણ શુદ્ધજ્ઞાનચેતના છે. પરંતુ કાર્યરૂપ શુદ્ધજ્ઞાનચેતના કેવળજ્ઞાન થાય ત્યારે હોય છે.

હવે કહે છે કે **'આથી, સહજશુદ્ધ-જ્ઞાનચેતનાસ્વરૂપ નિજ કારણપરમાત્મા'** - અંદર ત્રિકાળી વસ્તુ **'સંસારાવસ્થામાં કે મુક્તાવસ્થામાં'** - એ બન્ને દશામાં **'સર્વદા એકરૂપ હોવાથી ઉપાદેય છે.'** જીવની સંસાર ને મુક્ત દશા એ બે પર્યાય છે. સંસારદશા પણ એક અવસ્થા છે ને મુક્તદશા પણ એક અવસ્થા છે, પર્યાય છે. તેમાં ત્રિકાળી નિત્યાનંદ ધ્રુવ ભગવાન આત્મા સર્વદા એકરૂપ હોવાથી ઉપાદેય છે. સંસાર ને મુક્ત અવસ્થા તો એક સમયની દશા છે. તે સર્વદા એકરૂપ નથી. જ્યારે ત્રિકાળી આત્મા સર્વદા એકરૂપ છે. તેથી તે ઉપાદેય છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અહા ! મોક્ષાવસ્થા હો કે સંસારાવસ્થા હો - એ તો બે પર્યાય છે, દશા છે, હાલત છે. જ્યારે તે વખતે, ત્રિકાળ રહેનારો ભગવાન આત્મા તો સર્વદા એકરૂપ વસ્તુ છે. માટે તે આદરણીય છે. અર્થાત્ એ પોતે પરમાત્મા (-આત્મા) જ આદરણીય ને આચરણ કરવાલાયક છે. તેના ઉપર દૃષ્ટિ કરીને તેમાં સ્થિર થવા જેવું છે એમ કહે છે.

**પ્રશ્ન:-** પણ જો આ આત્મા જ આદરણીય હોય, તો પછી ભગવાનની મૂર્તિ ને મંદિર કે દિ' આદરવા ?

**સમાધાન:-** ભાઈ ! એ તો શુભરાગ હોય ત્યારે હોય છે. છતાં પણ એ શુભરાગ અને ભગવાનની મૂર્તિ, મંદિર આદિ બધુંય હેય છે. ભારે વાત !

અત્યારે તો આગમ ને મૂર્તિ - એ બેનો જ આધાર છે ને ?

તે બન્નેમાંથી એકેયનો આધાર આત્માને નથી એમ અહીં તો કહે છે.

આપણે પણ અહીંયા આરસમાં પરમાગમ કોતરાવીએ છીએ ને ?

ભાઈ ! કોણ કોતરાવે ? ખરેખર તો આરસના પરમાણુનો પર્યાય તે કાળે તે-રૂપે થયો છે. બાકી તેને કોઈ બીજો કરી શકે નહીં. (હા), વિકલ્પ આવે. પણ તેથી કાંઈ તે સમયે ત્યાં કાર્ય થાય છે ? (ના.) એક રજકણનું પણ નીચેથી ત્યાં (ઉપર) ખડકાવવું તેના કાળે થાય છે. અર્થાત્ એક રજકણ પણ ત્યાં ગોઠવાય છે તે તેના કાળે તેનાથી ગોઠવાય છે. છતાં છદ્મસ્થ છે તેથી વિકલ્પ આવે. એવો વિકલ્પ તો હોય ને ? અરે ! ક્ષાયિક સમકિતી જમવા બેઠો હોય ને ઠંડી રોટલી આવે તો, 'ટાઢી નહીં, ગરમ રોટલી લાવો' - એમ કહે. તો, શું એ રજકણના ક્રમને ફેરવે છે ? (ના.) એ તો એવો વિકલ્પ હોય અને એવી વાણી નીકળવાની હોય તો નીકળે છે. નહીંતર તેને (-સમકિતીને) શું છે ? એ તો જાણનાર છે. આવી વાત છે !

જ્ઞાની આહાર તો જમે ને ?

કોણ જમે ? એ જમવાની જડની ક્રિયા તો જડમાં થાય છે. આત્મા આ હોઠ પણ હલાવી શકે નહીં. કેમ કે આ હોઠ તો રજકણ-જડ-માટી-અજીવતત્ત્વ-છે. માટે તે અજીવતત્ત્વની આમ-તેમ હાલવાની કે ક્રિયા અજીવથી થાય છે, જડના કારણે થાય છે. શું તે ક્રિયા આત્માને કારણે થાય છે ? આત્માથી થાય છે ? (ના.) જુઓને, મરવા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વખતે વાચા બંધ થઈ જાય ત્યારે બોલવા તો ઘણું માગે, છતાં એં...એં...થઈ જાય છે. ભાઈ ! એ જડની અવસ્થાનું થવું તો તેનો કાળ હોય તો થાય છે. આત્મા તેનો કર્તા-હર્તા છે નહીં.

અહીં તો કહે છે કે સંસારાવસ્થા એ તારી મલિન દશા છે અને મોક્ષાવસ્થા એ તારી પૂર્ણ નિર્મળ દશા છે. તે બન્ને દશામાં પણ સર્વદા એકરૂપ રહેનારો એવો ત્રિકાળી ધ્રુવ આત્મા જ આદરણીય છે.

જુઓ, આમાં સમજાણું ?

કે તેનામાં (તેના દ્રવ્ય-ગુણ-પર્યાયમાં) જે છે તેની વાત કરી, પણ તેનામાં જે નથી તેની વાત પણ કરી નથી. અર્થાત્ આ સંસાર અને મુક્ત અવસ્થા (પર્યાયમાં) છે, છતાં પણ તેમાં આદરણીય તો ત્રિકાળી દ્રવ્ય છે એમ કહ્યું. પરંતુ આ શરીર, સ્ત્રી, પુત્ર, કુટુંબ, પૈસા, મકાન કે ખેતર તો અંદર આત્મામાં હતા જ કે દિ' ? (કે જેથી તેની વાત કરે.) એ તો પરમાં છે. છતાં અજ્ઞાની મફતનો તેને મારા...મારા.... માને છે ને મૂઢ થઈને ફરે છે. તે (અજ્ઞાની) પાગલ, સન્નેપાતિયો છે.

**શ્રોતા:-** સન્નેપાત મટવો કઠણ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી:-** સાચી વાત છે. અહીં કહે છે કે મકાન, કારખાનું આદિ એકેય તારા નથી. માટે મફતનો શા માટે હેરાન થા છો ?

**શ્રોતા:-** મફતનો ક્યાં હેરાન થાય છે ? પૈસા મેળવવા માટે હેરાન થાય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી:-** પૈસા મેળવવા મફતનો હેરાન થતો નથી, પણ પાપ કરીને હેરાન થાય છે.

**શ્રોતા:-** પરંતુ અમે આ બધું કાંઈ મફતમાં ભેગું નથી કર્યું, મહેનત કરીને ભેગું કર્યું છે ?

**પૂજ્ય ગુરુદેવશ્રી:-** શું કહે છે તું આ ? ધૂળેય તે ભેગું કર્યું નથી સાંભળને હવે ! એ તો તારું ગાંડપણ છે. અરે ! જગતના પાગલ માણસને હું શું બોલું છું તેનું પણ ભાન નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**શ્રોતા:-** પણ અમે કમાણા તો છીએ ને ?

**પૂજ્ય ગુરુદેવશ્રી:-** શું કમાણા છો ? પાપ કમાણા છો. તે પર વસ્તુનું તો તું કાંઈ કરી શકે છે કે દિ' ? (કે જેથી પૈસાદિ કમાઈ શકે.) ભારે ભાઈ કામ આવું ! અરે ! આવું તેને સાંભળવા મળ્યું નથી ને ? એટલે (સત્યની) ખબર નથી અને તેથી થઈ રહ્યું - પરની હુંફે ચાલ્યો જાય છે કે જેના સરવાળા પાગલપણાના (-અજ્ઞાનપણાના) આવે છે. ભારે પણ ભાઈ માર્ગ આ !

અહીં કહે છે કે **'એમ, હે શિષ્ય ! તું જાણ.'** જુઓ, ૪૬મી ગાથામાં છે ને ? કે 'जाण' - જાણ. તો, તેમાંથી આ કાઢ્યું કે હે શિષ્ય ! તું જાણ - હું ત્રિકાળી જ્ઞાનચેતનામય છું એમ જાણ. તારું સ્વરૂપ તો જ્ઞાનાનંદ છે. માટે ત્રણ કાળ ને ત્રણ લોકની બધી ચીજને જાણ. સ્વને મારા તરીકે જાણ ને પરને પર તરીકે જાણ. બસ, એટલું જ . અહા ! આવું તારું ચેતનાસ્વરૂપ છે. પણ હવે જ્યાં આવો સ્વીકાર નથી અર્થાત્ હું એકલો ચેતનામય - જ્ઞાનદર્શનમય - છું એવો સ્વીકાર નથી તો તને તે (ચેતનાસ્વરૂપ આત્મા) છે જ નહીં. તને તો, હું રાગનો કર્તા છું, હું રાગ કરું છું એવું છે.

જુઓ, ભગવાન શ્રી કુંદકુંદાચાર્યે આમ કહ્યું છે હો, કે હે શિષ્ય ! તું આમ જાણ કે ત્રિકાળી ભગવાન આત્મામાં ત્રિકાળી શુદ્ધજ્ઞાનચેતના પણ છે અને શુદ્ધઆનંદચેતના પણ છે. અનાદિથી દરેક સમયે બન્ને ભેગા છે. આવો આત્મા જ એક જાણવાલાયક છે, આદરવાલાયક છે ને ઉપાદેય છે. એટલે કે તેમાં નજર કરીને ઠરવા જેવું છે અને બાકી બધું છોડવા જેવું છે એમ કહે છે.

## આધારના શ્લોક ઉપરનું પ્રવચન

શ્રીપદ્મનંદી આચાર્ય મહારાજ જંગલવાસી દિગંબર મુનિ હતાં. તેઓ કહે છે કે **'મારું એમ મંતવ્ય છે કે'** - મારી તો એવી માન્યતા છે કે **'આત્મા જુદો છે અને તેની પાછળ પાછળ જનારું કર્મ જુદું છે.'** જુઓ, આત્મા કર્મને લઈ જાય છે એમ નથી. પરંતુ કર્મ પોતે જ આત્માની પાછળ પાછળ એટલે કે સાથે-સાથે જાય છે એમ કહે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**પ્રશ્ન:-** આત્મા ને કર્મ - બન્ને સાથે જાય છે તેમાં કર્મ પાછળ પાછળ જાય છે એમ ક્યાં આવ્યું ?

**સમાધાન:-** એ તો કહ્યું ને ? કે પાછળ પાછળ એટલે કે આત્માની સાથે. અને આત્માની સાથે એટલે કે આત્મા જાય છે - ગતિ કરે છે ત્યારે પોતે કર્મ પણ પોતાના કારણે જાય છે-ગતિ કરે છે. પરંતુ આત્માના કારણે કર્મ ગતિ કરે છે એમ નથી - એમ કહેવું છે.

**પ્રશ્ન:-** પછી આત્મા કર્મને ક્યારે છોડે ?

**સમાધાન:-** અત્યારે અહીં કર્મને છોડવાનો પ્રશ્ન નથી. પરંતુ આ તો કર્મ અને આત્મા સાથે ગતિ કરે છે - જાય છે તે પોતપોતાના કારણે છે અર્થાત્ બન્ને પોતપોતાના કારણે જાય છે એમ કહેવું છે. કારણ કે અરૂપી ભગવાન આત્મા જુદો છે ને રજકણો - કે જે અજીવ તત્ત્વ છે તે - ભિન્ન (-જુદાં) છે. એ રજકણો પણ તત્ત્વ છે. માટે તે પોતાના કારણે જાય છે, પણ આત્માના કારણે જાય છે એમ છે નહીં. તેવી રીતે આત્મા પણ કર્મના કારણે ગતિ કરે છે એમ નથી. જુઓ, આ હાથ આમ ઊંચો થાય છે તો, કહે છે કે, આત્મા પોતાના કારણે અંદર ગતિ કરે છે અને આ શરીરના રજકણો પણ શરીરના કારણે ગતિ કરે છે. પણ આત્માના કારણે તેઓ ગતિ કરતા નથી. તેમ અંદર કર્મના રજકણો પણ આત્માની પાછળ-પાછળ — સાથે-સાથે — પોતાની મેળાએ પોતાથી ગતિ કરે છે.

આત્માની પાછળ પાછળ એટલે ?

કે આત્માની સાથે સાથે. છતાં પણ આત્માના કારણે કર્મ ગતિ કરતા નથી, પરંતુ પોતાથી જ ગતિ કરે છે. જુઓ, 'अनुगतिमत् - તેની પાછળ પાછળ' - એમ છે ને ? અર્થાત્ તેને અનુસરીને; તેની સાથે-સાથે.

અહા ! જ્યાં તત્ત્વે-તત્ત્વ (-દરેક તત્ત્વ, દરેક દ્રવ્ય) જુદાં છે ત્યાં તેને કોની સાથે સંબંધ છે ? દરેક તત્ત્વ પોતાના ગુણ ને પર્યાયોથી અલંકૃત છે અને તેનાથી જ તેની શોભા છે. પણ કાંઈ પરને લઈને તેની શોભા છે એવું છે નહીં.

**પ્રશ્ન:-** પણ લ્યો, અહીંથી શ્રેણિક રાજાને નરકમાં જવું પડ્યું, તો નરકનું આયુષ્ય બંધાણું હતું માટે ત્યાં જવું પડ્યું ને ? શું તેમને ત્યાં જવાની ઈચ્છા હતી ? તેઓ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તો ક્ષાયિક સમકિતી છે ને તીર્થંકર નામકર્મ પણ બાંધ્યું છે. તથા તેમને ખબર પણ છે કે હું તીર્થંકરનો જીવ છું, મારે તીર્થંકર થવાનું છે. તો લ્યો, શું એ નરકમાં જાય? કર્મ જ ખેંચી જાય ને ?

**સમાધાન:-** ભાઈ ! અહીં તો કહે છે કે અંદરમાં અરૂપી અસ્તિત્વવાળો આત્મા જુદી ચીજ છે ને તેને અનુસરીને ચાલનારું કર્મ પણ જુદી ચીજ છે.

હવે ત્રીજી વાત કરે છે કે **'આત્મા અને કર્મની અતિ નિકટતાથી'** - આત્મા ને કર્મની નજીકતાથી **'જે વિકૃતિ થાય છે'** - જે મિથ્યાભ્રાંતિ, રાગ-દ્વેષ કે હાસ્યાદિ ભાવ થાય છે **'તે પણ તેવી જ રીતે (આત્માથી) જુદી છે'** - જુદી ચીજ છે. જુઓ, ત્રણ વાત થઈ : (૧) આત્મા, (૨) કર્મ ને (૩) કર્મના સંબંધે - કર્મ (સૌથી) નિકટ છે તેથી એમ કહે છે કે તેનો સંબંધ કરતા - જે વિકાર થાય તે. તે વિકાર પણ આત્માથી જુદી ચીજ છે. અર્થાત્ (૧) નિર્મળાનંદ આત્મા ભિન્ન છે, (૨) કર્મ ભિન્ન છે અને

(૩) વિકાર પણ ભિન્ન છે.

**પ્રશ્ન:-** પણ ક્યારથી આ ત્રણેય જુદાં હશે ? ને ક્યારથી ત્રણેયનો ખીચડો મનાયો હશે ?

**સમાધાન:-** અનાદિથી આ ત્રણેય જુદાં છે અને અનાદિથી જ તેણે ખીચડો માન્યો છે. (આત્મા, કર્મ ને રાગને એકમેક માન્યા છે.)

અહા ! તારે લઈને પૈસા આવ્યાં નથી, અહીં રહ્યાં નથી તેમ જ વપરાતા નથી. પરંતુ એ પૈસા તો પૈસાના કારણે આવ્યા છે, રહ્યાં છે ને જવાના છે - એમ કહે છે. હવે તે ઉપરાંત અહીંયા એમ કહે છે કે પોતે આત્મા કર્મના બંધનમાં નિમિત્ત હતો તો પણ કર્મ તો કર્મના કારણે આત્માની પાછળ પાછળ જાય છે. પણ કાંઈ આત્મા કર્મને લઈ જાય છે કે કર્મ આત્માને લઈ જાય છે એમ છે નહીં. ભારે વાત ભાઈ !

**પ્રશ્ન:-** પણ આ તો નિશ્ચયની વાત છે. વ્યવહારથી કાંઈક બીજું હશે કે નહીં ?

**સમાધાન:-** ભાઈ ! વ્યવહારથી બોલાય કે આત્માએ કર્મ બાંધ્યા, પણ એમ છે નહીં. બોલાય તો એમ જ ને ? કે આત્માએ કર્મ બાંધ્યા અને જેવા કર્મ બાંધ્યા તેવા ભોગવવા પડશે. પરંતુ એ બધી વ્યવહારની વાતો છે. ખરેખર તો આત્મા ક્યાં કર્મ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



બાંધે છે ? આત્મા તો વિકારને કરે ને તેને ભોગવે. અર્થાત્ પોતાની દશામાં - પોતાના અસ્તિત્વમાં પોતાનું કરવાપણું હોય, પણ બીજાના અસ્તિત્વમાં તેનો પ્રવેશ ક્યાં છે કે પરને કરે ને ભોગવે ?

**'વળી કાળ-ક્ષેત્રાદિક જે છે તે પણ (આત્માથી) જુદાં છે.'** - કાળ ને ક્ષેત્રાદિક બધુંય આત્માથી જુદું છે. જેટલા રજકણ-પરમાણુ છે તેમ જ ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય આદિ ચીજ છે તે બધાં પણ આત્માથી જુદાં છે.

**'નિજ નિજ ગુણકળાથી અલંકૃત'** - દરેક દ્રવ્ય પોતાની શક્તિરૂપ ગુણ ને તેના પર્યાયથી, બસ તેનાથી જ, અલંકૃત છે. પણ પરનો પર્યાય અહીં (પોતાનામાં) આવતો નથી ને પરના પર્યાયમાં પોતે જતો નથી. દરેક દ્રવ્ય નિજ નિજ ગુણકળાથી એટલે કે ગુણ ને પર્યાયથી અલંકૃત છે. દરેક આત્મા, દરેક રજકણ ને દરેક કાળાદિ પદાર્થ પોતાની શક્તિ ને પોતાના પર્યાયથી અલંકૃત છે. એ રીતે **'આ બધુંય જુદે જુદું છે. (અર્થાત્ પોતપોતાના ગુણો અને પર્યાયોથી યુક્ત સર્વ દ્રવ્યો અત્યંત જુદે જુદાં છે.)'** જુઓ, અલંકૃતનો અર્થ યુક્ત અર્થાત્ સહિત કર્યો છે. દરેક પદાર્થ પોતાના ગુણ ને પર્યાયથી સહિત છે, પણ બીજા સર્વ દ્રવ્યોથી અત્યંત જુદે જુદાં છે.

**પ્રશ્ન:-** 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં આવે છે કે કર્મ ને આત્મા-બન્ને સાથે છે ?

**સમાધાન:-** ભાઈ ! કર્મને અને આત્માને એટલો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. તે સિવાય બીજો કોઈ સંબંધ છે નહીં. મતલબ કે આત્મા કર્મને બદલાવે કે કર્મ આત્માને બદલાવે એવું કાંઈ છે જ નહીં. ભલે આત્માની સાથે કર્મો હોય, છતાં પણ કોઈ કોઈના કર્તા-હર્તા તો છે જ નહીં. સૌના કામ સહુ કરે છે.

**પ્રશ્ન:-** 'સર્વ દ્રવ્યો અત્યંત જુદે જુદાં છે' - એમ અહીં કહે છે તો શું બાપ ને દિકરો પણ જુદાં હશે ?

**સમાધાન:-** ભાઈ ! પર લક્ષે થતો વિકૃત અવસ્થારૂપ અંશ પણ જુદી ચીજ છે તો પછી એ દિકરો તો જુદી ચીજ છે જ. આત્મા તો નિર્વિકારી ચિદાનંદ વસ્તુ છે. માટે તેમાં આ વિકાર ને કર્મ પણ કેવાં ? અને તો પછી એ દિકરો તો જુદી ચીજ છે જ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## શ્લોક - ૭૦ ઉપરનું પ્રવચન

**'બંધ હો કે ન હો (અર્થાત્ બંધાવસ્થામાં કે મોક્ષાવસ્થામાં)'** - આત્મા બંધ અવસ્થામાં હો કે મોક્ષ અવસ્થામાં હો, **'સમસ્ત વિચિત્ર મૂર્તદ્રવ્યજાળ (અનેકવિધ મૂર્તદ્રવ્યોનો સમૂહ)'** - રજકણોરૂપ મૂર્તદ્રવ્યજાળ **'શુદ્ધ જીવના રૂપથી'** ભગવાન આત્માના સ્વરૂપથી **'વ્યતિરિક્ત છે'** - જુદી છે **'એમ જિનદેવનું શુદ્ધ વચન'** ....

**પ્રશ્નઃ-** 'જિનદેવનું શુદ્ધ વચન' એમ કેમ કહ્યું ?

**સમાધાનઃ-** કેમ કે ભગવાને જ અનંત દ્રવ્યો ભિન્ન-ભિન્ન છે તેમ જ દરેક દ્રવ્ય પોતાના ગુણ-પર્યાયોથી સહિત છે એમ જોયું છે. માટે તેમનું જ વચન શુદ્ધ વચન છે.

તે જિનદેવનું શુદ્ધ વચન **'બુધપુરુષોને કહે છે.'** ભગવાન જ્ઞાનીને એમ કહે છે કે બાપુ ! રજકણે-રજકણ જુદાં છે; વિકારે-વિકાર જુદો છે અને આત્માએ-આત્મા (-દરેક આત્મા) પણ જુદાં છે. તથા અવિકારી ભગવાન આત્મા પણ વિકારાદિથી જુદો છે. આમ જિનદેવનું શુદ્ધ વચન બુધપુરુષોને કહે છે.

**'આ ભુવનવિદિતને'** ... કહે છે કે આ તો જગત પ્રસિદ્ધ છે. જ્યાં ભગવાને અનંત દ્રવ્યો કહ્યાં ત્યાં આ તો પ્રસિદ્ધ જ છે કે દરેક દ્રવ્યના ગુણ ને પર્યાય પોતાથી છે અને પરથી નથી. નહીંતર અનંતતા (-અનંતપણું) જ રહેતી નથી. તો, આ જગત પ્રસિદ્ધ સત્યને **'હે ભવ્ય ! તું સદા જાણ'**. જુઓ, કોઈ વખતે આત્માને પરથી ભિન્ન જાણ અને કોઈ વખતે તેને પરથી એકપણે જાણ એમ નથી કહ્યું, પણ ભિન્ન છે એમ સદા જાણ એમ કહ્યું છે. કેમ કે કોઈ વખતે પણ આત્મા ને પર એક છે એમ છે જ નહીં.

નિગોદના એક શરીરમાં અનંત આત્માઓ હોવા છતાં દરેક આત્મા જુદાં છે. અરે ! એકે-એક (દરેક) રજકણે-રજકણ અને એકે-એક આત્માએ-આત્મા પણ જુદે જુદાં છે.

(૧) નિગોદના એક શરીરમાં અનંત જીવો છે.

(૨) તે એકે-એક જીવને બે-બે શરીર - કાર્મણ ને તૈજસ - છે.

(૩) તે એકે-એક કાર્મણ ને તૈજસ શરીરમાં અનંત સ્કંધ છે.

(૪) તે એકે-એક સ્કંધમાં અનંત પરમાણુ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તો, તે દરેક પરમાણુ પોતાના ગુણ-પર્યાયોથી છે. તેમ જ એક સાથે રહેલા અનંત જીવોમાંના દરેક જીવ પણ પોતાના ગુણ ને અવસ્થાથી રહેલ છે, પણ પરને લઈને કાંઈ કોઈ છે નહીં. આવું જે ભગવાનનું વચન છે તે શુદ્ધ વચન - સાચું વચન - છે એમ અહીં કહે છે. તેને 'હે ભવ્ય ! તું સદા જાણ.' - આવું સ્વરૂપ ભેદજ્ઞાન કરીને જાણ તો તારું કલ્યાણ થશે અને તારી મુક્તિ થશે.

ગાથા - ૪૫/૪૬ પ્રવચન નં. NST/૪૩ તારીખ ૮-૨-૭૨
શ્લોક - ૭૦

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

## ગાથા - ૪૭

**जारिसिया सिद्धप्पा भवमल्लिय जीव तारिसा होंति ।**
**जरमरणजम्ममुक्का अट्ठगुणालंकिया जेण ।।४७।।**

याद्दशाः सिद्धात्मानो भवमालीना जीवास्ताद्दशा भवन्ति ।
जरामरणजन्ममुक्ता अष्टगुणालंकृता येन ।।४७।।

**જેવા જીવો છે સિદ્ધિગત તેવા જીવો સંસારી છે,**
**જેથી જનમમરણાદિહીન ને અષ્ટગુણસંયુકત છે. ૪૭.**

**અન્વયાર્થઃ-** (याद्दशाः) જેવા, (सिद्धात्मानः) સિદ્ધ આત્માઓ છે, (ताद्दशाः) તેવા, (भवम् आलीनाः जीवाः) ભવલીન (સંસારી) જીવો, (भवन्ति) છે, (येन) જેથી (તે સંસારી જીવો સિદ્ધાત્માઓની માફક), (जरामरणजन्ममुक्ताः) જન્મ-જરા-મરણથી રહિત અને, (अष्टगुणालंकृताः) આઠ ગુણોથી અલંકૃત છે.

**ટીકાઃ-** શુદ્ધદ્રવ્યાર્થિક નયના અભિપ્રાયે સંસારી જીવોમાં અને મુકત જીવોમાં તફાવત નહિ હોવાનું આ કથન છે.

જે કોઈ અતિ-આસન્ન-ભવ્ય જીવો થયા, તેઓ પૂર્વે સંસારાવસ્થામાં સંસાર-કલેશથી થાકેલા ચિત્તવાળા થયા થકા સહજવૈરાગ્યપરાયણ થવાથી દ્રવ્ય-ભાવ લિંગને ધારણ કરીને પરમગુરુના પ્રસાદથી પ્રાપ્ત કરેલા પરમાગમના અભ્યાસ વડે સિદ્ધક્ષેત્રને પામીને અવ્યાબાધ (બાધા રહિત) સકળ-વિમળ (સર્વથા નિર્મળ) કેવળજ્ઞાન-કેવળદર્શન-કેવળસુખ-કેવળવીર્યયુકત સિદ્ધાત્માઓ થઈ ગયા - કે જે સિદ્ધાત્માઓ કાર્યસમયસારરૂપ છે, ★કાર્યશુદ્ધ છે. જેવા તે સિદ્ધાત્માઓ છે તેવા જ શુદ્ધનિશ્ચયનયથી ભવવાળા (સંસારી) જીવો છે. જે કારણે તે સંસારી જીવો સિદ્ધાત્માઓ જેવા છે, તે કારણે તે સંસારી જીવો જન્મજરામરણથી રહિત અને સમ્યક્ત્વાદિ આઠ ગુણોની પુષ્ટિથી તુષ્ટ છે (-સમ્યક્ત્વ, અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત વીર્ય, સૂક્ષ્મત્વ, અવગાહન, અગુરુલઘુ અને અવ્યાબાધ એ આઠ ગુણોની સમૃદ્ધિથી આનંદમય છે).

(હવે ૪૭મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :)

---

★ *કાર્યશુદ્ધ = કાર્ય-અપેક્ષાએ શુદ્ધ.*

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(अनुष्टुभ)

**प्रागेव शुद्धता पेषां सुधियां कुधियामपि ।**
**नयेन केनचित्रेषां भिदां कामपि वेद्‌म्यहम् ॥७१॥**

**(શ્લોકાર્થ:-)** જે સુબુદ્ધિઓને તેમ જ કુબુદ્ધિઓને પ્રથમથી જ શુદ્ધતા છે, તેમનામાં કાંઈ પણ ભેદ હું કયા નયથી જાણું ? (તેમનામાં ખરેખર કાંઈ પણ ભેદ અર્થાત્ તફાવત નથી.) ૭૧.

## ગાથા - ૪૭ ઉપરનું પ્રવચન

**અન્વયાર્થ:- 'જેવા સિદ્ધ આત્માઓ છે તેવા ભવલીન (સંસારી) જીવો છે.'** જેવા પરમાત્મા થયેલા આત્માઓ છે તેવા ભવમાં પર્યાયમાં લીન જીવો છે. રાગ કહો કે સંસાર કહો કે ભવ કહો - એક જ છે. તો, પર્યાયમાં ને રાગમાં અર્થાત્ ચાર ગતિ આદિ ઔદયિકભાવમાં સંસારી જીવો લીન છે એમ કહે છે. અને એમ કહીને એ સંસારી જીવો છે એમ સિદ્ધ કર્યું.

**'જેથી (તે સંસારી જીવો સિદ્ધાત્માઓની માફક) જન્મ-જરા-મરણથી રહિત'...** - એ નાસ્તિથી કહ્યું. હવે અસ્તિથી કહે છે કે 'આઠ ગુણોથી અલંકૃત છે.' સંસારી જીવો, પર્યાયમાં ને રાગ - ભવમાં લીન હોવા છતાં વસ્તુ અપેક્ષાએ સિદ્ધ સમાન છે. જેવા સિદ્ધ ભગવાન છે તેવા જ એ સંસારી આત્માઓ છે. જો કે ભાષા એમ વાપરી છે કે તે સંસારી જીવો ભવમાં ને પર્યાયમાં લીન છે અર્થાત્ વ્યવહારનયે તેઓ રાગમાં એકત્વ છે, છતાં સ્વભાવની દૃષ્ટિએ તો તેઓ સિદ્ધ સમાન છે. કેમ કે સંસારીના આત્મદ્રવ્યમાં અને સિદ્ધમાં કાંઈ ફેર નથી. પર્યાય અપેક્ષાએ સંસારી જીવો પર્યાયમાં ને રાગમાં એકત્વ હોવાથી મિથ્યાત્વ સહિત હોવા છતાં - ભવમાં લીન હોવા છતાં - વસ્તુ તરીકે તો સિદ્ધ સમાન જ છે. એટલે કે સંસારી જીવો પર્યાયદૃષ્ટિએ સંસારી છે અને વસ્તુદૃષ્ટિએ સિદ્ધ સમાન છે એમ અહીં સિદ્ધ કરે છે.

**ટીકા:-** જુઓ, ટીકામાં ખુલાસો કર્યો છે કે **'શુદ્ધદ્રવ્યાર્થિક નયના અભિપ્રાયે...'** મતલબ કે ભગવાન આત્માને - કે જે એક સમયનો પર્યાય, રાગ ને મિથ્યાત્વ સિવાયની આખી ચીજ છે તેને - જોઈએ તો **'સંસારી જીવોમાં અને મુક્ત જીવોમાં તફાવત નહિ હોવાનું આ કથન છે.'**

હવે, સિદ્ધ કેવી રીતે થયા તેની વ્યાખ્યા કરે છે : **'જે કોઈ અતિ-આસન્ન-ભવ્ય જીવો**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**થયા'** - આ સંસારમાં જેની મુક્તિ નિકટ છે એવા જે ભવ્ય જીવો થયા **'તેઓ પૂર્વે સંસારાવસ્થામાં સંસારકલેશથી થાકેલા ચિત્તવાળા થયા થકા'** - સંસારદશામાં હોવા છતાં પણ સંસારથી થાકેલા ચિત્તવાળા થયા હતા, આ રાગ-વિકાર-સંસારથી જેનું ચિત્ત થાક્યું હતું અર્થાત્ જેને રાગનો થાક લાગ્યો હતો અને રાગના થાકને ઉતારવાની ભાવના હતી તેની આ વાત છે એમ કહે છે.

જુઓ, ગાથામાં 'ભવલીન' એવો શબ્દ હતો ને ? તો, હવે ટીકામાં કહે છે કે 'સંસારાવસ્થામાં'. સંસારમાં હોવા છતાં સંસારકલેશથી થાકેલા ચિત્તવાળા થયા હતાં એટલે કે પરિણતિમાં સંસારનો થાક લાગ્યો હતો. 'થાકેલા ચિત્તવાળા' એટલે તેનો અર્થ એમ નથી કે આ બધી બહારની વસ્તુઓનો - સ્ત્રી, પુત્ર કે કુટુંબ આદિનો બોજો હતો. પણ અંદરમાં રાગ-દ્વેષનો બોજો - થાક - લાગ્યો હતો, તે ઉપાધિરૂપ લાગતા હતા.

અહો ! પર્યાયમાં-અવસ્થામાં-હાલતમાં કષાયની કે, વિકારની અગ્નિ સળગે છે અને તેનો ભય લાગ્યો હતો એમ કહે છે. તો એવા ચિત્તવાળા થયા થકા **'સહજવૈરાગ્યપરાયણ થવાથી...'** પરાયણ = તત્પર. રાગાદિથી સ્વાભાવિક વૈરાગ્ય થવા ઉપરાંત તેમાં તત્પર થવાથી... લ્યો, ગાથામાં 'ભવલીન' - ભવમાં લીન એમ કહ્યું હતું ને ? તો, હવે અહીં ટીકામાં (તેની સામે) એમ કહે છે કે સહજ વૈરાગ્યમાં તત્પર-લીન થવાથી.... મતલબ કે રાગ ને મિથ્યાત્વના પરિણામનો - કે જે સંસારભાવ-ઔદયિકભાવ છે તેનો થાક લાગ્યો હતો અને એ રીતે સ્વાભાવિક વૈરાગ્યમાં તત્પર થવાથી... અહા ! એ રાગથી એટલે કે સંસારના ઔદયિકભાવથી થાકીને સ્વાભાવિક વૈરાગ્યમાં પરાયણ થયો હતો. અર્થાત્ સંસારભાવથી હઠ્યો હતો ને પોતાના સ્વરૂપમાં ભગવાન આત્મા બિરાજે છે ત્યાં નજર નાખી હતી.

જુઓ, પૂર્વે (-ભૂતકાળમાં) સિદ્ધ કેવી રીતે થયા તેની વ્યાખ્યા અહીં કરે છે. કેમ કે પૂર્વે જેવા સિદ્ધ પરમાત્મા થયા એવો જ આ આત્મા છે એમ કહેવું છે. માટે પૂર્વે સિદ્ધ કેવી રીતે થયા તેની વાત પણ સાથે કરે છે. કહે છે કે સહજ વૈરાગ્યમાં તત્પર થવાથી એટલે કે આખી દુનિયાના સુખ-દુઃખની કલ્પનાથી વૈરાગ્ય થઈને વૈરાગ્યમાં તત્પર થયો હતો. તે પ્રથમ પરથી ખસી ગયો હતો ને સ્વભાવમાં દૃષ્ટિ અપેક્ષાએ આવ્યો હતો અર્થાત્ તેને સમ્યગ્દર્શન થયું હતું. તે પછી વૈરાગ્યમાં તત્પર થવાથી **'દ્રવ્યભાવ લિંગને ધારણ કરીને'** - મુનિનું દ્રવ્યલિંગ કે જે નગ્નપણું ને ૨૮ મૂળગુણ છે તેને ધારણ કર્યું હતું. અહીંયા વ્યવહારથી સમજાવે છે ને ? તેમ જ વ્યવહારને આશ્રયે (વ્યવહારરૂપે) આવી ચીજ (નગ્નપણું ને ૨૮ મૂળગુણ) હોય છે ને ? માટે દ્રવ્યભાવ લિંગને ધારણ કરીને - એમ કહ્યું છે.

અહા ! સિદ્ધ થવાના ઉપાયની રીત આ છે કે સંસારના ઔદયિકભાવથી જે હઠે છે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તેને સહજ વૈરાગ્ય થાય છે અને તે આત્મામાં આવે છે. એટલે કે મારો તો આ ચૈતન્યસ્વભાવ છે એમ તેની દૃષ્ટિમાં આત્માનો અનુભવ થાય છે. પછી તે સહજ વૈરાગ્યમાં લીન થવાથી દ્રવ્યભાવ લિંગને ધારણ કરે છે. આ નિમિત્તપણે જે પંચ મહાવ્રત આદિ ૨૮ મૂળગુણનો વિકલ્પ છે તે દ્રવ્યલિંગ છે તેમ જ નગ્નપણું પણ દ્રવ્યલિંગ છે અને ભાવલિંગ એટલે અંતરમાં અતીંદ્રિય આનંદનું ઉગ્ર સ્વસંવેદન થવું તે. પર્યાયમાં ત્રણ કષાયના અભાવરૂપ દશાનું અહીંયા ભાવલિંગ કહે છે. આવા ભાવલિંગની સાથે ૨૮ મૂળગુણ ને નગ્નપણું એવું દ્રવ્યલિંગ પણ હોય છે. જુઓ, આમ કહીને આ રીતે જ પૂર્વે સિદ્ધ થયા હતા એમ કહે છે. અન્ય લિંગમાં - ગૃહસ્થ લિંગમાં - સિદ્ધ થાય તેનો અહીંયા નિષેધ કરે છે.

**પ્રશ્ન:-** અપવાદ તો હોય ને ?

**સમાધાન:-** તેમાં અપવાદ હોય જ નહીં. ઝેર ન પીવામાં કોઈ અપવાદ ન હોય કે થોડું ઝેર પીવું.

અહીં કહે છે કે ભાવ ને દ્રવ્ય લિંગ ધારણ કરે છે. પણ કયારે ? કે જ્યારે પરથી હઠ્યો છે ને સ્વમાં આવ્યો છે ત્યારે. ઔદયિકભાવથી - આખા સંસારથી - હઠ્યો છે ને પારિણામિકભાવમાં આવ્યો છે અર્થાત્ અંદર પરમસ્વભાવભાવમાં જેણે થાપ મારી છે, પરમસ્વભાવભાવને જેણે પકડ્યો છે તે દ્રવ્યભાવ લિંગને ધારણ કરે છે. ચિદાનંદમય પરમ પારિણામિક સ્વભાવભાવ એવા ભગવાન આત્માને જ્યાં અંતરમાં અનુભવ્યો - તેને પકડ્યો - ત્યાં તેને ઔદયિકભાવથી સહજ વૈરાગ્ય થાય છે અને તે દ્રવ્યભાવ લિંગને ધારણ કરે છે. પછી ચાહે તો પંચ મહાવ્રતનો વિકલ્પ હોય તો પણ તેનાથી તે (મુનિ) ઉદાસ છે. અરે ! સમકિત થતાં (જ્ઞાની) પણ રાગથી ઉદાસ છે.

કહે છે કે સમકિત થયા પછી **'દ્રવ્યભાવ લિંગને ધારણ કરીને'** - આમ કહીને એ પણ સિદ્ધ કરે છે કે મુનિદશામાં દ્રવ્યલિંગ હોય તે એકલું નગ્નપણું ને પંચ મહાવ્રતાદિના વિકલ્પરૂપ જ હોય, પણ બીજું (-બીજા પ્રકારે) દ્રવ્યલિંગ હોય નહીં. કેટલાક બીજા મતમાં એમ કહે છે કે ગૃહસ્થના વેષમાં પણ કેવળજ્ઞાન થાય. (પણ તે સત્ય નથી.)

**પ્રશ્ન:-** બીજા મતમાં કહે છે કે ભરત મહારાજાને ગૃહસ્થાશ્રમમાં કેવળજ્ઞાન થયું હતું ?

**સમાધાન:-** ભરત મહારાજાને ગૃહસ્થાશ્રમમાં કેવળજ્ઞાન થયું જ નહોતું. ભરત મહારાજાએ પહેલાં દીક્ષા લીધી હતી, નગ્ન થયા હતા અર્થાત્ અંદરમાં મન-વચન-કાયા અને કરવું-કરાવવું-અનુમોદવું - એમ નવ કોટિએ પરિગ્રહનો ત્યાગ થઈ ગયો હતો અને પછી તેઓ ધ્યાનમાં બેઠા ત્યાં કેવળજ્ઞાન થઈ ગયું. માટે તેમને ગૃહસ્થાશ્રમમાં કેવળજ્ઞાન થયું હતું એમ કહેવું તે ગપેગપ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અહીં એમ કહે છે કે જેને આત્મદર્શન થાય તેને ઔદયિકભાવથી વૈરાગ્ય થયો હોય છે. તેને પછી જ્યારે ભાવલિંગરૂપે ત્રણ કષાયનો અભાવ થાય છે ત્યારે દ્રવ્યલિંગ તરીકે નગ્નપણું અને પંચ મહાવ્રત આદિ ૨૮ મૂળગુણનો વિકલ્પ જ હોય છે. આ દશા પામ્યા વિના કોઈ દિ' કોઈ જીવ કેવળજ્ઞાન પામે નહીં. અહા ! અહીં તો જે કોઈ પણ મુનિ થાય છે તેની દશાની વાત છે. તો, કહે છે કે જે કોઈ પણ મુનિ છે તેને દ્રવ્યલિંગમાં નગ્નપણું અને પંચ મહાવ્રત આદિ ૨૮ મૂળગુણનો વિકલ્પ હોય છે અને ભાવલિંગમાં ત્રણ કષાયના અભાવરૂપ આનંદ હોય છે.

**પ્રશ્ન:-** એવા બે લિંગને ધારણ કરીને મુનિ તો થયા, પણ પછી શું ?

**સમાધાન:-** જે ભાવલિંગી મુનિ થયા તે હવે **'પરમગુરુના'** - કેવળજ્ઞાની પરમાત્મા અને સંતગુરુના **'પ્રસાદથી પ્રાપ્ત કરેલા પરમાગમના અભ્યાસ વડે'** - અંતરમાં જ્ઞાનની એકાગ્રતાના અભ્યાસ વડે...

**પ્રશ્ન:-** પરમાગમનો અભ્યાસ એટલે શું ?

**સમાધાન:-** અંતરમાં જ્ઞાનની એકાગ્રતાનો અભ્યાસ કરવો તે પરમાગમનો અભ્યાસ છે. કેમ કે પરમાગમમાં જ એમ કહ્યું છે કે જેવું તારું સ્વરૂપ છે તેમાં લીન થા. લીન થા એટલે કે તેનો અભ્યાસ કર. - આમ પરમાગમમાં કહેવામાં આવ્યું છે. એ પરમાગમના અભ્યાસ વડે **'સિદ્ધક્ષેત્રને પામીને'...**

**પ્રશ્ન:-** લ્યો, અહીં તો 'સિદ્ધક્ષેત્રને પામીને' - એમ કહ્યું છે ?

**સમાધાન:-** ભાઈ ! આ વ્યવહારથી જણાવે છે. કારણ કે અહીં (મધ્યલોકમાં) સિદ્ધદશા થતાં સિદ્ધક્ષેત્ર (-સિદ્ધશિલા) ઉપર જાય છે. તેથી વ્યવહારથી બતાવ્યું છે કે 'સિદ્ધક્ષેત્રને પામીને'.

હવે કહે છે કે **'અવ્યાબાધ (બાધા રહિત)'** દશા થઈ છે. અર્થાત્ સિદ્ધ પરમાત્માને હવે કોઈ જાતનો વિરોધ નથી, બાધા રહી નથી. તેમ જ **'સકળ-વિમળ (સર્વથા નિર્મળ) કેવળજ્ઞાન-કેવળદર્શન-કેવળસુખ-કેવળવીર્યયુક્ત સિદ્ધાત્માઓ થઈ ગયા'.** જુઓ, કેવળસુખ કહેતાં એકલો આનંદ અને કેવળવીર્ય કહેતાં પૂર્ણ બળ સિદ્ધને હોય છે એમ કહે છે. - આ બધાંથી સહિત સિદ્ધાત્માઓ થયા છે. લ્યો, સિદ્ધ થવાની રીત ને ઉપાયની વાત પહેલી કરી કે જે કોઈ સિદ્ધ થયા છે, થાય છે અને થશે તેની આ જ રીત છે. પણ આ સિવાય બીજી કોઈ રીત છે નહીં.

શ્વેતાંબરમતમાં એમ કહે છે કે પંદર ભેદે-પ્રકારે સિદ્ધ થાય. બાવા-ફકીરનો વેષ હોય, ગૃહસ્થનો વેષ હોય કે સ્ત્રીનું લિંગ હોય વગેરે એવા પંદર ભેદ હોય તો પણ કેવળજ્ઞાન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પામે ને મોક્ષે જાય. પરંતુ અહીં તો કહે છે કે આ એક જ લિંગ-ભેદ હોય. દ્રવ્યે અને ભાવે જેવું (નિર્ગ્રંથ) લિંગ ભગવાને કહ્યું છે તેવું જ હોય. બાકી બીજા ભેખે (વેષે-લિંગે-ભેદે) કેવળજ્ઞાન થાય નહીં.

કહે છે કે **'સિદ્ધાત્માઓ કાર્યસમયસારરૂપ છે.'** - એ સિદ્ધાત્માઓ કાર્યે એટલે કે પર્યાયે સમયસારસ્વરૂપ છે, પર્યાયે પૂર્ણ આત્મસ્વરૂપ થઈ ગયા છે અને **'કાર્યશુદ્ધ છે.'** - તેમને પૂર્ણ શુદ્ધ દશા થઈ ગઈ છે. નીચે ફૂટનોટ છે *(પાના નં. ૨૩૫)* કે 'કાર્યશુદ્ધ = કાર્ય અપેક્ષાએ શુદ્ધ'. કેવળજ્ઞાન, કેવળદર્શન ને કેવળ-આનંદાદિ પૂર્ણ દશા એ કાર્યશુદ્ધદશા છે. આ કાર્ય એટલે પર્યાયરૂપી કાર્ય હો, પણ બહારના (-પરના) કાર્યની વાત કાંઈ અહીંયા છે નહીં. કેમ કે બહારના કાર્ય બીજો પદાર્થ કે દિ' કરી શકે છે ? તો, કહે છે કે નીચે (છદ્મસ્થદશામાં) કારણસમયસારરૂપ ભગવાન આત્માને પકડતાં જેને અંતરમાં કેવળજ્ઞાનાદિ પ્રગટ થયા છે તે કાર્યસમયસારરૂપ થયા છે ને તેને કાર્યશુદ્ધરૂપ દશા પ્રગટ થઈ છે.

**'જેવા તે સિદ્ધાત્માઓ છે તેવા જ શુદ્ધનિશ્ચયનયથી ભવવાળા (સંસારી) જીવો છે.'** ભવમાં — ગતિમાં - હોવા છતાં ને ઔદયિકભાવમાં રહેલા હોવા છતાં સંસારી જીવો સિદ્ધ સમાન પૂરા (-પૂર્ણ) છે. જીવ ને જિનવરમાં ફેર નથી. અર્થાત્ કારણપરમાત્મા ને કાર્યપરમાત્મા - એ બેમાં ફેર (-તફાવત) નથી. જુઓ, અહીં તો બધાય સંસારી લીધા છે હો. તે સંસારી જીવ ભવિ હો કે અભવિ હો, શુદ્ધનયે તો અંદરમાં સિદ્ધ સમાન જ છે. 'સિદ્ધ સમાન સદા પદ મેરો' - (નાટક સમયસાર, મંગલાચરણ પદ-૧૧માં) એમ આવે છે કે નહીં ? એટલે કે કોઈ ભવિ હો કે અભવિ હો, કોઈ અનંત સંસારી હો કે એકાવતારી હો, વસ્તુ અપેક્ષાએ તો બધા જીવો સિદ્ધ સમાન છે અને આ વાતનો તું સ્વીકાર કર એમ અહીં કહેવું છે. પર્યાયબુદ્ધિ - કે જેમાં સંસાર દેખાય છે તે બુદ્ધિ - છોડ અને હું ત્રિકાળી પરમાત્મા છું એમ બુદ્ધિ કર. તે માટે આ કહેવામાં આવે છે.

અહા ! સિદ્ધને અનંત આનંદ છે અને તેવો જ અનંત આનંદ તારામાં પણ છે. માટે બહારમાં સુખ માનવું તે મિથ્યાત્વ છે. અરે ! તે મિથ્યાદષ્ટિના અંતરમાં પણ અનંત આનંદ પડ્યો છે. - આમ, સર્વજ્ઞભગવાન તીર્થંકરદેવ ત્રિલોકનાથ દરેક આત્માને સિદ્ધ સમાન ફરમાવે છે. આમ કહીને અહીં શું કહેવું છે ? કે તારું પૂર્ણપદ ક્યાંય બહારથી આવે એવું નથી. પણ તું જ પૂર્ણ છો તેમાંથી આવે છે - એમ કહે છે. જે છે તેની પ્રાપ્તિ છે, પ્રાપ્તની પ્રાપ્તિ છે.

**પ્રશ્ન:-** આસન્ન-ભવ્ય એટલે ?

**સમાધાન:-** જે નજીકમાં (-નિકટ કાળમાં) મુક્તિ જવાને લાયક છે તે. અને તેને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સિદ્ધદશા પ્રગટ થાય છે એમ અહીં કહે છે. જોકે બધાય સંસારી પ્રાણી, પછી તે ભવ્ય હો કે અભવ્ય હો, વસ્તુ અપેક્ષાએ તો સિદ્ધ સમાન જ છે. છતાં અહીંયા કોણ સિદ્ધ થાય છે તેની પહેલાં વ્યાખ્યા કરી કે જે અતિ-આસન્ન-ભવ્ય છે - જેને કેવળજ્ઞાન નિકટ છે, જેને ભવનો અંત નજીક છે - એવો જીવ સમ્યગ્દર્શન પામીને અને વૈરાગ્ય પામીને દ્રવ્યભાવ લિંગ ધારણ કરે છે. પછી તે સિદ્ધ થાય છે. આમ વાત કરી. હવે કહે છે કે કોઈ જીવ આસન્ન-ભવ્ય ન હોય ને અભવિ હોય તોપણ આત્મવસ્તુની અપેક્ષાએ તો સિદ્ધ સમાન જ છે. એ તો પહેલાં કહ્યું ને ? કે કોઈને અનંત ભવ હોય કે એક ભવ હોય - ગમે તે હોય, બધાય જીવો અંતરમાં વસ્તુ અપેક્ષાએ તો કાર્યસમયસારરૂપ સિદ્ધ સમાન જ છે.

અહા ! જેવા કાર્યસમયસારરૂપ સિદ્ધ છે તેવા જ બધાય સંસારી જીવ છે. - આમ જે કહ્યું છે તે પર્યાયની અપેક્ષાએ નથી કહ્યું, પરંતુ દ્રવ્યની અપેક્ષાએ કહ્યું છે હો. અર્થાત્ સંસારી જીવો આઠ ગુણથી અલંકૃત છે એમ ગાથામાં કહ્યું છે, તો તે આઠ ગુણ સંસારી જીવોને પર્યાયમાં પ્રગટ છે એમ નથી કહેવું. પણ તેમના દ્રવ્યસ્વભાવમાં જ આઠ ગુણમય ત્રિકાળી સ્વરૂપ છે એમ કહેવું છે અને તે સ્વરૂપ છે તો તેમાંથી પર્યાયમાં આઠ ગુણ આવે છે. સ્વરૂપની દૃષ્ટિ કરીને, તેનો અનુભવ કરીને પછી તેના અંતરમાં ઠરે તો સિદ્ધપદ પ્રાપ્ત થાય છે.

અહા ! કહે છે કે સિદ્ધ નહીં થયેલા પણ અંદરમાં તો સિદ્ધસ્વરૂપ જ છે. જુઓ, 'જેવા તે સિદ્ધાત્માઓ છે તેવા જ શુદ્ધનિશ્ચયનયથી ભવવાળા (સંસારી) જીવો છે' - એમ શબ્દો છે ને ?

**પ્રશ્નઃ-** લ્યો, એકકોર ભવવાળા કહેવા ને બીજીકોર સિદ્ધ કહેવા ?

**સમાધાનઃ-** ભાઈ ! અવસ્થામાં-પર્યાયમાં મિથ્યાત્વ ને રાગ-દ્વેષ હોવા છતાં વસ્તુ અપેક્ષાએ તો સંસારી સિદ્ધ સમાન જ છે એમ કહે છે. આ રીતે બેય વાત સિદ્ધ કરી કે પર્યાયમાં ભવ-ગતિ છે અને છતાં વસ્તુમાં ગતિ કે ભવ છે નહીં.

**'જે કારણે તે સંસારી જીવો સિદ્ધાત્માઓ જેવા છે.'** સંસારી જીવો એટલે નિગોદથી માંડીને બધાય જીવો હો. આ લીલફૂગ ને સક્કરકંદ આદિની એક-એક કટકીમાં અસંખ્ય તો શરીર છે અને તે એક-એક શરીરમાં સિદ્ધની સંખ્યાથી અનંત ગુણા જીવ છે. તો, તે બધાય જીવો સિદ્ધ સમાન જ છે. મતલબ કે ત્યાં (નિગોદમાં) અનંત ભગવાન બિરાજે છે. કેમ કે વસ્તુ અપેક્ષાએ તો બધા ભગવાન જ છે ને ? પર્યાયમાં ભલે ભવ-ઔદયિકભાવ હો, પણ વસ્તુમાં તે કાંઈ છે નહીં. માટે આખી દુનિયા - ચૌદ બ્રહ્માંડ - ભગવાનથી ભરેલી છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જુઓ, આ થોર હોય છે ને ? તો, તેની એક કટકીમાં અસંખ્ય શરીર છે અને તે એક-એક શરીરમાં અનંત જીવ છે. તે અનંત જીવમાં કેટલાક ભવ્ય છે ને કેટલાક અભવ્ય પણ છે. બન્ને પ્રકારના જીવો છે. છતાં તે બધાય જીવો, કહે છે કે, નિશ્ચય - નયથી ભગવાન પરમાત્મા જ છે. આ વેદાંતવાળા એમ કહે છે ને ? કે વિશ્વમાં એક આત્મા જ છે. તો, એમ નથી. પરંતુ બધા આત્મા એક જેવા - સિદ્ધ જેવા - છે. અહા ! પર્યાય તો એક સમયની દશા છે. માટે સંસાર પણ એક સમયનો છે, પરંતુ બે સમયનો છે નહીં. તેવી રીતે સિદ્ધપર્યાય પણ એક સમયની દશા છે, પણ બે સમયનો છે નહીં. જ્યારે આખી ત્રિકાળી વસ્તુ જુઓ તો તે સદા સિદ્ધ સમાન જ છે. સિદ્ધભગવાનને જેટલા ગુણ પ્રગટ્યા છે તેટલા બધાય ગુણોનો સ્વભાવ જીવમાં ભર્યો જ છે.

કહે છે કે **'જે કારણે તે સંસારી જીવો સિદ્ધાત્માઓ જેવા છે તે કારણે તે સંસારી જીવો જન્મજરામરણથી રહિત'** છે. અહા ! વસ્તુને જન્મ કેવો ? અર્થાત્ દ્રવ્યસ્વભાવ જન્મે શું ? તેને જરા શી ? અને તે મરે પણ શું ? દ્રવ્યસ્વભાવ તો જન્મજરામરણથી રહિત છે. **'અને સમ્યક્ત્વાદિ આઠ ગુણોની પુષ્ટિથી તુષ્ટ છે.'** નિશ્ચયથી તો સિદ્ધને અનંત ગુણો પ્રગટ્યા છે, પણ વ્યવહારે સમ્યક્ત્વાદિ આઠ ગુણો પ્રગટ્યા છે એમ કહેવાય છે ને ? તો, એવા તે આઠ ગુણોની પુષ્ટિથી દ્રવ્યસ્વભાવ તુષ્ટ છે એમ કહે છે. તુષ્ટ = આનંદમય.

**'(-સમ્યક્ત્વ, અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત વીર્ય, સૂક્ષ્મત્વ, અવગાહન, અગુરુલઘુ અને અવ્યાબાધ એ આઠ ગુણોની સમૃદ્ધિથી આનંદમય છે.)'** દરેક જીવ સ્વભાવ અપેક્ષાએ શક્તિરૂપ એવા આ આઠ ગુણોની સમૃદ્ધિથી આનંદમય છે અર્થાત્ અતીંદ્રિય આનંદમય છે. અહા ! આ દુઃખ ને સંસાર તો એક સમયનો પર્યાય છે એટલે કે દુઃખનો કાળ એક સમય છે, જ્યારે (સ્વભાવરૂપ) આનંદનો કાળ અનાદિ-અનંત છે.

**પ્રશ્નઃ-** એ કયો આનંદ ? - આ પૈસાનો ?

**સમાધાનઃ-** ભાઈ ! પૈસાની મમતાને તો અહીંયા દુઃખરૂપ કહે છે અને તે એક સમયનું દુઃખ છે, જ્યારે પોતાનો ત્રિકાળી સ્વભાવ તો આઠ ગુણોની પુષ્ટિથી-સમૃદ્ધિથી સદાય આનંદમય છે. સમ્યક્ત્વની સમૃદ્ધિથી, અનંત જ્ઞાનની સમૃદ્ધિથી સ્વભાવ આનંદમય છે અને તેવી રીતે અનંત દર્શન, અનંત વીર્ય, સૂક્ષ્મત્વ, અવગાહન, અગુરુલઘુ અને અવ્યાબાધ - એ ગુણોની સમૃદ્ધિથી સ્વભાવ તુષ્ટ - આનંદમય છે.

કોણ આનંદમય છે ? - સંસારી જીવોનો દ્રવ્યસ્વભાવ.

કયા સંસારી જીવોનો દ્રવ્યસ્વભાવ ? - ભવિ ને અભવિ - બન્ને પ્રકારના જીવોનો દ્રવ્યસ્વભાવ. કેમ કે તેમના દ્રવ્યસ્વભાવમાં ક્યાં ફેર છે ? એ તો પર્યાયમાં મોક્ષ પ્રગટવાની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



લાયકાત ને અલાયકાત તેની અપેક્ષાએ ફેર છે. બાકી વસ્તુસ્વભાવમાં ક્યાં ફેર છે ? છતાં સિદ્ધની જેમ સંસારીને પણ પર્યાયમાં આઠ ગુણો પ્રગટ છે એમ નથી કહેવું હો, કારણ કે સંસારી પર્યાય અપેક્ષાએ તો ભવમાં લીન છે. તેથી એ તો પહેલાં જ કહ્યું કે સંસારી ભવમાં લીન છે. (મૂળગાથા.) હવે જ્યારે વસ્તુમાં આ પ્રકારે (સ્વભાવરૂપ) આઠ ગુણો છે, તો તેનો અર્થ એ છે કે દ્રવ્યસ્વભાવ આઠ ગુણોથી આનંદમય છે અને આવો કારણસમયસાર કાર્યસમયસાર જેવો જ છે. તે બન્નેમાં કાંઈ ફેર નથી. પરંતુ આવો જેને સ્વીકાર થાય તેના માટે કારણસમયસાર આનંદમય છે એમ કહેવું છે હો.

અહા ! પહેલાં આવી ગયું છે કે વિભાવ - ઔદયિકભાવ હોવા છતાં અમને તેની ચિંતા નથી. કેમ કે અમારામાં વિભાવ છે જ નહીં. અમારામાં તો અનંત જ્ઞાન અને આનંદ છે. (શ્લોક-૩૪). આત્માનો જે સ્વભાવ છે, તેનું જે સામર્થ્ય છે તે અનંત ગુણોથી ભરેલ છે અને તેમાં અનંત જ્ઞાન ને આનંદ આદિ છે. આવો આત્મા હું છું - એવી દૃષ્ટિ થવી તેને અહીંયા ધર્મીનું લક્ષણ કહેવામાં આવે છે. આ રીતે કહીને એમ કહે છે કે દૃષ્ટિ ફરતાં આખી સૃષ્ટિ ફરી જાય છે. હું રાગની એકતાવાળો છું એવી જ્યાં દૃષ્ટિ છે ત્યાં બધી મિથ્યાત્વ ને અજ્ઞાનની જ સૃષ્ટિ (દશા) ઉત્પન્ન થાય છે અને એક સમયનો પર્યાય હોવા છતાં તેની દૃષ્ટિ છોડી દઈને, વ્યક્તરૂપ મારો ભગવાન આત્મા ત્રિકાળ આનંદમય ને સિદ્ધસ્વરૂપ જ છે અર્થાત્ હું તો સિદ્ધ સમાન જ છું એવી જ્યાં અંતરમાં દૃષ્ટિ થઈ ત્યાં તેના ફળ તરીકે સિદ્ધપદ પ્રાપ્ત થાય છે. (-સિદ્ધપદની સૃષ્ટિ ઉત્પન્ન થાય છે.)

**પ્રશ્ન:-** આમાં આત્મા કોઈનો કરનારો છે એમ તો ન આવ્યું ?

**સમાધાન:-** ભાઈ ! આત્મા અનંત જ્ઞાનમય છે. તેથી તે અનંતને જાણવાવાળો છે, પણ કોઈ જીવનું સારું કરી દે કે કોઈને સુધારી દે એવો નથી.

પણ આ પરોપકારી માણસો તો હોય છે ને ?

ભાઈ ! કોણ કાર્યકર (પરના કાર્યનો કરનાર) છે ? પરનો કાર્યકર કોઈ છે જ નહીં એમ અહીં તો કહે છે.

**પ્રશ્ન:-** બીજો કરનાર હોય તો બીજાનું કાર્ય થાય - એ તો બરાબર ને ?

**સમાધાન:-** ભાઈ ! બીજાથી બીજામાં કાંઈ થતું જ નથી. કેમ કે બીજાના કાર્યનું થવું તો તેના કારણે છે.

અહીં તો કહે છે કે પ્રભુ ! તું આત્મા આનંદનું ધામ છો. તારામાં એવા ગુણો છે કે બીજે ક્યાંય એવા ગુણો છે જ નહીં. આવો પોતે ગુણવાન પરમાત્મા જ્યાં જ્ઞાનમાં જ્ઞેય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તરીકે આવ્યો ત્યાં થયું - સંસારથી તે છૂટ્યો. પણ તે એક જ સંસારથી છૂટ્યો છે હો. બાકી સ્ત્રી-પુત્રાદિને છોડીને બહારથી સાધુ થાય તે ધૂળમાંય સંસારથી છૂટ્યો નથી. અહા! પંચમહાવ્રતના પરિણામ પણ રાગ છે અને તેનાથી પણ જે ભિન્ન પડ્યો છે તે ખરેખર સંસારથી છૂટ્યો છે. બાકી અજ્ઞાની તો, કહે છે કે, રાગ મારું કર્તવ્ય છે ને તેનાથી મારું કલ્યાણ થશે એમ માને છે તેથી ભવલીન છે અને તેમાંથી છૂટવાની તેને દરકાર નથી. કેમ કે જેનાથી લાભ માને તેનાથી કેમ છૂટે ?

અહા ! સિદ્ધભગવાનને નિશ્ચયથી તો અનંત ગુણો પ્રગટ્યાં છે, પણ વ્યવહારે આઠ ગુણો પ્રગટ્યાં છે એમ કહેવાય છે. કેમ કે આઠ કર્મોનો અભાવ થતાં આઠ ગુણો પ્રગટે છે ને ? તેથી અહીં એમ કહ્યું કે જેવા સિદ્ધના આઠ ગુણો છે તેવા જ આઠ ગુણો આ ભગવાન આત્મામાં છે.

આત્મામાં એ આઠ ગુણો ક્યારથી છે ?

આત્મામાં એ ગુણો અનાદિથી છે અને અનંત કાળ સુધી રહેશે. તે ગુણો કાંઈ બહારથી આવતા નથી, પરંતુ અંદરમાં જ છે ને તેનું પર્યાયમાં પરિણમન થાય તેને સિદ્ધદશા કહીએ. ભારે વાત ભાઈ !

## શ્લોક - ૭૧ ઉપરનું પ્રવચન

**'જે સુબુદ્ધિઓને તેમ જ કુબુદ્ધિઓને પ્રથમથી જ શુદ્ધતા છે.'** - સમ્યક્‌દૃષ્ટિ અને મિથ્યાદૃષ્ટિ પહેલેથી જ (-અનાદિથી જ) શુદ્ધસ્વરૂપ ભગવાન આત્મા છે. આ મિથ્યાત્વ તો એક સમયનો પર્યાય છે અને તે ઉપર-ઉપર છે, જ્યારે ત્રિકાળી આત્મવસ્તુ તો સિદ્ધ સમાન પૂર્ણ પરમાત્મા છે. અરે ! પણ આ વાત બેસવી બહુ કઠણ છે. જુઓ, કુબુદ્ધિ અર્થાત્ મિથ્યાદૃષ્ટિ જીવ સંસારનો અભાવ કરીને પછી સિદ્ધ થશે એવી વાત અહીંયા નથી કરી. પરંતુ અહીંયા તો એમ કહે છે કે કુબુદ્ધિઓને પહેલેથી જ અંદરમાં સિદ્ધ સમાન ભગવાન આત્મા છે. તેથી, **'તેમનામાં કાંઈ પણ ભેદ હું ક્યા નયથી જાણું ?'** લ્યો, આમ કહીને વ્યવહારનયની તુચ્છતા બતાવી છે કે તેની કાંઈ ગણતરી જ નથી. જુઓને, 'તેમનામાં કાંઈ પણ ભેદ હું કયા નયથી જાણું ?' - એમ કહે છે. અરે પ્રભુ ! તારામાં ને સિદ્ધમાં કાંઈ પણ ફેર હું કયા નયથી જાણું ને કહું ? એમ કહે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વ્યવહારનયથી તો ફેર કહો ?

ભાઈ ! વ્યવહારનય કાંઈ ગણતરીમાં જ નથી. (તેથી તેની અહીંયા વાત કરી નથી.) અરે ! લોકો વ્યવહાર...વ્યવહાર...એમ કરે છે. પણ અહીં તો મુનિરાજ એમ કહે છે કે 'જે સુબુદ્ધિઓને તેમ જ કુબુદ્ધિઓને પ્રથમથી જ શુદ્ધતા છે, તેમનામાં કાંઈ પણ ભેદ હું કયા નયથી જાણું ?' એટલે કે હું કયા નયથી ભેદ જાણું કે આ સંસારી છે ને આ સિદ્ધ છે ? ગજબ વાત છે. અહા ! શું મુનિઓની વાણી ! શું દિગંબર સંતોની વાણી ! આખું જગત જેની પાસે પાણી ભરે એવી એ વાણીની ગંભીરતા છે. જુઓને ! કેટલી ગંભીર વાત કરી છે.

પ્રભુ ! તું પરમાત્મા છો ને ? (હા.) તો પછી સિદ્ધમાં ને તારામાં - તે બન્નેમાં હું કયા નયથી ફેર જાણું ને કહું ? આમ કહીને વ્યવહારનયની તો જાણે કે કાંઈ ગણતરી જ નથી એમ કહે છે. અર્થાત્ વ્યવહારનયથી જે ફેર કહેવામાં આવે છે તેને ઉડાવી દીધો છે, તેની મશ્કરી કરી છે. વ્યવહારનયની મશ્કરી કરી છે, હ્રાસ કર્યો છે.

અરે પ્રભુ ! તું તો પૂર્ણાનંદનો નાથ છો. તારી સત્તા અનાદિથી પૂર્ણ જ છે. તેમાં કાંઈ પણ ફેરફાર થયો જ નથી. માત્ર તારી નજર ત્યાં જતી નથી. બાકી નજર જતાં તું અને સિદ્ધ એક (સમાન) જ છો એમ દેખાશે. એટલે કે નજરના પુરૂષાર્થમાં આત્મા પૂર્ણ ભગવાન છે એમ જ દેખાય છે. તેથી અહીંયા મુનિરાજ એમ કહે છે કે તારામાં અને સિદ્ધમાં કાંઈ પણ ભેદ હું કયા નયથી જાણું ? પ્રભુ ! ભાષા (શબ્દો) ભલે થોડી છે, પણ ગજબ વાત છે. આટલા શબ્દોમાં તો બહુ ભર્યું છે.

શું કહ્યું ?

કે સુબુદ્ધિઓને - સમ્યગ્દષ્ટિઓને તેમ જ કુબુદ્ધિઓને - મિથ્યાદષ્ટિઓને પ્રથમથી જ શુદ્ધતા છે. - આ તો સામાન્ય વાત કરી. પણ હવે કહે છે કે તેમનામાં - તે બન્નેમાં (સમ્યગ્દષ્ટિઓમાં ને મિથ્યાદષ્ટિઓમાં) - કાંઈ પણ ભેદ હું કયા નયથી જાણું ? જુઓ, 'હું કયા નયથી કહું ?' - એમ નથી કહ્યું, પરંતુ અહીં તો 'હું કયા નયથી જાણું ?' - એમ કહ્યું છે. કેમ કે કથન તો કોણ કરી શકે છે ? (આત્મા ક્યાં કથન કરી શકે છે ?) ભગવાન ! ગંભીર વાત છે. આટલા શબ્દોમાં ઘણી ગંભીરતા છે.

અહા ! ક્યાં પ્રભુ સિદ્ધ ને ક્યાં પ્રભુ ! તું આત્મા ? છતાં, કહે છે કે, સિદ્ધને અને તને કયા નયથી હું જુદાં જાણું-માનું ? જે ચીજ આત્મામાં નથી તેની (-વ્યવહારની)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ગણતરી અહીંયા ગણી જ નથી. તેથી તો વ્યવહારનયથી સિદ્ધને અને આત્માને જુદાં માનવાનું અહીંયા ઉડાડી દીધું છે. અર્થાત્ અહીંયા વ્યવહારનયને ગણતરીમાં લીધો નથી. કારણ કે નહીંતર આમ શું કરવા કહે કે સિદ્ધમાં ને તારામાં કયા નયથી હું ફેર જાણું? (જો વ્યવહારનયને ગણતરીમાં લીધો હોત તો એમ કહ્યું હોત કે) ભાઈ ! એક નયથી (નિશ્ચયનયથી) સિદ્ધમાં ને તારામાં ફેર નથી, પણ બીજા નયથી (વ્યવહારનયથી) સિદ્ધમાં ને તારામાં ફેર છે. પરંતુ અહીં તો એમ કહે છે કે મિથ્યાદૃષ્ટિમાં અને સમ્યગ્દૃષ્ટિમાં - તેમના અંતર સ્વરૂપમાં - પહેલેથી જ સિદ્ધ સમાન ભગવાન આત્મા છે. માટે તે બન્નેમાં કાંઈ પણ ફેર હું કયા નયથી જાણું ? અહા ! ગજબ વાત છે. જુઓ ! આટલા શબ્દોમાં કેટલી ગંભીરતા ભરી છે.

અહીં કહે છે કે ચાહે તો નિગોદનો સંસારી જીવ હો કે ચાહે તો સિદ્ધ હો - તે બન્નેમાં કાંઈ પણ ભેદ હું કયા નયથી જાણું ? આમ કહીને વ્યવહારનય તો જાણે કે કાંઈ છે જ નહીં, તેની કાંઈ ગણતરી જ નથી એમ કહે છે. મતલબ કે વ્યવહારનયને ગૌણ કરીને, અભૂતાર્થ કહીને ઉડાવી દીધો છે. જુઓ, અહીંયા આત્મા ખ્યાલમાં (-અનુભવમાં) આવ્યા પછીની વાત છે હો. આ કાંઈ મિથ્યાત્વના કાળની વાત નથી કે સિદ્ધમાં અને સંસારીમાં કાંઈ પણ ભેદ હું કયા નયથી જાણું ? - (કેમ કે મિથ્યાદૃષ્ટિને નય જ હોતા નથી.) પૂર્ણાનંદનો નાથ ભગવાન આત્મા જ્યાં દૃષ્ટિમાં આવ્યો ત્યાં, કહે છે કે મારામાં ને બીજા આત્મામાં કાંઈ પણ ભેદ હું કયા નયથી જાણું ? અહા ! આટલા શબ્દોમાં તો ગજબ વાત છે. **શું કહીએ ? જેવું અંતરમાં ભાસે છે તેટલી ભાષા આવતી નથી.**

અરે ! અજ્ઞાની તો દયા પાળો, વ્રત કરો, ભક્તિ કરો ને તપ કરો - એમ પ્રરૂપણા કરે છે અને વાણિયાને આખો દિ' ધંધાના પાપ આડે નિર્ણય કરવાની નવરાશ મળતી નથી. કદાચ કલાક ધર્મને નામે કાંઈક સાંભળે તો કુગુરુ જે કાંઈ કહે તે સાચું માની લે છે. થઈ રહ્યું, (એવું ને એવું અજ્ઞાન રહે છે). તે કુગુરુ શું કહે છે ને તેમાં શું ફેર (-દોષ) છે (તેનો કાંઈ વિચાર કરતા નથી.) પરંતુ અહીં તો કહે છે કે સુબુદ્ધિઓમાં ને કુબુદ્ધિઓમાં પહેલેથી જ શુદ્ધસ્વરૂપ ભગવાન આત્મા બિરાજે છે. તેથી તે બન્નેમાં કાંઈ પણ ભેદ હું કયા નયથી જાણું ? મતલબ કે પોતાના આનંદના વિકાસ આગળ (તેની સરખામણીએ) બીજા બધા જીવો પણ આનંદમય દેખાય છે. પોતાના જ્ઞાન ને આનંદમય પ્રભુ આત્મા આગળ (તેની સરખામણીમાં) બધા આત્માઓ પણ ભગવાન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તુલ્ય ભાસે છે. તેથી તે બધામાં (-મારામાં ને બીજામાં) હું કયા નયથી ફેર માનું ? એમ કહે છે. અહા ! ગજબ કર્યો છે. ભગવાન ! આમાં ગંભીરતા ઘણી છે.

**શ્રોતા:-** આવા ભાવ ખોલવાનું તો આપનું જ સામર્થ્ય છે !

**પૂજ્ય ગુરુદેવશ્રી:-** અરે ! બધામાં સામર્થ્ય છે ને નાથ ! પ્રભુ ! તું ભગવાન છો ને નાથ ! તને અલ્પ તરીકે બોલાવવો તે કલંક છે. અહીંયા પણ એ જ કહ્યું ને ? કે પ્રભુ ! હું કયા નયથી તને અલ્પ માનું ? અહા ! જેવી સત્તા સિદ્ધની છે તેવી સત્તા એક સમયમાં પૂર્ણાનંદનો નાથ આત્મા છે તેની છે અર્થાત્ મારી છે. આવું જ્યાં ભાન થયું ત્યાં, કહે છે કે, સંસારીમાં ને સિદ્ધમાં હું કયા નયથી ભેદ જાણું ?

**પ્રશ્ન:-** પ્રભુ ! વ્યવહારનયથી ભેદ જાણું - એટલું તો થોડું રાખો ? આપે તો 'કયા નયથી ભેદ જાણું ?' - એમ કહીને બધા નય જ ઉડાવી દીધાં ? એક વ્યવહારનય તો રાખો ?

**સમાધાન:-** ભાઈ ! વ્યવહારનય અંદર આવી ગયો. કેમ કે સુબુદ્ધિ અને કુબુદ્ધિ - એટલો ભેદ તો પાડ્યો છે. પણ હવે કહે છે કે તે બન્નેનો જે ભગવાન આત્મા છે તેમાં કાંઈ પણ ભેદ હું કયા નયથી - કઈ રીતે — જાણું ? અહા ! ગજબ વાત છે. દિગંબર સંતોના શબ્દો તો કોઈ ગજબ કરે છે. **તેમના બે-ચાર શબ્દો હોય તોપણ ઠેઠ અંતરમાં ઉતારી દે છે.**

પ્રભુ ! તને ક્યાંય ગોઠતું નથી ને ? પણ ગોઠે તેવી ચીજ તો અંદરમાં તારી પાસે જ પડી છે ને પ્રભુ ? અને કદાચ કોઈને તે નથી ગોઠતી તોપણ, અંદરની શુદ્ધતાવાળો એવો હું, તેનામાં અને સિદ્ધમાં કયા નયથી ભેદ જાણું ? અહા ! ગજબ વાત છે ને ? વ્યવહાર ઉપાદેય છે એમ માનનાર વ્યવહારના આગ્રહીઓને તો આવી વાત સાંભળવી પણ મુશ્કેલ પડે એમ છે. કેમ કે અહીંયા જાણે કે વ્યવહારનય કાંઈ છે જ નહીં એ રીતે કહીને તેને ઉડાવી દીધો છે.

જુઓ, (સમયસારના) આસ્રવ અધિકારમાં (ગાથા-૧૮૦માં) એમ આવે છે કે 'णयपरिहीणा' - નયથી ચ્યુત થાય છે. તો, ત્યાં એમ નથી કહ્યું કે નિશ્ચયનયથી ચ્યુત થાય છે. કેમ કે નય જ તેને (-નિશ્ચયનયને) કહેવામાં આવ્યો છે. ત્યાં નય તરીકે શુદ્ધનયને જ ગણવામાં આવ્યો છે અને વ્યવહારનયને તો મશ્કરી કરીને ઉડાવી દીધો છે. અરે ! જેને વ્યવહાર ગળે વળગ્યો છે તેને આ સિદ્ધ સમાન ચૈતન્ય આત્માની વાત બેસવી કઠણ છે. પ્રભુ ! અહીં તો (શુદ્ધનયથી) ચ્યુત થાય એ વાત જ, કહે છે કે,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નથી. કેમ કે અનાદિથી પોતાની સત્તાના સામર્થ્યથી પોતાના ચૈતન્યધામની અંદર નાથ ભગવાન આત્મા અપ્રતિહતભાવે બિરાજમાન છે. (તેથી તેને અવલંબનારી શુદ્ધનય પણ અપ્રતિહતભાવે રહે છે.) ગજબ વાત છે પ્રભુ !

અહા ! કહે છે કે અંતરમાં પૂર્ણ શાંતિ ને પૂર્ણ આનંદસ્વરૂપ ત્રિકાળી ચૈતન્ય ભગવાન આત્માને કોઈ ડખલ થતી નથી. એટલે કે સાતમી નરકમાં પણ તે અનંત વાર રહ્યો છે ને નિગોદમાં પણ અનંત વાર રહ્યો છે, છતાં પણ તે ત્રિકાળી ચીજમાં કાંઈ ફેરફાર થયો નથી. માટે કહે છે કે તેમાં ક્યા નયથી હું ભેદ જાણું ? નિગોદના જીવમાં અને સિદ્ધના જીવમાં હું કાંઈ પણ ભેદ કે ફેર ક્યા નયથી જાણું ? જુઓ, આમ કહીને વ્યવહારનયથી ભેદ છે એ વાત જ ઉડાવી દીધી છે, ઉડી ગઈ છે અને બસ, એકલો મોક્ષસ્વરૂપ આત્મા જ રહ્યો એમ કહે છે. આત્મા...આત્મા...આત્મા... બધા આત્મા ભગવાન છે એમ કહે છે. લ્યો, આમાં આવી વાત કરી છે. ગજબ વાત છે. **અહા ! કલશમાં શું કહેવા માગે છે તે ભાવ ખ્યાલમાં આવે છે, પણ તેની ગંભીરતા વાણી દ્વારા કહી શકાતી નથી.**

અહા ! અજ્ઞાની તો આખો દિ' આમ કરો ને તેમ કરો એમ વ્યવહાર ક્રિયાકાંડમાં જ અટક્યો છે. પણ પ્રભુ ! જ્ઞાનસ્વરૂપી ભગવાન આત્મા જાણવાનું કાર્ય કરે કે (રાગાદિને) કરવાનું કામ કરે ? જ્ઞાનસ્વરૂપી ભગવાન આત્માને કર્તાપણું સોંપવું તે ચક્રવર્તીને વાસીદું કાઢવાનું બતાવવા જેવું છે.

અહા પ્રભુ ! તારા મહિમાનો પાર નથી. અને 'કાંઈ પણ ભેદ હું ક્યા નયથી જાણું ?' – એ શબ્દોમાં તો તને પ્રભુ ! સાક્ષાત્ ઊભો રાખ્યો છે. તો કહે છે કે ક્યા નયથી હું તને પ્રભુ ! હીણો જાણું ને કહું ? જુઓ, ભાષા પાછી એમ છે કે 'કાંઈ પણ ભેદ' અને તે પણ 'હું ક્યા નયથી જાણું ?'

**પ્રશ્ન:-** પ્રભુ ! વ્યવહારનય ક્યાં ગયો નાથ ? વ્યવહારનયથી ફેર છે એ વાત ક્યાં ગઈ ?

**સમાધાન:-** સુબુદ્ધિ ને કુબુદ્ધિમાં ફેર છે એ વાત વ્યવહારનયના ઘરમાં ગઈ. ખરેખર, અંદર ચૈતન્યઘરમાં કાંઈ ફેર છે નહીં. આવી વાત છે પ્રભુ ! **અહા ! કેટલાક શ્લોક તો એટલા ગંભીર છે કે તેની જેવી ગંભીરતા ભાસે છે તેવી ભાષા થતી નથી. અરે ! ભાષા થઈ શકતી જ નથી.** લ્યો, આ શબ્દોમાં આટલી ગંભીરતા ભરી છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અહા ! આખી દુનિયામાં એકલા શુદ્ધ...શુદ્ધ...શુદ્ધ... આત્મા જ છે. તેથી એમ કહે છે કે નિગોદમાંથી ક્યારેય નહીં નીકળે એવા જીવને પણ હું કયા નયથી ભેદ (જુદાં) જાણું ? - આ અંતરના મહિમા સહિતની વાત છે પ્રભુ ! (અર્થાત્ જેણે અંતરનો મહિમા પ્રગટ કર્યો છે તેની વાત છે.) કહે છે કે ત્રિકાળી આત્મા શક્તિવાન છે તે જાણે કે બધાને પ્રગટ જ છે એટલે કે શક્તિવાન આત્મા જેને પ્રગટ દષ્ટિમાં આવ્યો છે તેને (-જ્ઞાનીને) તો તે પ્રગટ છે જ, પરંતુ એવી રીતે તે શક્તિવાન ભગવાન આત્મા (જાણે કે) બધાય આત્માઓને પણ - કુબુદ્ધિઓને પણ - પ્રગટ છે એમ અહીંયા કહે છે. માટે કયા નયથી તેને હું હીણો કે કમજોર જાણું ? અર્થાત્ સિદ્ધમાં અને કુબુદ્ધિમાં હું કયા નયથી ફેર જાણું ? અહા ! ગજબ વાત છે. પ્રભુ ! આ કાંઈ કથા નથી. આ કાંઈ સાધારણ વાત નથી, પરંતુ આ તો ત્રણ લોકના નાથ વીતરાગદેવના પેટમાંથી નીકળેલી વાણી - દિવ્યધ્વનિ છે. અને ભગવાન કહે છે તે જ મુનિરાજ કહે છે. ભગવાનથી જરા પણ અધિક કે ઓછું તેઓ કહેતાં નથી. આ (છદ્મસ્થ) મુનિરાજ કહે છે માટે તેમાં કેવળીની વાણીથી કાંઈક ફેરફાર હશે એમ છે નહીં.

અહા ! ત્રણ લોકના નાથની દિવ્યધ્વનિમાં એમ આવ્યું હતું કે પ્રભુ ! મારામાં ને અશુદ્ધતાવાળા કુબુદ્ધિમાં ફેર હું કયા નયથી જાણું ? અર્થાત્ શુદ્ધપર્યાય સહિત જે જીવો છે તેમાં અને અશુદ્ધપર્યાય સહિત જે જીવો છે તેમાં - તે બન્નેમાં કાંઈ પણ ભેદ કયા નયથી - કયા પ્રકારથી - કઈ રીતે - હું જાણું ? મારે કઈ રીતે બચાવ કરવો (-ભેદ પાડવો) અર્થાત્ કઈ રીતે બચાવ (-ભેદ) કરીને જાણવું (કે આ જ્ઞાની છે ને આ અજ્ઞાની છે ?) અહા ! ગજબ વાત છે.

**'તેમનામાં ખરેખર કાંઈ પણ ભેદ અર્થાત્ તફાવત નથી.'** સુબુદ્ધિના અને કુબુદ્ધિના અંતર સ્વરૂપમાં કાંઈ પણ ભેદ-તફાવત નથી. આ દષ્ટિ જેને અંતરંગમાં બેસી ગઈ તેને અલ્પકાળમાં સિદ્ધ પરમાત્મા થવાની તૈયારી થઈ ગઈ અને તે પરમાત્મા થશે જ. એટલે કે તેના અનાદિના ભવનો અંત આવશે. જેની સત્તા અનાદિથી છે એવા ભવ સાંત થશે - ભવનો અંત આવશે અને સાદિ-અનંત એવા મોક્ષની પ્રાપ્તિ થશે. તે સિદ્ધનો પૂર્ણ પર્યાય પ્રગટ થયો તેનાથી વધારે શુદ્ધતા હવે પ્રગટશે નહીં. અહા ! સંતોની ગજબ વાત છે.

**પ્રશ્નઃ-** અંતરમાં દ્રવ્ય તો અલૌકિક ને મહા ચમત્કારીક અનંત ગુણોથી ભરેલું છે, તો સિદ્ધના પર્યાયથી પણ વધારે શુદ્ધતા તેમાંથી નીકળશે કે નહીં ?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**સમાધાન:-** ભાઈ ! ત્યાં બસ કર, પર્યાય માટે ત્યાં બસ કર. દ્રવ્ય માટે કાંઈ કહેવું નહીં, દ્રવ્યની શુદ્ધતા માટે કોઈ મર્યાદા નથી, પણ પર્યાય માટે ત્યાં બસ કર પ્રભુ ! પૂર્ણ સિદ્ધદશા થયા પછી પણ થોડી નિર્મળતાનો વધારો થશે એ વાત રહેવા દે પ્રભુ ! સિદ્ધદશા થતાં પર્યાય માટે બસ થઈ ગયું. (-હદ આવી ગઈ.) પણ અમે જે દ્રવ્યની વાત કરીએ છીએ ત્યાં તો પ્રભુ ! એટલું સામર્થ્ય ને એટલી શક્તિ છે કે તેની હદ નથી.

**પ્રશ્ન:-** પણ દ્રવ્યમાં અનંત સામર્થ્ય ને શક્તિ છે તો પર્યાયમાં સિદ્ધપદ કરતાં શુદ્ધિ વધી જાય એમ બને કે નહીં ?

**સમાધાન:-** પ્રભુ ! એમ બને નહીં. કેમ કે એ પૂર્ણ પર્યાય છે ને પૂર્ણ પર્યાય પ્રગટ થયા પછી ખલાસ થઈ ગયું. (-હવે તેનાથી વધારે શુદ્ધિ થાય નહીં.)

અહા ! અહીં તો, વસ્તુમાં કાંઈ પણ ફેર નથી તો પર્યાયમાં પણ (જ્ઞાની-અજ્ઞાનીરૂપ) ફેર ગણતા નથી. અને આ રીતે વ્યવહારનય તો જાણે કે કાંઈ છે જ નહીં, ફક્ત કથનમાત્ર છે એમ કહે છે. એ વાત તો 'સમયસાર કળશ-ટીકા'માં આવે છે ને ? કે વ્યવહારનય કથનમાત્ર છે. (કલશ-૫) હવે (આવી વસ્તુસ્થિતિ હોવા છતાં) તે વ્યવહારનય અજ્ઞાનીને મોઢા આગળ (-ઉપાદેય) થઈ ગયો છે. પણ ભાઈ ! અહીં તો કહે છે કે એ વ્યવહારનય છે કે નહીં એ અમે જાણતા નથી. ગજબ વાત છે.

પ્રભુ ! તું આનંદસ્વરૂપ છો ને ? તારામાં અનંત ભગવત્સ્વરૂપ પડ્યું છે ને ? અરે ! તું તો સાક્ષાત્ ભગવાન છો. તેથી જે સાક્ષાત્ સિદ્ધ થયા તેમનામાં ને તારામાં હું કઈ રીતે ભેદ પાડું ? તમારા બન્નેમાં કાંઈ પણ ભેદ ક્યા નયથી હું કહું ? સાક્ષાત્ પરમાત્મા થયેલા સિદ્ધમાં ને તારા આત્મામાં હું કાંઈ પણ ભેદ કયા નયથી જાણું ? અહા ! ગજબ વાત છે. દિગંબર સંતો તો કેવળીના કેડાયત છે અને અલ્પકાળમાં - એકાદ ભવમાં - કેવળજ્ઞાન લેવાના છે. આ પંચમ આરો છે એટલે આ ભવમાં કેવળજ્ઞાન ન થયું અને સ્વર્ગમાં ગયા છે. પરંતુ હવે પછી ત્યાંથી નીકળીને મનુષ્ય થઈને કેવળજ્ઞાન લેવાના છે. **અહા ! આ કળશના શબ્દોની અંદરમાં એટલી ગંભીરતા ભાસી છે કે તે ગંભીરતાને શબ્દો કહી શકતા નથી.** પ્રભુ ! તું એટલો મોટો છે કે તારી મોટપમાં હીણપની ભાષા પણ નથી, તેથી હીણપ કઈ રીતે જાણું ? - એમ કહે છે. અહા ! બધા આત્માઓ ભગવાન છે. તેથી કહે છે કે તારામાં ને સિદ્ધમાં પ્રભુ ! કાંઈ પણ ભેદ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



હું કઈ રીતે જાણું ? અહા ! આ તો ગજબ-ગજબ શબ્દો છે. આટલા શબ્દોમાં તો બહુ ભર્યું છે, બહુ ભર્યું છે. તારામાં ને સિદ્ધમાં - એ બન્નેમાં કાંઈ પણ ભેદ, કાંઈ પણ જુદાઈ, કાંઈ પણ ભિન્નતા હું કયા નયથી જાણું ? - આમ કહીને તો ગજબ કર્યો છે પ્રભુ ! વ્યવહારનયના પક્ષવાળાઓને તો આવી વાત આકરી લાગે એમ છે.

અહા ! ભગવાન...ભગવાન...ભગવાન... (બધી જગ્યાએ) એકલો પરમાત્મા જ્ઞાનીની દષ્ટિમાં તરવરે છે. તો, જેની દષ્ટિમાં ધ્રુવ તરવરે છે તે જ્ઞાની એમ કહે છે કે જગતના પ્રાણીને હું કયા નયથી હીણો કહું ? કયા નયથી સંસારી કહું ? ગજબ વાત છે. પ્રભુ ! ભલે ભાષા થોડી છે (-શબ્દો થોડાં છે), પણ તેના ભાવનો પાર નથી. આવી એ ભાષાની ગંભીરતા છે. લ્યો, આટલામાં ૪૦ મીનીટ થઈ.

અહા ! એક સેકંડમાં...અરે ! એક સેકંડમાં નહીં, પરંતુ એક સમયમાં ફેર પડી જાય છે. માટે એ જે ફેર પડે છે તેને હું કઈ રીતે ફેર માનું ? એમ કહે છે. શ્રીમદ્જીએ (૩૧મા વર્ષમાં) લખ્યું છે કે એક સમયમાં જ્ઞાન જાત્યાંતર થઈ જાય છે. પહેલાં સમયે મિથ્યા હોય ને બીજા સમયે સમ્યક્ થઈ જાય.

**પ્રશ્નઃ-** અરે ! અનંત કાળથી મિથ્યાત્વનું સેવન કર્યું હોય તોપણ પ્રભુ ! એક સમયમાં તેનો નાશ થઈ જાય ?

**સમાધાનઃ-** પણ પ્રભુ ! અંદર સ્વભાવમાં મિથ્યાત્વ છે જ ક્યાં ? (કે જેથી તે સદાય રહે અને નાશ ન પામે.) અને તેનો નાશ થતાં અંદર સ્વભાવમાં જે છે તે બહાર નીકળે (-પ્રગટે) છે, અંદર જે માલ ભર્યો છે તે નીકળે છે. આ બધા ભગવાન આત્મા માલથી ભર્યા છે હો. ગજબ વાત છે. આ બધી વાત સમજવી પડશે હો.

કેટલાક વ્યવહારના આગ્રહીઓ આ વાત સમજાય નહીં એટલે પછી 'સોનગઢની વાત એકાંત છે' - એમ કહીને ઉડાવી દે છે. તેઓ કહે છે કે લ્યો, આ મંદિર-શાસ્ત્ર આદિ બધાં છે ને ? ભાઈ ! બાપુ ! તે બધું છે ખરું, વ્યવહારનયનો વિષય છે ખરો. વ્યવહારનય છે ને તેનો વિષય પણ છે, પરંતુ તેની કોઈ ગણતરી નથી. અંતરના નિશ્ચયસ્વભાવની આગળ તેની ગણતરી શું ? અને તેથી તો સમયસાર કળશટીકાકારે (પં. રાજમલજીએ) એવું કહી દીધું છે કે વ્યવહારનય તો કથનમાત્ર છે. આવો તેમાં પાઠ છે. પાંચમા કળશમાં વ્યવહારનયનો અર્થ એમ કર્યો છે કે જેટલું કથન. 'व्यवहरणनयः - જેટલું કથન.' આકરું લાગે એવું છે. પણ પ્રભુ ! તારા ઘરની વાત જ આવી છે ને ?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અહીં કહે છે કે પ્રભુ ! તારી ત્રિકાળી વસ્તુમાં કાંઈ ફેર નથી. માટે તું આ બહારના શરીર, તેની ચેષ્ટાઓ, તેની ઉંમર ને તેના રંગ-રૂપ ન દેખ. તથા તારામાં હીણપ પણ ન દેખ. અરે ! અમે કહીએ છીએ કે તારામાં કયા નયથી હીણપ કહીએ ? ગજબ વાત છે. અહા ! તું શરીરવાળો તો છો નહીં ને રંગવાળો પણ છો નહીં. કેમ કે પરદ્રવ્યને તો તું ક્યારેય અડતો નથી. તે ઉપરાંત અહીંયા કહે છે કે તારામાં કયા નયથી હું હીણી દશા કહું ? તારામાં સિદ્ધ કરતાં અલ્પ દશા કયા નયથી હું કહું ? ગજબ છે !

**શ્રોતા:-** (પૂજ્ય બહેનશ્રીની) જન્મજયંતિના ઉપલક્ષમાં આપ હરખ જમણ કરાવી રહ્યા છો.

**પૂજ્ય ગુરુદેવશ્રી:-** એ (જમણ તો) મુનિરાજ કરાવે છે. તેઓ એમ કહે છે કે જો પોતાનો કાંઈ પણ (મિથ્યા) આગ્રહ રહેશે તો પોતાની ચીજ જાણવામાં નહીં આવે. અને તેથી પરની ચીજ (અન્ય આત્મા) પણ પોતાના જેવી છે એમ જાણવામાં નહીં આવે પ્રભુ ! તો, અહીં એમ કહ્યું કે સિદ્ધમાં ને સંસારીમાં કાંઈ પણ ભેદ-ફેર હું કયા નયથી જાણું ? જુઓ, 'હું કયા નયથી કહું ?' - એમ નથી કહ્યું, પરંતુ 'હું કયા નયથી જાણું ?' - એમ કહ્યું છે. અહા ! આ બધી વાત એકાંત લાગે એવી છે. પણ પ્રભુ ! આમાં તો આત્માના એકલા માહાત્મ્ય જ વર્ણવ્યા છે....

ગાથા - ૪૭ પ્રવચન નં. NST/ ૪૪ તારીખ ૯-૨-૭૨
શ્લોક - ૭૧ ૧૯ ૨૬-૮-૮૦

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

## ગાથા - ૪૮

**असरीरा अविणासा अणिंदिया णिम्मला विसुद्धप्पा ।**
**जह लोयग्गे सिद्धा तह जीवा संसिदी णेया ॥४८॥**

अशरीरा अविनाशा अतीन्द्रिया निर्मला विशुद्धात्मानः ।
यथा लोकाग्रे सिद्धास्तथा जीवाः संसृतौ ज्ञेयाः ॥४८॥

**અશરીર ને અવિનાશ છે, નિર્મળ, અતીંદ્રિય, શુદ્ધ છે,**
**જ્યમ લોક-અગ્રે સિદ્ધ, તે રીત જાણ સૌ સંસારીને. ૪૮.**

**અન્વયાર્થ:-** (यथा) જેમ, (लोकाग्रे) લોકાગ્રે, (सिद्धाः) સિદ્ધભગવંતો, (अशरीराः) અશરીરી, (अविनाशाः) અવિનાશી, (अतीन्द्रियाः) અતીંદ્રિય, (निर्मलाः) નિર્મળ અને (विशुद्धात्मानः) વિશુદ્ધાત્મા (વિશુદ્ધસ્વરૂપી) છે, (तथा) તેમ (संसृतौ) સંસારમાં (जीवाः) (સર્વ) જીવો (ज्ञेयाः) જાણવા.

**ટીકા:-** વળી આ, કાર્યસમયસારમાં અને કારણસમયસારમાં તફાવત નહિ હોવાનું કથન છે.

જેવી રીતે લોકાગ્રે સિદ્ધપરમેષ્ઠી ભગવંતો નિશ્ચયથી પાંચ શરીરના પ્રપંચના અભાવને લીધે 'અશરીરી' છે, નિશ્ચયથી નર-નારકાદિ પર્યાયોના ત્યાગગ્રહણના અભાવને લીધે 'અવિનાશી' છે, પરમ તત્ત્વમાં સ્થિત સહજદર્શનાદિરૂપ કારણશુદ્ધસ્વરૂપને યુગપદ્ જાણવામાં સમર્થ એવી સહજજ્ઞાનજ્યોતિ વડે જેમાંથી સમસ્ત સંશયો દૂર કરવામાં આવ્યા છે એવા સ્વરૂપવાળા હોવાને લીધે 'અતીંદ્રિય' છે, મળજનક ક્ષાયોપશમિકાદિ વિભાવસ્વભાવોના અભાવને લીધે 'નિર્મળ' છે અને દ્રવ્યકર્મો તથા ભાવકર્મોના અભાવને લીધે 'વિશુદ્ધાત્મા' છે, તેવી જ રીતે સંસારમાં પણ આ સંસારી જીવો કોઈ નયના બળે (કોઈ નયથી) શુદ્ધ છે.

(હવે ૪૮મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે:)

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(शार्दूलविक्रीडित)

**शुद्धाशुद्धविकल्पना भवति सा मिथ्यादृशि प्रत्यहं**
**शुद्धं कारणकार्यतत्त्वयुगलं सम्यग्दृशि प्रत्यहम् ।**
**इत्थं यः परमागमार्थमतुलं जानाति सद्दृक् स्वयं**
**सारासारविचारचारुधिषणा वन्दामहे तं वयम् ।।७२।।**

(**શ્લોકાર્થઃ-**) શુદ્ધ-અશુદ્ધની જે *વિકલ્પના તે મિથ્યાદૃષ્ટિને હંમેશાં હોય છે; સમ્યગ્દૃષ્ટિને તો હંમેશાં (એવી માન્યતા હોય છે કે) કારણતત્ત્વ અને કાર્યતત્ત્વ બન્ને શુદ્ધ છે. આ રીતે પરમાગમના અતુલ અર્થને સારાસારના વિચારવાળી સુંદર બુદ્ધિ વડે જે સમ્યગ્દૃષ્ટિ સ્વયં જાણે છે, તેને અમે વંદન કરીએ છીએ. ૭૨.

## ગાથા - ૪૮ ઉપરનું પ્રવચન

જુઓ, કલશ ૭૧માં જેને કુબુદ્ધિ કહ્યા હતા તેને અગાઉ ગાથા ૪૭માં ભવલીન સંસારી કહ્યા હતા અને એ રીતે (પર્યાયની) વાત તો કરી. અર્થાત્ કલશ ૭૧માં 'કુબુદ્ધિ' કહીને અને તે અગાઉ ગાથા ૪૭માં તેમને ભવમાં લીન એવા સંસારી બતાવીને જરી (પર્યાયનો) ખ્યાલ તો કરાવ્યો. પણ પછી કહ્યું કે ભવમાં લીન એવા સંસારી જીવમાં ને સિદ્ધમાં હું કેવી રીતે ફેર કહું ? એટલે કે ભવમાં લીનતાવાળા જીવો પણ સિદ્ધ જેવા છે. કેમ કે અંતરમાં તો પૂર્ણ સંપદાનો ધણી એવો ચૈતન્ય ભગવાન આત્મા બિરાજમાન છે. અહા ! તારામાં એવો વૈભવ છે કે તેવો વૈભવ ક્યાંય બહારમાં - દુનિયામાં છે નહીં.

બેનમાં (પૂજ્ય 'બહેનશ્રીનાં વચનામૃત'માં) એક એવી વાત આવે છે કે અંતર્મુહૂર્તમાં બાર અંગ ફેરવી નાખે — બાર અંગનું પર્યટન કરી દે - એવી આત્માની (શ્રુતકેવળીની) તાકાત છે. ગજબ વાત છે. એક સમયમાં (બધું) જાણે એ જુદી વાત છે, પણ આ તો અસંખ્ય સમયમાં બાર અંગની વાત ફેરવે એમ કહે છે. આ વાત બેનમાં છે (બોલ નં. ૩૨૪) અને ગોમ્મટસાર શાસ્ત્રમાં પણ છે.

---

★ *વિકલ્પના = વિપરીત કલ્પના; ખોટી માન્યતા; અનિશ્ચય; શંકા; ભેદ પાડવા.*

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અહા ! (૧) જેટલું કેવળજ્ઞાનમાં જાણવામાં આવ્યું તેના અનંતમા ભાગે કથનમાં આવ્યું. (૨) જેટલી વાત કથનમાં આવી તેના અનંતમા ભાગે સાંભળવામાં (ઝીલવામાં) આવી અને (૩) જેટલી વાત સાંભળવામાં આવી છે તેના અનંતમા ભાગે રચના થઈ. તેથી તો શાસ્ત્રમાં એમ આવે છે કે બાર અંગમાં તો સ્થૂળ વાત છે. આવો પાઠ છે. બાર અંગથી વિશેષ શ્રુતજ્ઞાન શું હોય ? (કાંઈ નહીં.) છતાં કહે છે કે બાર અંગમાં તો સ્થૂળ વાત આવી છે. ત્રણ લોકના નાથની સૂક્ષ્મ વાતો તો તેમાં રહી ગઈ છે. એ તો અનુભવગમ્ય છે. ચૈતન્ય ચમત્કારિક ચીજ તો અનુભવગમ્ય છે. જે ચૈતન્ય ચમત્કારને દેખે તેને જ તેની ખબર પડે. બાકી વાણી દ્વારા તેનું વર્ણન થઈ શકતું નથી.

**ટીકા:- 'વળી આ, કાર્યસમયસારમાં અને કારણસમયસારમાં તફાવત નહિ હોવાનું કથન છે.'** કાર્યસમયસાર એટલે સિદ્ધ ને કારણસમયસાર એટલે આત્મદ્રવ્ય. તે બન્નેમાં તફાવત નહિ હોવાનું અહીંયા કથન છે.

**'જેવી રીતે લોકાગ્રે સિદ્ધપરમેષ્ઠી ભગવંતો નિશ્ચયથી પાંચ શરીરના પ્રપંચના અભાવને લીધે અશરીરી છે.'** - સિદ્ધભગવાનમાં પાંચ શરીરનો પ્રપંચ નથી (અને તેથી અશરીરી છે.) જુઓ, 'શરીરનો પ્રપંચ' કહ્યો છે અર્થાત્ શરીરના અનેક પર્યાયો થાય છે એમ કહે છે અને તે આત્માને આધીન નથી. (પ્રપંચ = વિસ્તાર.)

**'નિશ્ચયથી નર-નારકાદિ પર્યાયોના ત્યાગગ્રહણના અભાવને લીધે અવિનાશી છે.'** - આત્માને પૈસા, સ્ત્રી, કુટુંબ-પરિવાર, મકાન કે પરમાણુનું ગ્રહણ પણ નથી ને તેનો ત્યાગ પણ નથી. કેમ કે એક રજકણથી માંડીને વૈમાનિક દેવની રિદ્ધિ સુધીની દુનિયાની ગમે તે સંપદાના એટલે કે પોતાના સિવાય કોઈ પણ પરચીજના ત્યાગગ્રહણ રહિત જ તેનો સ્વભાવ છે. પરવસ્તુના ત્યાગગ્રહણ તો આત્માના સ્વરૂપમાં છે જ નહીં, પરંતુ અહીં તો કોઈ પણ ગતિના ત્યાગ ને ગ્રહણ પણ તેના સ્વરૂપમાં (તેમ જ સિદ્ધમાં) નથી એમ કહે છે. એક ગતિનો ત્યાગ કરવો ને બીજી ગતિનું ગ્રહણ કરવું આત્મામાં નથી. શ્રી સમયસારની ૪૭ શક્તિમાં એ વાત આવે છે કે ત્યાગગ્રહણ રહિત ભગવાન આત્મા છે. (૧૬ મી ત્યાગોપાદાનશૂન્યત્વ શક્તિ.) અહા ! શ્રી સમયસારજીની એક-એક ગાથામાં ને એક-એક કળશમાં ગજબ વાત છે.

અહા ! શ્રી સમયસારજીમાં માંગલિકનો પહેલો કલશ એ છે ને ? કે नमः समयसाराय स्वानुभूत्या चकासते । - આત્મા અંતરના અનુભવથી - અંતરની અનુભૂતિથી -

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પ્રકાશમાન થાય એવો છે. ભલે અજ્ઞાની બીજી લાખ વાત કરે તો પણ આ સિવાય આત્માને જાણવાનો બીજો કોઈ ઉપાય છે નહીં. છઢાળામાં આવે છે ને ? કે 'લાખ બાતકી બાત યહી, નિશ્ચય ઉર લાઓ; તોરિ સકલ જગદંદ-ફંદ, નિત આતમ ધ્યાઓ'. (૪ થી ઢાળ, પદ - ૯). દ્વૈતપણું પણ છોડીને અંદરમાં પરમાત્મસ્વરૂપે બિરાજમાન નિજ આત્માને ધ્યાવો, તેનું ધ્યાન કરો. એટલે કે તેનું લક્ષ કરીને તેમાં રમો. આ બાર અંગમાં કહેવાનો સાર છે.

અહા ! મનુષ્યાદિના શરીરના ત્યાગગ્રહણ આત્મામાં છે જ નહીં. મનુષ્યનું શરીર, નારકીનું શરીર, દેવનું શરીર કે તિર્યંચનું શરીર આત્માએ ગ્રહણ કર્યું છે અને તેને છોડવું છે તે આત્મામાં ત્રણ કાળમાં છે નહીં. કેમ કે પરદ્રવ્યના ત્યાગગ્રહણ આત્મામાં છે જ નહીં. આત્મામાં એવો એક ગુણ છે કે જેથી પરદ્રવ્યના ત્યાગગ્રહણરહિત સ્વભાવે જ એ ત્રણે કાળે બિરાજે છે. તે ઉપરાંત અહીંયા એમ કહે છે કે આત્મામાં (ને સિદ્ધમાં) નર-નારકાદિ પર્યાયોના ત્યાગગ્રહણનો અભાવ છે. નર-નારકાદિ ગતિના પર્યાયનો - કે જે ઔદયિકભાવે છે તેનો - આત્મામાં અભાવ છે. ગતિમાત્રના ગ્રહણ ને ત્યાગ આત્મામાં છે નહીં. ગતિ એટલે તેના પર્યાયમાં ગતિની યોગ્યતા છે તે હો, પણ આ શરીર નહીં. અર્થાત્ જે આ મનુષ્યનું શરીર છે તે કાંઈ મનુષ્ય ગતિ નથી. કેમ કે આ શરીર તો જડ છે. એ શરીર તો પારિણામિકભાવે રહેલ સ્વયંસિદ્ધ સ્વતંત્ર જડ ચીજ છે. મતલબ કે શરીરનું દ્રવ્ય (પુદ્ગલ દ્રવ્ય), તેના ગુણ (સ્પર્શાદિ ગુણ) ને તે પર્યાય (શરીરરૂપ પર્યાય) પારિણામિકભાવરૂપ છે, જ્યારે મનુષ્યાદિ ગતિ ઔદયિકભાવરૂપ છે અને તે ઔદયિકભાવ આત્માના પર્યાયમાં છે. અર્થાત્ તે મનુષ્યાદિ ગતિનો ઔદયિકભાવરૂપ પર્યાય આત્માનો પર્યાય છે. (માટે આ શરીર તે મનુષ્ય ગતિ નથી.) કહે છે કે શરીરના ત્યાગગ્રહણની તો અહીંયા વાત પણ નથી. પરંતુ આ મનુષ્યાદિ ભવને (-ગતિને) ગ્રહણ કર્યાં છે ને તેને છોડવાં છે તે પણ પ્રભુ ભગવાન આત્મામાં છે નહીં. આમ કહીને વ્યવહારનયની તો મશ્કરી કરી છે. આકરી વાત છે.

અહા ! આ પરવસ્તુ લીધી ને તેને મૂકી એ તો આત્મવસ્તુમાં છે જ નહીં. કેમ કે પોતાના સિવાયની અનંત પરચીજને આત્મા અડતો જ નથી, ચુંબતો જ નથી. માટે પરચીજને લે કે મૂકે એવું આત્મામાં છે નહીં. ગજબ વાત છે. આત્મા અનંત પદાર્થોના મધ્યમાં રહેવા છતાં પરચીજને અડતો નથી અને તેથી પરના ત્યાગગ્રહણ તેનામાં છે નહીં. આવી તેની ત્યાગોપાદાનશૂન્યત્વ શક્તિ છે. અહા ! આત્મા અનંત પદાર્થોની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વચમાં રહેવા છતાં તે અનંત પદાર્થોના ત્યાગગ્રહણથી રહિત છે. અનંત પદાર્થોની વચમાં રહે છે એટલે કે તેમનું ક્ષેત્ર એક છે. જોકે ખરેખર તો તેમનું ક્ષેત્ર પણ એક નથી. એ તો આકાશની અપેક્ષાએ તેમનું ક્ષેત્ર એક કહેવાય. બાકી તો તેમનું ક્ષેત્ર પણ જુદેજુદું છે. આમ દરેક ચીજ જુદેજુદી છે અને તેથી પોતાને પરની સાથે કાંઈ સંબંધ છે નહીં. ગજબ વાત છે ! તે ઉપરાંત રાગના ત્યાગ કરવાનો ને સ્વરૂપના ગ્રહણ કરવાનો પણ આત્મામાં અભાવ છે, તે પણ આત્મામાં યથાર્થપણે છે નહીં. અરે ! ક્યાં ચીજ પડી છે ને ક્યાં તે પરિભ્રમણ કરી રહ્યો છે. ગજબ વાત છે !

અહીં કહે છે કે અંતરમાં રાગ-દ્વેષનો ત્યાગ કરવો ને સ્વરૂપનું ગ્રહણ કરવું તેનાથી પ્રભુ ! તું શૂન્ય છો. જેમ સિદ્ધમાં ત્યાગગ્રહણનો અભાવ છે તેમ તે પ્રકારના ત્યાગગ્રહણનો અભાવ ભગવાન આત્મામાં પણ છે. અર્થાત્ વિકારનો ત્યાગ કરવો ને નિર્વિકારી ચીજનું ગ્રહણ કરવું તે પણ આત્મામાં છે નહીં. અરે ! તે નિર્વિકારી ચીજને ગ્રહણ કરવી નથી. કેમ કે તેનું સદાય ગ્રહણ જ છે. (સદાય નિર્વિકારસ્વરૂપે જ આત્મા છે.) માટે ત્યાગ ને ગ્રહણ આત્મામાં છે નહીં. ગજબ વાત છે.

જૈનદર્શનના બે સૂક્ષ્મ સિદ્ધાંત છે :

(૧) એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડે નહીં. એટલે કે એક પદાર્થ કોઈ પણ બીજા પદાર્થને અડે નહીં. તેથી આત્મા આ શરીરને અડતો નથી અને શરીર પણ આત્માને અડતું નથી. તે કારણથી જ્ઞાયકભાવમય આત્મા પરના ત્યાગગ્રહણથી શૂન્ય છે. તથા

(૨) ક્રમબદ્ધ. દ્રવ્યમાં એક પછી એક એમ ક્રમસર — ક્રમબદ્ધ — પર્યાય થાય છે. ક્રમબદ્ધ કહો કે ક્રમવર્તી કહો કે ક્રમનિયમિત કહો - બધાયનો એક જ અર્થ થાય છે. પણ ક્રમબદ્ધનો નિર્ણય કરનારની દૃષ્ટિ જ્ઞાયકભાવ ઉપર હોય છે એટલે કે રાગથી પૃથક્ થયા વિના આ વાત અંતરમાં વાસ્તવિક રીતે - યથાર્થપણે - બેસે નહીં. આવી વાત છે.

**પ્રશ્ન:-** આમાં કંદમૂળ ને લીલોતરી ખાવી નહીં તથા બ્રહ્મચર્યાદિ વ્રત પાળવા - એ તો આવ્યું નહીં ?

**સમાધાન:-** બાપુ ! એ તો પરની વાતો છે. તથા ખાય કોણ ને પીવે કોણ ? પરને જ્યાં તે અડતો જ નથી ત્યાં તેને ખાય-પીવે કેવી રીતે ? અહીં કહ્યું કે ચાહે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જેટલો પ્રશસ્ત રાગ હો, પણ તે રાગથી પૃથક્ થયા વિના મતલબ કે રાગના ત્યાગગ્રહણ રહિત ચૈતન્યસ્વરૂપ આત્મા છે તેના ભાન ને અનુભવ વિના બધાય ક્રિયાકાંડ મીંડા છે. અરે ! અજ્ઞાની તો સવારમાં જ્યાં ચા મળે ત્યાં રાજી-રાજી થઈ જાય છે. અને તેમાં પણ સારું ખાવાનું મળે તો...

**શ્રોતા:-** પણ જીવ તેને અડે છે ક્યાં ?

**પૂજ્ય ગુરુદેવશ્રી:-** જીવ પરને અડતો નથી, છતાં પણ માને છે ને ? અહા ! જીવ પરને અડતો નથી તે વાત તીર્થંકરના ઘરની છે અને તે વાત કેવળજ્ઞાની સિવાય દુનિયામાં ક્યાંય નથી. પરમાત્મા ત્રિલોકનાથ વીતરાગ જિનેશ્વરદેવ સિવાય કોઈએ ક્યાંય આવું કહ્યું નથી કે એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડતું નથી. અરે ! વાડામાં પણ આ વાત ચાલતી નથી. વાડામાં તો આ કરો ને તે કરો (એમ પરના કર્તૃત્વની વાત ચાલે છે.) આ (એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડતું નથી તે) એક વાત ને બીજી ક્રમબદ્ધની વાત ભગવાન સિવાય કોઈએ કહી નથી. સમયે-સમયે પર્યાય ક્રમસર — ક્રમબદ્ધ — ક્રમનિયમિત થાય છે. ક્રમમાં જેવો પર્યાય આવવાનો છે તેવો જ પર્યાય આવે છે. પણ તેની (ક્રમબદ્ધ માનનારની) દૃષ્ટિ દ્રવ્ય ઉપર હોવી જોઈએ. અરે ! સંપ્રદાયમાં 'ક્રમબદ્ધ' શબ્દ સાંભળવામાં પણ આવ્યો નહોતો. સંપ્રદાયમાં તો એ શબ્દ પણ નથી. અહીં એ કહ્યું કે ગતિના ત્યાગગ્રહણથી શૂન્ય હોવાને લીધે સિદ્ધપરમેષ્ઠિ અવિનાશી છે.

**'પરમ તત્ત્વમાં સ્થિત સહજદર્શનાદિરૂપ કારણશુદ્ધસ્વરૂપને યુગપદ્ જાણવામાં સમર્થ એવી સહજજ્ઞાનજ્યોતિ વડે જેમાંથી સમસ્ત સંશયો દૂર કરવામાં આવ્યા છે એવા સ્વરૂપવાળા હોવાને લીધે અતીંદ્રિય છે.'** - (સિદ્ધ પરમાત્મા અને) ભગવાન આત્મા અતીંદ્રિયસ્વરૂપ છે. ભગવાન આત્માએ ઇન્દ્રિયોનો સ્પર્શ પણ કર્યો નથી. મતલબ કે આત્મા જડ ઇન્દ્રિયોને અડ્યો નથી. શ્રી સમયસારજીની ૩૧મી ગાથામાં કહ્યું છે કે 'जो इंदिये जिणित्ता' - ભાવેંદ્રિય, જડ દ્રવ્યેંદ્રિય અને તેના ભગવાન આદિ વિષય - આ બધાય ઇન્દ્રિય છે, તેને જીતીને.... જુઓ, ભગવાનની વાણી, ભગવાન ને આખો લોક ઇન્દ્રિય છે એમ કહે છે. 'णाणसहावाधियं मुणदि आदं' - પોતાનો જ્ઞાનસ્વભાવ બીજાથી અધિક છે એમ જે જાણે છે એટલે કે ઇન્દ્રિયો તરફનું લક્ષ છોડીને જે પોતાના અતીંદ્રિય સ્વરૂપમાં આવે છે 'तं खलु जिदिंदियं ते भणंति जे णिच्छिदा साहू' - તેને સર્વજ્ઞો જિતેંદ્રિય કહે છે. લ્યો, આ બહારના ભોગ ન લીધા માટે ઇન્દ્રિયોને જીતી એમ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નથી. પરંતુ દ્રવ્યેંદ્રિય, ભાવેંદ્રિય ને ઇન્દ્રિયના વિષય — આ ત્રણેથી ભિન્ન એવા જ્ઞાનસ્વભાવનો જેણે અનુભવ કર્યો તે ઇન્દ્રિયથી પાર છે એમ સર્વજ્ઞ કહે છે.

અહીં કહે છે કે પરમ તત્ત્વમાં સ્થિત અર્થાત્ ભગવાન આત્મામાં સ્થિત સહજદર્શનાદિરૂપ કારણશુદ્ધસ્વરૂપને એટલે કે કારણપરમાત્માને સહજજ્ઞાનજ્યોતિ એકસાથે જાણવામાં સમર્થ છે. પણ જેનો જાણવાનો સ્વભાવ છે તે કોને ન જાણે ? અને તેમાં મુદત પણ શી હોય કે જાણતાં બે સમય લાગે કે ત્રણ સમય લાગે ? - એવી મુદત પણ નથી. એક જ સમયમાં તે સ્વને ને પરને પોતાના ક્ષેત્રમાં રહીને, પરને અડ્યા વિના જાણે છે. પોતાનું ક્ષેત્ર એટલે આ શરીર નહીં હો. જો કે જ્યાં શરીર છે ત્યાં આત્મા પણ છે, છતાં પણ તે બન્નેના ક્ષેત્ર ભિન્ન-ભિન્ન છે. શરીરનું ક્ષેત્ર ભિન્ન છે ને આત્માનું ક્ષેત્ર પણ ભિન્ન છે. તેથી આત્મા પરને (શરીરને) ક્યારેય અડ્યો નથી. આવી વાત છે.

અહા ! 'આ કેમ હશે ?' - એવા સંશયની જેમાં ગંધ પણ નથી એવો પ્રભુ ચૈતન્ય આત્મા નિઃસંદેહસ્વરૂપ છે ને નિષ્કારણ છે એટલે કે પરના કારણ વિના નિજ કારણપરમાત્માથી જ તે સિદ્ધ — તેની અસ્તિ છે. તેની દૃષ્ટિ કરવી, તેનું જ્ઞાન કરવું તથા તેમાં લીનતા કરવી એ આખા બાર અંગનો સાર છે. તે સિવાયની બીજી બધી તો બહારની વાતો છે, ધમાલ...ધમાલ...છે. પ્રભુ ! તેમાં શું છે ? (તારું હિત ક્યાં છે ?) અરે ! રાગના ત્યાગગ્રહણ પણ સ્વરૂપમાં નથી તો પછી એ બહારની ચીજના ત્યાગગ્રહણ તો ક્યાંય રહ્યા ? વાસણ નીચે પડ્યું હોય તેને ઉપાડવું કે બાજુમાં મૂકવું એ આત્મામાં છે જ નહીં. આત્મા સિવાયની કોઈ પણ ચીજ - ચાહે તો પોતાથી નજીક હો કે દૂર હો - તેના ત્યાગગ્રહણ ક્યારેય આત્માએ કર્યા નથી. આખા દિવસની આ બહારની પ્રવૃત્તિમાં આત્માનો અધિકાર છે જ નહીં એમ કહે છે.

**'મળજનક ક્ષાયોપશમિકાદિ વિભાવસ્વભાવોના અભાવને લીધે નિર્મળ છે.'** - ઔપશમિક, ક્ષાયોપશમિક આદિ બધા ભાવ મળજનક ને મળજનિત છે એમ કહે છે. કેમ કે (તેના લક્ષે રાગ ઉત્પન્ન થાય છે માટે મળજનક છે અને) તે ભાવોમાં કર્મની અપેક્ષા લાગુ પડે છે માટે કર્મજનિત (મળજનિત) કહેવામાં આવ્યા છે. જ્યારે ભગવાન આત્માના નિજસ્વરૂપમાં પરની કોઈ અપેક્ષા જ નથી. કર્મ ક્ષય પામે તો આત્માના નિજસ્વરૂપમાં કેવળજ્ઞાન ઉત્પન્ન થાય એવી અપેક્ષા છે જ નહીં. ચાર ઘાતિકર્મનો નાશ થાય તો કેવળજ્ઞાન થાય; ઘાતિકર્મે કેવળજ્ઞાન રોક્યું છે, ઘાતિકર્મે આત્માના જ્ઞાનનો ઘાત કર્યો છે - એમ અજ્ઞાની કહે છે. પણ ભાઈ ! ઘાતિકર્મે જ્ઞાનનો ઘાત કર્યો નથી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ને રોક્યું પણ નથી. ચાર ઘાતિકર્મને આત્માએ કર્યા (-બાંધ્યા) પણ નથી ને તેનો નાશ પણ કરતો નથી. આવો નિર્લેપ-ભિન્નસ્વરૂપ ભગવાન આત્મા અંદરમાં પડ્યો છે.

અહા ! પરનો આશ્રય તો એક બાજુ રહ્યો, પરંતુ પોતાના પર્યાયમાં જે ક્ષાયોપશમિક આદિ પરભાવ છે તેના આશ્રયે પણ મળ ઉત્પન્ન થાય છે. (માટે તેઓ મળજનક છે.) શરીર-વાણી-મન, દેવ-શાસ્ત્ર-ગુરુ તો પરમાં રહ્યા, પરંતુ પોતાના પર્યાયમાં જે વિભાવભાવ છે તે પણ મળજનિત છે. તેમાં કર્મની અપેક્ષા લાગુ પડે છે માટે મળજનિત છે. ભલે ઔદયિકભાવમાં કર્મ વિદ્યમાનપણે નિમિત્ત છે ને ક્ષાયિકાદિભાવમાં કર્મ અભાવપણે નિમિત્ત છે, છતાં એટલી અપેક્ષા આવે છે માટે તેઓ મળજનિત છે અને ભગવાન આત્મામાં એટલી અપેક્ષા લગાડવી તે પણ દોષ છે. આવો મારગ છે.

અરે ! અજ્ઞાની તો એકેંદ્રિયની દયા પાળો, લીલોતરીને હણો નહીં ને તેને ખાવ નહીં એટલે ધર્મ થઈ ગયો એમ માને છે. પણ ભાઈ ! તેમાં તો (દયાદિના ભાવમાં ધર્મ માનવાથી તો) મિથ્યાત્વનું પોષણ થાય છે. તથા ક્ષણે ને પળે હું પરવસ્તુના ત્યાગગ્રહણ કરું છું એવી બુદ્ધિમાં પણ સત્સ્વરૂપ ભગવાન આત્માથી વિરૂદ્ધ અસત્ય-મિથ્યા અભિપ્રાયનું અર્થાત્ મિથ્યાત્વનું પોષણ થાય છે. આત્મા સિવાય કોઈ પણ પરચીજનો હું કર્તા છું, તે મારામાં છે અને તેને હું છોડું છું - એ અભિપ્રાય મિથ્યા છે. ભાઈ ! તારી ચીજમાં પર ચીજ છે જ નહીં ત્યાં તેને છોડું એ ક્યાંથી આવ્યું ? અરે ! કર્મોને છોડવા એ પણ તારામાં છે નહીં.

જુઓ, અહીં (નિયમસારમાં) ઔદયિક, ઔપશમિક, ક્ષાયોપશમિક ને ક્ષાયિક - એ ચારેય ભાવોને મલિન, આવરણસંયુક્ત કહ્યા છે. (ગાથા-૪૧) તેમ જ આ ચાર ભાવોને આત્મા અગોચર-અગમ્ય પણ કહ્યો છે. (ગાથા-૩૮) તેનો અર્થ શું છે ? કે આ ચાર ભાવોના આશ્રયે આત્મા જાણવામાં આવતો નથી. તથા આ ચાર ભાવ આવરણસંયુક્ત છે, કેમ કે ઔદયિકભાવમાં કર્મ સદ્‌ભાવરૂપ નિમિત્ત છે ને બાકીના ત્રણ ભાવમાં કર્મ અભાવરૂપ નિમિત્ત છે. (આ રીતે કર્મની અપેક્ષા આવે છે તેથી તેઓ આવરણસંયુક્ત છે.) જ્યારે વસ્તુ આત્મા નિરપેક્ષ છે. તેને કોઈની અપેક્ષા લાગુ પડતી નથી. આવો ભગવાન આત્મા અંદરમાં બિરાજે છે. એ ભગવાન આત્માનો પત્તો લગાવીને, તેમાં સ્થાન જમાવીને, તેને ધામ બનાવીને તેમાં લીન થવું તે વસ્તુનું સ્વરૂપ છે. (-કરવા જેવું છે.) તે સિવાયની બધી વાતો છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અહા ! આત્માનો સંસાર કાંઈ સ્ત્રી, કુટુંબ, પરિવાર, પૈસો કે મકાનમાં નથી, પરંતુ આત્માના પર્યાયમાં છે. પરવસ્તુ મારી છે ને તેને હું ગ્રહણ કરી શકું છું એવો જે મિથ્યાભાવ તે સંસાર છે. તે મિથ્યાભાવ પર્યાયને છોડીને બીજે ક્યાંય રહેતો નથી. માટે આત્માનો સંસાર આત્માના એક સમયના પર્યાયથી દૂર રહેતો નથી. જ્યારે આ શરીર, મન, વાણી ને કર્મ તો દૂરના ક્ષેત્રે રહે છે. તેઓનું દ્રવ્ય દૂર, ક્ષેત્ર દૂર, કાળ દૂર ને ભાવ પણ દૂર છે. - આવા થઈને (-ભિન્નપણે રહીને) તેઓ વર્તે છે. તેથી આત્મા સિવાયના આ દેહ, મન, વાણી, સ્ત્રી, કુટુંબ, પરિવાર આદિ તેના પોતાને કારણે વર્તે છે, (પણ તેઓ આત્માનો સંસાર નથી.)

અહીં કહ્યું કે ક્ષાયોપશમિકાદિ ત્રણ વિભાવસ્વભાવો સિદ્ધમાં છે નહીં, તેથી તેઓ નિર્મળ છે. જ્યારે આત્મામાં ઔદયિકાદિ ચારેય વિભાવસ્વભાવો છે નહીં, તેથી તે નિર્મળ છે. લ્યો, ક્ષાયિકભાવ ને ક્ષાયોપશમિકભાવ પણ આત્મામાં છે નહીં એમ કહે છે. તે પર્યાય છે ને ? ને પર્યાય દ્રવ્યમાં ક્યાં છે ?

**'દ્રવ્યકર્મો તથા ભાવકર્મોના અભાવને લીધે વિશુદ્ધાત્મા છે.'** દ્રવ્યકર્મો એટલે જડકર્મો ને ભાવકર્મો એટલે રાગાદિ ભાવો. તે બન્નેના અભાવને લીધે સિદ્ધપરમાત્મા વિશુદ્ધાત્મા છે. જોકે વિશુદ્ધ તો શુભભાવને પણ કહે છે, પણ અહીં તો સિદ્ધ અને આત્મા શુદ્ધ ઉપરાંત વિશુદ્ધ - વિશિષ્ટ પ્રકારે શુદ્ધ - છે એમ કહે છે. અર્થાત્ તેમને કોઈ પણ કર્મ છે નહીં.

અહા ! દયા-દાન આદિના રાગનું કરવું તો આત્મામાં છે જ નહીં, પરંતુ તે દયા-દાન આદિના રાગનો ત્યાગ કરવો તે પણ આત્મામાં છે નહીં. ગજબ વાત છે ! પ્રભુ આત્મા તો ચૈતન્યબિંબ છે. તે કોનો ત્યાગ કરે ને કોને ગ્રહણ કરે ? કોઈ પરચીજને તે ક્યારેય અડ્યો પણ નથી, ચુંબન પણ કર્યું નથી. તો પછી કોના ત્યાગગ્રહણ કરે ? આવી આત્મચીજ ઉપર દષ્ટિ ગયા વિના મિથ્યાત્વમળનો નાશ થતો નથી. પછી બાહ્યથી ભલે તે કુદેવ-કુશાસ્ત્ર-કુગુરુને છોડે અને સુદેવ-સુશાસ્ત્ર-સુગુરુને માને. એ તો અભવિ પણ નવમી ગ્રૈવેયક ગયો હતો ત્યારે સુદેવ-સુશાસ્ત્ર-સુગુરુને માનતો હતો, પરંતુ તે સ્વની શ્રદ્ધા નહીં. એટલે કે સુદેવ-સુશાસ્ત્ર-સુગુરુની શ્રદ્ધા પણ આત્મશ્રદ્ધા નહીં એમ કહે છે. કેમ કે પરની શ્રદ્ધા ને પરનું જ્ઞાન કાંઈ આત્મશ્રદ્ધા ને આત્મજ્ઞાન નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**'તેવી જ રીતે સંસારમાં પણ આ સંસારી જીવો કોઈ નયના બળે (કોઈ નયથી) શુદ્ધ છે.'** જોયું ? ચોકખું ન કહ્યું (નયનું નામ ન આપ્યું), પણ એવી ભાષા કરી કે 'કોઈ નયના બળે.'

ચોકખું કેમ ન કહ્યું ?

કેમ કે નય જ શુદ્ધનય છે. એક શુદ્ધનય જ નય છે. પોતાને પરમાત્મસ્વરૂપે પકડનાર શુદ્ધનય જ નય છે. જેને વાસ્તવિક નય કહીએ તે શુદ્ધનય જ છે અને તેને જ નય કહે છે. જ્યારે અશુદ્ધનય કે વ્યવહારનય તો તુચ્છ છે. તે નય જ નથી, કથનમાત્ર છે. અહીં 'કોઈ નયના બળે (કોઈ નયથી)' એમ કહ્યું છે, તો 'કોઈ નય'નો અર્થ એ છે કે શુદ્ધનય. જોકે વ્યવહારનય ને તેનો વિષય છે, પણ તે બિલકુલ આશ્રય કરવા લાયક નથી.

**પ્રશ્ન:-** વ્યવહારનય છે કે નહીં ?

**સમાધાન:-** છે. પણ તે બધોય કથનમાત્ર છે, કહેવામાત્ર છે. તેનો અર્થ એ છે કે તે જાણવામાત્ર છે, પણ આદરવા લાયક નથી. આદરવા માટે તો તદ્દન શુદ્ધ ત્રિકાળી જ્ઞાયકભાવ છે.

અહીં કહ્યું કે સંસારી જીવો કોઈ નયથી અર્થાત્ પોતાના સ્વરૂપની દૃષ્ટિથી શુદ્ધ છે. અહા ! આત્મા શુદ્ધ જ છે તો પછી તેને વળી નય શું લાગુ પાડવા ? આવા ત્રિકાળી આનંદકંદ પ્રભુ આત્માનું સમ્યગ્દર્શન પ્રગટ કરો કે જેથી જન્મ-મરણના અંત આવે. બાકી તે સમ્યગ્દર્શન વિના લાખ ક્રિયાકાંડ કરે — મહિનાના ઉપવાસ આદિ કરે ને કરોડો રૂપિયા ખર્ચીને લાખો મંદિર બનાવે - તોપણ કાંઈ કોઈ ધર્મ થતો નથી. અહા ! કોઈ પાંચ-દશ લાખ રૂપિયાનું દાન કરે તો લોકોના રૂવાટાં ઊભા થઈ જાય. પણ તેમાં શું છે પ્રભુ ? એ પૈસા તો ધૂળ છે ને તેને તો આત્મા ક્યારેય અડ્યો પણ નથી. હવે તે ચીજને આત્મા અડ્યો પણ નથી તો પછી તે ચીજને આત્માએ છોડી - આત્માએ પૈસા આપ્યા - એ ક્યાંથી આવ્યું ? જે ચીજને આત્મા અડ્યો જ નથી તે ચીજ આત્મા બીજાને આપે એમ કેમ બને ? પૈસા તો પૈસાના કારણે જાય છે ને આવે છે. આવી આકરી ચીજ (વસ્તુસ્વરૂપ) છે પ્રભુ ! વીતરાગનો માર્ગ ઘણો આકરો છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## શ્લોક - ૭૨ ઉપરનું પ્રવચન

અહો ! મુનિની ભાષા તો જુઓ ? કે **'શુદ્ધ-અશુદ્ધની જે વિકલ્પના તે મિથ્યાદષ્ટિને હંમેશા હોય છે.'** ત્રિકાળી એકરૂપ ભગવાન આત્મા શુદ્ધ-અશુદ્ધ છે એવો ભેદ જેને પર્યાયદષ્ટિ છે તે માને છે. તે મૂઢ જીવ છે. જુઓ, આત્મામાં (પર્યાયરૂપની) શુદ્ધતા પણ નથી એમ કહે છે. કેમ કે એ શુદ્ધતા અશુદ્ધતાની (-અશુદ્ધતાના અભાવની) અપેક્ષા રાખે છે. આત્મા અશુદ્ધ હતો ને શુદ્ધ થયો એમ માનતાં અશુદ્ધતાની અપેક્ષા આવે છે. કારણ કે અશુદ્ધતાનો ત્યાગ થયો ને ? માટે, આત્મા અશુદ્ધતાનો ત્યાગ કરે છે ને શુદ્ધતાનું ગ્રહણ કરે છે એવી જે શુદ્ધ-અશુદ્ધની વિકલ્પના - વિપરીત કલ્પના - મિથ્યા માન્યતા - અનિશ્ચય - શંકા - ભેદ - છે તે મિથ્યાદષ્ટિને હંમેશા હોય છે. બહુ આકરી વાત છે.

બાપુ ! પરની કર્તાબુદ્ધિ ને રાગાદિના ત્યાગગ્રહણની બુદ્ધિ વિના એક સમય પણ તેની (-અજ્ઞાનીની) દષ્ટિ રહી નથી. પરંતુ તે પરની કર્તાબુદ્ધિ ને રાગાદિના ત્યાગગ્રહણની બુદ્ધિ તો મિથ્યાબુદ્ધિ છે. દરેક સમયે જ્ઞાયકભાવની દષ્ટિનો અભાવ હોવાથી પર ચીજની કર્તાબુદ્ધિ ને રાગના ત્યાગગ્રહણની બુદ્ધિ - કે જે પર્યાયબુદ્ધિ છે તે - મિથ્યાદષ્ટિને હોય છે. તે ઉપરાંત અહીં એમ કહ્યું કે આત્મા શુદ્ધ-અશુદ્ધ છે એવા જે પર્યાયની અપેક્ષાના ભેદો છે તે મિથ્યાદષ્ટિને સદાય હોય છે. આકરું કામ છે.

**શ્રોતાઃ-** દુનિયામાં ઝાઝો ભાગ એવો જ છે !

**પૂજ્ય ગુરુદેવશ્રીઃ-** દુનિયામાં એ જ છે ને ! દુનિયા કોને કહે ? અહીં કહે છે કે આત્મા શુદ્ધ-અશુદ્ધ છે એવી જે વિપરીત કલ્પના તે મિથ્યાદષ્ટિને હંમેશા હોય છે.

અરે ! 'શુદ્ધ છું' - એમ માનવું તે પણ વિપરીત કલ્પના ? (હા), કેમ કે શુદ્ધપર્યાયની અપેક્ષાએ આત્માને-દ્રવ્યને શુદ્ધ માને છે ને ? તો, તે અપેક્ષાએ 'શુદ્ધ છું' એમ માનતાં તેમાં અશુદ્ધપણાની અપેક્ષા રહે છે અને પર્યાયબુદ્ધિ થાય છે. જુઓ ! આ શુદ્ધભાવ અધિકાર છે. આ શુદ્ધભાવ એટલે શુદ્ધપર્યાયની વાત નથી. આ શુદ્ધપર્યાયનો અધિકાર નથી, પરંતુ ધ્રુવનો અધિકાર છે. અર્થાત્ જે આ શુદ્ધભાવ અધિકાર છે તે (ત્રિકાળ શુદ્ધ) ધ્રુવનો અધિકાર છે. આકરું કામ છે પ્રભુ ! અરે ! જ્યાં આ વાત કાને પડવી પણ મુશ્કેલ છે ત્યાં જેમાં પર્યાય કે ભેદ કાંઈ પણ છે નહીં એવા ચૈતન્યની અંદર દોરાઈ જવું એ તો ક્યાંય રહ્યું !

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અહીં એ કહ્યું કે જેમાં શુદ્ધ-અશુદ્ધના ભેદ છે નહીં એવી ચીજમાં-આત્મામાં — જે રહેતો નથી તે મિથ્યાદષ્ટિ છે. પાછું જોયું ? 'હંમેશા' શબ્દ વાપર્યો છે. મતલબ કે પરના ત્યાગ ને ગ્રહણની બુદ્ધિ (તેમ જ શુદ્ધ-અશુદ્ધની વિકલ્પના) અજ્ઞાનીને ક્ષણે ને પળે - સદાય - નિરંતર - રહે છે. પરના ત્યાગગ્રહણથી આત્મા રહિત છે, તોપણ પરના ત્યાગગ્રહણની બુદ્ધિ અજ્ઞાનીને હંમેશા રહે છે.

**પ્રશ્ન:-** આત્મા રાજ-પાટને ને કુટુંબ-કબીલાને છોડે તો તેણે સંસાર છોડ્યો કહેવાય ને ?

**સમાધાન:-** પ્રભુ ! રાજ-પાટ ને કુટુંબ-કબીલાને સંસાર કહેતા જ નથી. સંસાર તો એક મલિન અવસ્થા છે અને તે મલિન અવસ્થા પોતાના દ્રવ્ય સિવાય બીજે ક્યાંય રહેતી નથી. તેથી સ્ત્રી, પુત્ર, કુટુંબ કે વેપારાદિ સંસાર નથી. એ બધી તો પર ચીજ છે અને તે પરને આત્મા કોઈ-કાળે સ્પર્શે છે એમ છે નહીં. અરે ! એક પરમાણુ પણ બીજા પરમાણુને સ્પર્શતો નથી. આકરું કામ છે.

જુઓ, આ બધા પરમાણુના પીંડ-જથ્થા (સ્કંધ) પડ્યા છે ને ? તેમાં એકેક (દરેક) પરમાણુ પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી ભિન્ન-ભિન્નપણે કામ કરે છે. એક પરમાણુને બીજા પરમાણુની સાથે એકપણું છે નહીં. દરેક પરમાણુના દ્રવ્ય ભિન્ન, ક્ષેત્ર ભિન્ન, કાળ ભિન્ન ને ભાવ પણ ભિન્ન છે. જોકે એ બધા પરમાણુઓ સ્કંધ તરીકે (એકપણે) જોવામાં આવે છે, છતાં અંદર રહેલા પરમાણુઓ ભિન્ન-ભિન્ન છે. અર્થાત્ સ્કંધમાં રહેલા દરેક પરમાણુના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ ને ભાવ ભિન્ન છે. અહા ! સ્કંધ-પીંડમાં રહ્યા છતાં દરેક પરમાણુ પોતાની પરિણતિને-પર્યાયને કરે છે, પોતાનું કામ કરે છે, પણ પરને અડતા કે સ્પર્શતા નથી. તેમ જ એક પરમાણુમાં બીજા પરમાણુને કારણે કાંઈક થાય એમ પણ નથી. જેમ કે એક પરમાણુમાં બે ગુણ ચીકાશની ચાર ગુણ ચીકાશ થઈ. તો તે ચીકાશ ચાર ગુણ ચીકાશવાળા પરમાણુના સંબંધને કારણે થઈ એ વાત તદ્દન જૂઠી છે. હવે આ રીતે, પરમાણુઓ જડ છે છતાં, તે જડ પરમાણુઓના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ પણ જો એકબીજાથી જુદાં છે તો પછી પ્રભુ ! તું તો આત્મા છો ને ? (માટે તું તો પરમાણુઓથી જુદો જ છો.) જુઓ, આ વાજું (હારમોનિયમ) વાગે છે, તો તેને હાથ અડે છે માટે વાગે છે એમ નથી. અરે ! હાથ તો તેને અડતોય નથી. અહા ! આ કોણ માને ? આ તો પાગલ જેવું લાગે એમ છે. અરે ! આવી વાત કાને પડવી પણ મુશ્કેલ છે ત્યાં અંદર બેસવી તો (મુશ્કેલ હોય જ.)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**'સમ્યગ્દષ્ટિને તો હંમેશા (એવી માન્યતા હોય છે કે) કારણતત્ત્વ અને કાર્યતત્ત્વ બન્ને શુદ્ધ છે.'** જોયું ? મિથ્યાદષ્ટિ માટે જેમ 'હંમેશા' શબ્દ હતો તેમ હવે સમ્યગ્દષ્ટિ માટે પણ 'હંમેશા' શબ્દ કહ્યો છે. તો, કહ્યું કે સત્યદષ્ટિવંતને હંમેશા એવી માન્યતા હોય છે કે કારણતત્ત્વ - ત્રિકાળી શુદ્ધતત્ત્વ - પણ શુદ્ધ છે અને કાર્યતત્ત્વ - કેવળજ્ઞાન ને વર્તમાન પર્યાય - પણ શુદ્ધ છે. અર્થાત્ પૂર્ણ સિદ્ધપર્યાયરૂપ મોક્ષ ને તેનું કારણ એવો મોક્ષનો માર્ગ પણ શુદ્ધ છે. છતાં તે મોક્ષ ને મોક્ષનો માર્ગ પર્યાયનયનો વિષય છે, વ્યવહારનયનો વિષય છે. અહા ! એક તો રખડવાના કામ આડે નવરાશ ન મળે તેમાં અહીં સુધી (મોક્ષ પણ વ્યવહારનયનો વિષય છે ત્યાં સુધી) જ્ઞાનને લઈ જવું બહુ મુશ્કેલ છે.

અહા ! કહે છે કે કારણતત્ત્વમાં ને કાર્યતત્ત્વમાં અશુદ્ધતા છે ને ટાળવી છે એમ નથી. તેથી તેમાં અશુદ્ધતાની અપેક્ષા પણ નથી. એ તો શુદ્ધ જ છે. જુઓ, અહીંયા એમ કહ્યું છે ને ? કે કારણતત્ત્વ ને કાર્યતત્ત્વ બન્ને શુદ્ધ છે. - એમ આવ્યું ને ? તો, શુદ્ધ છે તેનો અર્થ એ છે કે કારણતત્ત્વ ને કાર્યતત્ત્વ અશુદ્ધ ને હવે અશુદ્ધતા ટાળવી છે, એમ નથી. આમ છે ને અંદર ? જુઓ, અંદર છે કે નહીં ? આ રીતે અહીં કહ્યું કે ત્રિકાળી પ્રભુ આત્મા પણ શુદ્ધ છે ને તેનો પર્યાય પણ શુદ્ધ છે. અહા ! અશુદ્ધતાને તો આત્મા અડતોય નથી. જોકે (અજ્ઞાનપણામાં) પર્યાયમાં અશુદ્ધતા છે, તોપણ દ્રવ્ય તેને અડતું નથી. દ્રવ્ય તો શુદ્ધાશુદ્ધપર્યાયથી રહિત છે.

પણ આવું કોણ માને ?

કે **'પરમાગમના અતુલ અર્થને સારાસારના વિચારવાળી સુંદર બુદ્ધિ વડે સમ્યગ્દષ્ટિ સ્વયં જાણે છે'** ને માને છે.

અહા ! ત્રિલોકનાથ તીર્થંકરદેવ જિનેશ્વરદેવ અરિહંત પરમાત્મા વર્તમાનમાં મહાવિદેહક્ષેત્રમાં મોજુદ છે. તે મહાવિદેહક્ષેત્રમાં ભગવાનના સમવસરણમાં આ આત્મા અનંત વાર ગયો છે. પરંતુ તેણે પોતાની તરફ દષ્ટિ કરી નહીં. તેની પર તરફ જ દષ્ટિ રહી કે ભગવાન આવા (બાહ્ય વૈભવવાળા) છે તેમ જ ભગવાન તરફ દષ્ટિ કરવાથી લાભ થશે. પણ એવી દષ્ટિ તો મિથ્યા છે. ગજબ વાત છે. આકરું લાગે એવું છે. કેમ કે સંપ્રદાયમાં તો આવી વાત ચાલે જ નહીં કે પંચ પરમેષ્ઠિનું સ્મરણ પણ અશુદ્ધ, મલિન ને બંધનું કારણ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



'મુખ ૐકાર ધુનિ સુનિ, અર્થ ગણધર વિચારૈ;
રચી આગમ ઉપદિશે, ભવિક જીવ સંશય નિવારૈ.' ...(શ્રી બનારસીદાસજી)

પરમાગમ કે જે ભગવાનની વાણી છે તેનું જ્ઞાન કરીને પણ અશુદ્ધતાથી લાભ થાય અને મારામાં અશુદ્ધતા છે એમ જેને પર્યાયબુદ્ધિ રહે છે તેણે પરમાગમનો સાર જાણ્યો નથી.

અહા ! વીતરાગ સર્વજ્ઞદેવ ત્રિલોકનાથની દિવ્યધ્વનિ સાંભળવા એકભવતારી ઇન્દ્ર પણ તેમની સભામાં જાય છે. તો એ દિવ્યધ્વનિ કેવી હશે ? એ ઇન્દ્ર પણ કોને કહેવાય ? કે તેને ૩૨ લાખ તો વિમાન હોય છે. તેમાંના ઘણા વિમાનમાં અસંખ્ય દેવ છે. કેટલાક વિમાનમાં થોડાં દેવ છે. – આવા ૩૨ લાખ વિમાનનો તે ઇન્દ્ર સ્વામી છે. છતાં અંતરમાં તેનું સ્વામીપણું બિલકુલ માનતો નથી. તે વિમાન ને દેવો મારી ચીજ છે અને હું તેનો સ્વામી છું એમ ઇન્દ્ર બિલકુલ માનતો નથી. આવો ઇન્દ્ર પણ ભગવાનના સમવસરણમાં વાણી સાંભળવા જાય છે. તો એ વાણી કેવી હશે ?

એકવાર એક ભાઈએ કોઈ મુમુક્ષુને પ્રશ્ન કર્યો કે પરથી (–નિમિત્તથી) કાંઈ થતું નથી તો સોનગઢ સાંભળવા શું કામ જવું ? તમે નિમિત્તને (કર્તાપણે) તો માનતા નથી ને પાછા વારંવાર નિમિત્ત પાસે જાવ છો, તો એ વિરુદ્ધ વાત થઈ ? એક બાજુ નિમિત્તથી કાર્ય થાય નહીં એમ માનો ને બીજી બાજુ વારંવાર સોનગઢ જાવ. – આમ કેમ ? નિમિત્તથી કાંઈક લાભ થયા વિના તમે સોનગઢ એમ ને એમ કેમ જાવ ? ત્યારે તે મુમુક્ષુભાઈએ કહ્યું કે અમે નિમિત્તથી (ઉપાદાનમાં) કાંઈ થતું નથી તે દઢ કરવા માટે ત્યાં (સોનગઢ) જઈએ છીએ.

**શ્રોતા:-** નિમિત્ત દઢતા તો કરાવે છે ને ?

**પૂજ્ય ગુરુદેવશ્રી:-** બિલકુલ નહીં, બિલકુલ નહીં. કારણ કે ઉપાદાનને નિમિત્ત અડતું જ નથી. નિમિત્તની (જ્ઞાનીની) વાણી આ આત્માને અડતી નથી ને નિમિત્તની વાણી કાને પડી તો અંદરમાં જ્ઞાન સમ્યક્ થયું એમ પણ છે નહીં. ગજબ વાત છે બાપુ ! અહા ! વીતરાગ જિનેશ્વરદેવ ત્રિલોકનાથની વાણી દિગંબર સંતો સિવાય બીજે ક્યાંય છે નહીં. અરે ! બીજાઓની ઊંધી વાણીએ તો જગતને ખોટા માર્ગે ચડાવી દીધું છે.

**'આ રીતે પરમાગમના અતુલ અર્થને સારાસારના વિચારવાળી સુંદર બુદ્ધિ**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**વડે જે સમ્યગ્દષ્ટિ સ્વયં જાણે છે તેને અમે વંદન કરીએ છીએ.'** શું કહે છે ? કે કારણતત્ત્વ ને કાર્યતત્ત્વ - બન્ને શુદ્ધ છે એવા પરમાગમનો અતુલ અર્થ છે. પરમાગમના આ અતુલ અર્થને, પરમાગમમાંથી સાર-અસાર જાણીને, ડાહ્યો-જ્ઞાની પુરુષ જાણે છે. લ્યો, પરમાગમે આવું કહ્યું છે તો તેમાંથી જ્ઞાનીએ આવું જ કાઢ્યું (-ગ્રહણ કર્યું) છે. અર્થાત્ જ્ઞાનીએ પરમાગમમાંથી આવું કાઢ્યું તો તેનો અર્થ એ થયો કે પરમાગમે પણ આમ જ કહ્યું છે. અહા ! આગમ સાંભળીને અંતરમાં નિજ અવલંબનથી લાભ માનવો તે આખા આગમનો સાર છે. એટલે કે બાર અંગનો સાર અનુભૂતિ કરવી તે છે. બાકી કોઈ બાર અંગ ભણ્યો માટે કોઈ વિશેષતા છે એવું કાંઈ નથી. શ્રી સમયસાર કલશ-ટીકામાં એ વાત આવે છે કે કોઈ બાર અંગ ભણ્યો એટલે કાંઈક વિશેષતા છે એમ નથી. કેમ કે એ તો વિકલ્પ છે. (કલશ-૧૩) તો, અંદરમાં અનાદિથી એકરૂપ સત્તા રાખવાવાળા પૂર્ણાનંદ પ્રભુ ભગવાન આત્માનો જેણે પત્તો લીધો તેણે તે પત્તો પરમાગમમાંથી સાર ને અસારનો વિચાર કરીને લીધો છે. કારણ કે પરમાગમમાં સાર આ કહેવો હતો, શાસ્ત્રમાં આ કહેવું હતું.

કહે છે કે વીતરાગની વાણીમાંથી આ સાર છે ને આ અસાર છે - એમ સાર-અસારના વિચારવાળો સુધર્મી સુંદર બુદ્ધિ વડે - સુંદર મતિજ્ઞાન ને શ્રુતજ્ઞાન દ્વારા - વાણીના અતુલ અર્થને જાણે છે. અહો ! બાર અંગમાં લાખો-ક્રોડો વાત આવે છે અર્થાત્ કથાનુયોગ, ચરણાનુયોગ, કરણાનુયોગ ને દ્રવ્યાનુયોગમાં અનેક વાત આવે છે. છતાં પણ સાર-અસારનો વિચાર કરવાવાળો સુધર્મી તેમાંથી આ સાર કાઢે છે કે આત્મા સ્વયં ત્રણે કાળે શુદ્ધ છે એમ પરમાગમ કહે છે. લ્યો, ગમે તેટલું સાંભળે તોપણ તેમાંથી આ સાર કાઢવો જોઈએ એમ કહે છે. (આત્મા શુદ્ધ છે એ સાર કાઢવો જોઈએ.)

અહા ! ભગવાન આત્માને અશુદ્ધતા હતી અને પછી અશુદ્ધતા ટળીને શુદ્ધતા થઈ એટલી અપેક્ષા પણ નથી. કેમ કે પૂર્ણાનંદનો નાથ ભગવાન આત્મા તો ત્રિકાળ એકરૂપ શુદ્ધ જ છે. આત્મદ્રવ્ય તો શુદ્ધસ્વરૂપ ભગવાન પરમેશ્વર જ છે. અરે ! અજ્ઞાની ગૃહીત ને અગૃહીત મિથ્યાત્વનું સેવન કરે તોપણ આત્મદ્રવ્યમાં કાંઈ અશુદ્ધતા છે નહીં. જુઓ, પરમાગમમાંથી જ્ઞાનીએ આ સાર કાઢ્યો છે. એનો અર્થ એ છે કે પરમાગમમાં પણ આ જ કહ્યું છે. જુઓ, એકલો 'આગમ' શબ્દ વાપર્યો નથી, પણ 'પરમાગમ' એમ કહ્યું છે. તો, દિગંબર શાસ્ત્ર જ પરમાગમ છે એટલે કે વીતરાગના પરમાગમ છે. તે સિવાય અન્ય કોઈ શાસ્ત્ર વીતરાગના પરમાગમ છે નહીં. બીજા અન્યમતવાળા પોતાનું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કહેલું આગમનું છે એમ કહે છે, પણ તે વીતરાગતાના આગમનું (પરમાગમનું) કહેલું છે જ નહીં. અહા ! બીજાને બહુ દુઃખ લાગે એવું છે. પણ શું કરીએ ? (કેમ કે સત્ય જ આવું છે.)

પ્રભુ ! તું કોણ છો ? કે જેને અશુદ્ધતા કહેવી એ શોભતું નથી. અરે ! અશુદ્ધતા ટળી એમ કહેવું એ પણ શોભતું નથી. પ્રભુ ! તને અશુદ્ધતા હતી ને ટળી એમ કહેવું એ શોભતું નથી નાથ ! હવે આનાથી વિરુદ્ધ બીજી વાતો કરનારા (કદાચ જૈન) સંપ્રદાયને નામે વાતો ચલાવે તોપણ તેમણે આગમનો સાર જાણ્યો નથી. અહીં કહે છે કે પરમાત્માએ કહેલા આગમોમાંથી - ત્રિલોકનાથે કહેલી દિવ્યધ્વનિમાંથી - સાર-અસારનો વિચાર કરનાર સુંદર બુદ્ધિવાળો સમ્યગ્દષ્ટિ છે તે સ્વયં જાણે છે કે હું ત્રિકાળ શુદ્ધ છું. લ્યો, આવું સમ્યગ્દષ્ટિ સ્વયં જાણે છે અર્થાત્ મારામાં અશુદ્ધતા હતી ને ટળી એમ પણ જાણતો નથી. આવી વાત છે. જુઓને ! કેટલી સરસ વાત કરી છે ! કે સર્વજ્ઞદેવે આમ કહ્યું છે, વાણીમાં (-પરમાગમમાં), પણ આમ કહ્યું છે ને વાણીમાંથી સાર-અસારનો વિચાર કરીને જ્ઞાનીએ પણ આ કાઢ્યું છે. આમ ત્રણ વાત થઈ :

(૧) સર્વજ્ઞદેવની વાણીમાં આ સાર કહ્યો છે કે શુદ્ધ ચૈતન્યમૂર્તિ આત્માને શુદ્ધતા-અશુદ્ધતા હોવાની વાત છોડી દે. - આમ ભગવાને કહ્યું છે.

(૨) ભગવાનની વાણીમાં (-પરમાગમમાં) પણ આમ કહ્યું છે અને

(૩) સમ્યગ્દષ્ટિએ પણ પરમાગમમાંથી આમ કાઢ્યું છે.

તેથી આગમમાંથી જે જીવ આ વાત કાઢે છે તે જ આગમને જાણે છે. બાકી કોઈ બીજી રીતે (બીજો સાર) કાઢે તો તે આગમને અને ભગવાનને પણ જાણતો નથી. તથા જે આગમને અને ભગવાનને જાણતો નથી તે આત્માને તો જાણતો જ નથી.

અહા ! અમે સંપ્રદાયમાં ૨૧-૨૧ વર્ષ રહ્યા હતા, તોપણ આ શબ્દો કાને પડ્યા નહોતા. નહીંતર અમારા સંપ્રદાયના ગુરુ તો બહુ શાંત, નરમ, નિરાભિમાની હતા ને તેમનો કષાય પણ મંદ હતો. છતાં અરે ભગવાન ! આ વાત કાને પડેલી નહીં. માટે તેમના કરતાં તો આ સાંભળનારા જીવો ભાગ્યશાળી છે કે તેમને કાને આ વાત પડે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અહીં ભગવાન એમ કહે છે કે પ્રભુ ! તું શુદ્ધ-અશુદ્ધના ભેદને છોડી દે ને હું ત્રિકાળ શુદ્ધ એકરૂપ છું એમ નિર્ણય કર. - આમ મેં (ભગવાને) કહ્યું છે, પરમાગમમાં પણ આમ કહ્યું છે અને પ્રભુ ! તું પણ આગમમાંથી આમ કાઢ. પાછું જોયું ? 'સુંદર બુદ્ધિ વડે' એમ કહ્યું છે. એટલે કે પોતાની કલ્પના દ્વારા નહીં, પણ ભગવાનની વાણીમાં ને આગમમાં જે કહ્યું છે તેમાંથી સુંદર બુદ્ધિ વડે સાર કાઢીને સમ્યગ્દષ્ટિ સ્વયં જાણે છે - એમ કહે છે. અહા ! સમ્યગ્દષ્ટિ સ્વયં એમ જાણે છે કે હું તો અનાદિ-અનંત ચૈતન્યમૂર્તિ એવા આત્મામાંથી ખસ્યો જ નથી, હઠ્યો જ નથી ને મારા દ્રવ્યમાં કયારેય અશુદ્ધતા આવી નથી. મારા દ્રવ્યને અશુદ્ધતા અડતી નથી. અરે ! (પર્યાયરૂપની) શુદ્ધતા પણ મારા દ્રવ્યને અડતી નથી. અહા ! ભગવાને આમ કહ્યું છે, વાણીમાં (પરમાગમમાં) આમ આવ્યું છે અને સુંદર બુદ્ધિવાળા સમ્યગ્દષ્ટિએ પણ આગમમાંથી આમ કાઢ્યું છે. **'તેને અમે વંદન કરીએ છીએ.'**

જુઓ, **'સમ્યગ્દષ્ટિ સ્વયં જાણે છે'** - એમ કહે છે. મતલબ કે કોઈ પરની - ગુરુની ને શાસ્ત્રની - અપેક્ષા વિના સમ્યગ્દષ્ટિ પોતાથી જાણે છે. જોકે તેણે સાર કાઢ્યો છે તો શાસ્ત્રમાંથી, છતાં પણ તે સાર સમ્યગ્દષ્ટિએ સ્વયં કાઢ્યો છે એમ કહે છે. તેને અમે વંદન કરીએ છીએ. અહા ! બહુ સરસ વાત આવી હો.

લ્યો, એ કળશ પૂરો થયો.

ગાથા - ૪૮ પ્રવચન નં. NST / ૧૯ તારીખ ૨૬-૮-૮૦
શ્લોક - ૭૨ ૨૦ ૨૭-૮-૮૦

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

## ❁ ગાથા - ૪૯ ❁

**एदे सव्वे भावा ववहारणयं पडुच्च भणिदा हु ।**
**सव्वे सिद्धसहावा सुद्धणया संसिदी जीवा ॥४९॥**

एते सर्वे भावाः व्यवहारनयं प्रतीत्य भणिताः खलु ।
सर्वे सिद्धस्वभावाः शुद्धनयात् संसृतौ जीवाः ॥४९॥

**આ સર્વ ભાવ કહેલ છે વ્યવહારનયના આશ્રયે;**
**સંસારી જીવ સમસ્ત સિદ્ધસ્વભાવી શુદ્ધનયાશ્રયે. ૪૯.**

**અન્વયાર્થઃ-** (एते) આ (પૂર્વોક્ત), (सर्वे भावाः) બધા ભાવો, (खलु) ખરેખર, (व्यवहारनयं प्रतीत्य) વ્યવહારનયનો આશ્રય કરીને, (भणिताः) (સંસારી જીવોમાં વિદ્યમાન) કહેવામાં આવ્યા છે; (शुद्धनयात्) શુદ્ધનયથી, (संसृतौ) સંસારમાં રહેલા, (सर्वे जीवाः) સર્વ જીવો, (सिद्धस्वभावाः) સિદ્ધસ્વભાવી છે.

**ટીકાઃ-** આ, નિશ્ચયનય અને વ્યવહારનયના *ઉપાદેયપણાનું પ્રકાશન (-કથન) છે.

પૂર્વે જે વિભાવપર્યાયો 'વિદ્યમાન નથી' એમ પ્રતિપાદિત કરવામાં આવ્યા છે તે બધા વિભાવપર્યાયો ખરેખર વ્યવહારનયના કથનથી વિદ્યમાન છે. વળી જેઓ

---

★ *પ્રમાણભૂત જ્ઞાનમાં શુદ્ધાત્મદ્રવ્યનું તેમ જ તેના પર્યાયોનું બન્નેનું સમ્યક્ જ્ઞાન હોવું જોઈએ. 'પોતાને કથંચિત્ વિભાવપર્યાયો વિદ્યમાન છે' એવો સ્વીકાર જ જેના જ્ઞાનમાં ન હોય તેને શુદ્ધાત્મદ્રવ્યનું પણ સાચું જ્ઞાન હોઈ શકે નહિ. માટે 'વ્યવહારનયના વિષયોનું પણ જ્ઞાન તો ગ્રહણ કરવા યોગ્ય છે' એવી વિવક્ષાથી જ અહીં વ્યવહારનયને ઉપાદેય કહ્યો છે, 'તેમનો આશ્રય ગ્રહણ કરવા યોગ્ય છે' એવી વિવક્ષાથી નહિ. વ્યવહારનયના વિષયોનો આશ્રય (-આલંબન, વલણ, સંમુખતા, ભાવના) તો છોડવાયોગ્ય જ છે એમ સમજાવવા ૫૦મી ગાથામાં વ્યવહારનયને સ્પષ્ટપણે હેય કહેવામાં આવશે. જે જીવને અભિપ્રાયમાં શુદ્ધાત્મદ્રવ્યના આશ્રયનું ગ્રહણ અને પર્યાયોના આશ્રયનો ત્યાગ હોય, તે જ જીવને દ્રવ્યનું તેમ જ પર્યાયોનું જ્ઞાન સમ્યક્ છે એમ સમજવું, અન્યને નહિ.*

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(વ્યવહારનયના કથનથી) ચાર વિભાવભાવે પરિણત હોવાથી સંસારમાં પણ રહ્યા છે તે બધા શુદ્ધનયના કથનથી શુદ્ધગુણપર્યાયો વડે સિદ્ધભગવંતો સમાન છે (અર્થાત્ જે જીવો વ્યવહારનયના કથનથી ઔદયિકાદિ વિભાવભાવોવાળા હોવાથી સંસારી છે તેઓ બધા શુદ્ધનયના કથનથી શુદ્ધ ગુણો અને શુદ્ધ પર્યાયોવાળા હોવાથી સિદ્ધ સદશ છે).

એવી રીતે (આચાર્યદેવ) શ્રીમદ્ અમૃતચંદ્રસૂરિએ (શ્રી સમયસારની આત્મખ્યાતિ નામની ટીકામાં પાંચમા શ્લોક દ્વારા) કહ્યું છે કે :—

*(मालिनी)*

**''व्यवहरणनयः स्याद्यद्यपि प्राक्पदव्या-**
**मिह निहितपदानां हंत हस्तावलम्बः ।**
**तदपि परममर्थं चिच्चमत्कारमात्रं**
**परविरहितमन्तः पश्यतां नैष किंचित् ॥''**

(**''શ્લોકાર્થ:-**) જોકે વ્યવહારનય આ પ્રથમ ભૂમિકામાં જેમણે પગ મૂક્યો છે એવા જીવોને, અરેરે ! હસ્તાવલંબરૂપ ભલે હોય, તોપણ જે જીવો ચૈતન્યચમત્કારમાત્ર, પરથી રહિત એવા પરમ પદાર્થને અંતરંગમાં દેખે છે તેમને એ વ્યવહારનય કાંઈ નથી.''

વળી (આ ૪૯મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે):-

*(स्वागता)*

**शुद्धनिश्चयनयेन विमुक्तौ**
**संसृतावपि च नास्ति विशेषः ।**
**एवमेव खलु तत्त्वविचारे**
**शुद्धतत्त्वरसिकाः प्रवदन्ति ॥७३॥**

(**શ્લોકાર્થ:-**) 'શુદ્ધનિશ્ચયનયથી મુક્તિમાં તેમ જ સંસારમાં તફાવત નથી;' આમ જ ખરેખર, તત્ત્વ વિચારતાં (-પરમાર્થ વસ્તુસ્વરૂપનો વિચાર અથવા નિરૂપણ કરતાં), શુદ્ધ તત્ત્વના રસિક પુરુષો કહે છે. ૭૩.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## ગાથા - ૪૯ ઉપરનું પ્રવચન

**'આ, નિશ્ચયનય અને વ્યવહારનયના ઉપાદેયપણાનું પ્રકાશન (કથન) છે.'**

અહીંયા બન્ને નયના ઉપાદેયપણાનું કથન છે. તેમાં વ્યવહારનય ઉપાદેય છે નામ વ્યવહારનયનો વિષય છે (એમ જાણવું). વ્યવહારનયનો વિષય છે એટલું કહેવા (જણાવા) માટે વ્યવહારનયને ઉપાદેય કહ્યો છે. જુઓ, નીચે ફૂટનોટમાં અર્થ કર્યો છે:

'પ્રમાણભૂત જ્ઞાનમાં શુદ્ધાત્મદ્રવ્યનું તેમ જ તેના પર્યાયોનું બન્નેનું સમ્યક્ જ્ઞાન હોવું જોઈએ.' કોઈ પણ વસ્તુનું પ્રમાણજ્ઞાન જ્યારે તેના દ્રવ્યનું ને પર્યાયનું બન્નેનું જ્ઞાન સાથે થાય ત્યારે થાય છે. કેમ કે પ્રમાણજ્ઞાનમાં દ્રવ્યનું ને પર્યાયનું બન્નેનું જ્ઞાન સાથે હોય છે. નિશ્ચયનયમાં સામાન્યનું (-ત્રિકાળી દ્રવ્યનું) જ્ઞાન હોય છે ને વ્યવહારનયમાં વિશેષનું — પર્યાયનું જ્ઞાન હોય છે. જ્યારે પ્રમાણજ્ઞાનમાં સામાન્યનું ને વિશેષનું બન્નેનું જ્ઞાન સાથે હોય છે.

'પોતાને કથંચિત્ વિભાવપર્યાયો વિદ્યમાન છે એવો સ્વીકાર જ જેના જ્ઞાનમાં ન હોય તેને શુદ્ધાત્મદ્રવ્યનું પણ સાચું જ્ઞાન હોઈ શકે નહિ.' આત્મામાં વિકારી પર્યાયો છે, વિદ્યમાન છે. કેમ કે વ્યવહારનય છે તો તેનો વિષય પણ છે. આ રીતે જે વિદ્યમાન છે તેનો જેના જ્ઞાનમાં સ્વીકાર ન હોય તેને અર્થાત્ પર્યાયમાં વિકારી ભાવ નથી એમ માનવાવાળાને આત્મદ્રવ્ય-વસ્તુનું પણ સાચું જ્ઞાન હોતું નથી. પર્યાયમાં વિકારી ભાવ છે એમ જે નથી માનતો તેને આત્મદ્રવ્યનું પણ સાચું જ્ઞાન હોતું નથી. કેમ કે દ્રવ્ય ને પર્યાય મળીને પ્રમાણજ્ઞાનનો વિષય બને છે. એટલે કે પ્રમાણજ્ઞાનના વિષયમાં બન્ને નયનો વિષય આવી જાય છે.

'માટે વ્યવહારનયના વિષયોનું પણ જ્ઞાન તો ગ્રહણ કરવા યોગ્ય છે એવી વિવક્ષાથી જ અહીં વ્યવહારનયને ઉપાદેય કહ્યો છે.' જુઓ, વ્યવહારનયના વિષયોનું જ્ઞાન ગ્રહણ કરવા યોગ્ય છે એમ કહે છે. વ્યવહારનયના વિષયો જાણવા માટે ગ્રહણ કરવા યોગ્ય છે મતલબ કે વ્યવહારનયનો વિષય છે એમ જાણવું. 'વ્યવહારનય જાણેલો પ્રયોજનવાન છે' - એમ જે સમયસારની ૧૨મી ગાથામાં આવે છે તે જ વાત અહીં કહે છે કે વ્યવહારનયના વિષયોનું જ્ઞાન તો ગ્રહણ કરવા યોગ્ય છે અને એવી વિવક્ષાથી જ એટલે કે તેમનું જ્ઞાન કરવા માટે જ અહીં વ્યવહારનયને ઉપાદેય કહ્યો છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



'તેમનો આશ્રય ગ્રહણ કરવા યોગ્ય છે એવી વિવક્ષાથી નહિ.'

શું કહ્યું ? કે વ્યવહારનયના વિષયોનો આદર કરવા માટે વ્યવહારનયને ઉપાદેય કહ્યો નથી. પર્યાયમાં વિકાર છે (-વ્યવહારનયનો વિષય છે) તેમ જ્ઞાનમાં સ્વીકાર કરવા માટે વ્યવહારનયને ઉપાદેય કહ્યો છે. પરંતુ વ્યવહારનયના વિષયો આશ્રય કરવા લાયક છે (માટે વ્યવહારનયને ઉપાદેય કહ્યો છે) એમ નથી. અહા ! જીવે વ્યવહારનયના વિષયો જાણવા લાયક છે કે પર્યાયમાં સંસાર છે, વિકાર છે. અરે ! સમકિતીએ પણ પર્યાયમાં રાગ છે એમ જાણવું. આ રીતે વ્યવહારનયના વિષયો જાણવા માટે ગ્રહણ કરવા લાયક છે (તથા તે અપેક્ષાએ વ્યવહારનયને ઉપાદેય પણ કહે છે). પરંતુ તેમનો આશ્રય ગ્રહણ કરવા યોગ્ય છે એમ કહેવા માટે વ્યવહારનયને ઉપાદેય કહેવામાં આવ્યો નથી.

'વ્યવહારનયના વિષયોનો આશ્રય (-આલંબન, વલણ, સંમુખતા, ભાવના) તો છોડવાયોગ્ય જ છે એમ સમજાવવા ૫૦મી ગાથામાં વ્યવહારનયને સ્પષ્ટપણે હેય કહેવામાં આવશે.' એ વ્યવહારનયના વિષયોનો આશ્રય તો છોડવાયોગ્ય જ છે અને તે સમજાવવા વ્યવહારનય હેય છે એમ આગળ ૫૦મી ગાથામાં પ્રગટપણે કહેશે. જો કે વ્યવહારનય ને તેના વિષયો 'છે' એમ જાણવા લાયક છે, છતાં પણ તેઓ છે હેય.

'જે જીવને અભિપ્રાયમાં શુદ્ધાત્મદ્રવ્યના આશ્રયનું ગ્રહણ અને પર્યાયોના આશ્રયનો ત્યાગ હોય, તે જ જીવને દ્રવ્યનું તેમ જ પર્યાયોનું જ્ઞાન સમ્યક્ છે એમ સમજવું, અન્યને નહિ.' પાઠમાં (-ટીકામાં) વ્યવહારનયને માટે 'ઉપાદેય' શબ્દ આવ્યો ને ? એટલે ફૂટનોટમાં *(પાના નં. ૨૭૦ ઉપર)* ખુલાસો કરવો પડ્યો છે. નિશ્ચયનયને અને વ્યવહારનયને બન્નેને ઉપાદેય કહ્યા છે તો તેનો અર્થ શું છે ? કે પર્યાય, વિકાર આદિ (વ્યવહારનયના વિષયો) છે એમ જાણવા માટે વ્યવહારનયને ઉપાદેય કહ્યો છે. પણ પર્યાયની સન્મુખ થઈને વ્યવહારનયના વિષયો આશ્રય કરવા લાયક છે કે આદર કરવા લાયક છે તે અપેક્ષાએ વ્યવહારનયને ઉપાદેય કહ્યો નથી.

આ ગાથાના અર્થમાં અત્યારે મોટી તકરાર-ગરબડ ચાલે છે. અજ્ઞાની કહે છે કે વ્યવહાર નિશ્ચયનું કારણ છે માટે વ્યવહારનય પણ આદરણીય છે એમ અહીંયા (આ ગાથામાં) કહેવું છે. પણ ભાઈ ! અહીંયા એમ કહેવું જ નથી. અહીં તો વ્યવહારનયનો વિષય છે અને તે જાણવા લાયક છે એમ કહેવું છે. પરંતુ તે આદરવા લાયક છે એમ નથી કહેવું. તેમ જ વ્યવહારથી નિશ્ચય થાય એવું પણ અહીંયા કહેવું નથી.

હવે મૂળ ટીકા :

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**'પૂર્વે જે વિભાવપર્યાયો વિદ્યમાન નથી એમ પ્રતિપાદિત કરવામાં આવ્યા છે તે બધા વિભાવપર્યાયો ખરેખર વ્યવહારનયના કથનથી વિદ્યમાન છે.'** પૂર્વે વિભાવપર્યાયો હેય છે (અર્થાત્ વિદ્યમાન નથી) એમ કહ્યું હતું. વિકારી વિભાવપર્યાયોની તો શું વાત કરવી, પરંતુ ક્ષાયિકભાવ પણ હેય છે (અર્થાત્ વિદ્યમાન નથી) એમ કહ્યું હતું. ચારેય પર્યાયરૂપ ભાવને હેય કહ્યા હતા અને અહીંયા એ બધા ભાવો વ્યવહારનયથી 'વર્તમાન વિદ્યમાન છે' એમ જ્ઞાન કરાવવા માટે કહેવામાં આવ્યા છે.

**'વળી જેઓ (વ્યવહારનયના કથનથી) ચાર વિભાવભાવે પરિણત હોવાથી સંસારમાં પણ રહ્યા છે'** ... જુઓ, વ્યવહારનયે (નિશ્ચયનયે નહીં) ચાર વિભાવભાવે આત્મા પરિણત છે એમ કહે છે તથા ઔદયિક, ઔપશમિક, ક્ષાયોપશમિક અને ક્ષાયિક – એ ચારેય ભાવોને અહીંયા વિભાવભાવ કહેવામાં આવ્યા છે. અહા ! જે ત્રિકાળી પારિણામિક સ્વભાવભાવ છે તે એક જ સનાતન દ્રવ્ય છે, જ્યારે આ ઔદયિક, ઔપશમિક, ક્ષાયોપશમિક ને ક્ષાયિક – એ ચારેય ભાવો પર્યાય છે અને તે ચારેય પર્યાય હેય છે.

આ આત્માનું દ્રવ્ય (ધ્રુવત્વ) છે તે ત્રિકાળી દ્રવ્ય છે અને તેનો વર્તમાન પર્યાય છે તે વર્તમાન અવસ્થા છે. તો, તે અવસ્થાને જાણવી એમ અહીં કહેવામાં આવ્યું છે, પરંતુ તે અવસ્થા આશ્રય કરવા લાયક છે એમ અહીં કહેવામાં આવ્યું નથી. લ્યો, ઔદયિક, ઔપશમિક, ક્ષાયોપશમિક ને ક્ષાયિક – એ ચારેય ભાવને અહીંયા વિભાવભાવો કહ્યાં છે. આ ચારેય ભાવ પર્યાય છે અને તે પર્યાય આશ્રય કરવા લાયક નથી, પરંતુ તે 'છે' એમ જાણવા લાયક છે. આદરણીય તો ત્રિકાળી પરમ સ્વભાવભાવરૂપ પંચમભાવ — જ્ઞાયકભાવ છે કે જે સમકિતનો વિષય છે. સમકિતનો વિષય તે એક જ છે અને તે સમકિતનો વિષય જ આદરણીય છે. પણ આ ઔદયિકાદિ ચાર પર્યાય સમકિતનો વિષય નથી (ને આદરણીય પણ નથી.) આવી ઝીણી વાત છે.

અહા ! દેહ ને વાણીની ક્રિયારૂપ બહારના ક્રિયાકાંડ તો ક્યાંય દૂર રહી ગયા. કેમ કે એ તો જડ છે ને જડને તો આત્મા ક્યારેય અડતોય નથી, સ્પર્શતોય નથી. ચૈતન્યતત્ત્વ ક્યારેય જડનો સ્પર્શ કરતું નથી. અરે ! જડ પુદ્‌ગલનો એક પરમાણુ પણ બીજા પરમાણુનો સ્પર્શ ક્યારેય કરતો નથી. (તો પછી આત્મા પરમાણુનો સ્પર્શ કરે એમ કેવી રીતે હોઈ શકે ?) હવે આવી વાત છે તો પણ અજ્ઞાની 'આ કરો ને તે કરો' એમ બાહ્ય ક્રિયાકાંડમાં રોકાઈ ગયો છે. પણ પ્રભુ ! તું પરનું શું કરી શકે છે ? (કાંઈ જ નહીં.) અહીં કહે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે કે પ્રભુ ! તું કોણ છો ? કેવો છો ? કે તારી ચીજ તો જ્ઞાયકભાવ છે. તું તો જ્ઞાયક-જાણવાના સ્વભાવનો પિંડ છો અને તે જ આદરણીય છે, ગ્રહણ કરવા લાયક છે. તે સિવાય જે કોઈ પર્યાય પ્રગટ થાય તે બધી જાણવા લાયક છે. પર્યાય 'છે' એમ માનવા લાયક છે, પરંતુ આશ્રય કરવા લાયક નથી. હવે અજ્ઞાનીને આવી વાત આકરી પડે છે. પણ શું થાય ? (કેમ કે વસ્તુસ્વરૂપ જ આવું છે.)

**'વળી જેઓ (વ્યવહારનયના કથનથી) ચાર વિભાવભાવે પરિણત હોવાથી સંસારમાં પણ રહ્યા છે તે બધા શુદ્ધનયના કથનથી શુદ્ધગુણપર્યાયો વડે સિદ્ધભગવંતો સમાન છે.'** શું કહે છે ? કે સંસારી પ્રાણીને દયા-દાન, રાગ-દ્વેષ આદિરૂપ ઔદયિકભાવ પણ છે, સમકિત ને ચારિત્રનો ઔપશમિકભાવ પણ છે, જ્ઞાનાદિનો ક્ષાયોપશમિકભાવ પણ છે અને સમકિત, જ્ઞાન આદિનો ક્ષાયિકભાવ પણ છે. જ્યાંસુધી તે ઔદયિકાદિ ચાર વિભાવભાવો છે ત્યાંસુધી તે સંસારી છે. તો, તે ભાવો જાણવા લાયક છે પણ આદરવા લાયક નથી. અહીંયા વિભાવભાવનો અર્થ વિકાર નથી, પણ વિશેષભાવ છે. ત્રિકાળી સ્વરૂપ ભગવાન આત્મા છે તે સામાન્યભાવ છે ને તેના પર્યાય-અવસ્થા-હાલતમાં આ ચાર ભાવો છે તે વિશેષભાવો છે. તે વિશેષભાવો સંસારાવસ્થામાં છે તથા 'છે' પણે માનવા લાયક પણ છે. હવે કહે છે કે, તે ચાર પર્યાય સંસારદશામાં હોવા છતાં પણ શુદ્ધનયના કથનથી તો બધા (સંસારી) આત્મા સિદ્ધ સમાન જ છે.

અહા ! સંસારી આત્માને ઔદયિકાદિ ચાર પર્યાય છે. પણ એ તો જાણવા લાયક છે, આદરવા લાયક નથી. સંસારદશામાં દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિના ભાવ આવે છે, પરંતુ તે આશ્રય કરવા લાયક નથી તેમ જ તેનાથી લાભ થાય એમ માનવા લાયક પણ નથી. માત્ર 'છે' તરીકે જાણવા લાયક છે. આકરું પડે એવું છે ! જુઓ, અહીંયા એમ કહ્યું ને ? કે ચાર વિભાવભાવવાળા સંસારી જીવો તો છે. કોઈ જીવ સંસારી છે જ નહીં એમ નથી. તો, ચાર વિભાવપર્યાયવાળા સંસારી છે. પરંતુ તે બધાય અંતર નિશ્ચયદષ્ટિના કથનથી સિદ્ધ સમાન છે. બીજી રીતે કહીએ તો, ત્રિકાળી સ્વભાવનું જ્ઞાન કરાવવા માટે ને ત્રિકાળી જ્ઞાયકભાવ જ એક આદરણીય છે એમ કથન કરવા માટે એ ચાર ભાવોવાળા સંસારી જીવો પણ નિશ્ચયનયથી સિદ્ધ સમાન જ છે એમ કહ્યું છે. આવી ભારે આકરી વાત છે. લ્યો, અહીં તો ચાર ભાવોવાળા બધાય જીવોને સંસારી કહ્યાં અને તેઓ (સંસારી જીવો) વિદ્યમાન છે એમ પણ કહ્યું. છતાં પણ શુદ્ધનયથી - નિશ્ચયનયથી - પરમસત્યદષ્ટિથી - ત્રિકાળી પરમપારિણામિક સ્વભાવનો સ્વીકાર

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કરવાવાળી દૃષ્ટિથી - જોઈએ તો તે બધાય સંસારી સિદ્ધ સમાન છે એટલે કે તે ચારેય વિભાવપર્યાય વસ્તુમાં છે નહીં.

અહા ! આવી વાત જગતને આકરી પડે છે. પણ શું થાય ? અરે ! ૮૪ લાખ યોનિના અવતાર કરતાં-કરતાં અનંત કાળ ગયો, છતાં આ વાત તેને મળી નથી. તેણે એક-એક યોનિમાં અનંત વાર અવતાર કર્યાં છે. જેની ગણતરી નથી એવા અનંત-અનંત ભવ તેણે કર્યાં છે અને તેમાં એક-એક યોનિમાં અનંત-અનંત વાર અવતાર ધારણ કરીને ૮૪ લાખ યોનિના અવતાર અનંત વાર ધારણ કર્યાં છે - એક આત્મજ્ઞાન વિના. આત્મજ્ઞાન સિવાય ક્રિયાકાંડ તો અનંત વાર ઘણા કર્યાં છે, પરંતુ એ તો રાગની ક્રિયા છે. તે રાગથી તો પુણ્યબંધ થાય ને પુણ્યબંધથી તો સંસાર મળે, પણ તેનાથી જન્મ-મરણનો અંત આવતો નથી.

અહીં એ કહ્યું કે પર્યાયદૃષ્ટિવાળા ને ચાર વિભાવભાવોવાળા સંસારી છે. અર્થાત્ સંસારી જીવ ચાર ભાવોવાળા છે. કોઈ જીવ સંસારી જ નથી એમ નથી. ઔદયિક, ઔપશમિક, ક્ષાયોપશમિક ને ક્ષાયિક - એ ચાર ભાવોવાળા સંસારી જીવો છે. પરંતુ શુદ્ધનયની દૃષ્ટિથી જોઈએ તો તે સંસારી જીવો ચાર ભાવોવાળા નથી, પણ એકલા શુદ્ધભાવવાળા છે. જગતને આ આકરું પડે છે. પણ શું થાય ? એક તો ધંધાના પાપ આડે આખો દિ' તેને નવરાશ મળતી નથી. તેમાં કદાચ નવરાશ મળે તો ધર્મને નામે ચાલતા બહારના ક્રિયાકાંડમાં ધર્મ માની લે છે. આવી રીતે તેની જિંદગી ચાલી જાય છે. ભાઈ ! મૃત્યુનો અવસર સમીપ આવે છે હોં.

અહીં પરમાત્મા ત્રિલોકનાથ જિનેશ્વરદેવ એમ કહે છે કે પ્રભુ ! સંસારી પ્રાણીના એક સમયના પર્યાયમાં ભલે ચાર ભાવો હોય, પણ શુદ્ધનયથી જોઈએ તો તે ચાર ભાવોની ગણતરી આવતી નથી (તે ચાર ભાવો જણાતા નથી). પરંતુ એ તો સિદ્ધ સમાન ત્રિકાળી સનાતન ચૈતન્યસ્વરૂપ છે - ત્રિકાળી પંચમભાવસ્વરૂપ છે - એમ જણાય છે.

**પ્રશ્નઃ-** શુદ્ધગુણપર્યાયો એટલે ?

**સમાધાનઃ-** કે સંસારીના પર્યાય નહીં, પણ સિદ્ધના ગુણ ને પર્યાય. સિદ્ધના ગુણ ને પર્યાય જેવા (નિર્મળ સ્વભાવવાળા) બધા સંસારી જીવો છે. જુઓ, આ ક્ષાયિકભાવના પર્યાયને પહેલાં કાઢી નાખ્યો હતો કે (તે વિદ્યમાન નથી), તો પણ હવે એમ કહે છે કે શુદ્ધનયનાં કથનથી જે સિદ્ધનો પર્યાય છે - જે ક્ષાયિકભાવ છે - તે વાળા હોવાથી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સંસારી જીવ સિદ્ધ સમાન છે. જોકે છે તો સિદ્ધનો પર્યાય ક્ષાયિકભાવ, છતાં પણ તેને અહીં ક્ષાયિકભાવરૂપે લેવો નથી, (ત્રિકાળી શુદ્ધ સ્વભાવરૂપે લેવો છે.)

અહા ! અહીં એમ કહે છે કે ઔદયિકાદિ ચાર ભાવોવાળા સંસારી જીવો છે. ઔદયિક, ઔપશમિક, ક્ષાયોપશમિક ને ક્ષાયિક - એ ચાર પર્યાયવાળા સંસારી પ્રાણી છે. પણ તેમને શુદ્ધનયથી જોઈએ તો તેઓ સિદ્ધ સમાન છે. સિદ્ધના ગુણો ને પર્યાયો સમાન (નિર્મળ સ્વભાવવાળા) સિદ્ધ જ છે. 'સિદ્ધ સમાન સદા પદ મેરો' - એમ આવે છે ને ? અર્થાત્ નિર્મળાનંદ પ્રભુ ભગવાન આત્મા અંદર બિરાજે છે. સંસારીની અવસ્થા - પર્યાયને ન જુઓ તો અંદર ભગવાન આત્મા પરિપૂર્ણ અતીંદ્રિય આનંદથી સર્વાંગ ભરેલો જ છે. પૂર્ણ જ્ઞાન, પૂર્ણ વીતરાગતા, પૂર્ણ શાંતિ વગેરેથી તે અંદર પૂરો ભરેલો છે. તેને જોનાર નયથી જોઈએ તો તે ઔદયિકાદિ ચાર ભાવો - કે જે સંસારીને હોય છે તે - તેનામાં (સંસારીમાં) નથી, પણ તે સિદ્ધ સમાન છે.

અહા ! સમ્યગ્દર્શનનો વિષય ત્રિકાળી દ્રવ્ય જ છે. વર્તમાન ક્ષાયિકપર્યાય પણ, તે પછી ક્ષાયિક સમકિત હો કે ક્ષાયિક યથાખ્યાત ચારિત્ર હો તો પણ, સમ્યગ્દર્શનનો વિષય નથી, સમ્યગ્દર્શનનું ધ્યેય નથી. તેથી ચોથા ગુણસ્થાનવાળો - ધર્મની પહેલી શરૂઆતવાળો - ધર્મના પહેલા પગથિયા કે સોપાનવાળો - સમ્યગ્દષ્ટિ સિદ્ધ સમાન આત્મા છે તેને માને છે. સમ્યગ્દષ્ટિ = સમ્યક્ + દષ્ટિ = સત્ય (સાચી) દષ્ટિ. ત્રિકાળી પરમ સત્સ્વભાવી ભગવાન આત્માનો - પંચમભાવનો - ત્રિકાળી જ્ઞાયકભાવનો - સ્વીકાર જે દષ્ટિ કરે તે દષ્ટિ સમ્યગ્દર્શન છે. તે સમ્યગ્દર્શનનો વિષય - તેનું લક્ષ - તેનું ધ્યેય - ત્રિકાળી વસ્તુ જ્ઞાયકભાવ આત્મા છે. પણ આ ઔદયિકાદિ ચાર પ્રકારના પર્યાય તેનો વિષય નથી. અરે ! આવો નિર્ણય ક્યારે કરશે ? પરંતુ તેને નવરાશ-ફુરસદ ક્યાં છે ? એ તો બહારના ક્રિયાકાંડની પ્રવૃત્તિમાં પડ્યો છે ને જિંદગી ચાલી જાય છે.

અહીંયા અરિહંતદેવ, સર્વજ્ઞદેવ, પરમાત્માનો આ પોકાર છે - તેમની આ વાણી છે — કે અંતરમાં મહાપ્રભુમય વસ્તુ આત્મા પડ્યો છે. તારી ચીજ ત્રણે કાળે સિદ્ધ સમાન જ છે. માટે પ્રભુ ! તારા સંસાર પર્યાયમાં-દશામાં ઔદયિકાદિ ચાર ભાવો દેખાય છે એ હેય છે. અરે ! શરીર, વાણી, મન, કર્મ, પૈસા, સ્ત્રી અને કુટુંબ આદિ તો ક્યાંય પરમાં રહ્યાં. તેઓ તો તેમને કારણે આવે ને જાય છે. તેમની સાથે આત્માને કાંઈ સંબંધ નથી. કારણ કે એક દ્રવ્ય બીજા દ્રવ્યને ચુંબતું નથી, અડતું નથી એમ ત્રણલોકના નાથ કેવળજ્ઞાનીનો પોકાર છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**સમાધાનઃ-** અત્યારે, અરે ત્રણે કાળે પણ. શ્રી સમયસારજીની ત્રીજી ગાથામાં આવે છે કે સર્વ દ્રવ્યો - જેટલા અનંત પદાર્થો છે તે સર્વે - પોતાના ગુણ ને પર્યાયરૂપી ધર્મોને એટલે કે સ્વભાવોને સ્પર્શે છે, પણ પરદ્રવ્યને અડતા નથી. લ્યો, અંદર આ આત્મા છે તે શરીરને અડતોય નથી એમ કહે છે. અહા ! આ કોણ માને ? લોકો પાગલ જ કહે એવી વાત છે ને ? અરે ! લોકો પાગલ છે ને તેઓ સત્યને પાગલ (ખોટું) કહે એવું સત્ય છે. અહીં તો અરિહંત ત્રિલોકનાથ ભગવાનનો પોકાર છે કે આ આત્મા શરીરને ભૂત કાળમાં સ્પર્શ્યો જ નથી, અડ્યો જ નથી. તેવી રીતે ચૈતન્યસ્વરૂપ આત્મા અંદર રહેલા આઠ કર્મોને પણ અડ્યો-સ્પર્શ્યો કે ચુંબ્યો નથી. કેમ કે તે બન્ને ચીજ (આત્મા ને કર્મ) તદ્દન ભિન્ન છે. અહા ! સનાતન સત્ દ્રવ્ય-વસ્તુ છે તે......પણ સર્વજ્ઞ જિનેશ્વરે જે દ્રવ્યસ્વભાવ-વસ્તુસ્વભાવ જોયો છે તેરૂપ દ્રવ્ય-વસ્તુ હો. તો, એ દ્રવ્ય-વસ્તુ છે તે एयत्तणिच्छयगओ समओ सव्वत्थ सुंदरो लोए - એકત્વ-એકપણાને નિશ્ચયથી પ્રાપ્ત હોય તો સુંદર છે. અને તે દ્રવ્ય બીજા દ્રવ્યને અડતું નથી. ત્રણ કાળમાં ક્યારેય એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડતું નથી ને સ્પર્શતું પણ નથી. - આમ સમયસારની ગાથા ત્રણની ટીકામાં કહ્યું છે.

**પ્રશ્નઃ-** (એક દ્રવ્ય બીજા દ્રવ્યને) અડે તો શું અભડાઈ જાય ?

**સમાધાનઃ-** પણ વસ્તુનો સ્વભાવ જ એવો છે કે એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડી શકે જ નહીં. (તેથી અભડાવાનો સવાલ જ રહેતો નથી.) એક તત્ત્વમાં બીજા તત્ત્વનો અત્યંત અભાવ છે. તેથી અર્થાત્ એકબીજામાં અભાવ છે એટલે એક તત્ત્વ-ચીજ બીજા તત્ત્વને-ચીજને ક્યારેય સ્પર્શતું નથી, ચુંબતું નથી. તે કારણે એક આત્મા બીજા આત્માને કે શરીરને કે વાણીને કે કર્મને ક્યારેય અડ્યો નથી. અરે ! પણ આ વાત બેસવી (બહુ મુશ્કેલ છે.) અહા ! કઠણ લાગે એવી ઝીણી વાત છે ભાઈ !

અહીં કહે છે કે સંસારી પ્રાણી ઔદયિકાદિ ચાર પર્યાયવાળા છે. અર્થાત્ ચાર ગતિમાં જે જીવોની હયાતી છે તેઓ આ ચાર પર્યાયવાળા છે. પરંતુ તેમને વસ્તુદૃષ્ટિએ જોઈએ તો - કાયમી રહેનાર પરમાત્મસ્વરૂપ આત્માની દૃષ્ટિથી જોઈએ તો - એ બધા ચારેય ભાવો હેય છે (એટલે કે સંસારી જીવ ચાર ભાવોવાળા દેખાતા નથી), પણ તેઓ તો સિદ્ધ સમાન જ છે એમ દેખાય છે અને એ સિદ્ધ સમાન આત્મા સમ્યગ્દર્શનનો વિષય છે. સમકિત - ચોથું ગુણસ્થાન - પ્રગટ થાય છે તેનો વિષય આ એકરૂપ જ્ઞાયકભાવ છે તે જ એક છે. પણ સમકિતનો વિષય ઔદયિકાદિ ચાર પર્યાય પણ નથી. આવી વાત છે. (અરે ! આવી વાત અજ્ઞાનીને સમજાતી નથી.) પણ શું થાય ? કેમ કે દયા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પાળો, વ્રત કરો, ભક્તિ કરો ને પૂજા કરો - એવી પ્રવૃત્તિ આડે તેને નવરાશ મળતી નથી અને તે પ્રવૃત્તિમાં જ ધર્મ મનાઈ ગયો છે. પરંતુ ભાઈ ! એ તો રાગ છે, ઔદયિકભાવ છે. (તેમાં ધર્મ નથી.) જુઓ, અહીં તો ઔપશમિક, ક્ષાયોપશમિક ને ક્ષાયિકભાવ પણ સંસારી જીવને હોય છે એમ કહે છે. અહા ! તે ભાવો આત્મામાં છે નહીં. કેમ કે આત્મા તો ત્રિકાળી જ્ઞાયક આનંદકંદ પ્રભુ છે. અનાકુળ આનંદનો નાથ એવા આત્માને ભગવાન સર્વજ્ઞ પરમાત્માએ જેવો જોયો, અનુભવ્યો ને પ્રગટ કર્યો તેવો જ આત્મા બધાની અંદરમાં છે. તેથી આત્માને અને ઔદયિકાદિ ચાર ભાવોને સંબંધ નથી એમ કહે છે. અને તો વળી શરીર, વાણી, મન અને બહારની ધૂળને-પૈસાને પોતાના માનવા એ તો મિથ્યાત્વ ને અજ્ઞાન છે જ.

**પ્રશ્ન:-** ચક્રવર્તી તો પોતાના રાજ્યને પોતાનું માનતા હતા ને ?

**સમાધાન:-** ન હોતા માનતા. સમકિતી ચક્રવર્તી રાજ્યાદિનો એક રજકણ પણ મારો છે એમ માનતા ન હોતા. પહેલા તીર્થંકર શ્રી ઋષભદેવ ભગવાનના પુત્ર ભરત ચક્રવર્તીને ૯૬ હજાર સ્ત્રી ને ૯૬ કરોડ પાયદળ આદિ હતાં. છતાં હું તો આત્મા જ્ઞાનાનંદસ્વરૂપ છું ને જ્ઞાનાનંદસ્વરૂપથી ભિન્ન એવી પર ચીજ મારી નથી એમ તેઓ માનતા હતા. અરે ! તેઓ એક રાગનો કણ પણ પોતાનો માનતા નહીં. બેનમાં (બહેનશ્રીનાં વચનામૃત બોલ નં. ૩૨૩ માં) દાખલો આપ્યો છે કે જેમ અગ્નિ ને બરફની વચ્ચે ઉભેલો પ્રાણી અગ્નિ તરફ નહીં જાય, બરફ તરફ જશે. તેમ પુણ્ય-પાપના ભાવ - શુભાશુભભાવ - એ અગ્નિ છે. જ્યારે શુભાશુભભાવ રહિત પ્રભુ ભગવાન આત્મા અંદરમાં બરફ જેવો શીતળ-ઠંડો છે અર્થાત્ અવિકારી શાંતરસમય છે. તો, ધર્મી જીવ શાંતરસમય આત્મા તરફ જશે, પણ એ વિકારી ભાવ - કે જે અગ્નિ સમાન છે તે - તરફ નહીં જાય. લ્યો, આવી વાત છે. અહા ! અજ્ઞાનીએ આવી વાત કોઈ દિ' સાંભળી ન હોય એટલે બાહ્ય ક્રિયાઓ કરીને માને કે ધર્મ થઈ ગયો. પણ અરે પ્રભુ ! આવા ક્રિયાકાંડ કરતાં-કરતાં તો અનંત કાળ વીતી ગયો છે. નાથ ! આવા તો અનંતા ભવ કર્યા છે, છતાં પણ એક ભવ પણ ઘટ્યો નથી.

**'(અર્થાત્ જે જીવો વ્યવહારનયના કથનથી ઔદયિકાદિ વિભાવભાવોવાળા હોવાથી સંસારી છે તેઓ બધા શુદ્ધનયના કથનથી શુદ્ધ ગુણો અને શુદ્ધ પર્યાયોવાળા હોવાથી સિદ્ધ સદૃશ છે.)'** જુઓ, અહીં એમ કહ્યું ને ? કે ઔદયિકાદિ વિભાવભાવોવાળા હોવાથી સંસારી છે એટલે કે સંસારી જીવો છે. છતાં પણ તેઓ બધા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



– ઔદયિક વિભાવભાવવાળા પણ તેમાં આવી ગયા હો – શુદ્ધનયના કથનથી અર્થાત્ પવિત્ર દૃષ્ટિથી ને તેના કથનથી એટલે કે વાસ્તવિક વસ્તુની દૃષ્ટિથી ને તેના કથનથી શુદ્ધ ગુણો અને શુદ્ધ પર્યાયોવાળા હોવાથી સિદ્ધ સદશ છે. આકરી વાત છે !

અહા ! આ શરીર તો અનંત રજકણોનું બનેલું જડ-માટી-ધૂળ છે. તેનો એક રજકણ પણ આત્માનો નથી. લ્યો, આ આંગળી હાલે છે ને જીભ ચાલે છે તે પણ આત્માથી નથી ચાલતા એમ કહે છે. અરે ! કોણ માને ? પણ ભાઈ ! જે આ ચાલે છે તે આંગળી ને જીભ જડ છે. તેથી તે જડથી ચાલે છે, પણ આત્માથી નહીં. આત્મા તો જ્ઞાન ને આનંદસ્વરૂપ છે અને તે ભગવાન આત્મા પોતાની ચીજમાં (-સ્વરૂપમાં) બિરાજમાન છે. પર ચીજની ક્રિયાનો અભિમાની સંસારમાં – ૮૪ લાખ યોનિમાં – રખડે છે. અહીં પણ એમ કહ્યું ને ? કે 'ચાર વિભાવભાવે પરિણત હોવાથી સંસારમાં પણ રહ્યા છે.' – ઔદયિકાદિ વિભાવભાવોવાળા હોવાથી સંસારી જીવ છે. પરંતુ તે વ્યવહારનયના કથનથી છે હોં. શુદ્ધનયના કથનથી તો તેઓ બધા 'શુદ્ધગુણપર્યાયો વડે સિદ્ધભગવંતો સમાન છે.' – સિદ્ધભગવાન સમાન છે. પણ જો અંદરમાં બધાય આત્મા સિદ્ધભગવાનસ્વરૂપ ન હોય તો, પર્યાયમાં સિદ્ધભગવાન થશે ક્યાંથી ? પ્રાપ્તની પ્રાપ્તિ છે. સિદ્ધસ્વરૂપ અંદરમાં છે તો પર્યાયમાં પ્રગટ થાય છે. જેમ કૂવામાં હોય તો અવેડામાં આવે તેમ અંદરમાં અનંત જ્ઞાન, આનંદ, શાંતિ આદિ અનંત-અનંત ગુણોનો પિંડ પ્રભુ આત્મા છે કે જેમાં રાગની ગંધ પણ નથી. આવી ચીજની દૃષ્ટિ કરવાથી (અંદરમાં જે અનંત જ્ઞાનાદિ છે તે પ્રગટે છે.)

અહીં કહ્યું કે સંસારી જીવો વસ્તુની દૃષ્ટિથી – શુદ્ધનયથી – સિદ્ધ સમાન જોવામાં આવે છે. આકરી વાત છે પ્રભુ ! અહા ! આ એક વાત બેસે તો તેને સમ્યગ્દર્શન થઈ જાય. બાકી ઉપવાસ કરવો, ચોવિહાર પાળવો, શરીરથી બ્રહ્મચર્ય પાળવું આદિ ક્રિયાકાંડ કરીને મરી જાય તોપણ સમ્યગ્દર્શન થાય નહીં. આવું તો તેણે અનંતવાર કર્યું છે. અનંતવાર આવી ક્રિયાઓ કરી છે અને અનંતવાર નવમી ગ્રૈવેયક પણ ગયો છે. પણ અંદરમાં પૂર્ણાનંદનો નાથ જે ભગવાન આત્મા છે તેના ઉપર તેણે દૃષ્ટિ કરી નથી એટલે કે તેનો સ્વીકાર – સત્કાર – આદર – કર્યો નથી. તેણે તો આ રાગભાવનો તેણે આદર કર્યો છે.

રજકણ તારા રખડશે, જેમ રખડતી રેત;
પછી નરતન પામીશ ક્યાં ? ચેત, ચેત, નર ચેત.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આ પૈસા-ધૂળ તો ક્યાંય રહી ગયા, પરંતુ આ શરીર પણ માટીનું-ધૂળનું બનેલું છે અને તે સ્મશાનમાં રાખ થઈને ઉડી જશે. માટે જો આ વસ્તુસ્વરૂપ ન સમજ્યો (તો ચાર ગતિમાં ભાઈ ! રખડવું પડશે.) જેમ સોયમાં દોરો પરોવ્યો નહીં હોય તો સોય ખોવાઈ જશે તેમ આત્મારૂપી સોયની અંદરમાં જો સમ્યગ્જ્ઞાનરૂપી દોરો નહીં પરોવ્યો હોય એટલે કે ઔદયિકાદિ ચાર ભાવોથી ભિન્ન હું એકલો જ્ઞાયક છું એવું જ્ઞાન જો નહીં કર્યું હોય તો તે ખોવાઈ જશે. તેણે અંદરમાં જો આવું ભાવશ્રુતજ્ઞાન પ્રગટ ન કર્યું તો તે ચાર ગતિમાં રખડશે. આવી વાત છે.

અહીં તો કહે છે કે પ્રભુ ! સાંભળ તો ખરો ! કે સંસારીના પર્યાયમાં ઔદયિકાદિ ચાર ભાવો છે. દયા-દાન ને રાગ-દ્વેષાદિભાવ ઔદયિકભાવ છે, અંદરમાં અંશે શાંતિ પ્રગટે તે ઔપશમિકભાવ છે, કંઈક ઉઘાડ હોય ને કંઈક ઉઘાડ ન હોય તે ક્ષાયોપશમિકભાવ છે અને જે પ્રગટ્યા પછી ક્યારેય જાય નહીં તે ક્ષાયિકભાવ છે. - આ ચારેય ભાવરૂપે સંસારી પ્રાણી પરિણમેલા છે એમ અહીં કહે છે. આ રીતે વ્યવહારનયનો વિષય છે એમ સિદ્ધ કરે છે, પરંતુ તે આદરણીય નથી.

અહા ! દયા, દાન, ભક્તિ, ભગવાનનું સ્મરણ આદિ જે રાગ છે તે બધોય ઔદયિકભાવ છે અને તે રાગાદિ પરિણામોના કરનારા અર્થાત્ વિભાવભાવવાળા બધા પ્રાણી સંસારી છે. છતાં તે બધા શુદ્ધનયના કથનથી સિદ્ધ સદશ છે. અરે ! પણ આ કેમ બેસે ? કેમ કે સ્ત્રી-પુત્રાદિને રાખવા, સાચવવા ને રાજી કરવા તથા છ-સાત કલાક ઊંઘવું - એમ આખો દિ' તે પાપના ધંધા કરે છે. અરેરે ! મનુષ્યપણાનો અવસર-વખત ચાલ્યો જાય છે હોં. તે મૃત્યુની નજીક જઈ રહ્યો છે ! અને જે મૃત્યુની પળ છે તે ફરે એવી નથી. ભગવાનના જ્ઞાનમાં જે પળ જાણવામાં આવી કે આ પળે આ દેહ છૂટવાનો છે તે પળે દેહ છૂટે છૂટકો છે. જ્યાં - જે ક્ષેત્રે, જે કાળે-સમયે ને જે રીતે દેહ છૂટવાનું નક્કી થઈ ગયેલું છે ત્યાં - તે ક્ષેત્રે, તે કાળે ને તે રીતે ફટાક દઈને દેહ છૂટી જવાનો ને આત્મા, પોતાની સત્તા કાયમની છે તેને લઈને (કારણે), ચાલ્યો જશે. પણ તે જશે ક્યાં ? પોતે જેવા ભાવ કર્યા હશે તેવા ભાવમાં રહીને (તેવા ભાવ સાથે લઈને) ચાલ્યો જશે. રાગાદિને પોતાના ભાવ માન્યા હશે અર્થાત્ દયા-દાનનો ભાવ - કે જે રાગ છે તે - પણ મારો છે અને મને લાભદાયક છે એવી મિથ્યાદષ્ટિ (ખોટી માન્યતા) હશે તો તે સાથે લઈને ને મિથ્યાદષ્ટિપણે રહીને ચાર ગતિમાં રખડવા-રઝળવા જશે. પરંતુ અહીં તો તેમને કાઢી નાખ્યા છે. (અર્થાત્ અહીંયા મિથ્યાદષ્ટિની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



મુખ્યપણે વાત નથી.) અહીં તો ઔપશમિક, ક્ષાયોપશમિક ને ક્ષાયિકભાવરૂપે પરિણત પણ સંસારી છે એમ કહી દીધું છે.

**પ્રશ્ન:-** ઔપશમિક, ક્ષાયોપશમિક ને ક્ષાયિક પર્યાય તો નિર્મળ છે ને ?

**સમાધાન:-** ભલે તે નિર્મળ હોય, છતાં પણ, અહીં કહે છે કે, તેરૂપે સંસારી પ્રાણી પરિણત છે. તો, અહીં કહ્યું કે ભગવાન આત્મામાં સર્વાંગે પૂર્ણ જ્ઞાન ને આનંદ ભર્યા છે ને તે દૃષ્ટિથી આત્માને જોઈએ તો તે ઔદયિકાદિ ચાર ભાવો અંદરમાં - આત્મામાં - છે નહીં, પણ આત્મા સિદ્ધ સમાન છે મતલબ કે પોતાનો ત્રિકાળી આત્મા સિદ્ધ સમાન છે.

## આધારના શ્લોક ઉપરનું પ્રવચન

**'જોકે વ્યવહારનય આ પ્રથમ ભૂમિકામાં જેમણે પગ મૂક્યો છે એવા જીવોને અરેરે ! હસ્તાવલંબરૂપ ભલે હોય'** ... પ્રથમ ભૂમિકામાં જેમણે પણ મૂક્યો છે અર્થાત્ જેમને રાગાદિ ભાવ છે એવા જીવો, આચાર્યદેવ કહે છે કે, અરેરે ! ખેદ છે કે પુણ્ય-પાપના ભાવમાં પડ્યા છે. તે પ્રાણીઓ મહાદુઃખી છે, ચાર ગતિમાં રખડનારા છે. જુઓને ! આ કરોડપતિ ને અબજપતિ હોય તે મરીને ભુંડ થાય. આ જીવે પણ અનંતવાર આવા અવતાર કર્યા છે હો. અનંતવાર તે અબજપતિ થયો છે ને ત્યાંથી મરીને અનંતવાર ભુંડ પણ થયો છે. અહીંયા અબજોપતિ હોય ત્યારે મેલું પાણી હોય તો તેને અડે પણ નહીં ને ભુંડ થાય ત્યારે વિષ્ટા ખાય ! અરે ! અનંત-અનંત કાળના (સમયના) ગયા કાળમાં તેના અનંત-અનંત ભવનો ક્યાંય અંત નથી. - એટલા અનંત ભવ તેણે કર્યા છે.

અહીં કહે છે કે નિમિત્તપણે વ્યવહાર (-શુભરાગ) ભલે હો, **'તોપણ જે જીવો ચૈતન્યચમત્કારમાત્ર પરથી રહિત એવા પરમ પદાર્થને અંતરંગમાં દેખે છે તેમને એ વ્યવહારનય કાંઈ નથી.'** અહા ! ચૈતન્યચમત્કારમાત્ર આત્મા છે અર્થાત્ જ્ઞાયકસ્વરૂપ ભગવાન આત્મા છે, ચૈતન્યના પ્રકાશનો પિંડ પ્રભુ આત્મા છે, ચૈતન્યના નૂરથી ભરેલું પૂર આત્મા છે. પાણીનું પૂર આમ (તિર્યક્ પ્રવાહે) વહે છે અને આ ચૈતન્યપૂર આમ (ઊર્ધ્વ પ્રવાહે) ધ્રુવ છે, અનાદિ-અનંત એમ ને એમ ધ્રુવ...ધ્રુવ...ધ્રુવપણે રહે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તો, એ ચૈતન્યના નૂરનું પૂર અંદર પ્રભુ આત્મા છે, ચૈતન્યના પૂરથી ભરેલું તત્ત્વ અંદર આત્મા છે. પણ અરેરે ! કોઈ દિ' તેની સામેય જોયું નથી.

આચાર્યદેવ કહે છે કે અરેરે ! ભગવાન ! તું ક્યાં છો ? ને આ શું કરે છે પ્રભુ ? એ દયા-દાનના વિકારી ભાવને પોતાના માનીને તું ૮૪ લાખ યોનિના અવતારમાં રખડી મર્યો છો. હવે કહે છે કે વ્યવહાર ભલે નિમિત્તરૂપ હો, તોપણ જે જીવ ચૈતન્યચમત્કારમાત્ર પરમ પદાર્થને એટલે કે પોતાના ક્ષેત્રમાં રહીને સ્વને અને પરને પૂર્ણપણે જાણવાના સ્વભાવવાળા ભગવાન આત્માને અંતરંગમાં દેખે છે તેને એ વ્યવહારનય કાંઈ નથી. અહા ! રાગાદિથી રહિત ચૈતન્યચમત્કારમાત્ર અંદરમાં ભગવાન આત્મા છે. દેહદેવળમાં બિરાજમાન ભગવાન આત્મા પોતાના ક્ષેત્રમાં ને ભાવમાં રહીને પોતાને ને પરને જાણવાના સ્વભાવવાળો છે. - આ તેનો ચૈતન્યચમત્કાર છે અને 'માત્ર' કહેતાં આત્માની અંદરમાં ચૈતન્યપણા સિવાય બીજું કાંઈ નથી. દયા-દાનના વિકલ્પ પણ રાગ, વિકાર, દુઃખ ને આકુળતા છે. દયા, દાન, વ્રત, ભક્તિ આદિના પરિણામ પુણ્ય છે અને તે બંધનું - સંસારનું - રખડવાનું - કારણ છે. તો, વિકલ્પથી રહિત આત્મા ચૈતન્યચમત્કારમાત્ર છે મતલબ કે આત્મા એકલો ચૈતન્ય...ચૈતન્ય...ચૈતન્યપ્રકાશનો પિંડ છે. જેમ ચંદ્ર શીતળતાનો પિંડ છે તેમ અંદર આ પ્રભુ આત્મા શીતળ અવિકારી ચૈતન્યનો પિંડ છે અને તે પરથી રહિત છે. શરીર, વાણી, મન, લક્ષ્મી-ધૂળ, સ્ત્રી, પુત્ર, કુટુંબ તો ક્યાંય (દૂર) રહી ગયા, પણ અંદરમાં થતાં દયા-દાનના પરિણામ પણ પર છે તેમ અહીં કહે છે અને તેનાથી પણ પ્રભુ આત્મા અંદરમાં ભિન્ન છે. લ્યો, આવા આત્માને જ અહીંયા આત્મા કહે છે.

અહા ! અંદરમાં ચૈતન્યચમત્કારીક વસ્તુ આત્મા છે તે પોતાના ક્ષેત્રમાં રહીને બધાને જાણે ને દેખે એવા સ્વભાવવાળો છે, પણ કોઈ પરને કરે કે ભોગવે નહીં. - આવી જે ચીજ પોતાનામાં છે તે ભગવાન આત્મા પરમ પદાર્થ છે અને તે પરમ પદાર્થને જે જીવ અંતરંગમાં દેખે છે તે સમકિતી છે. લ્યો, સમકિતી અંદરમાં આત્માને આ રીતે દેખે છે એમ કહે છે. અહા ! શ્રાવક તો પાંચમા ગુણસ્થાને હોય છે અને એની તો કોઈ અલૌકિક વાતો છે. પરંતુ આ તો હજી શ્રાવક થવા પહેલાં ચોથા ગુણસ્થાને જેને સમ્યગ્દર્શન થયું છે તે સમકિતી આત્માને અંતરંગમાં પરમ પદાર્થરૂપ દેખે છે એમ કહે છે. પરમ પદાર્થ એટલે ? જે સનાતન સત્ય જ્ઞાયકમૂર્તિ પ્રભુ આત્મા છે તે પરમ પદાર્થ છે અને તેને સમ્યગ્દષ્ટિ પર તરફનું લક્ષ છોડીને અંતરંગમાં દેખે છે. તે સમ્યગ્દષ્ટિને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વ્યવહારનય કાંઈ નથી અર્થાત્ તેને વ્યવહારનયનું કાંઈ કામ નથી. (હા), વ્યવહારનયનો વિષય છે — પર્યાયમાં રાગ છે, પર્યાયના ભાવો છે. પરંતુ અંતર આત્મામાં જ્યાં દેખે છે ત્યાં તે રાગાદિ કાંઈ નથી. તેમ જ વ્યવહારનયનો વિષય આત્માને જરા પણ શરણરૂપ નથી. કારણ કે દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિ બધોય રાગ-વિકારભાવ દુઃખરૂપ ને અશરણ છે. શરણરૂપ તો રાગાદિથી ભિન્નપણે અંદરમાં જે ભગવાન આત્મા બિરાજે છે તે છે. આકરી વાત છે પ્રભુ !

અહા ! એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડે નહીં. - આ જૈન પરમેશ્વરની વાત સાંભળવી પણ કઠણ પડે એવી છે. આ વાત તો ત્રિલોકનાથ જૈન પરમેશ્વર જ કહે હો. જુઓ, આ એક આંગળી આ બીજી આંગળીને અડતી નથી, કેમ કે તેમનો એકબીજામાં અભાવ છે. તેવી રીતે એક તત્ત્વ બીજા તત્ત્વને ક્યારેય અડતું નથી, કારણ કે અંદરમાં એકબીજામાં અભાવ છે. આવી ચીજને (વસ્તુસ્વરૂપને) દેખવાવાળાને વ્યવહારનય કાંઈ નથી. મતલબ કે તેને પર્યાયમાં રાગ છે ને વ્યવહાર છે એવી કોઈ ગણતરી નથી. આકરી વાત છે ભાઈ ! અહા ! એક તો આ વાત જ સાંભળવા મળતી નથી. બીજે બધે તો ગરબડ થઈ ગઈ છે. કોઈ આ સત્ય વાત કહે તો, 'તે એકાંત છે, એકાંત છે, નિશ્ચય છે' - એમ અજ્ઞાની કહે છે. ઠીક પ્રભુ ! (તને યોગ્ય લાગે તેમ કહે, પણ વસ્તુ તો આમ જ છે.) અહા ! જિનેશ્વરદેવ ત્રિલોકનાથ પ્રભુ સીમંધરસ્વામી ભગવાન આદિ ૨૦ તીર્થંકરો ને લાખો કેવળીઓ મહાવિદેહક્ષેત્રમાં બિરાજે છે ને ત્યાંથી આ વાણી આવી છે. દિગંબર આચાર્ય શ્રી કુંદકુંદાચાર્ય બે હજાર વર્ષ પહેલાં સંવત ૪૯ની સાલમાં ત્યાં ગયા હતા, આઠ દિવસ રહ્યા હતા ને ત્યાંથી આવીને આ શાસ્ત્રો બનાવ્યા છે. તેમાં કહે છે કે ત્રિલોકના નાથનું કથન તો આ છે, પરમાત્માનો પોકાર તો આ છે. અહીંયા એ કહ્યું કે જે અંદરમાં આત્માને રાગ ને પર્યાય રહિત શુદ્ધ પૂર્ણાનંદમય દેખે છે તેને વ્યવહારનય કાંઈ છે નહીં અર્થાત્ તેને વ્યવહારનયની કાંઈ ગણતરી છે નહીં. લ્યો, સાંભળતા પણ કઠણ પડે એવી આ વાત છે.

અહા ! આખો દિ' તેને પરદ્રવ્યની સાથે જ સંબંધ છે ને અહીં કહે છે કે એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડે નહીં. આ વાત કેમ બેસે ? પણ આ તો ત્રિલોકના નાથનો પોકાર છે. ભગવાને અનંત દ્રવ્યો જોયા છે. અનંત આત્મા, અનંતાનંત પરમાણુ આદિ જાતિ અપેક્ષાએ છ દ્રવ્ય ને સંખ્યા અપેક્ષાએ અનંત દ્રવ્યો જોયા છે. હવે એ અનંત દ્રવ્યો અનંતપણે કેવી રીતે રહી શકે ? કે જો એક દ્રવ્ય બીજા દ્રવ્યને ચુંબે નહીં તો.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કેમ કે નહીંતર તો એક દ્રવ્ય બીજા દ્રવ્યમાં ભાવરૂપ (-અસ્તિરૂપ) થઈ જાય. એક દ્રવ્યનો ભાવ બીજા દ્રવ્યના ભાવરૂપે થઈ જાય તો તેઓ એકબીજામાં ભાવરૂપ થાય, પરંતુ તેમનો એકબીજામાં તો અભાવ છે. (માટે એક દ્રવ્ય બીજા દ્રવ્યને ચુંબતું નથી ને તેથી અનંત દ્રવ્યો અનંતપણે રહે છે.) અરે ! પણ આ વાત બેસવી બહુ કઠણ છે.

અહીં તો કહ્યું કે જે કોઈ ચૈતન્યચમત્કારમાત્ર ને પરથી રહિત એવા ભગવાન આત્માને અંતરંગમાં દેખે છે તેને વ્યવહારનય કાંઈ છે જ નહીં. અહા ! ચૈતન્યચમત્કારમાત્ર એટલે કે જાણનાર...જાણનાર...જાણનારસ્વભાવ. આવા જાણનારસ્વભાવનું પૂર જેમાં ભર્યું છે એવા ચૈતન્યચમત્કારમાત્રને દેખવાવાળો અંતરંગમાં પરમ પદાર્થને દેખે છે અને તેને વ્યવહારનય કાંઈ ગણતરીમાં છે નહીં. (હા), વ્યવહારનયનો વિષય છે એમ તે જાણે, પણ તે આદરણીય છે એમ માને નહીં. લ્યો, આવો વીતરાગનો મારગ છે.

## શ્લોક - ૭૩ ઉપરનું પ્રવચન

**'શુદ્ધનિશ્ચયનયથી મુક્તિમાં તેમ જ સંસારમાં તફાવત નથી.'** શુદ્ધનિશ્ચયનયથી અર્થાત્ પરમાર્થદષ્ટિથી - વસ્તુના સનાતન સ્વભાવની દષ્ટિથી - મુક્તિમાં તેમ જ સંસારમાં તફાવત નથી. અહા ! સનાતન સત્ય વસ્તુ આત્મામાં એક સમયનો પર્યાય પણ નથી. આવી ત્રિકાળી અખંડ આનંદમય પૂર્ણ આત્મવસ્તુની — અનાદિ-અનંત શુદ્ધસત્તા એકરૂપ આત્મચીજની - દષ્ટિથી મુક્ત અવસ્થામાં ને સંસાર અવસ્થામાં - તે બન્નેમાં કાંઈ ફેર નથી. વસ્તુ આત્મા સનાતન સત્ તત્ત્વ છે, જ્યારે તેની બન્ને મુક્તદશા ને સંસારદશા - પર્યાયનયનો - વ્યવહારનયનો - વિષય છે. માટે તે બન્ને દશા સરખી છે અર્થાત્ તે બન્ને દશામાં કાંઈ તફાવત નથી. અહા ! ક્યાં નિગોદની દશા ને ક્યાં સિદ્ધની દશા ? છતાં, કહે છે કે, શુદ્ધનિશ્ચયનયથી મતલબ કે અંતરના વસ્તુ સ્વભાવની દષ્ટિથી જોઈએ તો તે બન્ને દશામાં કાંઈ ફેર નથી. ત્રિકાળી સહજાત્મસ્વરૂપની દષ્ટિથી જોઈએ તો મુક્તિમાં તેમ જ સંસારમાં તફાવત નથી. (આવું સાંભળીને) કોઈને એમ થાય કે આ શું કહે છે ? (આ કેવી વાત કરે છે કે મુક્તિમાં ને સંસારમાં તફાવત નથી ?) તેથી હવે કહે છે કે ભાઈ !

**'આમ જ ખરેખર, તત્ત્વ વિચારતાં (-પરમાર્થ વસ્તુસ્વરૂપનો વિચાર અથવા નિરૂપણ કરતાં) શુદ્ધ તત્ત્વના રસિક પુરુષો કહે છે.'** અહા ! વાસ્તવમાં, જ્ઞાયક તત્ત્વને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વિચારતાં અર્થાત્ જ્ઞાયક સ્વભાવમય ત્રિકાળી - કાયમી - આત્મચીજને વિચારતાં દ્રવ્યસ્વભાવના એટલે કે ત્રિકાળી જ્ઞાયક સ્વભાવભાવના રસિક પુરુષો મુક્તિમાં ને સંસારમાં કાંઈ ફેર કહેતાં નથી. અહા ! ત્રિકાળી વસ્તુસ્વરૂપને જોતાં, વસ્તુસ્વભાવને જોતાં મતલબ કે સનાતન સત્ એકરૂપ ધ્રુવની દૃષ્ટિથી જોતાં તો મુક્તિ-સિદ્ધ અવસ્થા ને સંસારી અવસ્થા - એ બન્નેમાં કાંઈ ફેર નથી.

**પ્રશ્ન:-** આ વાત અવસ્થાદૃષ્ટિએ છે કે દ્રવ્યદૃષ્ટિએ ?

**સમાધાન:-** દ્રવ્યદૃષ્ટિએ. અને દ્રવ્યદૃષ્ટિ કહો કે શુદ્ધનિશ્ચયનય કહો, (બન્ને એક જ છે.) અહીં કહે છે કે ત્રિકાળી જ્ઞાયકભાવની દૃષ્ટિએ જોતાં બન્ને પર્યાયમાં - સંસારમાં ને મુક્તિમાં - કાંઈ ફેર નથી. કેમ કે તે બન્ને પર્યાય વ્યવહારનયનો વિષય છે. તે બન્ને પર્યાય છે ખરા, પણ વ્યવહારનયનો વિષય છે. અહા ! શુદ્ધનિશ્ચયનયનો વિષય એકરૂપ પ્રભુ આત્મા છે. તે સનાતન સત્ અર્થાત્ અણ-બનેલું ને અણ-નાશ પામતું - વિનાશ નહીં થતું - એવું જે ત્રિકાળ એકરૂપ રહેનારું આત્મતત્ત્વ છે તેની દૃષ્ટિએ જોતાં મુક્તિમાં ને સંસારમાં - એ બન્ને પર્યાય જ છે તેથી તે બન્ને પર્યાયમાં - કાંઈ ફેર દેખાતો નથી.

હવે આ વાત અજ્ઞાનીને શી રીતે બેસે ? કેમ કે ક્યાં એ નિગોદના જીવોમાંના અનંતાનંત જીવો કે જેઓ કદી બહાર નીકળવાના નથી ને ક્યાં સિદ્ધ ? છતાં પણ, અહીં કહે છે કે, તે બન્ને - નિગોદનો પર્યાય ને સિદ્ધનો પર્યાય - વ્યવહારનયનો એટલે કે પર્યાયનયનો વિષય છે. તેથી ત્રિકાળ જ્ઞાયકની દૃષ્ટિએ જોતાં તે બન્ને મુક્તિમાં ને સંસારમાં કાંઈ ફેર નથી. છતાં તે બન્ને પર્યાય છે ખરા. આવી વાત છે !

અહા ! નિગોદના પર્યાયમાં અનંત-અનંત જીવો છે. કંદમૂળની એક કટકીમાં અસંખ્ય શરીર છે ને તે એક-એક શરીરમાં જે અનંત જીવોની સંખ્યા છે તેના અનંતમા ભાગના જીવો મુક્તિને પામ્યા છે. આ રીતે સિદ્ધ કરતાં અનંત-અનંતગુણા જીવો સંસારમાં રહી ગયા છે. છતાં પણ તે બધો પર્યાયમાં ફેર છે. જ્યારે વસ્તુ આત્મા તો સનાતન ભગવાન જ છે. (વસ્તુ તરીકે તો બધા આત્મા સનાતન ભગવાન જ છે.) અર્થાત્ વ્યવહારદૃષ્ટિએ જે ફેર છે તે નિશ્ચયદૃષ્ટિમાં નથી. કેમ કે વસ્તુની દૃષ્ટિથી જોતાં આત્મવસ્તુમાં પર્યાય, તે પર્યાય ચાહે તો સંસારપર્યાય હો કે સિદ્ધપર્યાય હો, છે જ નહીં અને આવી દૃષ્ટિ થયા વિના પૂર્ણ સત્નો સ્વીકાર હોય શકે જ નહીં.

કહે છે કે પર્યાય એક સમયનો છે. ચાહે તો મુક્તિ હો તોપણ તે પર્યાય છે તેથી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એક સમયની છે. અને તે પર્યાય એક પછી એક થાય છે. જ્યારે આ વસ્તુ આત્મા તો અનાદિ-અનંત એકરૂપ રહેનાર ચીજ છે. તો, તે ત્રિકાળી ચીજની અપેક્ષાએ એટલે કે તેની દૃષ્ટિથી જોતાં એક સમયનો મુક્તપર્યાય કે એક સમયનો સંસારપર્યાય - તે બન્ને પર્યાય એક સમયના જ છે હો - વ્યવહારનયનો વિષય હોવાથી તે બન્નેમાં કાંઈ ફેર નથી. - આમ જ ખરેખર... જુઓ, પાઠમાં છે ને ? કે एवमेव खलु - આમ જ ખરેખર તત્ત્વનો — પૂર્ણાનંદ વસ્તુ ભગવાન આત્મા છે તેનો - વિચાર કરતાં એટલે કે જ્ઞાન કરતાં અથવા કથન કરતાં શુદ્ધ તત્ત્વના રસિક પુરુષો કહે છે. (નિરૂપણ = કથન)

અહા ! શુદ્ધ તત્ત્વના રસિક એટલે કે જેને નિમિત્તનું રસિકપણું તો નથી, રાગનું રસિકપણું તો નથી, પરંતુ પર્યાયનું રસિકપણું પણ નથી. અહા ! કોઈ પણ સંયોગી ચીજના - અરે, સાક્ષાત્ ભગવાન સંયોગરૂપે હોય તો તેમનાય - રસિકપણાની અહીંયા વાત નથી. (અહીં તો શુદ્ધ તત્ત્વના જેઓ રસિક છે તેમની વાત છે) અને તે રસિક પુરુષો પરમાર્થે આત્મામાં બંધ ને મોક્ષ નથી એમ કહે છે. કેમ કે તે બંધ ને મોક્ષ તો પર્યાય છે...

ગાથા - ૪૯ પ્રવચન નં. NST/ ૨૧ તારીખ ૩૧-૮-૮૦
શ્લોક - ૭૩ ૨૨ ૧-૯-૮૦

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

## ગાથા - ૫૦

**पुव्वुत्तसयलभावा परदव्वं परसहावमिदि हेयं ।**
**सगदव्वमुवादेयं अंतरतच्चं हवे अप्पा ॥५०॥**

पूर्वोक्तसकलभावाः परद्रव्यं परस्वभावा इति हेयाः ।
स्वकद्रव्यमुपादेयं अन्तस्तत्त्वं भवेदात्मा ॥५०॥

**પૂર્વોક્ત ભાવો પર-દરવ પરભાવ, તેથી હેય છે;**
**આત્મા જ છે આદેય, અંતઃતત્ત્વરૂપ નિજદ્રવ્ય જે. ૫૦**

**અન્વયાર્થઃ-** (पूर्वोक्तसकलभावाः) પૂર્વોક્ત સર્વ ભાવો, (परस्वभावाः) પરસ્વભાવો છે, (परद्रव्यम्) પરદ્રવ્ય છે, (इति) તેથી, (हेयाः) હેય છે; (अन्तस्तत्त्वं) અંતઃતત્ત્વ, (स्वकद्रव्यम्) એવું સ્વદ્રવ્ય, (आत्मा) આત્મા, (उपादेयम्) ઉપાદેય, (भवेत्) છે.

**ટીકાઃ-** આ, હેય-ઉપાદેય અથવા ત્યાગ-ગ્રહણના સ્વરૂપનું કથન છે.

જે કોઈ વિભાવગુણપર્યાયો છે તેઓ પૂર્વે (૪૯મી ગાથામાં) વ્યવહારનયના કથન દ્વારા ઉપાદેયપણે કહેવામાં આવ્યા હતા. પરંતુ શુદ્ધનિશ્ચયનયના બળે (શુદ્ધનિશ્ચયનયે) તેઓ હેય છે. શા કારણથી ? કારણકે તેઓ પરસ્વભાવો છે, અને તેથી જ પરદ્રવ્ય છે. સર્વ વિભાવગુણપર્યાયોથી રહિત શુદ્ધ-અંતઃતત્ત્વસ્વરૂપ સ્વદ્રવ્ય ઉપાદેય છે. ખરેખર સહજજ્ઞાન-સહજદર્શન-સહજચારિત્ર-સહજપરમવીતરાગ-સુખાત્મક શુદ્ધ-અંતઃતત્ત્વસ્વરૂપ આ સ્વદ્રવ્યનો આધાર સહજપરમપારિણામિકભાવ લક્ષણ (-સહજ પરમ પારિણામિક ભાવ જેનું લક્ષણ છે એવો) કારણસમયસાર છે.

એવી રીતે (આચાર્યદેવ) શ્રીમદ્ અમૃતચંદ્રસૂરિએ (શ્રી સમયસારની આત્મખ્યાતિ નામની ટીકામાં ૧૮૫મા શ્લોક દ્વારા) કહ્યું છે કે :-

(शार्दूलविक्रीडित)

**"सिद्धान्तोऽयमुदात्तचित्तचरितैर्मोक्षार्थिभिः सेव्यतां**
**शुद्धं चिन्मयमेकमेव परमं ज्योतिः सदैवास्म्यहम् ।**
**एते ये तु समुल्लसंति विविधा भावाः पृथग्लक्षणा-**
**स्तेऽहं नास्मि यतोऽत्र ते मम परद्रव्यं समग्रा अपि ॥"**

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(**"શ્લોકાર્થ:-**) જેમના ચિત્તનું ચરિત્ર ઉદાત્ત (-ઉદાર, ઉચ્ચ, ઉજ્જવળ) છે એવા મોક્ષાર્થીઓ આ સિદ્ધાંતનું સેવન કરો કે — 'હું તો શુદ્ધ ચૈતન્યમય એક પરમ જ્યોતિ જ સદાય છું; અને આ જે ભિન્ન લક્ષણવાળા વિવિધ પ્રકારના ભાવો પ્રગટ થાય છે તે હું નથી, કારણ કે તે બધાય મને પરદ્રવ્ય છે.' "

વળી (આ ૫૦મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે) :-

(शालिनी)

**न ह्यस्माकं शुद्धजीवास्तिकाया-**
**दन्ये सर्वे पुद्गलद्रव्यभावाः ।**
**इत्थं व्यक्तं वक्ति यस्तत्त्ववेदी**
**सिद्धिं सोऽयं याति तामत्यपूर्वाम् ॥७४॥**

(**શ્લોકાર્થ:-**) 'શુદ્ધ જીવાસ્તિકાયથી અન્ય એવા જે બધા પુદ્‌ગલદ્રવ્યના ભાવો તે ખરેખર અમારા નથી' — આમ જે તત્ત્વવેદી સ્પષ્ટપણે કહે છે તે અતિ અપૂર્વ સિદ્ધિને પામે છે. ૭૪.

## ગાથા - ૫૦ ઉપરનું પ્રવચન

આ ૫૦મી ગાથા જરી આકરી છે, સખત છે. અહીં તો ક્ષાયિકભાવને પણ વ્યવહારનયના વિષયમાં લઈ લીધો છે. જ્ઞાયકભાવરૂપ પરમપારિણામિકભાવની અપેક્ષાએ ઔદયિકભાવ ને ક્ષાયિકભાવ - બન્ને વ્યવહારનયનો વિષય છે, પણ તેઓ કાંઈ નિશ્ચયનયના વિષયમાં આવતા નથી. (તેથી તે બન્નેમાં કાંઈ ફેર નથી.) લ્યો, આવું ઝીણું છે. બીજી રીતે કહીએ તો એકબાજુ એક જ પ્રભુ આત્મા છે અને બીજીબાજુ વિકલ્પ-પર્યાયથી માંડીને બધુંય છે કે જે લોકમાં ને પરમાં જાય છે. તેથી એકસ્વરૂપ ભગવાન આત્માની દૃષ્ટિમાં તેના બે જાતના પર્યાયમાં પણ ફેર નથી. અને તો પછી પ્રશસ્ત રાગમાં અને અપ્રશસ્ત રાગમાં ફેર છે એમ કેમ બને ? એવું કાંઈ છે નહીં. (અર્થાત્ ફેર છે નહીં.)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**'આ, હેય-ઉપાદેય અથવા ત્યાગ-ગ્રહણના સ્વરૂપનું કથન છે.'** - આ છોડવા યોગ્ય ને આદરવા યોગ્યના સ્વરૂપનું કથન છે.

**'જે કોઈ વિભાવગુણપર્યાયો છે તેઓ પૂર્વે (૪૯મી ગાથામાં) વ્યવહારનયના કથન દ્વારા ઉપાદેયપણે કહેવામાં આવ્યા હતા પરંતુ શુદ્ધનિશ્ચયનયના બળે (શુદ્ધનિશ્ચયનયે) તેઓ હેય છે.'**

જે કોઈ વિભાવગુણપર્યાયો એટલે ચાર ભાવ. (૧) નરકાદિ ગતિ વગેરેનો ઔદયિકભાવ, (૨) સમકિત આદિનો ઔપશમિકભાવ, (૩) મતિજ્ઞાનાદિનો ક્ષાયોપશમિકભાવ અને (૪) કેવળજ્ઞાનાદિનો ક્ષાયિકભાવ - આ બધા વિભાવગુણપર્યાયો છે. જ્યારે ત્રિકાળી આત્મા સહજ સનાતન સત્ છે કે જેમાં કાંઈ ઘાલમેલ (-વિકાર) નથી તેમ જ જેમાં ઉપજવું કે વિણસવું એવું પણ કાંઈ નથી. કહે છે કે ઔદયિક, ઔપશમિક, ક્ષાયોપશમિક ને ક્ષાયિક - એ ચારેય ભાવને ૪૯મી ગાથામાં જાણવા માટે ઉપાદેય કહેવામાં આવ્યા હતા. કારણ કે તેઓ (અસ્તિરૂપ) છે. અર્થાત્ તેઓ 'છે' એમ જાણવા લાયક છે, પરંતુ આદરવા લાયક નથી. - આમ ૪૯મી ગાથામાં તે ચારેય ભાવને જાણવા માટે ઉપાદેયપણે કહેવામાં આવ્યા હતા. પરંતુ, હવે કહે છે કે, અંતરદષ્ટિના બળે તેઓ હેય છે અર્થાત્ આદરવા લાયક નથી. ધ્રુવસ્વરૂપ શાશ્વત ટંકોત્કીર્ણ ભગવાન આત્માનો જે ત્રિકાળ એકરૂપ સ્વભાવ છે તેની દષ્ટિએ વ્યવહારનયના કથન દ્વારા જેમને ઉપાદેય કહેવામાં આવ્યા હતા તે બધા ચારેય ભાવો હેય છે.

લ્યો, અજ્ઞાનીને તો હજી શુભરાગને હેય માનવો કઠણ પડે છે. દયા, દાન, વ્રત, ભગવાનની ભક્તિ, પૂજા, નામ-ગુણ સ્મરણ આદિનો જે રાગ-વ્યવહાર છે તેને હેય માનવો અજ્ઞાનીને કઠણ પડે છે અને જે વ્યવહાર-રાગને હેય માને તેને અજ્ઞાની મિથ્યાદષ્ટિ માને છે. જ્યારે અહીં કહે છે કે પૂર્વે ઔદયિક, ઔપશમિક, ક્ષાયોપશમિક ને ક્ષાયિક - એવા જે ચાર ભાવ કહ્યા હતાં તે બધાય શુદ્ધનિશ્ચયનયના બળે હેય છે. એકલા જ્ઞાયકભાવના અવલંબનમાં એ ચારેય ભાવનું અવલંબન છે નહીં. માટે તે અપેક્ષાએ એ ચારેય ભાવ હેય છે મતલબ કે એ ચારેય ભાવ આશ્રય કરવા લાયક નથી. જોકે (જ્ઞાનીને પણ) શુભરાગ - દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિનો ભાવ - હોય છે, પણ તે આદરવા લાયક નથી. કેમ કે તે મલિન છે. પરંતુ જ્યારે નિર્મળભાવને પણ હેય કહ્યો તો પછી મલિનભાવ હેય છે એ વાત તો ક્યાંય રહી. (મલિનભાવ હેય છે જ.)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અહા ! મલિનભાવ (-ઔદયિકભાવ) તો આદરવા લાયક નથી, પરંતુ તે ઉપરાંત હવે ઔપશમિક, ક્ષાયોપશમિક ને ક્ષાયિકભાવ - કે જે નિર્મળભાવ છે તે - પણ હેય છે એમ કહે છે. લ્યો, નિર્મળ જ્ઞાનમય કેવળજ્ઞાન આદિરૂપ જે અનંત ચતુષ્ટયનો પર્યાય પ્રગટ થાય તે પર્યાય પણ નિશ્ચયનયની દૃષ્ટિએ હેય છે એમ કહે છે. અરે ! અજ્ઞાનીને તો હજી શુભરાગ છોડવાયોગ્ય છે એમ સાંભળે ત્યાં આકરું પડે છે. પણ ભાઈ ! ત્રિકાળી આત્મવસ્તુના એકરૂપ રહેનારા ચૈતન્યસ્વભાવની દૃષ્ટિએ જોઈએ તો તે (-પર્યાયના) બન્ને શુદ્ધ ને અશુદ્ધ ભાવ હેય છે, છોડવાયોગ્ય છે, છાંડવાયોગ્ય છે. અહા ! આ ૫૦મી ગાથા બહુ ઊંચી છે.

અહા ! ભગવાન આત્મા એક જ સમયમાં પરિપૂર્ણ પ્રભુપણે બિરાજે છે. પરિપૂર્ણ આનંદ, પરિપૂર્ણ જ્ઞાન, પરિપૂર્ણ સ્વચ્છતા, પરિપૂર્ણ શ્રદ્ધા, પરિપૂર્ણ શાંતિ-ઉપશમ રસ વગેરે પરિપૂર્ણ ભાવથી તે ભર્યો પડ્યો છે. આવા તેના ત્રિકાળી સ્વભાવની દૃષ્ટિથી જોઈએ તો બંધના ને મોક્ષના બન્ને પર્યાય હેય છે. અરે ! કેવળજ્ઞાન ને કેવળદર્શન પણ હેય છે. કેમ કે કેવળજ્ઞાન સાધકને છે નહીં અને જે (પર્યાય) નથી તેનું લક્ષ કરવા જશે તો રાગ થશે. અહા ! આજે આકરો વિષય છે ભાઈ ! અરે ! અજ્ઞાની તો ઝઘડા-તકરાર કરે છે કે નિમિત્તથી કાર્ય થાય છે ને નિમિત્તથી કાર્ય ન થાય એમ જે માને તે એકાંતિક મિથ્યાદૃષ્ટિ છે. - આમ અજ્ઞાની કહે છે. અરે ! જગત ક્યાં રોકાયું છે ? અહીં તો એમ કહે છે કે નિમિત્ત તો ક્યાંય એકબાજુ રહ્યું એટલે કે નિમિત્તથી બંધ ને મોક્ષ થાય એમ તો છે જ નહીં. કેમ કે તે બંધ અને મોક્ષ પોતાની યોગ્યતાથી થાય છે. હવે પોતાની યોગ્યતાથી થતા બંધ અને મોક્ષને પણ અહીંયા ત્રિકાળી આત્માની દૃષ્ટિએ હેય કહ્યા છે. કારણ કે અંતર્મુખ દૃષ્ટિ કરતાં તેમાં તેઓ આવતા નથી. તેઓ આશ્રય લેવા લાયક નથી, માટે તેઓ - ચારેય ભાવ - હેય છે. ગજબ વાત છે !

વળી અજ્ઞાની એવી પણ વાત કરે છે કે આવું તો સોનગઢવાળા જ કહે છે. પણ ભાઈ ! આ (નિયમસાર) ક્યાં સોનગઢનું સૂત્ર છે ? શું આ નિયમસાર સોનગઢનું સૂત્ર છે ? (ના.) એ તો શ્રી કુંદકુંદાચાર્યનું છે અને તેઓ કહે છે કે મેં તો મારા માટે આ નિયમસાર બનાવ્યું છે. જોકે બીજા શાસ્ત્રોની પ્રરૂપણા પણ તેમણે કરી છે. પરંતુ આ નિયમસાર તો મેં મારા માટે બનાવ્યું છે એમ તેઓ કહે છે. તો, એ પંચમ આરાના સાધુ શ્રી કુંદકુંદાચાર્ય પંચમ આરાના પ્રાણીને — શ્રોતાને - એમ કહે છે કે ચારેય ભાવ હેય છે. ગજબ વાત છે !

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અહા ! આઠ વર્ષની બાલિકા હો કે ક્રોડ પૂર્વના આયુષ્યવાળો પુરુષ હો, ૩૩ સાગરની સ્થિતિવાળો દેવ હો કે અંતર્મુહૂર્તની સ્થિતિવાળો નિગોદનો જીવ હો - તે બધા પર્યાયો (પર્યાયોના ભેદ) છે અને તે બધા પર્યાયો ત્રિકાળી જ્ઞાયકભાવની અપેક્ષાએ હેય છે, છોડવાયોગ્ય છે. પણ લક્ષ કરવાયોગ્ય નથી, આશ્રય કરવાયોગ્ય નથી, સન્મુખ થવાયોગ્ય નથી, શરણ લેવાયોગ્ય નથી, ઉત્તમ માનવા લાયક નથી. આવી વાત છે !

અહીં કહે છે કે ચારેય ભાવો શુદ્ધનિશ્ચયનયના બળે હેય છે. જોકે જ્યાંસુધી જ્ઞાની પૂર્ણ વીતરાગ ન થાય ત્યાંસુધી તેને ઔદયિકભાવ - રાગ ને દુઃખ - હોય છે. છતાં પણ, કહે છે કે, તે હેય છે. જુઓ, મહાવિદેહક્ષેત્રમાં શ્રી સીમંધરભગવાન સાક્ષાત્ બિરાજે છે. છતાં ત્યાં જન્મ ન થયો અને અહીંયા (જ્યાં ભગવાનનો વિરહ છે ત્યાં) જેનો જન્મ થયો છે એવા અલ્પ પુણ્ય લઈને આવેલા પંચમ આરાના પ્રાણીઓને પરમાત્માની વાણી એમ કહે છે કે રાગ-શુભરાગ પણ હેય છે, છોડવાયોગ્ય છે. પરમાત્માની વાણી કહે છે કે પ્રભુ ! તું અંદરમાં એકરૂપ આત્મવસ્તુ છો. તારો વર્તમાન પર્યાય-અવસ્થા ત્રિકાળી એકરૂપ વસ્તુ ઉપર જાય - આત્મવસ્તુનું લક્ષ કરે - તે અપેક્ષાએ એ એક આત્મવસ્તુ જ આદરણીય છે અને જે પર્યાય આત્મવસ્તુ ઉપર જાય છે તે પર્યાય પણ લક્ષ કરવા જેવો નથી તે અપેક્ષાએ હેય છે એમ અમે કહીએ છીએ.

શું કહ્યું તે સમજાણું ?

કે જે પર્યાય-અવસ્થા અંતરમાં ત્રિકાળી જ્ઞાયકભાવ ઉપર જાય છે તે પર્યાય પણ હેય છે. જોકે સ્વદ્રવ્યનો આશ્રય કરે છે પર્યાય, છતાં તે પર્યાય પણ હેય છે. જ્યારે એ પર્યાયનો વિષય જે ત્રિકાળ અખંડાનંદ પ્રભુ આત્મા છે તે ઉપાદેય છે. સનાતન જ્ઞાનવજ્ર, જ્ઞાનનો હીરલો એવો જે ચૈતન્ય પ્રભુ ભગવાન આત્મા છે તેની દૃષ્ટિમાં આત્માને સ્વીકારનાર દૃષ્ટિ પણ હેય છે. ગજબ વાત છે ! અરે ! આવી વાત બીજે ક્યાં છે ? શું પહેલાં આ વાત કાને પડી હતી ? સાંભળી હતી ?

**શ્રોતા:-** આવી વાત બીજે તો પહેલાંય નહોતી અને અત્યારે પણ નથી. આખા ભારતમાંય આ વાત ક્યાં હતી ?

**પૂજ્ય ગુરુદેવશ્રી:-** બહુ આકરી વાત છે બાપા ! આકરી એટલે અપૂર્વ. અહા ! કહે છે કે એક સ્વરૂપે બિરાજમાન પૂર્ણાનંદના નાથ આત્માને અનેકપણાનો આરોપ ન દેવો. કેમ કે ત્રિકાળી ભગવાન આત્મામાં અનાદિ-સાંત એવા સંસારનો અને સાદિ-

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અનંત એવા મોક્ષનો - બન્નેનો અભાવ છે. તેથી એ ત્રિકાળી આત્માની અપેક્ષાએ તે બન્ને સંસાર ને મોક્ષ હેય છે. લ્યો, ટીકામાં બહુ ટૂંકુ કરી નાખ્યું છે, પણ તેનો વિસ્તાર આ છે.

અહા ! (પ્રવાહ અપેક્ષાએ) સંસારપર્યાય અનાદિ-સાંત છે ને મોક્ષપર્યાય સાદિ-અનંત છે. છતાં પણ તે બન્ને પર્યાય છે એટલે તેની મુદત એક સમયની જ છે. ભલે મોક્ષ (પ્રવાહ અપેક્ષાએ) સાદિ-અનંત કાળ રહે, તો પણ તેની મુદત એક સમયની છે. આ રીતે બંધની તેમ જ મોક્ષની એક સમયની મુદત છે. મતલબ કે બંધનો પર્યાય પણ એક સમયનો છે અને તેનો અભાવ થઈને બીજે સમયે જે મોક્ષનો પર્યાય થાય તે પણ એક સમયના મુદતવાળો છે.

શું કહ્યું ? કે 'ક' બોલે તેમાં અસંખ્ય સમય જાય છે. તેમાંના એક સમય જેટલી સ્થિતિ રાગના બંધની (-સંસારની) છે કે જે પ્રવાહરૂપે અનાદિથી અજ્ઞાનરૂપ છે. તે બંધ રૂપાંતર થઈને - તેનો અભાવ થઈને - મોક્ષ થાય તો તેની પણ એક સમયની સ્થિતિ છે. હવે કહે છે કે એ સંસાર ભલે અનાદિ-સાંત હો અને એ મોક્ષ પણ ભલે સાદિ-અનંત કાળ રહે. છતાં પણ તે બન્ને આત્મવસ્તુના સ્વરૂપમાં નથી. લ્યો, આવું ક્યાં મુંબઈમાં સાંભળવા મળે ? ત્યાં તો આખો દિ' પૈસા-ધૂળની વાત હોય. અરે ! મુંબઈમાં તો શું, અહીં દેશમાં પણ આ વાત સાંભળવા મળવી મુશ્કેલ છે ને બાપા ?

જુઓ ને ? અજ્ઞાની અહીંનો કેટલો વિરોધ કરે છે કે નિમિત્તથી કાર્ય થાય છે. નિમિત્તથી કાર્ય ન થાય એમ માને તે એકાંતિક મિથ્યાદષ્ટિ છે. - આવું અજ્ઞાની કહે છે. પણ બાપુ ! દરેક દ્રવ્ય પર્યાય સહિત જ હોય છે. શું કોઈ દ્રવ્ય કોઈ કાળે પર્યાય વિનાનું હોય ? ત્રણ કાળમાં પર્યાય વિનાનું શું કોઈ દ્રવ્ય હોય ? (ન હોય.) તો પછી તે પર્યાય બીજું દ્રવ્ય કરે એ ક્યાંથી આવ્યું ? માટે પરથી પર્યાય થતો નથી પણ પોતાથી થાય છે. એટલે કે રાગમાં અટકવાપણા બંધપર્યાય અને કેવળજ્ઞાન થવારૂપ મોક્ષપર્યાય પણ પોતાથી થાય છે. પણ અહીં તો એ પર્યાયને પણ ઉડાવી દે છે અને કહે છે કે તે હેય છે.

અહા ! એક સમયમાં બંધનો ને મોક્ષનો આંતરો પડી જાય છે અર્થાત્ પહેલાં સમયે બંધ હોય ને બીજે સમયે તેનો નાશ થઈને મોક્ષ પ્રગટ થાય છે. પરંતુ તે બન્ને (બંધ ને મોક્ષ) એક સમયની સ્થિતિવાળા છે, તેથી તેમને ત્રિકાળી સ્થિતિવાળા આત્મદ્રવ્યની અપેક્ષાએ હેય ને છોડવા લાયક કહેવામાં આવ્યા છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**'શા કારણથી ?'** - હવે તેઓ (-વિભાવગુણપર્યાયો) હેય છે તેનું કારણ આપે છે. તેઓ શા કારણથી હેય છે તે કહે છે :

**'કારણ કે તેઓ પરસ્વભાવો છે.'** ગજબ ગાથા છે ! અહા ! રાગ - દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ - તો વિકાર ને પરસ્વભાવ છે જ, પરંતુ અહીં તો કહે છે કે કેવળજ્ઞાન પણ પરસ્વભાવ છે, ત્રિકાળી સ્વભાવ નથી. જેમ રાગની એકતાનો ભાવ પરભાવ — પરસ્વભાવ — છે તેમ મુક્તિનો પર્યાય પણ પરસ્વભાવ છે. ગજબ વાત છે પ્રભુ ! લ્યો, આવી આકરી વાત છે. અરે ! આવી વાત કાને પડવી પણ મુશ્કેલ છે. અહા ! આચાર્ય મહારાજ કહે છે કે મેં તો મારા માટે આ નિયમસાર બનાવ્યું છે. (તેમાં જો તને સાંભળવા મળે તો) **તું સાંભળ અને તને બેસે તો બેસાડ બાપુ ! પણ આનો અનાદર કરીશ નહીં.** શું સત્ય આવું મોંઘું છે ? - એમ માની તેનો અનાદર કરીશ નહીં બાપુ ! કેમ કે ભાઈ ! તારો નાથ ભગવાન આત્મા જ એવડો (મોટો) છે કે તેની કિંમત આગળ એક સમયના પર્યાયની પણ કિંમત છે નહીં. ત્રિકાળી ધ્રુવની કિંમત આગળ કેવળજ્ઞાનના એક સમયના પર્યાયની પણ કિંમત નથી.

અરે ! (આવું સ્વરૂપ હોવા છતાં) અજ્ઞાની એવા વાંધા ઊઠાવે છે કે શું ગુરુની ભક્તિ આદરવા જેવી - કરવા જેવી - નથી ? ભગવાન ! સાંભળ બાપુ ! કે ભક્તિનો ભાવ આવે છે, શુભભાવ હોય છે, પરંતુ તે દુઃખરૂપ છે. તેથી તે છોડવાયોગ્ય છે, પણ આશ્રય કરવા લાયક નથી તેમ જ તેનો અભાવ થઈને જે આનંદરૂપ દશા થાય - દ્રવ્યસ્વભાવમાં જે આનંદ છે તે પ્રગટ થાય - તે પણ, અહીં કહે છે કે, હેય છે.

અહા ! ભગવાન આત્મા અનાદિ-અનંત અતીંદ્રિય આનંદની મૂર્તિ છે કે જેમાં એક સમય માટે પણ દુઃખ કે આકુળતા નથી. જ્યારે શુભભાવ તો આકુળતામય છે. અરે ! ચાહે તો તીર્થંકર નામકર્મ બાંધવાનો શુભભાવ હોય તોપણ પ્રભુ ! દુઃખરૂપ છે. કેમ કે પ્રભુ આત્મા આનંદસ્વરૂપ છે તેનાથી શુભભાવ વિરૂદ્ધ છે. અહીં કહે છે કે તે સંસારની આકુળતા પણ પર્યાય છે અને સમયાંતરે (બીજે સમયે) તેનો નાશ થઈ જે નિરાકુળતા પ્રગટ થાય તે નિરાકુળતા પણ પર્યાય છે. તે બન્ને આકુળતાનો પર્યાય અને નવો પ્રગટેલો નિરાકુળતાનો પર્યાય ત્રિકાળ નિરાકુળ આનંદસ્વરૂપ આત્માની આગળ હેય છે. શા કારણથી ? કે તેઓ પરસ્વભાવ છે. ગજબ વાત છે ! લ્યો, આવી વાત છે એટલે લોકો તો સોનગઢને નામે એમ જ કહે કે સોનગઢવાળા વ્યવહારને ઉડાવે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વ્યવહારથી લાભ થાય એમ કહેતાં નથી અને એકલા નિશ્ચયની જ વાત કરે છે. કહે, બિચારા કહે. કારણ કે તેમને જેમ બેઠું હોય તેમ જ કહે ને ? જે બેઠું હોય તે આત્મા અર્થાત્ એ તો જેવો અભિપ્રાય બેઠો હોય એવો જ આત્મા પર્યાયમાં થઈ ગયો હોય છે. એટલે હવે તેઓ કરે પણ શું ?

અહા ! બંધ ને મોક્ષ, ઉત્પાદ ને વ્યય ફક્ત એક સમયના છે. તેથી બંધનો વ્યય થાય અને મોક્ષનો ઉત્પાદ થાય તે પણ એક સમયની સ્થિતિ છે. ભલે બીજે સમયે મોક્ષ (એવો ને એવો) રહે, છતાં તેની મુદત તો એક સમયની જ છે અને વસ્તુ આત્મા તો ત્રિકાળી છે કે જેમાં ઉપજવું કે વિણસવું છે જ નહીં. અહા ! ત્રિકાળ મુક્તસ્વરૂપ ભગવાન આત્મા છે.... અરે ! તેને 'મુક્ત' કહેવો એ પણ (અપેક્ષિત વાત છે.) કેમ કે તેને કોઈ બંધની અપેક્ષા હતી અને પછી છૂટ્યો એમ પણ નથી, પરંતુ એ તો ત્રિકાળ મુક્તસ્વરૂપ જ છે. આકરું લાગે એવું છે ! જો કોઈ અજાણ્યો માણસ પહેલા-વહેલા જ આ (પ્રવચન) સાંભળતો હોય તો તેને એવું લાગે કે આ તે શું જૈનધર્મ છે ? શું આવો જૈનધર્મ હશે ? આવો જૈનધર્મ ક્યાંથી કાઢ્યો ?

અહીં કહે છે કે પર્યાય છે તેમાં બંધ પણ છે અને મોક્ષ પણ છે. પરંતુ તે બન્ને બંધ ને મોક્ષ એક સમયની મુદતવાળા છે. અરે ! કેવળજ્ઞાન પણ એક સમય રહે છે અને બીજે સમયે બીજું કેવળજ્ઞાન થાય છે. જ્યારે અંદર જે ભગવાન આત્મા છે તે તો ત્રિકાળ - અનાદિ-અનંત - એકરૂપ રહે છે. સનાતન ટંકોત્કીર્ણ વસ્તુ આત્મા છે. જેમ ટાંકણાથી કોતરીને એકાકાર મૂર્તિ કાઢી હોય તેમ ત્રિકાળ ચિદાનંદસ્વરૂપ ભગવાન આત્મા એકાકાર વસ્તુ છે. તેની આદિ કે અંત નથી તેમ જ તેને ઉત્પન્ન કે વ્યય થવું પણ નથી. અર્થાત્ ઉત્પાદ-વ્યયનો તેમાં અભાવ છે. જોકે એ ત્રણેયને (ઉત્પાદ, વ્યય ને ધ્રૌવ્યને) સત્ કહેવાય છે. उत्पादव्ययध्रौव्ययुक्तं सत् । ઉત્પાદ, વ્યય ને ધ્રૌવ્ય - એ ત્રણેય સત્ છે એમ તત્ત્વાર્થસૂત્રમાં કહ્યું છે (અધ્યાય-૫, સૂત્ર-૩૦). પરંતુ તે ઉત્પાદ ને વ્યય એક સમયના સત્ છે અને ધ્રૌવ્યસ્વરૂપ પ્રભુ આત્મા છે તે અનાદિ-અનંત ટકતું સત્ છે. (માટે તે ધ્રૌવ્યસ્વરૂપ પ્રભુ આત્મા ઉપર દૃષ્ટિ દે.)

અરેરે ! આ દુનિયાની ગડમથલમાં જે પડ્યો છે તેને આ વાત કેમ બેસે ? અજ્ઞાની આખો દિ' સ્ત્રી, પુત્ર, ધંધા-વેપારની ગડમથલમાં પડ્યો છે ત્યાં આ વાત કેમ બેસે ? અહીં પ્રભુ કહે છે કે તારામાં મુક્તિ પણ નથી. કેમ કે મુક્તિનો પર્યાય એક

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સમયનો છે અને તેથી બીજે સમયે મુક્તિનો બીજો પર્યાય થાય છે ને ત્રીજે સમયે તેનો ત્રીજો પર્યાય થાય છે. આ રીતે, ભલે તે મુક્તિનો પર્યાય સત્ છે છતાં, તેના ટકવાનો કાળ એક જ સમય છે. જ્યારે તારો એકલો જ્ઞાયકભાવ તો ત્રિકાળી સત્ છે કે જેમાં ઓછા-વત્તાપણું એટલે કે હીણપપણું ને અધિકપણું નથી તથા ઉત્પાદ-વ્યય પણ નથી. તેમાં તો ત્રિકાળ એકરૂપતા છે. આવા ત્રિકાળી સત્સ્વરૂપની દષ્ટિ કર એમ ભગવાન કહે છે. અહા ! ૫૦મી ગાથા એ તો ગજબ કર્યો છે !

**શ્રોતા:-** આપે (તેનો અર્થ સમજાવીને) ગજબ કર્યો છે !

**પૂજ્ય ગુરુદેવશ્રી:-** પ્રભુ ! તું કોણ છો ? ને પ્રભુ ! તારે ક્યાં દષ્ટિ દેવાની છે ? જે સનાતન એકરૂપ રહે છે ત્યાં દષ્ટિ દેવાની છે કે જે બદલે છે ત્યાં દષ્ટિ દેવાની છે ? જે બદલે છે ત્યાં દષ્ટિ દેવાની હોય તો, તે બદલતું તત્ત્વ તો પલટો ખાઈ જશે - વ્યય થઈ જશે (અને તેથી દષ્ટિ કોના આધારે ટકશે ?) તેમ જ તે વ્યય ધ્રૌવ્યમાં — પારિણામિકભાવમાં - જશે. માટે બદલતા તત્ત્વની એટલે કે ઉત્પાદ-વ્યયની દષ્ટિ છોડી દે. જોકે છે તો ઉત્પાદ, વ્યય ને ધ્રૌવ્ય ત્રણેય સત્. છતાં જ્ઞાનીની દષ્ટિ એક ધ્રૌવ્ય સત્ ઉપર જ હોય છે. તે દષ્ટિ કરનાર તો ઉત્પાદ જ છે હો. અર્થાત્ દષ્ટિ જેને હેય માને છે તે ઉત્પાદ જ દષ્ટિ કરનાર છે. ઉત્પાદ-વ્યયને જે હેય માને છે તે છે તો ઉત્પાદ (-પર્યાય) જ. અહા ! ઉત્પાદ-વ્યય હેય છે એમ કોણ માને છે ? પર્યાય માને છે કે કોઈ અદ્ધરથી (-જેનું અસ્તિત્વ નથી તે) માને છે ? પર્યાય માને છે. (છતાં પણ પર્યાયનો વિષય જે ધ્રૌવ્ય છે તેની દષ્ટિ કર એમ કહે છે.)

અહા ! ત્રણ કાળમાં પર્યાય વિનાનું દ્રવ્ય તો કોઈ દિ' હોય નહીં. કેમ કે જો પર્યાય વિનાનું દ્રવ્ય હોય તો એ તો ગધેડાના સીંગડા જેવું થાય. (પણ એમ તો બનતું નથી.) માટે જેમ ગધેડાને સીંગડા હોય નહીં તેમ પર્યાય વિનાનું દ્રવ્ય ત્રણ કાળમાં કોઈ સમયે પણ હોય નહીં. છતાં પણ તે એક સમયના પર્યાયની કિંમત નથી એમ અહીં કહે છે. પર્યાય ભલે હો તેમ જ ભલે તે પર્યાય એક સમયમાં રૂપાંતર પણ થઈ જાવ, છતાં તે પર્યાય હેય છે.

અહા ! ક્યાં બંધનો ભાવ ને ક્યાં મોક્ષનો ભાવ ? તો પણ તે એક સમયમાં રૂપાંતર થાય છે. (બંધ ટળીને મોક્ષ થાય છે.) અરે ! બંધનો પર્યાય તો રાગને પણ જાણે નહીં અર્થાત્ રાગ જાણવા લાયક છે એમ પણ બંધને ખબર નથી. જ્યારે મોક્ષ પર્યાય તો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ત્રણકાળ-ત્રણલોકને જાણે છે. છતાં પણ એક સમયમાં બંધ રૂપાંતર થઈને કેવળજ્ઞાનરૂપ મોક્ષ પ્રગટ થાય છે. તે મોક્ષ પણ, અહીં કહે છે કે, ત્રિકાળ એકરૂપ રહેનાર પ્રભુ આત્માના આશ્રયમાં જતાં હેય છે. આકરું લાગે એવું છે બાપુ ! પણ શું થાય ? (કેમ કે વસ્તુસ્વરૂપ જ આવું છે.)

અરે ! ઘણા અજ્ઞાનીઓ તો એમ કહે છે કે સોનગઢવાળાએ આ ઘરનું કાઢ્યું છે, ઘરનો ધર્મ કાઢ્યો છે, નવો ધર્મ કાઢ્યો છે. અમે જે પરંપરાએ ચાલીએ છીએ, અમારી જે પરંપરા ચાલે છે કે આ કરવું ને તે કરવું - તેનાથી તો આ બધી બીજી જ જાત કાઢી છે. પણ ભાઈ ! તારા સ્વરૂપમાં જ આ (આવડી મોટી મોટપ) છે પ્રભુ ! પ્રભુ ! પ્રરૂપણામાં - કથનમાં - તો આવું સ્વરૂપ કહ્યું છે જ અર્થાત્ શાસ્ત્રમાં તો આમ કહ્યું છે જ, પરંતુ તારામાં પણ જેવડો આત્મા કહેવાય છે તેવડો (મોટો) છે. એ આત્મા વર્તમાન એક સમયમાં જ ત્રિકાળી (-પૂર્ણ) છે. ભલે તે ભૂતકાળમાં હતો, વર્તમાનમાં છે ને ભવિષ્યમાં રહેશે, છતાં પણ તે વર્તમાનમાં જ ત્રિકાળી એકરૂપ છે અને તેને જાણનાર પર્યાય છે. અહા ! જાણનાર કાંઈ ધ્રૌવ્ય નથી, પણ પર્યાય છે. તો એ જાણનાર પર્યાય પણ હેય છે એમ અહીં કહે છે. અરે ! દ્રવ્યને અને ત્રણકાળ-ત્રણલોકને જાણનાર કેવળજ્ઞાનરૂપ મોક્ષનો પર્યાય કે જે દ્રવ્યનો આશ્રય લઈને પ્રગટ થાય છે તે પણ હેય છે એમ કહે છે. ગજબ વાત છે. પ્રભુ ! અહા ! આવી વાત બીજે ક્યાંય સાંભળવા મળવી મુશ્કેલ છે અને કદાચ સાંભળવા મળે તો તેને સમજવી મુશ્કેલ છે.

અહા ! લોકો તો કંઈના કઈંક બીજે રસ્તે ચડી ગયા છે. તેથી સોનગઢની વાતનો તિરસ્કાર કરે છે. તેઓ (અજ્ઞાની) કહે છે કે સોનગઢવાળા તો એકાંત મિથ્યાત્વી છે. અરે પ્રભુ ! તારી તે ઊંધી માન્યતા એક સમયની છે હો પ્રભુ ! તેથી તે એક સમયની ઊંધી માન્યતા પલટતા વાર નહીં લાગે. નિજ સ્વરૂપનો નાથ ત્રિકાળી પ્રભુ આત્મા અંદરમાં બિરાજે છે તેનો આશ્રય લેતાં એક સમયનો પર્યાય મિથ્યાત્વરૂપે નહીં રહી શકે. અહા ! આ ૫૦મી ગાથામાં ગજબ વાત છે ! આ ગાથા જ ગજબ છે !

જુઓ, આ ગાથામાં ત્રણ બોલ કહે છે : (૧) બન્ને બંધ ને મોક્ષપર્યાય બેય હેય છે. હેય હોવાનું કારણ શું છે ? (૨) કારણ કે તેઓ પરસ્વભાવો છે, પણ ત્રિકાળી સ્વભાવ નથી. જેને કાંઈ પલટવું નથી, ઉપજવું નથી ને બદલવું નથી એવું જે સનાતન સત્ છે તેમાં કોઈ પર્યાયરૂપ ભાવો નથી. માટે ત્રિકાળી સત્‌ની અપેક્ષાએ એ કેવળજ્ઞાનાદિ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ભાવો પરસ્વભાવો છે એમ કહ્યું છે. અહા ! કેવળજ્ઞાનાદિ ભાવોને હેય તો કહ્યા, તે ઉપરાંત તેઓ હેય હોવાનું કારણ શું છે તે પણ કહ્યું કે તેઓ પરસ્વભાવો છે. અને (૩) **'તેથી જ પરદ્રવ્ય છે.'** અરે ! હજી તો વિકારને પરસ્વભાવ માનવામાં અજ્ઞાનીને વાંધા ઊઠે છે કે શું વિકાર પરસ્વભાવ છે ? ત્યાં અહીં કહે છે કે કેવળજ્ઞાન પણ પરસ્વભાવ છે.

**પ્રશ્નઃ-** અરે પ્રભુ ! કેવળજ્ઞાન પણ પરસ્વભાવ છે ?

**સમાધાનઃ-** (હા), આ ગજબ વાત છે ભાઈ ! અહા ! અજ્ઞાની કહે છે કે પરના નિમિત્તે વિકાર ન થાય તો તે સ્વભાવ થઈ જશે. માટે પરના નિમિત્તથી જ વિકાર થાય એમ કહો. પણ ભાઈ ! પરના નિમિત્ત વિના પોતાથી જ વિકાર થાય એ તેનો (-આત્માનો) પોતાનો વિભાવસ્વભાવ છે અર્થાત્ બંધ પોતાથી થાય છે. હવે અહીં એમ કહે છે કે બંધપર્યાયની મુદત એક સમયની છે પ્રભુ ! ભલે સમયાંતર (સમયે-સમયે નવો) થતાં-થતાં અનંતકાળ ગયો તેથી તે બંધપર્યાય (પ્રવાહ અપેક્ષાએ) અનાદિનો છે. છતાં તેની મુદત એક સમયની જ છે. હવે જ્યારે પર્યાય ગુલાંટ ખાય ને દ્રવ્યની દૃષ્ટિ કરે ત્યારે પ્રગટ થતો મુક્તિનો પર્યાય પણ એક સમયનો જ છે. તો, તે પર્યાય — દ્રવ્યનો આશ્રય કરે છે તે મુક્તિનો પર્યાય — પણ હેય ને પરસ્વભાવ છે એમ કહે છે. લ્યો, પરસ્વભાવ સ્વસ્વભાવનો આશ્રય કરે છે, હેય છે તે ઉપાદેયનો આશ્રય કરે છે એમ કહે છે. આવી વાત છે ! લોકોને આકરું લાગે એવું છે. પણ શું થાય ? કેમ કે शुद्धतत्त्वरसिकाः प्रवदन्ति । - શુદ્ધતત્ત્વના રસિક પુરુષો તો આમ જ કહે છે. (શ્લોક-૭૩)

અહા ! અનાદિકાળથી પ્રભુ ! તું રાગ-દ્વેષ ને અજ્ઞાનમાં રહ્યો છે અને તે અનંતકાળ એક-એક સમય કરતાં-કરતાં ગયો (-વીત્યો) છે હો. માટે તે અજ્ઞાનની મુદત એક સમયની જ છે. હવે તેનું રૂપાંતર થવામાં પણ પ્રભુ ! એક સમય જ લાગે છે અને તેનું રૂપાંતર થઈને પ્રગટતો મોક્ષ પણ એક સમયનો છે. જ્યારે દ્રવ્ય તો ત્રિકાળ રહે છે. અરે ! મોક્ષનો પર્યાય પણ એક સમય જ રહે છે. બીજા સમયે તે બીજો થાય છે. બીજા સમયે એવો જ પર્યાય થાય, પણ તેનો તે જ પર્યાય ન રહે અર્થાત્ બીજા સમયે એવો ને એવો પર્યાય થાય, પરંતુ તેનો તે પર્યાય ન રહે. આવી ચીજ (વસ્તુસ્વરૂપ) છે. આ સાંભળવા જેવું છે હો.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

અહીં કહે છે કે સ્વદ્રવ્યના આશ્રયની અપેક્ષાએ બધા ચારેય ભાવો હેય છે. તેઓ હેય છે તેનું કારણ ? તેનું કારણ એ છે કે તેઓ પરસ્વભાવો છે. અને તેઓ પરસ્વભાવો છે **'તેથી જ પરદ્રવ્ય છે'**. ગજબ વાત છે ! સાંભળવી પણ કઠણ પડે એવી ગજબ વાત છે ! પ્રભુ ! તારું સ્વરૂપ જ આવું છે. ભાઈ ! અનાદિ-અનંત ચૈતન્યસમુદ્ર અનંત ગુણરત્નોથી ભરેલો નિત્ય ધ્રુવ છે. તેની દૃષ્ટિની અપેક્ષાએ ચારેય ભાવો હેય છે. કારણ કે તેઓ પરસ્વભાવો છે. લ્યો, કેવળજ્ઞાન પરસ્વભાવ છે ને ત્રિકાળી આત્મદ્રવ્ય સ્વસ્વભાવ છે એમ કહે છે. કેવળજ્ઞાન તો નવો ઉત્પન્ન થતો ભાવ છે, જ્યારે સ્વસ્વભાવરૂપ ત્રિકાળી આત્મદ્રવ્ય તો અનાદિ-અનંત સત્ છે. તેથી તે ત્રિકાળી સ્વસ્વભાવની અપેક્ષાએ નવો ઉત્પન્ન થતો કેવળજ્ઞાનરૂપી ભાવ પણ પરસ્વભાવ છે. આવી વાત છે !

અહા ! શું પચાસમી ગાથા ! જુઓ ને ? પોતે શ્રી કુંદકુંદાચાર્યે જ લખ્યું છે ને ? કે पुव्वुत्तसयलभावा परदव्वं परसहावमिदि हेयं । ટીકામાં તો અર્થકાર-ટીકાકાર (શ્રી પદ્મપ્રભમલધારિદેવ) કહે જ છે, પરંતુ મૂળ ગાથામાં પોતે શ્રી કુંદકુંદાચાર્ય કહે છે કે પૂર્વોક્ત સર્વ ભાવો પરસ્વભાવો છે, પરદ્રવ્ય છે, તેથી હેય છે. અને છેલ્લે (છેલ્લી ૧૮૭મી ગાથામાં) પોતે શ્રી કુંદકુંદાચાર્ય એમ કહે છે કે મેં તો મારા માટે આ નિયમસાર બનાવ્યું છે. પ્રભુ ! મારી દૃષ્ટિ દ્રવ્ય ઉપર જ પડી છે, તેથી હું એમ કહું છું કે બંધ ને મોક્ષપર્યાય હેય છે. તેના કારણમાં હું એમ કહું છું કે તેઓ પરસ્વભાવો છે અને તેથી જ પરદ્રવ્ય છે. અહા ! 'પરદ્રવ્ય' કહેતાં અહીં પર સાથે સંબંધ નથી (-પર પદાર્થની વાત નથી), પરંતુ પોતાના પર્યાયની જ વાત છે કે તેઓ પરદ્રવ્ય છે. અર્થાત્ પોતાના જે બંધના ને મોક્ષના પર્યાય છે તેની અહીંયા વાત છે અને તેઓ પરદ્રવ્ય છે એમ અહીં કહે છે. કેમ ? કેમ કે જેમ પરદ્રવ્યમાંથી આનંદનો નવો નિર્મળપર્યાય આવતો નથી તેમ મોક્ષનો પર્યાય હોય તોપણ તેમાંથી આનંદનો નવો નિર્મળપર્યાય આવતો નથી. (માટે મોક્ષપર્યાય પણ પરદ્રવ્ય છે.) ગજબ વાત છે ! ભાગ્યવાનને કાને પડે એવી વાત છે !

અહા ! રાગ તો દુઃખદાયક છે, સંસાર છે અને એ તો એક સમયની અવસ્થા હોવાથી પલટી શકે છે. વળી સંસાર પલટીને મોક્ષ થાય તે અવસ્થા પણ એક સમયની જ છે. આ રીતે મોક્ષપર્યાય એક સમયનો છે, જ્યારે આત્મદ્રવ્ય ત્રિકાળી છે. તેથી (૧) ત્રિકાળી દ્રવ્યની અપેક્ષાએ તે પર્યાય હેય છે, (૨) ત્રિકાળી સ્વસ્વભાવની અપેક્ષાએ

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તે પર્યાય પરસ્વભાવ છે અને (૩) તેથી જ તે પર્યાય પરદ્રવ્ય છે. અહા ! મોક્ષનો પર્યાય પણ હેય છે, કારણ કે તે પરસ્વભાવ છે ને તેથી જ પરદ્રવ્ય છે. લ્યો, પોતાનો કેવળજ્ઞાનપર્યાય, સિદ્ધપર્યાય કે પર્યાયમાં પ્રગટ થતાં અનંતચતુષ્ટય પણ પરદ્રવ્ય છે એમ કહે છે. શક્તિમાં જે અનંતજ્ઞાન-દર્શન-આનંદ-વીર્ય છે તે પર્યાયમાં અનંતચતુષ્ટયરૂપે પ્રગટ થાય છે. છતાં કહે છે કે એ અનંતચતુષ્ટય પરદ્રવ્ય છે. કેમ કે તેમાંથી નવો પર્યાય આવતો નથી. જેમ પરદ્રવ્યમાંથી આનંદનો નવો પર્યાય આવતો નથી તેમ પ્રગટ અનંતચતુષ્ટયના પર્યાયમાંથી પણ આનંદનો નવો પર્યાય આવતો નથી. આનંદનો નવો પર્યાય તો ત્રિકાળી ભગવાન આત્મામાંથી આવે છે. માટે, જેમાંથી આનંદનો નવો પર્યાય આવે તેને (-તે ત્રિકાળી આત્માને) અમે સ્વદ્રવ્ય કહીએ છીએ અને જે પર્યાયમાંથી આનંદનો નવો પર્યાય આવતો નથી તેને અમે ત્રિકાળી સ્વદ્રવ્યની અપેક્ષાએ પરદ્રવ્ય કહીએ છીએ. ગજબ વાત છે !

આ ઝીણો અધિકાર છે. કેમ કે મૂળ અધિકાર છે ને ? પરમાત્મા સર્વજ્ઞદેવ તીર્થંકરદેવના અંતર પેટની આ વાતો છે. જે અનાદિકાળનો સનાતન ધર્મ છે તે શું (કેવો) છે તેની આ વાત છે. લ્યો, ટીકા ફરીને લઈએ :

**'આ, હેય-ઉપાદેય અથવા ત્યાગ-ગ્રહણના સ્વરૂપનું કથન છે.'** - આ, છાંડવાયોગ્ય ને આદરવાયોગ્ય અથવા ત્યાગ-ગ્રહણનો અધિકાર છે અર્થાત્ તેના સ્વરૂપનું કથન છે.

**'જે કોઈ વિભાવગુણપર્યાયો છે તેઓ પૂર્વે (૪૯મી ગાથામાં) વ્યવહારનયના કથન દ્વારા ઉપાદેયપણે કહેવામાં આવ્યા હતા પરંતુ શુદ્ધનિશ્ચયનયના બળે (શુદ્ધનિશ્ચયનયે) તેઓ હેય છે.'** આકરી વાત છે. આત્મામાં ચાર પ્રકારના પર્યાય થાય છે :

(૧) દયા, દાન, વ્રત, ભક્તિ આદિરૂપ ઔદયિકભાવ,

(૨) રાગ(-મોહ)ના ઠરવારૂપ ઔપશમિકભાવ,

(૩) જ્ઞાનાદિનો કંઈક ઉઘાડ હોય ને કંઈક આવરણ હોય તેરૂપ ક્ષાયોપશમિકભાવ અને

(૪) ક્ષાયિક સમકિત, કેવળજ્ઞાન આદિરૂપ ક્ષાયિકભાવ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આ ચાર ભાવ આત્મદ્રવ્યના પર્યાય છે, અવસ્થા છે. તો, 'જે કોઈ વિભાવગુણપર્યાયો' એટલે આ ચાર પર્યાય. આ ચાર પર્યાયોને ૪૯મી ગાથામાં વ્યવહારનયના કથન દ્વારા ઉપાદેયપણે કહેવામાં આવ્યા હતા. પરંતુ અંતર આત્મસ્વભાવની શક્તિના બળથી અથવા શુદ્ધચૈતન્યને પ્રાપ્ત કરવાના બળથી (અપેક્ષાએ) એ ચારેય પર્યાય હેય છે એમ અહીં કહે છે.

અહા ! ઔદયિકભાવ તો હેય છે જ. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિ તો રાગ હોવાથી બંધનું કારણ છે ને તેથી હેય છે જ. પરંતુ રાગનો ઉપશમ થાય એવો ઔપશમિકભાવ પણ હેય છે એમ કહે છે. જેમ પાણીમાં મેલ નીચે બેસી જાય ને પાણી ઠરે (-નિર્મળ થાય) તેમ વિકારનો મેલ નીચે બેસી જાય તે ઔપશમિકભાવ છે. તે ભાવ પણ, અહીં કહે છે કે, હેય છે - ત્યાગવાયોગ્ય છે. જો તેણે આત્મજ્ઞાન, સમ્યગ્દર્શન અર્થાત્ ધર્મનું પહેલું પગથિયું, ધર્મની પહેલી શ્રેણી - કે જે અનંતકાળમાં નહીં પ્રગટેલી એવી અપૂર્વ દશા છે તે - પ્રગટ કરવી હોય તો ઔદયિકભાવ, ઔપશમિકભાવ, ક્ષાયોપશમિકભાવ ને ક્ષાયિકભાવ - એ ચારેય ભાવોને હેય (માનવા પડશે.) જોકે એ ચારેય ભાવોને વ્યવહારનયના કથન દ્વારા ઉપાદેય કહેવામાં આવ્યા હતા, તોપણ શુદ્ધનિશ્ચયનયના બળે તેઓ હેય છે. અહા ! ૫૦મી ગાથામાં આકરી વાત છે. આપણે ગઈકાલે ખૂબ આવ્યું હતું.

અહા ! સમ્યગ્દષ્ટિને અંદરમાં બિરાજમાન અનાદિ-અનંત એકરૂપ પરમ પારિણામિકભાવમય સ્વભાવભાવ - ધ્રુવભાવ - નિત્યભાવ - જ, તે એક જ, ઉપાદેય છે. તેમ જ જેને ધર્મનું પહેલું પગથિયું પ્રગટ કરવું છે તેને પણ અનાદિ-અનંત ચૈતન્યસ્વરૂપ શુદ્ધ પરમ પારિણામિકસ્વભાવે રહેલ ત્રિકાળી જ્ઞાયકભાવ જ એક આદરણીય છે અર્થાત્ ત્યાં દૃષ્ટિ કરવા લાયક છે. આકરી વાત છે ! અહા ! આ શરીરાદિ તો જડ-માટી છે તેમ જ આ હલન-ચલન આદિની ક્રિયા થાય છે તે પણ જડની છે. તે જડમાં આત્મા કાંઈ કરી શકતો નથી. કેમ કે આત્મા જડને અડતો જ નથી ને ? શ્રી સમયસારની ત્રીજી ગાથામાં કહ્યું છે કે એક દ્રવ્ય બીજા દ્રવ્યને ક્યારેય સ્પર્શતું - અડતું નથી. ગજબ વાત છે !

આ શરીર, વાણી, મન અને કર્મને તો એકકોર રાખો. કેમ કે તેઓ તો પર છે ને આત્મા તેમને અડતોય નથી. આ શરીર રૂપી છે તેને આત્મા અડતો નથી. તેવી રીતે કર્મ જડ-રૂપી છે તેને પણ આત્મા અડતો નથી. કેમ કે આત્મા અરૂપી છે ને શરીર, કર્મ જડ-રૂપી છે. અરે ! આ જડને આત્મા તો અડે નહીં ને આત્માને જડ અડે નહીં,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પરંતુ આ આંગળી જે અનંત પરમાણુનો પિંડ (-સ્કંધ) છે તેમાંના દરેક પરમાણુ પણ બીજા પરમાણુને અડ્યા નથી, અડતા નથી. અર્થાત્ એક-એક (દરેક) પરમાણુ પોતાના અસ્તિત્વમાં - હયાતીમાં - છે, પણ પરની હયાતીને તેઓ અડતા નથી. કેમ કે દરેક દ્રવ્ય-વસ્તુ પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયમાં અસ્તિત્વ રાખે છે. તે અસ્તિત્વ પરને કારણે બિલકુલ નથી. દરેક પદાર્થ - પરમાણુ હો કે આત્મા હો - તેનું અસ્તિત્વ (૧) પોતાના ત્રિકાળી દ્રવ્ય-વસ્તુમાં છે, (૨) પોતાની શક્તિ-ગુણમાં છે અને (૩) પોતાની વર્તમાન અવસ્થા-હાલત-પર્યાયમાં છે. - આ ત્રણમાં પદાર્થની હયાતી છે અને તેથી તે બીજા દ્રવ્યને અડતો નથી. લ્યો, આવું કે દિ' સાંભળ્યું હતું ? અરે પ્રભુ ! વીતરાગનો મારગ જગતથી જુદો છે. અત્યારે ત્રણલોકના નાથ વીતરાગ પરમેશ્વર એવા ૨૦ તીર્થંકર ને લાખો કેવળી મહાવિદેહક્ષેત્રમાં બિરાજે છે. ભૂતકાળમાં પણ એવા અનંત તીર્થંકર થયા હતાં ને ભવિષ્યમાં પણ થશે. તેમ જ અનંત કેવળી ને જૈનદર્શનના સાચા મુનિ-સંતો પણ ભવિષ્યમાં અનંત થશે. તો, તે દરેકનું આ કથન છે. અહા ! પણ તેનું જ્ઞાન કરવું આકરું છે. આવો મારગ છે પ્રભુ ! દુનિયાને (-અજ્ઞાનીને) આ મારગ બેસે કે ન બેસે તેમ જ આ મારગનો વિરોધ કરે તોપણ મારગ તો આ છે. દુનિયાને વસ્તુની (-વસ્તુસ્વરૂપની) ખબર નથી તેથી આ મારગ ન બેસે ને વિરોધ કરે, છતાં તે (વિરોધ કરનાર) પણ અંદરમાં ભગવાન છે. અરે ! પણ તેની (ભગવાન આત્માની) તેને ખબર નથી.

આ શરીર, વાણી, મન, સ્ત્રી, લક્ષ્મી, કુટુંબ, પરિવાર આદિ તો આત્માથી ભિન્ન જ છે. તેઓ તો આત્માના પર્યાયમાં પણ નથી. શું કહ્યું ? કે આત્માની પલટતી દશા-અવસ્થા-પર્યાય છે તેમાં પણ તે પરપદાર્થ નથી. માટે પરપદાર્થ (આત્માનો) સંસાર નથી અર્થાત્ સ્ત્રી, કુટુંબ, લક્ષ્મી, આબરું આદિ સંસાર નથી. પરંતુ શુદ્ધ દ્રવ્યગુણથી संसरणम् - હઠીને વિકારમાં રહેવું તે સંસાર છે. તે સંસાર આત્માના પર્યાયમાં છે, (પણ પરમાં નથી.) તેથી પરને હઠાવવાની વાત જ નથી. આવી વાત છે ભાઈ ! તેણે આ વાતને કદી સાંભળી નથી અને તે પ્રમાણે કર્યું પણ નથી. અરે ! ૮૪ના અવતાર કરતાં-કરતાં અનંતકાળ ચાલ્યો ગયો છે. ૮૪ લાખ યોનિ છે ને તે એક-એક યોનિમાં તેણે અનંતવાર અવતાર ધારણ કર્યાં છે - એક આત્મજ્ઞાન ને આત્મદર્શન-સમકિત વિના. અહા ! એક આત્મજ્ઞાન ને આત્મદર્શન તેણે કર્યું નથી, બાકી બીજી બધીય ક્રિયાઓ તેણે કરી છે. 'છઢાળા'માં આવે છે ને ? કે,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



'મુનિવ્રત ધાર અનંત વાર ગ્રીવક ઉપજાયો,'

તેણે ઘણીવાર મુનિવ્રત ધારણ કર્યા છે અર્થાત્ દિગંબર-નગ્ન મુનિ થઈને જંગલમાં વસ્યો છે ને આવી રીતે મુનિવ્રત ધારણ કરીને અનંતવાર ગ્રૈવેયકમાં ઉપજ્યો છે.

'પૈ નિજ આતમજ્ઞાન વિના સુખ લેશ ન પાયો'. - (૪થી ઢાળ, પદ-૫)

પણ સચ્ચિદાનંદ પ્રભુ ભગવાન આત્માના જ્ઞાન વિના તે જરાપણ સુખ પામ્યો નથી. જિનેશ્વર પરમેશ્વર ભગવાને જેવો અતીંદ્રિય આનંદકંદ આત્મા જોયો છે મતલબ કે અતીંદ્રિય આનંદનું દળ, અતીંદ્રિય જ્ઞાનનો કસ, અતીંદ્રિય શાંતિનો સાગર એવો જે પ્રભુ આત્મા છે તેને ક્યારેય - અનંતકાળમાં એક સેકંડ પણ - તેણે અનુભવ્યો નથી અને પર્યાયદૃષ્ટિમાં જ રહ્યો છે. પર્યાય વિનાનું એટલે કે વર્તમાન બદલતી અવસ્થા સિવાયનું જે ત્રિકાળી ધ્રુવસ્વરૂપ છે - જે પૂર્ણાનંદનો નાથ ભગવાન આત્મા છે - તે તરફ એક સમય પણ તેણે ઝૂકાવ કર્યો નથી.

અહીં કહે છે કે આત્માનો ઔપશમિક, ક્ષાયોપશમિક કે ક્ષાયિકપર્યાય પણ આદરણીય નથી. કેમ ? કેમ કે તે પર્યાયમાંથી નવો પર્યાય આવતો નથી. નવો નિર્મળપર્યાય - વીતરાગી આનંદની દશા - દ્રવ્યમાંથી આવે છે. તે કારણે ક્ષાયિકાદિ પર્યાયને હેય કહ્યાં છે. આવી આકરી વાત છે ! અજ્ઞાનીને તો એવું લાગે છે કે આ કાઢ્યું ક્યાંથી ? આવો નવો માર્ગ ક્યાંથી કાઢ્યો ? અરે પ્રભુ ! આ કાંઈ નવો માર્ગ નથી. આ શાસ્ત્રો (કાંઈ અત્યારના નથી.) આ તો શ્રી કુંદકુંદાચાર્યના કહેલા છે ને ત્યારના (જૂના) છે. તેમાં આ નિયમસારની ૫૦મી ગાથામાં એમ કહે છે કે નિયમનો સાર એવો છે કે જે ચાર પ્રકારના પર્યાય થાય છે તેની સ્થિતિ એક સમયની છે. રાગ (-ઔદયિકભાવ) હોય કે, ઔપશમિકભાવ હોય કે, ક્ષાયોપશમિકભાવ હોય કે અરે ! ક્ષાયિકભાવ-કેવળજ્ઞાન હોય તોપણ એક સમય જ રહે છે. પહેલાં સમયે કેવળજ્ઞાન થાય તે બીજા સમયે રહેતું નથી. બીજા સમયે બીજું કેવળજ્ઞાન થાય. (હા), બીજા સમયે પહેલાં સમય જેવું કેવળજ્ઞાન થાય, પણ તેનું તે કેવળજ્ઞાન રહેતું નથી. તો, કહે છે કે શુદ્ધનિશ્ચયનયના બળે એટલે કે ત્રિકાળી જ્ઞાયકભાવના જ્ઞાનના બળથી, સત્યાર્થ-વાસ્તવિક દૃષ્ટિથી, ત્રિકાળ રહેનાર સત્યસ્વરૂપ આત્માની દૃષ્ટિથી જોઈએ તો વ્યવહારનયે જેને આત્માના કહ્યાં હતા તે બધા ચારેય ક્ષાયિકાદિ ભાવો હેય છે. ગજબ વાત છે ! આકરી વાત છે પ્રભુ ! જૈન મારગ આવો આકરો છે. અરે ! અત્યારે તો બધી સાચી પરંપરા જ તૂટી ગઈ છે ને તેથી એકલો બહારનો - ચાર ગતિમાં રખડવાનો -

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



મારગ રહી ગયો છે. પુણ્યની ક્રિયા કરો - દયા પાળો, વ્રત કરો, ભક્તિ કરો, પૂજા કરો, મંદિર બનાવો એટલે જાવ મોક્ષ થશે. - એવો બહારનો મારગ અત્યારે રહી ગયો છે. પણ અરે ! (જો આત્મજ્ઞાન ન કર્યું તો) અરેરે ! એણે જિંદગીમાં શું કર્યું ? (કાંઈ જ નહીં.)

અહા ! શ્રી કુંદકુંદાચાર્ય કહે છે કે આ શાસ્ત્ર મેં મારા માટે બનાવ્યું છે. શ્રી સમયસાર, પ્રવચનસાર આદિ શાસ્ત્રો તો તેમણે ઉપદેશક તરીકે બધાને કામમાં આવે (લાભ થાય) એ રીતે બનાવ્યા છે. જ્યારે આ નિયમસાર તો, છેલ્લી (૧૮૭મી) ગાથામાં તેઓશ્રી કહે છે કે, મારી ભાવના માટે મેં બનાવ્યું છે. જોકે આ નિયમસાર પણ બધાને લાભ થાય એ રીતે બન્યું છે, તોપણ પોતાને માટે શ્રી કુંદકુંદાચાર્યે બનાવ્યું છે. તે શ્રી કુંદકુંદાચાર્ય પરમાત્મા ત્રિલોકનાથનું કહેલું, પોતે સીધું સાંભળેલું તેમ જ પોતાના હિતને (ભાવના) માટે બનાવેલું આ નિયમસાર શાસ્ત્ર દ્વારા જગત પાસે જાહેર કરે છે કે પ્રભુ ! તારા અસ્તિત્વમાં બે પ્રકાર છે: (૧) દ્રવ્ય ને (૨) પર્યાય. તેમાં જે પર્યાયરૂપ ચારેય ભાવો છે તે હેય છે. અરે ! ક્ષાયિક સમકિત આદિ ક્ષાયિકભાવ પણ હેય છે. કેમ કે તે પર્યાય છે ને ? તેમ જ અત્યારે સાધકને કેવળજ્ઞાન તો છે નહીં અને બીજાના કેવળજ્ઞાનનું લક્ષ કરવા જાય તો વિકલ્પ-રાગ ઉત્પન્ન થાય. માટે કેવળજ્ઞાનરૂપ ક્ષાયિકભાવ પણ હેય છે.

આ સ્ત્રી, કુટુંબ, પરિવાર, શરીર, કર્મ તો પરરૂપ અસ્તિત્વ છે. અહીંયા તે પરના અસ્તિત્વની એટલે કે પરની હયાતીની વાત તો, આચાર્યદેવ કહે છે કે, અમે કરતાં જ નથી. કેમ કે તે પરની હયાતી પરના કરણે છે ને પોતાની (સ્વની) હયાતી પોતાના કારણે છે. તેથી પરની હયાતીને અને પોતાની હયાતીને કાંઈ સંબંધ નથી. પણ પોતાની - આત્માની - હયાતીમાં બે પ્રકાર છે: (I) ત્રિકાળી દ્રવ્ય ને (II) વર્તમાન પર્યાય. તેમાં વર્તમાન પર્યાયમાં —

(૧) દયા, દાન, વ્રતાદિ થાય તે ઔદયિકભાવ છે,

(૨) રાગને ઠારતાં-ઉપશમ કરતાં જે શાંતિ થાય તે ઔપશમિક ભાવ છે,

(૩) જ્ઞાનાદિમાં કાંઈક ઉઘાડ થાય ને કાંઈક વિઘ્ન (આવરણ) રહે તે ક્ષાયોપશમિકભાવ છે ને

(૪) જ્ઞાનાદિનો વિઘ્ન વિનાનો પર્યાય થાય તે ક્ષાયિકભાવ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આ ચારેય પર્યાય, કહે છે કે, ત્રિકાળી આત્મદ્રવ્યમાં નથી અને તેથી પર્યાયરૂપ જે આ ચાર ભાવ છે તે હેય છે. આવી ગજબ વાત છે પ્રભુ ! અહીંયા આવી ઝીણી વાત છે પ્રભુ !

અહા ! અહીંયા સ્ત્રી-પુત્રાદિની તો વાત જ નથી. તેઓ તો પરદ્રવ્ય છે ને તેના પોતાના (પરના) કારણે આવીને પરની હયાતીરૂપે રહ્યા છે. પણ કાંઈ આત્માની હયાતીરૂપે તે પરની હયાતી રહી નથી. તેવી રીતે આ શરીરની હયાતી પણ તેના પોતાના (પરના) કારણે છે અર્થાત્ શરીરના દ્રવ્ય-ગુણ-પર્યાયના કારણે શરીરની હયાતી છે.

**પ્રશ્નઃ-** આમાં અમારા પૈસા ક્યાં ગયા ? (પૈસાની વાત તો ન આવી ?)

**સમાધાનઃ-** આ પૈસા-ધૂળ તો અજીવ છે અને તે અજીવની સત્તામાં જીવની સત્તાનો પ્રવેશ જ નથી. તેમ જ અજીવની સત્તા જીવની સત્તાને અડતી નથી.

આ સાંભળીને અજ્ઞાનીને એમ થાય છે કે આ શું કહે છે ?

ભગવાન ! ત્રણલોકના નાથ શ્રી સીમંધરભગવાને આ કહ્યું છે. શ્રી સીમંધરપરમાત્મા મહાવિદેહક્ષેત્રમાં બિરાજે છે ને તેમણે કહેલી આ વાત છે. શ્રી કુંદકુંદાચાર્ય શ્રી સીમંધરભગવાન પાસે ગયા હતા, ત્યાં આઠ દિવસ રહ્યા હતા ને સાક્ષાત્ પરમાત્માની વાણી આઠ દિવસ સાંભળી હતી. તેમ જ જે શ્રુતકેવળીઓ હતા - ભલે તેઓ હતા છદ્મસ્થ, છતાંપણ શ્રુતમાં પૂરા હતા - તેમની સાથે ચર્ચા કરીને કેટલીક વાતનો નિર્ણય કર્યો હતો. તે બધું જ્ઞાન લઈને શ્રી કુંદકુંદાચાર્ય અહીંયા ભરતમાં આવ્યા ને આ શાસ્ત્રો બનાવ્યા છે. તેમાં તેઓ કહે છે કે પ્રભુ ! એક વાર સાંભળને ! કે શું પરની હયાતીના કારણે તારી હયાતી છે ? શું શરીરની કે આ વાણીની હયાતીને લઈને તારી હયાતી છે ? તેવી રીતે શું તારી હયાતીને લઈને શરીર-વાણીની હયાતી છે ? (ના.) આ શરીર-વાણી જડ છે, માટી છે, પરમાણુનો (સ્કંધરૂપનો) પર્યાય છે. તેથી તારી હયાતીને લઈને તેની હયાતી નથી અને તેની હયાતીને લઈને તારી હયાતી નથી. લ્યો, આ હાથની-શરીરની જે હલન-ચલન આદિરૂપ ક્રિયા થાય છે તે તારે — આત્માને — લઈને બિલકુલ થતી નથી. પરંતુ હાથની (શરીરની) હયાતીના કારણે તેનું હલન-ચલન થાય છે એમ કહે છે. કેમ કે તે જડની ક્રિયા જડની હયાતીને લઈને - જડના અસ્તિત્વને લઈને - જડની મોજુદગીને લઈને - તેનામાં (જડમાં) થાય છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**પ્રશ્ન:-** પૈસા કમાવાનું કામ તો આત્મા કરે ને ?

**સમાધાન:-** અરે ! કોણ કમાય ? કોણ રળે ? ને કોના પૈસા ? (જીવ અજ્ઞાનથી માને છે કે હું પૈસા કમાવ — રળું - છું ને મારા પૈસા છે.) બાકી પૈસા તો જડ-માટી-ધૂળ છે. પ્રભુ ! પૈસા હયાતીવાળી ચીજ છે કે અહયાતીવાળી ? જો હયાતીવાળી ચીજ છે તો તે તેને લઈને છે કે તારે લઈને ? પૈસાની હયાતી પૈસાના દ્રવ્ય-ગુણ-પર્યાયને લઈને છે કે તારે લઈને ? તેવી રીતે જેને તું 'મારી સ્ત્રી' એમ માને છે...... માત્ર માને છે હો, બાકી તે તારી સ્ત્રી છે નહીં. કેમ કે આત્માને સ્ત્રી હોય નહીં. તો, તે સ્ત્રીની હયાતી તેના દ્રવ્ય-ગુણ-પર્યાયને લઈને તેનામાં છે. તેમ જ તારી પાસે જે કર્મ છે તેની હયાતી પણ કર્મને લઈને છે, પરંતુ આત્માને લઈને નહીં. અરેરે ! એણે ન્યાયથી વાત સાંભળી નથી પ્રભુ !

**પ્રશ્ન:-** પુત્રની બાબતમાં શું છે ?

**સમાધાન:-** પુત્ર પણ પુત્રને લઈને પુત્રની હયાતીમાં છે. આ જીવને લઈને પુત્રની હયાતી નથી ને પુત્રને લઈને આ જીવની હયાતી નથી. જુઓ, આ આંગળીનો એક-એક રજકણ પણ તેની પોતાની હયાતીને લઈને છે, પણ આત્માને લઈને તેની હયાતી નથી. કેમ કે આ આંગળી તો માટી-જડ છે. તેથી તે જડની મોજુદગી જડને લઈને છે, પણ આત્માને લઈને બિલકુલ નથી. એટલે (આ રીતે, જડ પદાર્થ આત્માથી તદ્દન ભિન્ન હોવાથી) તે જડની વાત તો અહીં કરી જ નથી. અર્થાત્ શરીર, વાણી, સ્ત્રી, કુટુંબ, પૈસો હેય છે - એ વાત અહીં કરી જ નથી. કારણ કે તે જડ આત્મામાં છે જ નહીં તો પછી હેય કેવી રીતે કરવા ? હેય તો જે પોતાનામાં હોય તેને કરી શકાય, પણ જે પરમાં હોય તેને હેય-ઉપાદેય કેવી રીતે કરી શકાય ? કેમ કે પર તો પરની ચીજ છે. અરેરે ! પરમાત્મા જિનેશ્વરદેવ ત્રિલોકનાથ ભગવાનનો આવો નાદ કોણ સાંભળશે ? કોણ સંઘરશે ? તેની કોણ હા પાડશે ? દુનિયા તો ગાંડી - અજ્ઞાનમાં પાગલ થયેલી - છે. તેમાં આ વાતની કોણ હા પાડશે ? શ્રીમદ્જી પણ એકવાર કહેતા હતા કે અરેરે ! મારી આ વાત કોણ સાંભળશે ?

અહીં તો ત્રણલોકના નાથની દિવ્યધ્વનિ દ્વારા જે વાત આવી છે તે છે. તેમાં પ્રભુ એમ કહે છે કે દિવ્યધ્વનિની હયાતી મારે લઈને નથી. આ દિવ્યધ્વનિનો અવાજ નીકળે છે તે જડ છે અને તે જડની હયાતી જડના કારણે છે, પણ મારા આત્માના કારણે નહીં.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

લ્યો, આ કારખાનું ચાલે છે તે તેને (જડને) લઈને ચાલે છે, પણ માણસને લઈને નહીં ને આ જીવને લઈને તો નહીં જ.

**શ્રોતા:-** એ વાત તો સાચી. પરંતુ કારખાનું ચાલે છે તેના કારણે પૈસા તો મળે છે ને ?

**પૂજ્ય ગુરુદેવશ્રી:-** અરે ! કોને પૈસા મળે પ્રભુ ? પૈસા એ કોઈ (સ્વતંત્ર) ચીજ છે કે નહીં ? (હા.) તો પછી શું એ ચીજ આ જીવને અડે કે મળે ? પ્રભુ ! આ વાત બીજી છે - જગતથી ન્યારી છે. વીતરાગ ત્રિલોકનાથ જિનેશ્વરનો મારગ દુનિયાથી તદ્દન ન્યારો છે. અહા ! જીવ લક્ષ્મીને અડતો જ નથી તો પછી જીવને લક્ષ્મી ક્યાંથી મળે ?

**પ્રશ્ન:-** તો પછી જીવને શું મળે છે ?

**સમાધાન:-** એ લક્ષ્મી નજીક આવતાં તેને એમ થાય છે કે મને લક્ષ્મી મળી. આવી મમતા જીવને મળે છે અને તે મમતા જીવના પર્યાયમાં પોતે કરી છે, પણ લક્ષ્મીએ કરાવી નથી. અરે ! દુનિયાથી વાતે-વાતે ફેર છે.

**પ્રશ્ન:-** દુનિયામાં રહેવું અને દુનિયાથી ફેર માનવું ?

**સમાધાન:-** ભાઈ ! તું ક્યાં દુનિયામાં રહે છે ? (તું તો તારા અસંખ્ય પ્રદેશમાં રહે છે.)

**પ્રશ્ન:-** દયા પાળીએ, વ્રત કરીએ, ભક્તિ કરીએ વગેરે કરીએ તો ધર્મ થાય ને ?

**સમાધાન:-** અરે ભગવાન ! કદાચિત્ તેમાં રાગની મંદતા હોય તો પુણ્ય થાય. તે પુણ્યથી તો ચાર ગતિમાં રખડવાનું બને. કેમ કે પુણ્યભાવ પોતે સંસાર છે. संसरणम् इति संसारः - ત્રિકાળી આનંદના નાથ આત્મામાંથી હઠીને વિકારમાં આવવું તે સંસાર છે.

અહીં કહે છે કે પરચીજ તો પરની હયાતીને લઈને છે, પણ તારી હયાતીને લઈને આ લક્ષ્મી, સ્ત્રી, કુટુંબ, મકાન, આબરું, કપડાં વગેરેની હયાતી છે જ નહીં. એટલે ભગવાન ! તારી હયાતી સિવાયના - જે તારી હયાતીમાં નથી તે - બીજા પદાર્થના ત્યાગ-ગ્રહણની વાત અમે અહીંયા કરતા જ નથી કે તે છોડવાયોગ્ય છે કે ગ્રહણ

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કરવાયોગ્ય. પરના ત્યાગ-ગ્રહણ તો આત્મામાં - આત્માના પર્યાયમાં પણ - છે જ નહીં. કેમ કે આત્મામાં એક ત્યાગ-ઉપાદાનશૂન્યત્વ નામનો ગુણ છે, શક્તિ છે. તેથી એક રજકણથી માંડીને આ દાળ, ભાત, રોટલા, શાક, પૈસા, કપડાં વગેરેના ત્યાગ ને ગ્રહણથી તો પ્રભુ ! તું આત્મા ત્રણે કાળ રહિત-શૂન્ય છો. હવે વાત રહી તારી દશા-અવસ્થા-પર્યાયમાં થતાં રાગ-દ્વેષ-દયા-દાનાદિરૂપ ઔદયિકભાવ, ઔપશમિકભાવ, ક્ષાયોપશમિકભાવ ને ક્ષાયિકભાવ કે જે તારી હયાતી છે. અર્થાત્ એ બધા ભાવ તારા પર્યાયની હયાતીમાં છે. પરંતુ તે હયાતી હેય છે એટલે કે તેના ઉપર નજર રાખવાની (કરવાની) નથી. કેમ કે તેના ઉપર નજર રાખવાથી તો રાગ થશે ને તેથી સંસારમાં પરિભ્રમણ કરવું પડશે. અહા ! ત્રણલોકના નાથ અનંત તીર્થંકરોનો આ નાદ છે. પણ અરેરે ! આ નાદને કોણ ઝીલે પ્રભુ ? અત્યારે તો આ બધો નાદ ભુંસાઈ ગયો છે ને લોકો કંઈકનું કંઈક માને છે અને તેથી તેઓ બિચારાં રખડી મરે છે.

અહા ! ભગવાન ત્રિલોકના નાથ અનંત તીર્થંકરોનો આ અવાજ છે. અરે ! તીર્થંકરનો અવાજ કહેવો તે નિમિત્તથી કથન છે. કારણ કે અવાજ અવાજથી છે, આત્માથી નહીં. તો, તે અવાજમાં એવું આવ્યું છે કે પ્રભુ ! તું આત્મા છો. તારામાં - તારી હયાતીમાં - બે વાત (પ્રકાર) છે: (I) ત્રિકાળી દ્રવ્ય - ધ્રુવ અને (II) વર્તમાન પર્યાય - બદલતી અવસ્થા. - આ બે પ્રકારની હયાતી તારામાં છે, પણ તે સિવાય કોઈ બીજી (પરની) હયાતી તારામાં છે નહીં. હવે જે તારા પર્યાય-અવસ્થારૂપે હયાતી છે તેમાં ચાર પ્રકાર છે: (૧) ઔદયિકભાવ, (૨) ઔપશમિકભાવ, (૩) ક્ષાયોપશમિકભાવ અને (૪) ક્ષાયિકભાવ. - આ તારા પર્યાયરૂપ હયાતીના ચાર ભાવ છે કે જે પરની હયાતીને લઈને નથી તેમ જ પરની હયાતીમાં નથી. તે ચાર ભાવ પણ, કહે છે કે, હેય છે-છોડવા લાયક છે. જેણે ધર્મનું પહેલું પગથિયું-સોપાન એવું સમ્યગ્દર્શન પ્રગટ કરવું હોય તેના (માટે) આ ચાર ભાવ પણ હેય છે એમ કહે છે.

પ્રભુ ! અહીંયા બે વાત થઈ : (૧) તારી હયાતીમાં - મોજુદગીમાં અર્થાત્ આત્મામાં દ્રવ્ય એટલે ત્રિકાળી વસ્તુ છે, ગુણ એટલે જ્ઞાન-દર્શનાદિ શક્તિઓ છે અને પર્યાય એટલે બદલતી-પલટતી અવસ્થા છે. - આ ત્રણ તારા આત્માની હયાતીમાં છે. આ સિવાય બીજી ચીજ તારી હયાતીમાં છે નહીં. બીજી રીતે કહીએ તો આ ત્રણમાં આત્માની હયાતી છે. બાકી બાહ્ય ચીજમાં આત્માની હયાતી નથી. એટલે કે બાહ્ય ચીજને લઈને આત્માની હયાતી નથી ને આત્માને લઈને બાહ્ય ચીજની હયાતી નથી. (૨) હવે તેના

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પર્યાયરૂપ હયાતીમાં જે ચાર પ્રકારની અવસ્થા છે તે ઔદયિક, ઔપશમિક, ક્ષાયોપશમિક ને ક્ષાયિકભાવ પણ શુદ્ધનિશ્ચયનયથી હેય છે એમ કહે છે. પણ અરેરે ! તેણે ચાર ભાવના નામ પણ હજી સાંભળ્યા ન હોય (ત્યાં તેને હેય કેવી રીતે માને ?) અહા ! આ વાત પાગલને (-અજ્ઞાનીને) પાગલ જેવી લાગે એમ છે. ત્રણલોકના નાથ આખી દુનિયાને પાગલ કહે છે. આ બુદ્ધિવાળા કહેવાય છે તે બધા પણ પાગલ છે હો. 'પરમાત્મપ્રકાશ'માં પાઠ છે કે દુનિયા સત્ કહેનારને પાગલ કહે છે ને સત્ કહેનાર દુનિયાને પાગલ માને છે.

અહા ! પરની વાત તો શું કરવી ? કારણ કે મકાન, પૈસા આદિ તો જડરૂપની હયાતીએ રહ્યા છે ને તેની હયાતીના કારણે જાય છે. પણ આત્માના પ્રયત્નથી તે આવે છે કે જાય છે એ વાત ત્રણકાળમાં સાચી નથી. હવે કહે છે કે ભાઈ ! તારી હયાતીમાં કાં રાગ-દ્વેષરૂપ વિકાર (ઔદયિકભાવ) થાય ને કાં ત્રિકાળી દ્રવ્યના અવલંબે ઔપશમિક, ક્ષાયોપશમિક ને ક્ષાયિકભાવરૂપ ધર્મનો પર્યાય થાય. છતાં તે ચારેય પર્યાય હેય છે. કેમ ? કેમ કે એ પર્યાય-અવસ્થા છે તેમાંથી નવી અવસ્થા ઉત્પન્ન થતી નથી. અર્થાત્ પર્યાયમાંથી પર્યાય આવતો નથી. અવસ્થા-પર્યાય તો ત્રિકાળી દ્રવ્ય ભગવાન આત્મામાંથી - કે જે અનાદિ-અનંત સત્ પ્રભુ છે તેમાંથી - આવે છે. તે કારણે ચાર પ્રકારના પર્યાયને પણ હેય કહેવામાં આવે છે. એટલે કે તેને દૃષ્ટિમાંથી છોડી દે ને દૃષ્ટિ ભગવાન આત્મા ઉપર કર.

અહા ! ત્રિકાળ પરમાત્મસ્વરૂપ ભગવાન પંચમભાવ પર્યાયરૂપ ચાર ભાવથી જુદો છે. ઔદયિકાદિ ચાર ભાવ પર્યાયસ્વરૂપ છે, જ્યારે જ્ઞાયક એવો પંચમભાવ દ્રવ્યસ્વરૂપ-વસ્તુસ્વરૂપ છે. (તે પંચમભાવની અપેક્ષાએ ચારેય ભાવને હેય કહ્યા છે.)

હવે પૂછે છે કે પોતાના પર્યાય-અવસ્થામાં જે ચાર ભાવ થાય છે તે નજરમાંથી છોડવા લાયક છે, (ધર્મને માટે) ત્યાં નજર કરવાની જરૂર નથી તેનું કારણ શું ? અર્થાત્ ચારેય ભાવને હેય કહ્યા તે ક્યા કારણથી કહ્યાં છે ?

તે ચારેય ભાવ પરસ્વભાવો છે ને તેના લક્ષે રાગ થાય છે, માટે હેય છે. અહા ! ભૂતકાળમાં અનંત તીર્થંકરો થઈ ગયા, વર્તમાનમાં થાય છે ને ભવિષ્યમાં પણ થશે. તે બધાનો આ ભાવ છે. પણ આ ભાવ જગતને બેસવો બહુ મુશ્કેલ છે. જ્યાં આ વાત સાંભળવા મળવી પણ મુશ્કેલ છે... અરે ! આ વાત સાંભળવા મળતી જ નથી (ત્યાં સ્વીકારવાની વાત તો ક્યાંય રહી ?) અત્યારે તો દયા પાળો, વ્રત કરો, ચોવિહાર

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કરો, કંદમૂળ ન ખાવ - એવી બધી (પરના કર્તૃત્વની) વાતો મળે છે. અર્થાત્ આત્મા જે કરી શકતો નથી તે પરદ્રવ્યના ગ્રહણ-ત્યાગની વાતો અત્યારે સાંભળવા મળે છે.

અહીં કહે છે કે તારા પર્યાયમાં...પણ અરે ! પર્યાય એટલે શું એ પણ કેટલાક તો સમજતા ન હોય. ભાઈ ! તારી કાયમી-નિત્ય ચીજ છે તે દ્રવ્ય છે અને બદલતી-પલટતી અવસ્થા છે તે પર્યાય છે. તે પર્યાયમાં ચાર ભાવ થાય છે. તો, એ ચાર ભાવ હેય છે એમ કહે છે. **'શા કારણથી ? કારણ કે તેઓ પરસ્વભાવો છે.'** અહા ! દુનિયા માનો કે ન માનો, વસ્તુ તો આમ જ છે. અરેરે ! ૮૪ના અવતાર કરી કરીને અજ્ઞાની અનાદિથી રખડી રહ્યો છે. બાપુ ! સાત નરક છે ને તે એક-એક નરકમાં તેણે અનંત-અનંતવાર અવતાર કર્યા છે. પહેલી રત્નપ્રભા નામની નરકમાં ઓછામાં ઓછી દશ હજાર વરસની આયુસ્થિતિ છે ને સાતમી નરકમાં ૩૩ સાગરની ઉત્કૃષ્ટ આયુસ્થિતિ છે. તે બધામાં તેણે અનંત-અનંતવાર અવતાર કર્યા છે.

અરે ! અજ્ઞાનીને તો હજી કાંઈ ખબર ન મળે અને બાહ્યથી સામાયિક, પૌષધ, પ્રતિક્રમણ આદિ કરીને માને કે ધર્મ થઈ ગયો. પણ તેનાથી ધૂળમાંય ધર્મ થતો નથી. ધૂળમાંય ધર્મ થતો નથી એટલે શું ? (કે તેને ધર્મ તો થતો નથી, પરંતુ સારા પુણ્ય પણ બંધાતા નથી.) તેને તો સાધારણ પુણ્ય બંધાશે કે જે ચાર ગતિમાં રખડવા માટે છે - રખડવાનું કારણ છે.

અહીં કહે છે કે ઔદયિકાદિ ચારેય ભાવ હેય છે.

પણ પ્રભુ ! એ ચારેય ભાવ પોતાના પર્યાયમાં છે છતાં પણ હેય ? શરીર, વાણી, મન, સ્ત્રી, કુટુંબ, કીર્તિ, મકાન આદિ તો પોતાનામાં છે જ નહીં, તે તો પરચીજ છે. માટે તેની સાથે કાંઈ સંબંધ નથી. પરંતુ જે પોતાના પર્યાયમાં છે તેને હેય કેમ - કયા કારણથી - કહ્યા ? -એમ શિષ્યનો પ્રશ્ન છે. પોતાના પર્યાયમાં થવાવાળી અવસ્થા — રાગ-દ્વેષ, દયા, દાન, ભક્તિ, વ્રત, પૂજાદિનો ઔદયિકભાવ તેમ જ તેનાથી રહિત ધર્મરૂપ ઔપશમિક આદિ ભાવ પણ - હેય, છોડવાયોગ્ય છે એમ આપ કયા કારણથી કહો છો ? તેનું કારણ શું છે ?

પ્રભુ ! તેનું કારણ એ છે કે તેઓ પરસ્વભાવો છે. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિ તો પરસ્વભાવ છે જ. કેમ કે તે વિકાર છે. પરંતુ ઔપશમિક, ક્ષાયોપશમિક ને ક્ષાયિકભાવને પણ અહીં પરસ્વભાવ કહ્યા છે. લ્યો, પર્યાયને પરસ્વભાવ કહ્યો છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અરેરે ! જિંદગીમાં કોઈ દિ' આવું સાંભળ્યું પણ ન હોય ને જિંદગી ચાલી જાય છે. પછી - આ જિંદગી પૂર્ણ થયે - ક્યાં અવતાર થશે ? આ દેહ છૂટી જશે પણ આત્માની સત્તા તો કાયમ રહેવાની છે. કેમ કે આત્માની સત્તા અનાદિ-અનંત છે. તો, તે આત્મા ક્યાં રહેશે ? ક્યાં જશે ? રખડતો રામ ક્યાંય ભૂંડમાં, કાગડામાં, કૂતરામાં ને નરકાદિમાં જશે. એવા અનંત-અનંત ભવ તેણે કર્યા છે. પણ સત્‌ને સમજ્યો નહીં, સત્‌ને શરણે ગયો નહીં.

અહીં કહે છે કે ઔદયિકાદિ ચાર ભાવ પણ તારું ત્રિકાળી સત્ નથી, આત્માનો ત્રિકાળી સ્વભાવ નથી. કેમ કે તેઓ પરસ્વભાવ છે. ત્રિકાળ ટકતી ચીજ આત્મામાં તે અણટકતી ચીજ નથી. તેઓ તો એક સમય ટકે છે. ધર્મની દશા પ્રગટે તે પણ એક સમય ટકે છે. ત્રિકાળીને આશ્રયે સમ્યગ્દર્શન-જ્ઞાન પ્રગટ થાય છે, છતાં તેની સ્થિતિ પણ એક સમયની છે. બીજા સમયે બીજો દર્શન-જ્ઞાનપર્યાય પ્રગટે ને ત્રીજા સમયે ત્રીજો દર્શન-જ્ઞાનપર્યાય પ્રગટે. -આમ પર્યાય બદલે છે, પણ ત્રિકાળી ચીજ આત્મા ધ્રુવ છે. ઉપજતા ને વિણસતા પર્યાયની પાછળ - પર્યાયના તળમાં - પર્યાયના તળીયામાં - ધ્રુવ છે (અને તેની અપેક્ષાએ આ ચારેય ભાવ પરસ્વભાવ છે.) કોઈને એમ થાય કે અરે ! આવી વાત ક્યાંથી કાઢી ? પણ ભાઈ ! આ ત્રણલોકના નાથની વાત છે ભગવાન !

હવે કહે છે કે, **'તેથી જ પરદ્રવ્ય છે.'** અહીંયા પર્યાયને પરદ્રવ્ય કહે છે પ્રભુ ! પરવસ્તુની - પૈસા, આબરું આદિની - તો અહીં વાત જ નથી. એ બધું તો પરવસ્તુ છે જ ને તેની સાથે તારે (-આત્માને) કાંઈ સંબંધ છે નહીં. એ પરવસ્તુ તો તેના (-જડના) કારણે આવે, તેના કારણે રહે ને તેના કારણે જાય. તારા કારણે તે પરવસ્તુ આવે નહીં, રહે નહીં ને જાય નહીં. તેમ જ તું પૈસાદિને દેવા જા તો દઈ શકે પણ નહીં. કેમ કે તે તારી શક્તિની બહારની વાત છે. પણ અહીં તો, અંદર પર્યાયના જે ચાર ભાવ છે તે પણ પરદ્રવ્ય છે - પરવસ્તુ છે એમ કહે છે. કેમ ? કેમ કે જેમ પરદ્રવ્યમાંથી - શરીર, વાણી, કર્મ, દેવ-શાસ્ત્ર-ગુરુ આદિ કોઈ પરપદાર્થમાંથી - પોતાનો પર્યાય પ્રગટ થતો નથી તેમ પર્યાયમાંથી નવો પર્યાય પ્રગટ થતો નથી. અહા ! એક સમયનો પર્યાય છે તેમાંથી નવો પર્યાય ઉત્પન્ન થતો નથી, કારણ કે તે પર્યાયનો તો (બીજા સમયે) વ્યય થઈ જાય છે. નવા પર્યાયની ઉત્પત્તિ તો ત્રિકાળી દ્રવ્યના આશ્રયે થાય છે. માટે તે અપેક્ષાએ એટલે કે સ્વદ્રવ્યની અપેક્ષાએ ધર્મના પર્યાયને પણ પરદ્રવ્ય કહે છે. ગજબ વાત છે ! આવું કોઈ દિ' સાંભળ્યું નહીં હોય ? બાપુ ! આવી વાત છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અહા ! શું કહીએ ? કોને કહીએ ? ક્યાં કહીએ ? અત્યારે તો એવી ગરબડ ચાલી છે કે ખોટી વાતને સાચી ઠરાવે છે ને સાચી વાતને ખોટી ઠરાવે છે !

અહીં કહે છે કે રાગ - દયા, દાનનો ભાવ પરદ્રવ્ય છે. એ તો ઠીક, પણ ઔપશમિક, ક્ષાયોપશમિક ને ક્ષાયિકભાવ - કે જે ધર્મરૂપ ભાવ છે તે - પણ પરદ્રવ્ય છે. એ પરદ્રવ્ય શા માટે છે ? કે જેમ પરદ્રવ્યમાંથી નવો પર્યાય આવતો નથી તેમ ઔપશમિકાદિ પર્યાયમાંથી નવો પર્યાય આવતો નથી. નવો પર્યાય તો અંદર દ્રવ્યમાં ખજાનો ભર્યો છે તેમાંથી નીકળે છે. અંદર ભગવાન આત્મદ્રવ્યમાં પર્યાયનો ખજાનો ભર્યો છે ને તેમાંથી નવો પર્યાય આવે છે. માટે ચારેય ભાવ પરદ્રવ્ય છે. આવું ક્યારેય ક્યાંય અજ્ઞાનીએ સાંભળ્યું ન હોય એટલે આ કરો ને આ પાળો - એવી ક્રિયામાં અટકી જાય છે. अप्पाणं वोसरे - એવા શબ્દો તે બોલે છે, પણ તેનો શું અર્થ છે તેની કાંઈ ખબર હોતી નથી. એકવાર દાખલો આપ્યો હતો ને ? કે 'લોગસ્સસૂત્ર'માં આવે છે કે 'विहुयरयमला.' પણ તેને બદલે એક ડોશી એવું બોલ્યા કે વીહા રોઈ મળ્યા. કોઈને થયું કે લોગસ્સમાં આવું ક્યાંથી આવ્યું ? અંદર જુઓ તો ખરા ? ત્યારે કોઈએ કહ્યું કે 'विहुयरयमला' છે. હે ત્રિલોકનાથ ! આપે विहुय નામ વિશેષે ટાળ્યા છે. શું ? કે रय=કર્મની રજ ને मल=પુણ્ય-પાપના ભાવ. જેમ પંખી ધૂળ ચોંટી હોય તે (પાંખ ફફડાવીને) ખંખેરી નાખે છે તેમ હે નાથ ! આપે આત્માના આનંદનો સ્વાદ લઈને આ કર્મરૂપી રજને અને પુણ્ય-પાપને ટાળ્યા છે. કર્મની રજ જડ છે અને પુણ્ય-પાપરૂપી મેલ જીવના પર્યાયમાં છે. - તે બન્નેને ટાળીને પ્રભુ ! આપ મોક્ષ પધાર્યા છો. પણ આવા અર્થની પણ અજ્ઞાનીને કાંઈ ખબર નથી ને શબ્દો બોલ્યે જાય છે. અરેરે ! જીવન ચાલ્યા જાય છે.

અહા ! કહે છે કે ચાર પ્રકારના પર્યાયમાંથી નવો પર્યાય આવતો નથી. પર્યાય તો ત્રિકાળી દ્રવ્યમાંથી આવે છે. માટે તે અપેક્ષાએ - ત્રિકાળી સ્વદ્રવ્યની અપેક્ષાએ - ચાર પ્રકારના પર્યાયને અમે પરદ્રવ્ય કહીએ છીએ. - આમ પરમાત્મા ફરમાવે છે. જુઓ, પર્યાયને પરદ્રવ્ય કહે છે. કેમ ? કેમ કે તેમાંથી નવો પર્યાય આવતો નથી. પર્યાયની સ્થિતિ જ એક સમયની છે. તેથી એક સમયની સ્થિતિમાંથી બીજો પર્યાય ક્યાંથી આવે ? જ્યારે પર્યાયની પાછળ પ્રભુ ભગવાન આત્મા ત્રિકાળી ધ્રુવદ્રવ્ય તો અનાદિ-અનંત છે ને તેમાંથી પર્યાય આવે છે. તેથી તે અપેક્ષાએ ધ્રુવદ્રવ્યને સ્વદ્રવ્ય કહ્યું ને પર્યાયને પરદ્રવ્ય કહ્યો છે. આવી વાત છે. દુનિયા સાથે વાતે-વાતે ફેર છે પ્રભુ ! અને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તેથી દુનિયા ગાંડા જ કહે હો, પાગલ જ કહે. આ વાતનો દુનિયા સાથે મેળ ખાય એવો નથી. પણ એ તો મેળ ખાય જ નહીં ને ? (કેમ કે આ તો અલૌકિક વાત છે.)

પ્રભુ ! તું એકવાર સાંભળ તો ખરો ! શાંતિથી સાંભળને ભાઈ ! કે તારી હયાતીમાં જે ચાર પ્રકારના પર્યાય છે તેની મુદત એક સમયની છે. તેથી તેમાંથી નવો પર્યાય આવતો નથી. તે કારણે એ ચારેય પ્રકારના પર્યાયને - કે જેમાં એક અધર્મરૂપ પર્યાય છે ને ત્રણ ધર્મરૂપ પર્યાય છે તેને - અમે પરદ્રવ્ય કહીએ છીએ. આ રીતે ત્રણ બોલ લીધા:

(૧) ઔદયિકાદિ ચારેય પ્રકારના પર્યાયને હેય કહ્યા. શા કારણે ? કારણ કે

(૨) તેઓ પરસ્વભાવ છે. અને

(૩) તેઓ પરસ્વભાવ છે તેથી જ પરદ્રવ્ય છે.

લ્યો, આવું કે દિ' સાંભળ્યું હતું ? અરેરે ! ત્રિલોકનાથ પરમેશ્વર જિનેશ્વરનો આ અંદરનો માલ રહી ગયો ને બધા અજ્ઞાનીઓએ ઉપરના ફોતરા ખાંડ્યા છે.

આપણે થોડુંક ચાલ્યું છે, છતાં ટૂંકાણમાં ફરીને લઈએ : ચારભાવરૂપ પર્યાય છે તેના ઉપર પણ દૃષ્ટિ દેવા જેવી નથી. (હા), તે જાણવા જેવા છે - જાણવામાં આવે, પણ આદરવા લાયક તો એક ત્રિકાળી દ્રવ્યસ્વભાવ-ધ્રુવસ્વભાવ જ છે. તે એક જ આદરણીય છે. જુઓ, અંદર પણ એ જ કહ્યું છે ને ? કે ચારેય ભાવ હેય છે. **'શા કારણથી ? કારણ કે તેઓ પરસ્વભાવો છે.'** - ત્રિકાળી દ્રવ્યસ્વભાવની અપેક્ષાએ વર્તમાન પર્યાય પરસ્વભાવ છે. ત્રિકાળી ચૈતન્યવસ્તુ-દ્રવ્યસ્વભાવ દૃષ્ટિનો વિષય છે, ધ્યેય છે અને તેની અપેક્ષાએ પર્યાયમાં ઉત્પન્ન થતાં તે ચારેય ભાવ હેય છે. હવે આવી વાત છે છતાં અજ્ઞાનીને શુભભાવને પણ હેય માનવો કઠણ પડી જાય છે.

**પ્રશ્નઃ-** દયા, દાન, વ્રત, ભગવાનની ભક્તિ-પૂજા વગેરેને હેય માનવા અને છતાં તે બધાં કરવા ?

**સમાધાનઃ-** ભાઈ ! એવો ભાવ હોય છે. અશુભભાવથી બચવા શુભભાવ આવે છે, પરંતુ છે તે હેય અર્થાત્ શુભભાવ છોડવાયોગ્ય છે પણ આદરવાયોગ્ય નથી. અહીં સુધી તો આપણે ચાલ્યું હતું. હવે કહે છે કે :

**'સર્વ વિભાવગુણપર્યાયોથી રહિત શુદ્ધ-અંતઃતત્ત્વસ્વરૂપ સ્વદ્રવ્ય ઉપાદેય છે.'**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જુઓ, શુદ્ધ-અંતઃતત્ત્વસ્વરૂપ એ ભાવ (-ગુણ) છે અને તેને સ્વદ્રવ્ય કહ્યું છે. જરા ઝીણી વાત આવશે હો. જ્યારે પર્યાયને પરદ્રવ્ય કહ્યો ત્યારે શુદ્ધ-અંતઃતત્ત્વસ્વરૂપ જે ત્રિકાળી સ્વભાવ છે તેને સ્વદ્રવ્ય કહ્યો છે અને તે સ્વદ્રવ્યનો આધાર કારણસમયસાર છે એમ લેશે. તો, કહ્યું કે શુદ્ધ-અંતઃતત્ત્વસ્વરૂપ એટલે કે ત્રિકાળી ભાવસ્વરૂપ જે દ્રવ્યસ્વભાવભાવ છે તે ઉપાદેય છે.

**'ખરેખર સહજજ્ઞાન-સહજદર્શન-સહજચારિત્ર-સહજપરમવીતરાગસુખાત્મક શુદ્ધ-અંતઃતત્ત્વસ્વરૂપ આ સ્વદ્રવ્યનો આધાર સહજ પરમપારિણામિકભાવલક્ષણ (-સહજ પરમ પારિણામિક ભાવ જેનું લક્ષણ છે એવો) કારણસમયસાર છે.'** ઉપરમાં સર્વ વિભાવગુણપર્યાયોથી રહિત જે શુદ્ધ-અંતઃતત્ત્વ કહ્યું હતું તેની વ્યાખ્યા હવે કરે છે કે તે શુદ્ધ-અંતઃતત્ત્વ ત્રિકાળી સહજજ્ઞાન-સહજદર્શન-સહજચારિત્ર-સહજપરમવીતરાગસુખસ્વરૂપ છે અને આવા શુદ્ધ-અંતઃતત્ત્વસ્વરૂપ - શુદ્ધ-અંતઃસ્વભાવભાવસ્વરૂપ — સ્વદ્રવ્ય છે. લ્યો, શુદ્ધ-અંતઃતત્ત્વને સ્વદ્રવ્ય કહ્યું છે અર્થાત્ ત્રિકાળી સ્વભાવસ્વરૂપ સ્વદ્રવ્ય છે. અહા ! વર્તમાન ક્ષણિક થવાવાળા પર્યાયને જ્યારે પરદ્રવ્ય કહ્યો ત્યારે કાયમ રહેવાવાળા તેના ત્રિકાળી સ્વભાવને - ગુણને - સ્વદ્રવ્ય કહ્યો છે અને તે કાયમ રહેવાવાળા સ્વભાવસ્વરૂપ સ્વદ્રવ્યનો આધાર પરમ પારિણામિકભાવ લક્ષણ કારણસમયસાર છે એમ કહે છે. આકરી વાત છે !

અંદર છે ને ? કે ધ્રુવરૂપ જે અનંતજ્ઞાન-અનંતદર્શન આદિ છે તે સ્વરૂપ શુદ્ધ-અંતઃતત્ત્વ છે અને તે સ્વરૂપ સ્વદ્રવ્ય છે. હવે કહે છે કે તે સ્વદ્રવ્યનો આધાર કોણ છે ? કે સહજ પરમપારિણામિકભાવલક્ષણ કારણસમયસાર તેનો આધાર છે. જુઓ, દ્રવ્યનો પણ કોઈ આધાર છે એમ કહ્યું છે. અહા ! જે ત્રિકાળી સ્વભાવ છે તેને સ્વદ્રવ્ય કહ્યો અને તે સ્વદ્રવ્યનો આધાર સહજ પરમસ્વભાવભાવલક્ષણ કારણસમયસાર છે. આકરી વાત છે !

અહા ! આ આત્મા સિવાયના કર્મ, શરીર, વાણી, મન આદિ પરદ્રવ્ય તો ક્યાંય દૂર રહી ગયા. તેમને અહીંયા પરદ્રવ્ય તરીકે ગણવામાં નથી આવ્યા. અહીં તો જીવના એક સમયની મુદતવાળા ક્ષાયિકાદિ પર્યાયને પરદ્રવ્ય કહ્યો છે. અને જ્યારે પર્યાયને પરદ્રવ્ય કહ્યો ત્યારે ત્રિકાળી સ્વભાવને સ્વદ્રવ્ય કહ્યો છે. તે સ્વદ્રવ્યનો આધાર એકરૂપ સ્વભાવવાન કારણપરમાત્મા - કારણસમયસાર —છે. એટલે કે સ્વભાવસ્વરૂપ સ્વદ્રવ્યનો આધાર સ્વભાવવાન કારણપરમાત્મા છે. અહા ! ૫૦મી ગાથામાં ગજબ વાત છે !

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અહા ! અહીંયા તો પોતાની સત્તામાં જે પર્યાય થાય છે તે પર્યાયને પરદ્રવ્ય કહ્યો છે ને ત્રિકાળી ગુણ-સ્વભાવને સ્વદ્રવ્ય કહ્યો છે તથા તે સ્વદ્રવ્યનો આધાર પરમપારિણામિકભાવલક્ષણ ભગવાન કારણસમયસાર છે એમ કહે છે. ગજબ વાત છે ! અરે ! આવા શબ્દો પણ અન્યમતમાં ક્યાંય નથી. અહા ! પરદ્રવ્ય તો પરદ્રવ્ય છે જ. એની વાત તો ક્યાંય રહી ગઈ. તેઓ તો ઉપચારિક પરદ્રવ્ય છે. અર્થાત્ શરીર, વાણી, કર્મ, સ્ત્રી, કુટુંબ, પરિવાર આદિ તો ઉપચારિક પરદ્રવ્ય છે. હવે કહે છે કે આત્મામાં જે રાગ ને ક્ષાયિકાદિના પર્યાય થાય છે તે અનુપચારિક પરદ્રવ્ય છે, પણ વાસ્તવિક સ્વદ્રવ્ય નથી. કેમ કે તે પર્યાય છે. હવે જ્યારે પર્યાયને પરદ્રવ્ય કહ્યો ત્યારે સ્વદ્રવ્ય કોણ છે ? કે ત્રિકાળી સ્વભાવ તે સ્વદ્રવ્ય છે. છતાં ત્યાં દૃષ્ટિ દેવાની નથી. દૃષ્ટિ તો તેનો આધાર પરમપારિણામિકભાવલક્ષણ કારણસમયસાર છે ત્યાં દેવાની છે. લ્યો, આવું કોઈ દિ' સાંભળ્યું પણ નહીં હોય ?

**શ્રોતા:-** આપ તદ્દન નવી વસ્તુ (વાત) લઈ આવ્યા છો !

**પૂજ્ય ગુરુદેવશ્રી:-** લાવ્યા શું ? આ વાત ભગવાન પાસે છે. શ્રી કુંદકુંદાચાર્ય કહે છે કે આ નિયમસાર તો મેં મારા માટે બનાવ્યું છે. અરે ! આ શાસ્ત્ર તેમણે બનાવ્યું છે એમ કહેવું તે પણ વ્યવહાર છે. કારણ કે આ શાસ્ત્ર તો પરમાણુનો પર્યાય છે. તે પરમાણુના પર્યાયને, અહીં કહે છે કે, અમે નિશ્ચયથી કે વ્યવહારથી પણ અમારો છે એમ કહેતા નથી. ગજબ વાત છે. અમે તો અમારા આત્મામાં અનંત ગુણના જે અનંત પર્યાય થાય છે - ચાહે તો તે પર્યાય ઔપશમિક, ક્ષાયોપશમિક કે ક્ષાયિક હો તોપણ - તેને તેનું લક્ષ છોડવા માટે પરદ્રવ્ય તરીકે કહીએ છીએ. કેમ કે તે અલ્પ સત્ત્વમાંથી નવી આનંદ આદિ નિર્મળ દશા ઉત્પન્ન થતી નથી. જેમ પરદ્રવ્યમાંથી આનંદ આદિ દશા આવતી નથી તેમ ઔદયિકાદિ ચાર પ્રકારના પર્યાયમાંથી પણ આનંદ આદિ દશા આવતી નથી. માટે તે ઔદયિકાદિ ચાર પ્રકારના પર્યાય પરદ્રવ્ય છે. જોકે તે ચાર પ્રકારના પર્યાય પોતાના (-આત્માના) અસ્તિત્વમાં છે, પણ કાંઈ પરના અસ્તિત્વમાં નથી. છતાં તેની સ્થિતિ એક સમયની છે અને તેમાંથી નવો આનંદ પ્રગટ થતો નથી. તે કારણે તેને (ચાર પ્રકારના પર્યાયને) પરદ્રવ્ય કહેવામાં આવે છે. જુઓ, ઉપર પણ કહ્યું હતું ને ? કે 'શા કારણથી ? કારણ કે તેઓ પરસ્વભાવો છે, અને તેથી જ પરદ્રવ્ય છે.' - આમ કહ્યું હતું. અર્થાત્ ત્રણે કાળના પર્યાય પરસ્વભાવ અને પરદ્રવ્ય છે. હવે જ્યારે ત્રણે કાળના ઔદયિક, ઔપશમિક, ક્ષાયોપશમિક ને ક્ષાયિકપર્યાયને પરસ્વભાવ તથા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પરદ્રવ્ય કહ્યાં ત્યારે સ્વદ્રવ્ય કોને કહેવું ? કે ધ્રુવપણે રહેવાવાળા જ્ઞાન-આનંદાદિ ત્રિકાળી ગુણને સ્વદ્રવ્ય કહે છે. પર્યાય તો એક સમય રહેવાવાળો છે, જ્યારે જ્ઞાન-આનંદ આદિ ગુણ તો ત્રિકાળી ધ્રુવસ્વભાવ છે. તે સ્વભાવને અહીંયા સ્વદ્રવ્ય કહીને તે સ્વદ્રવ્યનો આધાર કારણપરમાત્મા છે એમ કહે છે. આવી વાત છે ! **આમાં તો અમૃતના દરિયા ભર્યા છે !**

ભગવાન ! જેમાં અનંત ગુણનો ભેદ પણ નથી એવું એકરૂપ ત્રિકાળી દ્રવ્ય તું છો ને ? તું ત્રિકાળી કારણપરમાત્મા છો ને નાથ ? તારામાં અનંત ગુણ છે, પણ તેનો ભેદ પણ પ્રભુ ! તારામાં નથી. તું તો એકરૂપ છો. માટે પર્યાયને અહીંયા પરદ્રવ્યમાં નાખ્યો છે ને તારો જે ત્રિકાળી ધ્રુવસ્વભાવ છે તેને સ્વદ્રવ્ય કહ્યો છે. તથા તે સ્વદ્રવ્યનો આધાર કારણપરમાત્મા છે એમ કહે છે. અરેરે ! આવી વાત બીજે ક્યાં છે ? ક્યાંય છે નહીં. આ વાત-ચીજ જ કોઈ જુદી છે. આ તો અંતરથી આવેલી ચીજ છે. તો, કહે છે કે એકરૂપ ચૈતન્યના જ્ઞાનાદિ સ્વભાવને અહીંયા સ્વદ્રવ્ય તરીકે કહેવામાં આવે છે. એકરૂપ ત્રિકાળી ભગવાન આત્માના - કે જે કારણસમયસાર છે, પરમપારિણામિકસ્વભાવભાવ છે, એકરૂપ સહજ સ્વભાવભાવ છે તેના - આશ્રયે રહેવાવાળા જ્ઞાન, દર્શન, આનંદ આદિ સ્વભાવને અહીંયા સ્વદ્રવ્ય કહે છે અને તેનો આધાર કારણસમયસાર છે. અહા ! **આવી વાત કાને પડે (તે પણ મહાભાગ્ય છે).**

અહા ! પરદ્રવ્યની તો અહીંયા વાત જ નથી. પરંતુ તેના (-આત્માના) સ્વભાવના બે ભાગ પાડી દીધા : (૧) ગુણસ્વભાવ ને (૨) પર્યાયસ્વભાવ. હવે જ્યારે તેના પર્યાયસ્વભાવને પરદ્રવ્ય કહ્યો ત્યારે તેના ત્રિકાળી ગુણસ્વભાવને સ્વદ્રવ્ય કહ્યો છે અને તેથી સ્વદ્રવ્યમાં અનંત ગુણ આવે છે. તે સ્વદ્રવ્યનો આધાર કોણ છે ? કે એકરૂપ કારણપરમાત્મા સ્વદ્રવ્યનો આધાર છે. ઝીણી વાત છે પ્રભુ ! છતાં સમજાય એવી વાત છે હો. લોકોને આવી વાતો ન બેસે એટલે નવી લાગે કે આવું વળી શું કહે છે કે સ્વદ્રવ્યનો આધાર કારણસમયસાર છે. પ્રભુ ! તારા પર્યાયમાં પણ જે નથી એવા શરીર, વાણી, મન, કર્મ, સ્ત્રી, કુટુંબ, પરિવાર આદિની તો અહીંયા વાત જ નથી. તેમની તો અમે વાત જ કરતા નથી. તેઓ તો પરદ્રવ્ય છે તેથી તેમના કારણે આવે છે, તેમના કારણે રહે છે અને તેમના કારણે પરિણમે છે. તેમની હયાતીમાં તારો અધિકાર બિલકુલ નથી. તેમના દ્રવ્ય-ગુણમાં તો તારો અધિકાર નથી, પણ તેમના પર્યાયમાં પણ તારો કાંઈ અધિકાર નથી. આમ છે કે નહીં ? (હા.) તો, અહીંયા અમે તેમને પરદ્રવ્ય કહ્યા છે એમ નથી. કેમ કે જે જુદી ચીજ છે એવા પરદ્રવ્યની શું વાત કરવી ? પણ તારામાં જે ઔદયિક, ઔપશમિક, ક્ષાયોપશમિક ને ક્ષાયિકભાવના પર્યાય થાય છે તે પર્યાય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કાયમ ટકવાવાળા નથી તેમ જ તે પર્યાયના આશ્રયે નવા આનંદનો લાભ થતો નથી. તે કારણે તે પર્યાયને અમે પરદ્રવ્ય કહીએ છીએ. ગજબ વાત છે ! **છેલ્લામાં છેલ્લી - સારમાં સાર - વાત છે. એકલું માખણ છે !**

પ્રભુ ! તારો જે પર્યાય-અવસ્થા છે તેને અમે પરદ્રવ્ય કહીએ છીએ. કેમ કે તેના તરફનું લક્ષ છોડાવવું છે. તેનું લક્ષ છોડાવવાનું કારણ એ છે કે પર્યાયના લક્ષે તો પ્રભુ ! આસ્રવ ઉત્પન્ન થાય છે. માટે પર્યાયને પરદ્રવ્ય કહીએ છીએ અને અનંતગુણને સ્વદ્રવ્ય કહીએ છીએ. તથા તે સ્વદ્રવ્યનો આધાર કારણપ્રભુ છે એમ કહીએ છીએ. અનંતગુણને સ્વદ્રવ્ય કહ્યાં, છતાં નવા આનંદ ને શાંતિના પર્યાયનો પ્રવાહ અર્થાત્ ધર્મના પર્યાયનો પ્રવાહ તે અનંતગુણના - કે જેને સ્વદ્રવ્ય કહ્યો છે તેના - ભેદ ઉપર લક્ષ કરવાથી આવતો નથી. લ્યો, આવું કોઈ દિ' જિંદગીમાં સાંભળ્યું નહીં હોય ?

અહા ! પોતાના દ્રવ્ય-ગુણ તો એક કોર રાખો, પરંતુ પોતાના પર્યાયમાં-અવસ્થામાં પણ પરની હયાતી ત્રણે કાળે નથી. કેમ કે પર્યાયને પરદ્રવ્ય અડતા જ નથી તેમ જ પરદ્રવ્યને પણ પોતાનો પર્યાય અડતો નથી. અરેરે ! આ વાત કેમ બેસે ? તો, પોતાનો પર્યાય જેમને અડતો નથી એવા પરદ્રવ્યની વાત તો અમે, કહે છે કે, કરતા જ નથી. પરંતુ પોતાના પર્યાયના - કે જે પોતાના અસ્તિત્વમાં છે તેના - આશ્રયે પણ નવા શાંતિ-આનંદ ઉત્પન્ન થતા નથી. માટે તે પરદ્રવ્ય છે. ભલે (ઔપશમિક ને ક્ષાયોપશમિકભાવના) પર્યાયમાં શાંતિ ને આનંદ હો. છતાં તેના આશ્રયે નવા શાંતિ-આનંદ ઉત્પન્ન થતા નથી. કેમ કે તે હજી અધૂરા શાંતિ ને આનંદ છે. અરે ! ક્ષાયિકપર્યાયમાં ક્ષાયિકભાવના પૂર્ણ શાંતિ-આનંદ હો તોપણ તે એક સમયનો પર્યાય છે અને તેથી તેના આધારે પણ નવા આનંદ-શાંતિના પર્યાય આવતા નથી. અર્થાત્ પર્યાયમાંથી પર્યાય આવતો નથી. તે કારણે પર્યાયસ્વભાવને પરદ્રવ્ય કહેવામાં આવ્યો છે ને ગુણસ્વભાવને સ્વદ્રવ્ય કહેવામાં આવ્યો છે.

અહા ! પરદ્રવ્યની વાત તો અહીંયા છે જ નહીં. પરંતુ પોતાના એક સમયના કેવળજ્ઞાનાદિ ક્ષાયિકપર્યાયને જ્યારે પરદ્રવ્ય કહ્યો ત્યારે સ્વદ્રવ્ય કોણ છે ? કે ત્રિકાળી ધ્રુવસ્વભાવ તે સ્વદ્રવ્ય છે. હવે જ્યારે અનંતજ્ઞાન-અનંતદર્શન-અનંતશાંતિ - અનંતસ્વચ્છતા-અનંતપ્રભુતા એવા અનંત શક્તિસ્વભાવને સ્વદ્રવ્ય કહ્યો ત્યારે તેનો આધાર કોણ છે ? કે એકરૂપ કારણપરમાત્મા તેનો આધાર છે. આવી વાત કોઈ દિ' સાંભળી છે ? અહા ! મુનિરાજે ગજબ કામ કર્યું છે ! **આ એક ગાથામાં બાર અંગનો સાર ભરી દીધો છે.**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કહે છે કે સહજજ્ઞાન - ત્રિકાળી જ્ઞાન, સહજદર્શન - ત્રિકાળી દર્શન, સહજચારિત્ર - ત્રિકાળી ચારિત્ર ને સહજપરમવીતરાગસુખ — ત્રિકાળી પરમવીતરાગસુખસ્વરૂપ જે શુદ્ધ-અંતઃતત્ત્વસ્વરૂપ છે.... જુઓ, **અંતઃતત્ત્વસ્વરૂપ** કહ્યું છે. 'તત્ત્વાર્થસૂત્ર'માં પણ ભાઈ ! આવે છે ને ? કે तत्त्वार्थश्रद्धानं सम्यग्दर्शनम् । (અધ્યાય-૧, સૂત્ર-૨) ત્યાં તત્ત્વ ને ભાવ કહ્યો છે ને અર્થ ને દ્રવ્ય કહ્યું છે અને તેની શ્રદ્ધાને સમકિત કહ્યું છે. એ જ વાત અહીં કહે છે કે આત્માનો જે ત્રિકાળી ભાવ છે તે સ્વભાવ છે, સ્વભાવ તે સ્વદ્રવ્ય છે તથા તેનો આધાર કારણપરમાત્મા છે. આવી વાત છે ! વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા સિવાય બીજે ક્યાંય આ વાત સાંભળવા મળે એવી નથી. અરે ! સંપ્રદાયમાં પણ અત્યારે ફેરફાર થઈ ગયો છે. પરંતુ સત્યને અસત્ય કરીને અને અસત્યને સત્ય કરીને કોઈ માર્ગ ચલાવવા માંગે તો તે ચાલે નહીં મારા નાથ ! પ્રભુ ! તું કોણ છો ? તું પર્યાયનો આધાર તો નહીં તેમ જ અનંત ગુણસ્વરૂપ (ભેદસ્વરૂપ) પણ નહીં. તું તો અનંત ગુણોનો આધાર (એવો કારણપરમાત્મા) છો. ગજબ વાત છે ! **આ ગાથામાંથી શું કાઢવું ? (કેટલું કાઢવું ? એમ થાય છે.)**

અહા ! જ્યારે પર્યાયની અનેકતાને પરદ્રવ્ય કહી ત્યારે ગુણની અનેકતાને સ્વદ્રવ્ય કહી છે. અર્થાત્ અનેક ગુણરૂપ ત્રિકાળી સ્વભાવને અમે સ્વદ્રવ્ય કહીએ છીએ અને તે ત્રિકાળી સ્વદ્રવ્યનો આધાર જે એકરૂપ ભગવાન આત્મા છે તેને કારણપરમાત્મા - કારણસમયસાર - કહીએ છીએ. ધન્ય ભાગ્ય ! (કે આવી વાત રહી ગઈ.) અહા ! આવો કારણપરમાત્મા છે તેની અંતર્દષ્ટિ કરવી તે ધર્મ છે. ત્રિકાળી અનંત ગુણસ્વરૂપ સ્વદ્રવ્યનો આધાર જે એકરૂપ કારણસમયસાર છે......ત્રિકાળી ગુણ અનેક-અનંત છે ને ? એટલે કે દર્શન, જ્ઞાન આદિ ગુણ અનેક છે, જ્યારે તેનો આધાર કારણપરમાત્મા - કારણસમયસાર - એકરૂપ છે અને તેનો જ આશ્રય લેતાં સમ્યગ્દર્શનથી માંડીને મોક્ષ સુધીના પર્યાય પ્રગટ થાય છે. લ્યો, આવું તો કોઈ દિ' સાંભળ્યું નહીં હોય ? ગજબ વાત છે દિગંબર સંતોની ! તેમાંય આ તો શ્રી કુંદકુંદાચાર્ય છે ! તેમાંય વળી તેઓ કહે છે કે આ શાસ્ત્ર મેં તો મારા માટે બનાવ્યું છે. કહું મારા માટે હું છું કે पुव्वुत्तसयलभावा परदव्वं - જેટલા પર્યાય છે તે બધા પરદ્રવ્ય છે ને પરસ્વભાવ છે. કેમ કે તેના આશ્રયે આત્માની શાંતિની ઉત્પત્તિ થતી નથી તેમ જ વધતી પણ નથી. ભલે પર્યાયમાં ઔપશમિક, ક્ષાયોપશમિક કે ક્ષાયિકભાવની શાંતિ હોય, છતાં તેના અવલંબે નવી શાંતિ ને નવો આનંદ આવતો નથી તથા વૃદ્ધિ પણ થતી નથી. તેથી હું (શ્રી કુંદકુંદાચાર્ય) પર્યાયને પરદ્રવ્ય કહું છું. તેમ જ અનંત ગુણરૂપ જે સ્વદ્રવ્ય છે તેનો (ભેદનો) પણ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આશ્રય કરવાની ના પાડું છું. કેમ કે આશ્રય લેવાયોગ્ય તો સ્વદ્રવ્યનો આધાર જે કારણસમયસાર છે તે એક જ છે. આવી વાત છે !

અરે ! અજ્ઞાની હજી તો બહારમાં તકરાર કરે છે કે શુભરાગ-વ્યવહારથી ધર્મ થાય. અરે પ્રભુ ! અહીં તારા હિતની વાત છે. નાથ ! રખડતાં-રખડતાં અનંતકાળ થયો, છતાં તે અનંતકાળમાં ક્યાં રહ્યો ? કેવી રીતે રહ્યો ? ને કેવા ભવ કર્યા ? તેનો ભાઈ ! તેં વિચાર કર્યો નથી. ભાઈ ! સંસારમાં કોઈ શરણ નથી. તું જંગલમાં હરણ થઈને રખડતો હતો ત્યારે કોઈએ તને બંદુકની ગોળી મારીને મારી નાખ્યો અથવા સિંહે આવીને ફાડી ખાધો. - આવા અનંત-અનંત અવતાર પ્રભુ ! તેં કર્યા છે. કેમ કે તું હયાતીવાળી ચીજ છો. હવે, તે બધી (અજ્ઞાનમય) હયાતીને છોડવા માટે અને પ્રભુને પહોંચવા (આત્માને પ્રાપ્ત કરવા) માટે, કહે છે કે, અમે અનંતગુણને સ્વદ્રવ્ય કહીએ છીએ અને અનંતગુણના એકરૂપ આધારને કારણસમયસાર કહીએ છીએ (કે જે આશ્રય કરવાયોગ્ય છે.) જુઓ, આધારમાં 'દ્રવ્ય' શબ્દ નથી લીધો, પણ 'કારણસમયસાર' એવો શબ્દ લીધો છે. કારણ કે તે કારણના આશ્રયે કાર્ય થાય છે.

અહીં કહે છે કે, શુદ્ધ-અંતઃતત્ત્વસ્વરૂપ...'અંતઃતત્ત્વ' એમ શબ્દ છે ને ? તો, એ ભાવ (-ગુણ) કહ્યો. એટલે કે અંતઃતત્ત્વ કહીને ભાવ કહ્યો છે અને તે અંતર ત્રિકાળી સ્વભાવ સ્વદ્રવ્ય છે. જ્યારે તેનો આધાર સહજ પરમપારિણામિકભાવલક્ષણ કારણસમયસાર છે. અહા ! આચાર્ય-સંતોની ગજબ વાત છે ! દિગંબર સંતો સિવાય આવી એકાદ લીટી પણ બીજે ક્યાંય નથી.

**શ્રોતાઃ-** અત્યારે તો આવી વાત આપના સિવાય બીજે ક્યાંય નથી. આપે આવા અર્થ કાઢ્યા ન હોત તો અમને ખબર ક્યાંથી પડત ?

**પૂજ્ય ગુરુદેવશ્રીઃ-** ભાઈ ! અમે તો સંપ્રદાયના બધા શાસ્ત્રો જોયા છે. પણ આ ચીજ - આ એક લીટી પણ - તેમાં નથી. આ તો ગજબ વાત છે ! પ્રભુ ! તારે તારું હિત કરવું હોય તો - તારું શ્રેય ને ધર્મ કરવો હોય તો - પર્યાયના આશ્રયે નહીં થાય તેમ જ અનંત ગુણરૂપી અંશના (-ભેદના) આશ્રયે પણ નહીં થાય. કેમ કે ગુણ પણ એક અંશ છે. તારું હિત, શ્રેય ને ધર્મ તો તે અનંતગુણનો આધાર જે ભગવાન કારણસમયસાર છે તેના આશ્રયે થશે. જુઓ, પર્યાયને પરદ્રવ્ય કહ્યો ને ગુણને સ્વદ્રવ્ય કહ્યો. પણ દ્રવ્યને આધાર ન કહ્યું, કારણસમયસારને આધાર કહ્યો. કેમ કે તે આધારરૂપ કારણમાંથી કાર્ય આવે છે. આવો વીતરાગનો મારગ છે અને દિગંબર સંતો સિવાય તેનું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આવું કથન ક્યાંય નથી પ્રભુ ! આવું કથન લોકોને આકરું લાગે છે, પણ પ્રભુ ! એ આકરું નથી. કારણ કે તારી ચીજ જ એવી છે ને પ્રભુ ! તું જ એવો છો ને ! જે અનંતગુણને સ્વદ્રવ્ય કહ્યા તેનો આધાર એવો કારણસમયસાર તું પોતે જ છો. અર્થાત્ અનંતગુણના કારણરૂપ (-આધારરૂપ) તો તું જ છો. માટે તે કારણભગવાનનો આશ્રય લે પ્રભુ ! કે જેથી તેમાંથી કાર્ય આવે. તે સિવાય (પર્યાયરૂપ) પરદ્રવ્યમાંથી કે (અનંતગુણરૂપ) સ્વદ્રવ્યમાંથી કાર્ય નહીં આવે. આવી વાત છે !

અહા ! કહે છે કે શુદ્ધ-અંતઃતત્ત્વરૂપ સ્વભાવ તે સ્વદ્રવ્ય છે ને તેનો આધાર તે કારણસમયસાર છે - કે જે આશ્રય લેવાયોગ્ય છે. કેમ ? કેમ કે જે શુદ્ધ-અંતઃતત્ત્વ છે તે અનંતગુણમય છે. તેથી તેના (ભેદના) આશ્રયે તારું કાર્ય સિદ્ધ નહીં થાય પ્રભુ ! તારું કાર્ય તો અનંતગુણનો આધાર જે કારણસમયસાર છે તેના આશ્રયે સિદ્ધ થશે. જુઓ, આધારરૂપે દ્રવ્ય નથી લીધું, પણ કારણસમયસાર લીધો છે. કેમ કે પોતાના કાર્યનું કારણ તે કારણસમયસાર છે. સમ્યગ્દર્શનરૂપી કાર્ય, સમ્યગ્જ્ઞાનરૂપી કાર્ય, સમ્યક્ચારિત્રરૂપી કાર્ય, કેવળજ્ઞાનરૂપી કાર્ય વગેરે બધા કાર્યનું કારણ કારણસમયસાર છે. અહો ! આવી વાત તો (પ્રવચનમાં કોણ જાણે) ક્યારે આવી હશે ? ૫૦મી ગાથા બહુ અલૌકિક છે.

ત્રિકાળી કારણસમયસારનું લક્ષણ શું છે ?

ત્રિકાળી કારણસમયસારનું લક્ષણ સહજ પરમપારિણામિકભાવ છે, પણ ભેદરૂપ અનંતગુણમય સ્વભાવ પણ તેનું લક્ષણ નથી. જુઓ, ત્રિકાળી કારણસમયસાર પ્રભુ આત્માનું લક્ષણ એ ન લીધું કે અનંતગુણ પણ અનંતગુણનો આધાર કારણસમયસાર છે એમ કહીને તેનું લક્ષણ સહજ પરમપારિણામિકભાવ છે એમ કહ્યું છે અને આવો ભગવાન કારણસમયસાર છે તેના આશ્રયે બધા કાર્યની સિદ્ધિ છે પ્રભુ ! ગજબ વાત છે ! આ વાત આકરી લાગે, મોંઘી લાગે કે અપૂર્વ લાગે તોપણ વસ્તુ (-વસ્તુસ્વરૂપ) તો આ છે. ત્રણ લોકના નાથ તીર્થંકરોનો આ પોકાર છે. **અનંતા તીર્થંકરો, અનંતા કેવળીઓ, અરે ! અનંતા સંતોનો પણ છેલ્લામાં છેલ્લો (સારમાં સાર) આ પોકાર છે** કે ભાઈ ! પર્યાયરૂપ પરદ્રવ્યનું લક્ષ છોડી દે અને સ્વદ્રવ્યનું - કે જે અનંતગુણના ભેદરૂપ છે તેનું - પણ લક્ષ છોડી દે. કારણ કે લક્ષ કરવાયોગ્ય તો સહજ પરમ-પારિણામિકભાવલક્ષણ કારણસમયસાર છે. ગજબ ટીકા કરી છે !

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જુઓ, સ્વાભાવિક પરમપારિણામિકભાવ લક્ષણ કારણસમયસાર છે — એમ અહીં કહ્યું છે. પણ તે કારણસમયસાર અનંતગુણોનો આધાર છે માટે તેનું લક્ષણ ગુણ છે એમ નથી કહ્યું. અહા ! અનંતગુણનો જે આધાર છે તે કારણસમયસારનું લક્ષણ શું છે ? તે લક્ષ્ય ક્યા લક્ષણ વડે જણાય છે ? કે સહજ પરમપારિણામિકભાવ લક્ષણ વડે તે લક્ષ્ય જણાય છે. ધન્ય ભાગ્ય ! (કે આવી વાત સાંભળવા મળે છે.) આ તો વીતરાગની વાણી છે. આ ત્રિલોકનાથ જિનેશ્વરદેવનું ફરમાન છે. અરે ! પરમાત્મા મહાવિદેહમાં રહી ગયા અને વાણી અહીંયા આવી. શ્રી કુંદકુંદાચાર્ય શ્રી સીમંધરભગવાન પાસે ગયા હતા અને ત્યાંથી પરમાત્માનો આ માલ લાવ્યા - પરમાત્માની આ ધ્વનિ લાવ્યા - કે पुव्वुत्तसयलभावा - પૂર્વે જે બધા ભાવ કહ્યા હતા તે પર્યાયના ભેદો परदव्वं परसहावमिदि हेयं - પરસ્વભાવો છે, પરદ્રવ્ય છે ને તેથી હેય છે. - આમ ત્રણલોકના નાથની પાસે, શ્રી કુંદકુંદાચાર્ય કહે છે કે, અમે સાંભળ્યું છે. કેમ કે તેઓ ત્યાં ગયા હતા ને ? તથા सगदव्वमुवादेयं अंतरतच्चं हवे अप्पा - સ્વદ્રવ્ય ઉપાદેય છે. પણ તે સ્વદ્રવ્ય એટલે કોણ ? કે અંતઃતત્ત્વરૂપ જે અનંતગુણ-ભાવ છે તેનું એકરૂપ (-તેનો આધાર) તે એવો કારણસમયસાર - अप्पा આત્મા એટલે કે સ્વદ્રવ્ય છે. લ્યો, આ, ગાથાનો અર્થ કર્યો અને આમ ભગવાનની વાણીમાં આવ્યું છે.

અરે ! અજ્ઞાની નિશ્ચયનયના કથનની મશ્કરી કરે છે ને વ્યવહારનયના કથનમાં મજા માને છે. અહા ! તે પણ સ્વતંત્ર પ્રભુ છે ! પણ ભાઈ ! આવો (આવી વાત સાંભળવાનો) અવસર ક્યારે આવે ? (માંડ આવે હો).

## આધારના શ્લોક ઉપરનું પ્રવચન

હવે ટીકા કરનાર શ્રી પદ્મપ્રભમલધારિદેવ શ્રી અમૃતચંદ્રાચાર્યદેવના શ્લોકનો આધાર આપે છેઃ **'જેમના ચિત્તનું ચરિત્ર ઉદાત્ત (-ઉદાર, ઉચ્ચ, ઉજ્જવળ) છે એવા મોક્ષાર્થીઓ આ સિદ્ધાંતનું સેવન કરો કે'...** જેમના જ્ઞાનનો અભિપ્રાય ઉદાર છે, જેમના ચિત્તનું એટલે કે જ્ઞાનનું અને ચરિત્ર એટલે કે આચરણ ઉદાર છે - ઉચ્ચ છે... શું કહ્યું ? કે જેમના જ્ઞાનનું ચરિત્ર અર્થાત્ અંદર આત્મરમણતા - આત્મજ્ઞાનની રમણતા - ઉદાર છે, ઉચ્ચ છે, ઉજ્જવળ છે એવા મોક્ષાર્થીઓ આ સિદ્ધાંતનું સેવન કરો કે-

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**'હું તો શુદ્ધ ચૈતન્યમય એક પરમ જ્યોતિ જ સદાય છું'.** 'ચૈતન્યમય' કહેતાં ચૈતન્યવાળો એવો ભેદ પણ નહીં તથા 'એક' કહેતાં ગુણભેદ પણ નહીં. તો, કહે છે કે હું તો સદાય-ત્રણેકાળ એક પરમ શુદ્ધ ચૈતન્યજ્યોતિ જ છું. - આમ કહીને ત્રિકાળી દ્રવ્ય બતાવ્યું છે અને 'જ' કહીને જુઓ, (સમ્યક્) એકાંત કર્યું છે. પણ કથંચિત્ પરમ જ્યોતિ છું ને કથંચિત્ પર્યાયવાળો છું એમ નથી કહ્યું. અહા ! હું તો સદાય એકરૂપ છું.

**'અને આ જે ભિન્ન લક્ષણવાળા વિવિધ પ્રકારના ભાવો પ્રગટ થાય છે તે હું નથી'.** - મારા ત્રિકાળી જ્ઞાયકભાવથી ભિન્ન લક્ષણવાળા અનેક પ્રકારના ભાવો પ્રગટ થાય છે તે હું નથી. જોકે અનેક પ્રકારના ભાવો છે ખરા - પ્રગટ થાય છે ખરા, પણ તે હું નથી.

**'કારણ કે તે બધાય મને પરદ્રવ્ય છે.'** - મારો સ્વસ્વભાવ જે ચૈતન્યમય એક પરમ જ્યોતિ છે તે સિવાયનું બધુંય મને પરદ્રવ્ય છે. જે એક પરમ જ્યોતિસ્વરૂપ ત્રિકાળી કારણસમયસાર છે તે હું 'સ્વ' છું અને તે સિવાયનું બધુંય પરદ્રવ્ય છે. એટલે કે ગુણભેદ ને પર્યાયભેદ પણ પરદ્રવ્ય છે. અને તો પછી દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિની વાત જ શું કરવી ? છતાં અજ્ઞાની તેમાં અતિશયતા માની લે છે. રથયાત્રા, પંચકલ્યાણક-પ્રતિષ્ઠા વગેરેમાં દાન કર્યું હોય તો તે બધી બહારની વાતો છે બાપુ ! તેમાં કદાચિત્ રાગની મંદતાનો ભાવ હોય તો પુણ્ય છે. પણ તે પુણ્ય કોઈ ચીજ (ધર્મ) નથી તેમ જ તે પુણ્યથી કાંઈ ખુશી થઈ જવા જેવું નથી કે ઓહોહો ! મેં ઘણું કર્યું. ભાઈ ! તે પૈસા પરદ્રવ્ય છે અને તેથી તેને લેવા કે દેવા કે રાખવા તે આત્માના અધિકારની વાત જ નથી. તેમાં આત્માનો અધિકાર ત્રણકાળમાં નથી. છતાં તેમાં એમ માની લેવાય કે અમે ઘણાં પૈસા દાનમાં આપ્યાં એટલે કાંઈક ભવ ઘટશે ને ધર્મ થશે (તો મિથ્યાત્વ છે.) અહીં તો ભાઈ ! પ્રભુ આમ કહે છે. હો, શુભભાવ હો, અશુભભાવથી બચવા એવો શુભભાવ-વ્યવહાર આવ્યા વિના રહેતો નથી. પણ તે કાંઈ ધર્મ નથી. તે ભાવ (-શુભભાવ) આવે જ નહીં એમ પણ નથી અને તે (શુભભાવ) આવે છે તો ધર્મ છે એમ પણ નથી.

અહીં કહે છે કે તે શુભભાવ પણ મારે તો પરદ્રવ્ય છે. મારે અને તેને કાંઈ સંબંધ છે નહીં.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## શ્લોક - ૭૪ ઉપરનું પ્રવચન

**'શુદ્ધ જીવાસ્તિકાયથી અન્ય એવા જે બધા પુદ્‌ગલદ્રવ્યના ભાવો તે ખરેખર અમારા નથી.'** જુઓ, અહીંયા 'શુદ્ધ જીવાસ્તિકાય' એવો શબ્દ લીધો છે, પણ 'શુદ્ધ જીવ' એવો શબ્દ લીધો નથી. કારણ કે જીવના અસંખ્ય પ્રદેશ લેવા છે. 'શુદ્ધ જીવાસ્તિકાય' કહેતાં અસંખ્ય પ્રદેશી અનંત ગુણનો પિંડ એવો જીવ કે જે એક ત્રિકાળી પદાર્થ છે. (જ્ઞાની એમ જાણે છે કે) હું તો એક શુદ્ધ જીવાસ્તિકાય છું. મારી અસ્તિ - મારી હયાતી - મારી મોજુદગી - તો શુદ્ધ જીવાસ્તિકાયપણે છે. એટલે કે હું તો અસંખ્ય પ્રદેશી ને અનંત ગુણનો પિંડ છું. મારાથી અન્ય એવા જે બધા પુદ્‌ગલદ્રવ્યના ભાવો છે તે ખરેખર મારા નથી, મારી ચીજ નથી. લ્યો, આમ કહીને અસ્તિ-નાસ્તિ કરી. ત્રિકાળી જીવાસ્તિકાય છે તે હું છું - એમ કહીને અસ્તિ કરી અને તે સિવાયનું જે બધું પુદ્‌ગલ છે તે હું નથી - એમ કહીને નાસ્તિ કરી.

**'આમ જે તત્ત્વવેદી સ્પષ્ટપણે કહે છે'.** - આ પ્રકારે જે કોઈ તત્ત્વનો જાણનાર છે તે કહે છે. શુદ્ધ જીવાસ્તિકાય એકસ્વરૂપ તત્ત્વ છે અને તેનાથી અન્ય બધું પુદ્‌ગલસ્વભાવી છે. - આમ, જે તત્ત્વને જાણવાવાળો છે તે સ્પષ્ટપણે કહે છે. જુઓ, કલશમાં તત્ત્વવેદી આવી વાત 'સ્પષ્ટપણે કહે છે' એમ છે. પણ તેનો અર્થ એ છે કે તે આવી વાત સ્પષ્ટપણે જાણે છે. કેમ કે 'કહે છે' એ તો કથનની (વાણીની) વાત છે. અહા ! હું એક શુદ્ધ જીવાસ્તિકાય અસ્તિ - હયાતીવાળું તત્ત્વ છું. અસંખ્ય પ્રદેશી ને અનંત ગુણનો એકરૂપ પિંડ એવા મારા શુદ્ધ જીવાસ્તિકાયથી અન્ય જેટલા ભાવ છે તે બધા પુદ્‌ગલદ્રવ્યના ભાવ છે. માટે તેનાથી હું ભિન્ન છું. - આમ તત્ત્વના વેદી - જાણનારા - સ્પષ્ટપણે જાણે છે. 'वक्ति - કહે છે' એવો શબ્દ અંદરમાં છે. પણ એ તો એક કથન છે, શબ્દ છે, સમજાવવા માટે એક શૈલીથી કહ્યું છે. બાકી તત્ત્વવેદી તો એમ જાણે છે કે હું તો એક શુદ્ધ જીવાસ્તિકાય ભગવાન છું. પૂર્ણાનંદનો નાથ ચૈતન્યસ્વરૂપ હું છું. મારાથી અન્ય જે બધા ભાવ છે તે પુદ્‌ગલદ્રવ્યના છે. લ્યો, અહીંયા તો ક્ષાયિકભાવને પણ પુદ્‌ગલમાં નાખી દીધો છે. તેમાં પુદ્‌ગલ નિમિત્ત છે ને ? માટે એ અપેક્ષાએ ક્ષાયિકભાવ આદિ બધાયને પુદ્‌ગલમાં નાખી દીધા છે.

ત્રિકાળી શુદ્ધ-ઉપાદાનરૂપ જે શુદ્ધ જીવાસ્તિકાય છે...(કાય = સમૂહ = અસંખ્ય પ્રદેશ) તે જ હું છું. - આમ, જે તત્ત્વનો જાણનારો છે અથવા અંદરમાં તત્ત્વનો વેદનારો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે તે કહે છે. એટલે કે આ રીતે તત્ત્વને તે વેદે-જાણે છે. અને **'તે અતિ અપૂર્વ સિદ્ધિને પામે છે.'** બહુ ટૂંકામાં કહ્યું ! અહા ! એક બાજુ ભગવાન પૂર્ણાનંદ પ્રભુ આત્મા છે ને બીજી બાજુ પર્યાય આદિ બધા ભેદ છે કે જે પર છે. તો, હું તો ત્રિકાળી જીવાસ્તિકાય છું. - એમ, તત્ત્વના જાણપણા - જ્ઞાન સહિત તેને વેદવાવાળો એટલે કે તત્ત્વને જ્ઞેય બનાવીને તેને વેદવાવાળો જીવ સ્પષ્ટપણે જાણે છે અને તે અતિ અપૂર્વ સિદ્ધિને પામે છે.

અહા ! જે કોઈ સ્પષ્ટપણે તત્ત્વને વેદે છે અર્થાત્ પ્રત્યક્ષરૂપથી તત્ત્વને વેદે છે તે, કહે છે, અપૂર્વ સિદ્ધિને પામે છે. ભગવાન આત્મા અતીંદ્રિય આનંદસ્વરૂપ અખંડ અભેદ છે, જ્યારે બીજી બધી ચીજ પર છે. - આમ (ભેદજ્ઞાનપૂર્વક) તત્ત્વનો વેદવાવાળો - અનુભવ કરવાવાળો - જીવ અતિ અપૂર્વ એટલે કે અનંતકાળમાં નહીં થયેલ એવી સિદ્ધિને પામે છે. ઓહો ! ભારે ટૂંકું ! બહુ ટૂંકામાં કહ્યું ! જુઓ, કોઈ ક્રિયા કે વ્યવહારની કાંઈ વાત જ કરી નથી. (હા), વાત એમ કરી કે એક બાજુ ભગવાન આત્મા છે ને બીજી બાજુ પર છે — વિકલ્પ-ભેદથી માંડીને બધી પરચીજ છે. (તો, તત્ત્વવેદી એમ જાણે છે કે) એકરૂપ-અભેદસ્વરૂપ ચિદાનંદમય પ્રભુ આત્માની અપેક્ષાએ ભેદથી માંડીને બધી પરચીજ પુદ્ગલદ્રવ્ય છે, પણ મારું સ્વરૂપ નથી. આવું જાણતો તે અપૂર્વ સિદ્ધિને પામે છે.

અરે ! આવી વાત સાંભળવી પણ અજ્ઞાનીને કઠણ પડે છે. અરે ! અનંતકાળથી તે રખડે છે. ચોરાશીના અવતારમાં રખડતાં-રખડતાં અનંત-અનંત કાળ થયો, છતાં તેણે અરેરે ! પોતાના પૂર્ણસ્વરૂપ તરફ - પોતાનું નિધાન જે શુદ્ધ જીવાસ્તિકાય છે તેની ઉપર - નજર પણ કરી નહીં. અહા ! અહીંયા 'અશુદ્ધ જીવ' તો કહ્યો નથી, પરંતુ માત્ર 'જીવ' પણ કહ્યો નથી. 'શુદ્ધ જીવાસ્તિકાય' કહ્યો છે અને 'કાય' કહીને અસંખ્ય પ્રદેશ કહ્યાં છે. તે અસંખ્ય પ્રદેશી એકરૂપ એવો શુદ્ધ જીવાસ્તિકાય મારો છે અને તે સિવાયના બધા પુદ્ગલના ભાવ મારા નથી. - આમ, જે કોઈ તત્ત્વનો જાણવાવાળો-વેદવાવાળો છે તે જાણે છે, કહે છે.

ભાઈ ! 'સમયસાર'માં પચ્ચખાણની ગાથામાં (૩૪મી ગાથામાં) કહ્યું છે ને ? કે આત્માને રાગનો ત્યાગ પણ નામમાત્ર છે. કેમ ? કેમ કે જ્યાં આત્મા એમ જાણે છે કે હું તો આત્મા છું ને આ રાગ ભિન્ન છે ત્યાં જ જ્ઞાનમાં રાગને ગ્રહણ કર્યો નહીં,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પણ પોતે પોતાનામાં ઠર્યો અને આનું નામ જ રાગનો ત્યાગ કહેવામાં આવે છે. આકરી વાત છે ભાઈ ! અહા ! જે ભગવાન આત્મા છે..... પણ સર્વજ્ઞ પરમાત્માએ જે અસંખ્ય પ્રદેશી આત્મા કહ્યો તે હો. તો, જેના પ્રદેશ અસંખ્ય છે ને ગુણ અનંત છે એવો જે શુદ્ધ જીવાસ્તિકાય છે તે મારું સ્વરૂપ છે. – આમ જાણીને તેનું વેદન કરે છે તે તત્ત્વવેદી અપૂર્વ સિદ્ધિને પ્રાપ્ત કરે છે. આવી વાત છે પ્રભુ ! લ્યો, આમાં તો વ્યવહારની કાંઈ વાત જ લીધી નથી. માત્ર બે વાત જ લીધી છે : (૧) એકબાજુ શુદ્ધ જીવાસ્તિકાય ભગવાન આત્મા છે અને (૨) બીજી બાજુ બધા પુદ્‌ગલના ભાવ છે.

અહા ! શુદ્ધ જીવની સત્તા – પોતાની હયાતી – કાય એટલે અસંખ્ય પ્રદેશી છે. આ અસંખ્ય પ્રદેશની વાત સર્વજ્ઞ સિવાય બીજે ક્યાંય હોતી નથી. કેમ કે અસંખ્ય પ્રદેશી જીવ છે એમ સર્વજ્ઞ સિવાય બીજા કોઈએ જાણ્યું-દેખ્યું નથી અને અન્યમતમાં કોઈ સર્વજ્ઞ છે નહીં. તેથી તેમણે (અન્યમતવાળાઓએ) આત્માના અસંખ્ય પ્રદેશ જાણ્યા નથી. આ કારણે અહીં એમ કહ્યું છે કે શુદ્ધ જીવાસ્તિકાય. પુદ્‌ગલ અને અશુદ્ધતા રહિત પોતાની હયાતી અસંખ્ય પ્રદેશરૂપ જે કાય છે તેમય છે. લ્યો, આ અસંખ્ય પ્રદેશી કાય પોતાની છે, પણ આ (ઔદારિક) કાય પોતાની નથી. તેમ જ પુણ્ય, દયા, દાન આદિ રાગરૂપ જે (વિકારી) કાય છે તે પણ પોતાની નથી. કેમ કે એ તો પર-પુદ્‌ગલરૂપ છે.

અહા ! પોતાનું સ્વરૂપ શુદ્ધ-નિર્મળ હયાતીવાળું છે, કાય – અસંખ્ય પ્રદેશના સમૂહવાળું છે તથા અનંત ગુણને ધરવાવાળું છે. આવા સ્વરૂપનું જ્ઞાન કરીને જે તેને વેદે છે – અનુભવે છે તે અત્યંત અપૂર્વ એવી મુક્તિને પામે છે. લોકોને બેસવી કઠણ પડે એવી આકરી વાત છે !

અહીં એ વાત કરી કે ત્રિકાળી જ્ઞાયકભાવ ચૈતન્યસ્વભાવી, અસંખ્ય પ્રદેશી અને અનંત ગુણનો પિંડ છે. અહા ! જીવ તે દ્રવ્ય છે, અસંખ્ય પ્રદેશ તે ક્ષેત્ર છે, ત્રિકાળ – અનાદિ-અનંત રહેવાપણું તે કાળ છે અને અનંત ગુણ તે ભાવ છે. લ્યો, આ રીતે અનંત ગુણના પિંડરૂપ અસંખ્ય પ્રદેશી કાય-શરીર તેનું છે અને આમ તત્ત્વવેદી સ્પષ્ટપણે વેદે છે – જાણે છે. 'કહે છે' – એમ અંદર છે, પણ એ તો એક ભાષા – કથન શૈલી છે. (ખરેખર તો, તત્ત્વવેદી આમ જાણે છે એમ કહેવું છે.) આવા તત્ત્વને જાણવાવાળો અર્થાત્ આ પ્રકારે તત્ત્વ છે એમ જાણવાવાળો તત્ત્વવેદી છે, પણ બીજી ખોટી રીતે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તત્ત્વને જાણવાવાળો તત્ત્વવેદી નથી એમ કહે છે. અરે ! જગતને આ વાત બહુ કઠણ પડે એવી છે. અરેરે ! આવી વાત વીતરાગ સિવાય ક્યાં સાંભળવા મળે ?

અહા ! અહીંયા તો પર્યાય પણ આત્મામાં નથી એમ કહીને તેને છોડી દીધો છે (તેનું લક્ષ છોડાવ્યું છે). પરવસ્તુ આત્મામાં નથી, દયા-દાનનો રાગ આત્મામાં નથી અને પર્યાય પણ આત્મામાં નથી એમ કહે છે. આત્મા તો એકલો શુદ્ધ જીવાસ્તિકાય વસ્તુ છે. શુદ્ધ = પવિત્ર, જીવ = આત્મા, અસ્તિ = હયાતી, કાય = અસંખ્ય પ્રદેશ. પવિત્ર હયાતીવાળું ને અસંખ્ય પ્રદેશી જેનું સ્વરૂપ છે એવા તત્ત્વને અંતર્‌સન્મુખ થઈને જે જાણે છે તેમ જ જાણીને વેદે છે - અનુભવે છે તે તત્ત્વવેદી અપૂર્વ સિદ્ધિને પામે છે. અતીંદ્રિય આનંદમય ભગવાન આત્મા છે તેના અતીંદ્રિય આનંદને જે વેદે છે તે અત્યંત અપૂર્વ - અનંતકાળમાં જે એક સમય પણ પ્રાપ્ત થયેલ નથી એવી અપૂર્વ - સિદ્ધિને પ્રાપ્ત થાય છે. ભગવાન ! વાત આવી છે. દુનિયાથી તો સાવ જુદી વાત છે.

| | | | |
|---|---|---|---|
| ગાથા - ૫૦ | પ્રવચન નં. NST/૨૨ | તારીખ | ૧-૯-૮૦ |
| શ્લોક - ૭૪ | ૨૩ | | ૨-૯-૮૦ |
| | ૨૪ | | ૩-૯-૮૦ |
| | ૨૫ | | ૪-૯-૮૦ |

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# ગાથા - ૫૧ થી ૫૫

विवरीयाभिणिवेसविवज्जियसद्दहणमेव सम्मत्तं ।
संसयविमोहविब्भमविवज्जियं होदि सण्णाणं ॥५१॥

चलमलिणमगाढत्तविवज्जियसद्दहणमेव सम्मत्तं ।
अधिगमभावो णाणं हेयोवादेयतच्चाणं ॥५२॥

सम्मत्तस्स णिमित्तं जिणसुत्तं तस्स जाणया पुरिसा ।
अंतरहेऊ भणिदा दंसणमोहस्स खयपहुदी ॥५३॥

सम्मत्तं सण्णाणं विज्जदि मोक्खस्स होदि सुण चरणं ।
ववहारणिच्छएण दु तम्हा चरणं पवक्खामि ॥५४॥

ववहारणयचरित्ते ववहारणयस्स होदि तवचरणं ।
णिच्छयणयचारित्ते तवचरणं होदि णिच्छयदो ॥५५॥

विपरीताभिनिवेशविवर्जितश्रद्धानमेव सम्यक्त्वम् ।
संशयविमोहविभ्रमविवर्जितं भवति संज्ञानम् ॥५१॥

चलमलिनमगाढत्वविवर्जितश्रद्धानमेव सम्यक्त्वम् ।
अधिगमभावो ज्ञानं हेयोपादेयतत्त्वानाम् ॥५२॥

सम्यक्त्वस्य निमित्तं जिनसूत्रं तस्य ज्ञायकाः पुरुषाः ।
अन्तर्हेतवो भणिताः दर्शनमोहस्य क्षयप्रभृतेः ॥५३॥

सम्यक्त्वं संज्ञानं विद्यते मोक्षस्य भवति शृणु चरणम् ।
व्यवहारनिश्चयेन तु तस्माच्चरणं प्रवक्ष्यामि ॥५४॥

व्यवहारनयचरित्रे व्यवहारनयस्य भवति तपश्चरणम् ।
निश्चयनयचारित्रे तपश्चरणं भवति निश्चयतः ॥५५॥

શ્રદ્ધાન વિપરીત-અભિનિવેશવિહીન તે સમ્યક્ત્વ છે;
સંશય-વિમોહ-વિભ્રાંતિ વિરહિત જ્ઞાન સમ્યગ્જ્ઞાન છે. ૫૧.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ચલ મલ-અગાઢપણા રહિત શ્રદ્ધાન તે સમ્યક્ત્વ છે;
આદેય-હેય પદાર્થનો અવબોધ સમ્યગ્જ્ઞાન છે. ૫૨.

જિનસૂત્ર સમકિતહેતુ છે, ને સૂત્રજ્ઞાતા પુરુષ જે
તે જાણ અંતર્હેતુ, દગ્મોહક્ષયાદિક જેમને. ૫૩.

સમ્યક્ત્વ, સમ્યગ્જ્ઞાન તેમ જ ચરણ મુક્તિપંથ છે;
તેથી કહીશ હું ચરણને વ્યવહાર ને નિશ્ચય વડે. ૫૪.

વ્યવહારનયચારિત્રમાં વ્યવહારનું તપ હોય છે;
તપ હોય છે નિશ્ચય થકી, ચારિત્ર જ્યાં નિશ્ચયનયે. ૫૫.

**અન્વયાર્થ:**- (विपरीताभिनिवेशविवर्जितश्रद्धानम् एव) વિપરીત ★અભિનિવેશ રહિત શ્રદ્ધાન તે જ, (सम्यक्त्वम्) સમ્યક્ત્વ છે; (संशयविमोहविभ्रमविवर्जितम्) સંશય, વિમોહ ને વિભ્રમ રહિત (જ્ઞાન) તે, (संज्ञानम् भवति) સમ્યગ્જ્ઞાન છે.

(चलमलिनमगाढत्वविवर्जितश्रद्धानम् एव) ચળતા, મલિનતા અને અગાઢતા રહિત શ્રદ્ધાન તે જ, (सम्यक्त्वम्) સમ્યક્ત્વ છે; (हेयोपादेयतत्त्वानाम्) હેય અને ઉપાદેય તત્ત્વોને, (अधिगमभावः) જાણવારૂપ ભાવ તે, (ज्ञानम्) (સમ્યક્) જ્ઞાન છે.

(सम्यक्त्वस्य निमित्तं) સમ્યક્ત્વનું નિમિત્ત, (जिनसूत्रं) જિનસૂત્ર છે; (तस्य ज्ञायकाः पुरुषाः) જિનસૂત્રના જાણનારા પુરુષોને, (अन्तर्हेतवः) (સમ્યક્ત્વના) અંતરંગ હેતુઓ (भणिताः) કહ્યા છે, (दर्शनमोहस्य क्षयप्रभृतेः) કારણ કે તેમને દર્શનમોહના ક્ષયાદિક છે.

(शृणु) સાંભળ, (मोक्षस्य) મોક્ષને માટે, (सम्यक्त्वं) સમ્યક્ત્વ હોય છે, (संज्ञानं) સમ્યગ્જ્ઞાન (विद्यते) હોય છે, (चरणम्) ચારિત્ર (પણ), (भवति) હોય છે; (तस्मात्) તેથી, (व्यवहारनिश्चयेन तु) હું વ્યવહાર અને નિશ્ચયથી , (चरणं प्रवक्ष्यामि) ચારિત્ર કહીશ.

(व्यवहारनयचरित्रे) વ્યવહારનયના ચારિત્રમાં, (व्यवहारनयस्य) વ્યવહારનયનું, (तपश्चरणम्) તપશ્ચરણ, (भवति) હોય છે; (निश्चयनयचारित्रे) નિશ્ચયનયના ચારિત્રમાં, (निश्चयतः) નિશ્ચયથી, (तपश्चरणम्) તપશ્ચરણ, (भवति) હોય છે.

★ *અભિનિવેશ = અભિપ્રાય; આગ્રહ.*

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**ટીકા:-** આ, રત્નત્રયના સ્વરૂપનું કથન છે.

પ્રથમ, ભેદોપચાર-રત્નત્રય આ પ્રમાણે છે:— વિપરીત અભિનિવેશ રહિત શ્રદ્ધાનરૂપ એવું જે સિદ્ધિના પરંપરાહેતુભૂત ભગવંત પંચપરમેષ્ઠી પ્રત્યેનું ચળતા-મલિનતા-અગાઢતા રહિત ઊપજેલું નિશ્ચળ ભક્તિયુક્તપણું તે જ સમ્યક્ત્વ છે. વિષ્ણુબ્રહ્માદિકથિત વિપરીત પદાર્થસમૂહ પ્રત્યેના અભિનિવેશનો અભાવ તે જ સમ્યક્ત્વ છે - એવો અર્થ છે. સંશય, વિમોહ ને વિભ્રમ રહિત (જ્ઞાન) તે જ સમ્યગ્જ્ઞાન છે. ત્યાં, જિન દેવ હશે કે શિવ દેવ હશે (-એવો શંકારૂપભાવ) તે સંશય છે; શાક્યાદિકથિત વસ્તુમાં નિશ્ચય (અર્થાત્ બુદ્ધાદિએ કહેલા પદાર્થનો નિર્ણય) તે વિમોહ છે; અજ્ઞાનપણું (અર્થાત્ વસ્તુ શું છે તે સંબંધી અજાણપણું) તે જ વિભ્રમ છે. પાપક્રિયાથી નિવૃત્તિરૂપ પરિણામ તે ચારિત્ર છે. આમ ભેદોપચાર-રત્નત્રયપરિણતિ છે. તેમાં, જિનપ્રણીત હેય-ઉપાદેય તત્ત્વોનું જ્ઞાન તે જ સમ્યગ્જ્ઞાન છે. આ સમ્યક્ત્વપરિણામનું બાહ્ય સહકારી કારણ વીતરાગ-સર્વજ્ઞના મુખકમળમાંથી નીકળેલું સમસ્ત વસ્તુના પ્રતિપાદનમાં સમર્થ એવું દ્રવ્યશ્રુતરૂપ તત્ત્વજ્ઞાન જ છે. જે મુમુક્ષુઓ છે તેમને પણ ઉપચારથી પદાર્થનિર્ણયના હેતુપણાને લીધે (સમ્યક્ત્વપરિણામના) અંતરંગ હેતુઓ કહ્યા છે, કારણ કે તેમને દર્શનમોહનીયકર્મના ક્ષયાદિક છે.

અભેદ-અનુપચાર-રત્નત્રયપરિણતિવાળા જીવને, ટંકોત્કીર્ણ જ્ઞાયક જેનો એક સ્વભાવ છે એવા નિજ પરમ તત્ત્વની શ્રદ્ધા વડે, તદ્જ્ઞાન માત્ર (-તે નિજ પરમ તત્ત્વના જ્ઞાનમાત્રસ્વરૂપ) એવા અંતર્મુખ પરમબોધ વડે અને તે-રૂપે (અર્થાત્ નિજ પરમ તત્ત્વરૂપે) અવિચળપણે સ્થિત થવારૂપ સહજચારિત્ર વડે ★અભૂતપૂર્વ સિદ્ધપર્યાય થાય છે. જે પરમજિનયોગીશ્વર પહેલાં પાપક્રિયાથી નિવૃત્તિરૂપ વ્યવહારનયના ચારિત્રમાં હોય છે, તેને ખરેખર વ્યવહારનયગોચર તપશ્ચરણ હોય છે. સહજનિશ્ચયનયાત્મક પરમસ્વભાવસ્વરૂપ પરમાત્મામાં પ્રતપન તે તપ છે; નિજ સ્વરૂપમાં અવિચળ સ્થિતિરૂપ સહજનિશ્ચયચારિત્ર આ તપથી હોય છે.

---

★ *અભૂતપૂર્વ = પૂર્વે કદી નહિ થયેલો એવો; અપૂર્વ.*

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એવી રીતે એકત્વસપ્તતિમાં (શ્રી પદ્મનંદી-આચાર્યદેવકૃત પદ્મનંદિપંચવિંશતિકા નામના શાસ્ત્રને વિષે એકત્વસપ્તતિ નામના અધિકારમાં ૧૪મા શ્લોક દ્વારા) કહ્યું છે કે:-

(अनुष्टुभ्)

**"दर्शनं निश्चयः पुंसि बोधस्तद्बोध इष्यते ।**
**स्थितिरत्रैव चारित्रमिति योगः शिवाश्रयः ॥"**

(**"શ્લોકાર્થ:-**) આત્માનો નિશ્ચય તે દર્શન છે, આત્માનો બોધ તે જ્ઞાન છે, આત્મામાં જ સ્થિતિ તે ચારિત્ર છે; - આવો યોગ (અર્થાત્ આ ત્રણેની એકતા) શિવપદનું કારણ છે."

વળી (આ શુદ્ધભાવ અધિકારની છેલ્લી પાંચ ગાથાઓની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવ શ્લોક કહે છે):—

(मालिनी)

**जयति सहजबोधस्तादृशी दृष्टिरेषा**
**चरणमपि विशुद्धं तद्विधं चैव नित्यम् ।**
**अघकुलमलपंकानीकनिर्मुक्तमूर्तिः**
**सहजपरमतत्त्वे संस्थिता चेतना च ॥७५॥**

(**શ્લોકાર્થ:-**) સહજ જ્ઞાન સદા જયવંત છે, તેવી (-સહજ) આ દૃષ્ટિ સદા જયવંત છે, તેવું જ (-સહજ) વિશુદ્ધ ચારિત્ર પણ સદા જયવંત છે; પાપસમૂહરૂપી મળની અથવા કાદવની પંક્તિથી રહિત જેનું સ્વરૂપ છે એવી સહજપરમતત્ત્વમાં સંસ્થિત ચેતના પણ સદા જયવંત છે. ૭૫.

આ રીતે, સુકવિજનરૂપી કમળોને માટે જેઓ સૂર્ય સમાન છે અને પાંચ ઇન્દ્રિયોના ફેલાવ રહિત દેહમાત્ર જેમને પરિગ્રહ હતો એવા શ્રી પદ્મપ્રભમલધારિદેવ વડે રચાયેલી નિયમસારની તાત્પર્યવૃત્તિ નામની ટીકામાં (અર્થાત્ શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત શ્રી નિયમસાર પરમાગમની નિર્ગ્રંથ મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવવિરચિત તાત્પર્યવૃત્તિ નામની ટીકામાં) શુદ્ધભાવ અધિકાર નામનો ત્રીજો શ્રુતસ્કંધ સમાપ્ત થયો.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## ગાથા - ૫૧ થી ૫૫ ઉપરનું પ્રવચન

**'આ, રત્નત્રયના સ્વરૂપનું કથન છે.'** રત્નત્રય અર્થાત્ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર. - એ ત્રણ રત્ન છે ને આ રત્નના મૂલ્ય આપવાથી મુક્તિ મળે છે. આ દુનિયાના હીરા, માણેક, રત્નો તો ધૂળના છે. ભગવાન આત્મા કે જે શુદ્ધ ચિદાનંદની મૂર્તિ છે તેના દર્શન, જ્ઞાન ને ચારિત્ર તે રત્નત્રય છે અને આ ત્રણ મુક્તિનો હેતુ-કારણ છે. બાકી બીજો કોઈ મુક્તિનો ઉપાય છે નહીં.

હવે પ્રથમ વ્યવહાર રત્નત્રય કહે છે: **'પ્રથમ, ભેદોપચાર રત્નત્રય આ પ્રમાણે છે.'** નિશ્ચય રત્નત્રય છે તે મોક્ષનો માર્ગ છે, જ્યારે ભેદોપચાર રત્નત્રય અર્થાત્ વ્યવહાર રત્નત્રય શુભરાગ છે. છતાં તે વચ્ચે આવે છે. જ્યાં સુધી અંદરમાં નિશ્ચય મોક્ષમાર્ગ (-વીતરાગતા) પૂર્ણ ન થાય ત્યાં સુધી વ્યવહાર-રાગ આવે છે. પણ તે રાગ આદરણીય નથી, હેય છે. તે વ્યવહાર રત્નત્રયની વાત અહીં કરે છે કે ભેદથી - ઉપચારથી — વ્યવહારથી - રત્નત્રય આ પ્રમાણે છે. અહા ! ઉપચાર એટલે વાસ્તવિક નહીં એવા રત્નત્રય આ પ્રમાણે છે :

**'વિપરીત અભિનિવેશ રહિત શ્રદ્ધાનરૂપ એવું જે સિદ્ધિના પરંપરાહેતુભૂત ભગવંત પંચપરમેષ્ઠી પ્રત્યેનું ચળતા-મલિનતા-અગાઢતા રહિત ઊપજેલું નિશ્ચળ ભક્તિયુક્તપણું તે જ સમ્યક્ત્વ છે.'** વિપરીત = ઊલટો ને અભિનિવેશ = આગ્રહ, અભિપ્રાય. નિશ્ચય સમકિત એટલે આનંદની દશાનો અંતરમાં નિર્વિકલ્પ અનુભવ અને વ્યવહાર સમકિત એટલે શુભરાગ. આ હજી વ્યવહાર સમકિતની વાત ચાલે છે હો, પણ નિશ્ચય સમકિતની વાત નથી. તો, કહે છે કે જેને નિશ્ચય સમકિત અને આત્મજ્ઞાન થયું છે તે સમકિતીનું વ્યવહાર સમકિત પણ એવું હોય છે કે વિપરીત-ઊલટા આગ્રહ રહિત શ્રદ્ધાનરૂપ હોય છે ને મુક્તિનો પરંપરા હેતુભૂત છે. નિશ્ચય સમકિત મુક્તિનું સાક્ષાત્ કારણ છે, જ્યારે વ્યવહાર સમકિત છૂટી જાય છે માટે મુક્તિનો પરંપરા હેતુ કહેવામાં આવે છે. લ્યો, વ્યવહાર સમકિત મોક્ષનો પરંપરા હેતુભૂત છે એમ કહે છે.

**પ્રશ્ન:-** સોનગઢવાળા વ્યવહારને માનતા નથી ને ?

**સમાધાન:-** ભાઈ ! અહીં કહ્યું ને ? કે જેને નિશ્ચય સમકિત હોય તેને આ વ્યવહાર સમકિત હોય છે. પણ તે વ્યવહાર સમકિત મોક્ષનું સાક્ષાત્ કારણ નથી. મોક્ષનું સાક્ષાત્ કારણ તો સ્વના આશ્રયે થતો અનુભવ (-નિશ્ચય સમકિત) છે. પરંતુ તેની સાથે જે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

રાગ હોય છે તેનો અભાવ થઈને મુક્તિ થાય છે તેથી તે રાગને મુક્તિનું પરંપરા કારણ કહેવામાં આવે છે.

હવે કહે છે કે ભગવંત પંચપરમેષ્ઠી અર્થાત્ અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય ને સાધુ - એ પંચપરમેષ્ઠી પ્રત્યે ચળતા-મલિનતા-અગાઢતા રહિત ઉત્પન્ન થયેલી અચળ શ્રદ્ધા-ભક્તિ જ વ્યવહાર સમકિત છે. પણ જેને નિશ્ચય સમકિત છે તેને જ આવું વ્યવહાર સમકિત હોય છે. પૂર્ણદશા પ્રાપ્ત થયા પહેલાં વચમાં (-વચ્ચેના ગુણસ્થાનોમાં) આવો વ્યવહાર સમકિતનો રાગ આવે છે અને તે વ્યવહાર સમકિતની અહીંયા વાત કરે છે.

**'વિષ્ણુબ્રહ્માદિકથિત વિપરીત પદાર્થસમૂહ પ્રત્યેના અભિનિવેશનો અભાવ તે જ સમ્યક્ત્વ છે-એવો અર્થ છે.'** વિષ્ણુ ને બ્રહ્મા આદિએ તો બધાં વિપરીત પદાર્થ જ કહ્યાં છે. અર્થાત્ વિષ્ણુ, ઈશ્વર કે બ્રહ્મા આદિના નામથી જે પદાર્થો કહેવામાં આવ્યાં છે તે બધાં વિપરીત પદાર્થ છે. કોઈ ઈશ્વર કર્તા નથી. માટે ઈશ્વર કર્તા માનવાવાળા કે બ્રહ્મા-વિષ્ણુને માનવાવાળા બધાં વિપરીત પદાર્થને જ માને છે અને તેમને તો વ્યવહાર સમકિતરૂપની શ્રદ્ધા પણ નથી. જ્યારે અહીં (જૈનદર્શનમાં) તો ભગવંત સર્વજ્ઞ પરમાત્મા જિનેશ્વરદેવે બધાં યથાર્થ પદાર્થ કહ્યાં છે. તેમણે જે પદાર્થો કહ્યાં છે તેની ચળતા-મલિનતા-અગાઢતા રહિત શ્રદ્ધા થવી તે વ્યવહાર શ્રદ્ધા છે કે જે રાગ છે.

અહા ! જે જીવ બ્રહ્મા-વિષ્ણુ-મહેશ-શંકર આદિએ કહેલાં પદાર્થોને માને છે એ તો વિપરીત અભિનિવેશ-અભિપ્રાયવાળો છે અને એ વિપરીત અભિપ્રાયનો અભાવ તે જ વ્યવહાર સમકિત છે કે જે રાગ છે. જ્યાં સુધી આત્મા પૂર્ણ વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર ન થાય ત્યાં સુધી, આત્માના અવલંબે જે નિશ્ચય મોક્ષમાર્ગ શરૂ થયો છે તેની સાથે, અપૂર્ણ વીતરાગતા છે એટલે, વ્યવહાર શ્રદ્ધાનો રાગ હોય છે. અને તેને અહીંયા ચળતા-મલિનતા-અગાઢતા રહિત તેમ જ વિપરીત શ્રદ્ધા રહિત વ્યવહાર સમકિત કહેવામાં આવે છે. આવો અર્થ છે.

**'સંશય, વિમોહ ને વિભ્રમ રહિત (જ્ઞાન) તે જ સમ્યગ્જ્ઞાન છે.'** આ પણ હજી વ્યવહાર સમ્યગ્જ્ઞાનની વાત છે. વ્યવહાર સમ્યગ્જ્ઞાનમાં સંશય અર્થાત્ આમ હશે કે આમ હશે એવી શંકા હોતી નથી, વિમોહ અર્થાત્ વિપરીતતા હોતી નથી તેમ જ વિભ્રમ અર્થાત્ અજ્ઞાનતા પણ હોતી નથી. આ રીતે સંશય, વિમોહ, વિભ્રમ રહિત જ્ઞાન તે

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વ્યવહાર સમ્યગ્જ્ઞાન છે અને તે પણ હજી રાગ (સહિત) છે. નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન જેને છે, આત્માના આનંદનો અનુભવ જેને છે તેને હજી પૂર્ણદશા નથી ને અપૂર્ણદશા છે તેથી તે ભૂમિકામાં આવો વ્યવહાર (રાગ) આવ્યા વિના રહેતો નથી.

**'ત્યાં જિન દેવ હશે કે શિવ દેવ હશે (-એવો શંકારૂપભાવ) તે સંશય છે.'** સંશયની વ્યાખ્યા કરે છે કે સર્વજ્ઞ ભગવાન છે તે સાચા દેવ હશે કે શિવ-શંકર-બ્રહ્મા-વિષ્ણુ આદિ સાચા દેવ હશે એવી શંકા થવી તેનું નામ અહીંયા સંશય કહે છે. જે નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન સહિત છે તે આવા સંશય રહિત હોય છે અને તેને વ્યવહાર સમ્યગ્જ્ઞાન છે એમ કહેવામાં આવે છે.

**'શાક્યાદિકથિત વસ્તુમાં નિશ્ચય (અર્થાત્ બુદ્ધાદિએ કહેલા પદાર્થનો નિર્ણય) તે વિમોહ છે.'** શાક્ય = બૌદ્ધ. જે બૌદ્ધધર્મ છે તે મિથ્યા (-ખોટો) છે. કેમ કે તે આત્માને ક્ષણિક જ માને છે, પણ આત્માને ત્રિકાળી માનતો નથી. તો, બૌદ્ધ તેમ જ તે સિવાયના અનેક અજ્ઞાનીઓએ કથન કરેલી વસ્તુમાં નિશ્ચય કરવો તેનું નામ વિમોહ - મિથ્યાત્વ રાગ છે.

**'અજ્ઞાનપણું (અર્થાત્ વસ્તુ શું છે તે સંબંધી અજાણપણું) તે જ વિભ્રમ છે.'** વસ્તુ કેવી હશે ? - એમ વસ્તુનું અજાણપણું, વસ્તુસ્થિતિની મર્યાદાનું અજાણપણું તે વિભ્રમ છે. (અને તે રહિત વ્યવહાર સમ્યગ્જ્ઞાન હોય છે.) હજી તો આ વ્યવહાર રત્નત્રયની વાત ચાલે છે હો.

**'પાપક્રિયાથી નિવૃત્તિરૂપ પરિણામ તે ચારિત્ર છે.'** - આ વ્યવહાર ચારિત્રની વાત છે હો. નિશ્ચય સમકિત-જ્ઞાન-ચારિત્ર સહિત હિંસા, જૂઠું, ચોરી, વિષય-ભોગ વાસના આદિરૂપ પાપક્રિયાથી નિવૃત્તિરૂપ પંચમહાવ્રતના પરિણામ - શુભરાગ - તે વ્યવહાર ચારિત્ર છે અને તે રાગ છે. આ વ્યવહાર ચારિત્ર પણ જેને નિશ્ચય ચારિત્ર હોય તેને જ હોય છે. પણ જેને આત્માના આનંદનો અનુભવ નથી તેને તો આ વ્યવહાર ચારિત્ર છે એમ પણ ગણવામાં આવતું નથી.

અહા ! પંચમહાવ્રતના પરિણામ તે વ્યવહાર ચારિત્ર છે અને તે રાગ છે. મુનિને પૂર્ણ (યથાખ્યાત) ચારિત્રદશા જ્યાં સુધી ન થાય ત્યાં સુધી વચમાં આ વ્યવહાર ચારિત્રનો રાગ આવ્યા વિના રહેતો નથી. પરંતુ તે રાગ હેય - છોડવા લાયક છે. 'તે રાગ દુઃખરૂપ છે' એમ જાણીને છોડવા લાયક છે. તેનો અર્થ એમ છે કે જ્યારે સમ્યગ્જ્ઞાને જાણ્યું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કે આ રાગ દુઃખરૂપ ને વિપરીત છે ત્યારે જ્ઞાનમાં તે વિપરીત ભાવનું ગ્રહણ થતું નથી, પણ જ્ઞાન જ્ઞાનમાં સ્થિર થાય છે અને તેનું નામ વિકાર-રાગનો ત્યાગ કર્યો એમ કહેવામાં આવે છે. શબ્દેશબ્દમાં પ્રભુ ! સૂક્ષ્મતા ઘણી છે. કેમ કે આ તો જિનેશ્વર વીતરાગ સર્વજ્ઞ ત્રણલોકના નાથનો માર્ગ છે.

અહીં કહ્યું કે જેને ત્રિકાળી શુદ્ધ આત્માનું અવલંબન-આશ્રય છે, જેને આનંદનો અનુભવ છે અર્થાત્ જેને નિશ્ચય ચારિત્ર છે તેના પાપથી નિવૃત્તિરૂપના પરિણામને વ્યવહાર ચારિત્ર કહેવામાં આવે છે. અહા ! ભૂતકાળમાં અનંત તીર્થંકરો થયાં છે અને વર્તમાનમાં પણ મહાવિદેહક્ષેત્રમાં તીર્થંકરો બિરાજે છે. તો, તે બધાંનું એક કથન છે. 'એક હોય ત્રણકાળમાં પરમારથનો પંથ'. (આત્મસિદ્ધિ ગા.૩૬). આ પણ સાચું ને આ પણ સાચું - એમ પરમારથંનો પંથ બે-ત્રણ હોય નહીં. - એવું છે જ નહીં.

**'આમ ભેદોપચાર-રત્નત્રયપરિણતિ છે.'** - આમ વ્યવહાર રત્નત્રયપરિણતિ છે. ભેદ = વ્યવહાર = ઉપચાર = વાસ્તવિક નહીં. આ વ્યવહાર રત્નત્રય એ વાસ્તવિક રત્નત્રયપરિણતિ નથી, પણ ભેદોપચાર-રત્નત્રયપરિણતિ છે.

**'તેમાં, જિનપ્રણીત હેય-ઉપાદેય તત્ત્વોનું જ્ઞાન તે જ સમ્યગ્જ્ઞાન છે.'** તેમાં અર્થાત્ ભેદ રત્નત્રયપરિણતિમાં - વ્યવહાર રત્નત્રયમાં -, જિનપ્રણીત હેય-ઉપાદેય તત્ત્વોનું જ્ઞાન તે જ સમ્યગ્જ્ઞાન છે. આ પણ હજી વ્યવહાર સમ્યગ્જ્ઞાન છે. તેમાં હેય-ઉપાદેય - એમ બે તત્ત્વો આવ્યાં ને ? માટે, બે તત્ત્વો આવ્યાં એટલે, વ્યવહાર સમ્યગ્જ્ઞાન છે. તથા 'તેમાં' - એમ કહ્યું છે ને ? એટલે કે જે રાગરૂપ વ્યવહાર રત્નત્રય કહ્યા તેમાંની આ વાત છે. (માટે આ વ્યવહાર સમ્યગ્જ્ઞાનની વાત છે.) તો, કહે છે કે ત્રણલોકના નાથ વીતરાગ જિનપ્રણીત - તેમણે કહેલ - હેય-ઉપાદેય અર્થાત્ છોડવા લાયક ને આદરવા લાયક તત્ત્વોનું જ્ઞાન પણ હજી વ્યવહાર સમ્યગ્જ્ઞાન છે.

અહા ! (૧) વિપરીત અભિનિવેશ રહિત શ્રદ્ધા તે વ્યવહાર સમકિત છે, (૨) સંશય, વિમોહ ને વિભ્રમ રહિત જ્ઞાન તે વ્યવહાર સમ્યગ્જ્ઞાન છે અને (૩) પાપક્રિયાથી નિવૃત્તિરૂપ પંચમહાવ્રતાદિના પરિણામ તે વ્યવહાર ચારિત્ર છે. - આ ત્રણમાં, જે હેય-ઉપાદેય તત્ત્વોનું જ્ઞાન છે તેનું નામ વ્યવહાર સમ્યગ્જ્ઞાન છે. નિશ્ચય સમ્યગ્જ્ઞાન તો અંતર અનુભવ કરવો તે છે. જ્યારે હેય-ઉપાદેય તત્ત્વોનું જ્ઞાન કરવું તે વ્યવહાર સમ્યગ્જ્ઞાન છે. કેમ કે તેમાં હેય-ઉપાદેય એમ 'બેપણું (-ભેદ)' આવ્યું ને ? માટે, આ છાંડવાયોગ્ય છે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અને આ ગ્રહણ કરવાયોગ્ય છે એમ 'બેપણું' આવ્યું તેથી, વ્યવહાર સમ્યગ્જ્ઞાન છે. અને તેથી અંદર (ટીકામાં) પણ એમ લીધું છે ને ? કે 'ભેદોપચાર-રત્નત્રયપરિણતિ છે. તેમાં...' - એમ લીધું છે ને ભાઈ ?

અહા ! કુદેવ-કુશાસ્ત્ર-કુગુરુના શ્રદ્ધા-જ્ઞાન રહિત (સુદેવ-સુશાસ્ત્ર-સુગુરુના) વ્યવહાર શ્રદ્ધા-જ્ઞાન થાય તે વ્યવહાર સમકિત અને વ્યવહાર સમ્યગ્જ્ઞાન છે. જ્યારે પાપક્રિયાથી નિવૃત્તિરૂપ પંચમહાવ્રતના પરિણામ થાય તે વ્યવહાર ચારિત્ર છે. - આ ત્રણમાં, સર્વજ્ઞ ભગવાન ત્રિલોકનાથ પરમાત્મા વીતરાગદેવે રાગાદિને હેય કહ્યાં છે તેનું અને સ્વભાવને ઉપાદેય કહ્યો છે તેનું — તે બન્નેનું જ્ઞાન કરવું તે પણ હજી વ્યવહાર સમ્યગ્જ્ઞાન છે. કેમ કે તેમાં બે તત્ત્વો આવ્યા ને ? જગતને આવો માર્ગ સમજવો ભારે કઠણ છે.

અહા ! અજ્ઞાનીને તો હજી નિશ્ચય રત્નત્રય નથી તેથી વ્યવહાર રત્નત્રય પણ નથી. જ્યારે અહીં તો જેને આત્માનું ભાન છે - આત્માનો અનુભવ છે - આનંદનો સ્વાદ આવ્યો છે એટલે કે જેને નિશ્ચય રત્નત્રય છે તેની વાત છે કે તેની દશામાં પૂર્ણતા નથી તેથી આવો રાગ આવ્યા વિના રહેતો નથી અને તેને અહીંયા વ્યવહાર રત્નત્રયની પરિણતિ કહેવામાં આવે છે. અંદર (શાસ્ત્રમાં) આ વાત છે કે નહીં ? (હા).

હવે કહે છે કે **'તેમાં'**, અર્થાત્ વ્યવહાર રત્નત્રયમાં, **'જિનપ્રણીત હેય-ઉપાદેય તત્ત્વોનું જ્ઞાન તે જ સમ્યગ્જ્ઞાન છે.'** અહા ! નિશ્ચય સમ્યગ્જ્ઞાનમાં તો હેય-ઉપાદેય એવા બે ભેદ (-વિકલ્પ) છે જ નહીં. તેમાં તો આગળના કળશમાં કહ્યાં એવા ત્રિકાળી આનંદકંદ પ્રભુ શુદ્ધ જીવાસ્તિકાય કે જે અખંડ-અભેદ છે તેનો એકનો આશ્રય છે. અર્થાત્ શુદ્ધ જીવાસ્તિકાયનો આશ્રય કરતાં જે જ્ઞાન થાય તેનું નામ નિશ્ચય સમ્યગ્જ્ઞાન છે. પણ જ્યાં પરની (-ભેદની) અપેક્ષા આવે છે ત્યાં જ્ઞાનનું નામ વ્યવહાર સમ્યગ્જ્ઞાન છે. અરેરે ! લોકો આવું ક્યારે સાંભળે ? ક્યારે વિચારે ? ને ક્યારે તેને બેસે ? આ મનુષ્યભવ તો ચાલ્યો જાય છે ! મનુષ્ય-અવતારના વર્ષ તો ચાલ્યાં જાય છે. ખરેખર તો જેટલાં મહિના કે દિવસ જાય છે તેટલો મૃત્યુની સમીપ જાય છે. કેમ કે મૃત્યુનો સમય કેવળજ્ઞાનમાં અને અંદરમાં નક્કી છે. ક્યા સમયે-ક્ષણે આ દેહ છૂટશે તે નક્કી છે. માટે દિવસે-દિવસે તે મૃત્યુની સમીપ જાય છે, નજીક જાય છે. છતાં તેમાં હું અધિક - કાંઈક વિશેષ - થયો એમ તે માને છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અહીં કહે છે કે ત્રિકાળી શુદ્ધ જીવાસ્તિકાયમય પૂર્ણાનંદ ભગવાન આત્મા અનાદિ-અનંત સત્‌સ્વરૂપી પ્રભુ છે. પણ કેવળજ્ઞાની ભગવાન જે આત્માને જોઈને અને અનુભવીને કેવળજ્ઞાન પામ્યાં તે આત્મા હો. તો, તેમણે જે જીવાદિ તત્ત્વો જોયાં ને કહ્યાં તેમાં હેય ને ઉપાદેય એવા બે ભેદ પાડવા (-એવો વિકલ્પ કરવો) તે વ્યવહાર સમ્યગ્જ્ઞાન છે. ઝીણી વાત છે ભાઈ ! આ હેય-ઉપાદેયરૂપ તત્ત્વોનું વ્યવહાર સમ્યગ્જ્ઞાન પણ કોને હોય છે ? કે જેને શુદ્ધ જીવાસ્તિકાય એવા ચૈતન્યમૂર્તિ આત્માનો અનુભવ થયો છે - આનંદનો સ્વાદ આવ્યો છે - તેને વ્યવહાર સમ્યગ્જ્ઞાન હોય છે. એટલે કે પૂર્ણાનંદના નાથ એવા આત્માના અનુભવપૂર્વક જેને સ્વાશ્રયે નિશ્ચય સમ્યગ્જ્ઞાન થયું છે તેને આવું પરાશ્રિત જ્ઞાન હોય છે અને તેને વ્યવહાર સમ્યગ્જ્ઞાન કહેવામાં આવે છે. બાકી નિશ્ચય સમ્યગ્જ્ઞાન વિના તો વ્યવહાર સમ્યગ્જ્ઞાન પણ કહેવામાં આવતું નથી. એ (નિશ્ચય સમ્યગ્જ્ઞાન વિના વ્યવહાર સમ્યગ્જ્ઞાન) તો વ્યવહારાભાસ છે અને એવું જ્ઞાન તો અનંતવાર કર્યું છે. અરે ! ૮૪ લાખ યોનિના અવતારમાં દિગંબર સાધુ પણ અનંતવાર થયો છે. આ દિગંબરપણું (દિગંબરધર્મ) એ જ વાસ્તવિક જૈનપણું (જૈનધર્મ) છે હો. કેમ કે એ દિગંબરપણું અનાદિથી છે. તો, હજારો રાણીઓ છોડીને દિગંબર સાધુ થઈને પંચમહાવ્રત આદિ ૨૮ મૂળગુણની ક્રિયાઓ પણ તેણે કરી છે. પણ તે બધું બંધનું કારણ હતું, (વ્યવહારાભાસ હતો.)

અહા ! અંદરમાં રાગરહિત અંદરમાં ભગવાન આત્માને — કે જે અમૂર્તિક છે તેને — ભક્તિ આદિના શુભરાગની પણ અપેક્ષા નથી. આવા નિર્મળાનંદના નાથ શુદ્ધ જીવાસ્તિકાયરૂપ પ્રભુ આત્માનો અનુભવ જેને થયો છે - અતીંદ્રિય આનંદ ને શાંતિનો સ્વાદ જેને આવ્યો છે - તેને આવું વ્યવહાર સમ્યગ્જ્ઞાન હોય છે અર્થાત્ તેનો વ્યવહાર આવો હોય છે. પણ જેને નિશ્ચય સમ્યગ્જ્ઞાન નથી તેને વ્યવહાર સમ્યગ્જ્ઞાન પણ કહેવામાં આવતું નથી. અહીં કહ્યું કે વીતરાગ ત્રિલોકનાથ જિનેશ્વરદેવ તીર્થંકરદેવે કહેલાં હેય-ઉપાદેય તત્ત્વોનું જ્ઞાન તે વ્યવહાર સમ્યગ્જ્ઞાન છે. આપણે પહેલાં પણ ગાથા પાંચમાં આવી ગયું છે કે 'તત્ત્વો બહિ:તત્ત્વ અને અંત:તત્ત્વરૂપ પરમાત્મતત્ત્વ એવા (બે) ભેદોવાળાં છે' અને તેની શ્રદ્ધાને વ્યવહાર સમકિત કહે છે. રાગાદિ બહિ:તત્ત્વ છે અને ત્રિકાળી આત્મા અંત:તત્ત્વરૂપ પરમાત્મતત્ત્વ છે. - આમ તત્ત્વો બે ભેદોવાળાં છે. 'અથવા જીવ, અજીવ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ એવા ભેદોને લીધે સાત પ્રકારનાં છે' અને તેમનું સમ્યક્ શ્રદ્ધાન તે વ્યવહાર સમકિત છે કે જે રાગ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



શું કહ્યું ? કે અંતઃતત્ત્વરૂપ પરમાત્મતત્ત્વની શ્રદ્ધા સાથે બહિઃતત્ત્વની શ્રદ્ધા જોડી દેવી અર્થાત્ તે બન્નેની શ્રદ્ધા તે વ્યવહાર સમકિત છે અથવા જીવાદિ સાત તત્ત્વોની શ્રદ્ધા પણ વ્યવહાર સમકિત છે. આ રીતે વ્યવહાર સમકિતની બે પ્રકારે વ્યાખ્યા કરી : (૧) બહિઃતત્ત્વ ને પરમાત્મતત્ત્વની શ્રદ્ધા તે વ્યવહાર સમકિત છે અને (૨) જીવાદિ સાત તત્ત્વોની શ્રદ્ધા તે પણ વ્યવહાર સમકિત છે. લ્યો, વ્યવહાર સમકિતની અંદર પરમાત્મતત્ત્વની શ્રદ્ધા તો આવી, પરંતુ સાથે બાહ્યતત્ત્વની શ્રદ્ધા પણ આવી. તેથી, જ્યાં બાહ્યતત્ત્વની શ્રદ્ધા આવી ત્યાં, બેપણું (-ભેદ) થઈ ગયું અને બેપણું થયું તેથી વ્યવહાર થઈ ગયો. ઝીણી વાત છે પ્રભુ !

અહીં કહે છે કે 'તેમાં' અર્થાત્ જે વ્યવહાર રત્નત્રયની વાત ચાલે છે તેમાં 'જિનપ્રણીત હેય-ઉપાદેય તત્ત્વોનું જ્ઞાન તે જ સમ્યગ્જ્ઞાન છે.' - આ પણ વ્યવહાર સમ્યગ્જ્ઞાન છે હો. ગાથા પાંચમાં જેમ વ્યવહાર સમકિતની વાત છે તેમ અહીં પણ વ્યવહાર સમ્યગ્જ્ઞાનની વાત છે. તે વ્યવહાર સમ્યગ્જ્ઞાન રાગ સહિત છે, પણ ધર્મ નથી. જ્યાં નિશ્ચય - આત્માનો અનુભવ - થયો છે, આનંદનું વેદન આવ્યું છે ત્યાં અપૂર્ણતા છે તેથી જીવાદિ સાત તત્ત્વ કે બહિઃતત્ત્વ ને અંતઃતત્ત્વરૂપ પરમાત્મતત્ત્વની શ્રદ્ધાનો રાગ આવે છે તેમ જ હેય-ઉપાદેય તત્ત્વોનું જ્ઞાન પણ હોય છે અને તે વ્યવહાર સમકિત ને જ્ઞાન છે. ગજબ વાત છે !

શ્રી કુંદકુંદાચાર્ય કહે છે કે આ શાસ્ત્ર તો મેં મારા માટે બનાવ્યું છે. ત્રિલોકનાથ (સીમંધરભગવાન) મહાવિદેહક્ષેત્રમાં સમવસરણમાં વર્તમાન બિરાજે છે. ત્યાં આગળ ભગવાન પાસે શ્રી કુંદકુંદાચાર્ય ગયાં હતાં, આઠ દિવસ રહ્યાં હતાં અને ભગવાનની પ્રરૂપણા (વાણી) સવાર-બપોર-સાંજ એમ ત્રણવાર છ-છ ઘડી થાય છે તે સાંભળી હતી. તે ઉપરાંત જ્યારે ભગવાનની વાણી બંધ હોય તે વખતે બીજા જે સાચા દિગંબર સંત-મુનિ (શ્રુતકેવળી) હતાં તેમની સાથે ચર્ચા કરીને ઘણું સમાધાન કર્યું હતું. ત્યાંથી આવીને તેમણે આ શાસ્ત્રો બનાવ્યાં છે. તેમાં સમયસાર, પ્રવચનસાર આદિ શાસ્ત્રો બનાવ્યાં છે તે તો (બીજાને) તત્ત્વ સમજાવવા માટે બનાવ્યાં છે. પરંતુ આ શાસ્ત્ર તો, તેઓ કહે છે કે, મેં મારા આત્માના હિતને માટે બનાવ્યું છે. ભારે આકરી પડે એવી વાતો છે !

પ્રભુ ! તું એકવાર સાંભળ તો ખરો કે પરમાત્મા ત્રિલોકનાથ જિનેશ્વરદેવની આજ્ઞામાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



શું આવે છે ? કે બાહ્ય-અભ્યંતર તત્ત્વોના ભેદને પણ છોડીને અંદર અંતઃતત્ત્વના નિર્વિકલ્પ અનુભવમાં જેને આનંદ આવે છે - જેને સમકિત થયું છે - તેને પૂર્ણદશા નથી તેથી આવો વ્યવહાર આવે છે. બાકી જ્યાં નિશ્ચય આત્મજ્ઞાન નથી ને આનંદ આવ્યો નથી ત્યાં તો શુભરાગને વ્યવહાર પણ કહેવામાં આવતો નથી. જેમ એકડાં વિનાના મીંડાની કોઈ ગણતરી કરવામાં આવતી નથી. એકડો હોય તો પછી મીંડુ મૂકીને દસ ગણવામાં આવે, પણ એકલું મીંડુ કાંઈ ગણવામાં આવતું નથી. તેમ અતીંદ્રિય આનંદનો સાગર એવા ભગવાન આત્માના અનુભવ વિનાનો એકલો વ્યવહાર (કાંઈ ગણતરીમાં નથી). એ તો એકડાં વિનાના શૂન્ય જેવો છે. છતાં જો નિશ્ચય રત્નત્રય હોય અને હજી પૂર્ણ વીતરાગતા ન થઈ હોય તો વચ્ચે આવો વ્યવહાર આવે છે. પરંતુ તે પુણ્યબંધનું કારણ એવો રાગ છે. લ્યો, આવો વ્યવહાર પણ પુણ્યબંધનું કારણ એવો રાગ છે એમ કહે છે. અરેરે ! ૮૪ લાખ યોનિના અવતારમાં (રખડતાં-રખડતાં) અનંતકાળ ગયો, છતાં ક્યારેય આનંદમૂર્તિ પ્રભુ આત્માનું ભાન કર્યું નહીં. અહીં કહ્યું કે આત્મા એવો અભેદ છે કે તેમાં બહિઃતત્ત્વ ને પરમાત્મતત્ત્વ એવા બે ભેદ પણ નથી અને જ્યાં એવા બે ભેદ લક્ષમાં લે છે ત્યાં તો વચ્ચે વિકલ્પ-રાગ આવી જાય છે, (પણ આત્મ-અનુભવ થતો નથી.)

હવે સમકિતના કારણની વાત કરે છે. તેમાં પ્રથમ બાહ્ય સહકારી કારણ કહે છે. પ્રભુ ભગવાન આત્મામાં અનંત ગુણ ભર્યા છે. તે અનંત ગુણની અંતર સન્મુખ થઈને - અંતર અભિમુખ થઈને - જેને આત્માના આનંદનો સ્વાદ આવ્યો છે, અતીંદ્રિય આનંદનો અનુભવ થયો છે એવા સમકિતી જીવને તે સમ્યક્ત્વપરિણામનું બાહ્ય સહકારી કારણ શું છે તે કહે છે. જુઓ, 'સમ્યક્ત્વપરિણામ' એમ કહ્યું છે. કેમ કે સમકિત એ પરિણામ છે, પણ કોઈ ગુણ નથી. ત્રિકાળી ભગવાન આત્મા એ દ્રવ્ય છે; ત્રિકાળી ધ્રુવ એવા શ્રદ્ધા, જ્ઞાન આદિ એ ગુણ છે અને સમકિત, ચારિત્ર, મોક્ષમાર્ગ આદિ એ પરિણામ છે - પર્યાય છે.

કહે છે કે **'આ સમ્યક્ત્વપરિણામનું બાહ્ય સહકારી કારણ વીતરાગ-સર્વજ્ઞના મુખકમળમાંથી નીકળેલું સમસ્ત વસ્તુના પ્રતિપાદનમાં સમર્થ એવું દ્રવ્યશ્રુતરૂપ તત્ત્વજ્ઞાન જ છે.'** જુઓ, આત્માના આશ્રયે અનંતકાળમાં નહીં થયેલ એવું સમ્યગ્દર્શન-આત્મદર્શન થયું, આત્માનંદનો ભેટો (-અનુભવ) થયો, સમ્યક્ત્વના પરિણામ થયાં, સમકિત થયું ત્યાં તે પરિણામનું બાહ્ય સહકારી કારણ, કહે છે કે, દ્રવ્યશ્રુતરૂપ તત્ત્વજ્ઞાન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે. સમકિતનું અંતરંગ કારણ તો પોતાનું અંતરંગ સ્વરૂપ છે, પણ તેનું બાહ્ય સહકારી - સાથે રહેનારું - વ્યવહાર કારણ ભગવાનનું કહેલું તત્ત્વજ્ઞાન જ છે. નિશ્ચય સમકિત તો આત્માના આશ્રયે પ્રગટે છે, પણ તેનું બાહ્ય સહકારી કારણ ભગવાનના વચનનું જ્ઞાન - તત્ત્વજ્ઞાન - જ છે. આ સિવાય બીજું તેનું બાહ્ય નિમિત્ત પણ નથી.

આ 'શુદ્ધભાવ અધિકાર'ની છેલ્લી પાંચ ગાથાઓ છે. આં 'શુદ્ધભાવ' એટલે શુદ્ધ પર્યાય ન લેવો, પણ ત્રિકાળી ધ્રુવ લેવો. સામાન્યપણે તો પર્યાયમાં-અવસ્થામાં ત્રણ પ્રકારના ભાવ થાય છે : (૧) અશુભ, (૨) શુભ અને (૩) શુદ્ધ. તેમાં અશુભભાવ પાપબંધનું કારણ છે, શુભભાવ પુણ્યબંધનું કારણ છે અને શુદ્ધભાવ ધર્મસ્વરૂપ છે. - આ રીતે ત્રણ પ્રકારના પરિણામ છે. પરંતુ તેની વાત અત્યારે અહીંયા (આ અધિકારમાં) નથી. અહીં તો, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ ધર્મના શુદ્ધપરિણામ - કે જે મોક્ષનો યથાર્થ માર્ગ છે તે - જેના આશ્રયે ઉત્પન્ન થાય છે તેની વાત છે. અર્થાત્ અહીંયા શુદ્ધભાવ કહેતાં ધ્રુવનો અધિકાર છે. ઉપર (શાસ્ત્રમાં) 'શુદ્ધભાવ અધિકાર' એમ છે ને ? તો, 'શુદ્ધભાવ' એટલે ત્રિકાળી શુદ્ધ આત્મા અને તેની અહીંયા વાત છે. અહા! સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર - કે જે મોક્ષનો માર્ગ છે તે - અખંડ આનંદરૂપ ચૈતન્યશક્તિની વ્યક્તિ-પ્રગટતા છે, પણ ત્રિકાળી શક્તિ નથી અને તેની (-મોક્ષમાર્ગની) અહીં વાત નથી.

શું કહ્યું ? કે પ્રભુ આત્મા જ્ઞાન, આનંદ આદિ અનંત શક્તિઓનો પિંડ છે. (એ દ્રવ્ય છે.) તેમાં ત્રિકાળી જ્ઞાન, આનંદ આદિ છે તે શક્તિરૂપ સ્વભાવ છે. (એ ગુણ છે.) અને તેમાંથી વ્યક્તિરૂપ પ્રગટતા થાય તે શુદ્ધપર્યાય છે. (એ પર્યાય છે.) પરંતુ તે શુદ્ધપર્યાયની અહીં વાત નથી. બીજી રીતે કહીએ તો, ત્રિકાળી દર્શન, જ્ઞાન, ચારિત્ર આદિ ગુણોનો પિંડ આત્મા છે તેના અવલંબે મોક્ષના કારણરૂપ સમ્યગ્દર્શન આદિ પર્યાય પ્રગટ થાય છે. આ મોક્ષમાર્ગરૂપ શુદ્ધપર્યાયની અહીં વાત (અધિકાર) નથી. પરંતુ તે શુદ્ધપર્યાય જેમાંથી ઉત્પન્ન થાય છે એવા 'શુદ્ધ ધ્રુવભાવ'નો અહીં અધિકાર છે. આવી વાત છે ! - પહેલી એ વાત.

હવે બીજી વાત : એ જે ત્રિકાળી શુદ્ધભાવ છે તેના અવલંબનથી - આશ્રયે - ધર્મરૂપી સમ્યગ્દર્શનના પરિણામ પ્રગટે છે. અર્થાત્ સનાતન ચૈતન્યશક્તિરૂપ-સ્વભાવરૂપ ત્રિકાળી ધ્રુવ છે તેની દૃષ્ટિ કરવાથી જે ધર્મની પહેલી દશા છે એવા સમ્યગ્દર્શનના પરિણામ - પર્યાય - અવસ્થા ઉત્પન્ન થાય છે. આ સમ્યગ્દર્શનથી મોક્ષના માર્ગની શરૂઆત થાય છે અને આ સમ્યક્ત્વપરિણામનું બાહ્ય સહકારી કારણ દ્રવ્યશ્રુતરૂપ તત્ત્વજ્ઞાન જ છે એમ કહે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

અહા ! અનાદિ-અનંત, નિત્ય ધ્રુવવસ્તુ એવા ત્રિકાળી ભગવાન આત્માના આશ્રયે અવલંબે - લક્ષે - સમ્યગ્દર્શન પરિણામ ઉત્પન્ન થાય તે મોક્ષનો માર્ગ છે. તે સમ્યગ્દર્શન પરિણામનું બાહ્ય સહકારી કારણ-નિમિત્ત કોણ છે ? કે વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ જિનેશ્વરદેવના મુખકમળમાંથી નીકળેલું દ્રવ્યશ્રુતરૂપ તત્ત્વજ્ઞાન છે. જુઓ, 'વીતરાગ-સર્વજ્ઞના મુખકમળમાંથી નીકળેલું' - એમ જે કહ્યું છે તે પણ ભાઈ ! વ્યવહારથી કહ્યું છે. કેમ કે ભગવાનની વાણી આખા શરીરમાંથી નીકળે છે અને તે ૐ .... એવો ધ્વનિ હોય છે. પરંતુ લોકો બાહ્યથી (મુખમાંથી વાણી નીકળે છે એમ) સમજે છે તે અપેક્ષાએ 'વીતરાગ-સર્વજ્ઞના મુખકમળમાંથી નીકળેલું' એમ કહ્યું છે. બાકી પ્રભુની વાણી મુખમાંથી નીકળતી નથી. તેમના હોઠ બંધ હોય, કંઠ ધ્રુજે નહીં અને આખા શરીરમાંથી ૐધ્વનિ ઉઠે છે. (શ્રી બનારસીદાસજી કહે છે ને ? કે,)

'મુખ ૐકાર ધુનિ સુનિ, અર્થ ગણધર વિચારૈ;'

આત્માના આનંદના અનુભવી એવા સાધુ-સંતના ગણ નામ સમૂહના જે ધરનારા-અગ્રેસર છે તેને અહીંયા ગણધરદેવ કહે છે. તે ગણધરદેવ ૐકાર ધ્વનિ સાંભળી તેનો અર્થ વિચારે છે તેમ જ

'રચિ આગમ ઉપદિશૈ, ભવિક જીવ સંશય નિવારૈ.'

ભગવાનની વાણીમાંથી આગમની રચના કરે છે. જેનાથી ભવ્ય - યોગ્ય ને પાત્ર - જીવ સંશય-મિથ્યાત્વનો નાશ કરે છે. અર્થાત્ તેને સમ્યગ્દર્શનના પરિણામ ઉત્પન્ન થાય છે. ઝીણી વાત છે પ્રભુ ! અત્યારે તો બહારમાં ઘણો ફેરફાર થઈ ગયો છે, એટલે આ વાત બીજી લાગશે - ભાષા જરી નવી લાગશે. પણ વસ્તુ તો આવી છે. શું કહીએ ?

અહા ! ત્રણ લોકના નાથ શ્રી સીમંધરસ્વામી ભગવાનની પાસે શ્રી કુંદકુંદાચાર્ય બે હજાર વર્ષ પહેલાં સંવત ૪૯માં આઠ દિવસ માટે ગયાં હતાં અને ત્યાંથી આવીને આ બધાં શાસ્ત્રો બનાવ્યાં છે. તેમાં પણ આ શાસ્ત્ર તો પોતાના માટે બનાવ્યું છે. જુઓ, છેલ્લી ૧૮૭મી ગાથામાં લખ્યું છે ને ? કે 'णियभावणाणिमित्तं' - મારી ભાવના નિમિત્તે 'मए कदं' - મેં કર્યું (કહ્યું) 'णियमसारणामसुदं' - નિયમસાર નામનું શાસ્ત્ર. અર્થાત્ આ નિયમસાર મેં તો મારા આત્મા માટે બનાવ્યું છે. 'णच्चाजिणोवदेसं' - વીતરાગ

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ત્રિલોકનાથ જિનેશ્વરદેવનો સાક્ષાત્ ઉપદેશ સાંભળીને-જાણીને 'पुव्वावरदोसणिम्मुक्कं' - આગળ-પાછળના વિરોધ રહિત. એટલે કે આ શાસ્ત્રમાં અવિરોધપણે કથન કર્યું છે. પહેલાં કાંઈક કહ્યું હોય ને પછી કાંઈક બીજું કહ્યું હોય એમ કોઈ વિરૂદ્ધ કથન આ શાસ્ત્રમાં છે નહીં. નીચે હરિગીત પણ છે કે,

'નિજભાવના અર્થે રચ્યું મેં નિયમસાર-સુશાસ્ત્રને,
સૌ દોષ પૂર્વાપર રહિત ઉપદેશ જિનનો જાણીને.'

અહા ! જડ મોહકર્મ છે તે ભાવક છે અને તેનાથી ઉત્પન્ન થયેલ ભાવ તે ભાવકનું ભાવ્ય છે. જડ મોહકર્મ ભાવક નામ ભાવનો કરવાવાળો છે. તે ક્યા ભાવનો કરવાવાળો છે ? કે મિથ્યાત્વ, અવ્રત અને રાગ-દ્વેષાદિ પરિણામનો (-ભાવનો) કરવાવાળો છે. આવો જે ભાવકભાવ છે એટલે કે અનાદિથી મિથ્યાશ્રદ્ધા-મિથ્યાજ્ઞાન-મિથ્યાચારિત્રરૂપ ભાવકનો ભાવ છે તેનાથી રહિત ચિત્શક્તિનો વ્યક્તિરૂપ ભાવ છે. મતલબ કે ચૈતન્યમૂર્તિ ભગવાન આત્મા ચિત્શક્તિમય સ્વભાવરૂપ છે તેના આશ્રયે જે વ્યક્તિ — પ્રગટ પરિણામ — થાય તે સમ્યગ્દર્શનના પરિણામ (ચિત્શક્તિનો વ્યક્તિરૂપ ભાવ) છે અને તેની અહીંયા વાત ચાલે છે.

**પ્રશ્ન:-** તે સમ્યગ્દર્શનનું અંતરંગ કારણ કોણ છે ?

**સમાધાન:-** સમ્યગ્દર્શનના પરિણામનું-અવસ્થાનું અંતરંગ કારણ તો અંદરમાં રહેલ ધ્રુવ છે. ત્રિકાળી ભગવાન આત્માના - કે જે ધ્રુવસ્વરૂપ ત્રિકાળ અવસ્થાયી પદાર્થ છે તેના - અવલંબનથી-આશ્રયે સમ્યગ્દર્શન થાય છે. માટે સમ્યગ્દર્શનનું અંતરંગ કારણ અંદરમાં રહેલ આત્મા છે. લ્યો, સમ્યગ્દર્શન એટલે હજી તો ધર્મનું પહેલું પગથિયું અને તેની વાત ચાલે છે હો. તો, કહ્યું કે સમ્યગ્દર્શન પરિણામનો અંતરંગ હેતુ અંતર્મુખ ધ્રુવસ્વરૂપ ભગવાન આત્મા છે.

**પ્રશ્ન:-** સમ્યગ્દર્શનનું બાહ્ય સહકારી કારણ - બહિરંગ કારણ - કોણ છે ? સાથે નિમિત્તરૂપે જે બાહ્ય કારણ હોય છે તે શું (-કોણ) છે ?

**સમાધાન:-** વીતરાગ-સર્વજ્ઞના મુખકમળમાંથી નીકળેલી વાણી. અર્થાત્ જે ૐ ધ્વનિ નીકળે છે તે અને તેમાંથી રચાયેલા શાસ્ત્રો સમ્યગ્દર્શનનું બાહ્ય સહકારી કારણ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**પ્રશ્ન:-** ભગવાનની વાણી કેવી છે ?

**સમાધાન:-** ભગવાનની વાણી ત્રણ કાળ ને ત્રણ લોકના પદાર્થોનું પ્રતિપાદન કરવામાં સમર્થ છે. આવી જે વાણી-દ્રવ્યશ્રુત છે તે સમ્યગ્દર્શનનું બાહ્ય સહકારી કારણ છે. અહા ! દ્રવ્યશ્રુત એટલે વાણી. જ્યારે ભાવશ્રુત એટલે આત્માના આશ્રયે અતીંદ્રિય આનંદના વેદન સહિત આત્મામાં જ્ઞાનનું પ્રગટ થવું તે. પણ અહીં દ્રવ્યશ્રુત-વાણીની વાત છે કે વીતરાગની વાણી ૐધ્વનિરૂપે નીકળે છે તે દ્રવ્યશ્રુતરૂપ તત્ત્વજ્ઞાન જ સમ્યગ્દર્શનનું બાહ્ય સહકારી કારણ છે. લ્યો, સમ્યગ્દર્શનનું બાહ્ય સહકારી કારણ તો આ દ્રવ્યશ્રુત જ છે એમ કહે છે. પણ તેનું બાહ્ય સહકારી કારણ કોઈ મિથ્યાદષ્ટિ અજ્ઞાનીનું વચન હોય એમ બને નહીં. ભગવાન સર્વજ્ઞ ત્રિલોકનાથના કહ્યાં સિવાય કોઈ વિપરીત માનવાવાળાનું કહેલું (કથન) સમકિતનું બાહ્ય કારણ પણ નથી.

અહા ! ચૈતન્યમૂર્તિ ભગવાન આત્માની ચૈતન્યશક્તિને અંતર્મુખ થઈને જોવાથી એટલે કે અંતર એકાગ્ર થવાથી ચૈતન્યની વ્યક્તિ-પ્રગટતા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપે થાય છે. તેમાંથી અહીંયા સમ્યગ્દર્શનની વાત કરે છે કે સમકિતનું અંતરંગ કારણ તો પ્રભુ આત્મા છે, જ્યારે તેનું બાહ્ય સહકારી કારણ વીતરાગના મુખકમળમાંથી નીકળેલું વાણીરૂપ દ્રવ્યશ્રુત જ છે. અર્થાત્ સમ્યગ્દર્શનના નિમિત્ત તરીકે એ જ હોય છે. તત્ત્વજ્ઞાન (-દ્રવ્યશ્રુત) જ સમ્યગ્દર્શનનું બાહ્ય સહકારી કારણ છે, પણ વીતરાગ પરમેશ્વર સર્વજ્ઞદેવ ત્રિલોકનાથની વાણી સિવાય કોઈ અજ્ઞાનીઓએ કલ્પેલી (-કલ્પિત) વાતો કરી હોય તે સમ્યગ્દર્શનનું અંતરંગ કારણ તો નથી જ, પરંતુ બાહ્ય નિમિત્ત કારણ પણ નથી. લ્યો, સર્વજ્ઞ વીતરાગ સિવાય કોઈ અજ્ઞાનીની વાણી સમ્યગ્દર્શનનું બાહ્ય સહકારી કારણ-નિમિત્ત પણ નથી એમ કહે છે. તેથી જ 'દ્રવ્યશ્રુતરૂપ તત્ત્વજ્ઞાન જ છે' એમ કહ્યું છે. મતલબ કે તે દ્રવ્યશ્રુત - માત્ર વીતરાગની વાણી - જ સમ્યગ્દર્શનમાં બાહ્ય નિમિત્ત છે, પણ બીજા કોઈની વાણી નિમિત્ત થઈ શકતી નથી. આવી વાત છે ! માટે હવે વીતરાગની વાણી કઈ છે તેની પરીક્ષા પહેલાં કરવી પડશે ને ? આ વીતરાગની વાણી છે કે અજ્ઞાનીની કલ્પેલી વાત છે અથવા તો પોતાના સ્વરૂપના ભાન વિના કોઈએ પોતાની કલ્પનાથી આ શાસ્ત્ર બનાવ્યા છે કે વીતરાગની વાણીમાંથી સંતોએ આ શાસ્ત્ર બનાવ્યાં છે તેની પરીક્ષા કરવી પડશે.

હવે જરી ઝીણી વાત છે: અંતર આત્માના અવલંબનથી અને બાહ્ય સહકારી કારણ એવી વીતરાગની વાણીથી જે સમ્યગ્દર્શનના પરિણામ ઉત્પન્ન થાય તેનું અંતરંગ કારણ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કોણ છે તે હવે કહે છે. જોકે આ કારણ પણ છે તો બાહ્ય, છતાં તેને અંતરંગ કારણ કહે છે. તો તે કઈ રીતે કહે છે તે જુઓ. **'જે મુમુક્ષુઓ છે તેમને પણ ઉપચારથી પદાર્થનિર્ણયના હેતુપણાને લીધે (સમ્યક્ત્વપરિણામના) અંતરંગ હેતુઓ કહ્યા છે.'**

જે મુમુક્ષુઓ છે અર્થાત્ સમ્યગ્દષ્ટિ જીવ છે, ધર્મી છે તેમને ઉપચારથી-વ્યવહારથી પદાર્થના વાસ્તવિક નિર્ણયના હેતુપણાને - કારણપણાને - લીધે સમ્યક્ત્વપરિણામના અંતરંગ હેતુઓ કહ્યા છે. શું કહ્યું ? કે સમ્યગ્દર્શન પરિણામનો અંતરંગ હેતુ તો શુદ્ધ ધ્રુવ આત્મા જ છે અને છે તો જ્ઞાનીનો અભિપ્રાય પણ બાહ્ય કારણ, છતાં પણ સમ્યગ્દષ્ટિ જીવના - કે જે ધર્મી છે અને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રને પ્રાપ્ત છે તેમના - અભિપ્રાયને અંદર સમજવો છે તેથી તે અભિપ્રાયને અંતરંગ કારણ કહ્યો છે. આવી વાતો છે ! જેમ ભગવાનની વાણી-દ્રવ્યશ્રુત સમ્યગ્દર્શનનું બાહ્ય કારણ છે તેમ સમકિતી ધર્મીની વાણી પણ સમ્યગ્દર્શનનું બાહ્ય કારણ છે. છતાં મુમુક્ષુ ધર્મી જીવના અભિપ્રાયને ઉપચારથી-વ્યવહારથી પદાર્થનિર્ણયના કારણપણાને લીધે સમકિત પરિણામનો અંતરંગ હેતુ કહ્યો છે.

અહા ! છે તો સમ્યગ્દર્શનના પરિણામ ભગવાન આત્માના પોતાના સ્વરૂપથી ઉત્પન્ન થયેલા છતાં તેમાં એક બાહ્ય કારણ તરીકે દ્રવ્યશ્રુત-ભગવાનની વાણી લીધી છે અને બીજા અંતરંગ કારણ તરીકે ધર્મી જીવને - કે જેમણે ધર્મ સંભળાવ્યો છે તેમને - લીધાં છે. ધર્મ પામનારે ધર્મી જીવના અભિપ્રાયને અંતરંગમાં સમજવાનો છે. તે કારણે ધર્મી જીવને સમ્યગ્દર્શનના અંતરંગ હેતુ કહ્યા છે. બાકી (ખરેખર) તો તેઓ પણ બાહ્ય કારણ છે. ધીરેથી સમજવા જેવું છે ભાઈ ! કેમ કે આ કાંઈ વાર્તા-કથા નથી. આ તો ત્રણ લોકના નાથની સાક્ષાત્ દિવ્યધ્વનિ છે.

અહીં કહે છે કે ધર્મનું પહેલું સોપાન - મોક્ષના માર્ગનું પહેલું જ પગથિયું - એવા સમ્યગ્દર્શન પરિણામનો અંતરંગ હેતુ તો ધ્રુવ આત્મા જ છે અને બાહ્ય હેતુ - નિમિત્ત - સહકારી કારણ - વીતરાગની વાણી જ છે. છતાં પણ ધર્મી જીવે તેને (ધર્મ પામનારને) ઉપદેશ આપ્યો અને તે ધર્મી-સમકિતી-જ્ઞાનીના ઉપદેશને સાંભળીને ધર્મીનો અભિપ્રાય શું છે તે પકડી લે છે. તે કારણે સમકિત પરિણામી (સમકિત પરિણામરૂપે પરિણમનાર) જીવને ધર્મી જીવના પરિણામ અંતરંગ કારણ છે એમ કહેવામાં આવ્યું છે. લ્યો, આવી વાતો કોઈ દિ' સાંભળી છે ?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અહા ! ભગવાન જિનેશ્વરદેવ ત્રણ લોકના નાથ પરમાત્માને ઈચ્છાનો નાશ થઈ ગયો છે અને વાણી વાણીના કારણે નીકળે છે - ૐધ્વનિ ઉઠે છે. હોઠ બંધ હોય, કંઠ ધ્રુજે નહીં અને આખા શરીરમાંથી ૐધ્વનિ ઉઠે છે. તે ૐધ્વનિ સાંભળીને ગણધરદેવ શાસ્ત્ર રચે છે અને આ શાસ્ત્રને સમકિતમાં બાહ્ય સહકારી કારણ કહેવામાં આવ્યાં છે. તે ઉપરાંત જે ધર્મીએ તેને (ધર્મ પામનારને) આત્મજ્ઞાનનો, સમ્યગ્દર્શનનો, મોક્ષમાર્ગનો ઉપદેશ આપ્યો તે મુમુક્ષુજીવને વ્યવહારથી - કેમ કે ઉપદેશદાતા ધર્મી જીવ પર છે ને ? માટે વ્યવહારથી - અંતરમાં પદાર્થનિર્ણયના કારણે અર્થાત્ આત્મા ને રાગની ભિન્નતાના નિર્ણયના કારણે સમકિતના અંતરંગ હેતુ કહ્યા છે.

અહા ! (જ્ઞાનીએ) ધર્મના સ્વરૂપનો જે ઉપદેશ આપ્યો તેને જે જીવે સાંભળ્યો અને પોતાને નિજ ધ્રુવના અવલંબનથી સમ્યક્ પરિણામ ઉત્પન્ન થયા તે જીવને બાહ્ય સહકારી નિમિત્ત (જ્ઞાનીની) વીતરાગી વાણી છે અને તે મુમુક્ષુજીવના અંતરંગ અભિપ્રાયને, છે તો તે પણ બાહ્ય કારણ છતાં પણ, ઉપચારથી અંતરંગ હેતુ કહેવામાં આવે છે. અહા ! કોઈપણ જીવ સમજે છે (સમ્યગ્દર્શન પામે છે) તો પોતાના ધ્રુવના આશ્રયે, છતાં પણ ઉપદેશક-નિમિત્ત એવા જે જ્ઞાની-ધર્માત્મા-સમ્યગ્દષ્ટિ છે તેમનો અંતરનો અભિપ્રાય (ધર્મ પામનારને) અંદર સમજમાં આવે છે. તેથી ઉપચારથી — વ્યવહારથી તે અભિપ્રાયને સમ્યગ્દર્શનનો અંતરંગ હેતુ કહેવામાં આવે છે. આમાં એક શબ્દ પણ ફરે તો (ન્યાયમાં) ફેરફાર થઈ જાય એવું છે બાપુ ! કેમ કે આ તો વીતરાગની વાણી છે, પણ કાંઈ વાર્તા-કથા નથી.

ધ્રુવના અવલંબનથી જેને ધર્મના પરિણામ અંતરથી ઉત્પન્ન થયા છે એવા સમકિતીને સમકિતનું અંતરંગ કારણ આત્મા જ છે અને વીતરાગની વાણીને તેનું બાહ્ય સહકારી કારણ-નિમિત્ત કહ્યું છે. -એક વાત. બીજી વાત એ છે કે તે વાણી કહેનારનો અભિપ્રાય અંતરમાં (ધર્મ પામનારે) સમજવાનો છે, તેથી તે અભિપ્રાયને સમકિતનું ઉપચારથી અંતરંગ કારણ કહેવામાં આવે છે. જોકે જ્ઞાનીનો અભિપ્રાય પણ છે તો બાહ્ય અને પર, છતાં પણ તેને ઉપચારથી-વ્યવહારથી અંતરંગ કારણ કહ્યું છે. અરેરે ! ચોરાશીના અવતારમાં (રખડતાં-રખડતાં) અનંતકાળ થયો, છતાં તેના જન્મ-મરણ મટયા નહીં. કેમ કે તેને 'સત્' વસ્તુ જ મળી નથી અને અસત્માં સત્પણું માનીને જિંદગી ગુમાવી છે. સર્વજ્ઞ વીતરાગ ત્રિલોકનાથ પરમાત્માની વાસ્તવિક વાણીમાં શું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પરમાર્થ આવ્યો છે તે ક્યારેય સાંભળવા પણ મળ્યો નથી. અને સાંભળવા મળ્યો તો અંદરમાં નિર્ણય કરવાનો સમય લીધો નહીં.

અહીં કહે છે કે સમ્યગ્દર્શન - કે જે ધર્મના પરિણામ છે ..... સમ્યગ્દર્શન એ પરિણામ છે હો, ગુણ નહીં. તો, વસ્તુ આત્મા ત્રિકાળી ધ્રુવ છે તેના અવલંબનથી સમ્યગ્દર્શનના પરિણામ ઉત્પન્ન થાય તેનું બાહ્ય સહકારી કારણ વીતરાગના શ્રીમુખેથી નીકળેલી વાણી છે. અર્થાત્ વીતરાગની વાણીને સમ્યગ્દર્શનનું બાહ્ય સહકારી કારણ કહેવામાં આવે છે. અને તેને (સમકિત પામનારને) ઉપદેશ દેવાવાળા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રને પ્રાપ્ત આત્મા હોય છે. તેથી ઉપદેશ દેવાવાળા સમકિતી પુરુષને, તેઓ બાહ્ય છે તોપણ, અહીંયા સમ્યગ્દર્શનના અંતરંગ કારણ કહેવામાં આવ્યા છે.

**પ્રશ્ન:-** 'મુમુક્ષુઓ છે તેમને **પણ**' એમ કેમ કહ્યું ?

**સમાધાન:-** કેમ કે પહેલાં દ્રવ્યશ્રુતને સમ્યગ્દર્શનનું નિમિત્ત કહ્યું છે ને ? ભગવાનની વાણી-દ્રવ્યશ્રુતને બાહ્ય નિમિત્ત કહ્યું છે (અને આ મુમુક્ષુ પણ નિમિત્ત છે, તેથી 'પણ' એવો શબ્દ છે.) અહીં કહ્યું કે ભગવાનની વાણી સમકિતનું બાહ્ય સહકારી કારણ છે. કેમ કે તે વાણી જ નિમિત્તરૂપે સાથે હોય છે. સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવાવાળો જીવ સમ્યગ્દર્શનને પ્રાપ્ત કરે છે તો અંતરથી, પણ ત્યારે તેને બાહ્યમાં વીતરાગની વાણી જ નિમિત્ત હોય છે. હવે કહે છે કે મુમુક્ષુઓને પણ, પદાર્થના નિશ્ચયના હેતુપણાને કારણે, સમ્યક્ત્વના પરિણામ ઉત્પન્ન થાય છે તેનો અંતરંગ હેતુ કહેવામાં આવે છે.

મુમુક્ષુઓ અંતરંગ હેતુ શા માટે છે ?

**'કારણ કે તેમને દર્શનમોહનીયકર્મના ક્ષયાદિક છે.'**

કોને ? સમ્યગ્દર્શન પામનારને નહીં, પણ તેને જે સંભળાવનાર છે તે મુમુક્ષુને. જે સાંભળનાર છે તે સમ્યગ્દર્શન પામે છે ત્યારે બાહ્ય સહકારી કારણ દ્રવ્યશ્રુત-વીતરાગની વાણી છે અને જે મુમુક્ષુ તેને સમજાવે છે તે મુમુક્ષુને દર્શનમોહનો ક્ષયોપશમ કે ક્ષય થયો હોય છે તેથી અંતરંગ કારણ કહેવામાં આવે છે. બાકી મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની સમ્યગ્દર્શનમાં નિમિત્ત પણ થતા નથી. - આમ સિદ્ધ કરવું છે.

અહા ! દ્રવ્યશ્રુત પણ બાહ્ય છે અને જે મુમુક્ષુ જીવ — સમકિતી — ઉપદેશક છે તે પણ છે તો બાહ્ય, છતાં સમકિતીનો અભિપ્રાય સમજણમાં નિમિત્ત છે તો તેમને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અંતરંગ કારણ - હેતુ — કહ્યા છે. વાણી કરતાં પણ તેમનું (-જ્ઞાનીનું) જોર દેવા માટે જ્ઞાનીને અંતરંગ કારણ કહ્યા છે. અરે ! અજ્ઞાની આવું સાંભળે ક્યારે ? વાંચે ક્યારે ? અને સમજે ક્યારે ? આ જિંદગી તો ચાલી જાય છે. જુઓને ! ક્ષણમાં ઉડી જાય છે ને ? (આયુષ્ય પુરું થાય છે ને ?)

કોઈ આ ગાથાનો એવો અર્થ કરે છે કે સમકિતનો અંતરંગ હેતુ તો (ઉપદેશક) સમકિતીને દર્શનમોહના જે ક્ષયાદિક થયા છે તેને કહેવા. જે સમકિત પ્રાપ્ત થયેલ (જ્ઞાની) છે તેને દર્શનમોહનો ક્ષયોપશમ કે ક્ષય થયો હોય છે અને તે ક્ષયાદિકને સમકિતના અંતરંગ કારણ તરીકે લેવા એમ કોઈ કહે છે - અર્થ કરે છે. પણ એવો અર્થ અહીં નથી. અહીં તો એમ કહેવું છે કે જે સમ્યગ્દર્શન પામે છે તેને દ્રવ્યશ્રુત બાહ્ય નિમિત્ત છે અને વાણી કહેવાવાળાનો (-જ્ઞાનીનો) અભિપ્રાય (તેમ જ જ્ઞાની) અંતરંગ હેતુ છે. કેમ ? કેમ કે જેમણે ધર્મનો ઉપદેશ આપ્યો તેમને અર્થાત્ જેમને અંતરંગ નિમિત્ત — કારણ કહ્યા તેમને દર્શનમોહના ક્ષયાદિક છે. અહા ! જે (ઉપદેશક) સમકિતી જીવ છે તેમને ક્ષાયિક સમકિત કે ક્ષયોપશમ સમકિત હોય છે. તેથી તેમના અભિપ્રાયને સમકિતનું અંતરંગ કારણ કહેવામાં આવે છે. જોકે સમ્યગ્દર્શન પામવાવાળાને ખરેખર અંતરંગ કારણ તો ધ્રુવ આત્મા છે, પણ બાહ્યથી-ઉપચારથી ધર્મીજીવને પણ સમ્યગ્દર્શનનું અંતરંગ કારણ કહેવામાં આવે છે. આવી વાતો છે !

'દ્રવ્યસંગ્રહ'માં (ગાથા-૪૮માં) ધર્મધ્યાનના ચાર બોલ આવે છે : (૧) આજ્ઞાવિચય, (૨) અપાયવિચય, (૩) વિપાકવિચય અને (૪) સંસ્થાનવિચય. તેમાં અપાયવિચયમાં એવો અર્થ કર્યો છે કે (ધર્મીએ) એવો વિચાર કરવો કે હું તો આઠ કર્મથી રહિત થવાનો જ છું. મારી ચીજ (-આત્મા) આનંદકંદ છે અને રાગથી ભિન્ન છે એવું મને ભાન થયું છે. તેથી હું એક-બે ભવમાં આઠ કર્મથી રહિત થવાનો જ છું, પરંતુ સર્વ પ્રાણીઓ પણ આઠ કર્મથી રહિત થઈ મોક્ષ પામો. પ્રભુ ! કોઈ દુશ્મન નથી કે વૈરી નથી કે કોઈ આત્મા હીણો પણ નથી. બધાં આત્મા પરિપૂર્ણ પરમાત્મશક્તિથી ભરેલાં એવાં પરમાત્મા છે. પ્રભુ ! તે શક્તિની વ્યક્તિ થઈ જાવ. જે શક્તિ છે તેની વ્યક્તિ-પ્રગટતા મારામાં તો થશે જ, પરંતુ બધાંય પ્રાણીઓ (-જીવોની) પણ શક્તિની વ્યક્તિ થઈ જાવ અને કોઈ દુઃખી ન રહો. અરે ! કોઈ પ્રાણી સંસારના જન્મ-મરણના દુઃખ સહિત ન રહો. — એવી ભાવના ત્યાં 'દ્રવ્યસંગ્રહ'માં 'અપાયવિચય'ના બોલમાં ભાવી છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ઓહો ! પંચમ આરામાં વીતરાગ સર્વજ્ઞનો વિરહ પડ્યો અને તેમના અંતરંગ અભિપ્રાયમાંથી નીકળેલી વાણી કઈ છે (તે નક્કી કરવામાં) તેમજ તેના અર્થ કરવામાં અત્યારે બહુ ગરબડ થઈ ગઈ છે. પ્રભુ ! આમાં તો તારું પોતાનું હિત છે. સત્‌નું શરણ લે તો તારું પોતાનું હિત થશે. બાકી અસત્‌નું શરણ લઈશ તો તારું અહિત થશે. ભાઈ ! આ તો પોતાના માટે વાત છે. સર્વ પ્રાણી, 'દ્રવ્યસંગ્રહ'માં કહે છે કે, આ વાત સમજો અને મોક્ષે જાવ. આઠેય કર્મનો નાશ કરીને બધાંય મોક્ષે જાવ - એમ અમે કહીએ છીએ. અહા ! ધર્મી પોતે તો આઠેય કર્મનો નાશ કરીને મોક્ષે જવાના જ છે, (પરંતુ બધાંય જીવો પણ મોક્ષે જાવ એવી ભાવના ધર્મી ભાવે છે.)

'સમયસાર'ની ૩૮મી ગાથામાં પણ એમ લીધું છે કે શ્રોતા અપ્રતિબુદ્ધ હતો તેને ગુરુએ સમજાવ્યું કે આત્મા રાગથી ભિન્ન આનંદમય છે. પછી શ્રોતા સમજ્યો અને તે એવો સમજ્યો કે પડે નહીં. (જે સમ્યગ્જ્ઞાન પ્રગટ્યું) તે જ જ્ઞાનથી મુક્તિ લેશે એવો તે થાય છે. માટે ગુરુ કહે છે તેને સમજીને પ્રભુ ! તું અપ્રતિહત ભાવ પ્રગટ કરજે એમ કહેવું છે. લ્યો, અપ્રતિબુદ્ધને પણ ગુરુએ આમ સમજાવ્યું છે અને અપ્રતિબુદ્ધ શ્રોતા પણ એવો લાયક લીધો છે કે પડે નહીં. તો, કહ્યું કે તું પણ ભગવાન ! લોકાલોકનો જાણવાવાળો થઈ જા ! - આવી વાત તો શાસ્ત્રોમાં બે-ત્રણ ઠેકાણે છે. શ્રી સમયસારના સર્વવિશુદ્ધજ્ઞાન અધિકારમાં (શ્રી જયસેનાચાર્યની ટીકા), બંધ અધિકારમાં (શ્રી જયસેનાચાર્યની ટીકા) અને શ્રી પરમાત્મ-પ્રકાશના અંતમાં એમ આવે છે કે સર્વ જીવો મન-વચન-કાય અને કરવું-કરાવવું-અનુમોદવું તે સંબંધી વિકલ્પ છોડીને ભગવાન થઈ જાવ. પ્રભુ ! પરમાત્મા થઈ જાવ ! બધા આત્મા પામો, બધાને આત્મજ્ઞાન થઈ જાવ ! આ સંસાર અને જન્મ-મરણ એ તને કલંક છે નાથ ! આવી વાત છે !

અહીં કહે છે કે તેમને દર્શનમોહનીયકર્મના ક્ષયાદિક છે. કોને ? જે સમ્યક્‌દર્શન પામે છે તે પામનારને નહીં, પણ તેને જે સમજાવનાર છે તે ધર્મી સમકિતી છે, તેથી તેમને દર્શનમોહના ક્ષયાદિક છે. સમકિતીની વાણી સમ્યગ્દર્શન પામનારે સાંભળી અને તેમનો અંતર અભિપ્રાય પકડી લીધો. તે કારણે સમકિતીને અંતરંગ હેતુ કહેવામાં આવ્યાં છે અને તેમને દર્શનમોહનીયકર્મના ક્ષયાદિક છે એમ કહે છે. લ્યો, આ બે લીંટીનો આવો અર્થ છે. પણ આવું વાંચે કોણ અને વિચારે કોણ ? અરે ! દુનિયા તો અજ્ઞાનમાં ને અજ્ઞાનમાં ચાલી જાય છે અને તેમાં અકસ્માત મૃત્યુ આવી જાય છે. શું કાંઈ મૃત્યુ પહેલાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

કહેવા આવે કે હું હવે આવું છું ? દેહ છૂટવાનો સમય થયો છે અને હું આવું છું એમ શું મૃત્યુ કહે ? દેહ છૂટવાના સમયે તે (-દેહ) ફડાક દઈને છૂટી જાય છે. ખરેખર તો દેહ છૂટો જ છે. તે ક્યાં આત્માથી એકપણે છે. આત્મા ભિન્ન છે અને આ દેહ ભિન્ન છે. અરે ! અંદર થતાં રાગ-દ્વેષ, પુણ્ય-પાપના ભાવ અને પ્રભુ આત્મા ભિન્ન છે. જેમ છડી દાળમાં ફોતરાં અને દાળ ભિન્ન-ભિન્ન છે તેમ દાળ સમાન નિર્મળાનંદ ભગવાન આત્મા ભિન્ન છે અને ફોતરાં સમાન ઉપર-ઉપર છે એવા પુણ્ય-પાપ ભિન્ન છે. લ્યો, આવી વીતરાગની વાણી છે.

અહા ! ત્રણ લોકના નાથ શ્રી સીમંધરસ્વામી ભગવાન મહાવિદેહમાં સાક્ષાત્ બિરાજે છે. ત્યાં ઈંદ્રો, મનુષ્યો અને વાઘ-સિંહ-નાગ આદિ પશુઓ પણ સવાર, બપોર અને સાંજ ભગવાનની વાણી સાંભળવા જાય છે. તેમાંથી કેટલાંય જીવો સમજણ કરીને મોક્ષ ચાલ્યાં જાય છે. કેમ કે અત્યારે અહીંયાથી (ભરતક્ષેત્ર કે ઐરાવતક્ષેત્રમાંથી) તો મોક્ષ છે નહીં. પણ સિદ્ધાંતમાં પાઠ છે કે છ મહિના અને આઠ સમયમાં ૬૦૮ જીવ મનુષ્યક્ષેત્રમાંથી મુક્ત થશે. અહા ! આ મનુષ્યક્ષેત્ર અઢી દ્વીપમાં - ૪૫ લાખ જોજનમાં - જ છે અને બાકી અસંખ્ય દ્વીપ-સમુદ્ર તિર્યંચથી જ ભરેલાં છે. અઢી દ્વીપની બહાર અસંખ્ય તિર્યંચ છે. તેમાં કોઈ સિંહ-વાઘ આદિ તિર્યંચ સમકિતી પણ છે. અસંખ્ય મિથ્યાદષ્ટિ તિર્યંચ છે તો કોઈ એક સમકિતી તિર્યંચ પણ છે. આ રીતે અઢી દ્વીપ બહાર અસંખ્ય સમકિતી તિર્યંચ છે.

અહીં કહે છે કે આવી વાત પ્રભુ ! તને સાંભળવા મળી, તો હવે કામ કરવાનું તારે બાકી રહે છે. ભાઈ ! એ કામ રાગથી ભિન્ન પડીને ભેદજ્ઞાન કરવું તે છે અને તે કરવાનું છે. ભેદજ્ઞાન કરવાથી રાગનું સ્વામીપણું ઉડી જાય છે અને સ્વરૂપનું સ્વામીપણું આવી જાય છે. પછી ક્રમે-ક્રમે કરીને રાગ ઘટાડીને તે વીતરાગ થઈ જાય છે.

— એ વ્યવહાર-રત્નત્રયની વાત કરી. હવે નિશ્ચય-રત્નત્રયની વાત કરે છે :

**'અભેદ-અનુપચાર-રત્નત્રયપરિણતિવાળા જીવને...'** શું કહે છે ? કે ભગવાન આત્મા અંદરમાં શુદ્ધ ચૈતન્યઘન છે. તેના અંતર દષ્ટિ, જ્ઞાન અને રમણતા જેણે સ્વભાવના આશ્રયે કર્યાં તેને અભેદ-રત્નત્રય પ્રગટ થાય છે. આ અભેદ - રત્નત્રય પરને કે રાગને કારણે નથી અને નિમિત્તથી પણ નથી. તથા તે અનુપચાર છે એટલે કે તેમાં ઉપચાર પણ નથી. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર - એમ ત્રણ ભેદ પડે એવો ઉપચાર પણ

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તેમાં નથી. સાચા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર હોય તો પણ જો ત્રણ ભેદ પડે છે તો ઉપચાર (-વિકલ્પ) છે. જ્યારે અહીં તો એકરૂપ-અભેદ અને અનુપચાર રત્નત્રયની વાત છે.

અહા ! સચ્ચિદાનંદ પ્રભુ આત્મા છે. સત્ નામ ભગવાન આત્મા કાયમ રહેવાવાળો છે અને ચિદાનંદ નામ જ્ઞાન ને આનંદરૂપ પ્રભુ આત્મા છે. તો, તેની અભેદ - ભેદ રહિત અને અનુપચાર રત્નત્રયપરિણતિવાળા અર્થાત્ નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની દશાવાળા જીવને... ઉપર ટીકામાં (-પહેલાં વાત આવી તેમાં) તો નિશ્ચય રત્નત્રય સહિત બહારના વ્યવહાર રત્નત્રય બતાવ્યાં હતાં. જ્યારે આ તો એકલા અભેદ એવા અંતરના નિશ્ચય રત્નત્રયની વાત છે. અહા ! આત્મા એવો શુદ્ધ ચૈતન્યઘન છે કે તેમાં દયા-દાન-વ્રતના વિકલ્પની ગંધ પણ નથી. આવો નિર્મળાનંદ પ્રભુ આત્મા...

'જિમ નિર્મલતા રે રતનસ્ફટિકતણી, તિમ એ જીવ-સ્વભાવ;
તે જિન વીરે રે ધર્મ પ્રકાશીયો, પ્રબલકષાય-અભાવ...'

ત્રણ લોકના નાથ જિનેશ્વરદેવ કહે છે કે જેમ સ્ફટીક નિર્મળ હોય છે તેમ અંદરમાં પ્રભુ આત્મા નિર્મળાનંદ છે. જ્યારે પુણ્ય-પાપનો મેલ તો ઉપરમાં છે. તેમ જ બન્ને પુણ્ય ને પાપ કષાય છે. કષ્ = સંસાર અને આય = લાભ. પુણ્ય-પાપના પરિણામથી સંસારના પરિભ્રમણનો લાભ મળે છે, માટે તે કષાય છે. શ્રી વીર ભગવાને તે કષાયના અભાવરૂપ ધર્મ બતાવ્યો છે.

અહીં કહે છે કે એકરૂપ ચૈતન્યના એકરૂપ દૃષ્ટિ-જ્ઞાન-રમણતા કરવા તે અભેદ અને અનુપચાર રત્નત્રય છે. અહા ! દર્શન-જ્ઞાન-ચારિત્ર - એવા ત્રણ ભેદ પણ નહીં. કેમ કે એવો ભેદ કરતાં તો ઉપચાર (-વિકલ્પ) થઈ જાય છે. તો, અભેદ-અનુપચાર રત્નત્રય અર્થાત્ ત્રણ ભેદ પણ નહીં, પરંતુ ત્રણેયનું એકરૂપપણું. પ્રભુ ભગવાન આત્મા કે જે આનંદનો નાથ છે તેના દૃષ્ટિ-જ્ઞાન-રમણતા — એ ત્રણેય અંદરમાં જતાં એકરૂપ થઈ જાય છે. અને તેને અહીંયા અભેદ-અનુપચાર રત્નત્રય કહે છે.

અભેદ-અનુપચાર...કોણ અભેદ-અનુપચાર ? કે રત્નત્રય. સમ્યક્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ રત્નત્રય - ત્રણ રત્ન છે કે જેના મોલમાં (-મૂલ્યમાં) મુક્તિ મળે છે. જ્યારે આ દુનિયાના રત્નથી તો ધૂળ-પૈસા મળે છે. અહા ! સમ્યગ્દર્શન એટલે શુદ્ધ ચૈતન્યસ્વરૂપનો અનુભવ-પ્રતીત, સમ્યગ્જ્ઞાન એટલે શુદ્ધ ચૈતન્યસ્વરૂપનું જ્ઞાન - શાસ્ત્રજ્ઞાન પણ નહીં તથા સમ્યક્ચારિત્ર એટલે શુદ્ધ ચૈતન્યસ્વરૂપમાં રમણતા. (ચારિત્ર

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



= અંદર સ્વરૂપમાં ચરવું, રમવું, જમવું.) - આવી જે અભેદ-અનુપચાર રત્નત્રયપરિણતિ છે અર્થાત્ ત્રણ રત્નરૂપી અવસ્થા-પર્યાય છે તે મોક્ષનો માર્ગ છે. આ માર્ગ પ્રભુ ! જગતથી જુદી જાતનો છે. અનંત-અનંતકાળમાં ક્યારેય એક સેકંડ પણ તેણે આત્મજ્ઞાન કર્યું નથી. (હા), બહારથી હજારો રાણી અને પુત્રાદિ છોડીને સાધુ થયો, ત્યાગી થયો અને શ્રાવક પણ થયો, પણ અંતરમાં આત્મજ્ઞાન વિના તે બધું ફોગટ ગયું. ભાઈ ! જન્મ-મરણ રહિત થવાની ચીજ તો અહીં કહે છે તે રત્નત્રયપરિણતિ છે. બાકી તે વિના બધાં મીંડા છે.

અહા ! અભેદ-અનુપચાર-રત્નત્રય એટલે કે દર્શન-જ્ઞાન-ચારિત્ર એવા ત્રણ ભેદ પણ નહીં, પરંતુ એ ત્રણેયનું એકરૂપપણું. જુઓ, અહીંયા નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર - એ ત્રણેયને ભેદ રહિત અભેદ-અનુપચાર કહ્યા છે. કેમ કે અંતરમાં પૂર્ણાનંદનો નાથ ભગવાન આત્મા છે તેની સાથે દર્શન-જ્ઞાન-ચારિત્ર એ ત્રણની એકતા થતાં તેઓ એક થઈ જાય છે, પણ ત્રણ ભેદ રહેતા નથી. અર્થાત્ અતીંદ્રિય આનંદના વેદનમાં એ ત્રણ દર્શન-જ્ઞાન-ચારિત્રનું આત્માની સાથે એકત્વ થઈ જાય છે. આવી વાતો છે ! તો, આવા અભેદ-અનુપચાર-રત્નત્રયપરિણતિવાળા જીવને...

**'ટંકોત્કીર્ણ જ્ઞાયક જેનો એક સ્વભાવ છે એવા નિજ પરમ તત્ત્વની શ્રદ્ધા વડે'...** જેમ ટાંકણાથી કોતરીને પથ્થરમાંથી મૂર્તિ કાઢે તેમ (ભેદજ્ઞાનરૂપી) ટાંકણાથી રાગને કાઢી નાખતાં અંદરમાંથી નિર્મળાનંદ ટંકોત્કીર્ણ એવો પ્રભુ આત્મા નીકળે છે. આવો ટંકોત્કીર્ણ જ્ઞાયક જેનો એક સ્વભાવ છે એટલે કે જેનો એકલો જાણવાનો સ્વભાવ છે - પ્રજ્ઞાસ્વભાવ છે એવો આત્મા પ્રજ્ઞાબ્રહ્મસ્વરૂપ ભગવાન છે. તો, અંદરમાં જેનું જાણવામય અને આનંદમય સ્વરૂપ છે એવા નિજ પરમ તત્ત્વની શ્રદ્ધા વડે...

અજ્ઞાનીને એમ થાય છે કે કાંઈક કથા-વાર્તા હોય તો વાત બેસે પણ ખરી. કોઈકની દયા પાળવી, દાન આપવું, ભૂખ્યાને આહાર દેવો, તરસ્યાને પાણી દેવું, રોગીને દવા દેવી - આવી વાત હોય તો સમજાય પણ ખરી. પણ બાપુ ! આહાર-પાણી-દવા કોણ દે ? એક રજકણને પણ આત્મા આપી શકે નહીં કે લઈ શકે નહીં. કારણ કે તે પરદ્રવ્યને ક્યારેય અડતો પણ નથી. આ શરીરને પણ તે (આત્મા) ક્યારેય અડ્યો નથી. શરીરથી આત્મા તદ્દન ભિન્ન છે. તો પછી આહાર-પાણી-સ્ત્રી-કુટુંબ આદિને તે અડે (એ કેવી રીતે બને ?) ભગવાન ! ભગવાનનો આ પોકાર છે કે તું એક તત્ત્વ બીજા તત્ત્વને ક્યારેય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

અડ્યો નથી. અરેરે ! આવી વાણી સાંભળવા પણ જેને મળે નહીં તે કે દિ' સમજે અને ક્યારે અનુભવનો કાળ મેળવે ?

અહીં કહે છે કે **'ટંકોત્કીર્ણ જ્ઞાયક જેનો એક સ્વભાવ છે'...** જુઓ, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એમ ત્રણરૂપ રત્નત્રયપરિણતિ કહી, છતાં વસ્તુ સ્વરૂપ જ્ઞાયક દ્રવ્ય તો એક છે એમ કહે છે અને આવા નિજ પરમ તત્ત્વની શ્રદ્ધા વડે એટલે કે અંદરમાં જ્ઞાનમૂર્તિ પ્રભુ ભગવાન આત્મા છે તેની શ્રદ્ધા દ્વારા સિદ્ધપર્યાય થાય છે એમ કહેવું છે. - એ પહેલો બોલ થયો.

**'તદ્જ્ઞાનમાત્ર (-તે નિજ પરમ તત્ત્વના જ્ઞાનમાત્રસ્વરૂપ) એવા અંતર્મુખ પરમબોધ વડે'** ...... લ્યો, શાસ્ત્રજ્ઞાન પણ નહીં. કેમ કે એ (શાસ્ત્ર) તો પરવસ્તુ છે. પરંતુ અંદરમાં જ્ઞાનસ્વરૂપ આત્મા છે તેના જ્ઞાન વડે....... જેમ સાકરમાં ગળપણ અને સફેદપણું ભર્યું છે, અગ્નિમાં ઉષ્ણતા છે તેમ ભગવાન આત્મામાં જ્ઞાન અને આનંદ ભર્યા છે. તે જ્ઞાન અને આનંદસ્વરૂપ એકરૂપ આત્માના અંતર્મુખ પરમ જ્ઞાન દ્વારા સિદ્ધપર્યાય થાય છે એમ કહે છે. - એ બીજો બોલ થયો. ક્યા બે બોલ થયા ? કે (૧) નિજ પરમ તત્ત્વની શ્રદ્ધા વડે અને (૨) તદ્જ્ઞાનમાત્ર એવા અંતર્મુખ પરમબોધ વડે... - આમ બે બોલમાં શ્રદ્ધા અને જ્ઞાન લીધા. (હવે ચારિત્ર લે છે:)

**'અને તે-રૂપે (અર્થાત્ નિજ પરમ તત્ત્વરૂપે) અવિચળપણે સ્થિત થવારૂપ સહજચારિત્ર વડે...'** ચળે નહીં એ રીતે સમકિત અને જ્ઞાન સહિત સ્વરૂપમાં ઠરે તે અવિચળ સ્થિતિરૂપ સહજ નામ સ્વાભાવિક ચારિત્ર છે. અને તે વડે,

**'અભૂતપૂર્વ સિદ્ધપર્યાય થાય છે.'** એકરૂપ જ્ઞાયકના આવા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર દ્વારા સિદ્ધપદનો પર્યાય - પરમાત્મપણાનો પર્યાય - ઉત્પન્ન થાય છે. પણ તે સિવાય બીજો કોઈ ઉપાય છે નહીં.

છેલ્લો પેરેગ્રાફ ફરીને લઈએ : આત્માની મુક્તિ-મોક્ષ કઈ રીતે થાય છે અને કોને થાય છે તેની આ વાત ચાલે છે. સૂક્ષ્મ વાત છે ભગવાન ! કહે છે કે, **'અભેદ-અનુપચાર-રત્નત્રયપરિણતિવાળા જીવને...'** શું કહે છે ? કે પ્રભુ આત્મા અતીંદ્રિય અનંત જ્ઞાન અને આનંદસ્વરૂપ અભેદ વસ્તુ છે. અર્થાત્ અનંત ગુણનો પિંડ એવો આત્મા એકરૂપ વસ્તુ છે. તેના અભેદ નામ ભેદ રહિત અને અનુપચાર નામ વ્યવહાર નહીં પણ નિશ્ચય એવા રત્નત્રયમય પરિણતિવાળા જીવને....... અહા ! જેને સાચા-નિશ્ચય રત્નત્રય - સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર - પ્રગટ થયાં છે તે જીવને....... લ્યો, આવી ભાષા છે. ભગવાનની સિદ્ધાંતભાષા આવી ટૂંકી છે !

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અહા ! ચૈતન્યસ્વરૂપ આત્મામાં રાગ-દ્વેષ કે પુણ્ય-પાપ તો નથી, પરંતુ તેમાં ગુણ-ગુણીના ભેદ પણ નથી. તેથી આત્મા તે ગુણી અને જ્ઞાન, દર્શન, આનંદ આદિ તે ગુણ - એવો ભેદ પણ દૃષ્ટિમાં ન લેવો. દૃષ્ટિમાં તો અભેદ-એકરૂપ આત્મા લેવો. તો, કહે છે કે, આવા આત્માને દૃષ્ટિમાં લેતાં જે અભેદ-એકરૂપ અને અનુપચાર કહેતાં ઉપચાર રહિત નિશ્ચય રત્નત્રય - ત્રણ રત્ન પ્રગટ થાય તે રત્નત્રયની પરિણતિવાળા-પર્યાયવાળા જીવને....... લ્યો, રત્નત્રય તે પર્યાય છે અને તેનો વિષય જે આત્મા છે તે અભેદ ને અનુપચાર દ્રવ્ય છે. અહા ! ત્રિકાળી વસ્તુ ભગવાન આત્મા કે જે અખંડ, અભેદ અને અનંત ગુણનો પિંડ છે તેના આશ્રયે અર્થાત્ સ્વભાવવાનના આશ્રયે જેને અભેદ-અનુપચાર એવી રત્નત્રયપરિણતિ ઉત્પન્ન થઈ છે એટલે કે જેને આનંદ સહિત નિર્વિકલ્પ રત્નત્રય - સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ઉત્પન્ન થયાં છે તે રત્નત્રયપરિણતિવાળા જીવની મુક્તિ થાય છે એમ કહે છે.

**'ટંકોત્કીર્ણ જ્ઞાયક જેનો એક સ્વભાવ છે...'** ભગવાન આત્મા ટંકોત્કીર્ણ - શાશ્વત - છે અને તેનો એકરૂપ સ્વભાવ છે. જોકે આત્મામાં અનંત ગુણ છે, છતાં પણ તેનું સ્વરૂપ-સ્વભાવ એકરૂપ છે. દ્રવ્ય તરીકે - તત્ત્વ તરીકે તેનો એકરૂપ સ્વભાવ છે. જેમ સાકરમાં ગળપણ, સફેદાઈ આદિ છે, છતાં પણ સાકર સાકરપણે (-વસ્તુ તરીકે) એક છે. તેમ આત્મામાં જ્ઞાન, દર્શન, આનંદ આદિ અનંત ગુણ છે, છતાં પણ આત્મા વસ્તુ તરીકે એક છે. તે ભગવાન આત્માનો સ્વભાવ જ્ઞાયક છે એટલે કે તે જાણનાર...જાણનાર... જાણવાવાળો... જાણવાવાળો છે. જુઓ, આત્માનો 'જાણવું' એ એક જ સ્વભાવ છે એમ કહે છે. આત્મામાં અનંત ગુણ છે, છતાં પણ તે બધામાં એકરૂપ એવું જ્ઞાયકપણું એ તેનો એક સ્વભાવ છે એમ કહે છે.

**'એવા નિજ પરમ તત્ત્વની શ્રદ્ધા વડે,...'** પ્રભુ આત્માના નિજ પરમ તત્ત્વની - પોતાના જ્ઞાયકસ્વરૂપની - શ્રદ્ધા વડે... અનંત આનંદ, અનંત શાંતિ આદિનો સાગર હોવા છતાં પણ આત્મા એકરૂપ વસ્તુ છે. આવા નિજ પરમ તત્ત્વની એવા જ્ઞાયક આત્માની — શ્રદ્ધા દ્વારા... જુઓ, અહીં ત્રણ - શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્ર - લેશે કે એ ત્રણેય ભેગા થશે ત્યારે મુક્તિ થશે - સિદ્ધપદ પ્રગટશે.

**'તદ્જ્ઞાનમાત્ર (-તે નિજ પરમ તત્ત્વના જ્ઞાનમાત્રસ્વરૂપ) એવા અંતર્મુખ પરમબોધ વડે,...'** જ્ઞાયક ભગવાન આત્મા જાણન-દેખનસ્વરૂપ ચૈતન્યસૂર્ય છે, ચૈતન્યચંદ્ર છે, ચૈતન્યપ્રકાશનો પુંજ છે. અને તેનું જ્ઞાન તે સમ્યગ્જ્ઞાન છે. અરે ! ભાષા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પણ આકરી લાગે એવી છે ! ભાઈ ! પ્રભુનો - જિનેશ્વરનો માર્ગ કોઈ અલૌકિક છે. કહે છે કે, પરમ તત્ત્વ એવા ભગવાન આત્માનું જ્ઞાન...... જુઓ, શાસ્ત્રજ્ઞાન કે બીજું જ્ઞાન મોક્ષ માટે કામ ન કરે, પણ મોક્ષના ઉપાયમાં તો એકરૂપ ચૈતન્ય જ્ઞાયકભાવનું જ્ઞાન જ કામ કરે એમ કહે છે. આવું ઝીણું છે ભાઈ ! અરે ! આ શું ચીજ છે તેની વાત જેને કાને હજી પડી ન હોય તે અરેરે ! ક્યારે સમજે ને ક્યારે પામે ? અનંતકાળથી તે આથડે છે તેમાં આ રત્નત્રય દ્વારા જ તેની મુક્તિ થશે, પણ બીજો કોઈ ઉપાય છે નહીં એમ અહીં કહેવું છે.

અહીં કહ્યું કે, તદ્જ્ઞાનમાત્ર અર્થાત્ પરમ તત્ત્વ એવા ચૈતન્યમૂર્તિ આત્માનું જ એકલું અંતર જ્ઞાન, પણ બીજું કાંઈ નહીં. પૂર્ણ જ્ઞાન અને પૂર્ણાનંદસ્વરૂપ ભગવાન આત્મા છે તદ્જ્ઞાનમાત્ર - તેના જ્ઞાનમાત્ર - એવા અંતર્મુખ પરમબોધ વડે... એ બીજો બોલ જ્ઞાનનો કહ્યો. પહેલો બોલ સમકિત-શ્રદ્ધાનો કહ્યો અને આ બીજો બોલ જ્ઞાનનો કહ્યો. (હવે ત્રીજો બોલ ચારિત્રનો કહે છે:)

**'અને તે-રૂપે (અર્થાત્ નિજ પરમ તત્ત્વરૂપે) અવિચળપણે સ્થિત થવારૂપ સહજચારિત્ર વડે....'** પરમ તત્ત્વ એવો પ્રભુ ભગવાન આત્મા જ્ઞાન ને આનંદનો ગંજ છે, અંદરમાં જ્ઞાન ને આનંદનો મોટો અરૂપી પર્વત છે. તેમાં ચળે નહીં એ રીતે સ્થિત થવું તે ચારિત્ર છે. લ્યો, ચારિત્ર કોઈ પંચમહાવ્રત કે દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ નથી એમ કહે છે. કારણ કે એ તો બધાં રાગરૂપ છે, વિકલ્પની જાળ છે.

શું કહ્યું ? કે નિજ પરમ તત્ત્વમાં અવિચળપણે સ્થિત થવારૂપ સ્વાભાવિક ચારિત્ર દ્વારા અર્થાત્ અંદરમાં જ્ઞાનાનંદસ્વરૂપ આત્માની શ્રદ્ધા સહિત ત્રિકાળી સ્વરૂપમાં રમણતા દ્વારા... અહા ! ચારિત્ર આવું મોંઘુ છે બાપા ! લોકોને અહીં સુધી પહોંચવું (-આવું ચારિત્ર પ્રગટ કરવું) મુશ્કેલ છે. કહે છે કે સહજચારિત્ર - સ્વાભાવિક ચારિત્ર - દ્વારા...

**'અભૂતપૂર્વ સિદ્ધપર્યાય થાય છે.'** સિદ્ધપદ પહેલાં ક્યારેય થયું નથી અને આ રત્નત્રય દ્વારા પહેલાં ક્યારેય નહીં થયેલું એવું સિદ્ધપદ થાય છે. એકરૂપ જ્ઞાયક શુદ્ધ ચૈતન્યજ્યોત એવા ભગવાન આત્માની એકની જ શ્રદ્ધા તે સમકિત છે, તેનું જ જ્ઞાન તે સમ્યગ્જ્ઞાન છે અને તેમાં જ અવિચળપણે - ચળે નહીં તેવી સ્થિરતા તે ચારિત્ર છે. - આ ત્રણથી અભૂતપૂર્વ - પૂર્વે ક્યારેય થઈ નથી એવી - સિદ્ધિ થાય છે. ભાષા તો સાદી છે પ્રભુ ! પણ ભાવ તો જે હોય તે જ હોય ને ? તેમાં બીજું શું થાય ? આ તો ત્રણ લોકના નાથની વાત છે. સર્વજ્ઞ પ્રભુ પરમાત્માની વાણીમાં આ વાત આવી છે અને એ વાત સંતોએ પોતે શાસ્ત્રોની રચના કરીને ગૂંથી છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અહીં કહે છે કે એ સિદ્ધપર્યાય અભૂતપૂર્વ છે. એટલે કે સિદ્ધપણાનો પર્યાય અ+ભૂત+પૂર્વ - પૂર્વે કદી થયો નથી. તેણે ભૂતકાળમાં અનંત ભવ કર્યાં છે, પણ તે નરક, નિગોદ, કીડી, કાગડા, કૂતરા, ભૂંડ, મનુષ્ય ને દેવ વગેરે એવા-એવા અનંત-અનંત ભવમાં ક્યારેય એક સમય પણ સિદ્ધપદની પ્રાપ્તિ થઈ નથી. હવે પોતાના આનંદસ્વરૂપ ભગવાન આત્માના શ્રદ્ધા, જ્ઞાન ને અવિચળ ચારિત્ર દ્વારા એ બધાં ભવનો નાશ કરવાથી પૂર્વે નહીં થયેલી એવી અભૂતપૂર્વ સિદ્ધિની નામ મુક્તિની પ્રાપ્તિ થાય છે. આવું ઝીણું છે પ્રભુ ! આવી વાત છે !

દેહમાં બિરાજતો આ પ્રભુ આત્મા કે જે જ્ઞાયકપણે એકરૂપ ચૈતન્યરત્ન છે તેની શ્રદ્ધા તે સમ્યગ્દર્શન છે. અહા ! એકરૂપની શ્રદ્ધા કહેતાં ગુણ-ગુણીના બે ભેદ પણ નહીં, પણ અંદર અનુભવમાં એકરૂપ ચૈતન્યની પ્રતીત થવી તે. તે એકરૂપ ચૈતન્યનું જ્ઞાન તે સમ્યગ્જ્ઞાન છે અને તે એકરૂપ ચૈતન્યસ્વરૂપમાં અવિચળપણે રમણતા થવી - સ્થિતિ થવી - તે સમ્યક્ચારિત્ર છે. -આ ત્રણથી અભૂતપૂર્વ સિદ્ધપર્યાય થાય છે. અહીં સુધી તો ગઈકાલે આવ્યાં હતાં. પણ આ તો જરી સૂક્ષ્મ હતું એટલે ફરીને લીધું.

અહા ! અમે તો ઘણું જોયું, પણ બહારમાં કાંઈ (શાંતિ) ન મળે. અરે ! સંસારમાં કોઈ શરણભૂત નથી. શરણભૂત તો અંદરમાં એક ભગવાન આત્મા છે. અહા ! મહાવીર પ્રભુ પછી ૫૦૦ વર્ષે દિગંબરમાંથી આ શ્વેતાંબર નીકળ્યાં. પછી આજથી ૫૦૦ વર્ષ પહેલાં શ્વેતાંબરમાંથી સ્થાનકવાસી નીકળ્યાં અને પછી સ્થાનકવાસીમાંથી તેરાપંથી (તુલસી) નીકળ્યાં. અનાદિ-સનાતન વીતરાગનો સત્યધર્મ તો આ (દિગંબર) છે. જોકે અમે ૧૮ વર્ષની ઉંમરે સંપ્રદાયના શાસ્ત્રો વાંચેલાં, પણ આ ચીજ (દિગંબર શાસ્ત્રો) કોઈ જુદી છે. જ્યાં સંવત ૧૯૭૮માં 'સમયસાર' મળ્યું ત્યારે મેં વાત બહાર પાડી કે શરીર રહિત થવું હોય તો આ ચીજ (શાસ્ત્ર) છે, સિદ્ધપદ પ્રાપ્ત કરવું હોય તો આ ચીજ છે. અહા ! અંતરમાં અતીંદ્રિય આનંદસ્વરૂપ ભગવાન આત્મા... આ પૈસા, સ્ત્રી, કુટુંબ વગેરે વિષયોના ભોગમાં જે આનંદ માનવામાં આવે છે તે તો ઝેર.....ઝેર......ઝેરના પ્યાલા છે હો. (તે કાંઈ સાચો - અતીંદ્રિય આનંદ નથી.) આત્મા તો તેનાથી (-ઈંદ્રિય-આનંદથી) રહિત છે.

અહીંયા કહે છે કે એ સિદ્ધપદ જેને થવાનું (-પ્રગટવાનું) છે તે **'પરમજિનયોગીશ્વર...'** અહા ! આત્મામાંથી પરમ વીતરાગી દશા જેને પ્રગટ થઈ તે પરમ-ઉત્કૃષ્ટ જિનયોગીશ્વર છે અર્થાત્ જંગલમાં વસવાવાળા નગ્ન દિગંબર મુનિ કે જેઓ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



દર્શન-જ્ઞાન-ચારિત્રને પ્રાપ્ત છે તેમને પરમજિનયોગીશ્વર કહેવામાં આવ્યા છે. અહીં 'પરમજિનયોગીશ્વર' કહેતાં પરમ વીતરાગી યોગી - સ્વરૂપમાં જોડાણ કરવાવાળા મુનિ. પણ યોગી એટલે બહારના બાવા-યોગીની અહીંયા વાત નથી. મિથ્યાત્વ, માયા અને નિદાન - એ ત્રણ શલ્ય રહિત થઈને જેમણે અંતરમાં રમણતા કરી છે તે પરમજિનયોગીશ્વર નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રને પ્રાપ્ત છે. આવા પરમજિનયોગીશ્વર, કહે છે કે,

**'પહેલાં પાપક્રિયાથી નિવૃત્તિરૂપ વ્યવહારનયના ચારિત્રમાં હોય છે'.** પરમજિનયોગીશ્વરને નિશ્ચયરત્નત્રય તો છે, પણ પૂર્ણ શુદ્ધતા જ્યાં સુધી નથી હોતી ત્યાં સુધી પાપક્રિયાથી નિવૃત્તિરૂપ વ્યવહારચારિત્ર પણ હોય છે. તેમને અંતર આત્માના શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્ર સહિત પાપક્રિયાથી નિવૃત્તિરૂપ પંચમહાવ્રતના પરિણામ હોય છે અને તે વ્યવહારચારિત્ર છે કે જે પુણ્યબંધનું કારણ છે. જ્યારે નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર મુક્તિનું કારણ છે. આ રીતે પરમજિનયોગીશ્વરને વ્યવહાર (-શુભરાગ) આવે છે, પણ તે પુણ્યબંધનું કારણ છે.

અહીં કહ્યું કે જે પરમજિનયોગીશ્વર પહેલાં પાપક્રિયાથી નિવૃત્તિરૂપ વ્યવહારનયના ચારિત્રમાં હોય છે **'તેને ખરેખર વ્યવહારનયગોચર તપશ્ચરણ હોય છે.'** નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર સહિત પાપની નિવૃત્તિરૂપ મહાવ્રત જેને હોય તેને વ્યવહારનયગોચર તપ હોય છે. - આ વ્યવહારતપ છે, વ્યવહારચારિત્ર છે અને તે પુણ્યબંધનું કારણ છે. તે હોય છે - આવે છે, પણ છે બંધનું કારણ.

**'સહજ નિશ્ચયનયાત્મક પરમસ્વભાવસ્વરૂપ પરમાત્મામાં પ્રતપન તે તપ છે.'** - આ વાસ્તવિક તપ છે કે જે મોક્ષનો યથાર્થ માર્ગ છે. બાકી આ બહારના ઉપવાસ આદિ છે એ તો, કહે છે કે, બધી લાંઘણ છે. ઉપ+વાસ = આત્માની સમીપતા. અતીંદ્રિય આનંદસ્વરૂપ આત્માની સમીપમાં વસવું તેનું નામ ઉપવાસ છે. તે સિવાયના આત્માના ભાન વિનાના બધાં અપવાસ છે. અપ+વાસ = માઠો વાસ. આવી વાત છે ! અરે પ્રભુ ! રખડતાં-રખડતાં અનંતકાળ થયો, પણ વાસ્તવિક તત્ત્વને પ્રાપ્ત કર્યું નહીં. અરે ! વાસ્તવિક તત્ત્વને પ્રાપ્ત કરવાની દરકાર પણ કરી નહીં. એક તો વાસ્તવિક તત્ત્વ સાંભળવા મળવું પણ કઠણ છે. છતાં સાંભળવા મળ્યાં પછી પણ પ્રયત્નથી તત્ત્વને પ્રાપ્ત કરવું જોઈએ. એ તેણે કર્યું નથી.

અહા ! પંચમહાવ્રત આદિના પરિણામ મુનિને હોય છે, છતાં તે રાગ છે. જ્યારે અતીંદ્રિય આનંદસ્વરૂપ ભગવાન આત્માના આશ્રયે અતીંદ્રિય આનંદનો ઉગ્ર અનુભવ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



થાય તેનું નામ નિશ્ચય-સત્ય ચારિત્ર છે. અરેરે ! જ્ઞાની અને અજ્ઞાનીની વાતમાં બહુ ફેર છે ! (અજ્ઞાનીની વાત લૌકિક છે અને) વીતરાગ ત્રિલોકનાથની કથની - વાણી - અલૌકિક છે. તેઓ (વીતરાગ ત્રિલોકનાથ) એમ કહે છે કે મુનિને નિશ્ચયચારિત્ર સહિત વ્યવહારચારિત્ર હોય છે અને તે નિશ્ચયચારિત્ર તપથી હોય છે. કયા તપથી ? કે **'સહજ નિશ્ચયનયાત્મક'** - સ્વાભાવિક નિશ્ચયનયસ્વરૂપ એવા **'પરમસ્વભાવસ્વરૂપ' - પરમ વીતરાગ-શાંતસ્વરૂપ 'પરમાત્મામાં'** - અંદરમાં જે શુદ્ધ ચૈતન્યઘન આત્મા છે તેમાં 'પ્રતપન' - રહેવું 'તે તપ છે.' (આવા તપથી નિશ્ચયચારિત્ર હોય છે.) લ્યો, આ તો હજારો વર્ષ પહેલાંના શાસ્ત્રો છે. મૂળ પાઠ (-ગાથા) બે હજાર વર્ષ પહેલાંનો છે અને તેની ટીકા નવસો વર્ષ પહેલાંની છે. મૂળ પાઠ શ્રી કુંદકુંદાચાર્યનો છે, જ્યારે તેની ટીકા શ્રી પદ્મપ્રભમલધારીદેવે બનાવી છે.

અહીં કહે છે કે સ્વાભાવિક નિશ્ચયનયસ્વરૂપ એવા પરમસ્વભાવસ્વરૂપ પરમાત્મામાં - વીતરાગમૂર્તિ આત્મામાં - પ્રતપન તે તપ છે. વીતરાગસ્વરૂપ આત્માના આશ્રયે - અવલંબનથી જે વીતરાગતા ઉત્પન્ન થાય તે તપ છે. અંદરમાં પરમ વીતરાગસ્વરૂપ પરમ આત્મા છે - ત્રિકાળી ધ્રુવ આત્મા છે - તેમાં પ્રતપન = પ્ર+તપન = વિશેષે એકાગ્રતા-લીનતા થવી તેનું નામ ભગવાન તપ કહે છે. તે સિવાયના આ બધાં વર્ષીતપ વગેરે તો લાંઘણ છે. અહા ! ભગવાન તો એમ કહે છે કે સહજ નિશ્ચયનયસ્વરૂપ એવા પરમસ્વભાવસ્વરૂપ - ત્રિકાળી જ્ઞાન-આનંદ આદિ સ્વરૂપ - આત્મામાં વિશેષે સ્થિરતા થવી તે તપ છે અને તે તપથી સંવર, નિર્જરા તેમ જ મુક્તિ થાય છે. આમ છે કે નહીં અંદર ? હવે કહે છે કે,

**'નિજ સ્વરૂપમાં અવિચળ સ્થિતિરૂપ સહજ નિશ્ચયચારિત્ર આ તપથી હોય છે.'** નિજ સ્વરૂપમાં ચળે નહીં એવી સ્થિતિરૂપ સ્વાભાવિક સત્ય-સાચું ચારિત્ર આ તપથી થાય છે. અરેરે ! આવી વાત સાંભળવા પણ મળતી નથી ! પરંતુ અહીંયા અંદર (શાસ્ત્રમાં) છે કે નહીં ? ઘરના ચોપડા દરરોજ-હંમેશા જોવે છે, પણ આ શાસ્ત્ર જોવા-વાંચવા તેને નવરાશ મળતી નથી. અને કદાચ શાસ્ત્ર વાંચે તોપણ સત્સમાગમ વિના આ વાત ઝટ બેસે એવી નથી. ભગવાન ! કઠણ વાત છે ! પ્રભુ ! તારો માર્ગ કઠણ છે ! પરંતુ તેનું ફળ પણ અલૌકિક સિદ્ધદશા છે ને ?

અહીં કહ્યું કે, નિજ સ્વરૂપમાં અવિચળ સ્થિતિરૂપ સહજ નિશ્ચયચારિત્ર આ તપથી હોય છે. તે ક્યું તપ ? ઉપર જે તપ કહ્યું તે અર્થાત્ પરમાત્મામાં પ્રતપનરૂપ તપ. અંદર

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પરમ સ્વરૂપ ભગવાન આત્મામાં પ્રતપન તે તપ છે અને આવા તપથી સહજ નિશ્ચયચારિત્ર થાય છે. અરે ! પહેલાં તો હજી આ વાત સમજવામાં પણ કઠણ પડે એવી છે. પણ શું થાય ? અહા ! જિંદગી તો ચાલી જાય છે અને જીવ મરણની સન્મુખ થતો જાય છે. એક દિવસ મરણ આવશે ત્યારે દેહ છૂટી જશે, પણ તેનો આત્મા તો અનાદિ-અનંત રહેવાવાળો છે. જો આ આત્મતત્ત્વના યથાર્થ-નિશ્ચય દષ્ટિ, જ્ઞાન આદિ ન કર્યા તો તેના જન્મ-મરણના અંત નહીં આવે. અને તે વિના એણે શું કર્યું ? કદાચ દયા-દાનમાં તેણે ક્રોડો રૂપિયા ખર્ચ્યા હોય, તોપણ તેમાં ધર્મ નથી. 'હું દાન આપું છું' એવું અભિમાન છોડીને રાગની મંદતા કરી હોય તો શુભભાવ-પુણ્ય થાય અને તેથી પુણ્યબંધ થાય, (પણ ધર્મ નહીં.) તેમ જ 'પૈસા મારી ચીજ છે, મેં પૈસા આપ્યા' એમ તેમાં સ્વામીપણું-કર્તાપણું માને તો મિથ્યાત્વ સહિત અનંત સંસાર મળે. ભાઈ ! પૈસા તો ધૂળ-જડ છે અને તું તો ચૈતન્ય પ્રભુ આત્મા છો. માટે શું ચૈતન્ય આત્માની એ ધૂળ-જડ છે કે જેથી તું આપી શકે ? એ પૈસા મારા છે અને મેં વાપર્યા એવું મમત્વ ને કર્તાબુદ્ધિ તો ભાઈ ! મિથ્યાદષ્ટિને હોય છે. આકરું કામ છે પ્રભુ ! પણ આનું (સમજણનું) ફળ પણ એવું અલૌકિક છે ને ?

અહીં કહે છે કે અનાદિ સંસારનો અંત આવી જાય અને 'સાદિ-અનંત અનંત સમાધિ સુખમાં અનંત દર્શન જ્ઞાન અનંત સહિત' રહે એટલે કે મોક્ષ થાય તેનું કારણ આ તપ છે. અર્થાત્ સિદ્ધપદની પ્રાપ્તિ આવા ચારિત્રથી અને તપથી થાય છે એમ કહે છે.

## આધારના શ્લોક ઉપરનું પ્રવચન

હવે આધાર આપે છે : 'આત્માનો નિશ્ચય તે દર્શન છે.' દેવ-શાસ્ત્ર-ગુરુની શ્રદ્ધા કે નવ તત્ત્વની ભેદવાળી શ્રદ્ધા પણ કાંઈ સમકિત નથી. કેમ કે એ તો રાગ છે. પણ પૂર્ણાનંદસ્વરૂપ પ્રભુ ભગવાન આત્માનો નિશ્ચય તે દર્શન છે. સચ્ચિદાનંદ - સત્ નામ શાશ્વત જ્ઞાન ને આનંદનો ભંડાર-ખજાનો એવા પ્રભુ આત્માની સન્મુખ થઈને અને તેને જ્ઞાનમાં-ખ્યાલમાં લઈને તેની પ્રતીતિ કરવી તેનું નામ દર્શન છે — સમ્યગ્દર્શન છે. કેટલી શરત છે ! પૂર્ણાનંદનો નાથ ભગવાન આત્મા અતીંદ્રિય જ્ઞાન-આનંદથી ભરપૂર ભર્યો છે. જેમ સાકરમાં ગળપણ ભરી છે તેમ આત્મામાં અતીંદ્રિય જ્ઞાન-આનંદ ભર્યા છે. તેની સન્મુખ થતાં જે શ્રદ્ધા થાય તેનું નામ સમ્યગ્દર્શન છે.

**'આત્માનો બોધ તે જ્ઞાન છે.'** શાસ્ત્રજ્ઞાનની અહીંયા વાત નથી. કેમ કે એ તો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



બહારની વાત છે. પણ અંદર અતીંદ્રિય આનંદનો નાથ જે ભગવાન આત્મા છે તેનું જ્ઞાન થાય તેને બોધ નામ સમ્યગ્જ્ઞાન કહેવામાં આવે છે.

**'આત્મામાં જ સ્થિતિ તે ચારિત્ર છે.'** ચારિત્ર કોઈ બહારની ચીજ એટલે કે ક્રિયાકાંડ નથી. પણ અતીંદ્રિય આનંદસ્વરૂપ પ્રભુ આત્મામાં સ્થિતિ - સ્થિરતા - રમણતા - થવી તેનું નામ ચારિત્ર છે. એક-એક વ્યાખ્યા જુદી છે !

**'આવો યોગ (અર્થાત્ આ ત્રણેની એકતા) શિવપદનું કારણ છે.'** શું કહ્યું ? કે અતીંદ્રિય આનંદકંદ, સચ્ચિદાનંદ પ્રભુ, અનાકુળ શાંતિનો રસકંદ એવા આત્માનો અનુભવ થઈને એટલે કે તેનું જ્ઞાન થઈને તેની પ્રતીતિ આવવી તે આત્માનું નિશ્ચય સમ્યગ્દર્શન છે, તેનું જ્ઞાન થવું - તેનો બોધ થવો - તે સમ્યગ્જ્ઞાન છે તથા આત્મામાં જ સ્થિતિ થવી તે ચારિત્ર છે. જુઓ, 'જ' શબ્દ છે અર્થાત્ અતીંદ્રિય આનંદનો નાથ, આનંદનો સાગર, આનંદસ્વરૂપ આત્મા છે તેમાં જ અંદર સ્થિર થવું તે ચારિત્ર છે. આવો યોગ - આ ત્રણેયની એકતા - શિવપદનું કારણ છે. આકરી વાત છે પ્રભુ ! આ શ્લોક 'શ્રી પદ્મનંદી પંચવિંશતિકા'ના એકત્વસપ્તતિ અધિકારમાંથી લીધો છે. બહુ ટૂંકું કહ્યું !

અહા ! આ શરીર તો જડ-માટી-ધૂળ છે; અંદર આઠ કર્મ છે તે પણ માટી-ધૂળ છે; દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ પુણ્ય છે અને હિંસા, જૂઠું, કમાવું, રળવું, ધંધામાં ધ્યાન રાખવું તે પાપ છે. આવા અજીવ અને પુણ્ય-પાપથી ભિન્ન એવો જે ભગવાન આત્મા અંદર છે તેનો અનુભવ થઈને તેની સન્મુખતામાં પ્રતીતિ થવી, તેનું જ્ઞાન થવું અને તેમાં રમણતા થવી તે દર્શન-જ્ઞાન-ચારિત્ર છે. આ ત્રણથી અર્થાત્ આ વિધિએ તેની મુક્તિ-સિદ્ધિ છે. બાપુ ! આકરું લાગે એવું છે. પણ શું થાય ? કેમ કે મારગ તો આ છે. 'એક હોય ત્રણ કાળમાં પરમારથનો પંથ'. ભૂતકાળમાં અનંત તીર્થંકરો પરમાત્મા જિનેશ્વરદેવ થયાં છે, ભવિષ્યમાં થશે અને વર્તમાનમાં સંખ્યાતા તીર્થંકરો ને કેવળીઓ વર્તે છે. એ બધાંનું એક જ પ્રકારે કથન છે અને તે આ છે.

અહા ! અંદરમાં વસ્તુ ભગવાન આત્મા ચિદાનંદમય પ્રભુ છે. અનંત-અનંત આનંદાદિ ગુણનો રસિલો પ્રભુ આત્મા ગુણથી ભરેલો ભગવાન છે. એની સન્મુખ થતાં અનુભવમાં શ્રદ્ધા થવી તે દર્શન છે, તેના અનુભવમાં જ્ઞાન થવું તે જ્ઞાન છે અને તેના અનુભવમાં રમણતા થવી તે ચારિત્ર છે. આ ત્રણ મુક્તિનું કારણ છે. અજ્ઞાનીને તો હજી આ ભાષા પણ કઠણ પડે છે. પણ શું થાય પ્રભુ ? અરે ! રખડવામાં અનંત કાળ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

ગયો. પરંતુ તે ભૂલી ગયો છે. જુઓને ! આ શરીરમાં પક્ષઘાત થાય છે ને ? જડની દશા એ રીતે થાય તેમાં બીજો શું કરે પ્રભુ ? જડની અવસ્થા પ્રભુ ! જે સમયે જે થવાની છે તે થવાની જ છે. તારાથી તે રોકાશે નહીં. તું એમ માને કે એને હું સુધારી દઉં, પણ તારાથી તે સુધારી શકાય નહીં.

અહીં કહે છે કે સુખ-આનંદ તો અંદર આત્મામાં છે. તેના શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્ર - એ ત્રણેની એકતા - તે શિવપદનું-મોક્ષનું કારણ છે. શિવપદ = મોક્ષ. 'નમોથ્થુણં'માં આવે છે કે 'શિવમયલમરુમણંતં'. 'શિવ' એટલે આ બહારના શંકર નહીં, પણ કલ્યાણસ્વરૂપ મોક્ષ અથવા આત્મા. અંદર ભગવાન આત્મા શિવસ્વરૂપ એટલે કે કલ્યાણસ્વરૂપ, નિરુપદ્રવસ્વરૂપ છે. જેમાં ઉપદ્રવ નથી, પણ જે એકલા અતીંદ્રિય આનંદનો સાગર છે એવો આત્મા શિવસ્વરૂપ છે અને જેમ દરિયામાં ભરતી આવે તેમ આત્માના પર્યાયમાં અતીંદ્રિય આનંદની ભરતી આવે તેનું નામ મુક્તિ ને સિદ્ધપદ છે. અહા ! વાતે-વાતે અજ્ઞાની સાથે ફેર છે. પ્રભુ ! વીતરાગ જિનેશ્વરદેવ પ્રભુનો મારગ (જગતથી) જુદો છે. હવે ટીકાકાર પોતે શ્લોક કહે છે :

## શ્લોક - ૭૫ ઉપરનું પ્રવચન

**'સહજ જ્ઞાન સદા જયવંત છે.'** આના બે અર્થ છે: (૧) અંદર સ્વાભાવિક જ્ઞાનનો પિંડ પ્રભુ ભગવાન આત્મા સદા જયવંત છે તથા (૨) આત્માના અંતર અનુભવમાં પ્રતીતિ સાથે જ્ઞાન થયું - સમ્યગ્જ્ઞાન થયું - તે પણ સદા જયવંત વર્તે છે એમ કહે છે. સહજ જ્ઞાન કહેતાં ત્રિકાળી સ્વાભાવિક જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા સદા જયવંત છે - ત્રણે કાળ જયવંત છે. કદાચ કોઈ જીવ ડુંગળી અને લસણાદિમાં નિગોદની અવસ્થામાં હોય તોપણ અંદર જે પ્રભુ આત્મા છે એ તો નિર્મળાનંદ છે. (હા), આત્માના પર્યાયમાં-દશામાં-અવસ્થામાં બધી ભૂલ છે, સંસાર છે. પરંતુ તેની ચીજ (તેનું સ્વરૂપ) તો ત્રિકાળ નિર્મળાનંદમય શુદ્ધ છે. પણ અરે ! 'અમે દુકાન માંડી અને અમે આટલું કમાણા' વગેરે એવા બહારના અભિમાન જેને છે તેને આ કેમ બેસે ?

અહીં કહે છે કે પ્રભુ ! સહજ જ્ઞાન સદા જયવંત છે અને તે જ સુખરૂપ છે. આ શાસ્ત્ર ભણતરનું જ્ઞાન કે બહારનું એલ.એલ.બી. અને એમ.એ. નું જ્ઞાન નહીં, પણ અંદરનું સ્વાભાવિક જ્ઞાન - આત્મજ્ઞાન - સદા જયવંત છે. તથા ભગવાન આત્મા કે જે પ્રજ્ઞાસ્વરૂપ-જ્ઞાનસ્વરૂપ-જાણનારસ્વરૂપ-સ્વાભાવિક જ્ઞાનનો પિંડ છે તે જયવંત વર્તે

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે. જોકે આત્મા તો જયવંત છે જ, પરંતુ જેને આત્માની દૃષ્ટિ થઈ તે કહે (-જાણે) છે કે આ આત્મા જયવંત વર્તે છે. તે સિવાય-આત્માને જાણ્યા વિના - તે જયવંત વર્તે છે એમ કઈ રીતે કહી (-જાણી) શકાય ? જે ચીજ જાણવામાં જ આવી નથી તે 'છે' એમ કેવી રીતે માનવામાં આવે ? તેમ પ્રભુ ભગવાન આત્મા જ્ઞાન અને આનંદની મૂર્તિ છે તેનું જ્ઞાન થાય કે 'આ ચીજ છે' ત્યારે તે માનવામાં આવે અને આત્માનું આવું જ્ઞાન થાય તેને સાચું જ્ઞાન કહેવામાં આવે છે. કદાચ કોઈને આ બધું મોંઘું લાગે, પણ ભાઈ ! ત્રણ લોકના નાથની આવી વાત છે ! અહીં તો ૪૫ વર્ષથી આ ચાલે છે.

અહા ! ભગવાન સીમંધરપ્રભુ સાક્ષાત્ બિરાજે છે. ત્યાં શ્રી કુંદકુંદાચાર્ય ગયાં હતાં અને ત્યાંથી આવીને પોતાના હિતને માટે આ નિયમસાર શાસ્ત્ર બનાવ્યું છે. જ્યારે બીજા સમયસારાદિ તો ઉપદેશ આપવા માટે બનાવ્યાં છે. તેઓ, આ નિયમસારમાં કહે છે કે સહજ જ્ઞાન સદા જયવંત છે. **'તેવી (-સહજ) આ દૃષ્ટિ સદા જયવંત છે.'** અંદરમાં જે ત્રિકાળી દૃષ્ટિ છે તે તો સદા જયવંત છે જ, પરંતુ સમ્યગ્દર્શન પણ સદા જયવંત છે. અર્થાત્ પર્યાયમાં ત્રિકાળી દ્રવ્યની જે શ્રદ્ધા થઈ તે પણ સદા જયવંત વર્તે છે. પર્યાયે જ્યારે ત્રિકાળી દૃષ્ટિને જાણી-માની ત્યારે, કહે છે કે, તે જયવંત વર્તે છે.

**'તેવું જ (-સહજ) વિશુદ્ધ ચારિત્ર પણ સદા જયવંત છે.'** સ્વાભાવિક વિશુદ્ધ ચારિત્ર કહેતાં જ્ઞાનાનંદસ્વરૂપમાં રમણતારૂપ ચારિત્ર. ચારિત્ર = ચરવું, રમવું, જમવું. જેમ ગાય લીલા ઘાસને ખાય છે તેમ અંદરમાં આનંદનો સાગર — આનંદનો નાથ આત્મા છે તેને અનુભવવો - અંદરમાં આનંદની ગોચરી કરવી - તેનું નામ ચારિત્ર છે. આવી વાત છે પ્રભુ ! અત્યારે બહારમાં તો ઘણો ફેરફાર થઈ ગયો છે અને તેથી બીજા અજાણ્યા માણસને આ બેસવું કઠણ પડે એવું છે. અહીં કહે છે કે ચારિત્રવંત ત્રિકાળી આત્મા તો જયવંત છે જ, પરંતુ અમારી ચારિત્રની વર્તમાન દશા પણ જયવંત વર્તે છે એમ (મુનિરાજ) કહે છે. અહીં મુનિની વ્યાખ્યા છે ને ? તેથી કહે છે કે અમારા દર્શન-જ્ઞાન-ચારિત્ર જે પર્યાયમાં પ્રગટ થયા તે પર્યાય જયવંત વર્તે છે અને તેનો વિષય ત્રિકાળી આત્મા તો જયવંત વર્તે જ છે. અરે ! અજ્ઞાની સાથે વાતે-વાતે ફેર છે. પ્રભુ કહે છે કે મારે અને તારે બાપા ! વાતે-વાતે ફેર છે. જે અનાદિથી રખડે છે તેની વાતમાં અને મારી વાતમાં બહુ-બધી રીતે ફેર છે. અરે ! પ્રભુની આવી વાત સાંભળવા મળવી પણ મુશ્કેલ છે પ્રભુ !

અહીં કહ્યું કે **'વિશુદ્ધ ચારિત્ર પણ...'** જુઓ, અંદર ચારિત્ર 'પણ' એમ છે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ને ? એટલે કે દૃષ્ટિ પણ સદા જયવંત છે, જ્ઞાન પણ સદા જયવંત છે અને તે ઉપરાંત ચારિત્ર પણ સદા જયવંત છે એમ કહેવું છે.

શ્રી કુંદકુંદાચાર્યરચિત ગાથાની ટીકા કરનાર આ શ્રી પદ્મપ્રભમલધારિદેવ દિગંબર મુનિરાજ છે અને તેઓ ૯૦૦ વર્ષ પહેલાં થયાં હતાં. તેઓ કહે છે કે, **'પાપસમૂહરૂપી મળની અથવા કાદવની પંક્તિથી રહિત જેનું સ્વરૂપ છે એવી સહજપરમતત્ત્વમાં સંસ્થિત ચેતના પણ સદા જયવંત છે.'** પાપ કહેતાં પુણ્ય ને પાપ - બન્ને પાપ છે હો.

'પાપરૂપને પાપ તો, જાણે જગ સહુ કોઈ;
પુણ્યતત્ત્વ પણ પાપ છે, કહે અનુભવી બુધ કોઈ.' (યોગસાર ગા. ૭૧)

આમ શ્રી યોગીન્દ્રદેવના યોગસારમાં આવે છે. દયા, દાન, વ્રતનો રાગ પણ પાપ છે. કેમ કે તે આત્માની શાંતિથી વિરુદ્ધ ભાવ છે. અહા ! અજ્ઞાનીને અનાદિથી પુણ્ય અને પાપના રાગની જ પંક્તિ (હારમાળા) ચાલે છે. પુણ્ય-પાપ......પુણ્ય-પાપ.....શુભ-અશુભ.....શુભ-અશુભ.....એવી પંક્તિથી રહિત જેનું સ્વરૂપ છે એવી સહજપરમતત્ત્વમાં અર્થાત્ સ્વાભાવિક આનંદના નાથ પ્રભુ આત્મામાં સંસ્થિત - રહેનારી ચેતના પણ સદા જયવંત છે. જાણવા-દેખવાના સ્વરૂપમય ત્રિકાળી ચેતના પણ સદા જયવંત છે અને પર્યાયમાં જાણવા-દેખવાપણું પ્રગટ થયું - કે જેના દ્વારા ખ્યાલમાં આવ્યું કે આ ચૈતન્ય જયવંત છે - તે પણ સદા જયવંત છે. જાણવા-દેખવાનો પર્યાય પણ સદા જયવંત છે.

લ્યો, એ માંગલિક થયું... (અધિકાર પૂર્ણ થયો.)

| | | | |
|---|---|---|---|
| ગાથા - ૫૧-૫૫ | પ્રવચન નં. NST/૨૫ | તારીખ | ૪-૯-૮૦ |
| શ્લોક - ૭૫ | ૨૬ | | ૫-૯-૮૦ |
| | ૨૭ | | ૬-૯-૮૦ |

Please inform us of any errors on rajesh@AtmaDharma.com